પૂજ્યચરણ શ્રીમન્નાથભગવત્પ્રણીત

શ્રીઉપદેશગ્રંથાવલિ.

અંક ૩૬ થી ૫૮ પર્યંત.

पाठमात्रेण ग्रंथस्य नैव लाभः प्रजायते ।
वर्तनं किंतु तद्बुद्धि सम्यग्लाभाय कल्पते ॥

મુમુક્ષુજનોના હિતાર્થે પ્રકટ કરનાર

માણેકલાલ નાનજી ચંદારાણા.

વરતેજ. કાઠિયાવાડ.

વસંત મુદ્રણાલયમાં ચીમનલાલ ઈશ્વરલાલ મહેતાએ છાપ્યું.
ઠે. પાનાભાઇની વાડીમાં—અમદાવાદ.

આવૃત્તિ બીજી. પ્રતિ ૧૧૦૦

શકે ૧૮૪૬ સંવત્ ૧૯૮૦ ખ્રીસ્તાબ્દ ૧૯૨૪

ન્યોછાવર રૂ. ૧–૨–૦

ॐ

श्रीवेदोपदेश.

" तत्कर्म कृत्वा विनिवर्त्य भूयस्तत्त्वस्य तत्त्वेन समेत्य योगम् ।
एकेन द्वाभ्यां त्रिभिरष्टभिर्वा कालेन चैवाऽऽत्मगुणैश्च सूक्ष्मैः ॥"

શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત.

ભાવાર્થઃ—પુરુષ તે પરમાત્માને માટે કર્મ કરી વિશુદ્ધ અંતઃકરણવાળો થઇ, પછી કર્તાભોક્તાના અભિમાનથી સારી રીતે નિવૃત્ત થઇ, પશ્ચાત્ જીવતત્ત્વનુ પરમાત્મતત્ત્વની સાથે ઐક્ય કરીને મુક્ત થાય.

શ્રીસદ્ગુરુનુ શરણુ ગ્રહણુ કરવારૂપ એકવડે, શ્રીસદ્ગુરુ તથા શ્રીપરમાત્માની ભક્તિરૂપ બેવડે, શ્રવણુ મનન ને નિદિધ્યાસનરૂપ ત્રણવડે, યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન ને સમાધિરૂપ આઠવડે, તથા સાધનોનો પરિપાક થાય તે કાલવડે, તેમજ દયા ક્ષમા પવિત્રતા મંગલતા અસ્પૃહા અકૃપણુતા ખેદરહિતતા ને અસૂયાનો અભાવ આ અંતઃકરણુના ગુણોવડે, અને પુણ્યસંસ્કારોવડે જીવાત્માના ને પરમાત્માના ઐક્યરૂપ યોગનો અનુભવ કરીને પુરુષ મુક્ત થાય છે.

ધારે પુરુષ પ્રવીર, તો કઇ વિશ્વે કઠિન નહિ;
શાંત દાંત મતિધીર, ધાર્યું નિશ્ચય મેળવે.

ॐ

આસ્વાદન.

"यतो धर्मस्ततो जयः"

જેથી ધર્મ તેથી જય.

નાથમહેશ્વરચરણમાં, પડીને વારંવાર;
પદપંકજરજ શિર ધરુ, ધારી ઉર અતિપ્યાર. ૧

અતીવ મધુરી દૃષ્ટિથી, કૃપાતણા ભંડાર;
નિજ જનભણી પ્રભુ નિરખીને, ન્યાલ કરે આ વાર. ૨

ઉપદેશામૃતપાનથી, પોષી રહ્યા પરમેશ;
આસ્વાદન તેનું કરુ, ટળે પંચવિધ ક્લેશ. ૩

અમર થાઉં ભય સૌ મટે, પામુ પરમાનંદ;
પૂરણપદમાં જાગતાં, છૂટે આ ભવફંદ. ૪

વેદાદિ સતશાસ્ત્રો અને સર્વજ્ઞ મહાપુરુષોનો નિશ્ચય છે કે આ વિશ્વમાં ધર્મજ મનુષ્યોને વ્યવહારપરમાર્થ બનેમાં ઉચ્ચ સ્થિતિમાં રાખનાર છે; અને તેમ હોવાથી જ્યાં ધર્મહાનિ થાય છે ત્યાં સર્વ હાનિઓ આવી પહોંચે છે. ધર્મહાનિથી વિષયવાસના, સ્વાર્થબુદ્ધિ, મિથ્યાભિમાન, ગર્વ, ઈર્ષ્યા, અસૂયા, આલસ્ય ને પ્રમાદ આદિ દુર્ગુણો વૃદ્ધિ પામે છે: અને તેને પરિણામે સર્વ દુઃખો આવી મળે છે. વેદ-

પ્રતિપાદિત સનાતનધર્મની હાનિજ આપણી-ભરતખંડી આર્યોની-અવદશાનું મૂળ કારણ છે.

આપણા પરમપવિત્ર વેદવિહિત પ્રાચીન વર્ણાશ્રમધર્મનું બંધારણ એવું ઉચ્ચ છે કે તે પ્રમાણે વર્તવાથી મનુષ્યની સર્વ પ્રકારે ઉન્નતિ થઇ, અંતે તે પરમપુરુષાર્થરૂપ-નિરતિશય સુખરૂપ-મોક્ષની પ્રાપ્તિમાટે અધિકારી થાય છે પણ શોકની વાર્તા છે કે વર્તમાનમાં આર્યપ્રજામાં તે સંબંધે શિથિલતા જોવામાં આવે છે. આર્યોની એ શિથિલતા દૂર કરાવી, તેમને તેમના સ્વધર્મમાં સ્થાપવામાટે-ઋષિ-મુનિઓએ સેવેલા કલ્પતરુરૂપ પ્રાચીન વેદમાર્ગના પુનરુદ્ધારને માટે-પૂજ્યપાદ પરમકૃપાળુ બ્રહ્મવિદ્વરિષ્ઠ વેદાન્તયોગાચાર્ય સદ્ગુરુપરમાત્મા શ્રી શ્રી ૧૦૦૮ સદ્ગુરુપરમાત્મા શ્રીમન્નથુરામશર્મા આચાર્યજી-ભણીથી પરમકૃપાવડે વિવિધ શાસ્ત્રીય ઉપાયો આજે વર્ષોથી ચાલુ છે: અને આ “ શ્રીઉપદેશગ્રથાવલિ ” પણ તેમાંનો એક ઉપાય છે.

આપણું પ્રાચીન ધર્મસાહિત્ય સઘળું સંસ્કૃતભાષામાં છે, અને સંસ્કૃતથી ઘણા મનુષ્યો અજ્ઞાત હોવાથી તેમને તેનો લાભ મળતો નથી. વળી વર્તમાનમાં વ્યવહારપ્રવૃત્તિ એટલી બધી વધી ગઈ છે કે સામાન્ય મનુષ્યોથી સંસ્કૃતભાષાનો ખાસ અભ્યાસ કરી ધર્મગ્રથો વાંચવાનુ બની શકે એમ નથી; અને વિશેષ ખેદની વાત તો એ છે કે, આપણામાંથી બાલ્યાવસ્થાથી ધર્મશિક્ષણ આપવાની પ્રાચીન-પદ્ધતિનો મોટે ભાગે ઉચ્છેદ થયેલો હોવાથી ધર્મના લાભભણી દૃષ્ટિ પણ ઘણા થોડાનીજ છે. આ બધી વાત લક્ષમાં લઇને લોકોને દેશભાષામાં સંક્ષેપમાં સનાતનધર્મનુ સ્વરૂપ સકારણ સમજવામાં આવ તેસારુ આ “શ્રીઉપદેશગ્રથાવલિ”ની યોજના થયેલી છે.

પ્રત્યેક વ્યાસપૂજનની[1] તથા ત્રિપુરી[2] પૂર્ણિમાએ તેનો એકેકો અંક પ્રકટ થાય છે. સંવત્ ૧૯૪૮ ના આષાઢસુદિ ૧૫ થી સંવત્ ૧૯૮૦ ના આષાઢસુદિ ૧૫ પર્યંત તેના પાંસઠ અંકો પ્રસિદ્ધ થઇ ચૂકયા છે, અને હવે પછી પણ તે ઉપરને નિયમે ચાલુ રહેશે. પ્રથમ પ્રકટ-કર્તાભણીથી પ્રત્યેક અંકની સહસ્ર સહસ્ર પ્રતિ, ને ત્યારપછી પદરસો પદરસો કે સોળસો સોળસો પ્રતિ છપાવવામા આવતી, અને વર્તમાનમા તેની બબે હજાર કે અઢી અઢી હજાર પ્રતિ છપાવવામાં આવે છે; ને તે જિજ્ઞાસુજનોને વિનામૂલ્યે આપવામાં આવે છે. કેટલાક અંકોની બબે ત્રણ ત્રણ આવૃત્તિઓ છપાયા છતાં અંકો સિલકમાં ન રહેવાથી ને જિજ્ઞાસુજનોની માગણીઓ ઉપરાઉપરિ ચાલુ રહેવાથી "શ્રીઉપદેશ-ગ્રથાવલિ"ના અંક ૧ થી ૧૦ પર્યતનુ એકઠુ પુસ્તક સં. ૧૯૫૫ મા પ્રકટ કરવામાં આવ્યુ હતું, જેની બીજી આવૃત્તિ પ્રકટ થવાની છે. ત્યારપછી અંક ૧૧ થી ૨૫ સુધીનું ભેગુ પુસ્તક પ્રસિદ્ધ થયુ હતુ, જેની બીજી આવૃત્તિ છપાણી છે. તેપછી અંક ૨૬ થી ૩૫ સુધીના દશ અંકોનુ એકઠુ પુસ્તક પ્રકટ થયુ છે, ને આ પુસ્તકમાં ૩૬ થી ૫૮ સુધીના ત્રેવીશ અંકો છપાવવામા આવ્યા છે.

કૃપાના મહોદધિરૂપ શ્રીસદ્ગુરુપરમાત્માના આ દૈવીપ્રસાદનુ–આ "શ્રીઉપદેશગ્રથાવલિ"રૂપ બ્રહ્મપ્રસાદનું–મે અનેક વાર આસ્વાદન કર્યુ છે, અને હજી પણ જ્યારે જ્યારે ઇચ્છા થાય ત્યારે ત્યારે હુ તેનુ પુનઃ પુનઃ આસ્વાદન કરુ છું, ને તેમાંથી કાંઇ નવીન નવીન આનંદ ને પોષણ મેળવુ છું. આ બ્રહ્મપ્રસાદના પુનઃ પુનઃ આસ્વાદન-વડે–શ્રવણ(વાચન)મનનવડે–મને મારા અભ્યાસમાં ઘણો લાભ

૧ આષાઢસુદિ ૧૫ ૨ કાર્તિકસુદિ ૧૫

થયો છે. મારા જેવો લાભ અન્યને પણ થાય એવા હેતુથી એ પરમપવિત્ર અને પરમોપકારક ગ્રંથના પુનઃ પ્રસિદ્ધિકાલે તેસંબંધિ મારા ઉદ્‌ગારો સવિનય ભક્તિપૂર્વક નીચે દર્શાવું છું:—

મનુષ્યના અંતઃકરણમાં સ્વરૂપપ્રાપ્તિરૂપ મોક્ષમાં પ્રતિબંધ કરનાર મુખ્ય ત્રણ દોષ રહેલા હોય છે: ૧ મલ, ૨ વિક્ષેપ ને ૩ આવરણ. એ ત્રણ દોષની નિવૃત્તિને અર્થે જિજ્ઞાસુએ આરંભમાં નિષ્કામકર્મ, પછી શુદ્ધઉપાસના અને તેપછી ચિત્તશુદ્ધિરૂપ અધિકારની પ્રાપ્તિ થતાં જ્ઞાન, એ ક્રમે કરીને સાધવાં જોઇએ. વળી તેણે ચિત્તશુદ્ધિમાટે કરાતા પોતાના અભ્યાસમાં ઉપકાર કરનારા શુભ વિચાર તથા ક્રિયાઓ જાણીને તેનું પણ અભ્યાસકાલમાં સારી રીતે સેવન કરવું જોઇએ. આમ હોવાથી ભિન્ન ભિન્ન અધિકારના જિજ્ઞાસુઓના ઉપયોગને માટે ઉપદેશસમૂહરૂપ "શ્રીઉપદેશગ્રંથાવલિ"માં કર્મ, ઉપાસના ને જ્ઞાનનું તથા જિજ્ઞાસુજનોના અધિકારની વૃદ્ધિ કરનારાં સાધનોનું નિરૂપણ સાક્ષાત્ વા પરંપરાએ કરવામાં આવ્યુ છે. બીજો, ત્રીજો, સાતમો, આઠમો ને ઓગણચાળીશમો એ અંકો કર્મસંબંધિ છે; ચોથો, છઠ્ઠો, સોળમો, ચાળીશમો ને એકતાળીશમો એ અંકો ઉપાસનાસંબંધિ છે; બારમો, તેરમો, પંદરમો, સત્તરમો, સત્યાવીશમો, એકત્રીશમો, તેત્રીશમો, છત્રીશથી આડત્રીશ ને બેતાળીશથી અઠ્ઠાવન એ અંકો જ્ઞાનસંબંધિ છે; અને પહેલો, પાંચમો, નવથી અગીઆર, ચૌદમો, અઢારથી પચ્ચીશ, છવીશમો, અઠ્ઠાવીશથી ત્રીશ, બત્રીશમો અને ચોત્રીશમો તથા પાંત્રીશમો એ અંકો જિજ્ઞાસુજનોના અધિકારની વૃદ્ધિ કરનારાં સાધનોના નિરૂપણસંબંધિ છે. કૈવલ્યમુક્તિનુ જ્ઞાન એજ મુખ્ય સાધન છે તેથી "શ્રીઉપદેશગ્રંથાવલિ"માં જ્ઞાનસંબંધિ લેખો વિશેષે લખવામાં આવ્યા છે.

પ્રત્યેક અંકમાં કયો વિષય છે તે અનુક્રમણિકા જોવાથી જણાશે, અને તે તે અંકનું સરહસ્ય વિશેષ જ્ઞાન તો તે અંકો વિચારપૂર્વક વાંચવાથીજ થઈ શકે, તથાપિ સામાન્ય મનુષ્યોમાં આ જીવનસુધારૂપ–ધર્મસુધારૂપ–પુસ્તક વાંચવાની શુભેચ્છા ઉપજવાને માટે તથા અભ્યાસીઓની જાણને માટે પ્રત્યેક અંકમાં કયા કયા વિષયનું નિરૂપણ શા હેતુથી કરવામા આવ્યુ છે તેનુ સ્વલ્પ દિગ્દર્શન અત્ર કરાવાય તો તે અનુચિત નહિ ગણાયઃ—

અનંત દુઃખોથી ભરેલા ભવારણ્યમાં ભૂલા પડેલા જીવરૂપ અનેક પ્રવાસીઓ સુખની આશાએ જ્યાં ત્યાં ભટકે છે, અને દુઃખના પોકાર કરી રહ્યા છે, તેમાંના કોઈ સુભાગીઓને “સિદ્ધાંજનવાળા” કોઈ દેશી–દેશિક–સદ્‌ગુરુ–મળી આવે છે. તેમને તેઓ ઓળખે છે, ને શ્રદ્ધાવડે પ્રણિપાત તથા સેવા કરતાં તેમને પ્રસન્ન કરીને પૂછે છેઃ–હે પ્રભો ! “ દુઃખનું નામ મળે નહિ જે સ્થળ, સર્વ પ્રકારે કુશળ ક્ષેમ; ” એવા સ્વદેશની પ્રાપ્તિનો ઉપાય કૃપા કરીને બતાવો. શ્રીસદ્‌ગુરુ તેમને ઉપદેશે છેઃ—

“ સ્વદેશ બાહુ સમીપ છતાં પણ, તે ભાસે છે અતીવ દૂર;
ભ્રાંતિડાકણ તમને વળગી, તણાઓ છો સૌ તેને પૂર.
બાહ્યદૃષ્ટિશાકિની પણ વળગી, થયા કાયરો ન રહ્યા શૂર.
એ બનેને દૂર કરી ઝટ, શોધો સત્ય ત્યજી દ્યો કૂડ. ”

બીજાં પણ વિવિધ સાધનો આદિનો દેશિકપ્રભુ તેમને ઉપદેશ કરે છે, અને સ્વદેશને માર્ગે વાળે છે. સ્વદેશને પથે પડેલામાંથી જેઓ વચ્ચે અટકતા નથી, પણ શ્રીસદ્‌ગુરુરૂપ મહા “ અગવા”ની આજ્ઞાનુસાર ચાલ્યા કરે છે તેમનુ ભવભ્રમણ પૂરુ થાય છે, ને તેઓ બ્રહ્મરૂપ સ્વદેશમાં પહોંચી જાય છે. આવા રૂપકવડે જિજ્ઞાસુઓની

સ્વદેશયાત્રા સરલ કરવાના હેતુથી **સ્વદેશયાત્રા**નો છત્રીશમો* અંક ૪૫ સવૈયામા રચવામાં આવ્યો છે, અને તેમાં તેમને સાધનમાં બહુ ઉપયોગી એવી સૂક્ષ્મ સૂચનાઓ કરવામા આવી છે.

બ્રહ્મજ્ઞાનવિના મનુષ્યને તેના જીવનમાં તેના આતરદાહની સંપૂર્ણ નિવૃત્તિ થઇ તેને વાસ્તવિક સુખશાંતિ મળી શકે તેમ નથી; તેમ ત્રણ પ્રકારના દુઃખોની આત્યતિક નિવૃત્તિ તથા પરમાનંદની પ્રાપ્તિરૂપ સદ્યો મોક્ષ પણ તેને પ્રાપ્ત થઇ શકે તેમ નથી. યોગ્ય અધિકારીને એ બ્રહ્મજ્ઞાન થવામા વેદાદિ શાસ્ત્રોના રહસ્યના જ્ઞાતા તથા બ્રહ્માનુભવવાળા મહાપુરુષે પરમ કરુણાવડે કરેલો મહાવાક્યનો ઉપદેશ એજ મુખ્ય ઉપાય છે. જીવબ્રહ્મના અભેદનુ પ્રતિપાદન કરનારાં એ મહાવાક્યનો વિચાર એજ વેદાન્તજ્ઞાનનો મુખ્ય વિષય છે. મહાવાક્યનો ઉપદેશ તે કોઇ અદ્ભુત ઉપદેશ છે. એના જ્ઞાનની ગભીરતા કથી જાય તેમ નથી. ઉપનિષદો એ જ્ઞાનનો મહાસાગર છે, અને ચાર મહાવાક્યો તે, તે મહોદધિમાના મુખ્ય રત્નો છે. એનો પ્રકાશ અનવધિ છે. જો મહાગુરુદ્વારા એ અલૌકિક પ્રકાશ હૃદયમાં ઉતરે તો જીવને પ્રાપ્ત કરવાયોગ્ય સર્વ પ્રાપ્ત **થયુ** એમ જાણવું. આમ હોવાથી **મહાવાક્યવિચાર** એ નામના સાડત્રીશમા અંકમા ચારે વેદનાં મહાવાક્યનો અર્થ સરલ ભાષામા વિસ્તારથી દર્શાવવામાં આવ્યો છે, અને તેમ કરતાં જિજ્ઞાસુઓની બુદ્ધિની શાતિને અર્થે

* ૧ થી ૩૫ સુધીના અંકોવિષે તે તે અંકોનાં એકકાં પુસ્તકોના ઉપોદ્ઘાતમા લખવામાં આવ્યુ છે એટલે અત્ર તેની પુનરુક્તિ કરી નથી.

ભેદવાદીઓએ ઊઠાવેલા પૂર્વપક્ષોનું પ્રમાણ અને યુક્તિઓથી સમાધાન કરવામાં આવ્યું છે. આ અંકમાં આત્માની અપ્રમેયતા, વેદાંતપરના આક્ષેપનુ નિરાકરણ, જ્ઞાનીઓનો તેમના પ્રારબ્ધાનુસાર થતો વ્યવહાર તથા પરમાર્થ, અને મુમુક્ષુઓમાટે સંક્ષેપમા બનાવેલો આભાસવાદ આદિનો અભ્યાસક્રમ એ વિષયો જિજ્ઞાસુઓએ બહુ વિચારવાજેવા છે.

બ્રહ્મદર્શનસમયે નેત્ર અને અંતઃકરણને શો અનુભવ થતો હશે? જ્ઞાનીને જગત્નુ અને જગત્ના જ્ઞાનનુ મિથ્યાપણુ કેમ સમજાતું હશે? પદાર્થદર્શન થતાં છતા જ્ઞાની પુરુષોને તેનો બ્રહ્મરૂપે કેવી રીતે અનુભવ થતો હશે? જ્ઞાની પુરુષોનો પરમસંતોષ ને પરમસુખાનુભવ કયા પ્રકારનો હશે? અભ્યાસ કરતા કરતાં અભ્યાસીને પ્રથમ બ્રહ્મ-દર્શનવેળાએ કેવો અનુભવ ને આનંદ થતા હશે? જ્ઞાની પુરુષો સર્વત્ર બ્રહ્મદર્શન કરતા છતા વિશ્વમાં કેવી રીતે વિચરતા હશે? તેમના અંતઃકરણઉપર બ્રહ્મદર્શનવડે શી અસર થતી હશે? પોતાના પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થતો વ્યવહાર તથા પરમાર્થ તેઓ કેવી રીતે નિભાવતા હશે? આ અને આને મળતા બીજા પ્રશ્નો બ્રહ્માભ્યાસી-ઓનાં અંતઃકરણમાં ઊઠવાનો સંભવ છે, જેનુ નિરાકરણ બ્રહ્મદર્શી પુરુષના પોતાનાજ શબ્દોમાં સાંભળવાથી જિજ્ઞાસુઓને કોઇ અપૂર્વ આનંદ પ્રાપ્ત થઇ તેમના અભ્યાસમાં ઘણો ઉત્સાહ પ્રકટે એ સ્વા-ભાવિક છે; અને તેટલામાટે **ब्रह्मदृष्टिने प्राप्त थयेला महापुरुषना उद्‌गारो** આડત્રીશમા અંકમાં લખવામાં આવ્યા છે. એ ઉદ્‌ગારો કેવા સ્પષ્ટ, સુમધુર, સ્વાનુભવદર્શક તથા તત્ત્વબોધક હોઇ હૃદયગમ છે તે, તે વિષયના અભ્યાસીઓ તેના વાચનમનનથી સહજે સમજી શકે તેમ છે.

“ **गहना कर्मणो गतिः** ” કર્મની ગતિ ગહન છે એમ શ્રી-

ભગવાન્ શ્રીમુખે ઉપદેશે છે. કર્મનું બળ આશ્ચર્યજનક છે. સૌને તે વશ વર્તાવી રહ્યું છે. જીવને તૃણકીટાદિની સ્થિતિથી માડીને ઉત્તરોત્તર મોક્ષપર્યંતની અનેક સ્થિતિઓને પ્રાપ્ત કરાવનાર તેનાં શુભાશુભ કર્મો છે. બીજા શબ્દોમાં કહીએ તો સૌ પોતપોતાની સ્થિતિને પોતે ઉપજાવે છે. ભિન્ન ભિન્ન પ્રાણીઓની–મનુષ્યોની પણ–ચડતી ઊતરતી ભિન્ન ભિન્ન પ્રકારની સ્થિતિ, તેના કારણનો વિચાર કરતાં આ વાતની સાક્ષી પૂરે છે. “ આઘાત તેવો પ્રત્યાઘાત, ” તથા “ કરે તેવુ પામે ને વાવે તેવુ લણે ” એ કથનો પણ કર્મપ્રમાણે ફલ થાય એ વાતને સૂચવે છે. જો કર્મજ જીવની અધમ, કનિષ્ઠ, મધ્યમ ને ઉત્તમ સ્થિતિનું કારણ છે તો જેને શુભાશુભની સ્પષ્ટ સમજ છે એવા મનુષ્યે બની શકે તેટલા બળથી શુભકર્મ કરવામાટે તથા અશુભકર્મથી દૂર રહેવામાટે પ્રયત્નવાન્ રહેવું જોઇએ એ નિર્વિવાદ વાત છે. કર્મસંબધિ આ વિષય જિજ્ઞાસુઓને વિસ્તારથી સમજાવવામાટે ઓગણચાળીશમો **કર્મમહિમા**નો અંક લખાયો છે, અને તેમાં જીવોની ભિન્ન ભિન્ન સ્થિતિઓનુ કારણ, કર્મના વિવિધ રીતિએ પ્રકારો ને તેનાં ફલો, કર્મનો ફલ ઉપજાવવાનો ક્રમ, કર્મફલપ્રદાતા સત્તા, ભિન્ન ભિન્ન કર્મની શરીર ઇંદ્રિયો ને અંતઃકરણઉપર અસર, અશુભકર્મ કરવાના વેગને કેમ રોકાય ? ભિન્ન ભિન્ન કર્મના ફલોનાં સાક્ષાત્ ઉદાહરણો, અને વિવેકીએ સત્કર્મ કરવામાટે કરેલો શુભ નિશ્ચય વગેરે વિષયો બહુસ્પષ્ટપણે સમજાવ્યા છે, જેમાંના છેલ્લા ત્રણ વિષયો પોતાનુ કલ્યાણ ઇચ્છનારે વિશેષ વિચારવાજેવા છે.

યથાયોગ્ય રીતે સાધવાથી સગુણ વા નિર્ગુણ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી તે તે રૂપે સ્થિતિ કરાવનારી ભક્તિ રસાયન, સ્પર્શમણિ, ચિંતામણિ, અમૃત, કામધેનુ અને કલ્પતરુના કરતાં પણ

અનંતગુણ શ્રેષ્ઠ છે. કોઇ પણ લૌકિક અલૌકિક વસ્તુસાથે તેની સરખામણી થઇ શકે તેમ નથી. એનો મહિમા અપાર છે.

પૂર્વના સંસ્કાર પ્રમાણે જિજ્ઞાસુઓમાંથી જેમ કેટલાક નિષ્કામકર્મના, કેટલાક ધ્યાનરૂપ યોગના, ને કેટલાક વિચારરૂપ જ્ઞાનના અધિકારી હોય છે તેમ કેટલાક પ્રેમપ્રધાન હૃદયવાળા જિજ્ઞાસુઓ પરમાત્માની ભક્તિના અધિકારી હોય છે. એવા ભક્તોને પ્રભુની ભક્તિનો મહિમા સવિશેષપણે સમજાવી તેમને તેમના કર્તવ્યમાં વિશેષ ઉત્સાહી કરવાના હેતુથી **भक्तिमहिमा**નો ચાળીશમો અંક લખાયો છે. આ લેખમાં ભક્તિ કરવાનો હેતુ, ભક્તિ પ્રાપ્ત કરવાના ઉપાય, ભક્તિના ભિન્ન ભિન્ન રીતે પ્રકાર ને તેનાં ફલ, ભક્તના વિવિધ વર્ગ, ભક્તોએ પોતે કરવાની આત્મપરીક્ષા, અનન્યભક્તનું વર્તન–તેના હૃદયની વિશાલતા, તેની મસ્તી, તેનો અપૂર્વ અનુભવ ને અપૂર્વ આનંદ—, પ્રાપ્ત વ્યવહાર કરતાં છતાં ભક્તિ કેમ થઇ શકે? અને કરુણાર્ણવ પ્રભુનો તથા તેઓશ્રીની અનન્યભક્તિનો મહિમા વગેરે નાનામોટા ભક્તિસંબધિ ઘણા વિષયો વર્ણવવામાં આવ્યા છે.

વ્યવહારપરમાર્થ બંનેમાં મનુષ્યની ઉન્નતિ કરનારો ચિત્તની એકાગ્રતા વા સમાધિરૂપ યોગ આ વિશ્વમાં કલ્પતરુના વા ચિંતામણિના કરતાં પણ અધિક શ્રેષ્ઠ છે. યોગવેત્તા સદ્ગુરુદ્વારા સાધેલો એ યોગ જીવના ત્રણે પ્રકારના તાપોને દૂર કરી તેને પરમશાંતિ ને પરમસુખનો અનુભવ કરાવે છે: અને આમ હોવાથી શ્રુતિ, સ્મૃતિ ને પુરાણોમા યોગનું માહાત્મ્ય બહુ બહુ પ્રકારે વર્ણવ્યુ છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં તો શ્રીભગવાને યોગની શ્રેષ્ઠતાનું કથન કરતાં પોતાના પ્રિય શિષ્ય અર્જુનને "**तस्माद्योगी भवार्जुन**" એ વચનથી "તું યોગી થા" એવી સ્પષ્ટ આજ્ઞા કરી છે. આવા અતીવ હિતકારક

મોક્ષના સાધનરૂપ યોગના અભ્યાસમાં મુમુક્ષુઓની પ્રવૃત્તિ થાય તેટલામાટે તેનું માહાત્મ્ય **योगमहिमा**નામના એકતાળીશમા અંકમાં દર્શાવ્યુ છે. યોગના સ્વરૂપનુ નિરૂપણ તેના ભેદ તથા લક્ષણસાથે સંક્ષેપમાં બહુ સ્પષ્ટ રીતે આ અંકમા કરવામાં આવ્યુ છે તેથી પણ આ અંક પૂજ્યપાદ આચાર્યશ્રીપ્રણીત "યોગ-પ્રભાકર"ના લઘુપુસ્તકની પેઠે યોગાભ્યાસીઓને અત્યન્ત મનન કરવાયોગ્ય છે.

શ્રીશ્રુતિભગવતી "**ऋते ज्ञानान्न मुक्तिः**" (પરમાત્મસ્વ-રૂપના જ્ઞાનવિના મુક્તિ નથી) એમ સ્પષ્ટપણે-પોકારીને-કહે છે. શ્રીભગવાને પણ "**ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा**" (તેવી રીતે જ્ઞાનરૂપ અગ્નિ સર્વકર્મોને બાળીને ભસ્મ કરી નાંખે છે,) અને "**ज्ञानी त्वात्मैव मे मतम्**" (આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી ને જ્ઞાની એ સર્વભક્તોમાં જ્ઞાની મારો આત્માજ છે-મારૂ સ્વરૂપજ છે) એ આદિ વચનોથી શ્રીમુખે જ્ઞાનની સર્વો-ત્તમતા વર્ણવી છે. ભક્તિ ને યોગ આદિ મોક્ષના સાધનો છે, પણ તે ગૌણ સાધનો છે-જ્ઞાનમાં ઉપકારક છે, ને કૈવલ્યમોક્ષનું મુખ્ય-સાધન તો જ્ઞાનજ છે. જિજ્ઞાસુઓ પોતાના અધિકારની વૃદ્ધિ કરી જ્ઞાન મેળવવામાટે પ્રેરાય ને પોતાનુ સર્વોત્તમ કલ્યાણ પ્રાપ્ત કરે તે-માટે એવા અનુપમ જ્ઞાનનો મહિમા **ज्ञानमहिमा**નામક બેંતાળીશમા અંકમાં વર્ણવ્યો છે. આ અંકમાં જ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનનાં સાધનો અને જ્ઞાનીની સ્થિતિ આદિ જ્ઞાનને લગતા વિષયોનુ સંક્ષેપમાં સ્પષ્ટ નિરૂપણ કરી, મુમુક્ષુઓને તેમના અભ્યાસમાં પ્રોત્સાહન મળે તેવો ઉપદેશ આકર્ષક રીતે કરવામાં આવ્યો છે.

કોઇ પણ વિષયનુ સુદૃઢ જ્ઞાન થવામાટે શ્રુતિ, યુક્તિ અને

અનુભવ એ ત્રણને સાથે મેળવવાં જોઇએ. યથાર્થ જ્ઞાનવાળા વક્તાદ્વારા કોઈ પણ વિષય જાણ્યો હોય, તથા તે યુક્તિથી બંધ બેસાડ્યો હોય, છતાં જ્યાંસુધી તેને જાતે અનુભવ ન લીધો હોય ત્યાંસુધી તે વિષયનું જ્ઞાન પક્વ થતુ નથી, તેમજ તે યોગ્ય ફલ પણ ઉપજાવી શકતુ નથી. આત્મજ્ઞાનના સંબધમા પણ આ નિયમ અક્ષરશઃ લાગુ પડે છે, અને એમ હોવાથી જિજ્ઞાસુજનોમાં શુભેચ્છાની વૃદ્ધિ થવાને અર્થે તથા અભ્યાસીઓને આત્મનિરીક્ષણ કરવામા ઉપયોગી થાય તેમાટે જ્ઞાનદાતા શ્રીસદ્ગુરુના ઔપનિષત્સિદ્ધાતાનુસાર ઉપદેશનુ સ્વરૂપ, તથા તેનુ શ્રવણ મનન ને નિદિધ્યાસન કરવાથી શિષ્યને થયેલા અનુભવનુ સ્વરૂપ **अनुभवविलास**નામના ત્રેંતાળીશમા અંકમાં સાદાં પદ્યોવડે બતાવ્યુ છે.

યોગ્ય અધિકારવિના પ્રાપ્ત કરેલી ઉત્તમ વસ્તુ મનુષ્યને લાભ કરતી નથી એટલુંજ નહિ, પણ કેટલીક વાર તે તેને અને અન્યને પણ હાનિ કરનારી નીવડે છે; અને એટલામાટે આપણાં શાસ્ત્રોમા ઉપદેશને મારુ અધિકારઉપર બહુ બહુ ભાર મૂકવામાં આવ્યો છે. ઉત્તમ પાક થવામાટે બીજ વાવવાને જેમ ભૂમિને ભિન્ન ભિન્ન પ્રકારે ખેડીને કૃષિકાર તૈયાર કરે છે, તેમ વેદાતોપદેશનું જ્ઞાનરૂપ ઉત્તમ ફલ થવામાટે જિજ્ઞાસુએ વિવેકાદિ ચાર સાધનોની પ્રાપ્તિ કરવાના પ્રયત્નરૂપ ખેડ કરીને પોતાના અંતઃકરણને તૈયાર કરવું જોઇએ. શોકની વાર્તા છે કે વર્તમાનમાં કલિયુગના પ્રભાવથી ધર્મના થતા હ્રાસને લઇ પરમકલ્યાણકારી વેદાતોપદેશમાં જનસમૂહના મોટા ભાગની રુચિ જણાતી નથી, અને જેમની તેમાં રુચિ છે તેમાંના ઘણા અધિકાર સંપાદન કરી, યોગ્ય સદ્ગુરુદ્વારા વેદાંતોપદેશ ન મેળવતાં સહેલાઇથી પ્રાપ્ત થતા વેદાંતના ગ્રંથો માત્ર સ્વય વાંચી લઇને—તત્ત્વનો અપરોક્ષા-

નુભવ કર્યા વિના–"**अहं ब्रह्मास्मि**"ની–"હું બ્રહ્મ છું" એવી–મિથ્યા વાતો કરે છે. તેઓ બ્રહ્મજ્ઞાન અને તેની વાસ્તવિક પ્રાપ્તિના ફલરૂપ અખંડશાંતિ ને પરમાનંદની પ્રાપ્તિથી વંચિત રહે છે એટલુંજ નહિ, પણ નિષ્કામકર્મ કે નિષ્કામઉપાસનાવડે તેઓ ચિત્તશુદ્ધિ કે ચિત્તસ્થિરતા પણ પ્રાપ્ત કરી શકતા નથી. વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ ને મુમુક્ષુતા એ ચાર સાધનોમાં પ્રથમ તો જિજ્ઞાસુઓએ બહુ લક્ષપૂર્વક વિવેકને સાધવો જોઇએ, ને તેમા પણ આત્માનાત્મરૂપ મુખ્ય વિવેકની પ્રાપ્તિ કરવામાટે તેમણે શિષ્ટાચારરૂપ ગૌણવિવેક આદર ને આગ્રહવાળા પ્રયત્નથી અવશ્ય પ્રાપ્ત કરવા જોઇએ; આમ હોવાથી **ब्रह्मज्ञाननां चार साधनो**નામના ચુમાળીશમા અંકમા બ્રહ્મજ્ઞાનનાં ચાર સાધનોનું સ્વરૂપ, હેતુ ને ફલના દર્શનપૂર્વક વિસ્તારથી નિરૂપણ કરતા જિજ્ઞાસુઓને અને અન્ય મનુષ્યોને પણ બહુ ઉપયોગી એવા ગૌણવિવેકરૂપ શિષ્ટાચારનુ–સદાચારનું–ઉત્તમ પ્રકારે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વેદાંતના ઉપદેશના અધિકારી થવામાટે આ અંક ઉપયોગી છે એટલુંજ નહિ, પણ વાસ્તવિક મનુષ્યત્વ મેળવવાને પણ આ અંક બહુ ઉપયોગી છે.

વ્યાવહારિક કે પારમાર્થિક કોઇ પણ વિષયનું પરિપક્વ જ્ઞાન મેળવવાને તેસંબધિ જાણવુંસાંભળવું, તેપર વિચાર કરવો, ને તેપછી જાણેલાવિચારેલાને અનુભવમાં લાવવા પ્રયત્ન કરવો, એમ ત્રણ સ્વાભાવિક ક્રમ છે. એનેજ શાસ્ત્રીયભાષામા શ્રવણ, મનન ને નિદિધ્યાસન કહેવામાં આવે છે. શ્રીવેદભગવાન્ પણ આત્માના સાક્ષાત્કારમાટે "**आत्मा वा अरे दृष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्य.**" (અરે મૈત્રેયિ! આત્માજ સાક્ષાત્કાર કરવાયોગ્ય છે, અને તેમાટે શ્રવણ કરવાયોગ્ય છે, મનન કરવાયોગ્ય છે, ને નિદિ-

ધ્યાસન કરવાયોગ્ય છે) એ વચનવડે એ સ્વાભાવિક ક્રમને—વેદાંતના શ્રવણ, મનન ને નિદિધ્યાસનને—સ્પષ્ટ ઉપદેશ કરે છે. **વેદાંત-શ્રવણ** એ નામના પિસ્તાળીશમા અંકમાં વેદાંતનું ને વેદાંતશ્રવણનું સ્વરૂપ, એ શ્રવણ કરવાનો અસાધારણ વિધિ—તેસંબધિ વિવિધ સૂચનાઓ—,તત્ત્વજ્ઞપુરુષદ્વારા વેદાંતશ્રવણ કરવાની આવશ્યકતા, યોગ્ય-તાવિનાના પુરુષપાસેથી વેદાંતશ્રવણ કરવાથી થતી હાનિ, ભિન્ન ભિન્ન અધિકારવાળા જિજ્ઞાસુઓને માટે વેદાંતશ્રવણનો ક્રમ, વેદાંતશ્રવણ કરનારનું ઉચ્ચ સદ્વર્તન, વેદાંતશ્રવણનું મહાફલ વગેરે વેદાંતશ્રવણ કરનારને બહુ ઉપયોગી એવી ઘણી બાબતો સંક્ષેપમાં સ્પષ્ટ રીતે બતાવવામાં આવી છે.

શ્રવણપછી ક્રમાત્ મનન પ્રાપ્ત થાય છે. કેટલાંક પશુઓ જેમ ખાધેલાને વાગોળે છે—ખાધેલુ પુનઃ મુખમાં લાવી તેને ઝીણું ચાવી તેનો સ્વાદ લઈ ગળે ઊતારે છે—તેમ મુમુક્ષુએ સાંભળેલા વિષયને યોગ્ય વિચાર ને યોગ્ય યુક્તિઓવડે બધ બેસાડી, તેનો રસ લઇ, તેને પ્રતિપાદન કરવામાં આવેલે સ્વરૂપે ગળે ઊતારવો જોઇએ—તેનુ મનન કરી તેને નિશ્ચિત—સુદૃઢ—સમજીને હૃદયમાં ઊતારવો જોઇએ. આ મનન કેવી રીતે કરવુ તે **વેદાંતમનન**નામના છેતાળીશમા અંકમાં દર્શાવ્યુ છે. આ અંકમાં ચિત્તની પરીક્ષા, માયા જીવ જગત્ ઈશ્વર ને બ્રહ્મનું સ્વરૂપ, ભિન્ન ભિન્ન શાસ્ત્રોની ને મતોની એકવાક્યતા, ભેદનું મિથ્યાપણુ, "**सर्वं खल्विदं ब्रह्म**"—આ સર્વ નિશ્ચય બ્રહ્મ છે—એ સિદ્ધાંતનું સત્યપણુ, સુખના ચડતા ચડતા ચાર ક્રમ ને કૈવલ્ય-મોક્ષની પરમસુખરૂપતા, સપ્ત લોકનું રહસ્ય ને તેની પ્રાપ્તિના ઉપાયો, મનનશીલનું કર્તવ્ય ને મનનનુ ફલ વગેરે મનનને લગતી ઘણી ઉપયોગી બાબતો યોગ્ય મુમુક્ષુઓને સ્પષ્ટ સમજાય તેવી રીતે બતાવી

છે. મુમુક્ષુએ આ અંક પુનઃ પુનઃ વિચારવાજેવો છે.

શ્રવણવડે કોઇ પણ વિષયનું સામાન્ય પરોક્ષજ્ઞાન થાય છે. મનનથી તે પરોક્ષજ્ઞાન નિશ્ચિતપણાને પામે છે, અને નિદિધ્યાસન-વડે તે પરોક્ષજ્ઞાન અપરોક્ષપણાને પામે છે—અનુભવરૂપ થાય છે. વેદાંતના મનનવડે પરોક્ષ જાણેલુ બ્રહ્મ જો બ્રહ્મવિચારરૂપ વા બ્રહ્મ-ધ્યાનરૂપ નિદિધ્યાસન કરવામા ન આવે તો સ્વાનુભવરૂપ થતું નથી. શ્રવણ કરતા શતગણુ કે તેથી પણ અધિકગણુ મનન કરવુ જોઇએ, ને મનન કરતાં શતગણુ કે તેથી પણ અધિકગણુ નિદિધ્યાસન કરવુ જોઇએ એમ મહાપુરુષો કહે છે. બ્રહ્મજ્ઞાનનુ પ્રત્યક્ષ ફલ જીવતાં છતાં સર્વને ઇચ્છિત એવી હૃદયના દાહની શાંતિ ને પરમા-નંદની પ્રાપ્તિ એ છે, તે નિદિધ્યાસનવડે પ્રાપ્ત થાય છે. જો નિદિ-ધ્યાસન ન કરવામાં આવે તો શ્રવણ ને મનનમાટે લીધેલો શ્રમ વ્યર્થ જાય છે—ફલ ઉપજાવતો નથી—એટલુજ નહિ, પણ શ્રવણ-મનનનો અભ્યાસ ન રહે તો થયેલુ પરોક્ષજ્ઞાન પણ સમય પામી લોપાઇ જાય છે: આટલામાટે મુમુક્ષુએ બહુ આદરપૂર્વક બ્રહ્માનુસંધાનરૂપ નિદિધ્યાસન કરવુ જોઇએ. એ નિદિધ્યાસન કેવી રીતે કરવુ તે **નિદિ-ધ્યાસન**નામના સુડતાળીશમા અંકમા દર્શાવ્યુ છે.

ભિન્ન ભિન્ન અધિકારીને ઉદ્દેશીને બ્રહ્મવિચારરૂપ વા બ્રહ્મધ્યાન-રૂપ નિદિધ્યાસન કરવાની ભિન્ન ભિન્ન રીતિઓ, જ્ઞાનના પ્રતિબંધકો ને તે દૂર કરવાના ઉપાય, સમાધિના પ્રકાર, નિદિધ્યાસનમાં આવતાં વિઘ્નો ને દોષોનુ સ્વરૂપ તથા તે દૂર કરવાના ઉપાય, નિદિધ્યાસનનુ મહાફલ આદિ નિદિધ્યાસનને લગતી ઘણી ઘણી વાતો આ અંકમાં વિસ્તારથી દર્શાવી છે.

અધિકારી જિજ્ઞાસુ શ્રવણ મનન ને નિદિધ્યાસનરૂપ પુરુષપ્રયત્ન-

વડે, તથા બ્રહ્માભિન્ન શ્રીસદ્‌ગુરુની અપૂર્વ અનુપમ ને અમોઘ કૃપા-વડે–તેઓશ્રીની કોઇ અલૌકિક પારમેશ્વરીશક્તિનો પોતાના હૃદયઉપર પાત થવાવડે–બ્રહ્મવેત્તા થઈ શકે છે. ઉત્તમ ચિત્રકાર થવાને ઇચ્છતો પુરુષ જેમ પોતાની સામે આદર્શરૂપ ઉત્કૃષ્ટ ચિત્ર રાખીને પોતાનુ ચિત્રકામ બહુ લક્ષપૂર્વક કર્યે જાય છે તેમ બ્રહ્મજિજ્ઞાસુએ પણ બ્રહ્મ-વેત્તાનો આદર્શ નિરંતર હૃદયઆગળ રાખીને તે પ્રમાણે પોતાનુ જીવન ઘડવુ જોઇએ. અને એટલામાટે બ્રહ્મવેત્તાનો એ આદર્શ **બ્રહ્મવેત્તા**નામના અડતાળીશમા અંકમાં બતાવ્યો છે. આ અંકમાં બ્રહ્મવેત્તાનું સ્વરૂપ, બ્રહ્મવેત્તાના ગુણો, બ્રહ્મવેત્તાનો મહિમા, બ્રહ્મ વેત્તાનો અનુભવ, બ્રહ્મવેત્તાનો નિવાસ, બ્રહ્મજ્ઞાનની ને બ્રહ્માનંદની પરમ સત્યતા તથા પરમ મહત્તા, અને બ્રહ્મવેત્તા થવામાં રોધક દોષો આદિ જિજ્ઞાસુઓને પરમોપયોગી એવી અનેક બાબતોનુ બહુ સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યુ છે.

શ્રીઉપનિષદો, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ને શ્રીબ્રહ્મસૂત્રો એ વેદાંતનાં પ્રસ્થાનત્રય ગણાય છે. વેદાંતનુ સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવાને એ શાસ્ત્રો-નો સિદ્ધાંત જિજ્ઞાસુઓએ અવશ્ય વિચારવો જોઇએ.

ભિન્ન ભિન્ન સર્વજ્ઞ ઋષિમુનિઓ વેદના દ્રષ્ટા છે. તેમને સમયે સમયે જે શ્રેષ્ઠતમ આત્મજ્ઞાન સ્ફુર્યું તે મુખ્ય ભાગે શ્રીઉપનિષદોમા સંગ્રહિત થયેલું છે, અને તેટલામાટે શ્રીઉપનિષદો વેદશીર્ષ વા વેદાંત કહેવાય છે.

આત્મજ્ઞાન ને આત્મજ્ઞાનનાં સાધનોના સંબંધમાં જે સિદ્ધાંત શ્રીઉપનિષદોમાં સ્થાપિત છે તેજ સિદ્ધાંતનું શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં સરલ ભાષામાં પ્રતિપાદન થયેલું છે. "સર્વે ઉપનિષદોરૂપ ગાયોમાંથી ગોપાલનંદન શ્રીકૃષ્ણે ગીતામૃતરૂપ દૂધ દોહી કાઢેલું હોવાથી જીવ,

જગત્, ઈશ્વર, બ્રહ્મ, મોક્ષ ને મોક્ષસાધનોના સંબંધમા જે ઉપનિષદોનો સિદ્ધાંત છે તેજ ભગવદ્ગીતાનો સિદ્ધાંત હોવો જોઇએ એમ સ્વરૂપ વિચારવડે નક્કી થાય છે. વળી તેજ સુસ્થિર સિદ્ધાંત જીવાદિના વાસ્તવિક સ્વરૂપના સંબંધમા શ્રીબ્રહ્મસૂત્રોમા પણ શ્રુતિસ્મૃતિરૂપ પ્રમાણોવડે ને યુક્તિઓવડે સુદૃઢ કરવામા આવ્યો છે એમ વેદાંતશાસ્ત્રનો પાર પામેલા મહાજ્ઞાનીઓ કહે છે. ભિન્ન ભિન્ન ઉપનિષદોનાં વચનોની તેમા અનુકૂલ થતી અન્ય શ્રુતિઓવડે ને પ્રબલ યુક્તિઓવડે એકવાક્યતા કરવામાટે જેની પ્રવૃત્તિ છે એવાં બ્રહ્મસૂત્રોનો સિદ્ધાંત ઉપનિષદોએ કરેલા સિદ્ધાંતથી ભિન્ન હોઇ શકેજ નહિ" એ સહજ સમજાયતેવુ છે.

સામાન્ય જિજ્ઞાસુઓ પ્રસ્થાનત્રયનો સંપૂર્ણ અભ્યાસ કરી તેનું રહસ્ય સમજી શકે નહિ તેટલામાટે તેમને તેનો સાર સમજાવવાને– અદ્વૈતસિદ્ધાંતનુ રહસ્ય સમજાવવાને–, તેમજ તેઓ તેમાંના વિષયની સરખામણી કરી તેનુ એકત્વ જોઇ શકે તેમાટે ઓગણપચાસમા અંકમા **શ્રીઉપનિષદોનો સિદ્ધાંત**, પચાસમા અંકમા **શ્રીમદ્‌ભગવદ્ગીતાનો સિદ્ધાંત**, ને એકાવનમા અંકમાં **શ્રીબ્રહ્મસૂત્રોનો સિદ્ધાંત** સંક્ષેપમા યોગ્ય સૂચનાસાથે પ્રકટ કરવામા આવ્યો છે; અને તેમ કરતાં જિજ્ઞાસુઓને અત્યંત મનનીય એવા વેદાંતને લગતા અનેક વિષયો તેમને પોતાના અભ્યાસમાં ઉત્સાહ મળે તેવા ઉપદેશસહિત આ અંકોમાં ટુંકામાં દર્શાવવામાં આવ્યા છે.

સર્વ જીવોનુ વાસ્તવિકસ્વરૂપ જે બ્રહ્મ તે તેમનો સ્વદેશ છે, ને અજ્ઞાનકાલે જે આ સંસાર તેઓ અનુભવી રહ્યા છે તે તેમને માટે પરદેશ છે. પરદેશરૂપ આ સંસાર જે અનેક દુ:ખો ને દોષોથી ભરપૂર છે તેમાથી પોતાને દુ:ખી માનતા તથા કાંઇક સમજુ એવા મનુષ્યોને

પાછા વાળી, સ્વદેશરૂપ બ્રહ્મ જે નિઃસીમ આનંદરૂપ તથા પરમપવિત્ર છે તેભણી તેમનુ પ્રયાણ કરાવવામાટે **ज्ञानदेवनुं स्वप्न** એ નામનો બાવનમો અંક અનેક પ્રકારના રૂપકવડે લખાયો છે. જેમના પરમપવિત્ર, સૂક્ષ્મ ને એકાગ્ર હૃદયમા આત્મજ્ઞાનનો દિવ્ય પ્રકાશ પ્રકટ થયો છે એવા મહાપુરુષ જ્ઞાનદેવ કહેવાય છે. એવા જીવન્મુક્ત જ્ઞાનદેવને સંસાર સ્વપ્નવત્–મિથ્યા–અનુભવાય એ સ્વાભાવિક છે, અને તેમ છતાં ઋતંભરાપ્રજ્ઞાવાળા હોવાથી તેઓજ પોતાની અતીવ કુશાગ્રબુદ્ધિવડે સંસારનાં અનેક પ્રાણીઓનું, પદાર્થોનુ અને પ્રસંગોનું તલસ્પર્શી અવલોકન કરી શકે. આ અંકમાં જ્ઞાનદેવનુ એ અવલોકન બહુ સૂક્ષ્મવિચારવડે દર્શાવ્યુ છે, અને તેમ કરતા સંસારારણ્યની દુઃખરૂપતા, તેમાના અનેક પ્રકારના મનુષ્યોની વિવિધદુઃખમય સ્થિતિ, ને સ્વદેશપ્રાપ્તિમાટે–સુખપ્રાપ્તિમાટે–તેમની પ્રવૃત્તિ, જ્ઞાની પુરુષોની દયાલુતા, તેમણે યોગ્ય મનુષ્યોને ભૂમરૂપ–બ્રહ્મરૂપ–સ્વદેશસંબંધે આપેલો મહોપદેશ, મુમુક્ષુઓનો સ્વદેશભણી પ્રવાસ, બ્રહ્મરૂપ સ્વદેશના પ્રવાસીઓને જોઇતુ મહાપુણ્યરૂપ ભાતુ, બ્રહ્મમાર્ગમા વિઘ્નકર્તા આલસ્યરૂપ બૃહત્કાય અજગર, પ્રમાદરૂપ ઢોળાવવાળો અંધકારમય ઉંડો ખાડો, દીર્ઘસૂત્રતારૂપ ભયંકર ડાકિની, અવ્યવસ્થારૂપ વિચિત્ર રાક્ષસી, અશ્રદ્ધારૂપ ઝેરી ધુમાડાવાળો પ્રદેશ, વિચિત્ર વિષરૂપ જલથી ભરેલી જડતારૂપ ખાઈ, વિષમવાયુથી ઉપજતો સંશયજ્વર, ક્રોધરૂપ દાવાનળનું ભયાવહ સ્થાન, બહુ તાણવાળી ચળકતી ને ઉંચા તથા લપસણા કાંઠાવાળી લોભરૂપ નદી, મદરૂપ વેતાળનો પ્રદેશ, મત્સરરૂપ કાળો નાગ, દંભરૂપ વીંછી, કંપવાયુજનક ભયરૂપ તળાવ, શોકરૂપ ઉષ્ણજલપ્રવાહ, આશ્ચર્ય નોરૂપ ગીધોપ્રદેશ, કર્તવ્યાનુસ્મરણરૂપ કડવી ગોળીઓ, કોણ બ્રહ્મરૂપ સ્વદેશમાં પહોંચ્યુ ? બ્રહ્મરૂપ સ્વદેશમાં પહોંચે-

લાની સ્થિતિ, વગેરે વિષયો અતિ આશ્ચર્યકરીતે વર્ણવ્યા છે જે સાધકોને બહુ વિચારવાયોગ્ય છે.

સર્વ જીવોને દુઃખ અત્યત અપ્રિય છે, ને સુખ પરમપ્રિય છે સર્વે દુઃખને નિવારવામાટે ને સુખને પ્રાપ્ત કરવામાટે પોતાની સમજ ને શક્તિ પ્રમાણે ભિન્ન ભિન્ન સાધનોવડે પ્રયત્ન કરી રહ્યા છે- અર્થથી સર્વે મનુષ્યો પણ એમાટે પ્રયત્નશીલ છે અને પ્રયત્નના પ્રમાણમાં પોતાની માન્યતા પ્રમાણે સમયને માટે દુઃખની સ્વલ્પ નિવૃત્તિ ને સુખની સ્વલ્પ પ્રાપ્તિ બાહ્ય સાધનોવડે તેઓ કરે છે પણ ખરા, તથાપિ દુઃખની અત્યત નિવૃત્તિ ને સુખની સપૂર્ણ પ્રાપ્તિ મનુષ્યને પોતાના સ્વરૂપભૂત બ્રહ્મના સુદૃઢ અપરોક્ષજ્ઞાનવિના અન્ય કોઈ પણ સાધનવડે થઈ શકે તેમ નથી. અન્યરીતે કહીએ તો મનુષ્યને અનાદિ કાલથી વળગેલો અતિ દુ:ખદ ભવરોગ જ્યાંસુધી શમે નહિ ત્યાંસુધી તેની દુઃખનિવૃત્તિની ને સુખપ્રાપ્તિની ઇચ્છા પરિપૂર્ણપણે કદી પણ સિદ્ધ થાય તેમ નથી. વિશ્વમા ભિન્ન ભિન્ન વ્યાધિઓની નિવૃત્તિમાટે અને સ્વાસ્થ્ય તથા સુખની પ્રાપ્તિમાટે અનેક પ્રકારનાં ઔષધો ને રસાયનો પ્રચલિત છે, પણ જીવનો સંસારરૂપ પુરાણો વ્યાધિ નિવૃત્ત કરવામાટે તેમાંથી કોઈ પણ ઔષધ કે રસાયન ઉપયોગી થઈ શકે તેમ નથી. તેને માટે તો જીવે બ્રહ્મરસાયનરૂપ અલૌકિક મહારસાયનનું સેવન કરવુ જોઈએ. આ વાત **ब्रह्मरसायन**-નામના ત્રેપનમા અંકમાં કાર્યકારણના સંબધપૂર્વક અનેક યુક્તિપ્રયુક્તિથી બહુ આશ્ચર્યકરીતે દર્શાવવામા આવી છે. વિષય બ્રહ્મજ્ઞાન ને તેની પ્રાપ્તિનાં સાધનોને લગતો એનો એ છતાં તે ભિન્ન ભિન્ન અંકોમાં ભિન્ન ભિન્ન રચનાથી કેવી ચમત્કારિકરીતે છેડાયો છે તે શ્રીઉપદેશગ્રથાવલિના ભાવિક અભ્યાસીઓથી અજ્ઞાત નથી. આ

અંકમાં પણ અધિકારી હૃદયોને અભ્યાસમાં બહુ ઉત્તેજિત કરનારા જ્ઞાન ને જ્ઞાનનાં સાધનોને લગતા સૂક્ષ્મ પ્રસંગો છે. ખાંડનાં રમકડાંની પેઠે આખા અંકમા બધું મિષ્ટ છે, છતાં તેમાં પણ ચિત્તની શુદ્ધિનાં, તેની સૂક્ષ્મતાનાં ને તેની એકાગ્રતાનાં સાધનોનો ક્રમ, તેમજ બ્રહ્મરસાયનનું કનિષ્ઠ મધ્યમ ઉત્તમ ને સર્વોત્તમ એવું ચતુર્વિધ સ્વરૂપ દર્શાવ્યું છે તે જિજ્ઞાસુઓને અત્યંત મનનીય છે એમ કહ્યા વિના રહેવાતું નથી.

વેદાદિ સત્શાસ્ત્રો તથા અનુભવી મહાપુરુષો અતીવ સ્પષ્ટપણે–પોકારીને–કહે છે કે સર્વદા અવિનાશી હોઇ પોતાની સત્તાવડે–અસ્તિત્વવડે–સર્વને સત્તા (અસ્તિત્વ) આપનાર સત્તારૂપ, ચેતનઅચેતન સર્વ પદાર્થને જણાવનાર જ્ઞાનસ્વરૂપ, કોઇ પણ પ્રકારના દુ:ખથી રહિત પરમસુખરૂપ–સર્વ વસ્તુને પોતાના આનંદવડે આનંદયુક્ત કરનાર તથા સર્વથી વિશેષ આનંદરૂપ હોવાથી પરમાનંદરૂપ–કોઇ પણ પ્રકારના દોષથી રહિત પરમપવિત્ર, કોઇ પણ ઇંદ્રિય કે અંતઃકરણ-વડે સાક્ષાત્ જાણી ન શકાય તેવી પરમસૂક્ષ્મ, સર્વથી મહાન્ વ્યાપક. ત્રણ પ્રકારના ભેદથી ને ત્રણ પ્રકારના પરિચ્છેદથી રહિત, નિરવયવ, નિશ્છિદ્ર–એકરસ ભરપૂર–, અનાદ્યનંત, અને અજ તથા દ્વૈતરૂપે જણાતું સમગ્ર વિશ્વ જેમા કલ્પિત છે એવી જે પરમવસ્તુ છે તે બ્રહ્મ છે; અને તેનો આપણા પોતાના આત્માથી સદાસર્વદા અભેદ છે–આપણે ને તે ચેતનરૂપ શુદ્ધસ્વરૂપે એકજ છીએ. એ પરમવસ્તુ અલૌકિક છે, અનુપમ છે, છતાં જિજ્ઞાસુઓને તેનો મહિમા સમજાવવાને માટે વિશ્વમાં સર્વોત્તમ ગણાતી વસ્તુ જે ચિંતામણિ, તેની ઉપમા તેને આપીને આ **ब्रह्मचिंतामणि**નામનો ચોપનમો અંક લખવામાં આવ્યો છે, અને તેમાં દોહરા, ચોપાઈ, સોરઠા ઈ૦ છંદોની બહુ સાદી કવિતાવડે તે મહાવસ્તુનું સ્વરૂપ ને તેની પ્રાપ્તિનાં સાધનો અધિકારી હૃદયોને

વિનાશ્રમે સમજાય તેવી રીતે ચમત્કૃતિથી દર્શાવવામાં આવ્યાં છે. આ અંકમાં વર્ણવેલો ચાર સાધનોનો ક્રમ, જિજ્ઞાસુની લગની, જિજ્ઞાસુની શ્રીસદ્‌ગુરુપ્રતિ પ્રાર્થના ને શ્રીસદ્‌ગુરુનો મહોપદેશ એ સાધકોને નિત્ય પાઠ કરવાયોગ્ય છે.

વિશ્વારણ્યમાં શરીરપુરનો જીવવર્મા રાજા છે તેને સુમતિ ને કુમતિ બે રાણીઓ છે. મનોવર્મા તેનો પ્રધાન છે. બાહ્યદષ્ટિ ને આંતરદષ્ટિ એ બે પ્રધાનની સ્ત્રીઓ છે. મનોવર્માથી બાહ્યદષ્ટિને મોહાદિ વીશ, ને આંતરદષ્ટિને વિવેકાદિ વીશ એમ સંતાનો થાય છે. પ્રથમ કુમતિરાણી, મનોવર્મા પ્રધાન, પ્રધાનપત્ની બાહ્યદષ્ટિ ને તેના મોહાદિ વીશ દુષ્ટ સંતાનો જીવવર્માને દબાવી દે છે તેથી તે કુમાર્ગગામી થઇ બહુ બહુ દુઃખી થાય છે. ધણી (સ્વામી) ફરી બેઠાથી સુમતિરાણી, ભલી પ્રધાનપત્ની આંતરદષ્ટિ ને તેના ભલાં સંતાનોનુ તેમા કાંઇ ચાલતુ નથી. શરીરપુરની દશ દ્વારપાલિકાઓ પણ વિરુદ્ધપક્ષમા ભળી જઇ રાજાને કુમાર્ગે ખેચવામાં સહાયભૂત થાય છે. કેટલાક સમયપછી બહુ મુંઝાઇ ગયેલા ને દુ ખનો પોકાર કરતા તે રાજા જીવવર્માને સુભાગ્યે શ્રીશિવશર્મા નામના મહાપુરુષ મળી આવે છે. તેમને શ્રદ્ધાભક્તિથી પ્રણિપાત કરીને તે પોતાની દુઃખી સ્થિતિ કહી સંભળાવે છે, ને તેમની પાસેથી પોતાના છુટકારાનો ઉપદેશ મેળવે છે. પશ્ચાત્ તે પ્રમાણે વર્તીને સુમતિરાણી આદિ ભલા મંડળના સાહાય્યવડે તે પરમસુખીઓ થાય છે. આવા રૂપકવડે જીવની સ્વાભાવિક અજ્ઞાનદશા, ને પશ્ચાત્ શ્રીસદ્‌ગુરુના ઉપદેશવડે તેને પ્રયત્નથી પ્રાપ્ત થતી જ્ઞાનદશા **जीववर्मानी बे प्रकारनी स्थिति** એ નામના પચાવનમા અંકમાં બહુ સાદા કાવ્યવડે વિસ્તારથી વર્ણવી છે; ને તેમ કરતાં અપૂર્વ બોધવડે સાધકોને માટે મુક્તિના

માર્ગપર ભારે પ્રકાશ પાડ્યો છે. આ અંકમાં જીવવર્માની અજ્ઞાનમય દુઃખપૂર્ણ સ્થિતિ, તેને શ્રીશિવશર્માનો ઉપદેશ તે ઉપદેશ પ્રમાણે જીવવર્માએ કરેલો પ્રયત્ન, આંતરદૃષ્ટિનાં બાળકોની સુપ્રવૃત્તિ, પરિણામે જીવવર્માની જ્ઞાનમય-પરમસુખમય-સ્થિતિ ને તેના તે સ્થિતિના ઉદ્ગારો એ વિષયો સાધકોએ બહુ લક્ષપૂર્વક વિચારી ગ્રહણધારણ કરવાજેવા છે.

મહારાજા આત્મદેવ સચ્ચિદાનંદ સામ્રાજ્યપર બિરાજી રહ્યા છે. એવામાં તેમને અકસ્માત્ નિદ્રા આવતાં સ્વપ્ન થાય છે, ને તેમાં તેમને પ્રથમ અંધકાસુર ને પછી તેનો નાનો ભાઇ વિક્ષેપાસુર એમ બે માયાવી રાક્ષસો આવી મળે છે. અંધકાસુર પોતાની આવરણશક્તિવડે આત્મદેવનું ભાન ભૂલાવી દે છે, ને તેથી તે પોતાનો વ્યાપક બ્રહ્મભાવ ભૂલી જઇ પોતાને પરિચ્છિન્ન-જીવરૂપે-માનવા લાગે છે. વળી તેવામા વિક્ષેપાસુર તેમને પોતાની વિક્ષેપશક્તિવડે અનેક પ્રકારની માયાનુ દર્શન કરાવી વિવિધ રીતે આકર્ષે છે, ને તેથી આત્મદેવને સ્વસ્વરૂપનુ વધારે ને વધારે વિસ્મરણ થતું ચાલે છે. કલ્પકાસુર આદિ બીજા છ અસુરો પણ આત્મદેવને માયાને રવાડે ચડાવવામાં વિક્ષેપાસુરને બહુ પ્રકારે સાહાય્ય કરે છે. વિશેષમા મનઃસુદરી આદિ અગીઆર રાણીઓ આત્મદેવને પ્રાપ્ત થાય છે, ને તેઓ પણ અસુરમડળસાથે મળી જાય છે. અધુરામાં પૂરુ નામરૂપાદિ અનેક પ્રેતો આવે છે, ને આત્મદેવને ઘેરી લે છે. આમ સર્વે મળી મહારાજા આત્મદેવને અલ્પ અલ્પ સુખમાં લોભાવી બહુ બહુ દુઃખનો અનુભવ કરાવે છે. આથી આત્મદેવ અતિશય મુઝાઇને છાતીફાટ રુદન કરે છે, જે સાંભળીને આશુતોષ પ્રભુ શ્રીમહાદેવજી આકાશવાણીવડે તેમને દુઃખમાંથી મુક્ત થવાનો ને સુખી થવાનો ઉપાય દર્શાવે છે.

શ્રીમહાદેવજી વિવેકાસ્ત્રાદિ અનેક અસ્ત્રો પણ આત્મદેવને આપે છે, ને તેવડે તેઓ સઘળા રાક્ષસો આદિનો પરાજય કરે છે, અને સ્વસ્વરૂપમાં જાગીને પોતાનુ પરમસુખરૂપ મૂળ સામ્રાજ્ય પ્રાપ્ત કરે છે. આ સમયે ધર્માદિ દેવો આત્મદેવની સ્તુતિ કરે છે, ને જય જયકાર વર્તાઇ રહે છે.

સર્વે જીવો પોતાના શુદ્ધસ્વરૂપે આત્મદેવરૂપ—બ્રહ્મસ્વરૂપ—છે. તેઓ પોતાના શુદ્ધસ્વરૂપથી—સચ્ચિદાનંદ સામ્રાજ્યથી—ચ્યુત થઇ કેવી રીતે જીવભાવ પ્રાપ્ત કરે છે ' ને પાછુ તેમને કેવા ઉપાયથી પોતાના શિવભાવરૂપ સામ્રાજ્ય પ્રાપ્ત થઇ શકે છે ' તે ઉપરના રૂપકવડે બહુ સાદા કાવ્યથી **आत्मदेवने पुनः स्वाराज्यप्राप्ति**નામના છપ્પનમા અંકમા વિસ્તારથી દર્શાવ્યુ છે. આ અંકમાં વર્ણવેલ જીવભાવના દુઃખો, શ્રીમહાદેવજીનો ઉપદેશ, આત્મદેવની સ્વકર્તવ્યમાં પ્રવૃત્તિ ને પરિણામ, ધર્માદિ દેવોએ કરેલી આત્મદેવની સ્તુતિ, ને સ્વારાજ્ય પ્રાપ્ત થયા પછી આત્મદેવની સ્થિતિ એ વિષયો સાધકોએ બહુ મનન કરવા જેવા છે.

પોતાનું હિતાહિત સમજી શકનાર મનુષ્યે પોતાનુ જીવન કેવી રીતે ગાળવું જોઇએ ?—કયું જીવન સર્વોત્તમ ગણાય '—એ આ વિશ્વમાં બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. આ પ્રશ્નનો શાસ્ત્રીય નિર્ણય મેળવવા અને પછી તેને અનુસરવું એ જિજ્ઞાસુ મનુષ્યનું પરમકર્તવ્ય છે. જે આ પ્રશ્નનો શાસ્ત્રીય નિર્ણય મેળવતા નથી, ને લોકાંધપરપરામાં પોતાના જીવનને વહેવા દે છે તેનું દુઃખમય ભવભ્રમણ અટકતુ નથી-તેઓ મોક્ષાધિકારી થઇ શકતા નથી.

" લીક લીક ગાડી ચલે, લીકે ચલે કપૂત;
તીન ચીજ બેલીકકી, શાયર સિંહ સપૂત. "

ગાડી ચીલે ચીલે ચાલે છે તેમ કપૂત (સારાસાર નહિ સમજનાર–મૂર્ખ પુત્ર–મૂર્ખ મનુષ્ય) ચીલે ચીલે ચાલે છે–સામાન્ય મનુષ્યના માર્ગને અનુસરે છે, પણ ત્રણ વસ્તુઓ (વ્યક્તિઓ) સાધારણ પૂર્વગામીઓ પછવાડે–ચીલે ચીલે–ચાલતી નથી. તે સ્વબુદ્ધિબળથી પોતાનો સ્વતંત્ર માર્ગ નક્કી કરે છે, ને તે માર્ગે ચાલે છે. તે કોણ? કવિ, સિંહ ને સપૂત.

'**यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्**" એ શ્રીભગવાનના વચન પ્રમાણે સપૂતનો (જિજ્ઞાસુનો) માર્ગ આરંભમાં કઠિન છે–વિષજેવો છે–, પણ પરિણામે પરમસુખરૂપ અમૃતને આપનારો છે. એ માર્ગ સત્તાવનમા અંકમાં શોધાયો છે. તેમા નિરંજનદેવનામના સદ્ગુરુ પોતાને વિધિવત્ શરણે આવેલા સોરઠદેશના પાટણ ગામના રહીશ ને અચલબ્રાહ્મણના પુત્ર કેવલનામના પોતાના શિષ્યને ઉપદેશ કરતાં તૃણ લતા ગુલ્મ ને વૃક્ષનુ, કીટ જલચર તિર્યક્ પખી ને પશુનુ, મનુષ્યોમાં પામરનું–અલ્પરજોગુણયુક્ત તમોગુણીનુ ને વિચારહીન મનાગ્રહીનુ–, વિષયીનું–સકામ કર્મ કરનારનું–, જિજ્ઞાસુનુ–ચિત્તશુદ્ધિને ઇચ્છતા નિષ્કામકર્મયોગીનુ, ભક્તનુ, યોગાભ્યાસીનું તથા જ્ઞાનેચ્છુનું–, અને છેવટ કૃતાર્થ એવા મહાપુરુષનુ, એમ વિશ્વમાનાં સર્વ પ્રકારનાં પ્રાણીઓનુ જીવન બહુ ઝીણવટથી તપાસીને **विवेकीए केवी रीते जीववुं जोइए**? તેનો નિર્ણય દર્શાવે છે. લેખમાનાં નિરંજનદેવ આદિ નામો અર્થબોધક છે. આખો લેખ સુમિષ્ટ ફલના જેવો મધુર છે, તથાપિ તેમા જ્ઞાની કેમ થવાય? ને જ્ઞાનને પામેલા મહાપુરુષની સ્થિતિ એ ભાગ (૬૫ પછીના દોહરા ને છેલ્લા ૭૨ સોરઠા) સુમિષ્ટ ફલના ગર્ભની ઉપમાને યોગ્ય છે. સોરઠા વાંચતાં તો વારંવાર મસ્તક ડોલે છે. જિજ્ઞાસુ બંધુઓ! પાતાળકૂવાના જલની પેઠે જ્ઞાના-

મૃત ઊભરાય છે· પી શકાય તેટલું પી લઇએ!

જીવન ને મરણ તે સાથે જોડાયેલા દ્વંદ્વ(જોડકાં)જેવા છે. બીજી રીતે કહીએ તો તે એક પદાર્થની બે બાજુજેવાં છે. જીવનની પાછળ તેને અડીનેજ મરણ ઊભુ છે–જીવનપછી મરણ અનિવાર્ય છે ! જ્યારે એમ છે ત્યારે મનુષ્યે જેમ જીવી જાણવું જોઇએ તેમ મરી પણ જાણવું જોઇએ. કેવી રીતે જીવવુ ?–ઉત્તમ જીવન કયુ કહેવાય ?–તેની મીમાંસા સત્તાવનમા અંકમાં થઈ ગઇ છે. અને ક્રમથી પ્રાપ્ત ઉત્તમ મરણની–**कैवु मरण उत्तम गणाय** ? તેની–મીમાંસામાટે અઠ્ઠાવનમો અંક પ્રવર્ત્યો છે.

જીવનું સર્વથી અધિક હિત ઇચ્છનારી શ્રીશ્રુતિભગવતી મૃત્યુના સંબંધમાં સ્પષ્ટપણે બોધે છે કે:—

“ **यो वा एतदक्षरं गार्ग्यविदित्वाऽस्माल्लोकात्प्रैति स कृपणोऽथ यं एतदक्षरं गार्गि विदित्वाऽस्माल्लोकात्प्रैति स ब्राह्मण** ॥ ” હે ગાર્ગિ ! જે પુરુષ પ્રસિદ્ધ આ અક્ષરને–બ્રહ્મને–પરમાત્માને–નહિ જાણીને આ લોકથી મૃત્યુ પામે છે તે દીન છે, અને હે ગાર્ગિ ! જે આ અક્ષરને–બ્રહ્મને–પરમાત્માને–જાણીને આ લોકથી મૃત્યુ પામે છે તે બ્રહ્મવેત્તા (મુક્ત) છે.*

એક સંતપુરુષ બ્રહ્મજ્ઞાનરહિત મરણસંબંધે નીચે પ્રમાણે કહે છે:—

---

* મોક્ષપ્રાપ્તિ કરાવનારું ઉત્તમ મૃત્યુ ને તે પ્રાપ્ત કરવાનો વિધિ શ્રીમદ્ભગવદ્ગીતાના આધ્યાય ૮ માના શ્લોક ૫ થી ૧૬ સુધીમાં દર્શાવ્યો છે તે પણ અવસ્ય વિચારણીય છે. વિસ્તારભયને લીધે અત્ર તેનું અવતરણ કર્યું નથી.

" મરન મરન સબ કો કહે, મોઇ અંદેશા ઓર;
સાહેબસેં પરચા નહિ, જાઇંગે કિસ ઠોર ? "

તે સંતપુરુષ કેવા મરણને ઇષ્ટ માને છે ? ને તેવા મરણને સાનંદ ભેટવાને કેવી આતુરતા દર્શાવે છે ? :—

" જા મરનેતે જગ ડરે, મેરે મન આનંદ
કબી મરીહુ કબી ભેટીહુ, પૂરન પરમાનંદ. "

" મૈં ન મુઆ મેરી મુઈ બલાઇ, સો ન મુઆ જો રહત સમાઇ.
કહત કબીર ગુરુ બ્રહ્મ બતાયા, મરતા જાતા નજરી ન આયા. "

આવું મરણ—જેને મહાપુરુષો " ભવ્યરમણ"રૂપ માને છે તેવું મરણ—શી રીતે પ્રાપ્ત કરી શકાય તે જાગ્રત્ અંતઃકરણવાળા જિજ્ઞાસુઓને માટે બહુ અગત્યનો પ્રશ્ન છે. આ મહાપ્રશ્નનુ પરમગભીર ઉત્તર આ અંકમાં છે. સાધકબધુઓ ! તમારે ઉત્તમોત્તમ સદ્ગુણોનાં —ઉંચામાં ઉંચી દૈવી સંપત્તિના—દર્શન કરવાં છે ? જેમના શરીરો આ લોકમા વસતાં છતા જેઓ પોતાના મહાજ્ઞાનવડે લોકોત્તર થયા છે, અને તેથી લોકો જેનાથી બહુ ભય પામે છે તેવા મૃત્યુને પણ જેઓ સ્મિતપૂર્વક મિત્રની પેઠે ભેટી શકે છે તેવા મહાત્માઓનાં પરમપવિત્ર, મહાવિશાલ, અત્યતનિઃસ્પૃહ, અત્યતનિર્ભય, પરમશાંત. પરમાનંદપૂર્ણ અને પરમરમણીય હૃદયોના દર્શન કરવા છે ? મોક્ષદાયક અંતિમજ્ઞાનનો પરમાવધિ જોવો છે ? અતિ અકારા લાગતા મૃત્યુને સદાને માટે હાંકી કાઢવું છે ?—જીવતાંજ અમરભાવ પ્રાપ્ત કરવો છે? —જો તેવી પરમશુભેચ્છા હોય તો આ અંકમાંનો પ્રત્યેક શબ્દ લક્ષપૂર્વક વિચારીને હૃદયમાં ધારણ કરો. વિશેષ શું ?

" **तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय** ।।"–તે આત્માનેજ જાણીને પુરુષ મૃત્યુને ઓળંગી જાય છે–અમરભાવને પ્રાપ્ત કરે છે. મોક્ષને માટે આત્મજ્ઞાનવિના બીજો માર્ગ નથી.–એમ શ્રીશ્રુતિભગવતી ડિંડિમનાદથી જણાવે છે. આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા થાય, છતાં મુખ્યત્વે શાસ્ત્રનિષિદ્ધ પ્રવૃત્તિને સેવતા ઇંદ્રિયો તથા અંતઃકરણજ મનુષ્યને જ્ઞાનાધિકાર પ્રાપ્ત થવા દેતાં નથી. આમ હોવાથી જિજ્ઞાસુએ તેમને સુધારવાને ઘણામાં ઘણો યત્ન કરવાની આવશ્યકતા છે: અને તેટલામાટે ઘણા ગ્રંથોમાં ઇંદ્રિયો તથા અંતઃકરણને સુધારવાના નાનાવિધ ઉપાયો અનેક પ્રકારે દર્શાવ્યા છે.

બંધુઓ ! એ પ્રમાણે ભોજન અતિ ઉત્તમ છે, અને આપ સપ્રેમ સોત્સાહ તેનું આસ્વાદન કરશો એમ હું આશા રાખું છું: તથાપિ ભગવત્સ્વરૂપ મહાપુરુષોપાસેથી પરાપૂર્વથી સંભળાતા, અને સાદામા સાદા છતા અતીવ હિતકારક બોધનું મને આ પ્રસંગે સ્મરણ થાય છે, જે આપને વિદિત કર્યા વિના મારાથી રહેવાતુ નથી, તે એ કે મિષ્ટ ને પુષ્ટિકારક ભોજન પણ વિધિપૂર્વક ભક્ષણ કરી, પચાવીને રક્તમાં મેળવી લીધા વિના શરીરાદિમાં બલાદિનો લાભ આપતું નથી–શુભ વિચારોને શ્રવણ(વાચન)મનનવડે હૃદયસ્થ કરી, તેને યથાધિકાર આચરણમાં મૂક્યા વિના કોઇ વાસ્તવિક લાભ થતો નથી. આ વાતને સંક્ષેપમા દર્શાવનારો મુખપૃષ્ઠપર મૂકેલો નીચેનો શ્લોક આપને સ્નેહપૂર્વક અર્પણ કરુ છુ.—

पाठमात्रेण ग्रंथस्य नैव लाभः प्रजायते ।
वर्तनं किंतु तद्बुद्धि सम्यग्लाभाय कल्पते ॥

અર્થ:—માત્ર ગ્રંથ વાંચવાથી લાભ થતો નથીજ, પણ તેમાં કહ્યા પ્રમાણે વર્તન રાખવાથી નિશ્ચય કરી પ્રકારે લાભ થાય છે.

છેવટ ઇચ્છું છું કે—

मच्छास्त्राब्ध्यमृतं मित्र पीत्वा पीत्वा पुनः पुनः ।
दीर्घसंसाररोगस्य हानं कृत्वा सुखी भव ॥

અર્થ:—હે જિજ્ઞાસુમિત્રો! પૂજ્યપાદ પરમકૃપાળુ સદ્ગુરુ-પરમાત્માએ સત્શાસ્ત્રરૂપી સમુદ્રને મથીને કાઢેલા આ ઉપદેશરૂપ અમૃતનું પુનઃ પુનઃ પાન કરીને અર્થાત્ આ ગ્રંથ વારવાર વાંચી-વિચારી તેનો ઉપયોગ કરીને અનાદિ કાળથી થયેલા જન્મમરણરૂપી રોગનો આત્યંતિક નાશ કરી પરમ સુખીઆ થાઓ. ઇતિ શમ્.

શ્રીકૃષ્ણજયંતી.
સં. ૧૯૮૦
આનંદાશ્રમ, બીલખા.

શ્રીસદ્ગુરુપાદપદ્મરજાંકિત
માણિક્યવર્ય.

॥ ॐ ॥

અનુક્રમણિકા.

ॐ

॥ श्रीसद्गुरुशरणापेक्षाष्टकम् ॥

शार्दूलविक्रीडितवृत्तम्.

पुंस पुण्यमपेक्षते क्रतुमयं दातुं जनेभ्यः सुखं,
वेधा विष्णुरथैकभक्तिपरतां शंभुस्तथाऽऽराधनम् ।
नैवं किञ्चिदपेक्षसे सुकरुणस्त्वं दीनबन्धुर्यत-
स्तस्मान्नाथ ददातु मेऽत्र दयया क्लीष्टाय कैवल्यशम ॥ १ ॥

अस्मल्लोकपितामहोऽप्यखिलसृट् स्वार्तप्रजापीडया,
वेधा नोद्विजते न चापि दयते सिद्धोऽपि सर्वैर्भगैः ।
यत्तद्वत्सलताकृपाप्रभृतितो भातीव रिक्तो विधि-
स्तस्मात्त्वामुपयामि नाथ करुणावात्सल्यवारां निधिम् ॥२॥

श्रीशोऽप्याश्रितवत्सलोऽपि करुणाशीलोऽपि सर्वेश्वरो,
दासानत्र दुनोति वित्तवनिताऽऽदिभ्यो वियुज्यानिशम् ।
शक्तः स्राक् फलनेऽपि कल्पतरुवत्पर्यायकैवल्यद-
स्तस्मान्नाथ गतिस्त्वमेव भव मे सद्योपवर्गाऽऽवहः ॥ ३ ॥

बाढं गाढतपोजपादिकृतिभिस्तुष्टस्य गौरीपते-
रैश्वर्यादिविहापनेऽस्तु परमौदार्यं कृपासाहसम् ।
सद्योमोक्षपदार्पणे तु भगवँस्तत्स्थाणुता ज्ञायते,
तस्मान्नाथ गतिस्त्वमेव भव मे जीवद्विमुक्तिप्रदः ॥ ४ ॥

तुष्टाऽऽद्या त्रिगुणेश्वरी स्वकलया विद्याख्यया दिव्यया,
सूते मोक्षपदं तदर्थभजतां पुंसामिहैवांजसा ।
त्वद्बोधेन्दुमपेक्षते स्वउदये राकेव विद्या नु सा.
तत्संवित्प्रभवाऽऽत्मबोधशशिनः पूर्वाचलं त्वाऽऽश्रये ॥५॥

सद्योविघ्नविनाशनो गणपतिः सर्वार्थसिद्धिप्रदो-
ऽप्यन्तर्विघ्ननिवृत्तये च परमानंदाऽऽप्तये स्वात्मनाम् ।
तत्प्रत्यग्ममनिर्मलपदं स्पृहयति श्रेयस्स्वरूपोऽपि स-
स्तस्मान्नाथ गतिस्त्वमेव भव मे प्रत्यगदृशां भास्करः ॥६॥

भास्वन्मंडलमानिदिव्यपुरुषं श्रेयोधियोपासते
यान्ति ब्रह्मपुर शरीरविगमे नीता हि ते तत्करैः ।
तत्राऽऽस्थाय चिरं व्रजन्ति विरजा ब्राह्मान्यये ब्रह्मतां.
सा काष्ठाऽत्र भवेत्तथाऽऽश्रवनॄणां यत्त्वा प्रपद्य प्रभो ॥७॥

स्नैग्ध्यौदार्यकृपाक्षमाप्रभृतयः श्रेयोगुणास्ते त्वमी,
चर्या विश्वहिता इमाश्च न दधुः पात्रादिभेदं कदा ।
ईशेभ्योऽधिकता यतो हि भवतोऽप्येकात्मता चात्मना,
मत्वेत्थं गिरिजाशिवाऽभिधशिशुस्त्वा सेवते सद्गुरो ॥८॥

श्रीनाथसद्गुरुबाल

गिरजाशंकरशर्मा.

॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक छत्रीशथी अठावन ॥

॥ अंक छत्रीशमो ॥

॥ स्वदेशयात्रा[1] ॥

સવૈયા–એકત્રીશા.

અરણ્ય[2] ભયંકર એક દીઠું ત્યાં, સિંહ[3] વાઘ વરુ હતાં અનેક,
અજગર સર્પ ઝાંઝરુ વિંછી, ગીધ કાગ ને ઘૂડ વિશેષ,
બાવળ[4] કાંકચ ખેર બોરડી, શીમળાની સાં ઠઠ જામેલ,
ઉંટકટો ગોખરુ ને કૌવચ, ખાજવણી જ્યાં ત્યાં પસરેલ. ૧

---

૧ બ્રહ્મરૂપ સ્વદેશથી સ્વસ્વરૂપના અજ્ઞાનવડે સંસારરૂપ વનમાં આવેલા અધિકારી મનુષ્યનું પુનઃ બ્રહ્મરૂપ સ્વદેશભણી ગમન. ૨ ભૂર્લોકરૂપ વન. ૩ સિંહ આદિ હિંસ્ર, ઝેરી ને માંસભક્ષક પ્રાણીઓ એ કામ આદિ દુષ્ટ મનોવિકારો જાણવા. ૪ બાવળ આદિ અપકારક વૃક્ષો, છોડો અને વેલા તે સજ્જનોના અકારણ શત્રુ દુર્જનો જાણવા.

ખાવામાટે સુઅન્ન[1] ન મળે, મધુર જલનો[2] હતો અભાવ,
ઉષ્ણવાયુ ત્યાં વાય નિરંતર, શાંતિ સુખ ભૂલાવે સાવ;[3]
મધુર વાણી ત્યાં પડે ન કાને, વિવિધ દુઃખોનો ફાવે દાવ,
જનસમૂહ કોઇ ઠગને[4] વશ થઇ, ત્યાં હતો દુઃખમાં ગરકાવ.[5] ૨
કોઈ જન અસુરરૂપ[6] દેખાતા, કોઈ મનુષ્યજેવા[7] દરશાય,
કોઇ દેવજેવા[8] દેખાતા, વિરલ ઈશજેવા[9] દેખાય;
કોઇ અસુર મટી માણસ થાતા, કદી દેવરૂપે પણ થાય,
દેવ અસુરરૂપે પણ થાતા, એમ સ્વરૂપ તેનાં બદલાય.[10] ૩

---

૧ જે ખાધાથી ક્ષુધાની નિવૃત્તિ થાય એવુ પવિત્ર અન્ન. આ કથનવડે સંસારમાં દોષરહિત અન્નની દુર્લભતા જણાવી છે. ૨ જે પીવાથી તૃષા દૂર થાય એવા પવિત્ર ને મીઠા જલનો. આ વચનવડે આ સંસારમાં નિર્દોષ ને મધુર જલની દુર્લભતા દર્શાવી છે. ૩ પૂર્ણ–ઘણે અંશે. પોતાના જીવનનો નિર્વાહ ચલાવવામાટેના પ્રયત્નરૂપ ઊનો વાયુ એ વનમાં નિરંતર વાય છે, તે ત્યાંના મનુષ્યોની શાંતિ અને શાંતિજન્ય સુખને ઘણે અંશે ભૂલાવી દે છે. ૪ પોતાના વાસ્તવિક સ્વરૂપના વિસ્મરણરૂપ અજ્ઞાનને. ૫ ડુબી ગયેલો. ૬ અંતઃકરણમાં તમોગુણના વધારાથી રાક્ષસજેવા. ૭ અંતઃકરણમાં રજોગુણના વધારાથી માણસજેવા. ૮ અંતઃકરણમાં સત્ત્વગુણના વધારાથી દેવજેવા. ૯ અંતઃકરણમાં શુદ્ધસત્ત્વગુણના સદ્ભાવથી પરમેશ્વરજેવા. ૧૦ અંતઃકરણમાંના ગુણોના બદલાવાથી માણસોનાં અંતઃકરણોનો ને શરીરોનાં વાતાવરણનો રંગ બદલાવાથી કોઈ મનુષ્યો મનુષ્યજેવા, કોઇ મનુષ્યો અસુરજેવા ને કોઇ મનુષ્યો દેવજેવા જણાયા કરતા હતા.

કોઇ અદૃશ્ય હેતુથી[૧] આવો, ફેરફાર ત્યાં નિશદિન થાય,
રંગ ફરે તેઓના તનનો, શ્યામ[૨] રક્ત વળી શ્વેત જણાય;
શ્યામ શ્વેત ને શ્વેત શ્યામ વળી, શ્યામ રક્ત વળી તે પલટાય,
શ્વેત રક્ત ને રક્ત શ્વેતરૂપ, પણ ઈશરૂપ નહિ બદલાય. ૪

શ્વેત શરીરવાળા જે જન તે, કદલિવનમાં[૩] કરતા વાસ,
રક્ત થઇ કટકવન[૪] દોડે, ઘણા દુઃખથી પામે ત્રાસ;
કાળા થઈ ખાડામાં[૫] પડતા, દેખી સહૃદય થાય ઉદાસ,
દુઃખી સ્થિતિ જ્યાં ત્યાં દેખાતી, સુખનો ક્યાંઇક થાતો ભાસ.[૬] ૫

હાહાકાર કરે તે મનુષ્યો, કોઇ કહે મારે નથી ધાન,[૭]
કોઇ વસ્ત્રવિણ દુઃખી જણાવે, કોઇ દુઃખી રે'વા નહિ સ્થાન;

---

૧ કારણથી. તે મનુષ્યોનાં અંતઃકરણોમાં રહેલા સત્ત્વાદિ ગુણોમાંથી જે ગુણ બહુ બલવાન્ થાય તે પ્રમાણે તેમનાં શરીરોનાં વાતાવરણનો રંગ બદલાય છે, પણ તે ગુણો દેખાતા નથી માટે કોઈ અદૃશ્ય કારણથી એમ કહ્યું છે. ૨ અંતઃકરણમાંના તમોગુણના વધારાથી કોઇના શરીરના વાતાવરણનો રંગ કાળો, અંતઃકરણમાંના રજોગુણના વધારાથી કોઈના શરીરના વાતાવરણનો રંગ રાતો, ને અંતઃકરણમાંના સત્ત્વગુણના વધારાથી કોઇના શરીરના વાતાવરણનો રંગ ધોળો થાય છે. મનુષ્યો અને દેવોનાં શરીરોનાં વાતાવરણના રંગો એવી રીતે બદલાય છે, પણ ઈશ્વરના શરીરના વાતાવરણનો રંગ સર્વદા એક પ્રકારનોજ રહે છે. ૩ સત્ત્વગુણથી થનારા સુખમાં. ૪ રજોગુણથી થનારા દુઃખમાં. ૫ આલસ્ય, પ્રમાદ, અવિવેક ને તદ્રા આદિને અંધારા ખાડા જાણવા. ૬ પ્રતીતિ. ૭ અન્ન.

કોઈ કહે હું સ્ત્રીવિણ દુઃખીઓ, પુત્રવિના છે ગૃહ શમશાન,[1]
કોઇ કહે વસુવિણ હું પશુ છું, કોઇ કહે હુ દુઃખી વિણમાન.[2] ૬
કોઇ પતિ સ્ત્રીથી દુઃખીઆરો, કોઇ સ્ત્રી પીડિત નિજ નાથ,
કોઈ પુત્રની પીડ પોકારી, માની દુઃખી ઘસે છે હાથ;
કોઈ સંબધિજનથી દુઃખીઆ, કોઈ દુઃખી માનીને અનાથ,
કાઇ ઉપરિના બહુ દુઃખની, રુદન કરીને કહેતા ગાથ.[3] ૭
કોઈ કહે હું અરિના ભયથી, રાતદિવસ રહું છું હેરાન,
ચોરતણા ભયથી હુ દુઃખીઓ, ભૂલી ગયો છું શુધ ને સાન,[4]
અતિદુઃખી એક હિંસ્રપશુથી[5], અન્યને નાગાદિથી દુઃખભાન,[6]
કોઈ જ્વરથી દુઃખી જણાતો, કોઈના પીડિત લાગે કાન.[7] ૮
પેટવ્યાધિ ને મસ્તકદુઃખના, મરકીના જ્યાં ત્યાં પોકાર,
સંધિવાયુ ને રક્તપિત્ત વળી, કોઢ[8] પ્લીહાથી[9] હાહાકાર.
અપસ્માર[10] અતિસાર ને યકૃત્[11], ક્ષિધરસ દમ શક્તિ હરનાર,
રસ રુધિર ને ધાતુવ્યાધિઓ, દુઃખ દેખાડે વારવાર. ૯
કોઇ પનોતીની પીડ જણાવે, કોઇ ગ્રહની[12] પીડા કથનાર,
કોઇ ભૂત વળગ્યાથી દુઃખીઆ, કોઇ પિતૃની પીડ વદનાર.

---

૧ કોઇ કહે છે કે પુત્રવિના મારુ ઘર મશાણજેવુ છે. ૨ કોઇ કહે છે કે કોઈ મારો સત્કાર કરતું નથી તેથી હુ દુઃખી છું. ૩ વાત. ૪ સમજણ. ૫ સિંહાદિ હિંસક પશુથી. ૬ દુઃખની પ્રતીતિ. ૭ કોઇના કાન દુઃખતા જણાતા હતા. ૮ ધોળો કોઢ. ૯ બરોળથી. ૧૦ હિસ્ટિરિયા—ફિફરુ. ૧૧ કાળજાનો રોગ. ૧૨ રાહુ આદિક ગ્રહની.

પોકારોજ કરે નિજ દુઃખના, શાંતિ ત્યાં ન મળે તલભાર,[૧]
દુઃખાભાવ ને સુખપ્રાપ્તિને, ઇચ્છે સૌ જે ત્યા વસનાર.[૨] ૧૦
પરણ્યાથી દુ ખ દૂર થશે ને, લેવાશે બહુ સુખમો લ્હાવ,[૩]
એમ માની બહુ લગ્નો કરતા, પણ સવળો નહિ પડતો દાવ,[૪]
ધન મેળવવા કોઇક ધસતા,[૫] માની સુખનુ સાધન સાવ,
કો પુત્રવિષે કો માનવિષે, સુખ માની કરતા બહુ ધાવ.[૬] ૧૧
દુઃખનો નાશ થતો નહિ તેથી, નિત્ય સુખની ન આશ લગાર,
તોપણ દેખાદેખી કરીને, થાતા અંતે સર્વ ખુવાર;[૭]
આ વનથી એક અન્ય વન[૮] છે, ત્યાં રહેનારા સુખી અપાર,
એમ સુણી શુભ[૯] કર્મ કરીને, ત્યાં જાવા કો થતા તૈયાર. ૧૨

---

૧ લેશ પણ. એવી રીતે આ પૃથિવીપર કોઇ મનુષ્યો આધ્યાત્મિકદુઃખોથી, કોઇ મનુષ્યો આધિભૌતિકદુઃખોથી ને કોઇ મનુષ્યો આધિદૈવિકદુઃખોથી દુઃખીઆ છે. ૨ ત્યાં રહેનાર સૌ મનુષ્યો આ ત્રણ પ્રકારનાં દુઃખોના અભાવને તથા સુખની પ્રાપ્તિને ઇચ્છે છે, પણ તેઓનો મોટો ભાગ દુઃખને દૂર કરવા તથા સુખની પ્રાપ્તિ કરવા જે ઉપાયોનું સેવન કરે છે તે ઉપાયો દુઃખને દૂર કરનારા તથા સુખને આપનારા નહિ, પણ દુઃખની વૃદ્ધિ કરનારાજ હોય છે. તે ઉપાયોનું હવે પછી વર્ણન કરવામાં આવે છે. ૩ લાભ. ૪ તેમની પૂર્વોક્ત ઇચ્છા પૂરી પડતી નહોતી. ૫ દોડતા—અત્યત આતુરતાથી પ્રવૃત્તિ કરતા. ૬ દોડ–આગ્રહપૂર્વક પ્રવૃત્તિ. ૭ પાસે હોય તે ખોઇ બેસવુ. કોઇ પણ લૌકિક ઉપાયથી દુઃખની નિવૃત્તિ ને પરમસુખની પ્રાપ્તિ થતી નહોતી, છતા મનુષ્યોનો મોટો ભાગ દેખાદેખીથી તેવા ઉપાયો કરીને પરિણામે પોતાના સર્વ સામર્થ્યને ખોઇ નિરાશ થતો હતો. ૮ અંતરિક્ષલોક. ૯ શાસ્ત્રે વિધાન કરેલાં.

તે વનમા પણ ગર્વ[1] ઇરિષ્યા, ભય આદિનું દુઃખ દેખાય,
ચિત્તવ્યાકુલતા શાંતિ ન મળે, તેથી સુખ પ્રતીત ન થાય;
પુણ્યકર્મ પૃઝ થાવાથી, પાછું આ વનમાંજ અવાય,
વળી દુઃખના બહુ પોકારો, કરતા કરતા તે અથડાય. ૧૩
પાંચ વનો[2] બીજાં પણ આવાં, ત્યાં પણ દુઃખનો નહિ અભાવ,
એ વનથી ક્રમથી ચઢિયાતાં, પણ નહિ પૂરણ સુખનો લ્હાવ;
કોઇ કર્મથી કો ચિંતનથી,[3] સ્વદેશ જાવા કરે ઠરાવ,
પણ વનનું ભટકણ નવ છૂટે, દયામણો[4] સૌ આ દેખાવ. ૧૪
આ વનના નીચાણ પ્રદેશે, બહુ દુઃખિયારા જીવના વાસ,[5]
હાહાકાર કરે દુઃખ પામે, વળી મનમાં બહુ પામે ત્રાસ;
દુઃખનો અનુભવ નિશદિન કરતા, સુખ નવ લેતા કરીને હાશ,
પોતાને ધિક્કાર આપતા, માની દીન રહેતા ઉદાસ. ૧૫
સિદ્ધાંજનવાળા[6] કો દેશી,[7] પ્રતીત થતા આ વનમોઝાર,

---

૧ અહંકાર. અંતરિક્ષલોકમાં પોતાનાથી ઊતરતી સ્થિતિવાળાને જોઇને ગર્વ, સમાન સ્થિતિવાળાને જોઇને સ્પર્ધા, ચઢતી સ્થિતિવાળાને જોઇને ઈર્ષ્યા ને શત્રુથી ભય ઉત્પન્ન થાય છે. આમ હોવાથી ત્યાંના નિવાસીઓનાં ચિત્ત પણ શાંત નથી. ૨ સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક ને સત્યલોક. ૩ ઉપાસનાથી. ૪ દયા ઉપજાવે એવો. ૫ રહેવાનાં સ્થાનો. પછીથી તે નરકમાં પડેલા દુઃખી પ્રાણીઓની સ્થિતિનું વર્ણન છે. ૬ નામ, રૂપ ને ક્રિયાનો બાધ–મિથ્યાપણાનો દૃઢ નિશ્ચય–કરી બ્રહ્મરૂપ મહાનિધિને દેખાડનારા અંજનવાળા–પારમેશ્વરીશક્તિવાળા. ૭ દેશી–સ્વદેશી–સચ્ચિદાનંદૈકરસ બ્રહ્મમાં અભેદભાવે રહેનારા.

સૂક્ષ્મમતિના પરમ કારુણિક, જ્ઞાતા[૧] શ્રોત્રિય[૨] ને ઉદાર;[૩]
સુભાગી[૪] જે જાણે તેઓને, પૃચ્છા કરતા રાખી પ્યાર,
"પ્રભો ! સ્વદેશ બતાવો અમને, અહિં અમે દુઃખયુક્ત અપાર."૧૬
શ્રદ્ધાથી પ્રણિપાત[૫] કરીને, સેવા[૬] કરતા રાખી પ્રેમ,
અવકાશે[૭] વળી પૃચ્છા કરતા, "સ્વામી ! સ્વદેશ મળશે કેમ ?
દુઃખનું નામ મળે નહિ જે સ્થલ, સર્વ પ્રકારે કુશલક્ષેમ,
કૃપા કરી ઉપાય બતાવો, ઇચ્છા પૂરી થાયે જેમ." ૧૭
"સ્વદેશ બહુજ સમીપ છતાં પણ, તે ભાસે છે અતીવ દૂર,[૮]
ભ્રાંતિડાકણ[૯] તમને વળગી, તણાઓ છો સૌ તેને પૂર;

૧ બ્રહ્મનિષ્ઠ–બ્રહ્મના સાક્ષાત્કારવાળા. ૨ ઉપનિષદાદિ સત્શાસ્ત્રને તથા સુયુક્તિઓને જાણનારા. ૩ મુમુક્ષુજનોને પોતાના જેવા કરવામાં જેમને લેશ પણ સંકોચ નથી એવા. ૪ પૂર્વજન્મના અનેક પુણ્યોનો પરિપાક થવારૂપ જેમના સારા ભાગ્યનો ઉદય થયો છે એવા. ૫ સાષ્ટાંગદંડવત્પ્રણામ. ધન, સત્તા, જાતિ ને વિદ્યાદિનું અભિમાન હવે મે મૂકી દીધુ છે, અને આપના સ્વરૂપમાંજ મારા પૃથક્ અભિમાનને વિલીન કરવાને હું ઇચ્છું છું એમ જણાવવા શ્રદ્ધાભક્તિપૂર્વક સાષ્ટાંગદંડવત્પ્રણામ કરવામાં આવે છે. ૬ આચાર્યના અંતઃકરણમાં રહેલી બ્રહ્મવિદ્યા શિષ્યને આચાર્યની પ્રીતિપૂર્વક સેવા કર્યા વિના પ્રાપ્ત થાય નહિ માટે તેઓ પ્રીતિપુરઃસર સેવા કરતા હતા. ૭ આચાર્યને નવરાશ હોય ત્યારે. આચાર્ય બ્રહ્માકારવૃત્તિમાં સ્થિત હોય ત્યારે વા પોતાના કે અન્યના પ્રારબ્ધથી કોઇ લૌકિક વા શાસ્ત્રીય કર્મમાં પ્રવૃત્ત હોય ત્યારે પ્રશ્ન પૂછવો તે અવિવેક ગણાય છે. ૮ સિદ્ધ ઉત્તર આપે છેઃ–બ્રહ્મરૂપ સ્વદેશ તમારું સ્વરૂપ હોવાથી તમારી બહુજ સમીપ છે, છતાં નીચેનાં કારણોથી તે તમને અત્યંત છેટે પ્રતીત થાય છે. ૯ અવિદ્યારૂપી ડાકણ તમને વળગી છે, ને તમ સૌ તેના દોર્યા દોરાઓ છો.

બાહ્યદૃષ્ટિ શાકિની[1] પણ વળગી, થયા કાયરો ન રહ્યા શૂર,
એ બન્નેને દૂર કરી ઝટ, શોધો સત્ય તજી ઘો કૂડ.[2] ૧૮
પડેલ દુષ્ટ સ્વભાવો[3] ત્યજશો, તો પોં'ચાશો ઝટ સ્વદેશ,
કુસ્વભાવને વશ વર્તતાં, નહિ તજાયે આ પરદેશ:[4]
ઇચ્છા હોય સ્વદેશ જવાની, ગ્રહણ કરો શુભ મમ આદેશ,[5]
ટળશે દુઃખ સ્વદેશ પોં'ચતાં, સુખરૂપજ રહેશો હમેશ. ૧૯
પાંચ પા'ડને[6] ટપશો પ્રીતે, જાશો ત્રણ[7] ખાઇની પાર,
મનની લાગણીઓ[8] સૌ ત્યજશો, સર્વ સંગને[9] કાઢી બહાર:
એકદૃષ્ટિ[10] રાખી વિચરશો, અન્ય સર્વને ગણી અસાર,
તો પોં'ચાશો સ્વદેશ સુખથી, ભય દુઃખો નહિ રહે લગાર. ૨૦
સ્વદેશની યાત્રા અતિઉત્તમ, બીજી યાત્રામાં નહિ માલ,[11]
રૂવરૂપજ ફલ[12] દે બીજી યાત્રા, આ યાત્રા તો કરે નિહાલ:[13]

---

૧ અવિદ્યારૂપી ડાકણની દાસી શાકિની એટલે અંતઃકરણની તથા ઇંદ્રિયોની શબ્દાદિ વિષયોભણી જનારી વૃત્તિ પણ તમને ખેંચે છે. ૨ મિથ્યા–આ વનરૂપ સંસાર. ૩ પડેલા કુસ્વભાવોનું અતિક્રમણ કરવુ એ હિમાલયપર્વતના અતિક્રમણના કરતાં પણ કઠિન કામ છે. ને કુસ્વભાવોનો ત્યાગ કર્યા વિના સ્વદેશરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થઇ શકતી નથી. ૪ સ્વદેશથી ભિન્ન પૃથિવી આદિ માયાના કાર્યરૂપ દેશ. ૫ હિતકારી આજ્ઞા. ૬ અન્નમયાદિ પાંચ કોશોરૂપ પાંચ પર્વતોનું પ્રીતિપૂર્વક અતિક્રમણ કરશો. ૭ જાગ્રદાદિ ત્રણ અવસ્થાઓરૂપ ત્રણ ખાઇઓ જ્યારે ઓળગી જશો. ૮ આશ્ચર્ય, ભય, રાગ ને દ્વેષાદિ મનોવિકારો. ૯ સંબંધને. આત્મા અત્યત અસંગ છે એવા વિચારવડે સર્વ સંબંધને આત્મામાંથી બહાર કાઢીને. ૧૦ સ્વદેશરૂપ બ્રહ્મભણીજ માત્ર દૃષ્ટિ. ૧૧ સાર. ૧૨ ચિત્તશુદ્ધિ આદિરૂપ થોડું ફલ. ૧૩ કૃતાર્થ.

જો યાત્રા કરવાની ઇચ્છા, કરો તૈયારી તમે સૌ હાલ,
દીર્ઘસૂત્રતા આળસ ત્યાગી, સંશયરૂપી કાઢી સાલ.[૧] ૨૧
યથાધિકાર[૨] કહું છુ તમને, ધારણ કરજો રાખી પ્રેમ,
અજ્ઞની[૩] વાત ન ધરજો કાને, જો ઇચ્છો પોતાનું ક્ષેમ;
મારગમાં ભૂલવણી[૪] બહુ છે, લોભાદિક ભૂલાવે નેમ,[૫]
પ્રમાદસાથ અધૈર્ય ત્યજ્યાવિણ, સ્વદેશમાં પોં'ચાશે કેમ ?" ૨૨
મલિન ચિત્તવાળા માણસને, સિદ્ધ[૬] કહેવા લાગ્યા આમ,
"સુજનો ! ચિત્ત સુધારો પ્રીતે, કરીને શુભ કર્મો નિષ્કામ;[૭]
પ્રમાદ[૮] આળસ[૯] ત્યજજો ખાંતે, ત્યજજો તૃષ્ણા[૧૦] રાખી હામ,
અવ્યવસ્થા[૧૧] મૂકી દ્યો પ્રેમે, દીર્ઘસૂત્રતાને[૧૨] દ્યો ડામ.[૧૩]" ૨૩

૧ શલ્ય–બહુ દુઃખ દેનારી અડચણ. ૨ તમારા અંતઃકરણના અધિકારપ્રમાણે. ૩ અજ્ઞાની મનુષ્યની. ૪ સત્યમાર્ગ છોડાવી ખોટે માર્ગે ચઢાવી દેનારી હરકતો. ૫ નિયમ. ૬ જ્ઞાતવ્યને જાણીને તથા પ્રાપ્તવ્યને પ્રાપ્ત કરીને કૃતાર્થ થયેલા પુરુષ–શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષ. ૭ હું આ કર્મનો કર્તા છું, તથા આ કર્મથી મને અમુક ફલ મળો એવી ભાવનાથી રહિત. ૮ સ્વકર્તવ્યનું વિસ્મરણ. તેનું વિશેષ વર્ણન વાચવાની ઇચ્છા થાય તો પ્રમાદસ્તવ જુઓ. ૯ શરીરના તથા મનના ભારેપણાથી વ્યવહારના તથા પરમાર્થના કામમાં અપ્રવૃત્તિ. તેનું વિશેષ વર્ણન વાંચવાની ઇચ્છા થાય તો આલસ્યસ્તવ જુઓ. ૧૦ વિષયોની બહુ ઇચ્છા. ૧૧ વ્યવહારના કામમાટે તથા જ્ઞાનપ્રાપ્તિનાં વા યોગપ્રાપ્તિનાં સાધનોમાટે સમય નિર્માણ કરી તે પ્રમાણે ન વર્તવું–વ્યવહારપરમાર્થમાં કોઈ પણ રીતની વ્યવસ્થા રાખ્યા વિના વર્તવુ. ૧૨ વ્યવહારના તથા પરમાર્થના કામને નિષ્પ્રયોજન લબાવવાનો સ્વભાવ. ૧૩ ડામ દ્યો–અત્યંત તિરસ્કારપૂર્વક દૂર કરો.

આત્તામાં વિશ્વાસ લાવીને, કર્તવ્ય કરવા થયા તૈયાર,[૧]
પકડ્યા કોઇકને પ્રમાદે, કોઇકને આળસ રુંધનાર,[૨]
અવ્યવસ્થાએ કોઇ પકડ્યા, દીર્ઘસૂત્રતા વશ કરનાર,[૩]
આમ થવાથી તે મૂર્ખોએ, શુભ યત્ન ન કર્યો લગાર.[૪] ૨૪
કનિષ્ઠ પંક્તિના મનુષ્યોનો, હતો સુયત્ન કનિષ્ઠ પ્રકાર,
ચિત્ત સુધર્યાં કાંઇક તેમનાં, મધ્યમનાં મધ્યમ પ્રકાર;
શ્રેષ્ઠ પંક્તિના મનુષ્યોએ, કર્યો સુપ્રેમે યત્ન અપાર,
ચિત્ત સુધરી ગયાં તેમનાં, સમજ્યા તેઓ સારઅસાર.[૫] ૨૫
સુધરેલા ચિત્તવાળાઓ ને, જેનાં ચિત્ત હતાં નિર્દોષ,[૬]
સિદ્ધ તેમને કહેવા લાગ્યા, મનમાં પામી બહુ સંતોષ;
" ચિત્ત સુસ્થિર કરો સૌ ખાંતે, તેથી ટળશે ચાંચલ્યદોષ,[૭]
સ્વદેશ જવાનાં સાધન મળશે, ક્રમથી પ્રાપ્ત થશે પરિતોષ.[૮]" ૨૬
કનિષ્ઠ ને મધ્યમ પંક્તિના, મનુષ્ય હતા જે તેમોઝાર,
કનિષ્ઠ મધ્યમ યત્ન કર્યાથી, ફલ પામ્યા પણ તદનુસાર;
ઉત્તમ પંક્તિના મનુષ્યોએ, પ્રયત્ન શ્રેષ્ઠ કર્યો ધરી પ્યાર,
ચિત્ત સુસ્થિર થયાં તેઓનાં, મનમાં વાધ્યું સુખ અપાર.[૯] ૨૭

---

૧ તૈયાર. ૨ રોકનાર. ૩ કોઈ મનુષ્યને દીર્ઘસૂત્રતા વશ કરનાર હતી, અર્થાત્ કોઇક મનુષ્યને દીર્ઘસૂત્રતાએ વશ કર્યા હતા. ૪ તેમણે આચાર્યના ઉપદેશનું શ્રવણ કર્યું, પણ પાપસંસ્કારના બહુપણાથી તે ઉપદેશને આચરણમાં મૂકવા લેશ પણ શુભ યત્ન તે અવિવેકીઓએ કર્યો નહિ. ૫ સારું ને નઠારું. આ વિશ્વમાં મનુષ્યનું હિતકર તથા અહિતકર શું છે તે. ૬ પાપમાં પ્રવૃત્તિ કરાવનારા સંસ્કારોથી રહિત. ૭ શબ્દાદિ વિષયોભણી ચિત્તના દોડવારૂપ દોષ. ૮ અત્યંતતૃપ્તિ. ૯ ઘણું.

ચિત્તદોષ જેમના ટળ્યા'તા,[૧] કનિષ્ઠ ને મધ્યમ પ્રકાર,
તેઓ કાંઇક સુખી થયા'તા,[૨] પણ દુઃખનો નવ પામ્યા પાર;
ચિત્તસ્થિરતાને પામ્યા'તા[૩] જે, કનિષ્ઠ ને મધ્યમ પ્રકાર,
તેઓ વિશેષ સુખી થયા'તા,[૪] હતા હજી પણ દુઃખમોઝાર.[૫] ૨૮

ચિત્તસ્થિરતાવાળાઓપ્રતિ, કીધો સિદ્ધ આ આદેશ,
"દુઃખમય અનિત્ય આ વન જાણો, સુખમય નિત્યજ ગણો સ્વદેશ;[૬]
આ વનમાં પ્રીતિ નવ રાખો, સ્વદેશપ્રીતિ ધરો વિશેષ,[૭]
અતિદૃઢ શ્રદ્ધા મનમાં રાખી, કરતા રે'જો યત્ન હમેશ. ૨૯

સુખદુઃખાદિ સરખાં[૮] ગણજો, મનને કરજો બહુ ઉપરામ,
સ્વદેશ જવાની ઉત્કટ[૯] ઇચ્છા, નિત્ય વધારો રાખી હામ,
લેશ ન કરો સશયવિપર્યય,[૧૦] થવુ હોય જો પૂરણકામ,[૧૧]

---

૧ ટળ્યા હતા–દૂર થયા હતા. ૨ થયા હતા. ૩ પામ્યા હતા. ૪ થયા હતા. ૫ વિક્ષેપદોષ દૂર થવાથી અન્ય જનોથી તેઓ વધારે સુખી થયા હતા, પણ તેમનો આવરણદોષ દૂર ન થવાથી હજી તેઓ દુઃખમાં હતા, પરમાનંદને પ્રાપ્ત થયા નહોતા. ૬ બ્રહ્મરૂપ પોતાનો દેશ. ૭ આ સસારમાં આરૂઢ રાગ ન રાખો, પણ બ્રહ્મમાં બહુ પ્રેમ રાખો. ૮ સુખદુઃખાદિ દ્વંદ્વોને સરખાં ગણવારૂપ તિતિક્ષા સંપાદન કરજો. ૯ તીવ્ર. બ્રહ્મરૂપ મોક્ષને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા–મુમુક્ષુતા. ૧૦ સર્વ શાસ્ત્રો સાક્ષાત્ વા પરપરાવડે બ્રહ્મનો ઉપદેશ કરે છે તેમાં, તથા શાસ્ત્રે ઉપદેશ કરેલ આત્મા આદિના સ્વરૂપમાં થોડો પણ સંદેહ ન કરો; અને દેહાદિમાં હુંપણાની બુદ્ધિરૂપ તથા જગત્માં સત્ય-પણાની બુદ્ધિરૂપ વિપર્યય પણ ન રાખો. ૧૧ જેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઈ છે એવા.

પછી અંજન[1] હું આંજીશ તમને, ત્યારે પોંચી જશો નિજધામ.[2]" ૩૦
કોક[3] વિવેક વધારી શક્યા નહિ, કોક ન થઇ શક્યા વીતરાગ,[4]
કોકે મનને વશ નવ કરિયું, કોકે ઇંદ્રિયો ન કરી હાથ;
કોકે શ્રદ્ધા સુદૃઢ કરી નહિ, સમાધાનમાં કોક ઉદાસ,
કોક મેળવી શક્યા ન ઉપરતિ,[5] તિતિક્ષામાં[6] કોઇક પછાત. ૩૧
કોક તીવ્ર મુમુક્ષુ થયા નહિ, તેથી થયો ન ઇચ્છિત લાભ,
વિનાધિકારે કામ ન થાયે, નથી નવી એ જગમાં વાત;
સાવધાનતા ધૈર્ય રાખીને, કર્તવ્ય કરે પમાયે પાર,
પ્રમાદી ધૈર્યરહિત જે જન તે, ભટકે બહુ આ વનમોઝાર. ૩૨
પ્રાપ્તવ્ય[7] મારે શું આ વનમાં, જ્ઞાતવ્ય[8] મારે શું છે ખાસ.
તદનુસાર કર્તવ્ય શું મારું, એ વાતોનો કરું તપાસ;
થતાં નક્કી ઉદ્દેશ જીવનનો, રાજી થઇશ મટીને ઉદાસ,
આમ વિચારી યત્ન કરે જે, તેને છૂટે વનનો ત્રાસ. ૩૩
નાનામોટા ચોકીદારો,[9] બહુ રે'છે આ વનમોઝાર,
અયોગ્યને[10] તે પકડી રાખે, આગળ વધવા દે ન લગાર;

---

૧ પછી હું તમને અંજન આંજીશ–પછી તમારા પવિત્ર, એકાગ્ર ને વેદાંતના સંસ્કારવાળા અંતઃકરણમાં હું મારી પારમેશ્વરીશક્તિનો પાત કરીશ. ૨ બ્રહ્મરૂપ પોતાના સ્થાનમાં. ૩ કોઇક મનુષ્ય. ૪ રાગરહિત–વૈરાગ્યવાળા. ૫ સકામકર્મમાં તથા શબ્દાદિ વિષયોમાં સ્વાભાવિક ઉદાસીનતા. ૬ ભૂખતરસાદિ દ્વંદ્વોને સરખાં ગણવામાં. ૭ પ્રાપ્ત કરવાયોગ્ય. ૮ જાણવાયોગ્ય. ૯ ચોકી કરનારા. નાનામોટા–આળસ આદિ ઉતરતી પદવીના ને કામ આદિ ચઢતી પદવીના. ૧૦ જેમણે પોતાની ઇંદ્રિયોને તથા અંતઃકરણને **શ્રીસદ્‌ગુરુની** આજ્ઞાને અનુસરીને યોગ્ય કર્યા નથી એવાને.

શુદ્ધભાવવાળો ને શૂરો, દૃઢ મનવાળો પામે પાર,
કાયર ઠગ[૧] ને દુર્બુદ્ધિના, ટળે નહિ દુ:ખના પોકાર.[૨]　　　૩૪
ગુરુવચનમાં શ્રદ્ધાભક્તિ, કર્તવ્યથી[૩] પ્રિય નહિ પ્રાણ,
મનમાથી અન્ય કાઢી નાંખી, એક ગુરુની મનાવે આણ.[૪]
સ્વદેશ જવાની લગની[૫] મનમાં, મૂકી અન્ય સૌ ખેંચાતાણ,
તેજ સુખે સ્વદેશે પોંચે, અન્યનાં બારે[૬] બૂડે વહાણ　　　૩૫
રૂપ સ્વદેશનુ સમજાવી,[૭] દૃઢ[૮] કરાવ્યું તેમની પાસ,
અહોનિશ ધ્યાન[૯] ધરાવ્યુ તેનું, વનથી રાખી બહુ ઉદાસ,
ધ્યાનતણા પરિપાકે સિદ્ધ, આંજ્યુ સિદ્ધાંજન[૧૦] સુખરાશ,
દિવ્ય[૧૧] ચિત્ત થયાં તે જનનાં, વનનો શમી ગયો પ્રતિભાસ.[૧૨]　　　૩૬
અતિ આશ્ચર્ય ઉપજ્યુ મનમાં, દુ:ખ થયાં સૌ વનનાં દૂર,
વનને ઠામે સ્વદેશ ભાસ્યો,[૧૩] પ્રકટ્યુ પરમાનંદનું પૂર,

---

૧ કપટી. ૨ જે પોતાના સદ્ગુરુની પરમ પાવન આજ્ઞાને અનુસરી પોતાના અંત:કરણના દોષોને દૂર કરી કર્તવ્યનુ પરિપાલન ન કરે તેના દુ:ખના પોકારો દૂર થતા નથી, અર્થાત્ તે પોતાના વ્યવહારનાં દુ:ખોનાં રોદણાં ને પારમાર્થિક કોઇ પણ સાધન સિદ્ધ ન થયાનાં રોદણાં જેની તેની આગળ રોયા કરે છે. ૩ **શ્રીસદ્ગુરુ**એ ઉપદેશ કરેલા કર્તવ્યથી પોતાના પ્રાણને પણ પ્રિય ગણતો નથી, અર્થાત્ તે કર્તવ્યનુ પાલન કરવામાં પોતાના પ્રાણનો વિયોગ થાય તોપણ તેની દરકાર કરતો નથી. ૪ આજ્ઞા. મનમાંથી અન્ય એટલે રાગદ્વેષાદિ વિકારો કાઢી નાંખીને, અર્થાત્ તેમને અત્યંત બલહીન કરી નાંખીને એક ગુરુની આજ્ઞાજ મન આદિપાસે મનાવે છે. ૫ બહુ પ્રીતિ. ૬ બારામાં. ૭ શ્રવણ કરાવીને. ૮ મનન કરાવ્યું. ૯ નિદિધ્યાસન. ૧૦ સુખના સમૂહરૂપ પોતાની પારમેશ્વરીશક્તિનો પાત કર્યો. ૧૧ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાને સમર્થ. ૧૨ પ્રતીતિ–દેખાવ. ૧૩ દેખાયો–અનુભવમાં આવ્યો. પોતાના શરીરનો ને જગત્નો બાધ થઈ સર્વત્ર બ્રહ્મની પ્રતીતિ થઈ.

સજાતીયભેદની[૧] મટી પ્રતીતિ, વિજાતીયભેદ[૨] થયો ત્યાં ચૂર,
સ્વગતભેદનું[૩] ભાન નહિ ત્યાં, એકરસ ત્યાં દર્શે છે નૂર.[૪] ૩૭
દેશપરિચ્છેદ[૫] દર્શ[૬] ન દેતો, સમયવિભાગતણું[૭] નહિ નામ,
વસ્તુપરિચ્છેદ–પ્રતીતિ[૮] ન ત્યાં, વ્યાપક કાલરહિત તે ધામ;
એકજ આત્મા સૌમાં વિલસ્યો, તેથી ભિન્ન કલ્પિત તમામ,
ભેદ ન સ્વદેશસ્વદેશીનો,[૯] અભેદમાં પામ્યા આરામ. ૩૮
ત્રણ[૧૦] શરીર વા પાંચ[૧૧] કોશનું, ન મળે ત્યાં કાંઇ નામ નિશાન,

૧ એકજ જાતિમા રહેલો ભેદ સજાતીયભેદ કહેવાય છે, જેમ એકજ બ્રાહ્મણજાતિમાં રહેલો ઔદીચ્ય તથા શ્રીમાળી આદિનો ભેદ. બ્રહ્મ એકજ અદ્વિતીય હોવાથી તેમાં સજાતીયભેદ નથી. ૨ એક જાતિવાળાનો બીજી જાતિવાળાથી જે ભેદ તે વિજાતીયભેદ કહેવાય છે, જેમ બ્રાહ્મણનો ક્ષાત્રયાદથી ભેદ છે. બ્રહ્મ એક ને અદ્વિતીય હોવાથી તેમાં વિજાતીયભદ પણ નથી. માયા ને માયાનાં કાર્યો કલ્પિત હોવાથી તે વિજાતીયભેદ ઉપજાવી શકે નાહ. ૩ અવયવોનો પરસ્પરમાં વા અવયવાનો અવયવીથી ભેદ તે સ્વગતભેદ કહેવાય છે, જેમ ડાળ આદિનો પાંદડાં આદિથી ભદ, વા ડાળ પાંદડાં ને ફલાદિનો વૃક્ષથી ભેદ છે. બ્રહ્મ નિરવયવ હોવાથી તેમાં સ્વગતભેદ પણ સંભવતો નથી. ૪ પ્રકાશ–ચતન્યસ્વભાવ. ૫ દેશવડે થતો વિભાગ. એક દેશમાં રહેનારી વસ્તુ વ્યાપક ન હોવાથી તેનો દેશવડે વિભાગ થાય છે, પણ બ્રહ્મ સર્વવ્યાપક હોવાથી તેમાં દેશપરિચ્છેદ નથી. ૬ દેખાવ. ૭ કાલપરિચ્છેદનું.બ્રહ્મ ત્રણે કાલમાં રહેનાર હોવાથી તેમાં કાલપરિચ્છેદનું નામ પણ નથી. ૮ વસ્તુપરિચ્છેદનું ભાન. બ્રહ્મ સર્વ પ્રાણિપદાર્થનો આત્મા (વાસ્તવિક સ્વરૂપ) હોવાથી તેમાં એક વસ્તુનો અન્ય વસ્તુથી થનારો વિભાગ પણ જણાતો નથી. ૯ સ્વદેશ એટલે બ્રહ્મ, અને સ્વદેશી એટલે તેમાં અભેદભાવે રહેનારો આત્મા. અંતરાત્માનો બ્રહ્મથી સર્વદા અભેદ છે આ વાત વેદાંતશાસ્ત્રના પરિચયવાળાને અજ્ઞાત નથી. ૧૦ સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ આ ત્રણ શરીરનાં નામ છે. ૧૧ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ને આનંદમય આ પાંચ કોશોનાં નામ છે.

જાગ્રત્ સ્વપ્ન સુષુપ્તિ ન મળે, ત્રિવિધ[૧] તાપનું નહિ ત્યાં ભાન;
હુંમારું[૨] સભળાય નહિ ત્યાં, તુષ્ણીંભાવરૂપ[૩] તે સ્થાન,[૪]
પહોંચે નહિ ફરાયજ પાછું, એવું રોધક સ્થાન અમાન.[૫] ૩૯

સગાંસબંધિ કોઇ મળે નહિ, પરિચારક[૬] પણ ન મળે પાસ,
વાહન ભોજન જલ પણ ન મળે, વસ્ત્ર ઘરેણાંની શી આશ?
રહેવામાટે મહાલય ન મળે, સૂવામાટે પલગ ન પાટ,
ઓશીકાં ગોદડાં ગાદલાં, ઓછાડતણો ત્યાં ન મળે ઠાઠ. ૪૦

સ્ત્રીપુરુષનો ભેદ નહિ ત્યાં, ભોક્તા ભોગ્ય પ્રતીત[૭] ન થાય,
પરાધીનતા નહિ ત્યાં કોને, ઇચ્છા સર્વ વિરામી જાય;
દુઃખ નહિ ત્યાં શમન ચહે કુણ? સુખ પ્રાપ્ત ત્યાં શીદ ઉપાય?
સ્વદેશનું રૂપ વાણીથી પર, માત્ર અનુભવે તે સમજાય.[૮] ૪૧

---

૧ આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક આ ત્રણ પ્રકારના તાપનાં એટલે દુઃખનાં નામ છે. તાવ આદિ રોગોથી સ્થૂલશરીરને જે પીડા થાય તે તથા ભૂખતરષથી ને કામક્રોધાદિકથી જે પ્રાણને તથા મનને પીડા થાય તે આધ્યાત્મિકદુઃખ કહેવાય છે, સિંહાદિ પ્રાણીઓથી જે પીડા થાય તે આધિભૌતિક દુઃખ કહેવાય છે, ને દેવોની ઇચ્છાથી જે પીડા થાય તે આધિદૈવિકદુઃખ કહેવાય છે. ૨ હું તથા મારું. દેહાદિ જડપદાર્થમાં હું એવી બુદ્ધિ; તથા દેહાદિના સંબંધી પ્રાણિપદાર્થમાં મારુ એવી બુદ્ધિ ત્યાં સભળાતી નથી, અર્થાત્ તે ત્યાં નથી. ૩ માનભાવરૂપ–જ્યાં કોઇ પણ સમયમાં કોઈ પણ પ્રકારની ક્રિયા થતી નથી એવું અત્યંત અક્રિય. ૪ બ્રહ્મરૂપ સ્થલ. ૫ જેનું દેશવડે તથા કાલવડે માપ ન થઈ શકે એવું–અમાપ. બ્રહ્મરૂપ સ્થાન એવું રોકી રાખનારુ ને માપરહિત છે કે ત્યાં પહોંચનારાથી પાછું ફરી શકાતું નથી. બ્રહ્મને જાણનારા બ્રહ્મજ થાય છે તેથી તે પુનર્જન્મ પામતા નથી એવો ભાવ છે. ૬ સેવા કરનાર–ચાકર. ૭ એકજ અદ્વિતીય તત્ત્વમાં વ્યવહારમાં ઇચ્છવાયોગ્ય ગણાતા કોઇ પણ ભેદ જણાતા નથી. રાગી મનુષ્યોને સ્વદેશરૂપ એ ધામ કોઇ પણ રીતે રુચે એવું નથી. ૮ આ બ્રહ્મરૂપ સ્વદેશનું સ્વરૂપ વાણીથી અન્યને

કાલ[1] કર્મ[2] માયા[3] ત્યાં ન મળે, સત્ ચિત્ આનંદ વ્યાપક દેશ,
કાર્યકરણસંઘાત[4] નહિ ત્યાં, ભેદતણો ત્યાં ન મળે લેશ;
કહેવું સાંભળવું ત્યાં ક્યાં છે? ક્યાં છે? હારજિતનો ક્લેશ,[5]
સાને સમજી લેશે શાણા,[6] જે પામ્યા ગુરુથી ઉપદેશ. ૪૨

સ્વદેશમાં પહોંચ્યા જે જન તે, લાગ્યા કાઢવા આ ઉદ્‌ગાર,[7]
"ધન્ય અમે સૌ ધન્ય અમે સૌ, પામ્યા સર્વ દુઃખોનો પાર.
બાહ્યાભ્યંતર[8] બ્રહ્મ અનુભવી, થયા અમે સૌ સુખી અપાર,
જ્ઞાતવ્ય જાણી લીધું પૂરું, મળી ગયું પ્રાપ્તવ્યજ સુખસાર. ૪૩

કાંઇ કર્તવ્ય રહ્યું નહિ અમને, પામી ગયું અજ્ઞાન વિનાશ,
પૂર્ણ તૃપ્તિ આ મનમાં પ્રકટી, કોઈ વિષયની ન રહી આશ;
અચરજરૂપ શ્રીગુરુ અમારા, અચરજરૂપ બોધ સુખરાશ,
ભ્રાંતિ વનની દૂર થઇ સૌ, પામ્યા સ્વદેશ જે અવિનાશ." ૪૪

જો પરદેશરૂપી અટવિમાં,[9] તમને અતિશય દુઃખ જણાય,
સ્વદેશયાત્રાની અતિ ઇચ્છા, પ્રકટ તમારા મનમાં થાય;
શ્રદ્ધા પ્રેમ સદાગ્રહથી તો, આગળ વધવા કરો ઉપાય,
પહોંચો નહિ સ્વદેશે જ્યાંલગી, ત્યાંલગી ગાફલ ન રહો જરાય. ૪૫

સમજાવી શકાય એવું નથી. જેને અનુભવ થાય તેજ માત્ર પોતાના અનુભવથી તેને સમજી શકે છે.

૧ ક્ષણની પરંપરારૂપ કલ્પિત સમય. જેના ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણ વિભાગ કહેવાય છે. ૨ શુભ, અશુભ અને મિશ્ર એવા ત્રણ પ્રકારનાં કર્મ. ૩ જે જેવું નથી તેમાં તેવી બુદ્ધિ–અવિદ્યા. ૪ સ્થૂલશરીર તથા સૂક્ષ્મશરીર. ૫ હારવાથી ખેદ થાય એ તો પ્રસિદ્ધ છે, પરંતુ જિતવાથી પણ મનના સમભાવને દૂર કરનારો ગર્વરૂપ ક્લેશ થાય છે. એકજ તત્ત્વમાં હારજિત ક્યાંથી સંભવે? ૬ વિવેકી. ૭ અંતઃકરણના ઊભરા. ૮ બહાર તથા અંદર. ૯ વનમાં.

ॐ

॥ अंक साडत्रीशमो ॥

॥ महावाक्यविचार ॥

જીવબ્રહ્મના અભેદનો બોધ કરનાર વેદનાં વચનો **મહાવાક્ય** કહેવાય છે, અને જીવના સ્વરૂપનું તથા બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરનાર વેદનાં વચનો **અવાંતરવાક્ય** કહેવાય છે. "**वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः**" (વાળના અગ્રના સોમા ભાગનો કલ્પેલો સોમો ભાગ તે જીવ છે એમ જાણવુ) ઇત્યાદિ જીવના સ્વરૂપનુ નિરૂપણ કરનાર તથા "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**" (સત્ય, જ્ઞાન ને અનંતરૂપ બ્રહ્મ છે) ઇત્યાદિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરનાર અવાંતરવાક્યો છે. સંહિતા, બ્રાહ્મણ ને ઉપનિષત્ મળીને વેદ કહેવાય છે. ચાર વેદનાં ચાર મહાવાક્યો છે. "**प्रज्ञानं ब्रह्म**[1]" (જીવ બ્રહ્મ છે) એ **ઋગ્વેદની ઐતરેયઉપનિષદ્**નુ મહાવાક્ય છે, "**अहं ब्रह्मास्मि**" (હું બ્રહ્મ છું) એ **શુક્લયજુર્વેદની બૃહદારણ્યકઉપનિષદ્**નુ મહાવાક્ય છે, "**तत्त्वमसि**" (તે બ્રહ્મ તુ છે) એ **સામવેદની છાંદોગ્યઉપનિષદ્**નું મહાવાક્ય છે,

---

૧ કોઈ કોઈ ગ્રંથમાં આ મહાવાક્યનું નિરૂપણ કરતાં "**प्रज्ञानमानंदं ब्रह्म**" (પ્રજ્ઞાન ને આનંદરૂપ જે જીવ તે બ્રહ્મ છે) એવું આ મહાવાક્યનું પાઠાંતર સ્વીકારેલુ જોવામાં આવે છે, પણ મૂલમાં (ઐતરેયોપનિષદ્માં) એવુ પાઠાંતર સ્વીકાર્યુ નથી.

અને " **अयमात्मा ब्रह्म** " (આ આત્મા બ્રહ્મ છે) એ **અથર્વવેદની માંડૂક્યોપનિષદ્‌નું મહાવાક્ય** છે. આ ચાર મહાવાક્યો વેદના સંહિતા-ભાગમાં નથી, પણ પ્રથમનાં ત્રણ બ્રાહ્મણભાગમાં ને ચોથું ઉપનિ-ષદ્‌ભાગમાં છે તેથી તે વેદનાં મહાવાક્યો નથી એમ કોઇ કહે તો તેના ઉત્તરમા કહેવાનું કે માત્ર સંહિતાભાગજ વેદ નથી, કિંતુ બ્રાહ્મણ-ભાગ તથા ઉપનિષદો પણ વેદજ છે. સંહિતાભાગ જેટલો પ્રમાણ-ભૂત છે તેટલોજ પ્રમાણભૂત બ્રાહ્મણભાગ તથા ઉપનિષદ્‌ભાગ પણ આસ્તિકોને છે. સંહિતાભાગનું પ્રામાણિકપણે વિવેચન કરનારા સંહિતા-ભાગનુ વિવેચન કરતા બ્રાહ્મણાદિનો આશ્રય લઇનેજ વિવેચન કરે છે, પણ મનસ્વીપણે વિવેચન કરતા નથી. આસ્તિકોને મતે સર્વ વેદો અધિકારીઓના અધિકારાનુસાર તેમના કલ્યાણમાટે કર્મ, ઉપાસના ને જ્ઞાનનુ નિરૂપણ કરે છે. તેમાં વેદોનો ઉપનિષદ્ ભાગ ઉત્તમ અધિ-કારીઓમાટે બ્રહ્મસ્વરૂપનુ નિરૂપણ કરે છે. ઉપરનાં ચારે મહાવાક્યો પરમતત્ત્વનુ જ્ઞાન સંપાદન કરવા ઇચ્છનાર અધિકારીને જીવઇશ્વરના વાસ્તવિકસ્વરૂપના અભેદનો બોધ કરે છે. જે અધિકારીનું ચિત્ત નિર્મલ, એકાગ્ર તથા વેદાંતના સસ્કારવાળુ છે, તથા જે પદને અને પદના અર્થને જાણવાના સામર્થ્યવાળો છે તેવા અધિકારી શ્રોતાના નિર્દોષ શ્રોત્રની સાથે શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષે પોતાની પારમેશ્વરીશક્તિના પાતની ઇચ્છાપૂર્વક બોધનિમિત્ત ઉચ્ચારેલા મહાવાક્યનો સબધ થતાં તે શ્રોતાના ચિત્તમા પ્રત્યગભિન્ન બ્રહ્મનો—અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનો —સાક્ષાત્કાર થાય છે. જે પુરુષનું ચિત્ત પાપસસ્કારોના બહુપણાથી મલિન હોય છે, બાહ્યવિષયોની તૃષ્ણાથી ચચલ હોય છે, ને વેદાંતના શ્રવણને અભાવે વેદાંતના સસ્કારવિનાનું હોય છે, તથા જેઓ પદને તથા પદના અર્થને જાણતા નથી તેવા અનધિકારી પુરુષના નિર્દોષ શ્રોત્રની

સાથે શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષે બોધનિમિત્તે ઉચ્ચારેલા મહાવાક્યનો સંયોગ થયા છતાં પણ તે અનધિકારીને બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી. ઉપદેષ્ટા શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ ન હોય તોપણ પૂર્વોક્ત લક્ષણવાળા અધિકારીને તેમણે ઉપદેશ કરેલા મહાવાક્યથી બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી.

લૌકિક તથા શાસ્ત્રીય નિત્યનૈમિત્તિકકર્મ નિષ્કામબુદ્ધિવડે કરવાથી મનુષ્યના અંતઃકરણમાંના પાપસંસ્કારો દૂર થઇ તેના અંતઃકરણની શુદ્ધિ થાય છે. અંતઃકરણ જ્યાંસુધી પાપસંસ્કારોના બહુપણાથી અશુદ્ધ હોય ત્યાંસુધી તે પરમાત્મામાં એકાગ્ર થઈ શકતુ નથી માટે જેમના ચિત્તમાં પાપસંસ્કારોનુ બહુપણુ હોય તેમણે કર્તાપણાનુ અભિમાન તથા ફલની ઇચ્છાનો ત્યાગ કરી પોતાનુ કર્તવ્ય સમજી લૌકિક તથા શાસ્ત્રીય નિત્યનૈમિત્તિકકર્મ વિધિવત્ કરવાં જોઇએ.

જેમનુ ચિત્ત પૂર્વજન્મના શુભકર્મોથી પવિત્ર હોય વા જેમણે વર્તમાનજન્મમાં ઉપર કહેલી રીતે નિષ્કામબુદ્ધિથી વિધિપૂર્વક લૌકિક ને શાસ્ત્રીય નિત્યનૈમિત્તિકકર્મ કરીને પોતાના ચિત્તને શુદ્ધ કર્યુ હોય તેમણે સગુણબ્રહ્મની ઉપાસનાવડે પોતાના ચિત્તને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેમ પવનવડે ડોલ્યા કરતા જલમાં જોનારાના મુખનું પ્રતિબિંબ સ્પષ્ટ પ્રતીત થઇ શકતુ નથી તેમ વિષયવાસનાવડે નાનાપ્રકારના વિષયોનું ચિંતન કરનારા ચચલ મનમાં આત્મસ્વરૂપનું વા બ્રહ્મસ્વરૂપનુ સ્પષ્ટ ભાન થઈ શકતુ નથી. શ્રીગુરુએ ઉપદેશ કરેલી રીતે જ્યારે સગુણબ્રહ્મની ઉપાસના આદરપૂર્વક યોગ્ય સમયસુધી કરવામાં આવે છે ત્યારે ચિત્તની ચચલતા દૂર થઈ તે એકાગ્ર થાય છે.

પવિત્ર તથા એકાગ્ર ચિત્તમાં વાસ્તવિક મુમુક્ષુતા ઉપજે છે.

વાસ્તવિક મુમુક્ષુતા ઉપજવાથી તે મનુષ્ય સત્પુરુષોના સમાગમથી ને શાસ્ત્રવિચારથી વિવેક, વૈરાગ્ય ને શમાદિ છ સંપત્તિની પ્રાપ્તિ કરે છે બ્રહ્મ નિત્ય છે, ને માયા તથા માયાનાં કાર્યો અનિત્ય છે આમ સંશયરહિત સમજવુ તે વિવેક કહેવાય છે. બ્રહ્મલોકસુધીના વિષયોમા આદરબુદ્ધિ ન રહે એવી અંતઃકરણની સ્થિતિ તે વૈરાગ્ય કહેવાય છે. શમ દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ ને તિતિક્ષા આ છ સંપત્તિ કહેવાય છે. સંપત્તિવિના એટલે દ્રવ્યવિના જેમ મનુષ્યને વ્યવહારના ઇચ્છિત પદાર્થો મળી શકતા નથી તેમ મુમુક્ષુને આ શમાદિ છ સંપત્તિવિના પણ બ્રહ્મના અપરોક્ષજ્ઞાનરૂપ પદાર્થ પ્રાપ્ત થઈ શકતો નથી મનને સ્વાધીન વર્તાવવાનુ બલ તે **શમ**, ઇંદ્રિયોને વશ વર્તાવવાનુ બલ તે **દમ**. સદ્‌ગુરુના ને સત્શાસ્ત્રના વચનમાં પ્રામાણિકપણાનો નિશ્ચય વા બ્રહ્મજ્ઞાન મારા પરમપુરુષાર્થનુ સાધન છે એવી સમજ તે **શ્રદ્ધા**. પરમાનંદરૂપ બ્રહ્મમા મન તથા ઇંદ્રિયોને વિક્ષેપરહિત શાંત રાખવાનુ બલ તે **સમાધાન**. સકામકર્મમા ઉદાસીનપણુ વા વિષયોપ્રતિ ઉપેક્ષાબુદ્ધિ તે **ઉપરતિ**, ને જ્ઞાનના શ્રવણાદિ સાધનોના પ્રસંગમા ટાઢતડકા ભુખતરસ ને માનઅપમાનને સહન કરવાનુ મન આદિનુ સામર્થ્ય તે **તિતિક્ષા** કહેવાય છે.

વિવેકાદિ સાધનવાળા મનુષ્યને બ્રહ્મનું સ્વરૂપ, જીવનુ સ્વરૂપ મોક્ષનુ સ્વરૂપ, મોક્ષના સાક્ષાત્ તથા પરંપરાવડે સાધનનુ સ્વરૂપ ને જગતનુ વાસ્તવિક સ્વરૂપ જાણવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થયેલી હોય છે તે ઇચ્છાને પરિતૃપ્ત કરવા તે વિધિવત્ વેદાંતનુ શ્રવણ કરવામા પ્રવૃત્ત થાય છે. વેદાંતનું શ્રવણ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષની પાસેથી કરવુ જોઇએ. જેઓ શ્રોત્રિય નથી, અર્થાત્ સત્શાસ્ત્ર ને સુયુક્તિઓને જાણનારા નથી, તથા બ્રહ્મનિષ્ઠ નથી, અર્થાત્ બ્રહ્મનો સંશયવિપર્યય-

રહિત અપરોક્ષ અનુભવ જેમને થયો નથી તેવા પુરુષની પાસેથી કરેલું શ્રવણ શ્રોતાને વાસ્તવિક ઉપકારક થતુ નથી. એકલા શ્રોત્રિય પુરુષ બ્રહ્માનુભવવિનાના હોવાથી જિજ્ઞાસુને વાસ્તવિક બ્રહ્માનુભવ કરાવનારાં સાધનોમાં પ્રવૃત્તિ કરાવી શકતા નથી, ને એકલા બ્રહ્મનિષ્ઠ પુરુષ બ્રહ્માનુભવવાળા છતાં પણ સતશાસ્ત્ર ને સુયુક્તિઓને નહિ જાણનારા હોવાથી જિજ્ઞાસુઓને પ્રમાણ તથા યુક્તિઓથી બ્રહ્મનો નિશ્ચય કરાવી શકતા નથી માટેજ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષની પાસેથી તેમને વિધિવત્ સદ્ગુરુ માની વેદાંતનુ શ્રવણ કરવાનુ કહ્યું છે. શ્રવણ બે પ્રકારનુ છે, અંગિરૂપ તથા અંગરૂપ. વિવેકાદિ સાધન પ્રાપ્ત કરી શ્રદ્ધા-ભક્તિપૂર્વક પૂર્વોક્ત લક્ષણવાળા શ્રીસદ્ગુરુનું વિધિવત્ શરણ ગ્રહણ કરી તેમની પાસેથી "**तत्त्वमसि**" આદિ મહાવાક્યોનું અર્થસહિત તથા વિવેચનસહિત શ્રવણ કરવુ તે **અંગિશ્રવણ** કહેવાય છે, અને ઉપનિષદો અદ્વૈતનું પ્રતિપાદન કરે છે કે દ્વૈતનુ પ્રતિપાદન કરે છે એવો જે પ્રમાણરૂપ ઉપનિષદોમાં સંશય હોય તે દૂર કરવામાટે ઉપનિષદોનુ તાત્પર્યનો નિર્ણય કરાવનારાં છ લિંગોસહિત શ્રવણ કરવું તે **અંગરૂપ** શ્રવણ કહેવાય છે. અંગિશ્રવણ થયા છતાં જેમના મનમાંથી પ્રમાણગત અસંભાવના એટલે ઉપર કહેલો સંશય દૂર ન થાય તેમણે અંગરૂપ શ્રવણ પણ કરવુ જોઇએ. શ્રવણ કર્યા છતા જેમને બ્રહ્માદિના સ્વરૂપમાં સંશય રહે તેમણે મનન પણ કરવું જોઇએ, અને શ્રવણમનન કર્યા છતાં જેમને દેહાદિમાં આત્માની ને જગત્મા સત્યતાની બુદ્ધિ રહે તેમણે નિદિધ્યાસન પણ કરવુ જોઇએ.

"**प्रज्ञानं ब्रह्म**" આ મહાવાક્યમાંના **प्रज्ञानं**નો અર્થ જ્ઞાન-સ્વભાવવાળો જીવ એવો થાય છે. "**विज्ञानं यज्ञं तनुते**" (જીવ યજ્ઞ કરે છે) એ શ્રુતિમાં જેમ વિજ્ઞાનનો અર્થ બુદ્ધિરૂપ ઉપાધિવાળો

જીવ થાય છે તેમ આ મહાવાક્યમાં પ્રજ્ઞાનનો અર્થ સમજવો. જીવમા ત્રણ અંશ છે, બુદ્ધિએ રોકેલુ ચેતન, બુદ્ધિ ને બુદ્ધિમા પડેલો ચેતનનો આભાસ. જીવનુ વાસ્તવિક સ્વરૂપ બુદ્ધિએ રોકેલુ એટલે બુદ્ધિ જેટલા ચેતનમા કલ્પાઇ છે તેટલું ચેતન છે. બુદ્ધિ, બુદ્ધિના અલ્પજ્ઞપણુ આદિ ધર્મો ને બુદ્ધિમાં પડેલો ચેતનનો આભાસ એ ત્રણે તેના વાસ્તવિક સ્વરૂપ નથી. એવી રીતે જીવમાથી બુદ્ધિ, બુદ્ધિના સર્વ ધર્મો ને બુદ્ધિની સ્વચ્છતાથી તેમા પડેલો ચેતનનો આભાસ એમને દૂર કરતા બાકી બુદ્ધિના અધિષ્ઠાનરૂપ જે ચેતન રહ્યું તે ચેતનની સત્તાથીજ મન સંકલ્પવિકલ્પ કરી શકે છે, બુદ્ધિ નિશ્ચય કરી શકે છે, ચિત્ત ચિંતન—સ્મરણ—કરી શકે છે, ને અહંકાર અભિમાન કરી શકે છે. શ્રોત્રને શબ્દનુ જ્ઞાન, ત્વચાને સ્પર્શનુ જ્ઞાન, નેત્રને રૂપનુ જ્ઞાન, જીભને રસનુ જ્ઞાન અને નાકને ગંધનુ જ્ઞાન પણ તે ચેતનની સત્તાથીજ થાય છે. વાણી બોલવાની, હાથ લેવાદેવાની, પગ ચાલવાની ઉપસ્થ મૂત્રાદિના ત્યાગની ને પાયુ મલના ત્યાગની ક્રિયા પણ તે ચેતનની સત્તાથીજ કરી શકે છે. એવી રીતે આત્મા અથવા ચેતન મનના મનરૂપે, બુદ્ધિની બુદ્ધિરૂપે, ચિત્તના ચિત્તરૂપે, અહંકારના અહંકારરૂપે, શ્રોત્રના શ્રોત્રરૂપે, ત્વચાની ત્વચારૂપે, નેત્રના નેત્રરૂપે, જીભની જીભરૂપે, નાકના નાકરૂપે, વાણીની વાણીરૂપે, હાથના હાથરૂપે, પગના પગરૂપે, ઉપસ્થના ઉપસ્થરૂપે ને પાયુના પાયુરૂપે છે, અર્થાત્ તે સર્વને સત્તાસ્ફૂર્તિ આપનાર ચેતનજ છે. એવી રીતે સર્વ પ્રાણીઓનાં અંતઃકરણોને તથા બાહ્યકરણોને ચેતનજ સત્તાસ્ફૂર્તિ આપે છે. બ્રહ્માથી માડીને થુમડાપર્યંત વ્યાપીને એ ચેતન રહ્યું છે **બ્રહ્મ**નો અર્થ ઈશ્વર થાય છે. માયાએ રોકેલુ ચેતન, માયા ને માયામા પડેલો ચેતનનો આભાસ એ ત્રણ મળીને ઈશ્વર કહેવાય છે. ઈશ્વરમાં

જે ચેતન છે તે સત્ય છે. માયા, સર્વજ્ઞપણુ ઇત્યાદિ માયાના ધર્મો ને માયામાં પડેલો ચેતનનો આભાસ એ કલ્પિત છે. "**प्रज्ञानं ब्रह्म**" આ મહાવાક્યનો અર્થ જીવ ઇશ્વર છે એવો થાય છે. જીવનો જીવભાવ અને ઇશ્વરનો ઈશ્વરભાવ જ્યાસુધી વિદ્યમાન રહે, અર્થાત્ જીવમા જ્યાંસુધી બુદ્ધિ ને બુદ્ધિના ધર્મો તથા આભાસ રહે અને ઈશ્વરમાં જ્યાસુધી માયા ને માયાના ધર્મો તથા આભાસ રહે ત્યાંસુધી જીવઇશ્વરનું એકપણુ સંભવી શકે નહિ, અને અતીદ્રિય વસ્તુના સ્વરૂપનો બોધ કરનાર શ્રુતિનુ કહેવુ મિથ્યા હોય નહિ તેથી જીવમાં રહેલ બુદ્ધિ અને અલ્પજ્ઞપણું, અલ્પશક્તિવાળાપણુ, પરિચ્છિન્નપણુ ને પરતંત્રપણું આદિ બુદ્ધિના ધર્મો તથા આભાસ જીવમાંથી દૂર કરવાં, અને ઈશ્વરમાં રહેલ માયા અને સર્વજ્ઞપણું, સર્વશક્તિવાળાપણુ, વિભુપણુ ને સ્વતત્રપણુ આદિ માયાના ધર્મો તથા આભાસ ઈશ્વરમાંથી દૂર કરવાં. એવી રીતે જીવના તથા ઈશ્વરના ઉપાધિરૂપ બુદ્ધિનો તથા માયાનો અને તેમના ધર્મોનો તથા આભાસનો ત્યાગ કરવાથી બનેમાં જે ચેતનભાગ અવશેષ રહે છે તે ચેતનનો અભેદ છે. એવી રીતે સર્વ જીવોમા જે ચેતનભાગ છે તેનો ઈશ્વરમાં જે ચેતનભાગ છે તેની સાથે અભેદ સિદ્ધ થયો.

"**अहं ब्रह्मास्मि**" આ મહાવાક્યમાંના **अहं**પદનો અર્થ હું એટલે જીવ થાય છે, **ब्रह्म**પદનો અર્થ ઈશ્વર થાય છે, ને **अस्मि**પદનો અર્થ છુ થાય છે. હુ (જીવ) ઈશ્વર છુ એવો આ આખા મહાવાક્યનો અર્થ થાય છે. આગળ કહ્યા પ્રમાણે જીવ અને ઈશ્વરના ધર્મો એકબીજાથી વિપરીત હોવાથી તે બને પ્રકારના ધર્મો તેમનામા વિદ્યમાન રહે ત્યાંસુધી તેમનો અભેદ સંભવી શકે નહિ, અને શ્રુતિનુ કહેવું મિથ્યા હોય નહિ તેથી તે બંનેમા જે વિરુદ્ધ અંશ છે તેમનો

ત્યાગ કરવાથી તેમનો અભેદ સંભવી શકે છે, અર્થાત્ જીવમાં જે બુદ્ધિ ને તેના ધર્મો તથા આભાસ છે તેમનો ને ઇશ્વરમાં જે માયા ને માયાના ધર્મો તથા આભાસ છે તેમનો ત્યાગ કરવાથી બનેમાં જે સચ્ચિદાનંદરૂપ ચેતન છે તેનો અભેદ સંભવી શકે છે. વિશેષ સ્પષ્ટતાથી કહીએ તો સ્થૂલશરીર તથા તેના ધર્મો, સુક્ષ્મશરીર તથા તેના ધર્મો અર્થાત્ પાંચ કર્મેંદ્રિયો તથા તેમના ધર્મો, પાંચ જ્ઞાનેંદ્રિયો તથા તેમના ધર્મો, પાંચ પ્રાણો તથા તેમના ધર્મો, ચાર અંતઃકરણો તથા તેમના ધર્મો, અને કારણશરીર વા અવિદ્યાનો અંશ ને તેના ધર્મો એ સર્વનો જીવમાંથી ત્યાગ કરતાં તે સર્વના અધિષ્ઠાનરૂપ જે શુદ્ધચેતન રહે છે તે ચેતનનો સમષ્ટિસ્થૂલપ્રપંચ, સમષ્ટિસૂક્ષ્મપ્રપંચ ને માયા જે ક્રમથી ઇશ્વરના સ્થૂલશરીરરૂપ, સૂક્ષ્મશરીરરૂપ ને કારણશરીરરૂપ કહેવાય છે તેમનો ઇશ્વરમાંથી ત્યાગ કરતાં તેમના અધિષ્ઠાનરૂપ જે શુદ્ધચેતન રહે છે તેની સાથે સર્વથા અભેદ છે એવો આ મહાવાક્યનો તાત્પર્યાર્થ કહી શકાય.

"**तत्त्वमसि**" આ મહાવાક્યમાંના **तत्**પદનો અર્થ તે–જગતનું કારણ–એટલે ઈશ્વર થાય છે, **त्वम्**પદનો અર્થ તું એટલે જીવ થાય છે, ને **असि**પદનો અર્થ છે થાય છે. આ આખા મહાવાક્યનો અર્થ ઇશ્વર જીવ છે એવો થાય છે, પણ આગળ કહેલા કારણથી તે સંભવી શકે નહિ, ને શ્રુતિનું કહેવું અસત્ય પણ હોય નહિ તેથી આ મહાવાક્યનો અર્થ કરવામાં પણ વિરોધવાળા અંશનો ત્યાગ કરવો પડે છે. ઇશ્વરમાં જે માયા ને માયાના ધર્મો તથા આભાસ છે તેમનો અને જીવમાં જે બુદ્ધિ ને બુદ્ધિના ધર્મો તથા આભાસ છે તેમનો ત્યાગ કરવાથી બંનેમાં બાકી રહેલો ભાગ જે શુદ્ધચેતન છે તે બંને શુદ્ધ ચેતનનો અભેદ સંભવી શકે છે. જગતની ઉત્પત્તિની

પૂર્વે જે અદ્વિતીય ચેતન હતું તે ચેતનમાંજ ઈશ્વરની તથા સર્વ જીવોની કલ્પના સૃષ્ટિકાલમાં થાય છે માટે ઈશ્વર તથા સર્વ જીવો વસ્તુતાએ અદ્વિતીય ચેતનરૂપજ છે એવો આ મહાવાક્યનો ઉપદેશ છે.

"**अयमात्मा ब्रह्म**" આ મહાવાક્યમાં જે **अयं**પદ છે તેનો અર્થ આ થાય છે, **आत्मा**પદનો અર્થ જીવ થાય છે, અને **ब्रह्म**પદનો અર્થ ઈશ્વર થાય છે. આ આખા મહાવાક્યનો અર્થ આ જીવ ઈશ્વર છે એવો થાય છે. જીવના અને ઈશ્વરના ધર્મો એકબીજાથી વિરુદ્ધ હોવાથી તે બનેનો અભેદ સભવી શકે નહિ, અને વેદવાક્ય સત્યજ હોય તેથી જીવમાં જે બુદ્ધિ તથા બુદ્ધિના ધર્મો ને આભાસ છે તેમનો અને ઈશ્વરમાં જે માયા તથા માયાના ધર્મો ને આભાસ છે તેમનો ત્યાગ કરી દેવો જોઇએ. આમ કરવાથી જીવમાં અને ઈશ્વરમાં જે ચેતનભાગ બાકી રહે છે તેમનો વાસ્તવિક અભેદ સિદ્ધ થઇ શકે છે. કૂટસ્થમાં વા આત્મામાં અવિદ્યાના અંશનો વા કારણશરીરથી માંડીને સ્થૂલશરીરપર્યતનો જે આરોપ થયો છે તેનો અપવાદ કરવાથી અને માયાની વ્યાપકતાજેટલા ચેતનમાં જે માયાનો, સમષ્ટિસૂક્ષ્મપ્રપચનો ને સમષ્ટિસ્થૂલપ્રપચનો આરોપ થયો છે તેનો અપવાદ કરવાથી એ બને ચેતનનું એકપણુંજ છે એવો આ મહાવાક્યનો ગૂઢાર્થ છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે ચારે મહાવાકયોમાં આત્માનું તથા બ્રહ્મનુ એકપણું ઉપદેશ્યું છે. આત્મા વા બ્રહ્મ વસ્તુતાએ પ્રત્યક્ષાદિ કોઇ પણ પ્રમાણનો વિષય ન હોવાથી તે અપ્રમેય ગણાય છે. સ્થૂલસૂક્ષ્મશરીરના અધિષ્ઠાનરૂપ જે ચેતન તે ચેતન આત્મા વા કૂટસ્થ ગણાય છે, અને અધિકારીના સ્થૂલશરીરથી ભિન્ન બીજા પ્રાણિપદાર્થના અધિષ્ઠાનરૂપ જે ચેતન તે ચેતન બ્રહ્મ ગણાય છે. આત્મા વા બ્રહ્મ અત્યંત સૂક્ષ્મ હોવાથી નેત્રાદિ કોઇ પણ ઇંદ્રિયથી તેમનું ગ્રહણ થઇ

શકતુ નથી. એ બંને હેતુરહિત હોવાથી અનુમાનપ્રમાણથી પણ તેમનું જ્ઞાન થઇ શકતુ નથી. જાતિ, ગુણ, ક્રિયા ને સંબંધવાળી વસ્તુનો બોધ શબ્દપ્રમાણથી થઇ શકે, પણ આત્મા વા બ્રહ્મ એકજ હોવાથી જાતિરહિત, નિર્ગુણ હોવાથી ગુણરહિત, અક્રિય હોવાથી ક્રિયારહિત અને અસંગ હોવાથી સંબંધરહિત છે તેથી તેમનુ જ્ઞાન શબ્દપ્રમાણથી પણ થઇ શકે નહિ. સાદૃશ્યના અભાવથી તેમનુ જ્ઞાન ઉપમાનપ્રમાણથી પણ થઇ શકતુ નથી. સર્વ પ્રકારના સંબધથી રહિત હોવાથી તેમનુ જ્ઞાન અર્થાપત્તિપ્રમાણથી પણ થઇ શકતુ નથી. વળી એ ભાવરૂપ છે, અભાવરૂપ નથી તેથી તેમનુ જ્ઞાન અનુપલબ્ધિપ્રમાણથી પણ થઈ શકતું નથી. એવી રીતે આત્મા વા બ્રહ્મ પ્રત્યક્ષાદિ ૭ પ્રમાણમાંના કોઇ પણ પ્રમાણનો વિષય નથી. આત્મા વા બ્રહ્મ જો કોઇ પણ પ્રમાણનો વિષય નજ હોય તો તેમનું જ્ઞાન મુમુક્ષુને શી રીતે થઈ શકે ? નજ થઇ શકે, અને "**आत्मा वा अरे द्रष्टव्यः**" (અરે મૈત્રેયિ ! આત્માજ સાક્ષાત્કાર કરવાયોગ્ય છે) ઇત્યાદિ શ્રુતિઓમા અને "**बुद्धिग्राह्यमतींद्रियम्**" (બુદ્ધિવડે ગ્રહણ કરવાયોગ્ય ને ઇંદ્રિયોવડે ગ્રહણ ન થઇ શકે એવુ આત્મતત્ત્વ છે) ઇત્યાદિ સ્મૃતિઓમા આત્માનુ જ્ઞાન અંતઃકરણથી થઇ શકવાનુ જણાવ્યુ છે તેથી એમ સમજાય છે કે આત્મા વા બ્રહ્મ કોઇ પણ પ્રમાણનો વિષય હોવા જાઇએ. વળી "**तं त्वौपनिषदं पुरुषं पृच्छामि**" (હે શાકલ્ય ! હુ તને ઉપનિષદ્‌વડે જાણવામાં આવનો પુરુષ–આત્મા–પૂછુ છુ) એ શ્રુતિમાં આત્માને ઉપનિષદ્‌રૂપ શબ્દપ્રમાણથી જાણવામાં આવનાર કહ્યો છે તેથી સિદ્ધ થાય છે કે આત્મા વા બ્રહ્મ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ ને અનુપલબ્ધિપ્રમાણનો વિષય નથી, પણ શબ્દપ્રમાણથી તે જાણવામા આવે છે.

આવી શંકા પ્રાપ્ત થતાં તેના સમાધાનમાં કહેવાનું કે મંદ અને મધ્યમ પ્રકારના જિજ્ઞાસુઓ જો આત્મા વા બ્રહ્મ કોઇ પણ પ્રમાણનો વિષય નથી એમ જાણે તો તેમનું મન તેમનું જ્ઞાન સંપાદન કરવાના પ્રયત્નમાં ઉત્સાહહીન થઇ જાય, તેમ નહિ થવા દેવામાટે અર્થાત્ તેમના મનને ઉત્સાહયુક્ત રાખવામાટે આત્માનુ વા બ્રહ્મનુ પરોક્ષજ્ઞાન વા અદૃઢજ્ઞાન સંપાદન કરવામાં શબ્દપ્રમાણ ઉપયોગી છે એમ જણાવ્યુ છે. ઉત્તમ જિજ્ઞાસુઓ તો સમજે છે કે આત્મા (બ્રહ્મ) પ્રમાતા, પ્રમાણ તથા પ્રમેય એ ત્રિપુટીનો પ્રકાશક હોવાથી શબ્દપ્રમાણ જે તેનાવડે પ્રકાશ્ય છે તેનો ને પ્રકાશ્ય થઇ શકે નહિ. જો શબ્દપ્રમાણનો આત્મા (બ્રહ્મ) વિષય થતો હોય તો શબ્દપ્રમાણજ પ્રકાશક થવાથી તે આત્મા વા બ્રહ્મ ઠરે. કેટલાક વેદાંતાચાર્યોના અભિપ્રાયપ્રમાણે વિવેકાદિસાધનસંપન્ન મુમુક્ષુને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ પુરુષે કરેલા મહાવાકયના ઉપદેશના શ્રવણથી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. બ્રહ્મનો સાક્ષાત્કાર થયા છતાં પણ જો તેમના ચિત્તમાં સંશય ને વિપર્યયરૂપ બુદ્ધિના દોષ રહ્યા હોય તો તેમણે ઉપનિષદાદિ વેદાંતના ગ્રંથનું શ્રવણ, મનન તથા આત્માનું વા બ્રહ્મનુ નિદિધ્યાસન કરવું. શ્રવણમનનવડે સંશયદોષ દૂર થાય છે, ને નિદિધ્યાસવડે વિપર્યયદોષ દૂર થાય છે. તેમના અભિપ્રાયપ્રમાણે જ્ઞાનોત્પત્તિમાં મહાવાક્યરૂપ શબ્દ કરણ છે, ને વિવેકાદિ સાધનવાળુ મન સહકારી કારણ છે.

વેદાંતના બીજા આચાર્યોનો એવો અભિપ્રાય છે કે વિવેકાદિ સાધનસંપન્ન મુમુક્ષુ મનુષ્યને શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષ મહાવાકયનો ઉપદેશ કરે તેથીજ તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી, પણ તે મહાવાકયનો વિચાર કરવાથી તે મુમુક્ષુને તત્ત્વજ્ઞાન થાય છે. આ આચાર્યોને મતે વિવેકાદિ સાધનવાળુ, આચાર્યની ભક્તિવાળુ ને

વેદાંતના સંસ્કારવાળુ મન તત્ત્વજ્ઞાનનુ કરણ છે, ને મહાવાક્યરૂપ શબ્દ એ તત્ત્વજ્ઞાનનુ સહકારી કારણ છે.

જેમ ઘટાકાશનો અને ગૃહાકાશનો માત્ર ઘટરૂપ ને ગૃહરૂપ ઉપાધિથીજ ભેદ છે, વસ્તુતાએ તે બને મહાકાશરૂપ હોવાથી તેમનો વાસ્તવિક ભેદ નથી તેમ જીવનો અને ઈશ્વરનો માત્ર બુદ્ધિરૂપ ને માયારૂપ ઉપાધિથીજ ભેદ છે, વસ્તુતાએ તે બને બ્રહ્મરૂપ હોવાથી તેમનો વાસ્તવિક ભેદ નથી.

પૂર્વપક્ષ:—મહાવાક્યોમાં જીવના તથા ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપનો અભેદ કહ્યો છે તે અભેદ પ્રત્યક્ષપ્રમાણથી વિરુદ્ધ હોવાથી મિથ્યા છે. વ્યવહારમાં આપણે જે પ્રાણિપદાર્થના ભેદો જોઇએ છીએ તે જેમ સત્ય છે, મિથ્યા નથી તેમ જીવનો તથા ઈશ્વરનો ભેદ પણ સત્ય છે, મિથ્યા નથી. **સમાધાન:**—આ પૂર્વપક્ષ યોગ્ય નથી. આ સંસારમાં જે અસંખ્ય ભેદો પ્રતીત થાય છે તે સાચા છે એમ શાસ્ત્ર કહે તો તેમાં શાસ્ત્રનુ શાસ્ત્રપણુ રહેતુ નથી. અરણ્યમાં પશુ આદિની સાથે પોતાના જીવનનો મોટો ભાગ વ્યતીત કરનારા મૂર્ખ મનુષ્યો પણ કોઇના ઉપદેશવિનાજ ભેદની સત્યતા જાણે છે. એવી રીતે ભેદનું જ્ઞાન લોકોને ઉપદેશવિનાજ સારી રીતે જ્ઞાત છે, જો તેજ ભેદજ્ઞાનનો શાસ્ત્ર ઉપદેશ કરે તો તેમાં તેણે નવુ શું શીખવ્યુ? જો બાહ્યદૃષ્ટિથી પ્રતીત થતા ભેદમાં વાસ્તવિક અભેદ રહ્યો છે એમ પ્રમાણ ને યુક્તિથી શાસ્ત્ર ઉપદેશ કરે તોજ શાસ્ત્રનો ઉપદેશ અપૂર્વ ગણાય. ચંદ્ર, સૂર્ય ને તારાગણોનાં મડલો આપણી દૃષ્ટિથી નાના જણાય છે, પણ ખગોલશાસ્ત્રથી આપણે જાણીએ છીએ કે તેમના મડલો દેખાય છે તેથી ઘણાંજ મોટા છે. ખદ્યોત અગ્નિજેવો જણાય છે, છતાં અગ્નિ જેમ કાષ્ઠાદિ પદાર્થોને બાળે છે તેમ તે કાષ્ઠાદિ

પદાર્થોને બાળતો નથી. એવી રીતે પ્રત્યક્ષપ્રમાણથી થયેલુ જ્ઞાન શાસ્ત્રથી ને અનુભવથી બાધ પામતુ જોવામાં આવે છે. હવે પ્રત્યક્ષપ્રમાણથી પ્રતીત થતા ભેદોનુ અભેદમાં કેવી રીતે પર્યવસાન થાય છે તે યુક્તિથી સિદ્ધ કરવામાં આવે છે. વ્યક્તિવ્યક્તિમાં જે ભેદ જોવામા આવે છે તે ભેદોનો તે વ્યક્તિના વર્ગમાં ઉપસંહાર કરવામા આવે છે. જેમ પ્રત્યેક બ્રાહ્મણનો જે પરસ્પર ભેદ છે તે ભેદની નિવૃત્તિ બ્રાહ્મણવર્ગમા કરવામાં આવે છે. આમ વર્ગ કરવાથી વિશ્વમાં વ્યક્તિઓના અસખ્યપણાથી ઘણા ભેદો પ્રતીત થતા હતા તે દૂર થઇ તે વ્યક્તિઓના વર્ગરૂપ થોડા ભેદ પ્રતીત થાય છે. પછી તે વર્ગોનો તેના મુખ્યવર્ગમાં ઉપસહાર કરવામા આવે છે. જેમ બ્રાહ્મણવર્ગનો, ક્ષત્રિયવર્ગનો વૈશ્યવર્ગનો ને શૂદ્રાદિવર્ગનો મનુષ્યવર્ગમાં ઉપસહાર કરવામા આવે છે. આમ કરવાથી પૂર્વના કરતાં થોડા ભેદો રહ્યા. આ વર્ગોના ભેદનો પણ તેનાથી ચઢીઆતા તેના મુખ્યવર્ગમાં ઉપસંહાર કરવામા આવે છે, જેમ મનુષ્ય, પશુ, પક્ષી, તિર્યક્, જલચર ને ઉદ્‌ભિજ્જનામના વર્ગનો પ્રાણિવર્ગમા ઉપસંહાર કરવામાં આવે છે. હવે એ પ્રાણિવર્ગ તથા બીજો જડવર્ગ રહ્યો તેનો નૈયાયિકો જેને પરજાતિ અને વેદાતીઓ જેને **अस्ति** (છે) એમ કહે છે તેમાં ઉપસહાર કરવામા આવે છે. એવી રીતે વધ્યાપુત્રાદિથી ભિન્ન સર્વ અસ્તિત્વવાળી વસ્તુઓનો છે એવા સ્વરૂપવાળુ જે એક અદ્વિતીય બ્રહ્મ તેમાં ઉપસહાર કરી શકાય છે, અર્થાત્ પ્રતીત થતા સર્વ ભેદોનો એક બ્રહ્મમાં પૂર્વોક્તરીતે અભેદ કરી શકાય છે. ઈશ્વરનો તથા જીવનો ભેદ, ઈશ્વરનો તથા જડનો ભેદ, જીવજીવનો પરસ્પર ભેદ જીવનો તથા જડનો ભેદ ને જડજડનો પરસ્પર ભેદ આ પાચ પ્રકારના ભેદો પણ એકજ બ્રહ્મમાં માયા, અજ્ઞાન તથા નામરૂપ નિરાભાસ એ કલ્પિત ઉપાધિએ કરેલા

હોવાથી સાચા નથી, પણ મિથ્યાજ છે. આવી રીતે ઇંદ્રિયોવડે અનુભવાતા ભેદમાં પણ અભેદ સભવી શકે છે.

જીવનો તથા ઈશ્વરનો ભેદ સત્ય છે, બનેના ભિન્ન ભિન્ન ધર્મો હોવાથી, જે ભિન્ન ભિન્ન ધર્મોવાળા પદાર્થો હોય છે તેમનો ભેદ સત્ય હોય છે, જેમ ઘડા તથા લગડુ, આ અનુમાનપ્રમાણથી જીવનો તથા ઈશ્વરનો ભેદ સત્ય છે એમ કોઈ પૂર્વપક્ષ કરે તો તેનું સમાધાન આ પ્રમાણે છે —તમે અનુમાનપ્રમાણથી જે જીવનો તથા ઈશ્વરનો ભેદ સિદ્ધ કર્યો તે વ્યાવહારિકભેદ અમે પણ સ્વીકારીએ છીએ, માત્ર તેમનો પારમાર્થિક વા વાસ્તવિક ભેદ અમે સ્વીકારતા નથી. જેમ ભીતપરના ચિત્રામા આળખેલા ઘડાનો તથા વસ્ત્રનો કથનમાત્ર ભેદ છે, પણ વાસ્તવિક ભેદ નથી, બને ભીતરૂપજ છે તેમ જીવ તથા ઈશ્વર વ્યવહારકાલે ભિન્ન પ્રતીત થાય છે, છતા તે બને બ્રહ્મરૂપજ છે. અનુમાનપ્રમાણથી પણ તે બનેનો અભેદ સિદ્ધ કરી શકાય છે, તે આવી રીતે —જીવનો તથા ઈશ્વરનો ભેદ કલ્પિત છે, વ્યષ્ટિઅવિદ્યારૂપ વા અંતઃકરણરૂપ ઉપાધિએ તથા માયારૂપ ઉપાધિએ કરેલો હોવાથી, જે ભેદ ઉપાધિએ કરેલો હોય છે તે કલ્પિત હોય છે, જેમ મહાકાશમા ઘટ તથા ગૃહે કરેલો ઘટાકાશરૂપ તથા ગૃહાકાશરૂપ ભેદ.

પૂર્વપક્ષઃ—ઘણા શ્રુતિવચનો, ઘણા સ્મૃતિવચનો ને ઘણા પુરાણવચનો જીવનો તથા ઈશ્વરનો ભેદ જણાવે છે માટે જીવનો તથા ઈશ્વરનો ભેદ સત્ય છે, અને તેમનો અભેદ મિથ્યા છે. **સમાધાન**— જેમ ઘણાં શ્રુતિવચનો, સ્મૃતિવચનો ને પુરાણવચનો જીવના તથા ઈશ્વરના ભેદને કહે છે તેમ ઘણા શ્રુતિવચનો, સ્મૃતિવચનો ને પુરાણવચનો તેમના અભેદને પણ ઢઢરવે કહે છે. આમ શ્રુતિ આદિનાં બને પ્રકારનાં વચનો છે, ત્યાં ભેદ તો લોકપ્રસિદ્ધ છે તેથી તે બનેનો

ભેદ કહેનારાં શ્રુતિ આદિનાં વચનો લોકાનુભવના અનુવાદરૂપ હોવાથી અપૂર્વરૂપ નથી, ને તે બનેનો અભેદ જણાવનારાં વચનો અભેદ લોકમાં પ્રસિદ્ધ ન હોવાથી અપૂર્વરૂપ છે. કર્મ કરનાર પુરુષ કર્મફલ આપનાર ઈશ્વરને પોતાનાથી ભિન્ન માને તોજ કર્મ કરી શકે, તથા ભક્તિ કરનાર ભક્ત વા ધ્યાન કરનાર યોગી ભક્તપર વા યોગીપર અનુગ્રહ કરનારા ઈશ્વર પોતાનાથી પૃથક્ છે એમ માને તોજ ભક્ત ભક્તિ વા યોગી યોગ કરી શકે, તેથી કર્મના અધિકારીઓને તથા ભક્તિના વા યોગના અધિકારીઓને જ્યાસુધી તેઓ જ્ઞાનના અધિકારી ન થાય ત્યાસુધી તેઓ જીવનો અને ઈશ્વરનો ભેદ માને તેમાં તેમને લાભ છે, પણ હાનિ નથી. આવા હેતુથીજ કેટલાંક શ્રુતિવચનો, કેટલાક સ્મૃતિવચનો ને કેટલાક પુરાણવચનો જીવનો તથા ઈશ્વરનો વ્યાવહારિક ભેદ કહે છે. જીવ, ઈશ્વર ને માયા એ ત્રણે પૃથક્ પૃથક્ ધર્મવાળા પદાર્થો હોવાથી તે એક શી રીતે હોઈ શકે એમ શંકા થાય તો તેના સમાધાનમા જણાવવાનુ કે વ્યવહારકાલે તે ત્રણેમા ભેદ પ્રતીત થાય છે, પણ પરમાર્થકાલે તે ત્રણેમાં ભેદ પ્રતીત થતો નથી, પણ મલ વસ્તુ જે બ્રહ્મ તે રૂપજ તે ત્રણે થઈ જાય છે. જેમ પાચ ભૂતો પૃથક્ પૃથક્ ધર્મવાળાં છતા માયામાં તેમનો અભેદ થાય છે તેમ જીવ, ઈશ્વર ને માયા એ ત્રણ પૃથક્ પૃથક્ ધર્મવાળા પદાર્થો છતાં પણ તેમનો બ્રહ્મમાં અભેદ થાય છે. આ વાત શાસ્ત્ર-વચનોથી, યુક્તિથી ને તત્ત્વજ્ઞ પુરુષોના અનુભવથી સિદ્ધ થતી હોવાથી તેમાં વિવેકીએ શંકા રાખવી ઉચિત નથી.

જીવનુ તથા ઈશ્વરનુ એકપણુ સ્વીકારી જીવો જો પોતાને બ્રહ્મ માનવા લાગશે તો પછી તેઓ પોતાના પ્રાપ્તવ્યવહારમાં આળસુ, પ્રમાદી ને કર્તવ્યનિષ્ઠાહીન થઈ જશે, તથા તેમની નીતિ પણ શિથિલ

થઈ જશે એવી શકાને પણ અવકાશ નથી, કેમકે જેમણે પોતાના હૃદયને નિષ્કામકર્મોના અનુષ્ઠાનથી પવિત્ર કર્યુ છે, જેમણે ઈશ્વરના સ્મરણધ્યાનાદિવડે પોતાના ચિત્તને એકાગ્ર કર્યુ છે, તથા જેમણે વિવેકવૈરાગ્યાદિ શુભસાધનો સપાદન કર્યા છે એવા વેદાંતના શ્રવણના વા વેદાંતવિચારના યોગ્ય અધિકારીઓ જીવઈશ્વરના અભેદના વિચારથી આળસુ, પ્રમાદી ને કર્તવ્યનિષ્ઠાહીન તથા નીતિનુ ઉલ્લઘન કરનારા થશે એમ કહેવુ એ સમજુ ધનાઢ્ય ધધાના અભાવથી ઊકરડાપરનાં મલિન ચિથરા વીણવા નીકળશે તે વચનના જેવુ સાચ્યુ છે. જેઓ અતિસ્વાર્થી, નિત્યકર્મમા પ્રથમથીજ અનાદરવાળા, ઈશ્વરનુ સ્મરણધ્યાન નહિ કરનારા ને વિવેકાદિ સાધનરહિત હોય છે તેવા અર્થાત્ વેદાતનો બકવાદ કરવારૂપ સનિપાતદોષવાળા અનધિકારીઓ વેદાતનો ખોટો ઉપયોગ કરી આળસ ઇત્યાદિ દોષોને વશ થાય તેમાં જીવબ્રહ્મના અભેદનો ઉપદેશ કરનાર વા સર્વ પ્રાણિપદાર્થનું બ્રહ્મસ્વરૂપ જણાવનાર પરમોપકારક વેદાંતનો દોષ નથી, પણ જલને ડોળી કમલને બગાડી નાખનાર તળાવમાં દોડતા પાડાના જેવા વેદાતના અનધિકારી દુર્જન પુરુષોનોજ દોષ છે. સર્વત્ર પોતાનુ વાસ્તવિક સ્વરૂપ જે બ્રહ્મ તેજ વિલસી રહ્યુ છે એમ સમજનાર પુરુષ પોતાના શરીરાદિને કલ્પિત ધારે તેથી કા તો પૂર્વે પડેલા શુભકર્મપરાયણ રહેવાના સ્વભાવને તેઓ નિરભિમાનપણે અનુસરે. વા તેમના નિવૃત્તિવાળા પ્રારબ્ધકર્મનો ઉદય થયો હોય તો તેઓ પ્રધાનપણે બ્રહ્મધ્યાનપરાયણ રહે. એવી સમજવાળા મહાપુરુષ પ્રમાદી પણ ન થાય, કેમકે પોતાની પ્રામસ્થિતિપ્રમાણે પોતાનુ શુ કર્તવ્ય છે તે તેમના અંત કરણમા સત્ત્વગુણની વૃદ્ધિ થયેલી હોવાથી તેઓ સારી રીતે સમજે છે. તેઓ કા તો નિરભિમાનપણે પોતાના

કર્તવ્યનું અનુષ્ઠાન યથાસામર્થ્ય કર્યા કરે છે, વા તેમના નિવૃત્તિપ્રધાન પ્રારબ્ધકર્મનો ઉદય થયો હોય છે તો તેઓ બ્રહ્મધ્યાનમા નિમગ્ન રહ્યા કરે છે. લૌકિક ને શાસ્ત્રીય નીતિના સૂક્ષ્મવિવેકવાળા તથા ઉત્તમ મનોબલવાળા પુરુષો સ્વેચ્છાચારે વર્તી લૌકિક વા શાસ્ત્રીય નીતિનુ ઉલ્લઘન કરે એ વાત પણ સાચી માની શકાય એવી નથી. આ વાત સાચી છે કે વર્તમાનમાં પોતાને વેદાંતી માનનારાઓનો ઘણો ભાગ પૂર્વસમયની પેઠે યથાવિધિ વેદાંતનો અભ્યાસ કરનારો નથી, પણ માત્ર વેદાતનું શ્રવણ કરી કે વાચન કરી વાતોમાં આનંદ માનનારો છે તેથી તેમનામા પૂર્વે કહેલા દોષો જોવામાં આવે છે. પણ તેમા વેદાંતના ઉપદેશનો વાંક નથી, પણ અનધિકારીઓના મદ-પ્રારબ્ધકર્મનો વા તેમના પુરુષપ્રયત્નના અભાવનોજ વાક છે.

અભેદવાદી પુરુષ જો સોપાધિકપ્રારબ્ધવાળો હોય તો તે રાજર્ષિ જનક ને રાજર્ષિ અજાતશત્રુ આદિની પેઠે વ્યવહાર ઉત્તમ પ્રકારનો સાધી શકે, માટે અભેદવાદીઓનો વ્યવહાર બગડે છે એમ કહેવુ એ પણ સાહસમાત્ર છે. ગ્રામવ્યવહારનુ, નીતિનુ, વર્ણાશ્રમના સામાન્ય-વિશેષ ધર્મનુ ને ઈશ્વરારાધનનુ યથાયોગ્ય અનુષ્ઠાન નહિ કરવા દેનાર આળસ ને પ્રમાદ જે તમોગુણના પરિણામરૂપ છે તે તથા સ્વાર્થ જે રજોગુણના પરિણામરૂપ છે તે છે. જીવનો તથા ઈશ્વરનો અભેદ વિચારવાના વાસ્તવિક સામર્થ્યવાળુ અંતઃકરણ તમોગુણનું તથા રજો-ગુણનુ અતિક્રમણ કરી ગયેલુ હોય છે તેથી તેવા પુરુષના અંતઃકરણ-મા આળસ, પ્રમાદ કે સ્વાર્થનો ઉદય થવાનો સંભવ નથી. જેમ સૂર્યમાં અંધકાર સંભવે નહિ તેમ સર્વત્ર બ્રહ્મભાવના કરનારના વા સર્વત્ર બ્રહ્મદર્શનવાળાના અંતઃકરણમાં તમોગુણના તથા રજોગુણના

વિકારોનો સદ્ભાવ સંભવે નહિ તેથી તેવા પુરુષોની સદોષ પ્રવૃત્તિ હોવાનો વા થવાનો સંભવ નથી.

ભેદદૃષ્ટિ જે પ્રાયશ સ્વાર્થાદિ દુષ્ટ મનોવિકારોની જનની તથા પોષણ કરનારી છે તેની અભેદદૃષ્ટિવડે પોતાના હૃદયમાંથી ધીરે ધીરે નિવૃત્તિ કરવા પ્રયત્ન કરવો તે પ્રત્યેક વિવેકી મનુષ્યનુ કર્તવ્ય છે. સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ કરવાની પોતાના અંતઃકરણમા યોગ્યતા લાવવામાટે-જ પવિત્ર પ્રાણિપદાર્થમાં, માતપિતા આદિમાં દેવપ્રતિમાઓમાં, તીર્થોમા, મહાપુરુષોમા ને સદ્ગુરુમા પૂજ્યબુદ્ધિ રાખવાની આજ્ઞા શાસ્ત્ર ને સત્પુરુષો કરે છે. તેમનામા પૂજ્યબુદ્ધિ રાખવાનો સ્વભાવ પડે તો પછી ક્રમથી તેમનામાં બ્રહ્મબુદ્ધિ રાખવાનુ બલ પણ પ્રાપ્ત થાય, ને અંતે વિશ્વમાંના સર્વ પ્રાણિપદાર્થમા બ્રહ્મબુદ્ધિ રાખી સર્વત્ર બ્રહ્મનો અનુભવ કરી કૃતાર્થ થવાય.

મુમુક્ષુએ પહેલાં આભાસવાદ વિચારવો, પછી અવચ્છેદવાદ વિચારવો, ને પછી એકજીવવાદ વા દૃષ્ટિસૃષ્ટિવાદ વિચારવો. આભાસવાદની રીતે અંતઃકરણમા વા અવિદ્યાના અંશમા પડેલો ચેતનનો આભાસ તે જીવ ને માયામાં પડેલો ચેતનનો આભાસ તે ઈશ્વર છે. આ વાદમા આભાસનો તથા જેમાં આભાસ પડે છે તેનો ત્યાગ કરવાથી મહાવાક્યમાં કહેલો જીવઈશ્વરનો અભેદ સિદ્ધ થાય છે. અવચ્છેદવાદની રીતે અંતઃ-કરણે વા અવિદ્યાના અંશે રોકેલું ચેતન તે જીવ અને માયાએ રોકેલું ચેતન તે ઈશ્વર છે. આ વાદમાં અંતઃકરણનો વા અવિદ્યાના અંશ-નો અને માયાનો ત્યાગ કરવાથી મહાવાક્યમાં કહેલો જીવઈશ્વરનો અભેદ સિદ્ધ થાય છે. એકજીવવાદમાં વા દૃષ્ટિસૃષ્ટિવાદમાં મનુષ્ય ન સમજી શકે એવી રીતે ચેતનનું બહિર્મુખપણું થવાથી દૃશ્ય પ્રતીત થાય છે. તે દૃશ્ય વા જ્ઞેય જ્ઞાનથી ભિન્ન નથી, જ્ઞાનજ જીવઈશ્વરરૂપે પ્રતીત

થાય છે તેથી જીવ કે ઈશ્વર એવો કોઇ પારમાર્થિક પદાર્થજ નથી જે છે તે માત્ર જ્ઞાનરૂપ વા ચેતનરૂપ બ્રહ્મજ છે. આમાં—કલ્પિત જીવઇશ્વરનો બ્રહ્મથી અભેદ નક્કી કરવામાં—મહાવાક્યો ઉપયોગી થાય છે.

પવિત્ર અને એકાગ્ર હૃદયવાળા તથા જેમણે શાસ્ત્રોક્ત લક્ષણવાળા સમર્થ સદ્ગુરુથી ઉપદેશ મેળવ્યો છે એવા મુમુક્ષુજનો પૂર્વોક્તરીતે મહાવાક્યનો અનુકૂલબુદ્ધિથી વિચાર કરી સર્વ જીવોના તથા ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મને સ્વાનુભવથી જાણી એવા અનુભવવડે શાશ્વતી શાંતિ મેળવવા ભાગ્યશાલી થાઓ એમ ઈચ્છી પ્રતીત થતા આ અંતઃકરણની પ્રયોજનવશાત્ ઉદ્ભવ પામેલી વૃત્તિ પોતાના અધિષ્ઠાનમાં વિરામ પામે છે. ઇતિ શિવમ્.

ॐ

॥ अंक आडत्रीशमो ॥

॥ब्रह्मदृष्टिने प्राप्त थयेला महापुरुषना उद्गारो॥

આ સંસારરૂપ વિચિત્રારણ્યમાં વિચરતાં કોઇ પવિત્ર, એકાંત ને ભવ્ય સ્થલે એક સુરમ્ય પ્રાતઃકાલે બ્રહ્મદૃષ્ટિને પ્રાપ્ત થયેલા કોઈ મહાપુરુષના આવા અનુપમ ઉદ્ગારો આ શ્રોત્રના સાંભળવામાં આવ્યાઃ—

“ આશ્ચર્ય ! આ શું ? આ હૃદય બદલાઈ ગયું ! આ નેત્રો પણ બદલાઇ ગયાં ! ! શ્રીસદ્ગુરુની પારમેશ્વરીશક્તિના પાતનો આશ્ચર્યપૂર્ણ મહિમા આજેજ અનુભવાયો ! આ વર્ષ, આ માસ, આ પક્ષ, આજનો દિવસ, આ ઘડી ને આ ક્ષણ મારા સંબંધમાં સર્વથા ધન્યવાદને પાત્ર છે. મેં જાણ્યું હતું કે મારા શ્રીસદ્ગુરુ મને

વાણીથી ઉપદેશ કરી બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવશે, પણ તેમ તો કાંઇ બન્યુ નહિ. તેમણે મારા અંતઃકરણની યોગ્યતામા સૂક્ષ્મદષ્ટિ ધૈર્ય ને સાવધાનતાથી નિરતર વધારો કર્યા કરવાનું, પરમાત્માર્થી અભિન્ન **શ્રીસદ્ગુરુ**ની શુદ્ધભાવથી નિષ્કામપણે વિવેકપૂર્વક સર્વદા ભક્તિ કર્યા કરવાનું, ને પોતાશ્રીના પ્રત્યેક વચનનુ એકાંતમાં બેશી પરમાદરપૂર્વક વારવાર મનન કરવાનુ કહ્યુ હતુ તે પ્રમાણે વર્તન કરવાથીજ **શ્રીસદ્ગુરુ**ની નિર્હેતુક કૃપાવડે આ શુભ પરિણામ આવ્યુ. હુ અનાદિ કાલની ગાઢ મોહનિદ્રામાંથી આજે જાગ્યો. ગાઢ મોહ-નિદ્રાના પલાયનની સાથેજ ત્રિવિધતાપ ને ભયકર કાલ પણ પલાયન કરી ગયા. અંત કરણના બહિર્મુખપણાથી ઉત્પન્ન થતા તથા નામ રૂપ ને ક્રિયાની સાથે સબધ રાખતા સવિકલ્પજ્ઞાનનુ મિથ્યાપણુ હવે મને સ્પષ્ટ સમજાયુ, તેમજ અંતઃકરણના અંતર્મુખપણાથી ઉત્પન્ન થતા તથા કલ્પિત નામ, રૂપ ને ક્રિયાની સાથે લેશ પણ સબધ નહિ રાખતા નિર્વિકલ્પજ્ઞાનની પરમસત્યતાનુ પણ હવે મને સ્પષ્ટ ભાન થયુ. અંત કરણની વૃત્તિ સર્વત્ર નિરાવરણ ને નામરૂપાદિથી રહિત અનંતતત્ત્વનેજ અનુભવે છે, ને અજ્ઞાનની તથા જગતની સાથે પોતે પણ બાધ પામી ગઇ છે. આજ નિર્વિકલ્પસમાધિ, આજ સહજ-સમાધિ, આજ બ્રહ્મરૂપે સ્થિતિ. આજ પરમવિશ્રાંતિ ને આજ રાજયોગનો પરમાવધિ છે. અસખ્ય બ્રહ્માઓનો નાશ થાય તોપણ મારી આ અવિચલ વિશ્રાંતિનો ભગ થવાનો લેશ પણ સભવ નથી

ભૂતકાલ તથા ભવિષ્યકાલ હવે મને મિથ્યા પ્રતીત થવાથી આ દષ્ટિવડે કલ્પિત ભવિષ્યકાલમાં પ્રસંગોપાત્ત કલ્પિત વસ્તુઓના સબધમાં મને જે અનુભવ થવાનો સભવ જણાય છે તે સર્વ પ્રકારના થવાના અનુભવને વર્તમાનકાલમા થતા અનુભવની પેઠે સમજવાનો

સુગમતામાટે શ્રદ્ધાલુ જિજ્ઞાસુને જણાવવા અંતઃકરણની વૃત્તિ તથા વાણી વેગ પામતાં જણાય છે.

આકાશાદિ પાંચ ભૂતો હવે પૂર્વની પેઠે બ્રહ્મથી ભિન્ન સત્યરૂપે જણાતાં નથી. આકાશને સ્થાને, વાયુને સ્થાને, તેજને સ્થાને, જલને સ્થાને ને પૃથિવીને સ્થાને હવે મને બ્રહ્મજ પ્રતીત થાય છે. પૃથિવી આદિ ગ્રહોની આસપાસ ભ્રમણ કરનારા ઉપગ્રહો, પૃથિવી આદિ ગ્રહો ને સૂર્ય તથા તારાગણો પણ હવે મને બ્રહ્મરૂપજ જણાય છે. સમુદ્રતટે ઊભો રહી સમુદ્રને જોઉં છું ત્યાં સમુદ્રને સ્થાને તેના અધિષ્ઠાન બ્રહ્મની, નદીના તટપર ઊભો રહી નદીને જોઉં છું ત્યાં નદીને સ્થાને તેના અધિષ્ઠાન બ્રહ્મની, સરોવરના તળાવના કે ખાબોચીઆના તીરપર ઊભો રહી તેમને જોઉં છું ત્યાં તેમના અધિષ્ઠાન બ્રહ્મની અને કૂવા કે વાવને કાંઠે ઊભો રહી કૂવા કે વાવને જોઉં છું ત્યારે કૂવા કે વાવના અધિષ્ઠાન બ્રહ્મની પ્રતીતિ મને થાય છે. પર્વતો, ટેકરાઓ, શિલાઓ, કાંકરાઓ, ખાણો, ગુફાઓ, ધાતુ આદિને માટે ખોદેલી ખાણો, ખાડાઓ, સોનારૂપાની ને તાંબાની મુદ્રાઓ, વિવિધ અલંકારો, વિવિધ વસ્ત્રો, વિવિધ વાસણો, વિવિધ આસનો, નાનાવિધ શય્યાઓ, વિવિધ વાહનો, નાનાપ્રકારના વ્યવહારોપયોગી અન્ય પદાર્થો, ગૃહો, હવેલીઓ ને પ્રાસાદો એ સર્વ પણ હવે મને બ્રહ્મરૂપેજ પ્રતીત થાય છે.

ભિન્ન ભિન્ન પ્રકારના દેવો, પિતૃઓ, ભિન્ન ભિન્ન જાતિના મનુષ્યો, અસુરો, પ્રેતો, પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનારાં પ્રાણીઓ, જલચરો, કીડાઓ, પતંગો, વૃક્ષો, વેલાઓ ને છોડો હવે મને તે તે રૂપે સત્ય પ્રતીત થતાં નથી, પણ તેમાંના કોઇ પણ ઉપર મારા નેત્રની દૃષ્ટિ કે મારા અંતઃકરણની વૃત્તિ જતાં મને તે બ્રહ્મરૂપે પ્રતીત થાય છે.

સ્ત્રીઓનાં શરીરો હવે સ્ત્રીરૂપે, પુરુષોનાં શરીરો હવે પુરુષરૂપે, છોડીઓના શરીરો હવે છોડીઓરૂપે, ને છોકરાઓનાં શરીરો હવે છોકરાઓરૂપે મને પૂર્વની પેઠે પ્રતીત થતા નથી. પણ તે સર્વ હવે તેમના મૂલસ્વરૂપે એટલે બ્રહ્મરૂપે પ્રતીત થાય છે.

અહો ! આ શી ચમત્કૃતિ ! બેઠા બેઠા કે ઊભાં ઊભા, ચાલતા ચાલતા કે સૂતાં સૂતા ઉપરના ભાગમા દૃષ્ટિ કરુ તો ત્યા પણ મને કેવલ બ્રહ્મનીજ પ્રતીતિ થાય છે નીચે દૃષ્ટિ કરુ તો નીચે પણ મને કેવલ બ્રહ્મનીજ પ્રતીતિ થાય છે. પૂર્વમા જોઉ તો પૂર્વદિશા ને તેમા રહેલાં પ્રાણિપદાર્થો, અગ્નિખૂણામા જોઉ તો અગ્નિખૂણો ને તેમા રહેલાં પ્રાણિપદાર્થો, દક્ષિણદિશામાં જોઉ તો દક્ષિણદિશા ને તેમા રહેલાં પ્રાણિપદાર્થો, નૈર્ઋત્યખૂણામાં જોઉ તો નૈર્ઋત્યખૂણો ને તેમા રહેલાં પ્રાણિપદાર્થો, પશ્ચિમદિશાભણી જોઉ તો પશ્ચિમદિશા ને તેમાં રહેલાં પ્રાણિપદાર્થો, વાયવ્યખૂણામા જોઉ તો વાયવ્યખૂણો ને તેમાં રહેલા પ્રાણિપદાર્થો, ઉત્તરદિશામાં જોઉ તો ઉત્તરદિશા ને તેમાં રહેલાં પ્રાણિપદાર્થો, અને ઇશાનખૂણામાં જોઉ તો ઇશાનખૂણો ને તેમા રહેલા પ્રાણિપદાર્થો મને સચ્ચિદાનંદબ્રહ્મરૂપેજ પ્રતીત થાય છે.

પ્રારબ્ધવશાત્ હુ જ્યારે પગે ચાલીને, અશ્વપર બેસીને, બેલ-ગાડીમાં બેસીને, સીગ્રામમાં બેસીને, ઘોડાગાડીમાં બેસીને, મોટરગાડીમાં બેસીને કે પાલખીમાં બેસીને એકસ્થાનથી બીજા સ્થાનભણી જતો હોઉ છુ ત્યારે માર્ગમાં પ્રતીત થતાં આકાશ, પૃથિવી, જતાંઆવતાં માણસો, ક્ષેત્રાદિમાં કામ કરતાં માણસો, વાહનો, પશુઓ, પક્ષીઓ, નિર્યંકો, વૃક્ષો, છોડો ને વેલાઓ મને પ્રશાંત બ્રહ્મના વિવર્તરૂપે પ્રતીત થાય છે, અર્થાત્ પ્રશાંતપ્રકાશરૂપ બ્રહ્મ તે તે રૂપે પ્રતીત થતું

અનુભવાય છે. સર્વ દિશાઓમાં જાણે એક પ્રકારનું ગાંભીર્ય, પ્રશાંતિ, પરમપ્રકાશ, સૂક્ષ્મતર ધ્વનિ ને અલૌકિક આનંદ અનુભવાય છે. હું ને આ એવું ભાન ઘણી વાર ભૂલી જવાય છે, ને અધિષ્ઠાનનીજ કેવલ સ્ફૂર્તિ થયા કરે છે.

મોટરગાડીમાં કે આગગાડીમાં પ્રવાસ કરતા નગરો, ગામો, નદીઓ, પર્વતો, ખેતરો, મનુષ્યો ને પશુ આદિ સર્વ બ્રહ્મના વિવર્તરૂપે પ્રતીત થાય છે, અર્થાત્ અંતઃકરણની વૃત્તિ જાણે દષ્ટનષ્ટસ્વભાવવાળા કલ્પિત પ્રાણિપદાર્થોને બ્રહ્મના બહુ ઊતાવળે થતા વિવર્તરૂપે અનુભવે છે. ચાલતાં કે ગાડા આદિ સામાન્યવેગવાળા વાહનમાં બેસીને પ્રવાસ કરતાં જાણે બ્રહ્મરૂપ મહાસાગરમાંથી આ એક ધીમા વેગવાળો તરંગ ઊપડ્યો હોય એમ અનુભવાય છે, ને મોટરગાડી આદિ શીઘ્રવેગવાળા વાહનમાં બેસીને પ્રવાસ કરતાં જાણે બ્રહ્મરૂપ મહાસાગરમાંથી આ બહુ ઊતાવળા વેગવાળો તરંગ ઊપડ્યો હોય એમ અનુભવાય છે.

નાનામોટા વહાણમાં કે નાનીમોટી આગબોટમાં બેસી સમુદ્રમાં પ્રવાસ કરતાં સમુદ્ર, તેના તરંગો, તેમાં પ્રતીત થતાં જલચરો, હોડીઓ, વહાણો અને આગબોટો, સમુદ્રપર ઊડતાં પક્ષીઓ, સમુદ્રતટપરનાં માણસો, ઘરો, પશુઓ, પક્ષીઓ ને પરદેશ ચઢાવવાના તથા પરદેશથી ઊતરેલા પદાર્થોનો સમૂહ આ સૌ બ્રહ્મરૂપજ પ્રતીત થાય છે. તે જલયાન જ્યારે ગતિમાં હોય ત્યારે સમુદ્રતટપરનાં નગરાદિ વિપરીતદિશાભણી ઊતાવળે ગતિ કરતાં પ્રતીત થાય છે તે નગરાદિ તથા તેમની વિપરીતગતિ પણ બ્રહ્મના ચમત્કારરૂપજ પ્રતીત થાય છે.

સ્વપ્નાવસ્થાનું જ્ઞેય જેમ તેના જ્ઞાતાથી ભિન્ન નથી, પણ તેના જ્ઞાતારૂપજ છે તેમ જાગ્રદવસ્થાનું જ્ઞેય પણ તેના જ્ઞાતાથી ભિન્ન નથી, પણ તેના જ્ઞાતારૂપજ છે. આ જગત્‌રૂપ મહાનાટકનો તેના અધિષ્ઠાન

બ્રહ્મમાંજ આરોપ થયો છે એમ હવે મને સ્પષ્ટ અનુભવાય છે. સમુદ્રથી તરંગો, નાની લહેરો, પરપોટા ને ફીણ જેમ ભિન્ન નથી તેમ આ નામ, રૂપ ને ક્રિયાવાળુ જગત્ તેના આધારભૂત બ્રહ્મથી ભિન્ન નથી એમ હવે મને સુસ્પષ્ટ પ્રતીત થાય છે.

આકાશમા પ્રતીત થતું ગંધર્વનગર જેમ આકાશથી ભિન્ન નથી. દર્પણમાં પ્રતીત થતુ નગર જેમ દર્પણથી ભિન્ન નથી, ને ચિત્રપટમા પ્રતીત થતા ચિત્રો જેમ ચિત્રપટથી ભિન્ન નથી તેમ બ્રહ્મરૂપ શુદ્ધચૈતન્યમા પ્રતીત થતુ આ જગત્ પણ બ્રહ્મરૂપ શુદ્ધચૈતન્યથી ભિન્ન નથી એમ મને સંદેહરહિત સ્પષ્ટ અનુભવાય છે.

અજ્ઞાન, અસત્ત્વાપાદક આવરણ, અભાનાપાદક આવરણ, નામ, રૂપ ને ક્રિયા એ સર્વ અત્યંત મિથ્યા છે એમ અનુભવાઇ મને પરમપ્રકાશરૂપ ને પરમશાંતરૂપ બ્રહ્મનુંજ સર્વત્ર ભાન થાય છે. પાણીમા રહેલો બરફનો ઘડો જેમ અંદર ને બહાર પાણીથીજ પરિપૂર્ણ છે તેમ હુ અંદર ને બહાર બ્રહ્મરૂપ આનંદથીજ પરિપૂર્ણ છું, ને અવકાશમા રહેલો કપૂરનો ઘડો જેમ અંદર ને બહાર આકાશથી પરિપૂર્ણ છે તેમ હુ અંદર ને બહાર અસગરૂપ બ્રહ્મથી પરિપૂર્ણ છું.

આ અદ્વૈતાનંદ આદિ સંન્યાસીઓ, આ દેવશર્મા આદિ વાનપ્રસ્થો, આ પરમાનંદ આદિ ગૃહસ્થો, ને આ શ્વેતકેતુ આદિ બ્રહ્મચારીઓ હવે મને બ્રહ્મરૂપેજ પ્રતીત થાય છે. આ શંકરશર્મા આદિ બ્રાહ્મણો. આ બલવર્મા આદિ ક્ષત્રિયો, આ મિત્રગુપ્ત આદિ વૈશ્યો ને આ દ્વિજદાસ આદિ શૂદ્રો પણ હવે મને બ્રહ્મથી ભિન્ન પ્રતીત થતા નથી, પણ બ્રહ્મરૂપેજ પ્રતીત થાય છે.

સચ્ચિદાનંદબ્રહ્મજ કોઇ જગાએ સિંહાસનઉપર બેઠેલા રાજારૂપે,

કોઇ જગાએ રાજાની આજ્ઞાને અનુસરનાર મંત્રિરૂપે, કોઇ જગાએ રાજાના નાનામોટા અન્ય અધિકારિરૂપે, કોઇ જગાએ ધનાઢ્યરૂપે, કોઇ જગાએ અત્યંત નિર્ધનરૂપે, કોઈ જગાએ જ્ઞાનિરૂપે, કોઇ જગાએ અજ્ઞાનિરૂપે, કોઇ જગાએ પંડિતરૂપે, કોઈ જગાએ મૂર્ખરૂપે, કોઇ જગાએ કુરૂપ વૃદ્ધરૂપે, કોઇ જગાએ સુરૂપ યુવાનરૂપે, કોઈ જગાએ બાલકરૂપે, કોઇ જગાએ શિશુરૂપે, કોઈ જગાએ પોતાની પ્રિયતમાના વિયોગમાં બહુ શોકગ્રસ્ત થયેલા પ્રિયરૂપે, કોઇ જગાએ સ્વચ્છ ને સુંદર શરીરપર સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી પ્રેમપ્રપૂર્ણ મનવડે રસિકશિરોમણિ પ્રિયતમની સાથે રસશાસ્ત્રાનુસાર વિવિધ વિલાસ કરતી મનોહારિણી રમણીરૂપે, કોઇ જગાએ પ્રિય પ્રાણિપદાર્થના લાભવડે હર્ષ પામતા મનુષ્યરૂપે, કોઇ જગાએ અપ્રિય પ્રાણિપદાર્થના સંયોગવડે વા પ્રિય પ્રાણિપદાર્થના વિયોગવડે ચિંતાવિલાપ કરતા મનુષ્યરૂપે કોઇ જગાએ પશુરૂપે, કોઇ જગાએ પક્ષિરૂપે, કોઈ જગાએ પેટે ચાલનારા પ્રાણિરૂપે, કોઇ જગાએ જલચરરૂપે, કોઇ જગાએ કીટરૂપે કોઇ જગાએ પતંગરૂપે, કોઇ જગાએ વૃક્ષરૂપે, કોઇ જગાએ છોડરૂપે, કોઈ જગાએ વેલારૂપે, કોઇ જગાએ તૃણરૂપે ને કોઇ જગાએ પાષાણ-મૃત્તિકારૂપે પ્રતીત થાય છે. ટુંકામાં કહું તો બ્રહ્મ દશે દિશારૂપે ને તેમાં રહેલા પ્રાણિપદાર્થરૂપે વિલસી રહેલું અનુભવાય છે. જ્ઞાનરૂપ ચેતોહર સૂર્યનો ઉદય થયો છે. મને અભેદની ને અદ્વૈતનીજ સર્વત્ર પ્રતીતિ થવા લાગી છે. મારુ અજ્ઞાન ક્યાં ભાગી ગયું તે મને સમજાતું નથી. ભેદ ને દ્વૈત હવે મને શોધ્યાં પણ જડતાં નથી. **શ્રીસદ્‌ગુરુને** ધન્ય ! શાસ્ત્રને ધન્ય ! ! ને મને પણ ધન્ય ! ! ! મને સર્વત્ર નિરા-વરણ બ્રહ્મનીજ સત્તાસ્ફૂર્તિ અનુભવાય છે. સર્વ દૃશ્યનો બાધ કરી બ્રહ્માનુભવ કરનારી વૃત્તિ પોતે પણ બાધ પામી ગઇ છે. હવે તો એક જે છે તેજ છે. હું નથી, તું નથી, તે નથી, આ નથી, ને પેલું

પણ નથી. અન્યને અભાવે હુ કોઇનો નથી, ને કોઇ મારું નથી. અહિં માયા નથી, અવિદ્યા નથી, ઈશ્વર નથી, જીવો નથી, ગુણો નથી, ને જડ પદાર્થો પણ નથી, કિંતુ જેના સદ્ભાવવડે આ સર્વનો સદ્ભાવ સિદ્ધ થાય છે એવું તે સર્વનું વાસ્તવિક સ્વરૂપ જે બ્રહ્મ તેજ છે. વસ્તુતાએ તો હુ તૂષ્ણીંભાવરૂપેજ મારા સ્વરૂપનો વા બ્રહ્મ-સ્વરૂપનો કાંઇક ખ્યાલ અન્યને આપી શકુ. એ વસ્તુવિષે હુ બોલુ છુ, વા અન્યને હુ તે સમજાવુ છું તેમાં પણ કાઇક દ્વૈત આવે છે.

અંતઃકરણજ પ્રતીત થતું નથી તો તેના યોગ્યાયોગ્ય ધર્મો ને અંતઃકરણે કલ્પેલુ દૃશ્ય ક્યાંથી પ્રતીત થાય? પ્રાણજ પ્રતીત થતો નથી તો તેની ક્રિયાઓ કયાંથી જણાય? ઈંદ્રિયો પ્રતીત થતી નથી તો તેના યોગ્યાયોગ્ય ધર્મો પણ કયાંથી પ્રતીત થાય? અને સ્થૂલ-શરીરજ પ્રતીત થતુ નથી તો તેના ધર્મો પણ કયાંથી પ્રતીત થાય? ભોક્તા ને ભોગ્ય સૌ કલ્પિત જણાયુ. હવે કલ્પિત ભોક્તામાટે કલ્પિત ભોગ્યની પછવાડે નકામી બળતરા કરવાનુ રહ્યું નથી. હવે હુ મને પૂર્ણકામ અનુભવુ છુ તેથી હુ કોઇ પણ પ્રાણિપદાર્થને પ્રાપ્ત કરવા કે તેમનો ઉપભોગ કરવા ઇચ્છતો નથી. આત્મામાંજ મને આરામ છે. મને મારા આવા સ્વભાવો સ્પષ્ટ પ્રતીત થાય છે.—

અત્યત અક્રિય, અનાદિઅનંત, સર્વ પ્રકારનાં દુઃખોથી રહિત પરમાનંદ, અખંડજ્ઞાન, નિત્યશુદ્ધ, નિત્યમુક્ત, વ્યાપક, અસંગ, પરમ-સૂક્ષ્મ, અભોક્તા, અદ્વિતીય, ભેદશૂન્ય ને પરિચ્છેદશૂન્ય.

અંતઃકરણ, પ્રાણ, ઇંદ્રિયો ને શરીર મારા સામીપ્યથી ક્રિયા કરે છે, પણ હુ તો અત્યતઅક્રિય છું–મારામાં ક્રિયાનો ગંધ પણ નથી. અન્ય પ્રાણિપદાર્થમાં જે ક્રિયા પ્રતીત થાય છે તે ક્રિયા પણ ચેતનના

સામીપ્યથીજ થાય છે. મારા આદિ કે અંત નથી—મારાં આદિ વા અંતનો વિચાર કરતાં મારી બુદ્ધિ થાકી જઇ પાછી પડી જાય છે, પણ તેને મારા આદિ કે અંત પ્રતીત થતાં નથી. મારાં આદિ કે અંત ન હોય તે તેને ક્યાંથી પ્રતીત થાય ? હું કલ્પિત અંતઃકરણથી પર હોવાથી કોઈ પણ પ્રકારની વ્યવહારમા મનાતી પ્રતિકૂલતાની પ્રાપ્તિ થયે અંતઃકરણમા પ્રાદુર્ભાવ પામનારી ખિન્નતા વા દુઃખ મારામાં નથી, અર્થાત્ આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક એવા નિમિત્તભેદે ગણવામાં આવતા ત્રણ પ્રકારમાંનું કોઇ પણ દુઃખ મારામાં નથી. દુઃખાતીત ને પરમાનંદસ્વભાવવાળા મારામાં દુઃખનો સંભવ શી રીતે ઘટે ? જેનો જ્ઞાનસ્વભાવ કોઈ પણ સમયમાં લોપ પામતો નથી, વા લોપ પામવાનો લેશ પણ સંભવ પ્રતીત થતો નથી એવા અખંડજ્ઞાનસ્વભાવવાળામાં અજ્ઞાનનું લગારે અસ્તિત્વ ક્યાંથી હોય ? ત્રણે કાલમાં અશુદ્ધિના કોઈ પણ હેતુનો સ્પર્શ મને ન હોવાથી–હું સર્વ પ્રકારની અશુદ્ધિથી સર્વદા રહિત હોવાથી–નિત્ય-શુદ્ધસ્વભાવવાળો છું. ત્રણે કાલમાં મારે વિષે બંધન નથી–સર્વ પ્રકારનાં બંધનોથી હું સર્વદા મુક્ત છું માટે હું નિત્યમુક્ત છું. મારો દેશથી અંત નથી–સર્વત્ર મારી સ્થિતિ છે–તેથી હું વ્યાપક વા સર્વવ્યાપક છું. કોઇ પણ સ્થાવરજંગમ પ્રાણિપદાર્થસાથે, ઇંદ્રિયોસાથે, પ્રાણસાથે કે અંતઃકરણસાથે મારો કોઇ પણ પ્રકારનો વાસ્તવિક સંબંધ નથી તેથી હું અસંગ છું. આકાશથી અને તેના કારણ માયાથી પણ હું સૂક્ષ્મ છું તેથી હું પરમસૂક્ષ્મ કહેવાઉં છું. અસંગસ્વભાવવાળો હોવાથીજ હું અભોક્તા છું. મારા સમાન કોઈ ન હોવાથી હું અદ્વિતીય છું. મારા સ્વરૂપમાં ઈશ્વર, જીવ કે જડ એવા અથવા સજાતીય, વિજાતીય ને સ્વગત એવા ભેદ ન હોવાથી હું ભેદશૂન્ય એટલે ભેદરહિત છું.

દેશવડે, કાલવડે વા વસ્તુવડે પદાર્થોનો પરિચ્છેદ થાય છે. હું સર્વ-વ્યાપક હોવાથી દેશવડે, ત્રણે કાલમા રહેનાર હોવાથી કાલવડે ને સર્વ વસ્તુઓના આત્મરૂપ હોવાથી વસ્તુઓવડે મારો પરિચ્છેદ ન હોવાથી હું પરિચ્છેદશૂન્ય છુ.

અત્યંતનિરભિમાનપણે જિજ્ઞાસુઓનો ઉત્સાહ વધારવા હું મારો અનુભવજ કહું છુ. અભિમાનથી કે ઉન્મત્તપણાથી વા પ્રતારણામાટે (અન્યજનોને ઠગવામાટે) હુ આ બકવાદ કરતો નથી. મને મારા વાસ્તવિક સ્વરૂપથી ભિન્ન અહિ કોઇ પણ પ્રાણી પ્રતીત થતું નથી તો અન્યની પ્રતીતિની અપેક્ષાએ ઉત્પન્ન થતુ અભિમાન મારામાં કેવી રીતે હોઈ શકે ? મારા અંતઃકરણના સંતોષમાટે વા જિજ્ઞાસુ-ઓના કલ્યાણમાટે મારાથી આ પરમાનંદાગ્નિના અનુભવના ઉદ્ગારો વાણીદ્વારા અનાયાસે નીકળી જાય તેમાં હુ અભિમાન કરુ છું એમ કહેવાય નહિ. જીવ, જગત્ ને ઈશ્વરના સ્વરૂપનો સૂક્ષ્મદષ્ટિવડે વિચાર કરી ત્રણેના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મને ઓળખવાનુ જેણે સામર્થ્ય મેળવ્યુ છે એવુ શુદ્ધસાત્ત્વિક અંતઃકરણ તમોગુણથી ઉત્પન્ન થતા ઉન્માદદોષવાળુ કેવી રીતે હોઇ શકે ? શુદ્ધસત્ત્વગુણવાળા અંતઃકરણને ઉન્માદદોષવાળુ કહેવુ એ ચિંતામણિવાળા મનુષ્યને દારિદ્ર્યદોષવાળો કહેવાસમાન છે. બહિર્મુખ સંસારી મનુષ્યોને મારા જેવા બ્રહ્મવેત્તાના આવા ઉદ્ગારો અભિમાનદોષથી વા ઉન્માદદોષથી ઉત્પન્ન થયેલા જણાય તો ભલે જણાય. અવિવેકી જનોની કલ્પનાથી કાંઇ તે દોષો મારામાં કે અન્ય બ્રહ્મવેત્તામાં આવી જવાના નથી. અન્યની કલ્પનાથી વસ્તુસ્થિતિ બદલાતી નથી. વાંદરાંઓ ચણોઠીના કે ગેરુના ઢગલામાં અગ્નિની કલ્પના કરે તેથી ચણોઠીનો કે ગેરુનો ઢગલો કાંઇ અગ્નિ થઈ જતો નથી. સૂક્ષ્મદષ્ટિવાળા વિવેકીઓ તો સમજે છે કે મારા

આ ઉદ્ગારો સ્વસંતોષમાટે વા મુમુક્ષુઓના હિતમાટે અનાયાસે નીકળેલા છે. મનુષ્યોનો મોટો ભાગ બાહ્યદૃષ્ટિવાળો છે તેથી તેમને મારા આ અલૌકિક ઉદ્ગારો ગાડાના કથનજેવા લાગે, પણ તેમાં મને કાંઈ હાનિ નથી. તેવા મનુષ્યોપર મને લેશ પણ દ્વેષ ઉપજતો નથી, પણ તેમની સ્થિતિ જોઈ તેમના ઉપર મને દયા આવે છે. હું જેને અસત્ ને દુઃખરૂપ સમજું છું તેને તેઓ સદ્રૂપ ને સુખરૂપ માને છે, અને હું જેને સદ્રૂપ ને સુખરૂપ માનું છું તેને તેઓ ઓળખતાજ નથી. આવી રીતે જ્યાં અમેની સમજ ઉલટી છે ત્યાં તેઓ મારી વાસ્તવિક સ્થિતિ ન સમજી શકે તો તેમાં હું તેઓનો દોષ કાઢતો નથી.

મેં જાણવાયોગ્ય જે બ્રહ્મ તે સંશયવિપર્યયરહિત જાણ્યું છે. બાહ્યદૃષ્ટિએ પ્રતીત થતાં અસંખ્ય નામ, રૂપ ને ક્રિયા બ્રહ્મમાં કલ્પિત છે. અધિષ્ઠાનરૂપ બ્રહ્મના દૃઢ જ્ઞાનવડે મને એ સર્વનું જ્ઞાન થઈ ગયું છે. હવે મારે જાણવાનું કાંઈ પણ બાકી રહેલું ન હોવાથી જાણવાની ઇચ્છાથી પ્રકટતો સંતાપ મારામાં રહ્યો નથી. પ્રાપ્ત કરવાયોગ્ય પરમાનંદ મને પ્રાપ્ત થયો છે તેથી હું મને ન્યૂન આનંદવાળો માની વધારે આનંદ મેળવવા ઇચ્છતો નથી માટે વધારે આનંદ મેળવવાસારુ પણ મારે પ્રયત્ન કરવો બાકી રહેલ નથી. દુઃખો ને દુઃખોના સમગ્ર હેતુઓ સદાને માટે મારામાંથી દૂર થઈ ગયા છે તેથી દુઃખોની કે દુઃખના હેતુઓની નિવૃત્તિ કરવામાટે મારે પ્રયત્ન કરવો બાકી રહ્યો નથી. આમ સર્વ પ્રકારે હું કૃતાર્થ હોવાથી મારે કાંઈ પણ કર્તવ્ય બાકી રહ્યું નથી. હવે આ પ્રતીત થતા શરીરને ટકાવનારું પ્રારબ્ધકર્મ જ્યાંસુધી વિદ્યમાન હોય ત્યાંસુધી તે પ્રારબ્ધકર્મને અનુસરી ભલે આ સ્થૂલશરીર પવનાદિને અનુસરનારા સૂકા પાંદડાની પેઠે અહંતામમતાવિના આ પૃથ્વીપર

વિચરે. નદીના પ્રવાહમા પડેલા કાષ્ઠાદિ પદાર્થો જેમ પ્રવાહને અનુસરે છે તેમ આ શરીર પણ ભલે પ્રારબ્ધકર્મના વેગને અનુસરીને વર્તે આ શરીર આજ પડે તોપણ ભલે, ને કલ્પાન્તે પડે તોપણ ભલે. શ્વપચના ઘરમાં પડે તોપણ ભલે, ને દેવમદિરમા કે તીર્થમા પડે તોપણ ભલે, રોગાદિથી મૂર્ચ્છા પામીને પડે તોપણ ભલે, ને સ્વસ્થપણે બોલતાંચાલતા પડે તોપણ ભલે, સંનિપાતવડે બકવાદ કરતુ પ્રતીન થઇને પડે તોપણ ભલે. ને પરમશાંતસ્થિતિવાળુ એટલે ધ્યાનસ્થ પ્રતીન થઇને પડે તોપણ ભલે, રાત્રે પડે તોપણ ભલે, ને દિવસે પડે તોપણ ભલે, કૃષ્ણપક્ષમા પડે તોપણ ભલે, ને શુક્લપક્ષમા પડે તોપણ ભલે, અને દક્ષિણાયનમા પડે તોપણ ભલે, ને ઉત્તરાયણમાં પડે તોપણ ભલે. સર્વથા સંદેહરહિત એવો જે હુ તેના અંતઃકરણમા કોઇ પણ પ્રકારની ભ્રાંતિ નથી. કોઇ લોકો મારા અંતઃકરણનો અભિપ્રાય વા મારા અંતઃકરણની સ્થિતિ નહિ જાણીને મારા શરીરાદિની નિંદા કરે વા મારા શરીરને તાડન કરે તો તેનો મને ખેદ નથી, ને કોઈ લોકો સ્તુતિનમસ્કારાદિસહિત મારા શરીરનુ પૂજન કરે તો તેનો મને હર્ષ નથી. અનુકૂલ પ્રાણિપદાર્થના વિયોગથી કે પ્રતિકૂલ પ્રાણિપદાર્થના સંયોગથી મને વિષાદ નથી, ને અનુકૂલ પ્રાણિપદાર્થના લાભથી કે પ્રતિકૂલ પ્રાણિપદાર્થના દૂર થવાથી મને નવી પ્રસન્નતા નથી. મારાં મનાતાં બહારનાં પ્રાણિપદાર્થોની કે મારા શરીરની મને ઉંડાણમા ચિંતા નથી. વ્યવહારપક્ષે મને હમણાં જે પ્રાપ્ત છે તેને ત્યજવાનો આગ્રહ હુ સેવતો નથી, તે મને વર્તમાનકાલમાં જે અપ્રાપ્ત છે તેને મેળવવાનો આગ્રહ પણ હુ સેવતો નથી જેને ધન ન હોય ને તેને જો ધનની ઇચ્છા હોય તો ભલે તે ધન મેળવવાનો પ્રયત્ન કરે, લક્ષ્મીના પતિના વાસ્તવિક સ્વરૂપને અભેદ-

ભાવે પ્રાપ્ત થયેલો જે હું તેને સર્વ ધન એકસાથે મળી ચૂક્યું છે માટે તેને મેળવવા હું પ્રયત્ન કરતો નથી. જે શરીરે રોગી હોય ને તેને જો પોતાના શરીરનો રોગ નિવૃત્ત કરવાની ઇચ્છા હોય તો ભલે તે રોગનિવૃત્તિના આયુર્વેદમાં કહેલા ઉપાયો કરે. હું તો સર્વદા સર્વથા રોગરહિત છું. મારા સ્વરૂપમા કોઈ પણ જાતના રોગનો કોઈ પણ કાલે સદ્‌ભાવજ નથી તો હુ રોગનિવૃત્તિમાટે શાસારુ પ્રયત્ન કરુ ? અસંગી ને નિરવધિઆનંદરૂપ મારામાં સ્ત્રીની તથા પુત્રની તૃષ્ણા સંભવતી નથી તેથી હુ તેમની પ્રાપ્તિમાટે વેગવાળો થતો નથી. મારાથી ભિન્ન હુ કોઇ પણ પ્રાણિપદાર્થને સત્યરૂપે જોતો નથી તો હુ કોની પાસેથી માન મેળવવાને ઇચ્છું ? હુ સર્વના અધિષ્ઠાનરૂપ છું તેથી મારામાં ગૃહક્ષેત્રાદિની કે વાહનાદિની પણ તૃષ્ણા નથી. સૂક્ષ્મતમ, અસંગ ને નિર્ભયરૂપ મને આ દૃશ્યમાથી કોઇ પણ પ્રાણિપદાર્થનું ભય નથી.

જેમ મહાસાગરમાં રહેનારુ મોટું માછલું ક્યારેક મહાસાગરની સપાટીઉપર આવી પાછું મહાસાગરમાં ઉંડું ઊતરી જાય છે તેમ બ્રહ્મમાં નિવાસ કરનારી આ અંતઃકરણની વૃત્તિ પણ ભોગ આપનારા પ્રારબ્ધકર્મનો ઉદય થવાથી કોઇ કોઇ વાર બ્રહ્મમાંથી બહાર નીકળી નામ, રૂપ ને ક્રિયા જેનુ સ્વરૂપ છે એવા સંસારનો અનુભવ કરે છે, ને ભોગ આપનારા પ્રારબ્ધકર્મની સમાપ્તિ થયે પાછી બ્રહ્મમાં વિલીન થઈ જાય છે. બે ભાષા જાણનારો માણસ જેમ એકબીજાની ભાષા નહિ જાણનારા એવા બને મનુષ્યની સાથે પ્રસન્નતાપૂર્વક વાત કરી શકે છે તેમ આ અંતઃકરણની વૃત્તિ પણ એકબીજાથી અત્યત વિલક્ષણ એવા સંસારનો ને બ્રહ્મનો અનુભવ કરી શકે છે. જેમ ઉષ્ણકાલના મધ્યાહ્‌ને હરદ્વારસમીપ વહન કરનાર

ગગાજીના છાતીસામા પાણીમા ઊભેલો માણસ છાતીથી ઉપરના ભાગમાં સૂર્યના નામમાત્ર તાપનો ને છાતીની નાચેના ભાગમા ગગાજલની શીતલતાનો અનુભવ કરે છે તેમ પ્રારબ્ધકર્મવશાત્ પ્રતિકૂલ પ્રાણિપદાર્થનો યોગ થવાથી વા અનુકૂલ પ્રાણિપદાર્થનો વિયોગ થવાથી અંત:કરણના ઉપરના ભાગમા નામમાત્ર વિક્ષેપ અનુભવાય છે. ને અંત:કરણના ઊડાણમા બ્રહ્મરૂપ પરમાનદ ને અડગ સ્થૈર્ય અનુભવાય છે: અથવા જેમ કોઈ નદીમા મોટી શિલા પડી હોય તે ઉપર થઇને જલનો પ્રવાહ ચાલ્યો જતો હોય તોપણ તે શિલા લેશ પણ ચલાયમાન થતી નથી તેમ આ અત:કરણ પ્રારબ્ધકર્માનુસાર સર્વ પ્રાપ્તવ્યવહાર બાધિતાનુવૃત્તિથી કરતા છતાં પણ બ્રહ્મનિષ્ઠાથી લેશ પણ ચલાયમાન થતુ નથી જેમ કોઈ નટ પોતાના વ્યાવહારિક નામરૂપનુ તિરોધાન કરી રગભૂમિપર અન્ય નામ તથા અન્ય રૂપનો પોતાનામાં આરોપ કરી તે નામરૂપવડે કરવાયોગ્ય ક્રિયાનો કૃત્રિમ આસ્થા રાખીને યથાયોગ્ય નિર્વાહ કરે છે તેમ હુ પણ ભોગ આપનાર પ્રારબ્ધકર્મનો ઉદય થયે મારા પારમાર્થિક સ્વરૂપનુ તિરોધાન કરી આ પૃથિવીપર મારામા વ્યાવહારિક નામ તથા રૂપનો આરોપ કરી તે નામ તથા રૂપવડે કરવાયોગ્ય સર્વ ક્રિયાઓનો કૃત્રિમ આસ્થા રાખીને યથાયોગ્ય નિર્વાહ કરુ છુ.

જેમ પાતાલકૂવો ખોદાઈ રહેવાથી ભૂમિની નીચેના ભાગનુ જલ એકદમ પૃથિવીની સપાટીઉપર આવી પૃથિવીને જલમય કરી મૂકે છે તેમ જ્ઞાનકાલે આવરણનો ભગ થયે દેહાદિ સૌની અંદર રહેલો બ્રહ્માનંદ એકદમ મારા અંત:કરણમા તથા ઇન્દ્રિયોમાં વ્યાપી તે સર્વને તેણે આનંદમય કરી મૂકયા હતા. હજી પણ તે નિરવધિ આનદ મને તેવો ને તેવોજ અનુભવાય છે. જેમ મધ્યાહ્નકાલે

ઘાટાં વાદળાંઓવડે આકાશ ઘેરાઈ ગયેલું હોવાથી પૃથિવીપર ઘાટો અંધકાર ફેલાઈ ગયો હોય તેવામાં કોઈ મહામંત્રવડે આકાશમાંથી વાદળાંઓને એકદમ અદૃશ્ય કરી દેવામાં આવે તો પૃથિવીપર સૂર્યનો પ્રકાશ ફેલાઇ જાય છે તેમ આ હૃદયાકાશમાં અજ્ઞાનરૂપ ઘાટાં વાદળાઓને જ્ઞાનરૂપ મહામંત્રવડે જ્યારે અદૃશ્ય કરવામાં આવ્યાં ત્યારે આત્માથી અભિન્ન બ્રહ્મનો જ્ઞાનરૂપ મહાપ્રકાશ સર્વત્ર પ્રતીત થવા લાગ્યો હતો. હજી પણ તે અલૌકિક મહાપ્રકાશ તેવો ને તેવોજ સ્ફુરે છે.

સ્થૂલાદિ ત્રણ શરીરરૂપ કઠણ લોઢાના ત્રેવડા પિંજરામાં અનાદિકાલથી પૂરાઇ રહેલો આ આત્મરૂપ સિંહ વિવેકરૂપ પંજાથી તે પિંજરાને ત્રોડી નાંખી હવે બ્રહ્મરૂપ અરણ્યમાં સ્વતંત્ર થઈ સુખાનુભવ કરે છે, અથવા સત્ત્વાદિ ત્રણ ગુણરૂપ ત્રણ જાતના કઠોર લાકડાના બનાવેલા પિંજરામાં અનાદિકાલથી પૂરાઇ રહેલો આ આત્મરૂપ ગરુડ વિવેકરૂપ તીક્ષ્ણ ચાંચથી તે પિંજરાને ત્રોડી નાંખી હવે ચૈતન્યરૂપ આકાશમાં સ્વેચ્છાનુસાર આનંદાનુભવ કરે છે.

આ પૃથિવીપર મનુષ્યશરીરને પામી મારે જે નિર્દોષ પરમહિત સાધવાનું હતુ તે મે સાધી લીધુ છે. હવે હુ કૃતાર્થ છુ. મારે હવે આ વિશ્વમાં કોઈ પણ પ્રકારનું કાંઇ પણ કર્તવ્ય શેષ રહ્યું નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ”

ત્રણ વાર શાંતિના ઉચ્ચારણના અંતમાં તે પ્રાતઃસ્મરણીય ને વંદનીય મહાપુરુષની મુમુક્ષુઓના હૃદયનું હરણ કરનારી વાણીનો તથા તે વાણીને વેગ આપનાર અંતઃકરણનો વ્યાપાર શાંત થયો, ને જે પ્રારબ્ધકર્મે તેઓશ્રીની વાણીને તથા અંતઃકરણને વેગ આપ્યો હતો તે પ્રારબ્ધકર્મ પણ સમયને માટે શાંત થયું.

પોતાને મોક્ષસાધક માનનાર પ્રત્યેક પુરુષે તથા સ્ત્રીએ એકાંતમાં પરમાદરપૂર્વક આ આનંદપ્રદ ઉદ્‌ગારોનું મનન કરી કુસંસ્કારથી ને કુસંગથી ઉપજતા શાસ્ત્રના તથા આત્મસ્વરૂપના સંશયવિપર્યયનો ત્યાગ કરી અને સદાગ્રહપૂર્વક વિધિવત્ પ્રયત્ન સેવી પરિણામે બ્રહ્માનુભવવડે અંતઃકરણના ને વાણીના ભૂષણરૂપ આવા અલૌકિક ઉદ્‌ગારો કાઢવા વેલાસર ભાગ્યશાલી થવુ ઉચિત છે. ૐ

ૐ

॥ अंक ओगणचाळीशमो ॥

॥ कर्ममहिमा ॥

આ પૃથિવીપર વસતાં મનુષ્યાદિ પ્રાણીઓની વિચિત્ર સ્થિતિ જોઇ તેમની તેવી સ્થિતિનું વાસ્તવિક કારણ જાણવાની ઇચ્છા રાખનાર કોઇ મનુષ્ય પોતાના દેશના કોઇ વિવેકી ને દયાલુ પ્રસિદ્ધ વિદ્વાનની સમીપ ગયો, અને તેમને આદરપૂર્વક નમન કરી પછી વિનયપૂર્વક તે આ પ્રમાણે પૂછવા લાગ્યોઃ–" હે ભગવન્ ! આ પૃથિવીમાં કોઇ મનુષ્યો ઉત્તમ કુલમાં જન્મ પામેલા ને કોઇ મનુષ્યો અધમ કુલમાં જન્મ પામેલા, કોઇ સુરૂપ ને કોઈ કુરૂપ, કોઇ બહુધા નીરોગ ને કોઈ બહુધા રોગગ્રસ્ત, કોઇ બલવાન્ શરીરવાળા ને કોઈ બલહીન શરીરવાળા, કોઇ ધનવાન્ ને કોઇ દરિદ્રી, કોઇ પ્રતિષ્ઠિત ને કોઈ અપ્રતિષ્ઠિત, કોઇ રાજા ને કોઇ પ્રજા, કોઇ સર્વ ઇંદ્રિયોવાળા ને કોઇ એક કે વધારે ઇંદ્રિયોથી રહિત, કોઇ બલવાન્ ઇંદ્રિયોવાળા

ને કોઇ નિર્બલ ઇંદ્રિયોવાળા, કોઈ બુદ્ધિબલવાળા ને કોઇ બુદ્ધિહીન-જેવા. કોઇ વિદ્વાન્ ને કોઈ નિરક્ષર, કોઈ સદાચરણમાં પ્રીતિવાળા ને કોઇ દુરાચરણમાં પ્રીતિવાળા, કોઈ ભક્ત ને કોઇ અભક્ત, કોઇ ચિત્તને વશ વર્તાવનારા ને કોઇ ચિત્તને વશ વર્તનારા, અને કોઇ જ્ઞાની ને કોઇ અજ્ઞાની પ્રતીત થાય છે. વળી માણસથી ઊતરતા ગણાતાં પ્રાણીઓમાં પણ કોઇ પ્રાણી સુખી ને કોઇ પ્રાણી દુઃખી તથા કોઇ પ્રાણી બલવાન્ ને કોઈ પ્રાણી નિર્બલ જોવામાં આવે છે. માણસોની અને તેનાથી ઊતરતાં પ્રાણીઓની સ્થિતિની આવી વિચિત્રતા શાથી છે ? પ્રાણીઓને આ વિચિત્ર સ્થિતિઓ શુ અકસ્માત્-જ પ્રાપ્ત થયેલી છે ? કે કોઇ નિયામક તેમને આવી સ્થિતિઓ પોતાની ઇચ્છાપ્રમાણે આપી છે ? વા અન્ય કોઇ કારણથી તેમને આવી વિચિત્ર સ્થિતિઓની પ્રાપ્તિ થઈ છે ' મારા મનમાં બાણની પેઠે સાલતા આ સંદેહને હે પ્રભો ! આપ કૃપા કરીને દૂર કરશો. '

તે પૃચ્છા કરનાર મનુષ્યના આવાં વચનો સાંભળી આ વિશ્વની સર્વ સ્થિતિઓને હાથમાં રાખેલા આંબળાની પેઠે સંશયવિપર્યયરહિત જાણનારા ને ઉદારચિત્તવાળા તે પરમકારુણિક મહાવિદ્વાન્ તે મનુષ્ય-ના સંશયને દૂર કરવા તેના પ્રતિ પ્રસન્નમને ગભીર ને મધુર સ્વરથી આ પ્રમાણે કહેવા લાગ્યા:—"હે સજ્જન ! તમે યોગ્ય પૂછ્યુ. જે ઉપયોગી વિષય આપણને ન સમજાતો હોય તે વિષય આપણાથી વધારે જાણનારને પૂછવાથી આપણા મનનુ સમાધાન થવાનો સંભવ છે, ને તે સમાધાનથી આપણને આપણા કર્તવ્યની દિશાનું યથાર્થ ભાન થાય છે, વા આપણા કર્તવ્યમાં કાંઇ સુધારો કે ફેરફાર કરવાજેવુ હોય તો તે જણાઇ આવે છે. આમ થવાથી આપણે આપણા કર્તવ્યનું ઉત્તરોત્તર ઉત્તમ પ્રકારે પાલન કરીને

અંતે કૃતાર્થ થઇએ છીએ. 'પૃછતા નર પડિતા' તથા 'પૃછનાં સો ભૂલનાં નહિ' આ કહેવતો પણ યોગ્ય પુરુષને ઉપયોગી પ્રશ્નો કરવામા રહેલા લાભને સૂચવે છે. મિથ્યાભિમાનથી કે શરમથી જે મનુષ્ય પોતાને ઉપયોગી હોય તેવા સંદેહવાળા વિષયનો પ્રશ્ન કોઇ યોગ્ય વિદ્વાનને પૃછી શકતો નથી તે પોતાના પ્રાપ્ત જ્ઞાનમાં વધારો કરી શકતો નથી, ને જ્ઞાનની વૃદ્ધિના અભાવે તે પોતાની શક્તિમા વધારો નહિ કરી શકવાથી કૃતાર્થ પણ થઇ શકતો નથી.

હે વિવેકિન્ ! આ પૃથિવીપર રહેલાં તથા અન્ય ભુવનોમા રહેલા પ્રાણીઓની જે વિચિત્ર સ્થિતિઓ આપણા જોવામાં તથા સાંભળવામા આવે છે તે સર્વ વિચિત્ર સ્થિતિઓ તેમનાં પૂર્વકર્મોને લીધે તેમને પ્રાપ્ત થઇ છે, અર્થાત્ પ્રાણીઓની ભિન્ન ભિન્ન રુચિ પ્રવૃત્તિ, સ્થિતિ ને આકૃતિમા તે પ્રાણીઓએ પૂર્વે કરેલા કર્મો હેતુભૂત છે. કર્મ એટલે ક્રિયા. કર્મ શુભ, અશુભ અને મિશ્ર એમ ત્રણ પ્રકારના છે. તેમા શુભ કર્મ બે પ્રકારનાં છે, સકામ શુભ કર્મ ને નિષ્કામ શુભ કર્મ. આ લોકના વા પરલોકના કોઇ પણ પ્રકારના ફલની ઇચ્છા રાખીને કર્તાપણાના અભિમાનપૂર્વક કરવામાં આવતુ શુભ કર્મ તે **સકામ** શુભ કર્મ કહેવાય છે; અને ચિત્તશુદ્ધિ, જ્ઞાન ને પરમાત્માની કૃપા વા મોક્ષથી ભિન્ન કોઇ પણ પ્રકારના સાંસારિક ફલની ઇચ્છાવિના નિરભિમાનપણે કરવામાં આવતુ શુભ કર્મ તે **નિષ્કામ** શુભ કર્મ કહેવાય છે. જે કર્મવડે પોતાને કે અન્યને વર્તમાનમાં કે ભવિષ્યમાં અપકાર ન થાય તથા પોતાને વર્તમાનમાં સંતોષ ને ભવિષ્યમાં નિર્દોષ લાભ મળે તે કર્મ **શુભ** કહેવાય છે, જે કર્મવડે પોતાને કે અન્યને વર્તમાનમા કે ભવિષ્યમાં અપકાર થાય, તથા પોતાને વર્તમાનમાં પોતાના કોઇ મનોવિકારથી સંતોષ

થતાં છતાં પણ ભવિષ્યમાં દુઃખની પ્રાપ્તિ થાય તે કર્મ **અશુભ** કહેવાય છે, અને જે કર્મવડે પોતાને કે અન્યને વર્તમાનમાં કે ભવિષ્યમાં ઉપકારઅપકાર થાય તથા પોતાને વર્તમાનમાં હર્ષખેદ ને ભવિષ્યમાં સુખદુઃખ થાય તે કર્મ **મિશ્ર** કહેવાય છે. શાસ્ત્રના શબ્દોમાં કહીએ તો શાસ્ત્ર કરવાયોગ્ય કહેલાં જે કર્મ તે **શુભ**, જે કર્મ કરવાની શાસ્ત્રે ના પાડી છે તે કર્મ **અશુભ**, ને જે પુણ્યપાપ ઉભય રૂપ હોય એવું કર્મ તે **મિશ્ર** કહેવાય છે. સ્થૂલશરીર, વાણી આદિ પાંચ કર્મેંદ્રિયો, શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેંદ્રિયો ને અંતઃકરણ એ સર્વ આ જીવને કર્મ કરવાનાં સાધનો છે. એ સાધનોવડે જે જે કર્મ કરવામાં આવે છે તે તે કર્મના સંસ્કાર તે કર્મ કરનાર મનુષ્યના અંતઃકરણમાં પડે છે. કર્મ જો અંતઃકરણાદિના મંદ વેગથી કરવામાં આવ્યું હોય તો તેના સંસ્કાર થોડા બલવાળા પડે છે. કર્મ જો મધ્યમ વેગથી કરવામાં આવ્યું હોય તો તેના સંસ્કાર મધ્યમ બલવાળા પડે છે, અને કર્મ જો તીવ્ર વેગથી કરવામાં આવ્યું હોય તો તેના સંસ્કાર બહુ બલવાળા પડે છે. થોડા બલવાળા સંસ્કારો જો તેનાથી વિપરીત સંસ્કારોવડે ફલ આપવાની શક્તિથી રહિત ન થાય તો તેઓ લાંબે કાલે ફલ આપવા સમર્થ થાય છે, મધ્યમ બલવાળા સંસ્કારો જો તેનાથી વિપરીત સંસ્કારોવડે ફલ આપવાની શક્તિથી રહિત ન થાય તો તેઓ કેટલોક સમય વીત્યા પછી ફલ આપવા સમર્થ થાય છે, અને તીવ્ર ને તીવ્રતર બલવાળા સંસ્કારો જો તેનાથી વિપરીત સંસ્કારોવડે ફલ આપવાની શક્તિથી રહિત ન થાય તો તેઓ થોડા સમયમાં ફલ આપવા સમર્થ થાય છે.

જેમ આઘ્રાત અને પ્રત્યાઘ્રાત એ બને સમાન સામર્થ્યવાળા ને એકબીજાથી વિરુદ્ધગતિવાળા છે તેમ કર્મવડે પડતા સંસ્કારો અને

તેવડે પ્રકટનારુ ફલ એ બને પણ સમાન સામર્થ્યવાળા ને એક-બાજાથી વિરુદ્ધગતિવાળાં છે. કર્તાએ અન્યને સુખ કે દુ:ખ આપવા-માટે જે કર્મ કર્યું હોય તેના સંસ્કારો પ્રથમ કર્તાના અંતઃકરણની અભિમુખ થઇ તેના અંતઃકરણમાં સ્થિતિ કરે છે, ને વિપાકકાલે કર્તાને સુખની કે દુ:ખની સામગ્રી મેળવી આપવા બાહ્યવેગવાળા થઇ સામા ઊછળે છે તેથી તે સંસ્કારો ને ફલ એકબીજાથી વિરુદ્ધગતિવાળાં છે એમ કહેવાય છે.

શુભ કર્મવડે કર્તાના અંત કરણમા શુભ સંસ્કાર પડે છે, ને તે શુભ સંસ્કારથી સમય આવે કર્તાના અંતઃકરણમાં શુભ વિચાર ઉપજે તેની શુભ કર્મમાં પ્રવૃત્તિ થાય છે; અને અશુભ કર્મવડે કર્તાના અંતઃ-કરણમાં અશુભ સંસ્કાર પડે છે, ને તે અશુભ સંસ્કારથી સમય આવે કર્તાના અંતઃકરણમા અશુભ વિચાર ઉપજે તેની અશુભ કર્મમાં પ્રવૃત્તિ થાય છે.

તમે કોઇ મનુષ્યને મહાજ્ઞાની, કોઇને મહાયોગી, કોઇને મહાભક્ત, કોઇને મહાવિરાગી, કોઇને ધર્મનિષ્ઠ, કોઇને સદ્દગુણી, કોઇને સદાચારી, કોઇને વિદ્વાન્, કોઇને પ્રતિષ્ઠિત, કોઇને તીક્ષ્ણબુદ્ધિવાળો, કોઇને સર્વ ઇંદ્રિયોના યોગ્ય સામર્થ્યવાળો, કોઇને સુરૂપ, કોઇને બલવાન્, કોઇને નીરોગ, કોઇને ગુણવાન્ પતિવ્રતા ને સુરૂપ સ્ત્રીવાળો, કોઇને સુપુત્ર-વાળો, કોઇને સુપુત્રીવાળો, કોઇને સારાં સગાંવહાલાંવાળો, કોઇને સુમિત્રવાળો, કોઇને સુસેવકવાળો, કોઇને ધનવાન્ અને કોઇને અન્ય અનુકૂલ સ્થિતિવાળો જુઓ છો તે સર્વ સ્થિતિઓ તેમને તેમનાં પૂર્વજન્મોનાં વા આ જન્મનાં શુભ કર્મોથી પ્રાપ્ત થઇ છે, અર્થાત્ ઉપર કહેલી સ્થિતિમાની કોઇ પણ એક વા તેથી વધારે ઇચ્છવા-

યોગ્ય સ્થિતિ તેમને તેમનાં શુભ કર્મોના પરિણામરૂપે પ્રાપ્ત થઇ છે; અને તમે કોઇ મનુષ્યને અજ્ઞાની, કોઇને ચચલચિત્તવાળો, કોઇને પરમાત્માથી વિમુખ, કોઇને રાગી, કોઇને ધર્મમાં શ્રદ્ધાવિનાનો, કોઇને દુર્ગુણી, કોઇને દુરાચારી, કોઇને નિરક્ષર, કોઇને જ્યાં ત્યાં અપમાન પામતો, કોઇને જાડી બુદ્ધિવાળો, કોઇને ન્યૂન ઇંદ્રિયવાળો વા ઇંદ્રિયોના યોગ્ય સામર્થ્યવિનાનો, કોઇને કુરૂપ, કોઇને નિર્બલ, કોઇને રોગી, કોઇને કુલટા ગુણહીન ને કુરૂપ સ્રીવાળો, કોઇને કુપુત્રવાળો, કોઇને કુપુત્રીવાળો, કોઇને નઠારાં સગાંવહાલાંવાળો, કોઇને કુમિત્રવાળો, કોઇને નઠારા સેવકવાળો, કોઇને નિર્ધન ને કોઇને અન્ય પ્રતિકૂલ સ્થિતિવાળો જુઓ છો તે સર્વ સ્થિતિઓ તેમને તેમનાં પૂર્વજન્મોનાં વા આ જન્મનાં અશુભ કર્મોથી પ્રાપ્ત થઈ છે, અર્થાત્ ઉપર કહેલી સ્થિતિમાંની કોઈ પણ એક વા તેથી વધારે નહિ ઇચ્છવાયોગ્ય સ્થિતિ તેમને તેમનાં અશુભ કર્મોના પરિણામરૂપે પ્રાપ્ત થઇ છે. સ્રીઓની સુખીદુ:ખી સ્થિતિમાં પણ તેમણે આગળ કરેલા શુભાશુભ કર્મો હેતુરૂપ છે. પશુ, પક્ષી, તિર્યક્. (પેટે ચાલનારાં પ્રાણી,) જલચર, કીટ ને પતગાદિની સારી વા નઠારી સ્થિતિમા પણ તેમનાં (તે જીવનાં) આગળ કરેલા સારાં વા નઠારાં કર્મ હેતુરૂપ છે. આવી રીતે આ જગત્માં પ્રાણીઓની જે જે વિચિત્ર સ્થિતિઓ જોવામાં આવે છે તે તે વિચિત્ર સ્થિતિઓનું કારણ તે તે જીવોએ આગળ કરેલાં વિચિત્ર કર્મોજ છે.

હે સારગ્રાહી બુદ્ધિવાળા ! એક ઇશ્વરસદશ સમર્થ આચાર્યને તમે સિંહાસનઉપર બેસી ધર્મોપદેશ કરતા જુઓ છો ને સહસ્રો મનુષ્યોને તેમના ચરણારવિંદઆગળ બેસી તેમના ઉપદેશામૃતનું પરમપ્રીતિ ને વિનયપૂર્વક પાન કરતા જુઓ છો, એક વિદ્વાનને તમે

ઉચ્ચાસનપર બેસી અધ્યયન કરાવતા જુઓ છો ને એકડો વિદ્યાર્થીઓને તેમની પાસેથી શાસ્ત્રોનું અધ્યયન કરતા જુઓ છો, એક રાજાને તમે સિંહાસનઉપર બેસી અન્ય જનોને આજ્ઞા કરતા જુઓ છો ને તેમના એકડો સેવકોને, તે નૃપની આજ્ઞાને મસ્તકપર ચઢાવતા જુઓ છો, એક ધનવાનને તમે વ્યવહારના ઉત્તમ સુખનો અનુભવ કરતો જુઓ છો ને એક નિર્ધનને વ્યવહારમા દુઃખાનુભવ કરતો જુઓ છો, એક મનુષ્યને તમે અનુકૂલ સગાંવહાલાં આદિવાળો ને અનુકૂલ સ્થિતિવાળો જુઓ છો ને બીજાને તેથી કેવલ વિપરીત સ્થિતિમાં જુઓ છો, એક હાથીને તમે કોઈ મહારાજાની ગજશાલામા શ્રમવિના માનપૂર્વક ઉત્તમ પ્રકારના આહારનો અનુભવ કરતો જુઓ છો ને એક હાથીને એક ઘાસ વેચનારાને ત્યાં ઘાસ વહેવાનુ શ્રમસાધ્ય કામ કરતાં છતા માત્ર સાધારણ આહારપર પોતાના દિવસો વ્યતીત કરતો જુઓ છો, એક અશ્વને તમે રાજાની ઘોડારમાં મનુષ્યોથી સેવાતો જુઓ છો ને એક અશ્વને બરડાપર ભાઠાં પડચાં છે તોપણ દુઃખપૂર્વક ભાર ઉપાડીને ચાલતો જુઓ છો, અને એક શ્વાનને તમે મહારાજાના કે ધનાઢચના માણસથી સેવાતો જુઓ છો ને એક શ્વાનને નગરની કે ગામની શેરીઓમા માર ખાતો જુઓ છો, આ તેમની વિપરીત સ્થિતિઓ શુ તમારા અંતઃકરણમાં તેમનાં અધિકન્યૂન શુભ કર્મનુ વા ચઢતાંઊતરતાં શુભાશુભ કર્મના ફલનુ ભાન કરાવતી નથી ?

કર્મ જડ હોવાથી તે પોતાનીમેળે કર્તાને શુભાશુભ સ્થિતિની સાથે જોડવારૂપ ફલ આપી શકે નહિ એમ તમને શકા થાય તો તમારી તે શકાનુ સમાધાન આ પ્રમાણે છેઃ-શુભાશુભ કર્મ કરવાથી કર્તાના અંતઃકરણમા શુભાશુભ સંસ્કાર પડે છે. તે સંસ્કારના

અધિષ્ઠાનરૂપ જે ચેતન છે તે ચેતન તથા તે ચેતનને આશરે રહેલી માયા એ બેનો સંયોગ થવાથી પ્રતીત થનારું જે તત્ત્વ છે તેને અંતર્યામી એવું નામ આપવામાં આવે છે, તે અંતર્યામી વા ઈશ્વર કર્મફલપ્રદાતા મનાય છે. તે ઈશ્વર મનુષ્યનાં શુભાશુભ કર્મનુ શુભાશુભ ફલ આપવામા નિમિત્તરૂપ થાય છે. આવી રીતે ઈશ્વરચેતન કર્મનુ ફલ આપે છે, કર્મના જડ સંસ્કારો પોતે પોતાનીમેળે ફલ આપતા નથી. કર્મનું ફલ થવામાં સંસ્કારો ઉપાદાનકારણરૂપ છે, ને ઈશ્વર નિમિત્તકારણરૂપ છે.

સંચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ એમ કર્મના ત્રણ પ્રકાર પણ ગણવામાં આવે છે. જે કર્મો અંતઃકરણાદિના મદ વા મધ્યમ વેગવડે થયેલાં હોવાથી જેના સંસ્કારો બહુ બલવાન્ વેગથી પડ્યા નથી તેથી વર્તમાનજન્મમાં જેનુ ફલ ભોગવવામાં આવવાનુ નથી એવા અપક્વ સંસ્કારો વા તેવા સંસ્કારોનું હેતુભૂત કર્મ ને **સંચિતકર્મ** કહેવાય છે, સંચિતકર્મના સમૂહમાંથી વર્તમાનદેહના પતનકાલે ફલ આપવામાટે પરિપક્વ થયેલા જે સંસ્કારો તુરતનો ભાવિજન્મ આપવામાં હેતુભૂત થાય છે તે સંસ્કારો વા તેનાં હેતુભૂત કર્મો તે **પ્રારબ્ધકર્મ** કહેવાય છે, અને પ્રારબ્ધકર્મનું ફલ ભોગવતાં અભિમાનપૂર્વક જે જે કર્મ કરવામાં આવે છે તે તે કર્મ વા તે તે કર્મદ્વારા પડતા સંસ્કારો તે **ક્રિયમાણકર્મ** કહેવાય છે. ક્રિયમાણકર્મથી પડેલા સંસ્કારોમાંથી જે સંસ્કારો વર્તમાનશરીરમાં ફલ આપી શકે એવા બલવાન્ હોય તે પ્રારબ્ધકર્મરૂપ થાય છે, ને જે સંસ્કારો બલહીન હોય તે સંચિતકર્મની સાથે ભળે છે.

જે કર્મમાં શરીરનું પ્રધાનપણુ હોય તે શુભાશુભકર્મનું શુભાશુભ ફલ આ જન્મમાં કે આવતા જન્મમાં મુખ્યત્વે શરીરપર થાય છે.

જે કર્મમાં કોઇ પણ ઇંદ્રિયનુ પ્રધાનપણું હોય તે શુભાશુભકર્મનું શુભાશુભ ફલ આ જન્મમાં કે આવતા જન્મમાં મુખ્યત્વે તે કર્મ કરનાર ઇંદ્રિયપર થાય છે, અને જે કર્મમાં અંતઃકરણનુ પ્રધાનપણુ હોય તે શુભાશુભકર્મનુ શુભાશુભ ફલ આ જન્મમાં કે આવતા જન્મમાં મુખ્યત્વે અંતઃકરણપર થાય છે. શરીરાદિવડે થનારાં તે શુભાશુભ કર્મ નાનાપ્રકારનાં હોવાથી તેનાં શરીરાદિને પ્રાપ્ત થનારા ફલ પણ નાનાપ્રકારનાં હોય છે. મનુષ્ય પોતાના શરીરાદિવડે જે શુભાશુભ કર્મો કરે છે તે કર્મોને તથા તે કર્મદ્વારા તેને ભવિષ્યમા પ્રાપ્ત થતાં ફલોને થોડાંક ઉદાહરણો આપીને તમને સમજાવવામાં આવે છે. જે મનુષ્ય વર્તમાનજન્મમાં પોતાની જાતિનુ વા કુલનુ બહુ અભિમાન કર્યા કરે છે તે અહિ તિરસ્કારને પાત્ર થઇ ભાવિ-જન્મમાં નીચ જાતિમાં વા નીચ કુલમાં જન્મ ધારણ કરે છે, અને જે મનુષ્ય વર્તમાનજન્મમાં પોતાની જાતિનુ વા કુલનું અભિમાન જેટલા પ્રમાણમાં કરતો નથી તેટલા પ્રમાણમાં વર્તમાનજન્મમાં તે માન પામી ભાવિજન્મમાં ઉત્તમ જાતિમા વા ઉત્તમ કુલમાં જન્મ ધારણ કરે છે; જે મનુષ્ય પોતાના શરીરના બલનું અભિમાન કરે છે તે મનુષ્ય વર્તમાનજન્મમાં શરીરના બલની કાંઇક ક્ષીણતા અનુભવી ભાવિજન્મમાં શરીરની નિર્બલતાને પ્રાપ્ત થાય છે, અને જે મનુષ્ય વર્તમાનજન્મમાં પોતાના શરીરબલનું અભિમાન કરતો નથી તે મનુષ્ય વર્તમાનજન્મમાં શરીરના બલને કાંઇક અંશે અનુભવી ભાવિજન્મમાં શરીરના વિશેષ બલને પ્રાપ્ત કરે છે; જે મનુષ્ય વર્તમાનજન્મમાં પોતાના શરીરને અપવિત્ર રાખ્યા કરે છે તે મનુષ્ય ઉત્તરોત્તર વધારે મલિનતાવાળો થઇ ભાવિજન્મમાં મલિનતાવાળુ શરીર પામે છે, અને જે મનુષ્ય વર્તમાનજન્મમાં

પોતાના શરીરને પવિત્ર રાખ્યા કરે છે તે મનુષ્ય ઉત્તરોત્તર વધારે પવિત્રતાવાળો થઇ ભાવિજન્મમાં પવિત્રતાવાળુ શરીર પ્રાપ્ત કરે છે: જે મનુષ્ય વ્યભિચારમા પ્રવૃત્ત રહે છે તે મનુષ્ય આ જન્મમાં હતવીર્ય થઇ ભાવિજન્મમાં નપુસક થાય છે, અને જે મનુષ્ય વ્યભિચારથી દૂર રહે છે તે મનુષ્ય આ જન્મમાં વીર્યવાન્ રહી ભાવિજન્મમાં વીર્યવાળા શરીરને પ્રાપ્ત થાય છે: જે મનુષ્ય વર્તમાન-જન્મમાં હિંસા કર્યા કરે છે તે મનુષ્ય આ જન્મમાં અન્યથી થતી પીડાનો કેટલોક અનુભવ કરી ભાવિજન્મમાં અન્યથી પીડા થાય એવા શરીરને પ્રાપ્ત કરે છે; અને જે મનુષ્ય વર્તમાનજન્મમાં ચોરી કરે છે તે મનુષ્ય આ જન્મમાં કાંઇક નિર્ધનતાનો અનુભવ કરી ભાવિજન્મમાં વિશેષ નિર્ધનતાનો અનુભવ કરે છે, અને જે મનુષ્ય વર્તમાનજન્મમાં ચોરી કરતો નથી તે મનુષ્ય આ જન્મમાં કાંઇક ધનવાન્પણાનો અનુભવ કરી ભાવિજન્મમાં મહાધનવાન્ થાય છે. આવી રીતે શરીરવડે થતાં શુભાશુભ કર્મનું સારૂ કે નઠારૂ ફલ કર્મના નિયમપ્રમાણે કર્મફલપ્રદાતા શ્રીઇશ્વિરતરફથી મનુષ્યને પ્રાપ્ત થાય છે. શ્રોત્ર, ત્વચા, નેત્ર. રસના ને નાસિકાવડે તથા વાણી, હાથ, પગ, ઉપસ્થ ને ગુદાવડે જે જે શુભ વા અશુભ કર્મ થાય છે તે તે શુભ વા અશુભ કર્મનું શુભ વા અશુભ ફલ તેમને આ જન્મમાં કે જન્માંતરમાં પ્રાપ્ત થાય છે. તેમના અશુભકર્મવડે તેમની સ્વાભાવિક શક્તિની ક્ષીણતા પ્રાપ્ત થાય છે, અને તેમના શુભકર્મવડે તેમની સ્વાભાવિક શક્તિનો વિકાસ થતો અનુભવાય છે. શ્રોત્રાદિ જ્ઞાનેંદ્રિયોની તથા વાગાદિ કર્મેંદ્રિયોની શુભાશુભ પ્રવૃત્તિ કઇ છે એ તમારા જાણવાબહાર નહિ હોય તેથી તે વિષયની અહિં વિશેષ ચર્ચા કરવી અગત્યની નથી. અંતઃકરણની શુભાશુભ પ્રવૃત્તિવિષે પણ તમે અજ્ઞાત

નહિ હો. તેની અશુભ પ્રવૃત્તિવડે તેનુ સ્વાભાવિક બલ ઉત્તરોત્તર ઘટતુ જાય છે અને તેની શુભ પ્રવૃત્તિવડે તેનુ સ્વાભાવિક બલ ઉત્તરોત્તર વિકાસ પામતુ જાય છે. કાનનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમાં બહેરો થાય, ત્વચાનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમાં ત્વચાના કોઢ આદિ કોઇ ભયકર રોગવાળો થાય, નેત્રનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમાં આધળો થાય, જીભનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમા જીભના સામર્થ્યવિનાનો થાય, નાસિકાનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમાં નાસિકાના સામર્થ્યવિનાનો થાય, વાણીનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમાં મુગો થાય, હાથનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમાં હાથવિનાનો થાય, અને પગનો બહુ દુરુપયોગ કરનારો ભાવિજન્મમા પગવિનાનો થાય. ઉપસ્થના તથા ગુદાના દુરુપયોગમાટે પણ એમજ જાણવુ. તે ઇંદ્રિયોનો સદુપયોગ કરવાથી તે સદુપયોગ કરનારને ભાવિજન્મમાં તે તે ઇંદ્રિયોના સદુપયોગના પ્રમાણમાં તે તે ઇંદ્રિયોના શુભબલની પ્રાપ્તિ થાય છે અને તેનો દુરુપયોગ કરવાથી તેથી વિપરીત ફલ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય પોતાના અંતઃકરણનો બહુ દુરુપયોગ કરે છે તે મનુષ્ય ભાવિજન્મમાં તે દુરુપયોગના પ્રમાણમાં અંતઃકરણવિનાનો એટલે ગાડો થાય છે, અને તેનો શુભ ઉપયોગ કરનાર ભાવિજન્મમાં ઉચ્ચ બલવાળુ અંતઃકરણ મેળવે છે.

મનુષ્ય વર્તમાનજન્મમાં જેવી ભાવનાવડે જેવા જેવાં કર્મો કરે છે તે તે કર્મના તેને તેવાં તેવાં ફલ આ જન્મમાં કે જન્માંતરમાં પ્રાપ્ત થાય છે. વર્તમાનજન્મમા મનુષ્યને જે બાહ્યસામગ્રીની અનુકૂલતા કે પ્રતિકૂલતા, શરીરનુ ઉત્તમજાતિવાળાપણું નીરોગપણું સુંદરપણુ કે બલવાનપણુ વા શરીરનું અધમજાતિવાળાપણુ રોગીપણું

કુરૂપપણું કે નિર્બલપણું, ઇંદ્રિયોની યોગ્યતા કે અયોગ્યતા અને અંતઃકરણની યોગ્યતા કે અયોગ્યતા જોવામાં આવે છે તે સર્વ તેમને પોતપોતાના શુભ વા અશુભ કર્મથી પ્રાપ્ત થયેલ છે એમ વિદ્વાનો માને છે.

મનુષ્યની વર્તમાન સ્થિતિના હેતુભૂત તેનાં પૂર્વકર્મો છે, ને તેની ભાવિસ્થિતિની રચના કરવામા તેનાં પછીનાં એટલે બહુધા વર્તમાનજન્મના કર્મો ઉપયોગી થાય છે. જે મનુષ્ય પોતાના વર્તમાનજન્મમાં ધનધાન્યાદિ લૌકિક સામગ્રી મેળવી સુખી થવા ઇચ્છતો હોય, જે મનુષ્ય પોતાનો ભાવિજન્મ અનુકૂલ સ્થિતિવાળો ઇચ્છતો હોય, જે મનુષ્ય વિદ્વાન્ થવા ઇચ્છતો હોય, જે મનુષ્ય સદાચરણી થવા ઇચ્છતો હોય, જે મનુષ્ય ભુવર્લોકમાં સ્વર્ગલોકમાં મહર્લોકમા જનલોકમાં તપોલોકમાં કે સત્યલોકમાં દેવ થઇને ત્યાંનાં ઉત્તમ સુખોનો અનુભવ કરવા ઇચ્છતો હોય, જે મનુષ્ય ચિત્તને એકાગ્ર કરવા ઇચ્છતો હોય, જે મનુષ્ય અનન્યભક્ત થવા ઇચ્છતો હોય, અને જે મનુષ્ય ક્રમમોક્ષ વા સદ્યોમોક્ષ મેળવવા ઇચ્છતો હોય તેણે ઇચ્છિતનો લાભ થતાસુધી આદરપૂર્વક નિરતર શરીર, ઇંદ્રિયો ને અતઃકરણથી શુભકર્મજ કર્યા કરવાં જોઇએ. વિધિવત્ સકામકર્મ કરવાથી જીવને આ લોક પરલોકના ઇચ્છિત સુખો મળે, તથા કર્તાપણાનુ અભિમાન ને ફલેચ્છાનો ત્યાગ કરીને લૌકિકવૈદિક કર્મ આદરપૂર્વક કરવાથી તેને ચિત્તશુદ્ધિની પ્રાપ્તિ થઇ તે ચિત્તશુદ્ધિ તેને જ્ઞાનનાં વિવેકાદિ સાધનો પ્રાપ્ત કરવામાં સહાય થાય, અને ઉપાસના પણ માનસ કર્મ હોવાથી તેને કર્મની અંતર ગણીએ તો તેથી ઉપાસકને પોતાના ઇષ્ટદેવના લોકની પ્રાપ્તિરૂપ ક્રમમોક્ષ થાય, પણ કર્મથી સદ્યોમોક્ષનો લાભ કહેવો એ શ્રુતિસ્મૃતિથી વિરુદ્ધ છે એવી શંકાને

અત્ર અવકાશ નથી, કારણકે શ્રીસદ્‌ગુરુએ ઉપદેશ કરેલા બ્રહ્મતત્ત્વનુ મનન તથા નિદિધ્યાસન કરવા અથવા પરમતત્ત્વસંબધિ વિચાર કરવો એ પણ એક પ્રકારનુ માનસ કર્મ છે. ને તે માનસકર્મવડે પરિણામે આત્માથી અભિન્ન બ્રહ્મના જ્ઞાનદ્વારા અજ્ઞાનનો ઉચ્છેદ થવાથી તે અજ્ઞાનની નિવૃત્તિદ્વારા મોક્ષલાભ થાય છે માટે ઉપરનુ કથન સર્વથા નિર્દોષ છે.

શરીરદ્વારા અને ઇંદ્રિયોદ્વારા થતાં સંધ્યાવદન, જપ, તપ, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, દાન, ગુરુજનોની સેવા ને પવિત્રતા આદિ શુભકર્મો-દ્વારા અને અંતઃકરણવડે થતા શુભધ્યાન ને શુભવિચારરૂપ કર્મદ્વારા પ્રથમ અંતઃકરણપર ને પ્રાણપર તે કર્મના સંસ્કારોદ્વારા સારી અસર થાય છે, અને પછી તે સંસ્કારો તથા અંતઃકરણની શુભપ્રવૃત્તિ ઇંદ્રિયો, શરીર ને બાહ્યસ્થિતિપર સારી અસર કરે છે. એવી રીતે અંતઃકરણા-દિપર શુભકર્મોની સારી ને અશુભકર્મોની નઠારી અસર થાય છે. કોઈ પણ પ્રકારનું શુભકર્મ આદરપૂર્વક વિધિવત્ કરવાથી મનુષ્યના ચિત્તની યોગ્યતામા વધારો થાય છે, ને ચિત્તની તેવી યોગ્યતા મનુષ્યને આ લોક પરલોકનું ઇચ્છિત સુખ મેળવવામાં ઉપયોગી થાય છે, એ કથનમાં વિવેકીને સંદેહ થવો સંભવતો નથી.

શુભકર્મમાં મનુષ્યની પ્રીતિ કેવી રીતે થાય, અને અશુભકર્મ કરવાભણી પ્રકટતા અંતઃકરણના, ઇંદ્રિયોના ને શરીરના કુવેગને મનુષ્ય કેવી રીતે રોકી શકે એમ જો તમને શંકા થતી હોય તો સાંભળોઃ— સત્પુરુષોના સમાગમદ્વારા ને સતશાસ્ત્રના સમજપૂર્વક વાચનદ્વારા વા શ્રવણદ્વારા મનુષ્ય જો શુભકર્મનું માહાત્મ્ય સમજે, અર્થાત્ શુભકર્મ ચિંતામણિરૂપ છે, ને તે સર્વ પ્રકારનું ઇચ્છિત સુખ આપવા સમર્થ

છે એમ જો તે જાણે તો તેને શુભકર્મમાં પ્રીતિ ઉપજે છે. શુભકર્મમાં ઉત્પન્ન થયેલી પ્રીતિ સર્વદા ટકાવી રાખવામાટે વા તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવામાટે તેણે શુભકર્મમાં બહુ પ્રીતિ રાખનારા તથા શુભકર્મનું અનુષ્ઠાન કરનારા મનુષ્યોનો અનુકૂલબુદ્ધિપૂર્વક વારવાર સમાગમ કરવો જોઇએ. અશુભકર્મ કરવાભણી પ્રકટતા અંતઃકરણાદિના કુવેગને અશુભકર્મથી પ્રાપ્ત થનારી હાનિના વિચારવડે, અશુભકર્મમાં પ્રીતિ રાખનારા મનુષ્યના ઉપેક્ષાપૂર્વક ત્યાગવડે ને શુભકર્મમાં તથા તેના અનુષ્ઠાનમાં પ્રીતિ રાખનારા મનુષ્યના આદરપૂર્વક સમાગમવડે, શુભ-કર્મના અનુષ્ઠાનના ને અશુભકર્મના ત્યાગના નિશ્ચયના સતત સ્મરણ-વડે અને અશુભકર્મભણીના અંતઃકરણાદિના વેગને શમાવવાની તથા શુભકર્મભણી અંતઃકરણાદિના વેગને વધારવાની કૃપા કરવાની અંતર્યામી-ની આદરપૂર્વક પુનઃ પુનઃ પ્રાર્થનાવડે અશુભકર્મભણી પ્રકટતા અંતઃ-કરણાદિના કુવેગને મનુષ્ય ક્રમપૂર્વક રોકવા સમર્થ થાય છે. આ સર્વ આદરપૂર્વક કંટાળ્યા વિના વારવાર કરવાથી ફલદાતા થાય છે. મૂર્ખાઇ-થી પડેલા કુસ્વભાવો તુરત મનુષ્યનો પલ્લો છોડતા નથી, ધૈર્ય ને સાવધાનતા રાખી પ્રીતિપૂર્વક દીર્ઘકાલ નિરંતર યોગ્ય પુરુષપ્રયત્ન કરવામાં આવે ત્યારેજ તે રાક્ષસો નિરાશ થઈ આ મનુષ્યનું લોહી પીવાનુ કામ હવે અશક્ય છે એમ જાણી તેની આગળથી સદાને માટે અદૃશ્ય થઇ જાય છે. મનુષ્ય જો કર્મનો યથાર્થ મહિમા સંશય-વિપર્યયવિના સમજે, ને અશુભકર્મને ત્યજી શુભકર્મમાંજ પ્રીતિપૂર્વક પ્રવૃત્ત રહે તો વર્તમાનકાલમાં મનુષ્યોના મોટા ભાગની જે શોચનીય સ્થિતિ જોવામા આવે છે તે દૂર થઇ જાય,–સર્વત્ર સંભળાતા દુઃખના પોકારો દૂર થાય, ને ઇચ્છિતના લાભવડે સર્વ મનુષ્યોની સુખમય સ્થિતિ પ્રતીત થાય. પ્રણતપાલ પ્રભુએ મનુષ્યને ઉત્તરોત્તર સુખની

અધિકતાનો લાભ થાય તેવો માર્ગ પણ ઉઘાડો રાખ્યો છે. અને ઉત્તરોત્તર દુઃખની પ્રાપ્તિ થાય તેવો માર્ગ પણ ઉઘાડો રાખ્યો છે. કયે માર્ગે ચાલવું તે મનુષ્યની ઇચ્છાનો વિષય છે. આ બધું કથન માત્ર મનુષ્યના આકારવાળા ને પશુના જેવા અંતઃકરણવાળામાટે ઉપયોગી નથી, પણ મનુષ્યના આકારવાળા ને મનુષ્યના જેવા અંતઃકરણવાળામાટે ઉપયોગી છે. ”

તે સર્વજ્ઞજેવા પરમકારુણિક મહાપુરુષનાં ઉપર કહેલા વચનોનું આદરપૂર્વક શ્રવણ કર્યા પછી તેના કોઈ પ્રબલ શુભ કર્મનો ઉદય થવાથી તે વિવેકી મનુષ્યે કૃતાર્થ થવામાટે પોતાના ભાવિ કર્તવ્યનો આ પ્રમાણે નિશ્ચય કર્યો—હવે આજથી મારે મારા મનને ક્રમથી અસત્યભણીથી પાછું વાળી સત્યભણી ઉત્તરોત્તર વધારે વેગવાળું કરવું. અંતઃકરણ તથા ઇંદ્રિયોના યોગ્યાયોગ્ય વેગોનો વિવેક કરી તેના અયોગ્ય વેગોને શાંત કરવા, ને યોગ્ય વેગોને વહેવા દેવા; જ્યાંસુધી મને કર્તવ્યના અવધિનું ભાન થાય ત્યાંસુધી મારે મારા અંતઃકરણનો વિકાસ કર્યા કરવો. શરીર, ઇંદ્રિયો ને અંતઃકરણવડે શુભ કર્મો કરવાના જે જે પ્રસંગો મને પ્રાપ્ત થાય તે તે પ્રસંગોનો લાભ લઇ મારે મારા અંતઃકરણની યોગ્યતા વધારવી. પણ તેને નકામા જવા દેવા નહિ: ક્રોધ, કટુભાષણ, અન્યનું સુખ જોઇ મનમાં થતી બળતરારૂપ ઇર્ષ્યા, ધનતૃષ્ણા, સત્તાતૃષ્ણા, ભેદભાવથી ઉપજતી વિષમભાવના, ત્યજી દીધેલા વિષયોનું સ્મરણ, મિથ્યાભાષણ ને નકામો બકવાદ આ દોષોથી મારે અહોરાત્ર દૂર રહેવું; યોગ્ય હોય તે આદરપૂર્વક કરવું, ને અયોગ્ય હોય તે કદીપણ કરવું નહિ, પછી પ્રાકૃત મનુષ્યો તે વિષે ગમે તેમ કહે તેનો મારે વિચાર ન કરવો: અપકારક રૂઢિઓને વશ નહિ થતાં પ્રમાણ ને યુક્તિથી જે ઉપકારક કર્મ હોય તેમાંજ

મારે આદર રાખવો; ઉતાવળ કરી મારે કોઇને વિષે નઠારો અભિપ્રાય બાંધવો નહિ: જે વિચાર ને આચાર પ્રમાણ, યુક્તિ ને સ્વાનુભવથી શ્રેષ્ઠ જણાય તેનુ આદરપૂર્વક મારે અનુષ્ઠાન કરવું. કોઇની પાસેથી સાભળેલી વાતને તેના સંબધમાં પૂર્વાપરનો વિચાર કર્યા વિના સાચી માની જેની તેની આગળ કહેવાનો સ્વભાવ ન રાખવો: દભ, કપટ ને મિથ્યાભિમાન એ દોષો આત્માના આનદાદિ સ્વભાવને ઢાકે છે માટે મારે તે દોષોથી સર્વદા સર્વથા દૂર રહેવુ: ધનપ્રાપ્તિની, પોતાના વખાણ સાંભળવાની, ઉપકાર માનાવવાની, પ્રતિષ્ઠા મેળવવાની ને સ્વર્ગની ઇચ્છાનો ત્યાગ કરી કર્તવ્ય સમજીને મારે શુભકર્મો કરવા: બોલવામાં બહુજ પરિમિતતા ને સાવધાનતા રાખવી, અર્થાત્ બની શકે ત્યાંસુધી મૌન સેવવુ. અન્ય માણસોની નકામી પચાતમાં પડવુ નહિ; સર્વદા આનંદી રહેવુ, અર્થાત્ દુ:ખની પ્રાપ્તિમાં ખેદને વશ ન થવુ, ને પ્રતિકૂલ પ્રસંગમાં નિરાશ ન થવુ: પ્રાપ્ત કામમા મનને સારી રીતે જોડવાનો સ્વભાવ પાડવો, અર્થાત્ જે કામ કરવુ તે કામરૂપ થઇ જવાનો સ્વભાવ પાડવો: ચિત્તની ચઢતી ભૂમિકાની યોગ્યતા થયે ઊતરતી ભૂમિકાઉપરનો રાગ દૂર કરવો. આળસ, દીર્ઘસૂત્રતા, પ્રમાદ, અધૈર્ય ને અદઢતાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો આત્મનિષ્ઠા રાખવી આત્માના જ્ઞાન ને આનંદાદિ સ્વભાવોનો શીઘ્ર ને સ્પષ્ટ અનુભવ કરાવવામા સમર્થ એવો અડગ વિશ્વાસ રાખવો: અને સર્વ પ્રાણિ-પદાર્થનુ વાસ્તવિક સ્વરૂપ તેજ મારુ પોતાનુ વાસ્તવિક સ્વરૂપ છે એવો દઢ નિશ્ચય રાખી સર્વ પ્રાણિપદાર્થમાં વિશુદ્ધ પ્રેમ રાખવો.

પ્રત્યેક મોક્ષસાધકે પણ આ સજ્જનના જેવોજ પોતાના ભાવિ કર્તવ્યનો નિશ્ચય કરવો ઉચિત છે. ઇતિ શિવમ્.

ॐ

॥ अंक चाळीशमो ॥

॥ भक्तिमहिमा ॥

આ પ્રતીત થતુ જગત્ જેમાથી ઉપજે છે, જેનાવડે સ્થિતિ કરે છે, અને પ્રલયકાલે જેમાં પ્રવેશ કરે છે તે ઈશ્વર કહેવાય છે. એવા ઈશ્વરમાં વા તેમના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મમા વિશુદ્ધ પ્રીતિ રાખવી તે **ભક્તિ** વા ઉપાસના કહેવાય છે. એવી ભક્તિની મહત્તા–મોટાઈ–આ લેખમા દર્શાવવાની છે માટે આ લેખનુ નામ **ભક્તિમહિમા** રાખ્યુ છે.

આ જડ જગતના બીજરૂપ માયાસહિત ચેતન ઈશ્વર કહેવાય છે. આ જગત્મા જે જે જ્ઞાન, સામર્થ્ય ને ઐશ્વર્યાદિ પૂર્વે મનુષ્યાદિના જોવામા આવ્યા હતાં, વર્તમાનકાલમા જોવામા આવે છે, અને ભવિષ્યકાલમા જોવામાં આવશે એ સર્વનુ તથા સ્થાવરજંગમ પ્રાણિપદાર્થનુ બીજ ઈશ્વર છે. આ ઈશ્વરનુ અન્ય નામ સગુણબ્રહ્મ પણ કહેવાય છે. એ સગુણબ્રહ્મનુ વાસ્તવિક સ્વરૂપ નિર્ગુણબ્રહ્મ છે. માયાના સત્વાદિ ત્રણ ગુણો તથા તેમના ધર્મો અસંગ ને શુદ્ધ ચેતનમાં નથી માટે તે અસંગ ને શુદ્ધ ચેતનને નિર્ગુણબ્રહ્મ એવુ નામ આપ્યુ છે.

જેનુ અંત.કરણ નિષ્કામકર્મવડે શુદ્ધ થયેલુ હોવાથી જેના અંતઃકરણમાં વિષયોની તૃષ્ણા નથી, જેના અંત.કરણની ચચલતા પણ થોડી છે, ને જેને એકાંતસ્થલમાં નિવાસ કરવાની અનુકૂલતા

છે તે પુરુષ નિર્ગુણબ્રહ્મની ઉપાસનાનો અધિકારી છે. સત્, ચિત, આનંદ, અસંગ, અસ્થૂલ ને અનણુ આદિ જે બ્રહ્મના સ્વભાવ છે તે સ્વભાવનો વિચાર કરી અંત:કરણને તે સ્વભાવવાળા દ્રવ્યની ભાવનામાં શ્રીસદ્ગુરુએ કહેલી રીતે જોડવું તે નિર્ગુણબ્રહ્મની વા નિર્ગુણનિરાકાર બ્રહ્મની ઉપાસના કહેવાય છે. આ નિર્ગુણબ્રહ્મની ઉપાસના કરવાથી પુરુષના અંત:કરણમાં વૈરાગ્યની વૃદ્ધિ થઈ તેની બુદ્ધિની સૂક્ષ્મતા તથા એકાગ્રતા વધે છે, ને અંતે તે ઉપાસના નિદિધ્યાસનરૂપ થઈ પુરુષને બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરાવે છે. જે બ્રહ્મસાક્ષાત્કારવડે પુરુષ પુનરાવૃત્તિરહિત અવિચલ સ્થિતિરૂપ મોક્ષ પામે છે.

માયાના સત્ત્વાદિ ત્રણ ગુણોના નિયામક મહેશ્વર, વા ઈશ્વરના લીલાવિગ્રહ, વા તેમની પ્રતિમા, કિંવા શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ શ્રીસદ્ગુરુ વસ્તુતાએ માયાના ત્રણ ગુણોથી તથા તેમના ધર્મોથી પર છે તેથી નિર્ગુણ છે. છતાં માત્ર ભક્તોના અંત:કરણને અને તેમની નેત્રાદિ ઇંદ્રિયોને સંતોષ આપવા તથા તેમણે શુદ્ધભાવપૂર્વક કરેલી સેવા સ્વીકારી તેમના અંત:કરણની યોગ્યતામાં વધારો કરવા આકારવાળા પ્રતીત થયા હતા, વા પ્રતીત થાય છે આવા વિવેકપૂર્વક તેમની ભક્તિ વા ઉપાસના કરવામાં આવે તો તે નિર્ગુણસાકારની ભક્તિ કહેવાય છે. તે ભક્તિના પરિપાકવડે તેમના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનથી તે ઉપાસકને મોક્ષલાભ થાય છે.

પરમાત્મા વા તેમનાથી અભિન્ન શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ માયાના સત્ત્વગુણવાળા છે, વા ઘણા ઉત્તમ ગુણવાળા છે, છતાં તેઓ આકારવાળા નથી, પણ નિરાકાર છે, આવી સમજપૂર્વક તેમની ભક્તિ કરવી તે સગુણનિરાકારની ભક્તિ કહેવાય છે. આ ભક્તિવડે પુરુષ પ્રાયશ: સત્યલોકને પ્રાપ્ત થાય છે.

પરમાત્મા વા તેમનાથી અભિન્ન શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ ઘણા ઉત્તમ ગુણવાળા અને દિવ્ય આકારવાળા છે આમ સમજી તેમની ભક્તિ કરવી તે સગુણસાકારની ભક્તિ કહેવાય છે. આવી ભક્તિ તેમની કૃપાવડે પ્રાયશઃ સત્યલોકની પ્રાપ્તિમાં હેતુ થાય છે.

સગુણસાકાર બ્રહ્મના વિયોગના અસહનપણાના છેડાવાળી, તેઓશ્રીના અગાધ સૌંદર્યના બલથી તેઓશ્રીના સમીપપણાના લાભમા પણ દૂર નહિ થનારી, કોઈ દુર્જનો પોતાના પાપસંસ્કારોને વશ થઈ તેઓશ્રીમા દોષોનો આરોપ કરે તો તે દોષોના સબંધમા લેશ પણ વિચાર નહિ કરતાં તે દુર્જનોપર દયા કરનારી, હજારો દુઃખોની પ્રાપ્તિ થાય તે છતા લેશ પણ નહિ ડગનારી અને બહારની ઉપાધિ-વિના માત્ર તેઓશ્રીનેજ અવલમ્બીને રહેનારી પ્રીતિ તે તેઓશ્રીની (સગુણસાકાર બ્રહ્મની) ભક્તિ કહેવાય છે. સગુણસાકાર બ્રહ્મમાં થયેલી આવી ભક્તિ ચિત્તશુદ્ધિદ્વારા તે ભક્તને તેઓશ્રીના શુદ્ધસ્વરૂપમા અનન્યપ્રીતિ ઉપજાવી તેને નિદિધ્યાસનદ્વારા મોક્ષ આપનારા જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે.

પરમાત્માનુ માહાત્મ્ય સમજી તેમની અનન્યભક્તિ કરનારા અર્થાત્ પરમાત્મામાજ પરમપ્રેમ રાખી તેમનુ આદરપૂર્વક સતત સ્મરણધ્યાનાદિ કરનારા મહાપુરુષોનો પ્રીતિપૂર્વક ચિરકાલ સમાગમ કરવાથી તેમની કૃપાવડે વા સત્સંગરૂપ મહાપુણ્યના કે બીજા કોઈ મહાપુણ્યના ઉદયથી થનારી પરમાત્માની કૃપાવડે મનુષ્યને પરમાત્માની ભક્તિનો લાભ થાય છે. અનેક જન્મોમા કરેલાં શુભકર્મોના સંસ્કારોનો વિપાક થયા વિના મનુષ્યને પરમાત્માના અનન્યભક્તનાં દર્શન, તેમની સેવાનો લાભ કે તેઓના મુખથી પરમાત્માના અલૌકિક

માહાત્મ્યની કથાનુ શ્રવણ ક્યાંથી થાય ? અને એમ ન બને ત્યાંસુધી સંસારપરની આસક્તિ દૂર થઈ પરમાત્માના સ્વરૂપવિષે સુદૃઢ અનુરાગ પણ મનુષ્યના હૃદયમાં શી રીતે પ્રકટે ? અને પરમાત્માના સ્વરૂપવિષે સુદૃઢ અનુરાગ પ્રકટ્યા વિના ભવાબ્ધિના પરતીરરૂપ મોક્ષની પ્રાપ્તિ પણ તેને ક્યાંથી થાય ?

અકૃતાર્થ ભક્તો ત્રણ પ્રકારના છે, આર્ત, અર્થાર્થી ને મોક્ષેચ્છુ. રોગાદિ દુઃખની નિવૃત્તિમાટે પરમાત્માની ભક્તિ કરનારો ભક્ત તે **આર્ત**, આ લોક પરલોકના કોઇ પણ પ્રકારના અપ્રાપ્ત સુખની પ્રાપ્તિમાટે પરમાત્માની ભક્તિ કરનારો ભક્ત તે **અર્થાર્થી** અને સર્વ દુઃખોના અભાવરૂપ ને પરમાનંદરૂપ પરમાત્માની પ્રાપ્તિમાટે પરમાત્માની ભક્તિ કરનારો તે **મોક્ષેચ્છુ**. પ્રથમના બે પ્રકારના ભક્તની ભક્તિ સ્વાર્થી છે, અને તેમની ઇચ્છા સફલ થયા પછી તેઓ આગળની પેઠે પરમાત્માની ભક્તિ કરશે કે કેમ તે સંદેહાસ્પદ છે તેથી તે બને પ્રકારના ભક્ત વાસ્તવિક ભક્ત કહેવાય નહિ, માત્ર દુઃખની નિવૃત્તિમાટે ને અપ્રાપ્ત સુખની પ્રાપ્તિમાટે તે બને અન્ય પ્રયત્ન નહિ કરતા પરમાત્માની ભક્તિ કરે છે તેટલે અંશે તે બને ભક્ત કહેવાય છે. મોક્ષેચ્છુનામનો ત્રીજા પ્રકારનો ભક્તજ વાસ્તવિક ભક્ત છે. મોક્ષની ઇચ્છા રાખીને પરમાત્માની ભક્તિ કરવી તે પણ સકામભક્તિ છે માટે મોક્ષની ઇચ્છાનો પણ ત્યાગ કરી પોતાનુ કર્તવ્ય સમજી પરમાત્માની અડગ અનન્યભક્તિ કરનારો ભક્ત સર્વોત્તમ ભક્ત ગણાય છે. ઇચ્છાવિના પ્રવૃત્તિ થવાનો સંભવ નથી તેથી મોક્ષેચ્છા ત્યજીને પરમાત્માની અડગ અનન્યભક્તિ કરનારમાં પણ કોઈ પ્રકારની ઇચ્છા હોવી જોઇએ એમ કોઇને જણાતુ હોય તો તેવા ભક્તો માત્ર પરમાત્માના અનુગ્રહની ઇચ્છા રાખી તેવી ભક્તિ કરે છે એમ તેમણે માનવું.

જે મનુષ્યના હૃદયવિષે દ્રવ્ય અને સ્ત્રીપુત્રાદિ નિકટનાં સગાવહાલાંના જેટલો પરમાત્મામાં પ્રેમ પ્રકટે, અર્થાત્ જે મનુષ્યને પરમાત્મા દ્રવ્યાદિના જેવા વહાલા લાગે તે મનુષ્યને કનિષ્ઠ પ્રકારનો ભક્ત જાણવો, જે મનુષ્યના હૃદયવિષે પોતાના શરીર ઇંદ્રિયો ને પ્રાણના જેટલો પરમાત્મામા પ્રેમ પ્રકટે તે મનુષ્યને મધ્યમ પ્રકારનો ભક્ત જાણવો. અને જે મનુષ્યને પોતાના હૃદયવિષે પોતાના આત્માના જેટલો પરમાત્મામા પ્રેમ પ્રકટે તે મનુષ્યને ઉત્તમ પ્રકારનો ભક્ત જાણવો. કનિષ્ઠ પ્રકારના ભક્તના હૃદયમા પરમાત્માને વિષે સામાન્ય પ્રેમ છે, મધ્યમ પ્રકારના ભક્તના હૃદયમાં પરમાત્માને વિષે મધ્યમ પ્રકારનો પ્રેમ છે, અને ઉત્તમ પ્રકારના ભક્તના હૃદયમા પરમાત્માને વિષે પરમ પ્રેમ છે એમ જાણવુ.

પરમાત્માના અનેક પૂજ્ય આકારોમાંથી કોઈ પણ એક પૂજ્ય આકાર જે પોતાને પરમપ્રિય લાગતો હોય તે પૂજ્ય સ્થૂલ આકારમાં તેને માયાના સાક્ષાત્ પરિણામરૂપ માની જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ઐશ્વર્ય, શોભા, સુયશ, દયા, ક્ષમા ને ભક્તવત્સલતા આદિ અનેક શુભગુણો પૂર્ણપણે રહ્યા છે એમ ભાવના કરી તેમના માહાત્મ્યજ્ઞાનપૂર્વક પરમપ્રીતિથી તેમનુ સ્મરણધ્યાનાદિ સતત કર્યા કરવું તે પ્રથમ પ્રકારની ભક્તિ જાણવી.

પૂજ્ય સ્થૂલ આકારમાં પણ મનના રજોગુણતમોગુણથી ઉપજતા દુષ્ટ સ્વભાવને લીધે, વા પોતાના જેવાજ બધાને કલ્પી લેવાના મનના કુસ્વભાવને લીધે, વા છિદ્રાતીતમાં પણ છિદ્રનુ ભાન કરાવવાના તેના ચમત્કારને લીધે તે સ્થૂલ આકારની સાથે સંબંધ રાખનારા વા અન્યના પ્રારબ્ધકર્મને લીધે થયેલી વા થતી તેમના શરીરાદિની પ્રવૃત્તિસ્થિતિની સાથે સંબંધ રાખનારા કેટલાક અનુચિત

વિચારો અપકવ મનવાળા મનુષ્યના મનમાં પ્રકટવાનો સંભવ છે એમ જેને જણાય તેણે પરમાત્માને નિરાકાર એટલે શાંતતેજોયુક્ત સૂક્ષ્મ આકારવાળા ધારી તેમા જ્ઞાનાદિ અનેક ગુણો રહ્યા છે એવી ભાવના કરી તેમના માહાત્મ્યજ્ઞાનપૂર્વક પરમપ્રીતિથી સદ્‌ગુરુએ ઉપદેશ કરેલા તેમના નામનુ સ્મરણ ને તેમના પૂર્વોક્ત દિવ્ય સૂક્ષ્મ-સ્વરૂપનું ચિંતન સતત કર્યા કરવુ તે બીજા પ્રકારની ભક્તિ જાણવી.

પ્રભુના શુદ્ધસત્ત્વગુણમય પવિત્રતમ અવ્યક્ત (માયિક) આકારનુ ધ્યાન, ધ્યાન કરનાર મનુષ્યના અનુચિત વિચારને ને અનુચિત ક્રિયાને રોકનારુ છે માટે તેવા શુદ્ધસત્ત્વગુણમય પવિત્રતમ પરમાત્માના સદ્‌ગુરુએ ઉપદેશ કરેલા વા પોતાને પરમપ્રિય લાગતા કોઇ વિશુદ્ધ આકારમાં માયાના સર્વ બાધક ગુણોથી રહિતપણાની ભાવના કરી તેમના માહાત્મ્યજ્ઞાનપૂર્વક પરમપ્રીતિથી તેમનુ સ્મરણધ્યાનાદિ સતત કર્યાં કરવું તે ત્રીજા પ્રકારની ભક્તિ જાણવી.

અસંગ, અપરિણામી, અક્રિય ને વિશુદ્ધ ચેતનરૂપ બ્રહ્મમાં વાસ્તવિક આકાર ને ગુણ સંભવતા નથી એમ સમજી ઇશ્વરના જીવોના ને જગતના અધિષ્ઠાનરૂપ ને નિરાકાર ને નિર્ગુણ બ્રહ્મમાં પોતાની મનોવૃત્તિને પરમપ્રીતિપૂર્વક સતત જોડચા કરવી તે ચોથા પ્રકારની ભક્તિ જાણવી.

પહેલા પ્રકારની ભક્તિના કરતાં બીજા પ્રકારની ભક્તિ, બીજા પ્રકારની ભક્તિના કરતાં ત્રીજા પ્રકારની ભક્તિ ને ત્રીજા પ્રકારની ભક્તિના કરતાં ચોથા પ્રકારની ભક્તિ શ્રેષ્ઠ ગણાય છે.

પ્રભુભક્તિ એટલે મહાસામર્થ્યવાળા ને પરમાનંદરૂપ પ્રભુની સાથે અલ્પસામર્થ્યવાળા ને દુઃખી જીવનું પરમપ્રેમપૂર્વક જોડાવું એમ

પણ કહી શકાય. મોટાની સાથે જોડાવાથી તુચ્છ પદાર્થ પણ આદર આપવાયોગ્ય થાય છે એમ **શ્રીકૃષ્ણની** સાથે પૂર્વે જોડાયેલાં મયૂરપીછને તથા ચણોઠીને વર્તમાનકાલમા **શ્રીકૃષ્ણના** ભક્તોવડે અપાતા આદરપરથી જણાય છે, ને વ્યવહારમાં મોટા ગણાતા મનુષ્યોની સાથે કોઇ તુચ્છ પદાર્થ જોડાય તો તે તુચ્છ પદાર્થનો તે મનુષ્યને માન આપનારા બીજા મનુષ્યો આદર કરે છે એમ લોકમાં પણ જોવામા આવે છે તેથી નક્કી થાય છે. વળી રાજાની કે ધનાઢ્યની સાથે કોઇ યોગ્ય વ્યવહારમાં જોડાવાથી રાક પણ ધનવાન્ થાય છે આ વાત પણ લોકમાં પ્રસિદ્ધ છે. આમ હોવાથી ભક્ત પણ પ્રભુના અડગ માનસમંગવડે અધમ મટી ઉત્તમ થાય એ સ્વાભાવિક છે. પરમાત્માની અનન્યભક્તિ અસાધ્યજેવા જણાતા ભવરોગની અત્યન નિવૃત્તિ કરવામાં અલૌકિક ઔષધિજેવી છે. જગતમા સર્વત્ર પરમાત્માનુ દર્શન કરાવવામાં તે અલૌકિક સિદ્ધાંજનજેવી છે. ત્રિવિધતાપરૂપ ઉનાળાના બપોરના તડકામા તપેલા મનુષ્યોને તે મોટા સરોવરના તટપરના અલૌકિક ઘાટા વડની શીતલ છાયાજેવી છે. આ લોક પરલોકના વિષયોની તૃષ્ણારૂપ ક્ષુધાતૃષાથી પીડાતા મનુષ્યોને તે અલૌકિક અન્નજલના જેવી છે. વળી તે ભક્તિ નિરાધાર મનુષ્યને પરમ સમર્થ આધાર શોધી આપનારી, અનાથ મનુષ્યને પરમબલવાન્ ધણી શોધી આપનારી, શરણરહિત મનુષ્યને પરમોત્તમ શરણ શોધી આપનારી, ભવસાગરમાં ડુબતા મનુષ્યને અલૌકિક વહાણ શોધી આપનારી, દુ:ખી મનુષ્યોના ખિન્ન હૃદયનુ આશ્વાસન કરનારી, પતીત મનુષ્યને પવિત્ર કરનારી, અધમ મનુષ્યનો ઉદ્ધાર કરનારી, નિર્ધન મનુષ્યને ધનના જેવો સંતોષ આપનારી ને મર્ત્યલોકના મનુષ્યને પરમાત્માના પરમાનંદમય ધામમાં લઇ જનારી છે.

જે હીનભાગી મનુષ્યો પોતાનાં દુર્વ્યસનો, અન્ય કુસ્વભાવો, દુર્જનોનો સમાગમ ને અવિશ્વાસ જે પ્રભુભક્તિનાં પરમવિરોધી છે તેમનો પરિત્યાગ કરી શકતા નથી તે હીનભાગી મનુષ્યો સમીપમાં રહેલા ચિંતામણિને નહિ લઇ લેનાર, સમીપમાં રહેલા કલ્પવૃક્ષની નીચે નહિ બેસનાર, સર્વ રોગોનું શમન કરનાર સમીપમાં પડેલા દિવ્ય રસાયનનું સેવન નહિ કરનાર ને સમીપમાં વહન કરતી ગંગામાં સ્નાન નહિ કરનાર મૂર્ખથી પણ વધારે મૂર્ખ છે એમ સમજુ મનુષ્યો માને છે.

પરમાત્માની ભક્તિ કલ્પવૃક્ષથી પણ શ્રેષ્ઠ છે, કેમકે કલ્પવૃક્ષની નીચે બેસીને મનુષ્યવડે જે ઇષ્ટ કે અનિષ્ટ પ્રાણિપદાર્થની ઇચ્છા કરવામાં આવે તેની તે ઇચ્છા ફલીભૂત થાય છે, પરતુ ઈશ્વરની ભક્તિ કરનાર મનુષ્ય જે ઇષ્ટ પ્રાણિપદાર્થની ઇચ્છા કરે છે તે તેને મળે છે, પણ તે જો અનિષ્ટ પ્રાણિપદાર્થની ઇચ્છા કરે તો તે અનિષ્ટ પ્રાણિપદાર્થ તેનુ અહિત કરનારો હોવાથી તેને તેની પ્રાપ્તિ થતી નથી. વળી કલ્પવૃક્ષ ઇચ્છા કરનારને ક્રમમોક્ષ કે સદ્યોમોક્ષ આપી શકતું નથી, ને આ પ્રભુભક્તિ તો ભક્તને ક્રમમોક્ષ કે સદ્યોમોક્ષ જેની ઇચ્છા કરી હોય તે તેને આપે છે.

ચિંતામણિ પણ ફલ આપવામાં કલ્પવૃક્ષસમાન હોવાથી ચિંતામણિના કરતાં પણ ઈશ્વરભક્તિ શ્રેષ્ઠ છે.

સૂર્ય જેમ અંધકારનો ને તજ્જન્ય ભયનો નાશ કરે છે તેમ ઈશ્વરભક્તિ અજ્ઞાનનો ને તજ્જન્ય મોહશોકનો શીઘ્ર નાશ કરે છે. ચદ્ર જેમ પ્રાણીઓને શીતલતાવડે ઉપજનારુ સુખ આપે છે તેમ ઈશ્વરભક્તિ મનુષ્યોને શાંતિવડે ઉપજનારુ સુખ આપે છે. આ ઈશ્વરભક્તિ સ્પર્શમણિથી (પારસમણિથી) પણ અધિક ગુણવાળી છે,

કેમકે સ્પર્શમણિ લોઢાને સોનારૂપ કરે છે, ને ઈશ્વરભક્તિ તો જીવને ઈશ્વરરૂપ કરે છે.

ઈશ્વરની ભક્તિ લૌકિક રસાયનથી શ્રેષ્ઠ છે, કેમકે લૌકિક રસાયન જઠરાગ્નિને પ્રદીપ્ત કરી સ્થૂલશરીરને પુષ્ટ કરે છે, પણ તે જીવને ત્રિવિધ-તાપથી રહિત કરી શકતુ નથી, ને આ ઈશ્વરભક્તિરૂપ રસાયન તો ભક્તના ત્રિવિધ તાપને દૂર કરી તેને પરમાનંદરૂપ બનાવે છે.

ઈશ્વરભક્તિ દેવોના અમૃતથી પણ શ્રેષ્ઠ છે, કેમકે દેવોનુ અમૃત પીવાથી ક્ષુધાતૃષાથી થતી પીડા દૂર થાય છે. પણ જન્મમરણાદિની પીડા દૂર થતી નથી, ને આ ઈશ્વરભક્તિથી તો ભક્તની જન્મ-મરણાદિની પીડા પણ દૂર થાય છે.

પરમ સમર્થ પરમાત્માની વિશુદ્ધભાવવાળી અડગ અનન્યભક્તિ આયુર્વેદમા કહેલા ને નહિ કહેલા સ્થૂલશરીરના સર્વ રોગોને ઉત્તમ પ્રકારે દૂર કરવાનુ સામર્થ્ય ધરાવે છે. વળી તે ભક્તિ ઇંદ્રિયોના સર્વ દોષોને, ઇંદ્રિયોની અશક્તિને. મનના કામક્રોધાદિ સર્વ રોગોને, ચોર સિંહ વ્યાઘ્ર સર્પ ને શત્રુ આદિ અપકારક સર્વ દશ્ય પ્રાણીઓથી વર્તમાનકાલમાં થતી વા ભવિષ્યકાલમા થવાની સર્વ પીડાઓને અને ભૂત રાક્ષસ યક્ષ ગ્રહ ને અન્ય અદશ્ય અપકારક પ્રાણીઓથી વર્ત-માનકાલમાં થતી વા ભવિષ્યકાલમાં થવાની સર્વ પીડાઓને પણ દૂર કરે છે.

ચકોર, મોર. પોયણી, કમલ, હારલ, માછલુ, લોહુ, રસિક, લોભી, જુગારી ને વ્યસની જેમ પોતપોતાના પ્રિયતમ પદાર્થમાં પરમપ્રીતિ રાખે છે તેમ ભક્તે પણ પોતાના પ્રભુમાં પરમપ્રીતિ રાખવી જોઇએ. હે પોતાને પ્રભુનો ભક્ત માનનાર મનુષ્ય ! તુ ચકોરપાસે જા, ને જો, તે જેવી ચદ્રમાં સ્વાભાવિક પરમપ્રીતિ રાખે

છે તેવી સ્વાભાવિક પરમપ્રીતિ તુ તારા પ્રભુમાં રાખે છે ? જો તેવી સ્વાભાવિક પરમપ્રીતિ તુ તારા પ્રભુમા રાખતો નથી તો તુ તારા પ્રભુનો વાસ્તવિક ભક્ત શી રીતે ગણાઇ શકે ? મોર વરસાદમા જેવી પ્રીતિ રાખે છે, ચોયણી ચદ્રમાં જેવી પ્રીતિ રાખે છે, કમલ સૂર્યમાં જેવી પ્રીતિ રાખે છે, હારલ પ્રથમ ઊડતી વેલા પોતાના માળામાથી પોતાના પગમાં ગ્રહણ કરેલી ઝાડની ડાંખળીમાં જેવી પ્રીતિ રાખે છે, માછલું જલમાં જેવી પ્રીતિ રાખે છે, લોહુ ચમકમા જેવી પ્રીતિ રાખે છે, (લોહુ ચમકની સમીપમા આવતાં અનાયાસે ચમકની ભણી ખેચાય છે તેથી લોહાની ચમકમાં પ્રીતિ કહી છે,) રસિક પુરુષ પોતાની રૂપગુણવતી પ્રિયામા જેવી પ્રીતિ રાખે છે, લોભી મનુષ્ય ધનમાં જેવી પ્રીતિ રાખે છે, જુગારી મનુષ્ય જુગાર રમવામાં જેવી પ્રીતિ રાખે છે, અને અફીણ આદિ માદક વસ્તુના વ્યસનીઓ અફીણ આદિમાં જેવી પ્રીતિ રાખે છે તેવી પ્રીતિ તુ તારા પ્રભુમાં રાખ ત્યારેજ તુ પ્રભુનો સાચો ભક્ત ગણાઈ શકે, નહિ તો તુ કથનમાત્રજ ભક્ત ગણાય. ગાડા આદિને નહિ ખેચનારો ગળીઓ બળદ જેમ ભગત કહેવાય છે, ને ખોટો રૂપિયો પણ જેમ ભગત કહેવાય છે તેમ છતે સામર્થ્યે સંસારના કામકાજમાં આળસુ રહી પરમાત્માને નામે ખાવાપીવાનું મેળવી પ્રભુભજન નહિ કરનાર મનુષ્ય પણ ભગતનામનેજ યોગ્ય છે, ભક્તનામને યોગ્ય નથી.

પ્રભુનો અનન્યભક્ત પોતાના પ્રભુમાંજ વાસ્તવિક સુખ જુએ છે, અન્યત્ર તે વાસ્તવિક સુખ જોતો નથી તેમજ અન્ય સ્થલે તે વાસ્તવિક સુખ શોધતો પણ નથી.

જેમ શરદ્પૂનમની મધ્યરાત્રિએ વાદળાંરહિત આકાશના મધ્યભાગમાં આવેલા ચદ્રને જોઇ કોઇ વિશાલ સરોવરમાંની પદ્મિનીઓ

વિકસિત થઇ રહી હોય તે પદ્મિનીઓ પોતાના પ્રિયતમભણીના પ્રેમાવેશમાં પરસ્પરને દેખતી નથી, પણ પોતાના પ્રિયતમ ચંદ્રનેજ પરમપ્રસન્નતાથી જુએ છે તેમ પ્રેમાવેશવાળી અનન્યભક્તની મનોવૃત્તિ પણ પોતાના પ્રિયતમ પ્રભુનેજ પરમપ્રસન્નતાથી જુએ છે, પણ જગત્‌ને જોતી નથી.

અનન્યભક્તના શરીરનુ પ્રત્યેક રોમ પરમપ્રીતિથી પ્રભુનુ સ્મરણ કરે છે, અને તેના અંતઃકરણનું પ્રત્યેક અણુ પરમપ્રીતિથી પ્રભુનુ ધ્યાન કરે છે.

વિશુદ્ધપ્રેમનુ સ્વરૂપ જાણનાર જે મનુષ્યના હૃદયમાં પોતાના પ્રભુપ્રતિ નિત્ય નિત્ય નવા નવા વિશુદ્ધપ્રેમના ઉભરા પ્રકટે છે, ને જે મનુષ્ય તેમને નવા નવા ઉપાયોથી અધિક અધિક પ્રસન્ન કરવા સર્વદા આતુર હૃદયવાળો રહે છે તે અનન્યભક્ત હોય છે, વા તે અનન્યભક્ત થઇ શકે છે.

અહો ! અનન્યભક્તના હૃદયની કેટલી બધી વિશાલતા છે ! આ સર્વ બ્રહ્માંડ જેના એકદેશમા રહ્યુ છે એવા મહાવિશાલ સ્વરૂપવાળા પ્રભુને જે અનન્યભક્ત પરમપ્રીતિવડે પોતાના હૃદયમા સમાવી શકે છે તે અનન્યભક્તના હૃદયની વિશાલતા કોઇ પણ લૌકિક ઉપાયવડે કેવી રીતે માપી શકાય ?

જો વિશાલ સમુદ્રને તથા વિશાલ આકાશને જોતા રસિકજનોના મનને આનંદ થાય છે તો પછી પરમવિશાલ પ્રભુને જોતાં અનન્યભક્તના હૃદયમા અપાર આનન્દ કેમ ન પ્રકટે ? પ્રકટેજ.

પરમાત્માથી પૃથક્ થયેલા લઘુમાં પાપ ને દુઃખ છે, પણ ભૂમામા (પરમવ્યાપક પરમાત્મામાં) પાપનો ને દુઃખનો ગંધ પણ નથી એમ જાણી ભૂમામાં અભેદભાવે જોડાયેલો અનન્યભક્ત સર્વ

પાપનું ને સર્વ દુઃખનું અતિક્રમણ કરે છે. આવા ભક્તને કાંઇ કર્તવ્ય નથી, માત્ર શરીરસ્થિતિપર્યંત જીવોના હિતમાટે પોતાના પ્રભુનો વિશ્વમાં યશ વિસ્તારવાનું કામજ તે પોતાની ઇચ્છાવડે કર્તવ્યરૂપે સ્વીકારે છે.

જેમ કોઇ મનુષ્ય ઊનાળાના મધ્યાહ્નની વેલાએ જેમ જેમ સમુદ્રની પાસે જતો જાય છે તેમ તેમ તેને સમુદ્રઉપરથી આવતા શીતલવાયુવડે તાપનિવૃત્તિ ને સુખાનુભવ થાય છે તેમ જે મનુષ્ય સંસારભણીથી પોતાના મનને પાછું વાળી જેમ જેમ પરમાનંદરૂપ પરમાત્માભણી વેગવાળુ કરતો જાય છે તેમ તેમ તેને સંસારના તાપની નિવૃત્તિનો ને પરમાત્માના પરમાનંદનો અનુભવ થતો જાય છે.

અનન્યભક્તને આ લોક પરલોકમાં પોતાના પ્રિયતમ પ્રભુવિના અન્ય કોઇ પણ વાસ્તવિક અવલંબન કે આધાર નથી. તેનુ તમે જે ગણો તે વસ્તુતાએ પ્રભુજ છે. જેમ પાણીમાં પડેલો બરફ ક્રમથી પાણીમાં ગળી જાય છે તેમ તેવા અનન્યભક્તનું મન પણ ક્રમથી પ્રભુના સ્વરૂપમાં ગળી જાય છે, ને તે અમનસ્કભાવને પામી કૃતાર્થ થાય છે. આવો ભોળો ને ભલો ભક્ત અન્ય મનુષ્યસાથે પણ કપટથી ન વર્તે તો પછી તે પોતાના પ્રિયતમ પ્રભુની સાથે તો કોઇ પણ પ્રકારનું કપટ રાખીને કેમજ વર્તે ? આવા ભક્તનું હૃદય પ્રભુના સ્મરણથી, પ્રભુની અલૌકિક ને અગાધ કૃપાના વિચારથી ને પ્રભુન અદ્ભુત મહિમાના શ્રવણથી દ્રવવા લાગે છે,–ભરાઈ જાય છે, તેન: નેત્રો અશ્રુપૂર્ણ થઇ જાય છે, ને તેનો કંઠ રુધાઇ જાય છે. આવી અવસ્થામાં તે પોતાનુ ને જગત્નુ ભાન પણ ભૂલી જાય છે.

જેમ હાથવડે બરફનો સ્પર્શ કરવાથી હાથ શીતલ થાય છે તેમ મનવડે પરમાત્માનો સ્પર્શ કરવાથી મન પણ શીતલ થાય છે એમ સમજી અનન્યભક્ત પોતાના મનવડે પરમાત્માનો સ્પર્શ કર્યા

કરે છે તેથી તે સંસારરૂપ દાવાનલથી દાઝતો નથી.

જેમ ભક્ષણ કરવાયોગ્ય વસ્તુના ખાવાથી ક્ષુધાની ને પીવાયોગ્ય વસ્તુના પાનથી તૃષાની નિવૃત્તિ થાય છે તેમ પરમાત્માના સ્મરણ-ધ્યાનથી ભક્તના માનસસંતાપ દૂર થાય છે એમ સમજી અનન્યભક્ત પ્રેમપૂર્વક પ્રભુનુ સ્મરણધ્યાન કર્યા કરે છે.

અનન્યભક્તને પ્રભુના સ્વરૂપમાં ક્ષણે ક્ષણે કાઇક કાઇક નૂતનતા-જ પ્રતીત થાય છે તેથી તેનું મન ને તેનાં નેત્ર જેનું દર્શન સર્વદા પ્રિય છે એવા પ્રભુના દર્શનથી તૃપ્તિ પામતાં નથી.

ભાંગનો કે દારૂનો પ્યાલો પીવાથી મનુષ્યને કેફ ચદે છે, ને તેની ખુમારીમાં તે જગત્‌ને ભૂલી જાય છે તો પછી પ્રભુની અનન્યભક્તિરૂપ અલૌકિક ભાગનો પ્યાલો પીવાથી અનન્યભક્તના મનને બહુ કેફ ચઢે, ને તેની ખુમારીમા તે જગત્‌ને ભૂલી જાય તેમા શું આશ્ચર્ય છે ?

ભૂતાવેશથી જો માણસ ઉન્મત્ત થાય છે તો પછી પરમાત્માના સ્મરણધ્યાનવડે થતા પરમાત્માના આવેશથી મનુષ્ય પરમોન્મત્ત કેમ ન થાય ?

અનન્યભકત થવાની ઇચ્છા રાખનારો મનુષ્ય કોઈ પણ લૌકિક શુભ કર્મ કરીને, વૈદિક તથા સ્માર્ત કર્મો કરીને, અને દેવાનુ પૂજનાદિ કરીને તેના અન્ય ફલની ઇચ્છા કરતો નથી, પણ તેવડે પરમાત્માના ચરણારવિંદમાં મને અડગ પરમપ્રીતિ થાઓ એમજ તે ઇચ્છે છે. પરમાત્માની ભક્તિમાં ઘટાડો કરનાર કોઈ પણ વિચારને કે ક્રિયાને તે પોતાના મનમાં કે ઇંદ્રિયોમાં કદીપણ અવકાશ આપતો નથી. તે એવા દુષ્ટ વિચારને કે ક્રિયાને હલાહલવિષથી પણ વધારે અપકારક સમજે છે.

અનન્યભક્ત પોતાના જીવનની તે પરમાનંદદાયિની ક્ષણની બહુ

ઉત્કંઠાથી વાટ જોયા કરે છે કે જે ક્ષણે પરમરમણીય પ્રભુ તેને પોતાના લોકોત્તર સ્વરૂપનું દર્શન આપી, તેના મસ્તકપર પોતાનો વરદ હસ્ત સ્થાપન કરી, તથા તેને પોતાના હૃદયમા ચાંપી "તુ મારો છે" એમ કહેશે.

પ્રાપ્તવ્યવહાર સાધવો ને પ્રભુભક્તિ કરવી એ બને કામ સાથે કેમ બની શકે એમ કોઇ શંકા કરે તો તેના સમાધાનમાં કહેવાનુ કે પ્રાપ્તવ્યવહાર સાધતાં છતા પણ મનુષ્યને પ્રભુભક્તિ કરવી હોય તો તે થઇ શકે એમ છે. પાણીઆરી પોતાની સખીઓસાથે વાતો કરતી કરતી ચાલે છે. ને પોતાના માથાઉપર રહેલા પાણીના બેડામાં પણ તે પોતાનુ મન રાખે છે, નટડી નાચતી તથા ગાતી હોય તે વેલા પણ તે પોતાનું મન પોતાના માથાઉપરના કલશમાં રાખે છે, જારિણી સ્ત્રી ઘરનુ કામકાજ કરતા છતા પોતાના જારમા પોતાનું મન રાખે છે, ભવાયો પોતાના વેશને લગતુ કામકાજ કરતાં છતાં પણ પોતાની જાતિમાં પોતાનું મન રાખે છે, અર્થાત્ પોતાની વ્યાવહારિક જાતિને તે ભૂલી જતો નથી, ને નવી વિયાયેલી ગાય વગડામાં ઘાસ ચરતી છતી તથા પાણી પીતી છતી પણ પોતાના નાના બચ્ચામાં પોતાનુ મન રાખે છે તેમ પ્રભુના સાચા ભક્તો પોતાનો પ્રાપ્તવ્યવહાર યથાશક્તિ કરતાં છતાં પણ પોતાના પ્રભુમાં પોતાનું મન રાખી શકે છે. જેને પોતાના પ્રભુની પ્રભુતા સમજાઇ છે તે પોતાના પ્રભુમાં સ્વાભાવિક પરમપ્રીતિ રાખી શકે, ને તેથી વ્યવહારનું કામકાજ કરતાં છતાં પણ તે પોતાના પ્રભુને ભૂલે નહિ, ને સ્વાર્થી ભક્તો તો વસ્તુતાએ પોતાના સ્વાર્થનાજ ભક્ત છે તેથી તેઓ પોતાના વ્યવહારના કામકાજમાં પોતાના પ્રભુને ભૂલી જાય એ સ્વાભાવિક છે.

પતગિયાં મારામાં પડે તો ઠીક એવી દીપકની લેશ પણ સ્પૃહા નહિ છતાં દીપકના પ્રકાશમાં અનુરાગવાળાં થઈ બિચારાં પતગિયાં દીપકમા પડે છે, ને મરણ પામે છે તેમ જેમનું ચિત્ત નિઃસ્પૃહતાની પરાકાષ્ઠાવાળુ હોવાથી જેઓ સર્વદા પૂર્ણકામ છે એવા ઈશ્વરમાં ભક્તો મારામાં પરમપ્રીતિ રાખે તો ઠીક એવી લેશ પણ સ્પૃહા હોવી સંભવતી નથી તો એવા ઈશ્વરમા પરમપ્રીતિ કરી મનુષ્યે હાથે કરી વિરહાગ્નિના અસહ્ય તાપવડે પરમ દુઃખી શામાટે થવુ જોઇએ એવી શંકા કરવાયોગ્ય નથી, કેમકે પતગિયા પણ અગ્નિરૂપ થવા અગ્નિમાં પડે છે, પ્રયોજનવિના અગ્નિમાં પડતાં નથી તેમ મહાપુણ્યશાલી મનુષ્યો પણ પોતાનાં પૂર્વે કરેલાં મહાપુણ્યોનો વિપાક થવાથી પૂર્ણકામ પરમાત્માના શરીરસૌંદર્ય, વાક્સૌંદર્ય ને હૃદયસૌંદર્યમાં પરમાનુરાગવાળા થઇ પરમાદરપૂર્વક સતત તેઓશ્રીનુ સ્મરણધ્યાન કરતા કરતા પરિણામે પરમાત્મરૂપજ થઇ જાય છે. ભક્તોને પરમાત્માના સાક્ષાત્કારની પહેલાં વિરહાગ્નિજન્ય જે પરમદુઃખ અનુભવાય છે તે પરમાત્મસાક્ષાત્કારમાં પ્રતિબન્ધ કરનારા પાપસંસ્કારોને બાળવામાં ઉપયોગી થાય છે એમ સમજવુ. જેમ દાવાનલથી બળી ગયેલી ભૂમિમાં અન્નાદિનો પાક સારો થાય છે, ને વૈશાખજેઠના તડકાથી તપેલી ભૂમિપર તેને શીતલ કરનાર વરસાદ થાય છે તેમ જે હૃદયે પરમાત્માના વિરહાગ્નિનો પરમતાપ સહન કર્યો હોય છે તે હૃદયજ પમાત્માના સાક્ષાત્કારજન્ય અપૂર્વ આનંદનો અનુભવ કરવા ભાગ્યશાલી થાય છે.

જેમ અન્નનો કોઈ કણ જો ઘંટીના ખીલડાની સાથે ચોટી રહે છે તો તે દળાઇને લોટ થઈ જતો નથી, પણ આખો ને આખોજ રહે છે તેમ જે મનુષ્ય પ્રભુના સ્શરણધ્યાનાદિરૂપ ભક્તિમાં પોતાના

મનને જોડી રાખે છે તે મનુષ્ય પણ આ સંસારનાં દુઃખોથી તપતો નથી, પરતુ સર્વદા આનંદીજ રહે છે.

પ્રભુમાં અનુકૂલબુદ્ધિ રાખી જો પ્રભુની ભક્તિ કરવામાં આવે તો તે ભક્તિ કરનાર મનુષ્યના અંતઃકરણાદિની સ્થિતિ બદલાઈ જાય છે. કોઈ મનુષ્ય ઉપરથી પ્રભુની ભક્તિ કરતો હોય એમ જણાય, છતા જો તેના અંતઃકરણાદિની સ્થિતિ ન બદલાય તો જાણવુ કે તે જેટલી અનુકૂલબુદ્ધિ રાખીને પ્રભુની ભક્તિ કરવી જોઇએ તેટલી અનુકૂલબુદ્ધિ રાખીને પ્રભુની ભક્તિ કરતો નથી. હૃદય ભેળવ્યા વિના કરેલુ કામ યથાર્થ ફલદાતા શી રીતે થઈ શકે ? નજ થઈ શકે. અયોગ્ય–યોગ્યતા-વિનાનો–દરિદ્રી ધનવાનના પ્રસંગમાં રહ્યા છતાં પણ ધનવાન્ થતો નથી, ખરો મૂર્ખ પંડિતના પ્રસંગમાં રહ્યા છતાં પણ પંડિત થતો નથી, સર્પ ચંદનના વૃક્ષનો સ્પર્શ કર્યા છતાં પણ વિષરહિત થતો નથી, જવાસાને પ્રાણીઓના જીવનરૂપ વરસાદનું જલ મળ્યા છતા પણ તે નવપલ્લવ થતો નથી, તીખા કપૂરમાં રહ્યાં છતા પણ કપૂરના જેવો તેનો સ્વભાવ થતો નથી, પાષાણ જલમાં રહ્યા છતાં પણ તે અંદરમાં સૂકોજ રહે છે તેમ હૃદય ભેળવીને પ્રભુની ભક્તિ નહિ કરનારા દંભીઓ પણ પોતાના દોષોને ત્યજી ગુણવાન્ થતા નથી.

ભક્ત ! જો તુ પ્રભુનો સાચો વા અનન્યભક્ત થવા ઇચ્છતો હો તો તું તારા હૃદયમાં તારા પ્રભુઉપર તને જેટલી પ્રીતિ હોય તે પ્રીતિમાં પ્રભુનુ માહાત્મ્ય સમજીને અનુકૂલબુદ્ધિવડે સુદઢ પ્રયત્ન કરી ઉત્તરોત્તર વધારો કર્યા કર. તું આ લોક પરલોકના સર્વ પ્રાણિ-પદાર્થપરની પ્રીતિ ગૌણ કરી એક પ્રભુમાંજ પરમપ્રીતિ કર. મને પ્રભુમાંજ પરમપ્રીતિ છે એવા બકવાદ નહિ કરતાં તને પ્રભુમાંજ

પરમપ્રીતિ છે, ને બીજામાં ગૌણ પ્રીતિ છે એમ તારા પ્રત્યેક વર્તનથી તુ પોતાની. પરની ને પ્રભુની સ્પષ્ટપણે ખાત્રી કરતો જા.

પરમાત્માને સંભારી સભારીને આપણે મરી જઈશુ તોપણ પરમાત્મા તો આપણને કદીપણ સંભારવાના નથી તો જે પરમાત્મા આપણને સંભારે નહિ તે પરમાત્માને આપણે શામાટે સંભારવા ? આવો પ્રશ્ન તો કોઈ અવિવેકી મનુષ્યજ કરે. જેમ તમે તમારી આંખો ઊઘાડી રાખી જેટલી વાર મોટા સ્વચ્છ દર્પણની સંમુખ આવી ઊભા રહો તેટલી વાર તે દર્પણ તમને તમારુ પ્રતિબિંબ દેખાડશે તેમ તમે પરમાત્માને જેટલી વાર પરમપ્રીતિપૂર્વક સંભારશો તેટલી વાર તમારી સ્મરણક્રિયાનુ તેમનામા પ્રતિબિંબ પડતુ હોવાથી તે તમને સંભારતા હોય એમ પ્રતીત થશે. "હે પ્રભો ! હવે આપશ્રી-જ મને નિરંતર સંભારજો, હુ તો હવે આપશ્રીને કદીપણ સંભારી શકીશ નહિ, કેમકે સભારવાનુ સાધન જે ચિત્ત તે તો મે આપશ્રીનેજ અર્પણ કરી દીધેલુ છે" આમ તો કોઈ ઉત્તમ ભક્તજ કહી શકે, સર્વ ભક્તો ન કહી શકે.

"તમે ભક્ત છો ?" "હા." "કોના ભક્ત છો ?" "પ્રભુનો." ' નહિ, નહિ, મિથ્યા ન બોલો. તમે પ્રભુના ભક્ત નથી. પણ આળસના ભક્ત છો, કેમકે તમે પ્રભુની આજ્ઞાનુ પાલન કરી જાગ્રતના સર્વ સમયમાં ઉદ્યોગી રહેતા નથી, પણ જાગ્રદવસ્થાનો મોટો ભાગ તમે તમારા વહાલા આળસને અર્પણ કરો છો. આમ તમે આળસની પરમોપાસના કરો છો, છતાં તમે પોતાને પરમાત્માના ભક્ત કહો છો તે શરમાતા નથી ? તમારે તો હુ આળસનોજ પરમ ભક્ત છુ એમ સ્પષ્ટપણે કહેવું જોઇએ." આવી રીતે જેઓ સર્વદા કર્તવ્યનો

ત્યાગ કરવારૂપ પ્રમાદ સેવનારા છે તેઓ પ્રમાદના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી: જેઓ સર્વદા દીર્ઘસૂત્રી એટલે પ્રાપ્તકર્તવ્યને લંબાવવાના સ્વભાવવાળા છે તેઓ દીર્ઘસૂત્રતાના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી. જેઓ વ્યવહારપરમાર્થના કામમાં સર્વદા અવ્યવસ્થાવાળા રહે છે તેઓ અવ્યવસ્થાના ભક્ત છે. પણ પરમાત્માના ભક્ત નથી: જેઓ સર્વદા કર્તવ્યાકર્તવ્યનો વિચાર ત્યજી વર્તે છે, અર્થાત્ કર્તવ્યમાં અકર્તવ્યની બુદ્ધિ કરી વર્તે છે, ને અકર્તવ્યમા કર્તવ્યની બુદ્ધિ કરી વર્તે છે તેઓ મોહના- અવિવેકના-ભ્રાંતિના-ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી: જેઓ આ સત્ય હશે કે તે સત્ય હશે એવા વિચારરૂપ હિંદોળાઊપર સર્વદા ઝુલ્યા કરે છે તેઓ સંશયના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી: જેઓ સર્વદા કાલ્પનિક ભયથી પોતાનાં હૃદયાદિને કંપાવ્યા કરે છે તેઓ ભયના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી; જેઓ નિરંતર ભૂત કે ભવિષ્યના પ્રતિકૂલ બનાવોનુ સ્મરણ કે કલ્પના કરી તજ્જન્ય ચિંતાવડે પોતાના રુધિરાદિને બાળ્યા કરે છે તેઓ ચિંતાના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી, જેઓ નિત્ય જોઇએ તેથી વધારે સમયસુધી ઊંઘે છે તેઓ ઊંઘના ભક્ત છે. પણ પરમાત્માના ભક્ત નથી: જેઓ જોઇએ તેથી વધારે ને અપથ્ય આહાર નિત્ય ગ્રહણ કર્યાં કરે છે તેઓ આહારના કે જીભના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી. જેઓ નિરર્થક બહુ બોલ્યા કરે છે તેઓ બકવાદના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી: જેઓ તમાકુની, ભાંગની, ગાંજાની, અફીણની કે દારૂની ઉપાસનામાં નિત્ય તત્પર રહે છે તેઓ તમાકુના, ભાગના, ગાંજાના, અફીણના કે દારૂના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી; જેઓ નિરંતર

અન્યના સ્થૂલશરીરમાંના હાડચામનુંજ ધ્યાન ધર્યાં કરે છે તેઓ ચામના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી: જેને જે સગુવહાલું પ્રભુથી વધારે વહાલું છે તે તે સગાવહાલાનો ભક્ત છે, પણ પરમાત્માનો ભક્ત નથી: જેઓના હૃદયમાંથી ક્રોધ દૂર થતો નથી અર્થાત્ જેના હૃદયમાં ક્રોધ પ્રકટરૂપે વા અપ્રકટરૂપે સર્વદા સ્વતંત્રપણે વસે છે તેઓ ક્રોધના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી. જેઓ સર્વદા પરમપ્રીતિથી ધનનું સ્મરણધ્યાન કર્યાં કરે છે તેઓ ધનના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી, જેઓનાં હૃદય ધનાદિ મિથ્યા પદાર્થના સ્વામીપણાના ગર્વથી સર્વદા ભરેલા રહે છે તેઓ ગર્વના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી; અને જેઓ ખોટો ડોળ બતાવવામાંજ સર્વદા પ્રીતિવાળા રહે છે તેઓ દંભના ભક્ત છે, પણ પરમાત્માના ભક્ત નથી. કોઈ પણ મિથ્યા પ્રાણિપદાર્થમાં વાસ્તવિક ઉપકારકપણાની તથા સત્યપણાની ભ્રાંતિ રાખી તેનુંજ પરમપ્રીતિથી સેવન કરનાર મનુષ્ય પ્રભુનો ભક્ત શી રીતે કહી શકાય ? નજ કહી શકાય. જે પોતાને પ્રભુનો ભક્ત કહેવરાવીને વા માનીને પ્રભુથી ભિન્ન કોઈ પણ પ્રાણિપદાર્થને વા પોતાના સ્વભાવને જો તે પ્રભુથી વધારે વહાલો ગણતો હોય તો તે પ્રભુનો વાસ્તવિક ભક્ત નહિ, પણ ઠગ, દંભી કિંવા મૂર્ખજ ગણાય.

કંઠમાં રુદ્રાક્ષની કે તુળસી આદિની નાનામોટા પારાની ઘણી માલાઓ પહેરવાથી, નાનાપ્રકારનાં ઘણાં તીલકો કરવાથી, હાથમાં માલા કે બેરખો લઇને ફર્યા કરવાથી, વારવાર ઝાંઝપખાજ કે મંજીરા વગાડી કીર્તન કરવાથી, અમુક પ્રકારનો પોશાક પહેરવાથી, ઘેર દેવમંદિર રાખી દેવપ્રતિમાની નિત્ય પૂજા કરવાથી, ગૃહસ્થો પાસેથી દ્રવ્ય મેળવી ઘેર સદાવ્રત ચલાવવાથી, ભમતા સાધુઓની અન્નાદિવડે કે બીજી રીતે

સેવા કરવાથી, કે હરતાંફરતાં લોકો સાંભળે એમ પ્રભુના નામનો ઉચ્ચાર કર્યા કરવાથી વાસ્તવિક ભક્ત થઈ જવાતુ નથી. જો એ સર્વ પ્રવૃત્તિ નિરભિમાનપણે પરમાત્મામાં પરમપ્રીતિ રાખી, વા પરમાત્મામા પ્રીતિ વધારવાનો તથા માત્ર તેમની કૃપા મેળવવાનો ઉદ્દેશ રાખી કરવામાં આવે તો તે પ્રભુપ્રાપ્તિમાં ઉપયોગી થાય છે, પણ એ સર્વ પ્રવૃત્તિ જો પ્રીતિવિના માત્ર લોકોને દેખાડવામાટે વા પોતાના મનને ઠગવામાટે કે રાજી કરવામાટેજ કરવામાં આવતી હોય તો તે ઉપકારક નહિ થતા અપકારકજ થાય છે. ભક્તિ પ્રભુને દેખાડવાની છે, જગત્‌ને–લોકોને–દેખાડવાની નથી તે ભક્તિ કરનારે નજ ભૂલવું જોઇએ.

બ્રહ્માંડમાંના દશ્યાદશ્ય સર્વ પ્રાણિપદાર્થોમાથી તથા અલૌકિક અલરૂપ ઐશ્વર્યોમાંથી મમતા મકી દઈ, પ્રભુનુ માહાત્મ્ય જાણી, પ્રભુનેજ પોતાનું સર્વસ્વ સમજી, મનમાં તથા વાણીમાં અત્યત દીનતા ને સરલતા રાખી, વિશુદ્ધભાવવડે પરમપ્રીતિથી સતત પ્રભુનું સ્મરણ-ધ્યાનાદિ કર્યા કરવુ એજ પ્રભુની વાસ્તવિક અવ્યભિચારિણી અનન્ય-ભક્તિ ગણાય છે, ને એવી ભક્તિજ ભક્તને પ્રભુના વાસ્તવિક સ્વરૂપના સાક્ષાત્કારવડે પુનરાવૃત્તિરહિત મોક્ષની પ્રાપ્તિ કરે છે. એ અવ્યભિ-ચારિણી અનન્યભક્તિનો મહિમા અપાર છે. એ ભક્તિનો મહિમા પ્રભુનો કોઇ અડગ અનન્યભક્ત સ્વાનુભવથી લોકાનુગ્રહમાટે સંક્ષેપમાં નીચે પ્રમાણે ગાય છેઃ—

ગીતિ.

પ્રભુનુ જ્ઞાન અલૌકિક, નિઃસ્પૃહતા પણ અલૌકિકજ જાણી;
અતિકરુણાથી ભરેલા, ઐશ્વર્ય અગાધ જોયું છે નાણી. ૧
પ્રેમપયોનિધિ જાણ્યા, મૂર્તિ સૌંદર્યની મનોહારી;
ભક્તવત્સલતા જોઇ, ચરણકમલપર જઉ બલિહારી. ૨

ચમક લોહને ખેંચે, ખેંચ્યો પ્રભુએ મને તેમ ભવથી·
પરમાનંદે સ્થાપી, બચાવી લીધો સકલ દુઃખદવથી. ૩
કાષ્ઠ અગ્નિમાં પડતાં, કાષ્ઠપણુ તેહનું દૂર થાયે·
પ્રભુની ભક્તિ કરતા, જીવની જીવતા તેમ દૂર જાયે. ૪
સ્પર્શમણિના સ્પર્શે, લોહ જેમ સુવર્ણનું રૂપ ધારે:
તેમ શિવભક્તિયોગે, જીવ પણ શિવ થઈ સુખી થાય ભારે. ૫
ઉત્તમ ચંદનસંગે, નિંબાદિક તરુ પણ ચંદન થાતાં;
પ્રભુની ભક્તિ કરતાં, વાર નહિ જીવ મટી શિવ થઈ જાતા. ૬
રાજાના આશ્રયથી, રંકો પણ ઘણી મહત્તાને પામે
તેમ પ્રભુની ભક્તિથી, જીવો વિરમે જઈ પરમધામે. ૭
હું અતિદીન ને દુઃખિયો, હતો અનાથ ન હતુ શરણ મારે.
ત્રાહિ ત્રાહિ હું વદતો, બહુ વિધિ દુઃખથી વ્યથિત હૃદય ભારે. ૮
અશરણશરણ પ્રભુને, શરણ જવાનો ઠરાવ દૃઢ કીધો.
મમતા સઘળી મકી, એકજ આશ્રય પ્રભુતણો લીધો. ૯
સ્થિતિ બદલાઈ મારી, દૂર થઈ ગયુ બધુય દુઃખ મારુ.
રવિનો ઉદય થવાથી, જયમ દૂર થઈ જાય દુઃખદ અંધારુ. ૧૦
આગળ મૂરખ ગણતા, તે પણ ડાહ્યો ગણી માન આપે.
પૂર્વે નિંદા કરતા, તે સ્તુતિ કરી સ્વપાપને કાપે. ૧૧
ત્રિવિધ દુઃખને સ્થાને, પરમાનંદજ હવે બધે ભાસે;
ભયસ્થાને નિર્ભયતા, પ્રસન્નતાવડે ચિંતા ત્રાસે. ૧૨
પરાધીનતા નાઠી, કાલ કર્મ ને માયા સહુ કંપ્યાં:
થતાં શાંતિની પ્રાપ્તિ, અંતઃકરણેન્દ્રિયાદિ સૌ જંપ્યા. ૧૩
અસત્થી સત્માં આવ્યો, અંધકારથી પ્રકાશમાં આવ્યો
શાશ્વતી શાંતિ તૃપ્તિ, અનુભવતાં આ દેશ ઘણો ભાવ્યો. ૧૪

પ્રાપ્તવ્ય સર્વ પામ્યો, જ્ઞાતવ્ય હતું બધુંય તે જાણ્યુ,
કર્તવ્ય કાંઇ ન મારે, સૂક્ષ્મ વિચાર કરી મેં પરમાણ્યુ. ૧૫
ધન્ય ધન્ય હું ધન્યજ, સર્વ વસ્તુ હું પ્રભુમયજ પેખુ:
ધન્ય ધન્ય હું ધન્યજ, આ નામરૂપ સૌ કલ્પિત લેખુ. ૧૬

ॐ

॥ अंक एकताळीशमो ॥

॥ योगमहिमा ॥

અંત:કરણની પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા ને સ્મૃતિ આ પાંચ વૃત્તિઓ અંત:કરણમાં ઉત્પન્ન ન થાય એવી અભ્યાસવૈરાગ્ય-વડે અંત:કરણની જે સ્થિતિ કરવી તે સ્થિતિ યોગ કહેવાય છે. એ યોગની મહત્તાનુ આ લઘુ લેખમા સંક્ષેપથી નિરૂપણ કરવામાં આવનારુ હોવાથી આ લઘુલેખનું નામ યોગમહિમા રાખવામાં આવ્યુ છે.

જેમ સમુદ્રમાંથી જલના તરગો ને બળતા અગ્નિમાંથી તેની જ્વાલાઓ ઉત્પન્ન થયા કરે છે તેમ મનુષ્યાદિના અંત:કરણમાંથી તેનાં પરિણામો જેમને વૃત્તિઓ કહેવામાં આવે છે તે ઉત્પન્ન થયા કરે છે. તે વૃત્તિઓ અસંખ્ય હોવા છતાં તે સર્વનો પ્રમાણાદિ પાંચ વૃત્તિઓમાં સમાવેશ થઇ જાય છે. યથાર્થ લૌકિકજ્ઞાનની ઉત્પત્તિનું સાધન પ્રમાણવૃત્તિ કહેવાય છે. પ્રત્યક્ષ, અનુમાન ને આગમ આ ત્રણ મુખ્ય પ્રમાણવૃત્તિ ગણાય છે. શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેંદ્રિયોદ્વારા

અંતઃકરણની જે વૃત્તિ બહારના પદાર્થોને આકારે થાય તે વૃત્તિ **પ્રત્યક્ષપ્રમાણવૃત્તિ** કહેવાય છે, પર્વતાદિ પક્ષમાં ધૂમાડા આદિ હેતુને જોઈને અગ્નિ આદિ સાધ્યનો જે વૃત્તિવડે નિશ્ચય કરવામાં આવે છે તે વૃત્તિ **અનુમાનપ્રમાણવૃત્તિ** કહેવાય છે, અને સત્શાસ્ત્રો અને પ્રામાણિક પુરુષોનાં વચનો સાંભળી તેમણે કહેલા પદાર્થને આકારે થનારી અંતઃકરણની વૃત્તિ **આગમપ્રમાણવૃત્તિ** કહેવાય છે. દોરડી આદિમાં સાપ આદિનું મિથ્યાજ્ઞાન જે વૃત્તિવડે ઉપજે છે તે વૃત્તિ અર્થાત્ ભ્રાન્તિજ્ઞાનને ઉપજાવનારી વૃત્તિ **વિપર્યયવૃત્તિ** કહેવાય છે. વસ્તુરહિત એકલા શબ્દજ્ઞાનને આધારે કલ્પિત વસ્તુને આકારે થનારી વૃત્તિ **વિકલ્પવૃત્તિ** કહેવાય છે. આ વાંઝણીનો સુંદર પુત્ર પવિત્ર મૃગજલમાં સ્નાન કરી, માથે આકાશપુષ્પનો મુકુટ ધારણ કરી, હાથમા સસલાનાં શિંગડાંનુ દૃઢ ધનુષ ધારણ કરી ચાલ્યો જાય છે, આ વાક્યમાંના વાંઝણીનો પુત્ર, મૃગજલ, આકાશપુષ્પ ને સસલાનાં શિંગડાં આ શબ્દો સાંભળી સાંભળનારની જે વૃત્તિ તે શબ્દોના જ્ઞાનને આધારે તે કલ્પિત વસ્તુઓને આકારે થાય છે તે વિકલ્પવૃત્તિ છે. અંતઃકરણની જે વૃત્તિ ઇંદ્રિયોવડે બહારના પદાર્થોનો અનુભવ ન કરે, તથા અંતઃકરણમા રહેલી વાસનાઓથી પ્રતીત થતા મનોમય પદાર્થોને આકારે પણ ન થાય, અર્થાત્ જાગ્રત્ના ને સ્વપ્નના પદાર્થોના જ્ઞાનથી રહિત થઈ અજ્ઞાનને તથા સુખને આકારે થાય તે વૃત્તિ **નિદ્રાવૃત્તિ** કહેવાય છે. અંતઃકરણમાના જાગ્રત્ થયેલા કોઈ સંસ્કારવડે કોઈ પદાર્થને આકારે થયેલી અંતઃકરણની વૃત્તિ **સ્મૃતિવૃત્તિ** કહેવાય છે.

ઉપર કહેલી અંતઃકરણની પાંચે વૃત્તિઓનો યોગસાધકના અભ્યાસવૈરાગ્યવડે નિરોધ થયે તેના અંતઃકરણની જે સ્થિતિ થાય

તે સ્થિતિ આગળ કહ્યા પ્રમાણે યોગ કહેવાય છે. આ યોગ બે પ્રકારનો છે, સંપ્રજ્ઞાત તથા અસંપ્રજ્ઞાત. સંપ્રજ્ઞાતયોગને સબીજસમાધિ કિંવા સવિકલ્પસમાધિ અને અસંપ્રજ્ઞાતયોગને નિર્બીજસમાધિ અથવા નિર્વિકલ્પસમાધિ પણ કહેવામા આવે છે. અંતઃકરણની જે સ્થિતિમાં ધ્યાનના વિષયનો સ્પષ્ટ અનુભવ થાય છે તે સ્થિતિ સંપ્રજ્ઞાતયોગ કહેવાય છે. એ સંપ્રજ્ઞાતયોગના ચાર પ્રકાર છે, સવિકલ્પ, સવિચાર, સાનંદ ને સાસ્મિત. અંતઃકરણની જે સ્થિતિમાં ધ્યેયરૂપ સ્થૂલ પવિત્ર પદાર્થનો જ્યારે ઇચ્છા થાય ત્યારે સાક્ષાત્કાર કરી શકાય છે તે સ્થિતિ સવિકલ્પસંપ્રજ્ઞાતયોગ કહેવાય છે. અંતઃકરણની મલિનતા, સ્થૂલતા ને ચચલતા દૂર કર્યા વિના તેની પવિત્રતા, સૂક્ષ્મતા ને એકાગ્રતારૂપ સંપ્રજ્ઞાતયોગ સંપાદન કરી શકાય નહિ. અંતઃકરણની મલિનતા, સ્થૂલતા ને ચચલતા ક્રમથી દૂર કરી શકાય છે, ક્રમવિના તુરત દૂર કરી શકાતી નથી. સ્થૂલ વિષયોના ચિંતનથી, સેવનથી તથા તેમાં રહેલા અંતઃકરણના રાગદ્વેષથી મનુષ્યોના મોટા ભાગનાં અંતઃકરણો મલિન, સ્થૂલ ને ચચલ છે. વિષનું ઓસડ વિષ છે એ ન્યાયાનુસાર અન્ય સ્થૂલ પ્રાણિપદાર્થોમાંથી પોતાના અંતઃકરણનુ ભ્રમણ દૂર કરાવવા પ્રથમ કોઇ પ્રિય, પવિત્ર ને પૂજ્ય શાસ્ત્રોક્ત સ્થૂલ પદાર્થને આત્મા વા ધ્યાનનો વિષય માની તેમાં સાધકે પોતાના મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન પ્રારભવો જોઇએ. આવો પ્રયત્ન આદરપૂર્વક સતત ચાલતો રહેવાથી અભ્યાસીના અંતઃકરણની યોગ્યતાપ્રમાણે ન્યૂનાધિક સમયમાં તેનું અંતઃકરણ પોતાની સ્થૂલતા, મલિનતા ને ચચલતાનો ત્યાગ કરી તે પદાર્થને આકારે થવા લાગશે. આ અભ્યાસનો પરિપાક થયે જે અંતઃકરણ આગળ સ્થૂલ પ્રિય પ્રાણીઓને ને પદાર્થોને આકારે વારવાર થયા કરતુ હતું, અર્થાત્

તેનાંજ ચિત્રો જીવાત્માની આગળ ખડા કર્યા કરતું હતું તેમ હવે તે નહિ કરે, પણ આ ધ્યાનના વિષયરૂપે લીધેલા સ્થૂલ પવિત્ર પદાર્થને આકારે તે જાણેઅજાણે થયા કરશે. આવી સ્થિતિ પ્રાપ્ત થવાથી તે મોક્ષસાધક જ્યારે જ્યારે ઇચ્છા કરે ત્યારે ત્યારે પોતાના અંતઃકરણને તે ધ્યાનના વિષયરૂપ સ્થૂલ પદાર્થને આકારે કરી શકે છે, તથા અભ્યાસના પરિપાકના પ્રમાણમાં ન્યૂનાધિક સમય તે પોતાના અંતઃકરણને તે પદાર્થને આકારે રાખી શકે છે. અંતઃકરણની આવી યોગ્યતા પ્રકટ થવાથી તેના સ્વાભાવિક શુદ્ધ બલની વૃદ્ધિ થાય છે, અને તેથી તે દુઃખરહિત શાંત સ્થિતિ વધારે સમય અનુભવવા ભાગ્યશાલી થાય છે. અંતઃકરણની આ સ્થિતિ **સવિકલ્પ**-નામનો પહેલા પ્રકારનો સંપ્રજ્ઞાતયોગ છે. હવે અંતઃકરણની અવશેષ રહેલી મલિનતા, સ્થૂલતા તથા ચચલતા દૂર કરવા **સવિચાર**નામના બીજા પ્રકારના સંપ્રજ્ઞાતયોગના અભ્યાસનો આરંભ મોક્ષસાધકે કરવો જોઇએ. પૂર્વે ધ્યેયરૂપે લીધેલા પવિત્ર સ્થૂલ પદાર્થને (પાર્થિવ પદાર્થને) હવે તેણે ક્રમથી જલરૂપે, તેજોરૂપે, વાયુરૂપે ને પછી આકાશરૂપે થતો ધારવો, અર્થાત્ તેણે છેવટ પોતાના અંતઃકરણને પૂર્વોક્ત પવિત્ર પદાર્થે રોકેલા આકાશને આકારે કરવાનો પ્રયત્ન કરવો. આવો પ્રયત્ન પરમાદરપૂર્વક સતત ચાલતો રહેવાથી તે અભ્યાસનો પરિપાક થયે મોક્ષસાધકનું અંતઃકરણ પૂર્વોક્ત સ્થૂલ પદાર્થને આકારે થવાનો પોતાનો પ્રાપ્ત સ્વભાવ બંધ કરી હવે તે સ્થૂલ પદાર્થે રોકેલા નામ-રૂપરહિત આકાશને આકારે થવા લાગશે. અંતઃકરણ જ્યારે આવી સ્થિતિને પ્રાપ્ત થશે ત્યારે તે અંતઃકરણ વધારે પવિત્ર, વધારે સૂક્ષ્મ, વધારે એકાગ્ર ને વધારે દુઃખરહિત થઈ આગળ નહિ અનુભવેલા કોઇ નવા સુખનો અનુભવ કરતું જણાશે. સંપ્રજ્ઞાતયોગનો આ બીજો

પ્રકાર પ્રાપ્ત થયા પછી મોક્ષસાધકે તેને સંપ્રજ્ઞાતયોગનો ત્રીજો પ્રકાર જેને યોગીઓ સાનંદસંપ્રજ્ઞાતયોગ કહે છે તેના અભ્યાસમાં જોડવું. નેત્રેંદ્રિયદ્વારા અંતઃકરણ રૂપનુ ગ્રહણ કરે છે. ધ્યેયના સૂક્ષ્મરૂપનો સાક્ષાત્કાર સ્વાધીન થયા પછી રૂપને ગ્રહણ કરનાર નેત્રેંદ્રિયથી તે ધ્યેયનો અભેદ ધારી મોક્ષસાધકે પોતાના નેત્રની કીકીમા તે નેત્રેંદ્રિયને આકારે પોતાના અંતઃકરણની વૃત્તિ કર્યા કરવી તે **સાનંદસંપ્રજ્ઞાત-યોગ** કહેવાય છે. અભ્યાસવડે આ સાનંદસંપ્રજ્ઞાતયોગનો પરિપાક થયે અભ્યાસીને ધ્યેયનો નેત્રેંદ્રિયથી અભેદ અનુભવાય છે. મોક્ષસાધકનું અંતઃકરણ જ્યારે આ સ્થિતિએ પહોચે છે ત્યારે તે આગળના કરતા વધારે ઉંચા સુખનો અનુભવ કરે છે. આ ત્રીજા પ્રકારના સંપ્રજ્ઞાતયોગનો પરિપાક થયા પછી મોક્ષસાધકે પોતાના અંતઃકરણને ચોથા પ્રકારનો સંપ્રજ્ઞાતયોગ જેને સાસ્મિતસંપ્રજ્ઞાતયોગ કહેવામાં આવે છે તેના અભ્યાસમાં જોડવું જોઇએ. અંતઃકરણસહિત આત્માનું ધ્યાન કરવુ તે પહેલા પ્રકારનો **સાસ્મિતસંપ્રજ્ઞાયોગ**, ને અંતઃકરણ-રહિત એકલા આત્માનુ ધ્યાન કરવુ તે બીજા પ્રકારનો **સાસ્મિત-સંપ્રજ્ઞાતયોગ** છે. આ અભ્યાસમા પ્રથમ નેત્રેંદ્રિયના ધ્યાનને દૂર કરી અંતઃકરણસહિત આત્માનુ ધ્યાન કરવામાં આવે છે. આ અભ્યાસના પરિપાકવડે મોક્ષસાધકને અંતઃકરણના તથા આત્માના સ્વભાવોનો અનુભવ થાય છે. પછી જડ અંતઃકરણને પૃથક્ કરી મોક્ષસાધકે એકલા આત્માનુંજ ધ્યાન કરવુ જોઇએ. આ અભ્યાસના પરિપાકને યોગીઓ **વિવેકખ્યાતિ** કહે છે. વિવેકખ્યાતિનો વા અંતઃકરણથી આત્માના પૃથક્પણાના સ્પષ્ટ અનુભવનો લાભ થયે યોગાભ્યાસી પુરુષ કૃતાર્થ થાય છે. અહિ સંપ્રજ્ઞાતયોગ સમાપ્ત થાય છે. અંતઃકરણની આ સ્થિતિમાં તે અંતઃકરણ વૃત્તિઓવાળુ હોય છે

ખરુ, પણ તેની વૃત્તિઓ તે એકાગ્રતાકાલે આત્માને આકારેજ થયા કરે છે, ને યોગીને તે જ્ઞાત હોય છે. આ સ્થિતિને પામેલો યોગી અભ્યાસની ને વૈરાગ્યની વૃદ્ધિથી આત્માકાર થતી તે વૃત્તિઓને ક્રમથી ઘણીજ સૂક્ષ્મ સ્થિતિએ પહોચાડે છે. આ સ્થિતિને અતઃકરણની **નિરોધદશા** વા **સંસ્કારશેષાવસ્થા** કહેવામા આવે છે. આજ અસંપ્રજ્ઞાતયોગ છે. આ નિરોધદશામાં અંતઃકરણ પોતાના અધિષ્ઠાનરૂપ આત્માને આકારે થઈ ગયુ હોય છે. તેમાંથી વૃત્તિઓરૂપ અણુ સૂક્ષ્મ પરિણામ થયા કરે છે, પણ તે વૃત્તિઓ તે વેલા તે યોગીને જ્ઞાત હોતી નથી, વ્યુત્થાન થયા પછી તેને પોતાના અતઃકરણની વૃત્તિઓ આત્માને આકારે થઈ હતી એવું સ્મરણ થાય છે.

ગ્રાહ્ય સ્થૂલ પદાર્થોને આકારે થયેલુ ચિત્ત સ્થૂલ છે, ગ્રાહ્ય સૂક્ષ્મ પદાર્થોને આકારે થયેલુ ચિત્ત સૂક્ષ્મ છે, વિષયોને ગ્રહણ કરનાર ઇંદ્રિયોને આકારે થયેલુ ચિત્ત સૂક્ષ્મતર છે, ને અતઃકરણ-સહિત આત્માને તથા અતઃકરણરહિત આત્માને આકારે થયેલુ ચિત્ત વધારે સૂક્ષ્મતર તથા પરમસૂક્ષ્મ છે. અજ્ઞાનથી સ્થૂલ પદાર્થોને આકારે થયેલા પોતાના ચિત્તને ક્રમથી પરમસૂક્ષ્મ કરવાથીજ મનુષ્ય દુ ખરહિત પરમાનંદવાળી સ્થિતિ સંપાદન કરી શકે છે.

શ્રુતિ, સ્મૃતિ, વેદાંતદર્શન, યોગદર્શન, સાખ્યદર્શન, બૌદ્ધદર્શન ને આર્હતદર્શન અંતઃકરણની પરમસૂક્ષ્મતારૂપ અસંપ્રજ્ઞાતયોગને વા અંતઃકરણની નિરોધદશાને સ્પષ્ટરીતે પરમપ્રાપ્તવ્યના મુખ્યસાધનરૂપ માને છે, અને ઉપાસકો, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન ને પૂર્વમીમાંસાદર્શન પ્રકારાંતરે આ સ્થિતિને પરમપ્રાપ્તવ્યના મુખ્યસાધનરૂપ માને છે.

“ **तावदेव निरोधव्यं यावद्धृदिगतं क्षयम् । एतज्ज्ञानं च ध्यानं च शेषो न्यायस्य विस्तरः ॥** ” (તે અંતઃકરણનો

ત્યાંસુધી નિરોધ કરવો કે જ્યાંસુધી તે હૃદયદેશમાં સ્થિત બ્રહ્મમાં ક્ષય પામે. આ જ્ઞાન અને આ ધ્યાન છે, બાકી તો તે અર્થ સમજાવવા યુક્તિનો વિસ્તાર છે) ઇત્યાદિ શ્રુતિઓ અને " **शनैः शनैरुपरमेद् बुद्ध्या धृतिगृहीतया। आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥** " (ધીરજવડે ગ્રહણ કરેલી બુદ્ધિથી ધીરે ધીરે—ક્રમથી—વિષયોથી ઉપરામ પામે, આત્માને વિષે અંતઃકરણને સારી રીતે સ્થિર કરીને કાંઇ પણ ન ચિંતવે) ઇત્યાદિ સ્મૃતિઓ આત્માનો સાક્ષાત્કાર અંતઃકરણની પરમસૂક્ષ્મતાવડેજ પ્રાપ્ત કરી શકાય છે એમ કહે છે. વેદાંતદર્શનમાં નિદિધ્યાસના પરિપાકવડે પરમતત્ત્વનો સાક્ષાત્કાર માન્યો છે તેથી તે દર્શનમાં પણ અંતઃકરણની પરમસૂક્ષ્મતા બ્રહ્મપ્રાપ્તિના મુખ્યસાધનરૂપે સ્વીકારી છે. યોગદર્શનમાં તથા સાંખ્યદર્શનમાં અંતઃકરણની એકાગ્રતાને તથા અંતઃકરણના નિરોધનેજ આત્માની સ્વસ્વરૂપમાં સ્થિતિ થવામાં મુખ્યસાધનરૂપ માનવામાં આવે છે તેથી તે દર્શનમાં તો ઊઘાડી રીતે અંતઃકરણની ઉત્તરોત્તર પરમસૂક્ષ્મતા કરવાનો સ્વીકાર છે. બૌદ્ધદર્શનમાં વિષયોને, ઇંદ્રિયોને અને વિજ્ઞાનને (બુદ્ધિને) ક્રમથી મિથ્યા ગણવાનો અર્થાત્ પોતાના અંતઃકરણને શૂન્ય, મહાશૂન્ય ને અતિશૂન્યની સ્થિતિએ પહોંચાડી તે અંતઃકરણને સર્વના શૂન્યભાવરૂપ બ્રહ્મમાં વિરામ પમાડવાનું કહેલુ હોવાથી તે દર્શનમાં પણ અંતઃકરણની પરમસૂક્ષ્મતા સંપાદન કરવાનો મુખ્ય ઉપદેશ છે. આર્હતદર્શનમાં (જૈનસિદ્ધાંતમાં) પણ અંતઃકરણને આઠ કર્મરહિત કરી જીવને સિદ્ધસ્થિતિએ પહોંચાડવાનું કહેલુ હોવાથી તે દર્શનમાં પણ અંતઃકરણની પરમસૂક્ષ્મતા પરમપ્રાપ્તવ્યના મુખ્યસાધનરૂપ ગણાય છે. ઉપાસકાદિના સિદ્ધાંતમાં પણ પોતાનું જે પરમપ્રાપ્તવ્ય છે તે અંતઃકરણની સૂક્ષ્મતાવિના પ્રાપ્ત થઇ શકે એવુ

ન હોવાથી તેમના સિદ્ધાતમાં પણ અંતઃકરણની સૂક્ષ્મતા પ્રાપ્ત કરવી અગત્યની માની છે.

અશુદ્ધ અંતઃકરણ ઘણા સમયથી પ્રાપ્ત થયેલો પોતાનો સ્થૂલભાવ ત્યજી સૂક્ષ્મ થઇ શકે નહિ, તો તે પરમસૂક્ષ્મ તો ક્યાંથીજ થઇ શકે ? નજ થઇ શકે, માટે મોક્ષેચ્છુએ તે અંતઃકરણની અશુદ્ધિ પ્રથમ દૂર કરવી જોઇએ. અંતઃકરણની અશુદ્ધિ દૂર કરવામાટેજ વૈદિકસિદ્ધાતમા સંધ્યાદિ નિત્યકર્મનો ઉપદેશ કરવામાં આવ્યો છે, ને અન્ય દર્શનોમાં તે તે દર્શનને અનુકૂલ અન્ય કર્મોનો ઉપદેશ કરવામાં આવ્યો છે. યોગદર્શનમા જે અહિંસાદિ યમોનો, શૌચ આદિ નિયમોનો, સિદ્ધાદિ આસનોનો, પ્રાણાયામનો ને પ્રત્યાહારનો ઉપદેશ કરવામા આવ્યો છે તે અંતઃકરણની અપવિત્રતા, સ્થૂલતા ને ચચલતા દૂર કરી તેને પવિત્ર, સૂક્ષ્મ ને સ્થિર કરવામાટે કરવામાં આવ્યો છે.

શાસ્ત્રોક્ત શુભ કર્મોવડે અંતઃકરણને પવિત્ર કર્યા પછી મોક્ષસાધકે તેની સૂક્ષ્મતા કરવામાટે તેને કોઇ પણ શુભ વિષયમા એકાગ્ર કરવા માડવુ જોઇએ. અંતઃકરણની એકાગ્રતા સંપાદન કરવાના યત્નનો આરંભ તે ધારણા. ધારણાનો અભ્યાસ કરતી વેલા મોક્ષસાધકનુ ચિત્ત વારવાર ધ્યાનના વિષયનો ત્યાગ કરી અર્થાત્ તેમાં એકાગ્ર નહિ રહેતાં અન્ય પદાર્થોને આકારે થઇ જાય છે, વા નિદ્રાજેવી સ્થિતિમાં જતુ રહે છે. વિષયોમાં રહેલા અસત્પણુ, તુચ્છપણ ને બંધકપણુ એ દોષોનુ મનમાં વારવાર સ્મરણ રાખી વિષયોમા રહેલો રાગ મનમાથી દૂર કરવાથી તથા લેશ પણ કંટાળ્યા વિના આદરપૂર્વક નિરતર તે અભ્યાસ ચાલુ રાખવાથી અંત કરણની સ્થૂલતા ને ચચલતા દૂર થવા માડે છે, ને તે ધ્યાનના વિષયમાં તે એકાગ્ર રહેવા લાગે છે. અંતઃકરણ ધ્યેયમાં એટલે ધ્યાનના વિષયમાં કેટલોક

સમય એકાગ્ર રહે, અર્થાત્ તે પ્રમાણથી જણાતા અન્ય વિષયોને આકારે, મિથ્યા પદાર્થોને આકારે ને વિકલ્પના વિષયોને આકારે ન થાય, ભૂતકાલમા અનુભવેલા વિષયોનુ સ્મરણ ન કરે, અને નિદ્રાને વશ ન થાય એવી અંતઃકરણની સ્થિતિ થાય તેને ધ્યાન કહેવામા આવે છે. આ વેલા હુ ધ્યાન કરનારો છું, અમુક ધ્યેયનું હું ધ્યાન કરુ છુ, ને મારા અંતઃકરણની વૃત્તિ ધ્યેયને આકારે સ્થિર થઇને રહી છે એવુ સાધકને સ્પષ્ટ ભાન હોય છે. ધ્યાનનો આદરપૂર્વક અભ્યાસ ચાલતો રહેવાથી અંતઃકરણની એકાગ્રતા ને સૂક્ષ્મતા વધતાં વધતા તે સમાધિનામની સ્થિતિને પ્રાપ્ત થાય છે. આ સ્થિતિમાં હું ધ્યાન કરુ છુ, ને મારા અંતઃકરણની વૃત્તિ ધ્યેયને આકારે સ્થિર થઇને રહી છે એવુ ભાન શિથિલ થાય છે, ને માત્ર ધ્યાનના વિષયની સ્ફૂર્તિ રહે છે. આ સમાધિના પરિપાકને સંયમ કહેવામાં આવે છે. સંયમનો પરિપાક થવાથી અંતઃકરણ આગળ કહેલા સંપ્રજ્ઞાતયોગને પામે છે. સંપ્રજ્ઞાતયોગને વિવેકખ્યાતિ પણ કહેવામા આવે છે, કેમકે તે સ્થિતિમાં તે યોગીને આત્મા અને અંતઃકરણના બીજના પૃથક્પણાનો સ્પષ્ટ અનુભવ થયો હોય છે. સંપ્રજ્ઞાતયોગનો પરિપાક ધર્મમેઘસમાધિ (પુણ્યપાપરહિત આત્માને આકારે થનારી વૃત્તિઓની જેમાં વૃષ્ટિ થાય છે એવો યોગ) કહેવાય છે. આ ધર્મમેઘસમાધિમાં યોગીના અંતઃકરણની વધારે સૂક્ષ્મ ને અતિપવિત્ર થયેલી વૃત્તિઓ ક્રમપૂર્વક પુણ્યપાપરહિત અસંગસ્વભાવવાળા આત્માનેજ વિષય કર્યા કરે છે. જેમ મેઘની ધારાઓ પૃથિવીપર પડે તેમ આ વેલા આત્માને વિષય કરનારી વૃત્તિઓનો પ્રવાહ અંતઃકરણોપહિત ચૈતન્યપર પડ્યા કરે છે, ને આત્માના ઉપાધિરૂપ અંતઃકરણના ઉંડાણમાં રહેલા અહંતામમતારૂપ સૂક્ષ્મ મેલને ધોઈ નાંખે છે. પછી પરવૈરાગ્ય ઘણો

બલવાન્ થવાથી તે યોગી અસંપ્રજ્ઞાતસમાધિને પ્રાપ્ત થાય છે. આ સ્થિતિમાં અંતઃકરણમાંથી જે નામમાત્ર પરિણામો થાય છે તેને યોગીઓ વૃત્તિ એવું નામ આપતા નથી. અંતઃકરણની આવી લગભગ વૃત્તિરહિત સ્થિતિને અંતઃકરણની સંસ્કારશેષાવસ્થા કહેવામા આવે છે. આ દશામાં અંતઃકરણ પોતાના અધિષ્ઠાન આત્માસાથે અત્યંત સૂક્ષ્મ, પવિત્ર એકાગ્ર ને બાહ્યવેગશૂન્ય થઇને મળી ગયેલાજેવી સ્થિતિમાં હોય છે. આવા મહાયોગીનું અંતઃકરણ સ્વપરના પ્રારબ્ધકર્મથી જ્યારે પોતાની તેવી સ્થિતિને ત્યાગ કરી વ્યુત્થાનદશાને પામે છે–જગદાકાર થાય છે–ત્યારે પણ તે અંતઃકરણ પરમપવિત્રતાવાળુ ને પરમસૂક્ષ્મ થયેલુ તેને અનુભવાય છે. અંતઃકરણની આ સ્થિતિમાં તેના શુદ્ધનિશ્ચયરૂપ ધર્મ આગળ પડતો હોય છે તેથી એવા અંતઃકરણને પ્રજ્ઞા પણ કહેવામા આવે છે. અંતઃકરણની પૂર્વોક્ત પવિત્રતમ સ્થિતિને પ્રજ્ઞાપ્રસાદ કહેવામાં આવે છે. આવા પ્રજ્ઞાપ્રસાદને પામેલો મહાયોગી પોતાને સર્વ દુઃખોથી રહિત થયેલો પરમાનંદરૂપ જુએ છે, ને એવી સ્થિતિને પામેલા મહાયોગીઓથી ભિન્ન સર્વ જગતને તે ત્રણ પ્રકારના તાપમાના એક કે વધારે તાપથી તપતુ અનુભવે છે.

યમાદિ યોગાંગો પ્રજ્ઞાપ્રસાદને પ્રાપ્ત કરવાનાં સાધનો છે પ્રજ્ઞાપ્રસાદને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરનાર અલ્પપુણ્યવાળા મનુષ્યને જ્વરાદિ રોગ, પ્રાપ્ત સાધનાભ્યાસમાં અરુચિ, પ્રજ્ઞાપ્રસાદ ને તેનુ ફલ મનુષ્યને પ્રાપ્ત થતાં હશે કે નહિ એવો સંશય, પ્રજ્ઞાપ્રસાદ મનુષ્યને ઉપકારક નથી પણ અપકારક છે આવી મિથ્યા સમજ અત્યાહારથી તથા રાજસતામસ આહારથી શરીર મન ભારે થવાવડે પ્રજ્ઞાપ્રસાદની પ્રાપ્તિના હેતુરૂપ યોગાભ્યાસ કરવામાં પ્રવૃત્તિનો અભાવ

યોગાનુષ્ઠાન કરવારૂપ પોતાના કર્તવ્યનુ વિસ્મરણ, વિષયચિંતન ને વિષયસેવનમાં મનશરીરાદિની પ્રવૃત્તિ, અંત:કરણની સ્થિરતાની થોડે અંશે પણ પ્રાપ્તિ ન થવી, ને અંતઃકરણની કાંઇક સ્થિરતા થઈ હોય તેને પૂર્ણ માની લઇ તે સ્થિરતાનો પરિપાક કરવામાં અરુચિ આમાંનુ એક વિઘ્ન કે અનેક વિઘ્નો પ્રાપ્ત થાય છે માટે તે વિઘ્નોમાં-નું જે વિઘ્ન સાધકયોગીને પ્રાપ્ત થાય તે વિઘ્નને દૂર કરવાનો તેણે શાસ્ત્રીય ઉપાય કરવો. એ ઉપાયો અન્યત્ર દર્શાવેલા હોવાથી અહિ તેમનું નિરૂપણ કર્યુ નથી.

પ્રજ્ઞાપ્રસાદની પ્રાપ્તિ થવાથી પુરુષ અવિદ્યાદિ પાંચ ક્લેશોથી રહિત પોતાના આત્મસ્વરૂપને અનુભવે છે. એ આત્મસ્વરૂપ આધ્યાત્મિકાદિ ત્રણ તાપથી રહિત પરમાનંદરૂપ છે. મનુષ્યને સર્વ દુઃખથી રહિત પરમસુખ જોઇએ છીએ. ને દુઃખરહિત પરમસુખ પ્રજ્ઞાપ્રસાદવડે આત્મસાક્ષાત્કાર થવાથી પુરુષને પ્રાપ્ત થાય છે. એવી રીતે જાણવાયોગ્ય આત્માને જાણવાથી ને પ્રાપ્ત કરવાયોગ્ય સર્વ દુઃખરહિત પરમસુખની પ્રાપ્તિ થવાથી તે મનુષ્યને પછી કાંઈ પણ કર્તવ્ય બાકી રહેતુ નથી. આવા મનુષ્યનો મનુષ્યજન્મ સફલ થાય છે. તે કૃતાર્થ પુરુષનું પ્રારબ્ધકર્મ પૂરું થયે તેમનુ અંતઃકરણ પૃથક્ થઈ પોતાના ઉપાદાનકારણ માયામા સદાને માટે વિલીન થઈ જાય છે.

કોઈ પણ અજ્ઞાની મનુષ્યને બાહ્યદૃષ્ટિએ દુઃખાભાવ ને પરમસુખ નિત્ય પ્રાપ્ત નથી તેથી તેનું મન સર્વદા અસંતોષી રહે છે. બાલકથી વૃદ્ધ, રંકથી રાજા ને મૂર્ખથી મહામહોપાધ્યાયસુધી સર્વ અજ્ઞાની મનુષ્યો પોતપોતાના જીવભાવને લીધે પોતપોતાની સ્થિતિથી પ્રાયશઃ

સર્વદા અસંતોષી હોય છે. કોઈ મનુષ્યની બહારની સ્થિતિઓ બદલાવાથી અર્થાત્ તેને ઇચ્છિત સ્થિતિની પ્રાપ્તિ થવાથી મનુષ્યને ભલે ક્ષણવાર કે તેથી વધારે સમયસુધી સંતોષ થાય પણ તે સંતોષ દીર્ઘકાલ સ્થિર રહેવાનો સંભવ નથી. જે વસ્તુ દુઃખરહિત પરમ-સુખરૂપ છે તે વસ્તુને જ્યારે મનુષ્યનું અંતઃકરણ સ્પષ્ટ અનુભવે ત્યારેજ તે પરમસંતોષનો અનુભવ કરે છે. બહારની સ્થિતિઓ સર્વ મનુષ્યની સમાન થઇ શકવાનો સંભવ નથી, પણ આંતરસ્થિતિ તો ઉપર કહેલી વસ્તુનો અનુભવ થવાથી સર્વ અનુભવ કરનારની સમાન થઇ શકવાનો પ્રબલ સંભવ છે તેથી પરમસંતોષ પ્રાપ્ત કરવા ઇચ્છનાર સર્વ મનુષ્યે તે વસ્તુનો સંદેહરહિત અનુભવ કરાવનાર યોગનો આદરપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.

મનની એકાગ્રતાવાળો મનુષ્ય પોતાનો બાહ્યવ્યવહાર સારી રીતે કરી દ્રવ્યાદિ સંપાદન કરી શકે છે તેથી દ્રવ્યાદિ મેળવી સંસારમાં સુખી થવા ઇચ્છનાર મનુષ્યને પણ મનની એકાગ્રતારૂપ યોગ ઉપયોગી છે. આહાર, ઇંદ્રિયો ને મન વશ રાખવાથી શરીર પ્રાયશઃ નીરોગ રહે છે તેથી શરીરને નીરોગ રાખવા ઇચ્છનાર મનુષ્યને પણ યોગ ઉપયોગી છે. બલવાન્ શરીરવાળા પ્રાણીમાં મનને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવાથી શરીર બલવાન્ કરી શકાય છે તેથી પોતાના શરીરને બલવાન્ કરવા ઇચ્છનાર મનુષ્યને પણ યોગ ઉપયોગી છે. મનની એકાગ્રતા હોય તોજ વિદ્યા પ્રાપ્ત કરી શકાય છે તેથી વિદ્યા મેળવવા ઇચ્છનાર મનુષ્યે પણ મનની એકાગ્રતારૂપ યોગ સંપાદન કરવાયોગ્ય છે. સ્વર્ગસુખ વા અંતઃકરણની પવિત્રતાવડે અનુભવાતું સુખવિશેષ સંપાદન કરવાની ઇચ્છા હોય તેમને યમનિયમા-દિ યોગનાં અંગોનું અનુષ્ઠાન ઉપકારક હોવાથી તેમને પણ આ

યોગ ઉપયોગી છે. યોગવડે અન્તઃકરણની એકાગ્રતા, પવિત્રતા ને સૂક્ષ્મતા વધારવાથી મનુષ્યશરીરમા રહીને પણ મહર્લોક, જનલોક, તપોલોક ને સત્યલોકમાં નિવાસ કરનારાઓને પ્રાપ્ત થનાર સુખ પ્રાપ્ત કરી શકાય છે માટે તે તે લોકનું સુખ પ્રાપ્ત કરવા ઇચ્છનાર મનુષ્યને પણ આ યોગ ઉપયોગી છે. દિવ્ય શબ્દ, દિવ્ય સ્પર્શ, દિવ્ય રૂપ, દિવ્ય રસ ને દિવ્ય ગંધનો અનુભવ પણ મનનો શરીરના અમુક અમુક ભાગમાં એકાગ્રતા કરવારૂપ યોગથી થઇ શકે છે માટે તેવી ઇચ્છાવાળા મનુષ્યને પણ પોતાની ઇચ્છાની સફલતા કરવા-માટે તે યોગ ઉપયોગી છે. દુષ્ટ પ્રારબ્ધકર્મથી સ્થૂલશરીરમા પ્રકટેલા રોગોના વિસ્મરણમાં પણ યોગ ઉપયોગી થાય છે, ને મનના કામ-ક્રોધાદિ રોગો શમાવવામાં પણ તે ઉપયોગી થાય છે. ચિંતા ને ભયથી યોગ મનુષ્યનુ રક્ષણ કરે છે માટે તેવા આપત્તિની વેલાએ તેની નિવૃત્તિમાટે પણ યોગ ઉપયોગી થાય છે. વિશ્વમાં જે મોટા મોટા વ્યાવહારિક શોધો થયા છે તે પણ ચિત્તની એકાગ્રતાવાળા પુરુષોએ કર્યા છે તેથી તેવા શોધો કરવાની ઇચ્છા રાખનાર મનુષ્યને પણ ચિત્તની એકાગ્રતારૂપ યોગ ઉપયોગી છે. સ્થૂલદૃષ્ટિએ અશક્યજેવા મનાતા નાનાપ્રકારના ચમત્કારો ચિત્તની યોગ્યતા વધવાથીજ કારણસહિત સંશયવિના અનુભવાય છે તેથી તેવા ચમત્કારો જોવાની લાલસાવાળા મનુષ્યને પણ યોગ ઉપયોગી છે. કથનમાત્ર સાધકમનુષ્યના મનમાં રજોગુણની તથા તમોગુણની વૃદ્ધિ થવાથી વા તેના મનની નિર્મલતાથી તેના અનુભવમાં આવનારી સંનિપાતવાળાના જેવી ભ્રાંતિથી થનારી પ્રતીતિઓને વિવેકી મનુષ્યે સાચા ચમત્કાર સમજવા નહિ. કોઈ પણ મનુષ્યને આ લોકનુ વા પરલોકનું જે સુખ જોઇતુ હોય તે સુખ યોગ તે મનુષ્યને મેળવી આપે છે, ને

પરમસુખ પણ તે મેળવી આપે છે માટે યોગ કલ્પતરુથી વા ચિંતામણિથી પણ ઘણો શ્રેષ્ઠ ગણાય છે.


નેતિધોતિ આદિ શરીરમલશોધક ક્રિયાઓ કે નાનાપ્રકારના આસનો તે વાસ્તવિક યોગ નથી, તેમજ શરીરે ભસ્મ લગાડી રાખવી વા પંચ ધૂણી તાપવી તે પણ વાસ્તવિક યોગ નથી, પણ આગળ જે સંપ્રજ્ઞાતયોગ તથા અસંપ્રજ્ઞાતયોગ કહ્યા તેજ વાસ્તવિક યોગ છે

યોગ શરીરબલને ક્ષીણ કરનારો નથી, પણ જેને શરીરબલની ઇચ્છા હોય તેને તે આસનાભ્યાસદ્વારા ને બલવાન્ પ્રાણીમાં યમાભ્યાસદ્વારા શરીરબલની વૃદ્ધિ કરવામા સાહાય્ય કરનાર છે. યોગનાં યમનિયમાદિ અંગો યોગાભ્યાસી મનુષ્યના નીતિબલને પુષ્ટ કરનારાં છે તેથી કોઈ પણ વાદી યોગને નીતિબલને શિથિલ કરનારો કહી શકે એમ નથી. આ પૃથિવીપરના સર્વ ધર્મમતમા યોગનો ન્યૂનાધિક અંશે આગત્ય માનેલી છે તેથી યોગને ધર્મબલ ઘટાડનારો પણ કહી શકાય નહિ, કિંતુ તેને ધર્મબલને સુદૃઢ કરનારો કહેવાય. જેને બાહ્યવ્યવહારમાજ પૂર્ણપણાની બુદ્ધિ હોય તેને તેવી જાતનો લૌકિક ક્રિયાયોગ હાનિ કરનારો નહિ થતા લાભ કરનારોજ થાય છે. જે મનુષ્યોને બહારની દૃશ્ય વસ્તુઓના લાભમા ને ઉપયોગમા સુખનુ ભાન થતુ નથી, પણ તે સર્વના કારણમાં જેમને સુખનો સંભવ જણાય છે તેમને વ્યવહારનુ બહુ પ્રયોજન ન હોવાથી તેમને કેટલેક અંશે કે સર્વાંશે વ્યવહારમા ઉપેક્ષાની બુદ્ધિ વા વ્યવહારની વિસ્મૃતિ થાય તો તેમને તેવી બુદ્ધિ તથા તેવી વિસ્મૃતિ હાનિ કરનારી થતી નથી, પણ લાભ કરનારીજ થાય છે.

યોગ મનુષ્યના અંતઃકરણને પરમપવિત્ર, આ લોક પરલોકના

દૃશ્ય પ્રાણિપદાર્થોમાં પરમનિઃસ્પૃહ, પરમસ્વતંત્ર, અંતઃકરણને ક્ષોભ પમાડનારા સર્વ દોષોથી અત્યંત રહિત–પરમશાંત, ને પરમાનંદાનુભવવાળુ બનાવે છે તેથી જે પુરુષો તથા જે સ્ત્રીઓ પોતાના અંતઃકરણને પરમપવિત્ર, પરમનિઃસ્પૃહ, પરમસ્વતંત્ર, પરમશાંત ને પરમાનંદાનુભવવાળુ કરવાની ઇચ્છા રાખતા હોય તે સર્વ પુરુષોએ તથા તે સર્વ સ્ત્રીઓએ આદરપૂર્વક નિરંતર દીર્ઘકાલસુધી યોગાભ્યાસ કરી સંપ્રજ્ઞાતયોગની વા અસંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ કરવી જોઇએ. ઉત્તમ મનુષ્ય થવામાટે, જીવતાંજ દેવજેવા થવામાટે, જીવતાંજ ઇશ્વરજેવા થવામાટે ને જીવતાંજ બ્રહ્મરૂપે સ્થિતિ કરવામાટે જેમની ઇચ્છા હોય તેમણે પણ યોગાભ્યાસવડે યોગનો પરિપાક કરવો જોઇએ.

વેદાધ્યયનથી, દાનથી, તપશ્ચર્યાથી, વૈદિક તથા સ્માર્ત યજ્ઞાદિ કર્મોથી, નવધા ભક્તિથી, પરોક્ષજ્ઞાનથી ને અદૃઢ અપરોક્ષજ્ઞાનથી સ્વાનંદસામ્રાજ્યની પ્રાપ્તિ કરાવનારો યોગ અત્યંત શ્રેષ્ઠ છે માટે સર્વ વિવેકી પુરુષોએ તથા વિવેકી સ્ત્રીઓએ યોગજ અમારા પરમપુરુષાર્થનું સાધન છે એવો દૃઢ નિશ્ચય કરી યોગાભ્યાસમા પ્રવૃત્તિ કરવી જોઇએ, ને ફલસિદ્ધિનો અનુભવ થતાસુધી કંટાળ્યા વિના પ્રસન્નતાથી તેના અનુષ્ઠાનમા સતત તત્પર રહેવુ જોઇએ. ૐ



ॐ

॥ अंक बेंताळीशमो ॥

॥ ज्ञानमाहिमा ॥

મંગલાચરણ.

દોહરા.

પરમતત્ત્વ સમજાવીને, ટાળે ભ્રાંતિ અનેક;
દુઃખસંશય સૌ દૂર કરે, આપી સુખદ વિવેક. ૧
હૃદયગ્રંથ સૌ કાપીને, દૂર કરે ભવફંદ,
વંદુ તે ગુરુદેવને, જે શુચિ પરમાનંદ. ૨

શ્રીઈશ્વરના, જીવના ને આ જગતના વાસ્તવિક સ્વરૂપને જાણવું તે **જ્ઞાન** કહેવાય છે. એ જ્ઞાનની મહત્તાનું નિરૂપણ આ અંકમાં કરેલું હોવાથી આ અંકનું નામ **જ્ઞાનમહિમા** રાખવામાં આવ્યું છે.

શ્રીઈશ્વરના, જીવના ને આ જગતના વાસ્તવિક સ્વરૂપનો નિર્ણય કેવલાદ્વૈતસિદ્ધાંતમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છેઃ—શ્રીઈશ્વરમાં બે અંશ છે, શુદ્ધચેતન ને માયા. તેમાં શુદ્ધચેતન પારમાર્થિક સત્ય છે, ને માયા વ્યાવહારિક (વ્યવહારની સ્થિતિસુધી) સત્ય કે પ્રાતિભાસિક (પ્રતીતિકાલે) સત્ય છે. વ્યાવહારિક સત્ય કે પ્રાતિભાસિક સત્ય શુદ્ધચેતનરૂપ બ્રહ્મનું જ્ઞાન થયે બાધ પામે છે—મિથ્યાપણાના દૃઢ નિશ્ચયવાળું થાય છે—તેથી માયા પણ બ્રહ્મજ્ઞાનકાલે સત્યરૂપે પ્રતીત થતી નથી માટે શ્રીઈશ્વર વસ્તુતાએ શુદ્ધચેતનરૂપ છે એમ નિશ્ચય થાય છે. જીવમાં શુદ્ધચેતન ને અવિદ્યા એવા બે

અંશ છે. તેમાં શુદ્ધચેતન પારમાર્થિક સત્ય છે, ને અવિદ્યા વ્યાવહારિક સત્ય કે પ્રાતિભાસિક સત્ય છે તેથી માયાની પેઠે અવિદ્યા પણ બ્રહ્મજ્ઞાનકાલે મિથ્યા પ્રતીત થવાથી જીવનુ વાસ્તવિક સ્વરૂપ પણ શુદ્ધચેતન છે એમ નિર્ણય થાય છે. આ જગત્માં તે છે, (અસ્તિ,) તે પ્રતીત થાય છે, (ભાતિ,) ને સુખરૂપ (પ્રિય) છે, તે નામયુક્ત છે, ને તે રૂપયુક્ત છે, આ પાંચ અંશો પ્રતીત થાય છે. તેમાં પ્રથમના ત્રણ અંશો શુદ્ધચેતનરૂપ હોવાથી પારમાર્થિક સત્ય છે, ને છેલ્લા બે અંશો વ્યવહારપૂરતા કે કથનમાત્ર સત્ય હોવાથી તેને માયાના અંશો કહેવામાં આવે છે. માયાની પેઠે આ બે અંશો પણ બાધ પામવાને યોગ્ય હોવાથી આ જગતનું વાસ્તવિક સ્વરૂપ પણ શુદ્ધચેતનજ છે એમ નક્કી થાય છે. એવી રીતે શ્રીઈશ્વરનું, જીવનુ ને આ જગત્નુ વાસ્તવિક સ્વરૂપ શુદ્ધચેતન એટલે એકજ અદ્વિતીય બ્રહ્મ છે એમ જાણવું તે આ સિદ્ધાંતપ્રમાણે જ્ઞાન છે. તે જ્ઞાન બે પ્રકારનુ છે, પરોક્ષ અને અપરોક્ષ. શાસ્ત્રના અને સદ્ગુરુના ઉપદેશથી ઉપર કહેલી રીતે જાણવુ તે પરોક્ષજ્ઞાન છે, ને સ્વાનુભવથી ઉપર કહેલી રીતે જાણવું તે અપરોક્ષજ્ઞાન છે. અપરોક્ષજ્ઞાનની સંપૂર્ણ મહત્તા જણાવવાને કોઇ પણ ભાષામાં યોગ્ય શબ્દો હોવા સંભવતા નથી તેથીજ બ્રહ્મજ્ઞાનીઓ તેની મહત્તા જણાવવાના પ્રસંગમાં મૌન ધારણ કરે છે. ઉત્તમાધિકારીઓ તો તે મૌનવડે તે જ્ઞાનનુ માહાત્મ્ય વાણીથી કહી શકાય એવુ નથી એમ સમજી શકે છે, પણ મધ્યમ ને મંદ અધિકારીઓને તેથી તે જ્ઞાનનો મહિમા સમજાય નહિ માટેજ આ લેખમાં તે જ્ઞાનનો કહી શકાય તેટલો મહિમા યથામતિ ગુજરાતીભાષામાં યોગ્ય શબ્દોમાં નિરૂપણ કરાશે.

ઉપર કહેલુ જ્ઞાન સત્ત્વગુણવાળા અંતઃકરણમાં આવિર્ભાવ પામે છે. મનુષ્યના અંતઃકરણમાં જ્યાસુધી તમોગુણનું ને રજોગુણનુ બલવાન્‌પણુ હોય ત્યાસુધી તેનુ અંત.કરણ વધારે સમયસુધી સત્ત્વગુણવાળુ રહી શકે નહિ માટે પોતાના અંતઃકરણમા રહેલા તે ગુણોને તેમના ધર્મોવડે ઓળખી તે ગુણોને પોતાના શ્રીસદ્‌ગુરુએ ઉપદેશ કરેલી રીતે આદરપર્વક પ્રયત્ન કરી બલહીન કરી નાંખવા જોઇએ. સુખેચ્છુ મનુષ્યે પ્રથમ વર્ણાશ્રમના ધર્મોનુ આદરપૂર્વક પરિપાલન કરી પોતાના અતઃકરણને પવિત્ર કરવુ જોઇએ. પછી તેણે વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ ને તીવ્રમુમુક્ષુતા એ ચાર સાધનો મેળવવા ક્રમપૂર્વક આગ્રહથી સતત પ્રયત્ન કરવો જોઇએ. એ ચાર સાધનોનુ વર્ણન અન્ય લેખોમાં વિસ્તારથી થઈ ગયેલુ હોવાથી અહિ તેમનું નિરૂપણ ન કરતા માત્ર તેમનાં નામો આપ્યાં છે. આ ચાર સાધનોની પ્રાપ્તિ થવાથી અંતઃકરણની સ્થૂલતા ને ચચલતા ઘણે ભાગે ન્યૂન થઈ જાય છે તેથી તેવા અત:કરણવાળા મનુષ્યને વેદાંતના ગ્રંથોનું શ્રવણ કરવાનો મુખ્યાધિકાર પ્રાપ્ત થાય છે. શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુપાસેથી તેવા ગ્રંથોનું આદરપૂર્વક લાંબો કાલ શ્રવણ કરવાથી તે શ્રોતાને વેદાંતશાસ્ત્ર અદ્વૈતબ્રહ્મનુજ નિરૂપણ કરે છે આવો નિશ્ચય થાય છે. પછી એકાંતમાં બેસી આદરપૂર્વક અદ્વૈતબ્રહ્મના સ્વરૂપનો, ઈશ્વરના સ્વરૂપનો, જીવના સ્વરૂપનો, જગત્‌ના સ્વરૂપનો, મોક્ષના સ્વરૂપનો ને મોક્ષનાં સાધનોના સ્વરૂપનો વારવાર વિચાર કર્યા કરવાથી (મનન કરવાથી) ઈશ્વર, જીવ ને જગત્‌ વસ્તુતાએ બ્રહ્મ છે, એ અદ્વિતીય બ્રહ્મ જીવનુ પોતાનુ વાસ્તવિક સ્વરૂપ હોવાથી તે સ્વરૂપે સ્થિતિ કરવી તે મોક્ષ છે, ને તે મોક્ષ આત્મસ્વરૂપથી અભિન્ન બ્રહ્મના જ્ઞાનથી પ્રાપ્ત થાય છે એમ તેને

સમજાય છે. આવી સમજની પ્રાપ્તિ થવી તે પરોક્ષજ્ઞાન કહેવાય છે. આ પરોક્ષજ્ઞાન સુદૃઢ થયા પછી તેણે તે અદ્વિતીય બ્રહ્મનુ સતત ધ્યાન વા નિદિધ્યાસન કરવુ જોઇએ. આવા નિદિધ્યાસનનો અભ્યાસ કર્યા વિના ચિરકાલથી પોષણ પામીને સુદૃઢ થયેલી દેહાદિ જડ પદાર્થોમા હુપણાની ભ્રાન્તિ ને પ્રતીત થતા અનિત્ય જગત્મા સત્યપણાની ભ્રાંતિ નિ શેપ દૂર થતી નથી. દીર્ઘકાલ આદરપૂર્વક સતત નિદિધ્યાસનનો અભ્યાસ કર્યા કરવાથી તે અભ્યાસનો પરિપાક થયે તેને આત્મસ્વરૂપથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર થઇ તેની ઉપર કહેલી વિપરીતભાવના વા ભ્રાંતિ દૂર થાય છે. જ્યારે પુરુષ આવી સ્થિતિને પ્રાપ્ત થાય ત્યારે તે કૃતાર્થ થયો કહેવાય છે. હવે તેને કાંઈ મેળવવાયોગ્ય વા જાણવાયોગ્ય બાકી રહેલુ ન હોવાથી તેને કાંઇ પણ કર્તવ્ય બાકી રહેતુ નથી.

ઘણાં શાસ્ત્રો પરપરાવડે ને કેટલાંક શાસ્ત્રો સાક્ષાત્ બ્રહ્મનુ નિરૂપણ કરનારાં હોવાથી સર્વ શાસ્ત્રોના મુખ્યવિષયરૂપ એક બ્રહ્મના અનુભવથી (જ્ઞાનથી) સર્વ શાસ્ત્રો જાણેલાંજેવાં થવાથી હવે તેમને કોઇ શાસ્ત્ર જાણવાનું કામ બાકી રહેતુ નથી. સર્વ પ્રાણિપદાર્થોમા વિવર્તોપાદાનકારણરૂપે બ્રહ્મ રહેલું હોવાથી સર્વ પ્રાણિપદાર્થો વસ્તુતાએ બ્રહ્મજ છે તેથી તે બ્રહ્મનુ જ્ઞાન થવાથી તેમા કલ્પાયેલા સર્વ પ્રાણિપદાર્થોનું જ્ઞાન થઇ ગયેલાજેવુ થવાથી હવે તેમને કોઇ પણ પ્રાણિપદાર્થનું જ્ઞાન મેળવવાનુ બાકી રહેતુ નથી. સર્વ પ્રકારના દ્રવ્યના સ્વામી ઈશ્વર છે. તે દ્રવ્ય ને ઈશ્વર બ્રહ્મમાં કલ્પિત છે. બ્રહ્મની અભેદભાવે પ્રાપ્તિ થવાથી ઈશ્વરની ને સર્વ પ્રકારના દ્રવ્યની પ્રાપ્તિ થઈ ગયેલાજેવી થવાથી હવે તેમને કોઇ પણ પ્રકારના દ્રવ્યની પ્રાપ્તિ કરવાનો શ્રમ લેવો અવશેષ રહેતો નથી. અસંખ્ય પ્રકારનાં

વ્યાવહારિક સુખો બ્રહ્મસુખની માત્ર છાયા છે તેથી બ્રહ્મસુખની પ્રાપ્તિ થયે તે અસંખ્ય પ્રકારના સુખોથી પણ વધારે સુખનો એકસાથે લાભ થવાથી તેમને કોઇ પણ પ્રકારના સુખની પ્રાપ્તિ કરવી બાકી રહેતી નથી. સર્વ પ્રકારનાં દુઃખોનું મૂલકારણ આત્મસ્વરૂપનું અજ્ઞાન છે. આત્મસ્વરૂપના જ્ઞાનવડે તે અજ્ઞાનની નિવૃત્તિ થવાથી સર્વ પ્રકારનાં દુઃખોનો અત્યંત ઉચ્છેદ થઇ જાય છે. આવી રીતે સ્વરૂપના જ્ઞાનવડે સર્વ પ્રકારના દુઃખોનો કારણસહિત ઉચ્છેદ થઇ જવાથી હવે કોઇ પણ પ્રકારના દુઃખની નિવૃત્તિમાટે તેમને કોઇ પણ પ્રકારનો પ્રયત્ન કરવો અવશેષ રહેતો નથી. તેમના નિર્મલ, એકાગ્ર, સૂક્ષ્મ ને વેદાંતશાસ્ત્રના દૃઢ સંસ્કારવાળા અંતઃકરણમા નિરુપાધિક, નિરતિશય, સ્વાભાવિક ને સ્વાધીન પરમાનંદનો સર્વદા આવિર્ભાવ થયા કરવાથી તેમના અંતઃકરણમા વિષયતૃષ્ણાઓ ને તેમને અનુસરીને થનારી પ્રવૃત્તિઓ રહી શકતી નથી. શરીરાદિના પ્રારબ્ધાનુસાર જે વિષયો તેમને આવી મળવાના હોય તે આવી મળે છે, ને તેથી તેમના શરીરનો પ્રારબ્ધકર્મની સમાપ્તિપર્યંત નિર્વાહ થાય છે. અનુકૂલ વિષયોની પ્રાપ્તિથી તેમના ચિત્તને અજ્ઞાનીના જેવો હર્ષ થતો નથી, ને તેમની અપ્રાપ્તિથી તેમના ચિત્તને અજ્ઞાનીના જેવો ખેદ થતો નથી. પ્રારબ્ધકર્મવશાત્ પોતાના શરીરવડે ખેતી, વ્યાપાર, સેવા કે અન્ય ધંધાઓ થાય તેમાં, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રાદિના ધર્મોનું શરીરાદિવડે પાલન થાય તેમાં, અને બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસીના ધર્મોનુ શરીરાદિવડે પરિપાલન થાય તેમાં તેમને અભિમાન હોતું નથી. જેમ કોઇ નદીના પ્રવાહમાં પડેલુ સૂકુ કાષ્ઠ તે નદીના પ્રવાહને અનુસરીને વહ્યુ જાય છે તેમ તેઓ પ્રારબ્ધકર્મના વેગને અનુસરીને નિરભિમાનપણે તથા સમભાવવડે–રાગદ્વેષ-

રહિત–પોતાનાં શરીરાદિને ચાલવા દે છે. પૂર્વના પ્રારબ્ધકર્મથી વા કર્તવ્યના આભાસથી જો તેમને પોતાના પ્રારબ્ધકર્મમાં ફેરફાર કરવાની ઇચ્છા પ્રકટે છે તો તેઓ યોગ્ય પુરુષપ્રયત્ન કરી જેનો ફેરફાર કરી શકાય એમ હોય એવા પ્રારબ્ધકર્મને ફેરવી પણ શકે છે. જેમ નાટકશાળામા રહેલો મણિમય દીપક ત્યાં બેઠેલા સર્વને અવિકારી રહીને પ્રકાશે છે તેમ શરીરમાં રહેલો આત્મા શરીરમાં રહેલ અહંકારને, બુદ્ધિને, પ્રાણને ને ઇંદ્રિયોને તથા તેમની પ્રવૃત્તિનિવૃત્તિને અવિકારી રહીને પ્રકાશે છે એમ તેમને અનુભવાય છે. તેઓને કેટલાક ભોગો તેમના અવશેષ રહેલા પ્રારબ્ધકર્મથી ઉપજતી ઇચ્છાઓવડે થાય છે, કેટલાક ભોગો તેમના પ્રારબ્ધકર્મથી અન્ય મનુષ્યોને પ્રેરણા થઇ તે મનુષ્યોની ઇચ્છાવડે થાય છે, અને કેટલાક ભોગો તેમના પ્રારબ્ધકર્મથી તેમની કે અન્ય મનુષ્યોની ઇચ્છાવિના કર્મફલપ્રદાતા ઈશ્વરના સંકેતવડે થાય છે. ઉપર કહેલા સ્વેચ્છા, પરેચ્છા ને અનિચ્છા આ ત્રણ પ્રકારના પ્રારબ્ધકર્મનો ભોગ તેઓ દ્રષ્ટા રહીને કરે છે. જેમ ઘરમાં રહેલો મનુષ્ય પોતાને ઘરથી ભિન્ન અનુભવે છે તેમ શરીરમાં રહેલા પોતાના (જ્ઞાનીના) આત્માને જ્ઞાની પોતાના શરીરથી ભિન્ન અનુભવે છે. નિષ્પાપ, સતશાસ્ત્રને જાણનારા, સર્વ પ્રકારની તૃષ્ણાઓથી રહિત ને પરમાનંદરૂપ બ્રહ્મમાં સર્વદા અભેદભાવે રહેલા એ જ્ઞાની ધનધાન્યાદિથી પરિપૂર્ણ સમગ્ર પૃથિવીના મહારાજા જે નીરોગ, યુવાવસ્થાવાળા, દૃઢ મનવાળા, પુષ્ટશરીરવાળા, બલવાન્, મોટી સેનાવાળા ને વિદ્વાન્ હોય તેના કરતાં અસંખ્યગણુ વધારે સુખ અનુભવે છે. તેઓ પોતાના પ્રારબ્ધકર્માનુસાર પોતાનો પ્રાપ્તવ્યવહાર કરતાં છતાં પણ સર્વદા નિર્લેપ રહે છે. તેમનું અંતઃકરણ સામાન્યવિશેષભાવે

સર્વદા બ્રહ્માનુભવ કરતુ રહે છે તેથી તેમને પ્રારબ્ધકર્મથી થતી દેહાદિની પ્રવૃત્તિ કે નિવૃત્તિ અપકાર કે ઉપકાર કરવા સમર્થ થતી નથી. એ જ્ઞાનના મહિમાથીજ જેમનાં આયુષો પૂરાં થયા હતા એવા અનેક દુષ્ટોનુ હનન કરીને તથા અન્યદ્વારા હનન કરાવીને પણ શ્રીરામકૃષ્ણાદિ નિર્લેપ રહ્યા, એ જ્ઞાનના મહિમાથીજ ઇંદ્ર વિશ્વરૂપનુ તથા નામધારક સંન્યાસીઓનું હનન કર્યા છતાં પણ નિર્લેપ રહ્યા, એ જ્ઞાનના મહિમાથીજ શ્રીયાજ્ઞવલ્કયે શાપવડે શાકલ્યના મસ્તકનો પાત કર્યા છતાં પણ તે નિર્લેપ રહ્યા, એ જ્ઞાનના મહિમાવડેજ શ્રીવસિષ્ઠ પોતાનો પ્રાપ્તવ્યવહાર કરતા છતાં પણ નિર્લેપ રહ્યા, ને એ જ્ઞાનના મહિમાથીજ અજાતશત્રુ ને જનકાદિ રાજર્ષિઓ રાજભારનુ વહન કરતાં છતાં પણ નિર્લેપ રહ્યા. આત્મસ્વરૂપના દૃઢ બોધને પ્રાપ્ત થયેલા જ્ઞાની શરીરરૂપ વિમાનમા સ્થિતિ કરીને પોતાના પ્રાપ્તવ્યવહારનુ ઉદાસીનના જેવા રહીને અર્થાત્ આસક્તિથી ને અભિમાનથી રહિત રહીને પાલન કરતા છતા આ વિશ્વમાં પ્રારબ્ધકર્મની સમાપ્તિપર્યત વિચરે છે, ને તેઓ કોઇ પણ સ્થલે, કોઈ પણ કાલે, કોઇ પણ ક્રિયામા ભ્રાંતિને વશ થતા નથી. પ્રાણીઓના હૃદયમાં અજ્ઞાનથી ઉપજતી જડ પદાર્થોની વાસનાઓવડે જે દાહ નિરતર થયા કરે છે તે દાહનુ અત્યત શમન ને હૃદયમાં બ્રહ્મજ્ઞાનનો આવિર્ભાવ થયા વિના થતુ નથી. સર્વ પ્રકારના દુ:ખોની અત્યતનિવૃત્તિ, પરમશાંતિ ને તજ્જન્ય પરમાનંદ કોઇ પણ લૌકિક ઉપાયવડે પ્રાપ્ત થતાં નથી. મનુષ્યાદિના હૃદયમાં જ્યારે સંશયવિપર્યયરહિત બ્રહ્મનુ જ્ઞાન આવિર્ભાવ પામે છે ત્યારેજ તેને સર્વ પ્રકારના દુ:ખોની અત્યતનિવૃત્તિ, પરમશાતિ ને તજ્જન્ય પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આ વિષયને વિશેષ સ્પષ્ટ કરવા શ્રાસદ્ગુરુના ઉપદેશનું તથા શિષ્યના અનુભવનુ સંક્ષિપ્ત વર્ણન કરાય છે.

શ્રીસદ્ગુરુ કહે છે.—"હે પ્રિયદર્શન ! તું અંતરબહારની સર્વ ઉપાધિઓનો પરિત્યાગ કરી તારા હૃદયને સાત્વિકી શ્રદ્ધા ને ઉત્સાહથી પરિપૂર્ણ કરી તારા જીવનની આ ક્ષણને ધન્ય માની આ પવિત્રતર ને એકાંત સ્થલમાં આવ. અહિં સ્વસ્થ થઇને બેસ. તારા પવિત્ર ને સૂક્ષ્મ ચિત્તને નામરૂપવાળા સર્વ પ્રાણિપદાર્થોમાંથી તું ખેંચી લે. હવે અહંકાર, મન, બુદ્ધિ, ચિત્ત, પાંચ પ્રાણો, પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો ને સ્થૂલશરીરથી તું પૃથક્ થા. એ અહંકારાદિ તું નથી તેમ એ તારાં પણ નથી તો તેમના ધર્મો તે તારા ધર્મો શી રીતે હોઈ શકે ? તું સર્વ સાંસારિકધર્મોથી રહિત, સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળો ને અહંકારાદિ સર્વ જડસમૂહનો અસંગ રહીને પ્રકાશક છે હવે તને અહંકારાદિ સર્વ જડનો નિષેધ કરનાર અનુભવરૂપ તત્ત્વ અનુભવાય છે ? નિષેધના અવધિભૂત એ તત્ત્વનેજ આત્મા, સાક્ષી, દ્રષ્ટા, નિજરૂપ, કૂટસ્થ, બ્રહ્મ કે પરબ્રહ્મ કહે છે. એ આ જગત્‌નું પરમકારણ વા વિવર્તોપાદાનકારણ છે, ને એમાંજ આ સર્વ દૃશ્ય પ્રપંચ અજ્ઞાનથી કલ્પાયેલો છે. જો અહંકારાદિથી ભિન્ન તે આત્મતત્ત્વનું તને સ્પષ્ટ ભાન થયું હોય તો તારી ચિજ્જડની ગ્રંથિનો ભેદ થવાથી તું કૃતાર્થ છે. સર્વ ઉપનિષદાદિનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન પૂર્વોક્ત ગ્રંથિનો ભેદ કરવામાટેજ છે. અહંકારાદિ સર્વ જડનો બાધ થયા પછી તને એકજ અદ્વિતીયતત્ત્વ આવરણરહિત અનુભવાતું હશે. હવે તને જે અનુભવ થતો હોય તે તું કહે."

શિષ્ય સ્વાનુભવ કહે છે:—"હે પૂજ્યચરણ ! આપશ્રીની અમોઘ કૃપાથી હું ધન્ય છું. હું હવે સ્વાનંદસામ્રાજ્યને પ્રાપ્ત થયો છું. અહિં મને ભય ને દુઃખના કારણરૂપ દ્વૈત પ્રતીત થતું નથી. કલ્પિત અજ્ઞાન નિત્યને માટે ક્યાંઇક પલાયન કરી ગયેલું જણાય છે. અહિં

મને કોઇ પણ પ્રકારનુ રોગાદિથી કે અન્ય પ્રાણીઓથી થતુ સાંસારિક દુ:ખ પ્રતીત થતુ નથી. અન્યની પ્રતીતિને અભાવે મને રાગ, દ્વેષ, માન. ઈર્ષ્યા કે અસૂયા આદિ દોષો પણ હવે પ્રતીત થતા નથી. મન પોતેજ રહ્યુ નથી તો તેના શુભ કે અશુભ ધર્મો હવે કોને અવલબીને રહે ? સર્વ પ્રકારના દુ:ખથી રહિત, નિરતિશય ને નિરુપાધિક આનદ આ મનોવૃત્તિ ક્ષણે ક્ષણે અનુભવે છે. કોઇ પણ દ્વદ્વ કે કોઈ પણ પ્રકારનો સબધ સર્વસંગરહિત મારામા પ્રતીત થતા નથી. જેમ પ્રલયકાલે એકલા પાણીનીજ પ્રતીતિ થાય તેમ આ વેળા મને એકલા ચેતનનીજ પ્રતીતિ થાય છે. જેમ ચાર ભૂતોનો ને તેના ધર્મોનો આકાશની સાથે લેશ પણ સબંધ નથી તેમ આ દશ્યનો મારી સાથે લેશ પણ સંબધ નથી. આ દશ્યનો પ્રતિભાસ હવે ઝાખો પડી ગયેલો જણાય છે. સ્વપ્નના પ્રાણિપદાર્થો જેમ ચેતનના વિવર્તરૂપ ને અવિદ્યાના પરિણામરૂપ છે તેમ આ જાગ્રત્મા પ્રતીત થતા પ્રાણિપદાર્થો પણ ચેતનના વિવર્તરૂપ ને અવિદ્યાના પરિણામરૂપ છે. વ્યાવહારિક ભોક્તા ને વ્યાવહારિક ભોગ્ય એ સર્વ મારા શુદ્ધસ્વરૂપમાં કલ્પિત છે એમ મને અનુભવાય છે. હવે હુ સર્વદા પ્રહસિતવદનવાળો, પ્રસન્ન ઇંદ્રિયોવાળો, ચિંતારહિત ને કૃતાર્થ છુ. હવે મારે આ લોકના સંબધનું કે પરલોકના સંબધનું કાંઈ પણ કર્તવ્ય બાકી રહ્યું હોય એમ મને જણાતુ નથી. હવે મારે વિવેકાદિ ચાર સાધનો કે શ્રવણાદિ ત્રણ સાધનો સંપાદન કરવાનું પણ શુ પ્રયોજન છે ? વિધિનિષેધ, પાપપુણ્ય ને તજ્જન્ય સુખદુ:ખ પણ અહિં પ્રતીત થતાં નથી. હવે આ અંત:કરણને દશ્યમાં સત્યતાની ભ્રાંતિ ઉપજતી નથી તેથી દશ્ય પ્રાણિપદાર્થના સંબંધની સર્વ કામનાઓની આ અંત:કરણમાંથી નિવૃત્તિ થઈ ગઈ છે. હવે અવિનાશિ-

ભાવ, શાંત પ્રકાશ ને પરમાનંદનુંજ સર્વત્ર ભાન થાય છે. બ્રહ્મધ્યાનના અભ્યાસથી મનના સ્થૂલભાવની નિવૃત્તિ થઈ ગઈ છે, બ્રહ્મભાવનાના અભ્યાસના પરિપાકથી મંદવેગવાળી, મધ્યવેગવાળી ને તીવ્રવેગવાળી મલિનવાસનાઓનો વિનાશ થઇ ગયો છે, ને સ્વરૂપાનુસંધાનના પરિપક્વપણાથી જડચેતનના અભેદભાવની ભયંકર ગાંઠ કપાઈ ગઇ છે તેથી અજ્ઞાનીઓને જેમ પોતાના સ્થૂલશરીરમાં હુંપણાનો દૃઢ નિશ્ચય હોય છે તેમ મને બ્રહ્મથી અભિન્ન સાક્ષિચેતનમા હુંપણાનો દૃઢ નિશ્ચય થયો છે. ત્રણે અવસ્થાઓની ત્રિપુટીઓનો મારી સાથે લેશ પણ સંબંધ નથી. હુ તેમને અસંગ રહીને પ્રકાશું છું. હવે હિરણ્યગર્ભના પદનો બાહ્યવૈભવ પણ મને તુચ્છ જણાય છે. મને દૃશ્યમાં ક્યાંઇ પણ રમણીયપણાનુ ભાન થતુ નથી, ને સર્વ કલ્પિતમાં મન ઉદાસીનજેવુ થઈ ગયુ છે. પ્રારબ્ધકર્મના વેગથી જ્યારે મનોવૃત્તિ વ્યવહારના પ્રાણિપદાર્થોને આકારે થાય છે ત્યારે પણ ચિત્તની સ્થિતિ દૈવીસંપત્તિના પ્રકાશવાળી પ્રતીત થાય છે. સદ્ગુરુ, સત્શાસ્ત્ર, શુભવિચાર ને તત્ત્વજ્ઞાન સર્વથા ધન્યવાદને પાત્ર છે. એ સર્વે જિજ્ઞાસુના શરીરાદિને કોઈ પણ પ્રકારનુ કષ્ટ આપ્યા વિના તેને અનાયાસે ભવસાગરનો પાર પમાડનારાં છે એમ મને આજે અનુભવાયું. સદ્ગુરુના વચનમાં અડગ શ્રદ્ધા ને તીવ્રમુમુક્ષુતા હોય તો વૃત્તિનુ અંતર્મુખપણું ને સદ્ગુરુની કરુણા થતાં અજ્ઞાનકાલે અપારજેવો પ્રતીત થતો ભવસાગર ગાયના પગલાજેટલો અતિસાંકડો અરે ! અદૃશ્ય થઇ જાય છે એમ મને જણાય છે. પ્રાકૃત મનુષ્યો દર્પણમાં પડેલા પોતાના મિથ્યાત્માનુ (સ્થૂલશરીરનું) પ્રતિબિંબ જોઇને અથવા કાગળપર પાડેલી પોતાના મિથ્યાત્માની પ્રતિકૃતિ જોઇને પ્રસન્ન થાય છે ત્યારે જ્ઞાની પુરુષ પોતાના પવિત્ર, સૂક્ષ્મ ને એકાગ્ર

ચિત્તમાં પડેલા પોતાના મુખ્યાત્માનુ પ્રતિબિબ જોઇને પ્રસન્ન કેમ ન થાય ? થાયજ. સૌ પુણ્યશાલી જીવો અંતર્મુખવૃત્તિવડે તથા પોતાના શ્રીસદ્ગુરુની કૃપાવડે અત્યંત સમીપમાં રહેલો ને વિનામૂલ્યે નામમાત્ર યત્નથી પ્રાપ્ત થતો આ પરમાનદ ભોગવવા ભાગ્યશાલી થાઓ એમ આ મનોવૃત્તિ ઇચ્છે છે. મહાસાગરમાનો મોટો મગર જેમ ડૂબકી મારી સમુદ્રને તળીએ બેસે, વા જેમ મોટા પર્વતપરથી પડેલો મોટો પાષાણ તે પર્વતની તળેટીમા જઇને સ્થિર થાય તેમ આ મનવાણી હવે પોતાના અધિષ્ઠાન આત્મસ્વરૂપમાંજ સ્થિર થાય છે.

હે પુણ્યશાલી મનુષ્યો ! ઉપર જણાવેલુ જ્ઞાનનુ માહાત્મ્ય સાંભળી તમારામાથી જેઓ અવિવેકરૂપ ઘાટી નિદ્રામાંથી ન જાગ્યા હોય તેઓ શીઘ્ર જાગો. આ દુઃખમય સંસારથી ઉદાસ થઇ શ્રદ્ધા-ભક્તિ વધારી, સત્શાસ્ત્ર ને સુયુક્તિઓ જાણનારા, બ્રહ્માનુભવવાળા ને પરમકરુણાલુ સદ્ગુરુને શરણે તમારામાથી જેઓ ન ગયા હોય તેઓ તેઓશ્રીને શરણે જવા શીઘ્ર ઊભા થાઓ ચાલો. શ્રીસદ્-ગુરુને સાષ્ટાંગદંડવત્નમસ્કાર કરવાવડે તમે તમારા સર્વ પ્રકારના અભિમાનનો ત્યાગ કર્યાનુ તેઓશ્રીને નિવેદન કરો. સંસારની ઘાટી આસક્તિનો ત્યાગ કર્યાનુ સૂચવવામાટે તમે યથાશક્તિ યોગ્ય ભેટ તેઓશ્રીના ચરણકમલમા ધરો, અને હવે હુ મારા અયોગ્ય વિચાર-આચારને તિલાંજલિ દઇ આપશ્રીનાજ વિચારઆચારને બહુ માન આપી તેને અનુસરવારૂપ પૂજન શુદ્ધભાવથી અડગ નિશ્ચયવડે સર્વદા કરીશ એમ દર્શાવવા તેઓશ્રીનુ પૂજન કરો. સર્વદા સ્વાભાવિક પ્રસન્ન છતાં પણ આજે તમારા ભક્તિભાવથી કાંઇક વિશેષ પ્રસન્નતાવાળા પ્રતીત થતા તમારા અનવધિ કૃપાવાળા સદ્ગુરુ તમને તમારા અંતઃ-

કરણાદિની યોગ્યતાનો વિચાર કરી જે ઉપદેશ કરે તેનું તમે બહુ-માનપૂર્વક એકાગ્રતાથી પોતાને ધન્યભાગી માની શ્રવણ કરો. હવે તેમના કારુણ્યમહોદધિરૂપ અંતઃકરણનો કારુણ્યમય પરમપવિત્ર પ્રવાહ તેઓશ્રીનાં પરમદયા ને પરમનિર્મલતાથી ભરેલાં મનોહર નેત્રોદ્વારા તમારા ઉપર આવે છે તે પરમપવિત્ર પ્રવાહવડે તમે તમારાં અંતઃ-કરણાદિને સ્નાન કરાવો, ને ભવસાગરનો અનાયાસે પાર પમાડનારા તેઓશ્રીની મધુર અને પવિત્ર વાણીએ ઉચ્ચારેલા શબ્દપ્રવાહને તમે તમારા શ્રવણદ્વારા તમારા અંતઃકરણમાં આવવા દ્યો, ને તેના અર્થમા તમે તમારા જીવાત્માને નિમગ્ન કરી દ્યો. ઉપદેશના શ્રવણ-કાલે તમે તમારી આસપાસના સર્વ જગત્‌ને ભૂલી જજો. જાણે તમે કોઇ નિર્જન પ્રદેશમાં સર્વનો ત્યાગ કરીને બેઠેલા છો એમ ભાવના રાખજો. ઉપદેશનુ શ્રવણ કરી રહ્યા પછી નિત્ય પવિત્ર ને એકાંત સ્થલે બેસી તેનુ તમે આદરપૂર્વક યથાશક્તિ મનન કર્યા કરજો, તથા અન્ય કરવાયોગ્ય શુભ ક્રિયાઓ કરજો, ને પછી બ્રહ્મના ધ્યાનમાંજ તમે તમારા અંતઃકરણને આદરપૂર્વક નિરંતર લગાડજો. જો તમારે આ જન્મમાંજ કૃતાર્થ થવુ છે તો તમે દુર્જનોથી ને નાસ્તિકોથી દૃઢતા, સાવધાનતા ને નિઃસ્પૃહતાવડે દૂર રહેજો. તમારા શ્રીસદ્-ગુરુએ જ્ઞાનોદયની વિઘાતક જે જે અન્ય સામગ્રીથી દૂર રહેવા તમને આજ્ઞા કરી હોય તે તે સર્વ સામગ્રીને હલાહલવિષરૂપ સમજી તેનાથી પણ તમે દૂર રહેજો. તમને તમારા અધિકારનો વિચાર કરીને તમારી આધ્યાત્મિક ઉન્નતિ થવામાટે તેઓશ્રીએ જે જે અન્ય સાધનોનું અનુષ્ઠાન કરવાનું કહ્યું હોય તે તે સાધનોને સ્મરણમાં રાખી તે તે સાધનોનું અનુષ્ઠાન તમે ગમે તે પ્રકારે સમય મેળવીને આદર-પૂર્વક નિરંતર કરજો. આલસ્ય, દીર્ઘસૂત્રતા, ભ્રમ, પ્રમાદ ને વિષયાનુ-

રાગને વશ નજ થજો. તમને કહેલાં સાધનોનુ નિત્ય સાધારણ અનુષ્ઠાન કરીનેજ તમે ન અટકજો, પણ જો તમે ઉપાધિવાળા ઉત્તમ જિજ્ઞાસુ હો તો દઢતા, સાવધાનતા ને ઉત્સાહ રાખી પ્રત્યેક વર્ષમા એકાદ માસ તમારા ધધાનો ને તમારા સગાવહાલાનો ત્યાગ કરી તમારા સદ્ગુરુશ્રીના શરીરની જ્યા સ્થિતિ હોય ત્યા જઇ ઉપદિષ્ટ સાધનોના અનુષ્ઠાનપરાયણ થજો. આઠ આઠ દિવસે પણ કાઇક વધારે સાધનાનુષ્ઠાન કરજો. નકામી મોટી મોટી વાતો ન કરતા તમારા કર્તવ્યને આચરણમા મૂકી આગળ વધવાનુ છે તે ન ભૂલશો. ઉંડી ઉંડી અશ્રદ્ધા તજી દેશો, ને દીર્ઘસત્રી ન થશો. તમે ઉપાધિ-યુક્ત સ્થિતિવાળા મદ કે મધ્યમ પ્રકારના જિજ્ઞાસુ હો તોપણ તમારે આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિના માર્ગમા આગળ વધવામાટે–તમારા અંત:કરણમા સત્ત્વગુણની વૃદ્ધિ કરવામાટે–વર્ષમા બે ત્રણ વાર તમારા સદ્ગુરુનાં દર્શન, તેમનાં ભવબધવિનાશક વચનામૃતોનુ શ્રવણપાન ને તેમના પવિત્ર ચરણારવિંદની રજનુ મસ્તકપર ધારણ એ અવશ્ય કરવા જોઇએ. શરીરશ્રમના વિચારરૂપ ને ખર્ચના વિચારરૂપ પિશાચો તમારુ ગળુ ન પકડે એમ તમારે સાવધાનતા રાખવી જોઇએ, ને તમારા સ્થાનમા તમારે કેટલોક સમય વધારે અભ્યાસ કરવા જોઇએ. લૌકિકસ્થિતિની પ્રતિકૂલતાના, શરીરની પ્રતિકૂલતાના ને ધનની પ્રતિકૂલતાના નકામાં બાનાં કાઢી તમે તમારે હાથેજ તમારા જ્ઞાનપ્રાપ્તિના ટુકા માર્ગને જાણીજોઇને લાબો કરશો માં. તમારા મનની શુદ્ધભાવવાળી દઢતા વધશે તો તમારા શરીરની પ્રતિકૂલતા દૂર થશે, તમારી લૌકિકસ્થિતિની પ્રતિકૂલતા દૂર થશે, ને તમારી ધનની પ્રતિકૂલતા પણ દૂર થશે. તમે માંદા થાઓ છો ત્યારે કે તમારે તમારુ કે તમારાં સગાંવહાલાંનુ અગત્યનુ કાઇ કામ કરવાનુ

હોય છે ત્યારે તમે તમારો ધંધો મૂકી શકો છો તો આવા અતિ-અગત્યના કામમા તમને તમારો ધંધો થોડો સમય બંધ રાખવાનુ મન કેમ થતું નથી ? સજ્જનો ! વ્યવહારની તૃષ્ણાને નિયમિત કરો. ઉપયોગજેટલો વૈરાગ્ય રાખો, ને કર્તવ્યનિષ્ઠા ગણી આગળ વધો જો તમારુ અંતઃકરણ હજી વ્યવહારના કરતા પરમાર્થનુ માહાત્મ્ય ઓછુ સમજે છે તો શોકસાથે તમને સ્પષ્ટ કહેવુ પડે છે કે તમે હજી જિજ્ઞાસુજ થયા નથી. જો તમારુ સ્થૂલશરીર સ્ત્રીનુ હોય તો તમે તમારે ઘેર રહી સોમવારે કે ગુરુવારે કાંઇક વિશેષ અભ્યાસ કરો. વળી ત્રણ ત્રણ માસે કે છ છ માસે તમારી અનુકૂલતાનો વિચાર કરી તમે કેટલાક દિવસો અભ્યાસપરાયણજ રહો.

"**ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः**"–સ્વયપ્રકાશ બ્રહ્મને અનુભવીને જ્ઞાની અવિદ્યા ને તેનાં કાર્યરૂપ પાશોથી મોકળો થાય છે. "**ज्ञात्वा शिवं शान्तिमत्यन्तमेति ॥**"–કલ્યાણસ્વરૂપ બ્રહ્મને અનુભવીને જ્ઞાની નિરવધિ શાતિને પામે છે, ને "**यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः । तदा देवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति ॥**"–મનુષ્યો જ્યારે ચામડાની પેઠે આકાશને વીટાળી શકશે ત્યારે સ્વયપ્રકાશ બ્રહ્મને જાણ્યા વિના દુઃખની અત્યતનિવૃત્તિ પામશે, ઇત્યાદિ શ્રુતિઓ બ્રહ્માનુભવવડે દુઃખની અત્યતનિવૃત્તિ ને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ કહે છે. યુક્તિવડે વિચારીએ તોપણ જણાય છે કે અજ્ઞાનના વિરોધી જ્ઞાનવડે અજ્ઞાનની નિવૃત્તિ થયે અજ્ઞાનના કાર્યરૂપ સર્વ દુઃખોની નિવૃત્તિ થવી જોઇએ, તથા અજ્ઞાનની ને તજ્જન્ય દુઃખરૂપ પ્રતિબધકની નિવૃત્તિવડે આત્માના પરમાનદસ્વભાવનુ પણ ભાન થવું જોઇએ. બ્રહ્મદર્શી મહાપુરુષોનો અનુભવ પણ એમજ જણાવે છે. આવી રીતે શ્રુતિ, યુક્તિ ને બ્રહ્મદર્શી

પુરુષના અનુભવથી બ્રહ્મજ્ઞાનજ મનુષ્યના પરમપુરુષાર્થનું સાધન છે એમ સિદ્ધ થાય છે. પ્રેમલક્ષણાભક્તિ ને યોગ તો પરમતત્ત્વના જ્ઞાનમાં ઉપયોગી હોવાથી ઉપાદેય મનાય છે. પ્રેમલક્ષણાભક્તિ ભક્તના હૃદયને પરમાત્મપરાયણજ કરી દે છે, ને તેની અન્ય સર્વ આસક્તિઓ છોડાવી દે છે તેથી પરમાત્માના અનુગ્રહથી તે ભક્તને પરમાત્મતત્ત્વનું જ્ઞાન થઇ તેના અજ્ઞાનાદિ નાશ પામી તે કૃતાર્થ થાય છે. ચિત્તનિરોધરૂપ યોગવડે યોગી ચિત્તને સર્વ દૃશ્યથી મોકળુ કરે છે. પછી દૃશ્યરૂપ મેલથી રહિત થયેલા તે ચિત્તમા સ્વભાવથીજ રહેલા સ્વયપ્રકાશ વ્યાપક આત્મા પ્રકાશવા લાગે છે,—તેનુ જ્ઞાન થાય છે, ને તેથી તે યોગી કૃતાર્થ થાય છે.

હે મુમુક્ષુઓ ! જો તમે કથનમાત્ર નહિ, પણ સાચા મુમુક્ષુઓ હો તો તમે તમારા પોતાનાજ હિતમાટે, તમે કોઇના ઉપર મોટો ઉપકાર કરી નાંખો છો એવી બુદ્ધિથી નહિ, તમારા મનમાં વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ ને મુમુક્ષુતા વધારવા શુદ્ધભાવવડે નિરતર પ્રયત્નવાન્ રહેજો. એ ચાર સાધનોવડે ચિત્તની યોગ્યતા વધાર્યા વિના વેદાતનુ શ્રવણ તમને જોઇએ તેવુ ઉપકારક થશે નહિ. એ ચાર સાધનો સંપાદન કરીને પછી શ્રદ્ધા ને સાવધાનતાથી તમારા શ્રીસદ્-ગુરુપાસે તમે વેદાંતનુ શ્રવણ કરજો. ઉપયોગપૂરતુ શ્રવણ થઈ રહ્યા પછી તમે પવિત્ર ને એકાંત દેશમાં બેસી શ્રદ્ધા ને સાવધાનતાપૂર્વક શ્રવણ કરેલા મુખ્યવિષયનુ મનન કરી તેમાં તમને જે જે શકાઓ રહેતી હોય તે તે શકાઓને પ્રમાણ ને યુક્તિવડે દૂર કરી નાંખજો. મનનનો પરિપાક થયા પછી તમે એકાત ને પવિત્ર દેશમાં બેસી પરમાદરપૂર્વક મનને બ્રહ્મધ્યાનરૂપ નિદિધ્યાસનમાં જોડવાનો પ્રયત્ન આરભજો. આવો તમારો પ્રયત્ન ચાલુ રહેવાથી તમારા અંતઃકરણના

અંતર્મુખપણાથી તથા તમારા શ્રીસદ્ગુરુની કૃપાથી કોઇ વેલા અવિદ્યારૂપ આવરણનો ભંગ થઇ તમને બ્રહ્મનો સાક્ષાત્કાર થશે, ને તમે કૃતાર્થ થશો. હે મોક્ષસાધકો ! જાગો. તમે કેટલા સમયથી સત્સંગમાં જોડાયા છો તે વિચારો. તેટલા સમયમાં તમારે પરમાર્થમાં જેટલું મેળવવું જોઇએ તેટલું તમે મેળવ્યું છે કે નહિ તે નક્કી કરો. હવે આળસના ને પ્રમાદના દાસ થવામાં સાર નથી એમ દૃઢ નિશ્ચય કરો. ને આગળ વધો. ૐ

ૐ

॥ अंक तेंताळीशमो ॥

॥ अनुभवविलास ॥

આશીર્વાદરૂપ મંગલાચરણ.

દોહરો.

અનુભવરૂપી આતમા, બ્રહ્મચિદાદિ નામ:
નિરુપાધિક તે રૂપમાં, સહુને મળો વિરામ. ૧

ગ્રન્થપ્રયોજન.

દોહરો.

બ્રહ્મજ્ઞાન સુમુક્ષુને, તારે આ સંસાર;
તે માટે આ ગ્રંથમાં, તેનો કર્યો વિચાર. ૧

મનોહરછંદ. (કવિત.)

સંસાર અસાર જાણી, મન ઉદાસીન થયુ,
ક્યાંઈ સત્ય સુખ નહિ, દુઃખજ સર્વત્ર છે;

જ્યાં જ્યાં વૃત્તિ જાય મારી, ત્યાં ત્યાં હું જોઉ વિચારી.
ત્રિવિધ દુઃખો પોકારી, પ્રાણીને રીબાવે છે.
સાચું સુખ મળે નહિ, દુઃખ દૂર થાય નહિ,
ચિત્ત શાંતિ પામે નહિ, હમેશ તપ્યા કરે:
કરૂ શો ઉપાય હવે, દુઃખ સહુ દૂર પળે,
નિરવધિ સુખ મળે, પરતત્રતા ટળે. ૧
ગુરુવિના જ્ઞાન નહિ, ગુરુવિના ધ્યાન નહિ.
ગુરુવિના ભક્તિ નહિ, એમ સૌ પોકારે છે.
ચાલ હવે ગુરુ શોધુ, દાનતા વિવેક રાખી,
ડુબતા દુ:ખીને જેઓ, ભવસિંધુ તારે છે
કરુણાક્ષમાના ધામ, સુખમા રે આઠે જામ,
શાસ્ત્રયુક્તિવડે જેઓ, સંશય નિવારે છે.
પુણ્યનો ઉદય થયે, એવા ગુરુ પ્રાપ્ત થયા,
નમન ને સ્તુતિ કર્યા, અતિહર્ષ પામીને. ૨

શ્રીસદ્ગુરુપ્રતિ પ્રાર્થના.

મલાર.

ઝાલો મારો હાથ, દયાનિધિ ! દયા કરીને, ઝાલો મારો હાથ. ટેક.
ડૂબુ છું આ ભવસાગરમાં, નથી મને શુભ સાથ. દયા૦ ૧
અપાર અગાધ સાગર આ છે, ભર્યું અતિ દુઃખપાથ.[1] દયા૦ ૨
કોઇએ મારુ નથી હિતેચ્છુ, હું છુ અતિદીન અનાથ. દયા૦ ૩
પતિતપાવન ! શુભાશ્રય આપો, કરો આ દુઃખીને સનાથ. દયા૦ ૪

૨

સુણજો મમ પોકાર, સદ્ગુરો ! કૃપા કરીને, સુણજો મમ પોકાર. ટેક.

---

૧ દુઃખરૂપ જલ.

કર્તવ્ય અકર્તવ્ય ન સમજું, ન સમજું સાર અસાર. સદ્૦ ૧
હું કોણ આ જગ શું છે ? કહો બ્રહ્મ—ઇશ—વિચાર. સદ્૦ ૨
મોક્ષ મોક્ષનાં સાધન કહીને, દૂર કરો સંસાર. સદ્૦ ૩
સર્વ દુઃખોનો નાશ કરીને, પામું હું સુખ સાર. સદ્૦ ૪
જન્મમરણનો ફેરો ટાળી, રહું સદા અવિકાર. સદ્૦ ૫
આપ દયાથી જ્ઞાતવ્ય જાણી, પામું ભવનો પાર. સદ્૦ ૬ ”

મનોહરછંદ. (કવિત.)

ગુરુશ્રી બોલ્યા “ પુત્ર ! તુ, નથીજ શરીરરૂપ,
દેહાદિથી ભિન્ન તું તો, ચેતનસ્વરૂપ છે.
જડ સહુ દૂર કર, ચેતનસ્વરૂપે ઠર,
દુઃખને વિલીન કર, સર્વ તે કલ્પિત છે;
તુ સદા આનંદરૂપ, મહાભૂપતણો ભૂપ,
સર્વદા અચલરૂપ, વિનાશરહિત છે:
જે દેખે તુ આસપાસ, તે સહુ તારો વિલાસ,
જેમ સ્વપ્નતણો ઠાઠ, તેમ તુ વિચારજે. ૧

જ્ઞાતા જ્ઞાન જ્ઞેય નહિ, ત્રિપુટી સૌ મિથ્યા સહિ,
આ નિશ્ચય ચિત્ત ધરી, ત્રિપુટી નિવારજે:
જીવ ઇશ જગત્‌નું, વાસ્તવિક બ્રહ્મરૂપ.
તેને ગણી સત્ય સર્વ, દશ્યને વિસારજે:
સચ્ચિત્સુખ રૂપ તારું, જેમાં નહિ હું ને મારું,
દશ્યથી પર રે'નારું, તેને તુ સંભારજે;
સતત ચિંતન કરી, અન્ય સર્વ પરિહરી,
ગ્રંથિભેદ દઢ કરી, કૃતારથ તું થજે. ૨

પદ.

તુ છે ચિદ્ઘનબ્રહ્મસ્વરૂપ, તુ નથી કદી જડરૂપ. ટેક.
ત્રણ શરીર નહિ તું કદીએ, એ સૌ છે અંધકૂપ. તુ૦ ૧
તું છે અજર અમર સદોદિત, સૌ ભૂપોનો ભૂપ. તુ૦ ૨
દશ્ય મટી દ્રષ્ટા રહે પ્રીતે, આ ઉપદેશ અનુપ. તું૦ ૩
ભવભ્રમણ ટળી જાશે તારુ, દુઃખ સૌ થાશે ચૂપ તું૦ ૪"

મનોહરછંદ. (કવિત.)

શ્રુતિરૂપ ઉપદેશ, પ્રેમથી હૃદય ધરી,
મનન કર્યુ મેં પ્રીતે, એકાંતમાં બેસીને;
શાસ્ત્રમાં રહેલા સર્વ, સંશયો મેં છેદી નાંખ્યા,
તાત્પર્ય સર્વ શાસ્ત્રોનું, બ્રહ્મમાંહી દેખીને;
જીવ ઇશ જગ બ્રહ્મ, મોક્ષ મોક્ષસાધનોના,
કર્યો મે નિશ્ચય દૃઢ, સંશય સૌ છેદીને,
અહિં એક અદ્વિતીય, બ્રહ્મ એમ નક્કી કરી,
મેળવ્યુ પરોક્ષજ્ઞાન, મનનને ખેડીને. ૧

દોહરો.

સદ્ગુરુને ઇશ્વર ગણી, ધરતો હુ નિત્ય ધ્યાન;
સ્તુતિ કરતો બહુ પ્રેમથી, થવા સ્વરૂપનું ભાન. ૧

શ્રીસદ્ગુરુનું પ્રાકટ્ય થવા મારી મનોવૃત્તિની સદ્ગુરુપ્રતિ પ્રાર્થના.

માઢ.

"ગુરુજી ! આવો મારે દેશ, આવો મારે દેશ,
ગુરુજી ! આવો મારે દેશ, તમારુ રમણીય રૂપ હમેશ,
ગુરુજી ! આવો મારે દેશ. ટેક.

ક્ષણ ક્ષણ વાટ જોઉં તમારી, આતુરતાથી હમેશ;
રુદન કરુ નીસાસા મૂકું, દયા કરો હે દીનેશ! ગુ૦ ૧
ભૂખ છતાં ભોજન ન ભાવે, તરસ્યાં જલ ન રમેશ!
રાતદિવસ નિદ્રા નવ આવે, સાચુ કહું હૃદયેશ! ગુ૦ ૨
તમવિણ અન્ય દુઃખમય ભાસે, સુખ નહિ ક્યાંઈ લેશ.
સુખધન આપ એકજ છો, વાર કરો હૃષીકેશ! ગુ૦ ૩
ખેડુત વાટ જુએ વૃષ્ટિની, વિરહિણી પતિ વિદેશ;
ક્ષુધિત તૃષિત ઇચ્છે અન્ન જલ, તેમ ઇચ્છું પરમેશ! ગુ૦ ૪
માર્ગ સુધારી જલ છટાવુ, પથરાવુ પુષ્પો દેવેશ!
ઘર શણગારુ તન શણગારું, શણગારુ મન અશેષ! ગુ૦ ૫
નેણાં ભરી પ્રેમે નિરખી, ભૂલું જગત્ સુરેશ!
મારુ તારુ સર્વે ભૂલી, વસું તમરૂપે વિશ્વેશ! ગુ૦ ૬"

૨

" પ્રભો! દર્શાવો નિજરૂપ, દર્શાવો નિજરૂપ,
પ્રભો! દર્શાવો નિજરૂપ, જેથી ન કુણુ ભવકૂપ,
પ્રભો! દર્શાવો નિજરૂપ. ટેક.
માયાપડદો દૂર કરી, પ્રકટો સર્વાધાર!
ઉચિત ન અંતર્હિત રે'વું, સુણો દીનપોકાર. પ્ર૦ ૧
અન્ય પ્રીતિઓ ગૌણ સૌ, બનજો મમ મનમાંય;
પરમપ્રીતિ થઇ આપમાં, ઠરજો મમ મન ત્યાંય. પ્ર૦ ૨
અન્ય વિરસ થયા વિના, કરો કૃપા નવ આપ;
માટે વિષયવૈરસ્યની, પાડો મમ ઉર છાપ. પ્ર૦ ૩
મારું બલ ચાલે નહિ, છેજ કૃપાની આશ;
આપ બિરુદ વિચારીને, પ્રકટ થજો અવિનાશ. પ્ર૦ ૪

આપ રૂપ જાણ્યા વિના, નહિ આ ભવનો પાર;
આપતણુ રૂપ જાણવા, માગું આપ આધાર. પ્ર૦ ૫
ભૌતિકરૂપ ન આપનું, આપ ચિદાનંદરૂપ:
પ્રકટ થાઓ મારે વિષે, દયાનિધે ! સુરભૂપ ! પ્ર૦ ૬"

દોહરો.

મન ઇંદ્રિય ને બુદ્ધિને, દેતો નિત્ય ઉપદેશ
તેઓની શાંતિ થતાં, સફલ થાય ઉદ્દેશ. ૧

મનને બોધ.

મલાર.

મરખ મન ! તુ જ્ઞાનદૃષ્ટિને ખોલ. ટેક.
મલિન માસનુ ચિતન ત્યજ તુ, ચિંતવ બ્રહ્મ અમોલ. મૂ૦ ૧
ત્યાગ બધી ચચલતા તારી, થઈ જા તુ સદા અડોલ. મૂ૦ ૨
કર બ્રહ્માન્મૃતપાન નિરતર, નહિ વિષયરસ ઘોળ. મૂ૦ ૩
વિષયતૃષ્ણા પ્રાણાતરોગ છે, સાંભળ આ સત્ય બોલ. મૂ૦ ૪
અપકારકને સેવ ન પામર ! ઉપકારકને ખોળ. મૂ૦ ૫

મન તથા નેત્રાદિને ઉપદેશ.

મલાર.

તમે ત્યજી દો તોફાન, હે મન ! નેત્ર ! ગિરા !, તમે તજી દો તોફાન.
ટેક.
સાર નથી આ દૃશ્યમાં કાંઈ, સમજી લો તમે સુજાણ ! હે મન !૦ ૧
વિષયચિંતનથી રાગ વધારી, થઇશ તું બહુ હેરાન. હે મન ! ૦ ૨
સર્વ રૂપો ક્ષણભગુર જાણી, પ્રીતિ ન કર હેવાન ! હે મન ! ૦ ૩
દર્શન કર પ્રિયતમ પ્રભુનું, થાય જેથી દુઃખહાન. હે મન ! ૦ ૪
જે તે બકવાથી ફલ નહિ કંઇ, છોડ કુટેવ અજાણ ! હે મન ! ૦ ૫

સમરણ કર પ્રભુનુ તુ પ્રીતે, જેથી ટળે ચતુર્વિધ ખાણ. હે મન ! ૦ ૬

બુદ્ધિને ઉપદેશ.

મલાર.

સાત્ત્વિકભાવ પ્રકાશ, સલુણી બુદ્ધિ ! તુ તારો સાત્ત્વિકભાવ પ્રકાશ. ટેક
રાજસભાવે દુઃખ બહુ ઉપજે, કરે તામસ જ્ઞાનનાશ. સલુ૦ ૧
તારે તાપે હુંજ તપુ છું, તારે સુખે હુ સુખરાશ. સલુ૦ ૨
તારી મદતાએ મદ બનુ હુ, બધાઇ તમને પાશ. સલુ૦ ૩
તારે નૃત્યે હુ નૃત્ય કરુ છુ, ભૂલી અવિચલ પ્રકાશ. સલુ૦ ૪
તવ કૃપાએ સંગ ત્યજી તવ, પામુ પદ અવિનાશ. સલુ૦ ૫

મનોહરછંદ. (કવિત.)

પછી બ્રહ્મધ્યાન નિત્ય, કરવા માંડયુ મે પ્રીતે,
દૃશ્યની આસક્તિ ત્યજી, વિરાગ વધારીને;
લોભી જેમ ધનતણું, ધ્યાન ધરે અહોનિશ,
તેવુ ધ્યાન બ્રહ્મતણું, કર્યુ પ્રેમ ધારીને·
વિરહિણી પતિતણું, ધ્યાન ધરે નિરંતર,
એવુ બ્રહ્મધ્યાન કર્યુ, જગત્ વિસારીને;
બ્રહ્મધ્યાનતણો જ્યારે, પરિપાક થયો ત્યારે,
થયું બ્રહ્મજ્ઞાન સ્પષ્ટ, અજ્ઞાન નિવારીને. ૧
સુર્યનો પ્રકાશ થતાં, અંધકાર દૂર થાય,
બ્રહ્માનંદ પ્રાપ્ત થતાં, તૃષ્ણાઓ શમાય છે.
નિર્ભય બ્રહ્મ જાણતાં, ભય સર્વ દૂર થયુ,
ચિંતા રાગ દ્વેષ હવે, બાધિત જણાય છે;
જરામરણાદિ દુઃખો, દ્રષ્ટામાં નથી લગાર,
કલ્પિત દૃશ્યમાં તે, સૌ પ્રતીત થાય છે. ૨

પ્રથમ બ્રહ્મધ્યાનમાં, લય બહુ વાર થતો,
સ્થૂલ ચિત્ત પડી જતું, તત્ત્વે ન વિરામતુ
વારવાર જગાડીને, કરુ તેને સાવધાન,
ત્યારે કૈંક સાવધ થૈ, બ્રહ્મભણી ચાલતુ.
અતિશ્રમ અત્યાહાર. ઉજાગરા ત્યજી દીધાં,
લય દૂર થયો ત્યારે, વિક્ષેપે તે માલતું:
દોષોનુ દર્શન કરું, વિષયોમાં વારવાર,
ત્યારે તે વિક્ષેપ ત્યજી, કૈંક શાંતિ પામતું. ૩
વિષયોમાં રાગદ્વેષ, અનેક જન્મોથી રહ્યા,
અતિયત્ને દૂર થાય, એવા તે નઠારા છે:
મુઆજેવા લાગે પણ, જીવતા તુરત થાય,
ગતિ ન કળી શકાય, એવા તે ધૂતારા છે;
ભૂત ને ભવિષ્યતણું, કરાવી અનુસંધાન,
ચુથાવે એકાગ્રતા તે, શાંતિ હરનારા છે;
વિષયોમાં દોષ બહુ, વારવાર નક્કી કરી,
દશ્યને મિથ્યા ગણેથી, શાંત તે થનારા છે. ૪
ગુરુકૃપા પ્રયત્નથી, લય ને વિક્ષેપ શમ્યા,
કષાયદોષે આવીને, માર્ગ મારો રોકિયો:
વૃત્તિને પાછી વાળીને, એકાગ્ર હુ કરુ જ્યારે,
આગળ ન વધવા દે, ઘુચવે નખોદિયો;
દશ્યતણું ભાન નહિ, બ્રહ્મતણું જ્ઞાન નહિ.
મધ્યે પકડાઇ રહે, ઉપાય મે ગોતિયો;
રાગ અને દ્વેષતણા, તીવ્રસંસકારોતણો,
વધારી વિરાગ તીવ્ર, સર્વ વેગ શોષિયો. ૫

અંતરાલસ્થિતિજેની, ચિત્તની જડતા ટળી,
અસંતોષ દૂર થયો, શાંતિને નિહાળીને:
વિષયભોગોથી ભિન્ન, ભોગતણું ભાન થયું,
વિષયોની તુચ્છતાને, શુદ્ધભાવે ભાળીને:
બ્રહ્મલોકતણા ભોગો, તૃણસમ ભાસ્યા હવે,
અનુભવ્યું પર સુખ, ત્રિપુટીને ટાળીને:
ગુણ ને આકારથકી, રહિત જે પરધામ,
અભેદભાવે નિહાળ્યું, રસાસ્વાદ ખાળીને. ૬
અશ્રદ્ધા સંશય વ્યાધિ, વિષયાનુરાગ સ્ત્યાન,
આલસ્ય પ્રમાદ ભ્રાંતિ, અસ્થિરતા આવતાં
જ્ઞાનવિઘ્નો આવ્યા છતાં, કદી ન કાયર થતો,
ઉત્સાહ પ્રયત્ન જોઇ, સહુ તે ભાગી જતાં;
નિશ્ચયથી સંશયને, શ્રદ્ધાવડે અશ્રદ્ધાને,
બ્રહ્મધ્યાને શાંતિ મળી, વ્યાધિને વિદારતાં:
વિરાગથી રાગ માર્યો, પ્રવૃત્તિથી સ્ત્યાન ટાળ્યુ,
ઉદ્યોગે આલસ્ય માર્યુ, ગુરુની કૃપા થતાં. ૭
દક્ષતાથી પ્રમાદને, ભ્રાંતિને વિવેકથકી,
અસ્થૈર્યને સ્થૈર્યથકી, દૂર મેં પ્રીતે કર્યા:
વિશુદ્ધ હૃદયબલ, વધેલું મે જોયું હવે,
ચિત્ત તથા ઇંદ્રિયો સૌ, કર્તવ્યે પરવર્યા:
સંસારની અસારતા, સ્પષ્ટજ જણાવા લાગી,
સાર એક બ્રહ્મ જાણી, મનબુદ્ધિ ત્યાં ઠર્યા;
જ્ઞાનનો ઉદય થયો, ભ્રાંતિજન્ય તાપ ગયો,
શાંતિતૃપ્તિતણાં અતિ, ટાઢાં ઝરણો ઝર્યા. ૮

ચિત્તની સ્થૂલતા ટળી, ચિત્ત બદલાયું હવે,
ચિત્ત તે અચિત્ત થયું, બ્રહ્મજ્ઞાન પામીને;
વિશ્વતણો બાધ થયો, સર્વત્ર નિરખી બ્રહ્મ,
મૃગજલ બાધે[1] જેમ, રવિકર[2] જાણીને;
અધિષ્ઠાન જાણવાથી, કલપિત બાધ પામ્યું,
બ્રહ્મરૂપે સ્થિતિ કરી, દશ્ય સર્વ વામીને
હું તું આ તે દૂર થયા, એકજ અદ્વૈત જાણી,
શોકભય મિથ્યા ગણ્યાં, સર્વાતીત જાણીને. ૯

દોહરા.

હું અવિનાશી છું સદા, નથી કાલનો ત્રાસ.
દેહાદિ વિનાશી સૌ, થાય કાલનો ગ્રાસ. ૧
ક્ષણભંગુર દેહાદિ છે, હું તેથી વિપરીત,
સદા એકરૂપે રહું, સર્વ વિકારાતીત. ૨
તનમાં ક્ષણપરિણામિતા, મનાદિમા પણ તેમ;
મુજમાં ક્ષણપરિણામિતા, રવિમાં તમની જેમ. ૩
જગત્ ડરે જે કાલથી, તેનો ડર નહિ લેશ.
કાલતણી ગતિ જ્યાં નહિ, એવો છે મુજ દેશ. ૪
સતને કોણ હણી શકે ? તે છે અવધિરૂપ.
સદ્રૂપ હું સર્વદા, કાલતણો પણ ભૂપ. ૫
કાલસૈન્ય ત્યાં શુ કરે ? જ્યાં ડર પામે કાલ;
કાલસૈન્ય ને કાલ સૌ, ક્યાં જોઇ અતિકાલ. ૬
પ્રકાશ જ્ઞાન બોધ ચિત્, અનુભવ પણ કે'વાય;

---

૧ બાધ પામે. ૨ સૂર્યનાં કિરણો.

સદા અનુભવરૂપ હું, એવો અનુભવ થાય. ૭
રવિઆગળ તમ નવ રહે, મુજ આગળ અજ્ઞાન.
આ સમજણ વિલસી રહી, થતા સ્વરૂપનુ ભાન. ૮
તેજવિણ જેમ નયનને, અંધારૂ દુ:ખદેણ,
જ્ઞાનવિણ તેમ હૃદયને, અજ્ઞાનજ દુ:ખદેણ. ૯
પરંપરાથી દુ:ખતણુ, કારણ છે અજ્ઞાન,
એ અજ્ઞાન વિનાશીઉ, થતા હૃદયમાં જ્ઞાન. ૧૦
કારણ દૂર થતાં નક્કી, કારજ પણ દૂર થાય.
અજ્ઞાન જતાં દુઃખો ગયાં સુખ જ્યાં ત્યાં દર્શાય. ૧૧
અંતરબા'ર પ્રકાશ છે, છે સર્વત્ર પ્રકાશ.
પ્રકાશવિણ અહિં કૈં નહિ, ક્યાં તમને અવકાશ ? ૧૨
નયનહૃદયની આગળે, વિલસી રહ્યો પ્રકાશ.
એ પ્રકાશમાં સ્થિર થતાં, છૂટી સઘળી આશ. ૧૩
અનુભાવ્ય આ જગત્ સૌ, હું છુ અનુભવરૂપ:
મમ અનુભવ કો નવ કરે, કારણ તે જડરૂપ. ૧૪
સદા પ્રકાશક સર્વનો, સ્વયંપ્રકાશ પરધામ.
નિરુપાધિક તેજમા, લઉ છું નિત્ય આરામ. ૧૫
અનુભવ પરમાનંદનું, નથી પૃથક્ સ્વરૂપ,
એ બનેના રૂપને, જાણે યતિવરભૂપ. ૧૬
પરમાનંદસ્વરૂપ હુ, નહિ મુજમાં દુ:ખગધ;
નિરુપાધિક સુખમાં વસું, છોડી સર્વે દ્વંદ્વ. ૧૭
નિરુપાધિક સુખ સુખ છે, બીજાં સઘળાં દુ:ખ:
આ સુખમાંહી સ્થિતિ થતાં, ગમે ન બીજાં સુખ. ૧૮
હું પરમાનંદવારિધિ, સુખથી નિત્ય ભરપૂર:

વિષયસુખને ઇચ્છું નહિ, તેથી રહું છું દૂર. ૧૯
ચિંતામણિની સમીપમાં, અન્ય ધન તુચ્છ ગણાય.
પરમસુખની સમીપમાં, અન્ય સુખ તુચ્છ જણાય. ૨૦
જ્યાં દેખુ ત્યાં સુખ છે, દુઃખનો નહિ અવકાશ.
પરમસુખરૂપ થઇ જતા, છૂટયો દુઃખનો પાશ. ૨૧
ગગનસમાન અસંગ હુ, સર્વ સંગથી દૂર
દેહાદિ સંગી સદા, સંગીથી હુ દૂર. ૨૨
લેપ ન લાગે જીભને, ભિન્ન ભિન્ન રસ ખાય
તેમ નિર્લેપ રહુ સદા, અસર સંગની ન થાય. ૨૩
ઉત્તમ મધ્યમ ને અધમ, વિષયો આવે પાસ.
રાગદ્વેષ વશ નવ બનુ, સૌમા રહુ ઉદાસ. ૨૪
કમલ જેમ જલમા રહે, તેમ રહુ સંસાર.
કોઇ વિષય લેપે નહિ, માનુ સર્વ અસાર. ૨૫
રાગદ્વેષરહિત પવન, ફરે ગંધમોઝાર·
સંગરહિત સૌ વિષયમાં, વિચરુ આ સંસાર. ૨૬
માયા વ્યાપક ગગનથી, માયાથી મુજ રૂપ
સર્વવ્યાપક મુજ રૂપથી, અન્ય ન વ્યાપકરૂપ. ૨૭
સ્થાવરજંગમ સર્વમાં, વ્યાપક છે મમ રૂપ,
મમ સ્વરૂપથી ભિન્ન જે, તે સૌ કલ્પિત રૂપ. ૨૮
ભૂમાસ્વરૂપ માહરુ, દુઃખાતીત સુખરૂપ.
પરિચ્છિન્ન સુખરૂપ નહિ, તે સર્વે દુઃખરૂપ. ૨૯
રાગદ્વેષ વિભુમાં નહિ, અવિભુમાં તે દોષ.
વિભુરૂપે સૌ દોષ ત્યજી. પામ્યો પર સંતોષ. ૩૦
અભયરૂપ બ્રહ્મ હું સદા, ભય-ભયહેતુ-રહિત:

અદ્વૈતમાં ભય નવ ઘટે, દ્વૈતે ભયની રીત ૩૧
દ્વૈત ગયું ને ભય ગયું, દૂર થયું અજ્ઞાન;
મન સદા નિષ્કંપ થયુ, થતાં સ્વરૂપનુ ભાન. ૩૨
સસલાથી જેમ નવ ડરે, મદોન્મત્ત મૃગરાજ
તેમ હું ડરુ ન કોઇથી, ગણી સૌને મુજ ખાજ. ૩૩
તિમિરથી રવિ નવ ડરે, સાપથકી ખગરાજ,
તેમ દ્વૈતથી નવ ડરું, ગણી તેને મુજ ખાજ. ૩૪
સ્પૃહાશૂન્ય હું સર્વદા, સદા આતમારામ;
નિજ મહિમામાં સ્થિત સદા, અસંગ પૂરણકામ. ૩૫
સ્વવિકલ્પથી ઉપજ્યો, અદ્ભુત આ સંસાર;
સ્વવિકલ્પ શમે શમ્યો, સંશય નહિ લગાર. ૩૬

સામેરી.

દુઃખના દિવસો રે સૌ વીતી ગયા રે,
હવે દુઃખ ન દેખુ લગાર;
આધ્યાત્મિકતાપો રે નજરે પડે નહિ રે,
આધિભૌતિક દુઃખ નહિ તલભાર. દુઃખ૦ ૧
આધિદૈવિક દુઃખો રે, વધ્યાસુતસમ થયાં રે,
સ્વરૂપ જાણ્યું નિરવિકાર;
ઘાટા અંધારાનો રે ત્યાં ક્યાં આશરો રે,
તપે બપોરનો રવિ સુખકાર. દુઃખ૦ ૨
દુઃખદ શરીરનો રે સંગ મારે નથી રે,
નથી ધર્માધર્મતણા સંસ્કાર;
સાભિમાન પ્રવૃત્તિ રે, મારી સઘળી ટળી રે,
રાગદ્વેષનો થયો તિરસકાર. દુઃખ૦ ૩

અનુકૂલ પ્રતિકૂલ રે હવે નથી ભાસતું રે,
ભેદજ્ઞાનની થઇ છે હાર;
અજ્ઞાન ભાગ્યું રે સ્વરૂપજ્ઞાન પ્રકટતાં રે,
થયાં કારણસહિત દુઃખ ઠાર. દુઃખ૦ ૪

૨

સુખનો સાગર રે આજે અતિ ઊછળ્યો રે,
દશે દિશા આનંદરૂપ જણાય:
અંદર ને બહાર રે સઘળે આનંદ છે રે,
તે વિના અન્ય ન પ્રતીત થાય. સુખ૦ ૧
દુઃખ જેને માને રે તે દુઃખ સત્ય નથી રે,
અધિષ્ઠાનદષ્ટિએ[૧] સુખ ગણાય;
પ્રતિકૂલ નથી રે અનુકૂલરૂપ બ્રહ્મમાં રે,
આનંદઘનમાં દુઃખે કેમ રે'વાય? સુખ૦ ૨
નામરૂપ મિથ્યા રે અસ્તિ ભાતિ પ્રિયમાં રે,
એવું આ મનને સતત મનાય;
ચિંતામણિ મળે રે દારિદ્રય નાસતું રે,
આનંદ જાણે દુઃખ વિલાય. સુખ૦ ૩
અમૃતની પાસે રે વિષ બલહીન બને રે,
તેમ સુખપાસે દુઃખ કે'વાય;
અગ્નિની આગળ રે ટાઢ આવે નહિ રે,
સુખપાસે ન દુઃખથી અવાય. સુખ૦ ૪
આનંદ હું દેખુ રે જાગ્રતસમયમાં રે,
સ્વપ્નમાં પણ આનંદ જણાય;

---

૧ પરમાનંદરૂપ અધિષ્ઠાનની બુદ્ધિએ.

સુષુપ્તિદશામાં રે સુખે રસબસ બનુ રે,
તુરીયામાં પણ આનંદ દેખાય. સુખ૦ ૫

માઢની છાયા.

મારી મનોવૃત્તિ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં તેને બ્રહ્મરૂપ દરશાય. ટેક.
બ્રહ્માશ્રિત આવરણ ભેદી, અનુભવે સુપ્રકાશ.
વીજળી તમ હણે તે રીતે, વૃત્તિ કરે તમનાશ. મારી૦ ૧
ઉપર બ્રહ્મને તે દેખે, નીચે પણ તે તેમ;
રવિ શશિ તારા વીજળીમાં, તેજે ભાળે એમ. મારી૦ ૨
ઘર વૃક્ષ જન પશુ પખી, કીટમાં તે જણાય:
સર સાગર નદી ગિરિમાં, કાષ્ઠે તે દેખાય. મારી૦ ૩
એક તત્ત્વ દેખે સઘળે, ભિન્ન ન દેખે લેશ:
રાગ કરે તે કોના ઉપર, કોનો કરે તે દ્વેષ ? મારી૦ ૪
સુખ દેખે તે અંતરમાં, બા'ર દેખે સુખરૂપ;
શાંતિતૃપ્તિમાં તે ડુબી, થઇ રહી છે તદ્રૂપ. મારી૦ ૫
ભોક્તાભોગ્ય મિથ્યા ગણ્યાં, ભેદજ્ઞાન કરી નાશ.
જન્મમરણની પીડા ટાળી, પામી અચલ પ્રકાશ. મારી૦ ૬


૨

મને બહુ અચરજજેવું જણાય, આ વાત કોની પાસે કે'વાય ? ટેક.
બહુ જનને સત્ય ન લાગે, એવી અદ્દભુત વાત;
સુણી સુખી થવાને સ્થાને, ઊલટા કરે ઉત્પાત. મને૦ ૧
કથન કરતાં થાકે વાણી, મન પણ થાકી જાય;
અધિકારી સાને તે સમજે, અન્યને બોધ ન થાય. મને૦ ૨
અનેક ભેદોમાં વિલસે છે, અભેદનું અદ્દભુત રૂપ;
બહુવિધ નામરૂપની અંદર, એક અવ્યય સદ્રૂપ. મને૦ ૩

ઇંદ્રિયગ્રાહ્ય તે સૌ મિથ્યા, મનોગ્રાહ્ય પણ તેમ:
દ્રષ્ટા એકજ સત્ય છે, નથી તેમાં અક્ષેમ. મનો૦ ૪
હુંમારું ખોવે તે પામે, સુખ અવિચલ અપાર.
હુંમારું રાખે તે પામે, બહુ દુઃખ વારંવાર. મનો૦ ૫
અમર થાય મરે જે પ્રીતે, જીવે તે મરી જાય.
અવળી વાતો સવળી સમજે, જેને સદ્ગુરુ સહાય. મનો૦ ૬

૩

ઊભરાયો અભિનવ આનંદ આજ, ગયુ અસુખતાણુ સૌ રાજ. ટેક.
એ આનંદ માઝા મૂકી, મનથી નીકળ્યો બા'ર.
ઇંદ્રિયોમાં સમાઇ શક્યો નહિ, રોમોથી થયો પસાર. ઊભ૦ ૧
મહારાજાથી બ્રહ્માસુધી, આનંદ જે કે'વાય.
બ્રહ્માનંદવારિધિના, ટીપાતુલ્ય ગણાય. ઊભ૦ ૨
મધ્ય દિવસના રવિઆગળ, જેવો દીપ જણાય.
તેમ બ્રહ્માનંદસમીપે, વિષયાનંદ ગણાય. ઊભ૦ ૩
આદિઅંત જણાય નહિ, થાય ન તેનુ માપ.
એ સુખથી સુખી છે સૌ, નથી ત્યાં ત્રિવિધ તાપ. ઊભ૦ ૪
આ મનની ઇચ્છાઓ સર્વે, પામી અતિવિરામ
કર્તવ્ય કે ન રહ્યું તેથી, લઉં સતત આરામ. ઊભ૦ ૫



આત્માનો બ્રહ્મથી મેળાપ.

ૐ

॥ अंक चुमाळीशमो ॥

॥ ब्रह्मज्ञाननां चार साधनो ॥

બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનું મુખ્ય સાધન શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુએ કરેલા પરમતત્ત્વના ઉપદેશનો તેમની પારમેશ્વરીશક્તિના પાનસહિત યોગ્ય હૃદયવાળા, ઉપદેશકની ભાષા ને વિચાર સારી રીતે સમજનારા ને નિર્દોષ શ્રોત્રેંદ્રિયવાળા મુમુક્ષુના શ્રોત્રની તથા અંતઃકરણની સાથે થતો સંબંધ છે. એ ઉપદેશથી જેમને સંશયવિપર્યયરહિત અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનુ દૃઢ જ્ઞાન થાય, ને સર્વ દૃશ્યને મિથ્યા સમજી તેમાંથી તેમનુ મન સ્વાભાવિકરીતે ઉપરામ થાય, તેમને પછી કાંઇ પણ કર્તવ્ય અવશેષ રહેતું નથી. તેમના શરીરનુ અવશેષ જીવન તેમના પ્રારબ્ધકર્માનુસાર ઉપાધિરહિત કે ઉપાધિયુક્ત નિર્દોષરીતે વ્યતીત થાય છે. અંતઃકરણની પૂરતી યોગ્યતાને અભાવે અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના ઉપદેશમાં જેમને સંશય વા વિપર્યય રહેવાથી તે તત્ત્વનો યથાર્થ સાક્ષાત્કાર જેમના અંતઃકરણને ન થાય તેમણે શ્રીસદ્‌ગુરુદ્વારા ઉપનિષદાદિનું શ્રવણ, એકાંતમાં ઉપદેશ કરેલા બ્રહ્મતત્ત્વાદિનું મનન ને આદરપૂર્વક બ્રહ્મધ્યાન એ ત્રણે વા એ ત્રણમાંથી જે સાધનની પોતાને અગત્ય હોય તે સાધન સિદ્ધ કરવું જોઇએ. જેમના ચિત્તમાં ઉપનિષદાદિ શાસ્ત્રો મનુષ્યના મોક્ષમાટે શ્રીસદ્‌ગુરુએ ઉપદેશ કરેલા અદ્વિતીયતત્ત્વનોજ ઉપદેશ કરતાં હશે ? કે કર્મ વા ભેદભાવવાળી ઉપાસનાનો બોધ કરતાં હશે ? એવી શંકા

થાય તેમણે પોતાના શ્રીસદ્ગુરુપાસેથી પોતાને તેના સંબંધમાં જે જે શંકાઓ થતી હોય તે તે શંકાઓનું વિનયપૂર્વક પૃચ્છા કરીને સમાધાન મેળવવું. વા તાત્પર્યનો નિર્ણય કરનારા ૭ હેતુઓસહિત ઉપનિષદાદિ કોઈ એક કે અધિક વેદાંતગ્રંથનું તેઓશ્રીની પાસેથી આદરપૂર્વક શ્રવણ કે અધ્યયન કરવું. આવો પ્રયત્ન કરવાથી તેના હૃદયમાં રહેલી પ્રમાણગત શંકાઓ દૂર થશે, અર્થાત્ સર્વ શાસ્ત્રો સાક્ષાત્ કે પરંપરાવડે પરમપ્રાપ્તવ્ય અદ્વિતીયબ્રહ્મનોજ ઉપદેશ કરે છે એમ તેને સ્પષ્ટ સમજાશે. જેમને જીવના સ્વરૂપમાં, ઈશ્વરના સ્વરૂપમા, માયાના સ્વરૂપમાં, જગત્‌ના સ્વરૂપમાં, બ્રહ્મના સ્વરૂપમાં, મોક્ષના સ્વરૂપમાં ને મોક્ષનાં સાધનોનાં સ્વરૂપમાં સંદેહ રહેતો હોય તેમણે એકાંતમાં બેસી, સ્વસ્થચિત્તે પોતાના શ્રીસદ્ગુરુએ તેમનુ જે સ્વરૂપ કહ્યું હોય તેનુ સ્મરણ કરી, તેમા જે જે પૂર્વપક્ષો પોતાના ચિત્તમા ઉપજતા હોય તે સર્વ પૂર્વપક્ષોના ઉપર વિચાર કરી, તે સર્વના સ્વરૂપનો પ્રમાણ ને યુક્તિવડે દૃઢ નિર્ણય કરવો. એ નિર્ણયમા સામાન્ય બુદ્ધિવાળા મનુષ્યોના તર્કોનો, પૂર્વપક્ષરૂપ ઊતરતોચઢતો બોધ કરનારાં શાસ્ત્રોનો અને ભિન્ન ભિન્ન અધિકારવાળા અધિકારીઓને મોક્ષમાર્ગમા આગળ વધારવા સ્થાપન થયેલા ભિન્ન ભિન્ન મતપંથોના વિચારોનો પણ સમન્વય થવો જોઇએ. કોઈના સ્વરૂપનો યથાયોગ્ય નિર્ણય પોતાનાથી ન થઈ શકે તો તેના સંબંધમાં પોતાના શ્રીસદ્ગુરુને પૃચ્છા કરવી. તેઓશ્રી તેનું જે સમાધાન આપે તેનું સાવધાનતા-પૂર્વક ગ્રહણધારણ કરવું, ને પછી એકાંતમાં બેસી તેના સંબંધમાં પુન: આદરપૂર્વક વિચાર કરી તેના સ્વરૂપનો દૃઢ નિર્ણય કરવો આવો પ્રયત્ન યોગ્ય સમયસુધી કરવાથી તે મુમુક્ષુના મનમાં રહેલા જીવાદિના સ્વરૂપના સંશયો દૂર થઇ જશે, ને જ્ઞાનના મુખ્યા-

ધિકારીઓને માટે ઉપનિષદોમાં સિદ્ધાંતરૂપે તેમનાં જે સ્વરૂપો સમજાવ્યાં છે તેજ સ્વરૂપો સત્ય છે એવો સુદૃઢ નિર્ણય તેને થશે. જિજ્ઞાસુના આવા પ્રયત્નથી જીવાદિરૂપ પ્રમેયમાં રહેલી તેની શકાઓ દૂર થઇ જાય છે. હવે જેમના ચિત્તમાંથી દેહાદિમાં રહેલી હુંપણાની ભ્રાંતિ ને જગત્માં રહેલી સત્યપણાની ભ્રાંતિ દૂર ન થતી હોય તેમણે સર્વ દૃશ્ય પ્રાણિપદાર્થોમાંથી સ્પૃહાનો ત્યાગ કરી આત્માથી અભિન્ન બ્રહ્મનું પોતાના શ્રીસદ્ગુરુએ ઉપદેશ કરેલી રીતે આદરપૂર્વક ધ્યાન કરવું. આવા ધ્યાનનો પરિપાક થતાં તેમના ચિત્તમાં રહેલી વિપરીતભાવનાનો વિનાશ થશે, ને તેમને સમજાશે કે દેહાદિ હું નથી, પણ તે સર્વનો પ્રકાશક ને તેમના અધિષ્ઠાનરૂપ આત્મા હું છુ, અને આ જગત્ વસ્તુતાએ સત્ય નથી, પણ સત્યરૂપ બ્રહ્મમાં કલ્પિત છે. હું તે બ્રહ્મથી ભિન્ન નથી, પણ સર્વદા તે બ્રહ્મથી અભિન્નજ છું.

ચિત્તાદિની અયોગ્યતાને લીધે જેમનો શ્રવણમાં, મનનમાં કે નિદિધ્યાસનમાં વાસ્તવિક અધિકાર ન હોય તેમણે શ્રવણાદિનો વાસ્તવિક અધિકાર સંપાદન કરવા બ્રહ્મજ્ઞાનનાં વિવેકાદિ ચાર સાધનો સિદ્ધ કરવાં જોઇએ. અધિકાર પ્રાપ્ત કર્યા વિના કરેલું શ્રવણ શ્રદ્ધાવાળાને પુણ્યરૂપ થાય છે, ને હૃદયની કુટિલતાવાળાઓને તથા વેદાંતના તડાકા મારવામાં પ્રીતિ રાખનારાઓને વેદાંતના શબ્દોના ગ્રહણધારણવડે મૂર્ખ માણસોની આગળ તેના તડાકા મારવામાં તે ઉપયોગી થઇ કાંઇક ક્ષુદ્ર લાભ આપનારુ થાય છે; પણ તે શ્રવણ તેમને ક્રમથી મનન ને નિદિધ્યાસનમાં જોડી બ્રહ્મસાક્ષાત્કારસુધી પહોંચાડતું નથી.

વિવેક, વૈરાગ્ય, શમ દમ શ્રદ્ધા સમાધાન ઉપરામ ને તિતિક્ષા

આ છ સંપત્તિ. અને તીવ્રમુમુક્ષુતા આ ચાર સાધનોને સાધનચતુષ્ટય પણ કહેવામાં આવે છે. બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાં પરંપરાવડે વેદાંતનું શ્રવણ સાધનરૂપ ગણાય છે, ને તે શ્રવણને તેની ફલસિદ્ધિપર્યંત નિર્વિઘ્ને પહોંચાડવામાં આ વિવેકાદિ ચાર સાધનોની પ્રાપ્તિ ઉપયોગી મનાય છે. એવી રીતે શ્રવણાદિમાં ઉપયોગી હોવાથી વિવેકાદિ ચાર સાધનોને બ્રહ્મજ્ઞાનનાં સાધનો ગણવામાં આવે છે.

વિવેક એટલે સત્ય (નિત્ય) વસ્તુને તથા અસત્ય (અનિત્ય) વસ્તુને ભિન્નરૂપે જાણવી તે. વિવેક બે પ્રકારનો છે, મુખ્ય ને ગૌણ. દ્રષ્ટા એટલે બ્રહ્મથી અભિન્ન આપણો આત્મા વિનાશરહિત હોવાથી સત્યરૂપ છે, ને તેનાથી ભિન્ન સર્વ દૃશ્ય (માયા ને માયાનાં કાર્યો) વિનાશી હોવાથી અસત્યરૂપ છે એમ જાણવું તે મુખ્યવિવેક ગણાય છે. સર્વ પ્રકારના અશિષ્ટાચારોનો પરિત્યાગ કરી પોતપોતના વર્ણાશ્રમને ઉચિત એવા અગત્યના સર્વ શિષ્ટાચારોનુ સેવન કરવું તે ગૌણવિવેક કહેવાય છે.

મુખ્યવિવેક જો વાણીમાંજ રહે તો તે બીજાઓને સંભળાવવાના ઉપયોગમાં આવે છે, પણ પોતાના અંતઃકરણમાં રહેલા વિકારી ને વિનાશી વસ્તુઓભણીના આરૂઢ રાગને દૂર કરવામાં તે ઉપયોગી થતો નથી. જેમ હીરાનો તથા કોડીનો, સુવર્ણમુદ્રાનો તથા તાંબાની મુદ્રાનો, મલમલનો તથા ગુણપાટનો, પ્રાસાદનો ને કુબાનો, દૂધપાકનો ને ખાટી છાશનો તથા મિષ્ટાન્નનો ને ખોરી જુવારના રોટલાનો ભેદ ભ્રાંતિરહિત મનુષ્યને સંદેહરહિત સમજાય છે, ને તે અંતઃકરણમાં સર્વદા સુસ્થિર રહે છે તેમ અવિકારી ને અવિનાશી આત્માથી અભિન્ન બ્રહ્મના સ્વરૂપનો અને વિકારી ને વિનાશી સર્વ દૃશ્યપ્રપંચનો ભેદ કોઈ પણ પ્રકારના સંશયવિના જિજ્ઞાસુ મનુષ્યના હૃદયને સમજાવો જોઇએ, ને

તે તેના હૃદયમાં સર્વદા સુસ્થિર રહેવો જોઇએ. વળી દુઃખરહિત પરમાનંદરૂપ મોક્ષને મેળવવામાટે પરમતત્ત્વના સ્વરૂપને યથાર્થ જાણવા ઇચ્છનાર પુરુષે આ મુખ્યવિવેકના સ્વરૂપને પૂરી રીતે જાણી તેને પોતાના હૃદયમાં સુસ્થિર કરવા નિરંતર પ્રયત્નશીલ રહેવુ જોઇએ. પ્રાપ્તવ્યવહારનો નિર્વાહ કરતાં ગમે તેટલા અનુકૂલ વા પ્રતિકૂલ પ્રસંગો પ્રાપ્ત થાય તોપણ તેમાં આ વિવેકરૂપ દીપકને તેણે નિસ્તેજ થવા ન દેવો જોઇએ, વા ઓલવી ન નાંખવો જોઇએ. અંતઃકરણ દૃશ્યવ્યવહારને સત્ય માની અનુકૂલ પ્રાણિપદાર્થની પ્રાપ્તિમાટે ને પ્રતિકૂલ પ્રાણિપદાર્થને દૂર કરવામાટે ગમે તેવા નઠારા વિચાર ને ગમે તેવી નઠારી ક્રિયા કરતાં સંકોચ પામે નહિ, અને બ્રહ્મ સત્ય છે, ને જગત્ અસત્ય છે એમ મોઢેથી કહે તેના હૃદયમાં મુખ્યવિવેકનો ગંધ પણ ન હોવો જોઇએ એમ ન્યાય્યબુદ્ધિથી વિચારતાં નિશ્ચય થાય છે. જેના હૃદયમાં મુખ્યવિવેકનો ઉદય ને સ્થિરતા થયાં હોય તે અનિત્ય વસ્તુના લાભમાટે કદીપણ અયોગ્ય વિચાર કે ક્રિયા નહિ કરે, ને વિનાશિસ્વભાવવાળા પ્રાણિપદાર્થના વિયોગથી કે વિનાશથી તેનું હૃદય કદીપણ શોકસાગરમાં નિમગ્ન નહિ થાય એ સંદેહરહિત વાત છે.

જિજ્ઞાસુએ ઉપર કહેલો મુખ્યવિવેક મેળવવા તથા તેને પોતાના અંતઃકરણમાં સતત સ્થિર રાખવા નિરંતર આદરપૂર્વક દીર્ઘકાલસુધી પ્રયત્ન કરવો જોઇએ. જેમ "રામ" "રામ" બોલવાથી પોપટ રામના સત્યસ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી તેમ "**ब्रह्म सत्यं जगन्मिथ्या**" ને "આતમ અવિનાશી અચલ, જગ તાતેં પ્રતિકૂલ; ઐસો જ્ઞાન વિવેક હૈ" એમ બોલવાથી જગત્‌ને સત્ય માનનારો અને બ્રહ્મને લગભગ અસત્ય માનનારો તથા દીર્ઘકાલથી મનુષ્યના હૃદયમાં નિર્ભય-પણે નિવાસ કરીને રહેલો અવિવેક કદીપણ દૂર થતો નથી, અર્થાત

એવો નમાલો વિવેક મનુષ્યના હૃદયમાં રહેલા બલવાન્ અવિવેકને લેશ પણ દૂર કરી શકતો નથી. દીર્ઘકાલ, નિરતર, આદરપૂર્વક બ્રહ્મના સત્યપણાનો ને જગત્ના અસત્યપણાનો વિચાર કરી મુખ્ય-વિવેકને જ્યારે બલવાન્ કરવામાં આવે છે ત્યારેજ ચિરકાલથી મનુષ્યના હૃદયમાં વસેલો અવિવેક તેના હૃદયમાંથી નિરુપાયે વિદાય થઇ જાય છે.

જે હૃદય ગૌણવિવેકથી રહિત હોય તે હૃદયમાં મુખ્યવિવેકનો આવિર્ભાવ શી રીતે થઇ શકે ? જે હૃદય ગૌણવિવેકના સ્વરૂપને જાણનારું તથા તેને અનુસરનારું હોય તે હૃદય સરલ તથા પવિત્ર હોવાથી મુખ્યવિવેકને પ્રાપ્ત કરી શકવાના સામર્થ્યવાળુ થાય છે માટે પોતાને જિજ્ઞાસુ માનનાર પ્રત્યેક મનુષ્યે આદર ને સાવધાનતા રાખી જે ગૌણવિવેકની પોતાના હૃદયમાં પ્રાપ્તિ ને સ્થિરતા ન હોય તેની પ્રાપ્તિ ને સ્થિરતા કરવાં જોઇએ.

ઊઠવુ, ચાલવુ, ઊભા રહેવુ, બેસવુ, સૂવુ, ખાવુ, પીવું, પહેરવું, મલમૂત્રનો ત્યાગ કરવો, દાતણ કરવુ, સ્નાન કરવુ, પૂછવું, બોલવુ, સાંભળવુ, જોવુ, સ્પર્શ કરવો, સુંઘવું, લખવું, વાંચવુ, લેવુ, મૂકવુ, ઊઘાડવુ, વાસવુ અને પોતપોતાના પ્રાપ્તવ્યવહારને લગતુ કોઇ પણ કામ કરવુ આ સર્વમાં પોતાના દેશના ને પોતાના વર્ગના શિષ્ટ માણસો કેમ વર્તે છે, વા શાસ્ત્રાનુસાર શિષ્ટોએ એવાં કામોમાં કેમ વર્તવુ જોઇએ તેનો પૂરનો વિચાર કરી જિજ્ઞાસુએ તે પ્રમાણે વર્તવા ધૈર્ય ને સાવધાનતા રાખી આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. વળી તેણે શુભ વિચારનાં તથા શુભ ક્રિયાનાં ને અશુભ વિચારનાં તથા અશુભ ક્રિયાનાં સ્વરૂપોને પણ જાણવાં જોઇએ. આ સર્વ બોલી જવામાં ને સાંભળવામાં લેશ પણ કઠણ હોય એમ જણાતું નથી તેથી સામાન્ય-

બુદ્ધિવાળાં મિથ્યાભિમાની માણસો આવાં કથનોને સાંભળી લે છે, ને આમાં પોતાને કાંઇ વિચારવાજેવું કે આચરણમાં મૂકવાજેવુ નથી એમ ધારી તે કથનોઉપર જેવા ગભીરપણાથી તેમણે વિચાર કરવો જોઇએ, તથા તે કથનોમાં કહેલી રીતે વર્તવા પ્રયત્ન કરવો જોઇએ તેવો વિચાર કે પ્રયત્ન તેઓ કરતાં નથી. વેદાંતના પ્રકરણ, પ્રમેય કે આકર ગ્રંથોના શબ્દોનો પ્રતિધ્વનિ કરી દેખાડનારા, ને માત્ર શબ્દોપરના નૃત્યથી પ્રસન્ન થનારા મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવનારા કેટલાક પુરુષો જ્યારે સામાન્યવિવેકથી પણ રહિત જોવામાં આવે છે ત્યારે એક પણ રૂપીઓ જેની ગાંઠમાં ન હોય, ને જે પરાર્ધ રૂપીઆ-ની મિથ્યા વાતો કરતો હોય તેના ઉપર વિવેકી શ્રોતાને જેવી ઉપહાસયુક્ત દયા ઉપજે તેવી ઉપહાસયુક્ત દયા આમના ઉપર પણ વિવેકી મનુષ્યોને ઉપજે છે.

જે નિરભિમાની જિજ્ઞાસુ મનુષ્ય મુખ્યવિવેકની પ્રાપ્તિમાટે ગૌણવિવેક પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય તેણે જેમ વિદ્યા, અધિકાર ને ધન મેળવવા ઇચ્છનાર મનુષ્ય તે તે વસ્તુની પ્રાપ્તિ કરવામાટે આદરપૂર્વક પ્રયત્ન કરે છે તેમ મુખ્યવિવેકને પ્રાપ્ત કરવાનો પોતાનો ઉદ્દેશ સતત સ્મરણમાં રાખીને સર્વ ગૌણવિવેકોને પ્રાપ્ત કરવા આદર-પૂર્વક સતત પ્રયત્ન કરવો જોઇએ. ઘણા કાલથી પોષણ પામેલા ગૌણ અવિવેકો પણ જો જિજ્ઞાસુ કંટાળ્યા વિના આદરપૂર્વક પ્રયત્ન કર્યા કરે તોજ યોગ્ય સમયે માંડમાંડ દૂર થાય છે, પરતુ તે અનાયાસે દૂર થઇ જતા નથી. આવો પ્રયત્ન પોતાનું હિત શામાં રહ્યું છે, ને પોતાનું અહિત શામાં રહ્યું છે તેની સમજરૂપ વિવેકવિના મનુષ્યથી થઈ શકતો નથી. પોતાના હિતનું ને અહિતનું સ્વરૂપ સમજવામાં પણ પોતાના અંતઃકરણની કેટલેક અંશે નિર્મલતાની તથા સદ્ગુરુના

ને સત્શાસ્ત્રના વચનમાં પ્રામાણિકપણાના નિશ્ચયની અપેક્ષા રહે છે.

પ્રાયશઃ એવું જોવામાં આવે છે કે પારમાર્થિક સાધનોમા શ્રદ્ધાની ને તે સાધનો સિદ્ધ કરવાના ઉત્સાહની ન્યૂનતાથી અને સંસારાસક્તિથી વા મૂઢતાથી ઘણા મનુષ્યોનાં અંતઃકરણોમાં પારમાર્થિક સાધનોના ઉપદેશનું યથાયોગ્ય ગ્રહણધારણ થોડું થઇ શકે છે, ને તે ઉપદેશનું યથાયોગ્ય ગ્રહણધારણ ન થઈ શકવાથી તથા પડેલા કુસ્વભાવોની પ્રબલતાથી તે ઉપદેશને તેમનાથી આચરણમાં મૂકવાનુ બનતુ નથી, વા બને છે તો બહુજ થોડે અંશે બને છે. આમ હોવાથી જોકે આ ગૌણવિવેકને લગતા ઉપદેશનો ઉપયોગ પણ ઘણા મનુષ્યો નહિ કરી શકે એમ અનુમાન થાય છે તોપણ જેઓ ગૌણવિવેક પ્રાપ્ત કરવા ન્યૂનાધિકપણે પ્રયત્ન કરી શકે એવા હોય તેમને તે ગૌણવિવેકની પ્રાપ્તિ કરવાના ઉપાયોનું દિગ્દર્શન ન કરાવવું તે અયોગ્ય ગણાય એમ સમજી તેવા અધિકારીઓમાટે અહિ શિષ્ટોમાં સ્વાભાવિકરીતે રહેલા તે ગૌણવિવેકના સ્વરૂપનું તથા તેની પ્રાપ્તિના ઉપાયોનુ દિગ્દર્શન કરાવવાનો સ્વલ્પ પ્રયત્ન થાય છે.

૧ પ્રાતઃકાલે શય્યામાંથી ઊઠતી વેલા મનને ભય, ચિંતા કે રાગને વશ ન થવા દેતાં પ્રસન્ન રાખવુ, ને થોડો સમય તેને ઇષ્ટદેવના સ્મરણમાં, ધ્યાનમાં કે સ્તુતિમાં જોડવુ. તે વેલા ઉપરાઉપર બગાસાં ખાધા કરવાં, આળસ મરડ્યા કરવુ, કે રાડો પાડવા લાગવું એ યોગ્ય નથી. ૨ ધીમે ધીમે સંમુખ નીચી દૃષ્ટિ રાખીને ચાલવું. આપત્કાલવિના બહુ ઊતાવળા ચાલવું નહિ, વા દોડવું નહિ. ચાલતી વેલા આસપાસ કે પછવાડે જોવાની અગત્ય જણાય તો ઊભા રહીને જોવાયોગ્ય પ્રદેશભણી જોવું. ગુરુજનોની પછવાડે ચાલવુ, પ્રયોજનવિના સાથે કે આગળ ન ચાલવુ. ૩ ઊભા રહેવું તે વેલા શરીરને ડોલાવ્યા

ન કરવું, ત્રાંસું ન થવા દેવું, તથા હાથ પગ કે મુખવડે કોઇ પણ પ્રકારના ચાળા ન કરવા. ૪ શ્રીસદ્‌ગુરુ, ઇષ્ટદેવની પ્રતિમા, માતપિતાદિ ગુરુજનો કે અન્ય પૂજ્ય મનુષ્યોની અતિસમીપમાં કે તેમનાથી અતિદૂર ન બેસવું. વળી તેમની સમીપ એક પગ બીજા પગઉપર ચઢાવીને, વસ્ત્ર કે હાથવડે ગોઠણો બાંધીને, તકીઆ આદિનું ઓઠીગણ દઇને, પગ લાંબા કરીને, સહજ આડે પડખે થઇને, કે પોતાની પીઠ કે પડખુ તેમના ભણી રહે એવી રીતે વા ઢીચણ ડોલાવતા બેસવુ નહિ. ૫ પગ લાંબા કરીને પડખાભર સૂવું. ચીતું કે ટુંટીઆં વાળીને સૂવું નહિ. નિદ્રાવેલા મોઢું ખુલ્લું ન રહે, વસ્ત્રો યોગ્ય રીતે રહે, ને પથારીથી શરીર નીચે ન જાય એમ સાવધાનતા રાખવી. ૬ દ્વિજે પૂર્વાભિમુખે કે ઉત્તરાભિમુખે બેસી પ્રાપ્ત થયેલા ભોજનના પદાર્થોનુ મત્રેલા જલવડે પ્રોક્ષણ કરી, ને તે સર્વ પરમાત્માને અર્પણ કર્યાની ભાવના કરી, પછી ધીમે ધીમે સારી રીતે ચાવીને જમવું. જમતી વેલા હાથના કાંડાપર દાળના કે કઢીના રેલા ન ઊતરે, મુખમાથી તેના રેલા ન ઊતરે, ખાવાના પદાર્થો મુખમાંથી પાત્રમાં કે ભૂમિપર વારવાર ન પડે, અવાજ ન થાય, તથા ભોજનપાત્ર ગદુ ન થાય એમ સાવધાનતા રાખી પરિમિત, પથ્ય ને પવિત્ર પદાર્થો ખાવા. ભોજનવેલા પૂર્વાચમન તથા ઉત્તરાચમન લેવાં. પોતાની પંક્તિમાં કોઇ જમતું હોય ત્યાંસુધી ઊત્તરાચમન ન લેવુ. કોળીઓ મોમાં લેતી વેલા કોઇની સાથે વાત ન કરવી. ૭ જલ આદિ પવિત્ર પ્રવાહી પદાર્થો ઊભા રહીને, ત્રાંસા રહીને, કે સૂઇને ન પીવા; સ્વસ્થ ચિત્ત સીધા બેસીને પીવા. અન્ય મનુષ્યે એઠા કરેલા પાત્રને સ્વચ્છ કર્યા વિના તે પાત્રવડે જલ આદિ ન પીવુ. પીતાં પીતાં શરીરપર પાણી ન ઢોળાય તેની સાવધાનતા રાખવી.

પીવાયોગ્ય પદાર્થો પીતી વેલા કોઇની સાથે વાત ન કરવી. ૮ તુરત માણસોની દૃષ્ટિ ખેંચાય એવાં વસ્ત્રો ન પહેરવાં, આછકલાઇ કે અમર્યાદા જણાય એવી રીતે તે ન પહેરવાં, બહુ તડોતડ કે બહુ પહોળી રીતે તે ન પહેરવાં, પ્રસંગનો વિચાર કરીને તદનુસાર તે પહેરવાં, ને પોતાની સ્થિતિને શોભે એવાં તે પહેરવાં. ૯ મલમૂત્રનો ત્યાગ કરવાનો, દાતણ કરવાનો, ને સ્નાન કરવાનો શિષ્ટાચાર ચારે વેદોનાં આહ્નિકપ્રકાશોમાં જણાવેલો હોવાથી અહિ તેનુ પુનઃ કથન કરવુ યોગ્ય ધાર્યું નથી. ૧૦ પ્રયોજનવિનાનું, સામા મનુષ્યના માનનો ભગ થાય એવુ, સામા મનુષ્યને મિથ્યા બોલવાનો પ્રસંગ પ્રાપ્ત થશે એવો સંભવ જણાય એવુ, પોતાની શ્લાઘા સાંભળવાની ઇચ્છા આથી પૂરી થશે એવા અભિપ્રાયવાળુ ને પોતાની મહત્તા અન્ય મનુષ્યોમાં પ્રકટ કરવાના અભિપ્રાયવાળુ કોઇને કાંઇ ન પૂછવું. વળી અસાધારણ પ્રયોજનવિના મારે વિષે અમુક શું કહે છે, તે શુ કરે છે, તે શુ વાંચે છે, ને તે શુ માને છે એવા નિરર્થક પ્રશ્નો પણ કોઇને ન પૂછવા. ૧૧ કોઇનુ અહિત ન થાય એવુ, નિર્દોષ પ્રમાણથી જેવું જાણ્યું હોય તેવુ, શ્રોતાને પ્રિય લાગે તથા તેનુ હિત કરે એવું, શ્રોતાને ભય કે ચિંતાની પ્રાપ્તિ નહિ કરાવનારુ, ગુરુજનોની વાત-ચીતમાં ભંગાણ નહિ પાડનારું, પૂરતો વિચાર કરી નક્કી કરેલું ને શ્રોતાને સહેલાઇથી સમજાય એવુ સંક્ષેપથી કે વિસ્તારથી પ્રસંગાનુસાર તથા ધર્માનુસાર બોલવું. ૧૨ અધર્મની પ્રાપ્તિ નહિ કરનારુ, શુદ્ધ વ્યવહાર સાધવામાં કે પરમાર્થનાં સાધનો સાધવામાં ઉત્સાહ વધે એવું, પોતાના પ્રાપ્તવ્યવહારમાં કે પારમાર્થિક સાધનમાં ઉપયોગી હોય એવું ને ચિત્તની શાંતિમાં વધારો કરનારુ અન્યનું વચન સમભાવ રાખીને સાંભળવું. ૧૩ કોઈ પણ પ્રકારના કુસંસ્કાર નહિ

પાડનાર પણ સુસંસ્કાર પાડનાર ને અંતઃકરણને તથા ઇંદ્રિયોને અનુચિત ક્ષોભ નહિ ઉપજાવનાર પણ તેમને શાંત કરનાર હોય તે જોવું, પણ તેથી વિપરીત હોય તે ન જોવુ. ૧૪ અંતઃકરણની પવિત્રતા, સૂક્ષ્મતા ને એકાગ્રતા વધારનારા પ્રાણિપદાર્થોનો સ્પર્શ કરવો. તથા એવા પદાર્થો સુંઘવા, પરતુ અંતઃકરણની મલિનતા, સ્થૂલતા ને ચચલતા વધારનારા પ્રાણિપદાર્થોનો સ્પર્શ કરવો કે તેવા પદાર્થોને સુંઘવા એ કામ ભૂલથી પણ ન કરવાં. ૧૫ પોતાની ને અન્યની યોગ્યતાનો ને સ્થિતિનો વિચાર કરીને, પ્રયોજનનો વિચાર કરીને, રાગદ્વેષાદિના પ્રબલ વેગોને વશ નહિ થઇને, ધાર્મિક બલને હૃદયમાં જાગ્રત્ રાખીને, ને પરિણામનો વિચાર કરીને, શુદ્ધ તથા સ્વચ્છ લખવું. ૧૬ પોતાના અંતઃકરણમાં શુભ સંસ્કારો પાડનારું, પોતાના પ્રાપ્તવ્યવહારમાં કે ચાલતા અથવા આગળ ઉપર આવનારા પારમાર્થિક સાધનમાં નવુ અજવાળુ પાડનારુ ને ધાર્મિકબુદ્ધિમાં તથા શુભગુણોમાં વૃદ્ધિ કરવાના કામમાં ઉપયોગી થઈ પડનારું વાંચવુ, પણ સ્મરણશક્તિને બલહીન કરનારું, અંતઃકરણમાં તથા ઇંદ્રિયોમાં અયોગ્ય ક્ષોભ ઉપજાવનારું, ધર્મભ્રષ્ટ કરનારુ, શુભગુણોથી દૂર કરી દુર્ગુણોનું પોષણ કરનારું, તથા સ્વકર્તવ્યથી ભ્રષ્ટ કરનારુ ન વાંચવુ. ૧૭ કોઈ પણ પદાર્થ લેવો હોય તથા મકવો હોય તો પોતાના હાથની પવિત્રતા તથા ભૂમિની પવિત્રતા જોઇને વા કરીને તે પદાર્થ લેવો તથા મૂકવો; તેમજ ધીરેથી તથા જોઇને તે લેવો તથા મૂકવો. ૧૮ બારી, બારણાં, કપાટ ને પેટી ઇત્યાદિ ધીરજ રાખીને ઊઘાડવાં; તથા ધીરજ રાખીને તે વાસવાં. ૧૯ ખેતી, વ્યાપાર, ભિન્ન ભિન્ન પ્રકારની સેવા, વકીલાત, દલાલી અને આજીવિકા પ્રાપ્ત કરવાના અન્ય ધધાઓને લગતું જે જે કામ કરવુ તે તે કામ પ્રામાણિકતાથી નેસાવધાનતાથી સારામાં સારું ને સમયસર કરવું.

મોઢામાં ને નાકમાં આંગળાં નાંખ્યાં કરવાં, તથા હાથનાં આંગળાંના નખો કરડવા એ પણ ગૌણ અવિવેક હોવાથી ત્યજવાયોગ્ય છે: ને પ્રયત્ન કર્યા વિના બ્રહ્મની પ્રાપ્તિની ઇચ્છા રાખી જેને તેને બ્રહ્મની કેમ શીતાવળે પ્રાપ્તિ થાય એમ પૃછ્યા કરવુ તે પણ ગૌણ અવિવેક હોવાથી ત્યજવાયોગ્ય છે.

પૂર્વજન્મોનાં પુણ્યોવિના ને શિષ્ટ પુરુષોના શિષ્ટાચારનુ સમજપૂર્વક અનુકરણ કરવાનો સ્વભાવ રાખ્યા વિના માત્ર ઉપદેશ સાભળવાથીજ શિષ્ટાચારનુ પરિપાલન થઈ શકતુ નથી. સમજવામાટે તેનુ એક પ્રસિદ્ધ ઉદાહરણ લઇએ. પવિત્ર બ્રહ્મસૂત્ર એટલે જનોઇએ દ્વિજે કુચીઓ બાંધવી કે તેવડે બરડો ખંજોળવા એ ઉચિત નથી એવુ એકથી વધારે વાર સજ્જનોદ્વારા સાંભળ્યા છતાં તથા શિષ્ટ પુરુષો તેમ કરતા નથી એમ જાણ્યા છતાં પણ કેટલાક દ્વિજો જનોઇએ કુચીઓ બાંધે છે, ને અગત્ય જણાય ત્યારે તેવડે બરડો પણ ખંજોળે છે, એ ગૌણ અવિવેક એમ સૂચવે છે કે એમ વર્તનારાઓમાં કાં તો ઉપદેશનું ગ્રહણધારણ કરવાનૃ બલ ન્યૂન છે, વા આમ કર્યા વિના ચાલે એમ નથી એવો વિપર્યયદુરાગ્રહ તેમને બધાયો છે, વા તેમનામાં શિષ્ટોના શિષ્ટાચારનુ અવલોકન કરવાનું તથા તે શિષ્ટાચારોનું અનુકરણ કરવાનું બલ ન્યૂન છે. આ જગત્‌માં ઉગ્રતા અંત:કરણવાળા મનુષ્યો શિષ્ટાચારનું શાંતિથી અવલોકન કરતા નથી, ને તેનું ઉત્સાહથી અનુસરણ કરતા નથી તેથી તેઓ ગૌણ-વિવેક મેળવી શકતા નથી.

જિજ્ઞાસુએ બ્રહ્મની પ્રાપ્તિ કરવાનો પોતાના જીવનનો ઉદ્દેશ સતત સ્મરણમાં રાખવો, કદીપણ ભૂલવો નહિ, ને તદનુકૂલ પોતાનો સર્વ વ્યવહાર રાખવો. પૂર્વોક્ત ઉદ્દેશનો વિઘાત કરનાર કોઈ

પણ વ્યવહાર ન સેવવો. સત્યના પક્ષપાતી થવું, અસત્યના પક્ષપાતી નજ થવું. આપેક્ષિક સત્યનો ને વાસ્તવિક સત્યનો પણ વિચાર કરવો, અને વાસ્તવિક સત્યના પક્ષપાતી થઈ આપેક્ષિક સત્યના પક્ષપાતી મટવું. બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ થઈ જ્યારે તે પરમસત્યને અનુભવે છે ત્યારેજ તે શાંત થાય છે માટે બુદ્ધિનો વિવેકવડે વિકાસ કર્યા કરવો. પરમસત્યને પ્રાપ્ત કરવામાટે પ્રયત્ન કરનારાઓને જોઇને જિજ્ઞાસુએ પ્રસન્ન થવું, ભ્રાંત મનુષ્યોની સાથે વિવાદ ન કરવો, અને જેઓ પરમસત્યની પ્રાપ્તિમાટે પ્રયત્ન ન કરતા હોય, પણ અસત્ પ્રાણિપદાર્થોની પ્રાપ્તિમાટે પ્રયત્ન કરતા હોય, ને તેમના ઉપભોગમાં પોતાનો સમય વ્યતીત કરતા હોય તેમના ઉપર દયા રાખવી.

જિજ્ઞાસુએ પોતાના અંતઃકરણમાંથી ઉપજતી ઇચ્છાઓનો હેયોપાદેયરૂપે વિવેક કરવો. જે ઇચ્છાઓ આત્મજ્ઞાન મેળવવામાટે આગળ વધવામાં ઉપયોગી હોય, વા આત્મજ્ઞાનનાં સાધનોનો વિઘાત કરનારી ન હોય, વા પ્રાપ્તવ્યવહારને લગતી નિર્દોષ હોય એમને ઉપજવા દેવી, ને તેમને તેમનું કાર્ય કરવા દેવું; પણ જે ઇચ્છાઓ આત્મજ્ઞાનનાં સાધનોનો વિઘાત કરનારી ને ઇંદ્રિયોમાં નિષિદ્ધવેગો ઉપજાવી અશુભ સંસ્કારો પાડનારી હોય તેને ઉત્પન્ન થતી અટકાવવી.

અવશ્ય કરવાયોગ્ય ઉપયોગી કાર્યમાં બહિર્મુખ અંતઃકરણની, ઇંદ્રિયોની ને શરીરની સૂચનાને વશ થઇ જિજ્ઞાસુએ તે કાર્ય કરવાથી ન અટકવું, પણ તેમને સમજાવીને તે કાર્યમાં જોડવાનું બલ રાખવું.

સ્થૂલશરીર આત્મા નથી, ઇંદ્રિયો આત્મા નથી, પ્રાણ આત્મા નથી, ને અંતઃકરણ વા તેના ઉપાદાનકારણરૂપ અજ્ઞાનનો અંશ પણ આત્મા નથી, પરંતુ અંતઃકરણની વા અજ્ઞાનના અંશની અંતર અસંગ ને નિર્વિકાર રહી તેને સત્તાસ્ફૂર્તિ આપનારું જે તત્ત્વ છે તેજ

આત્મા છે. અન્ય સર્વ પ્રાણીઓનો આત્મા પણ તેવોજ છે. જડરૂપે પ્રતીત થતા પદાર્થો પણ ચેતનમાં કલ્પાયેલા હોવાથી તેમનું સ્વરૂપ પણ ચેતન વા આત્માથી ભિન્ન નથી. સર્વ આત્માઓ ચેતનરૂપ હોવાથી તથા ચેતનમાં કોઇ પણ પ્રકારની વિલક્ષણતા નહોવાથી સર્વે આત્માઓ ચેતનરૂપ વા બ્રહ્મરૂપજ છે. એવી રીતે સર્વ પ્રાણીઓનું તથા અન્ય પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે, ને તે સત્ય છે, અને તે બ્રહ્મમા કલ્પાયેલું સર્વ જગત્ મિથ્યા છે આમ સંશયવિપર્યયરહિત સુદૃઢ સમજાય ત્યારે વિવેકની પ્રાપ્તિ થઈ ગણાય. ચિત્રમાંનું અમૃત જેમ અમૃત નથી તેમ માત્ર વાતોમાંજ રહેલો વિવેક વિવેક નથી. જે મનુષ્યના અંતઃકરણમાં દૃઢ વિવેક ઉદય પામ્યો હોય તે મનુષ્યના હૃદયમાં હવે પછી કહેવાશે તે વૈરાગ્ય ઉદય પામે છે, તથા તે સ્થિર થઇ શકે છે.

આ લોકમાં ઉત્તમ ગણાતા ભોગ્ય પદાર્થોથી માંડીને સત્ય-લોકમાં રહેલા સર્વોત્તમ ગણાતા ભોગ્ય પદાર્થોમાં રમણીયપણાની બુદ્ધિની નિવૃત્તિવડે રાગ ન રહે તે વૈરાગ્ય કહેવાય છે. સર્વ ભોગ્ય પદાર્થો ક્ષણે ક્ષણે પરિણામ પામનારા, વિનાશી, હિંસાદિ પાપકર્મ કર્યા વિના પ્રાપ્ત નહિ થનારા, પ્રકટ અપ્રકટ મલિનતાવાળા, પરાધીન, ન્યૂનાધિક પ્રમાણમાં પ્રાપ્ત થનારા, ઉપભોગવડે ઇંદ્રિયોના તથા અંત - કરણના સાત્ત્વિકબલને હણનારા અને અંતઃકરણને પોતાનામાં બાંધી રાખી તેને વાસ્તવિક સુખની પ્રાપ્તિ નહિ થવા દેનારા છે. ઉપર કહેલી રીતે ભોગ્ય પદાર્થોમાં વારવાર દૃઢ દોષદર્શન કર્યા કરવાથી તે મનુષ્યના હૃદયમાં તે ભોગ્ય પદાર્થોમાં જે રાગ રહ્યો હોય તે દૂર થાય છે, ને તેના હૃદયમાં વૈરાગ્યનો આવિર્ભાવ થાય છે. વીજળીના ઝબકારાજેવું ક્ષણસ્થાયી દોષદર્શન સ્થાયી વૈરાગ્ય ઉપજાવી શકતું નથી, પણ સર્વદા જાગ્રત્ રહેનારું દોષદર્શન સ્થાયી વૈરાગ્ય ઉપજાવી

શકે છે. પછી તે મનુષ્યને ભોગ્ય પદાર્થોનો ઉપભોગ કરવામાં રુચિ રહેતી નથી, પણ તે ભોગ્ય પદાર્થોના ત્યાગમાં તેની રુચિ રહે છે. આવી રીતે ભોગ્ય પદાર્થોમાં રુચિ ન રહેવાથી પછી તેના ચિત્તમા આ લોકના ઉત્તમ ભોગ્ય પદાર્થોથી માંડીને સત્યલોકસુધીના સર્વોત્તમ ગણાતા ભોગ્ય પદાર્થોમાં દીનતા ઉપજતી નથી, ને તે સર્વ ભોગ્ય પદાર્થો તેને સુકા તણખલાતુલ્ય તુચ્છ સમજાય છે. આવા વૈરાગ્યને પ્રાપ્ત થયેલું અંતઃકરણ વૈરાગ્યના અવધિને પ્રાપ્ત થયેલુ ગણાય છે.

જિજ્ઞાસુ મનુષ્યના હૃદયમાં વિવેકનો ઉદય થવાથી તે શુભને તથા અશુભને સમજી શકે છે તેથી તે દશ ઇંદ્રિયોના તથા અંતઃકરણના નિષિદ્ધ વિષયોનો ત્યાગ કરે છે. પછી તેના ચિત્તમાં જ્યારે વૈરાગ્યનો ઉદય થાય છે ત્યારે દશ ઇંદ્રિયોના તથા અંતઃકરણના વિહિત વિષયોમાં પણ તેના ચિત્તમાં રાગ રહેતો નથી. જ્યારે જિજ્ઞાસુ મનુષ્યને આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે તેની ઇંદ્રિયોનો પોત પોતાના વિષયોભણીનો વેગ શાંત થઇ જાય છે, ને તેનું અંતઃકરણ રાગપૂર્વક વિષયોનાં ચિત્રો રચવાનું ને તેમાં ભ્રમણ કરવાનું ત્યજી દે છે. જે અંતઃકરણમાં વૈરાગ્યનો ઉદય થાય છે તે અંતઃકરણ સહનશીલતાવાળું થવાથી કોઇનો દ્વેષ કરતું નથી, તથા પ્રાણિ-પદાર્થોમાંની તેની મમતા છૂટી જવાથી તે કોઇથી ભય પણ પામતું નથી.

વિવેક મનુષ્યને અનિત્ય એવી સ્થૂલભૂમિકાથી, સૂક્ષ્મભૂમિકાથી તથા સૂક્ષ્મતર ભૂમિકાથી નિત્ય એવી સૂક્ષ્મતમ ભૂમિકાના ભેદનો નિશ્ચય કરાવે છે, અને વૈરાગ્ય દોષદર્શનવડે સ્થૂલભૂમિકાના ભોગ્ય પદાર્થોમાં, સૂક્ષ્મભૂમિકાના ભોગ્ય પદાર્થોમાં ને સૂક્ષ્મતર ભૂમિકાના

ભોગ્ય પદાર્થોમાં તે મનુષ્યના ચિત્તમાં રહેલી અભિલાષાને નિવૃત્ત કરે છે.

જિજ્ઞાસુએ પ્રથમ બ્રહ્મરૂપ થવાની ઇચ્છાને વેગવાળી કરવી, ને વ્યવહારની બીજી સર્વ ઇચ્છાઓને શમાવવા પ્રયત્ન કરવો. તેણે સ્ત્રી, પુત્ર, ધન, માન ને સત્તાદિની ઇચ્છાઓને બલહીન કર્યા કરવી સ્વર્ગનાં સુખો પણ વિનાશી હોવાથી તે પણ ઇચ્છવાયોગ્ય નથી એમ સમજી તેણે તેની ઇચ્છા પણ હૃદયમાં ન ઉપજવા દેવી. કોઇના ઉપર ઉપકાર કરીને તેણે પ્રત્યુપકારની ઇચ્છા ન કરવી, ને તેની પાસેથી ઉપકારના બદલામાં ખુશામતનાં વચનો સાંભળવાની ઇચ્છા પણ તેણે ન કરવી. કર્તાપણાનુ અભિમાન તથા ફલની ઇચ્છાનો પરિત્યાગ કરી પોતાનું જે કર્તવ્યકર્મ હોય તે તેણે ઉત્સાહ ને સાવધાનતાથી કરવુ. શુભકર્મવડે કે ધ્યાનાદિવડે પ્રાપ્ત થનારી ચિત્તની એકાગ્રતાની વિરોધી સિદ્ધિઓને તેણે ન ઇચ્છવી.

જે પુરુષના ચિત્તમાં સ્ત્રીશરીરવિષે ને જે સ્ત્રીના ચિત્તમાં પુરુષશરીરવિષે રમણીયપણાની ને સુખદપણાની બુદ્ધિને લીધે આરૂઢ રાગ રહેતો હોય તે પુરુષે ને તે સ્ત્રીએ અનુક્રમે સ્ત્રીશરીરમાં તથા પુરુષશરીરમાં રહેલા સર્વ મલિન ને દુર્ગંધયુક્ત પદાર્થોને વિવેકવડે પૃથક્ કરીને જોવા, તથા તે શરીરમાં રાગ રાખવાથી થવાનુ ભાવિ દુઃખ વિચારવુ. આવો વિવેક જો આદરપૂર્વક કરવામાં આવે તો તેમના ચિત્તમાં તે શરીરોમાં રહેલી રમણીયપણાની ને સુખદપણાની ભ્રાંતિ દૂર થઇ તેમના ચિત્તમાં તે શરીરોમા રહેલો આરૂઢ રાગ દૂર થઈ જશે.

પુત્ર પણ ઉત્પત્તિના પહેલા પોતાની અપ્રાપ્તિવડે પોતાના માબાપ થવાને ઇચ્છતાં સ્ત્રીપુરુષને દુઃખ આપે છે, જન્મ્યા પછી ગ્રહનક્ષત્રાદિના દોષથી ને રોગયુક્ત શરીર થવાથી તે પોતાના

માબાપને દુઃખ આપે છે, ઇંદ્રિયોની ન્યૂનતાથી, નહિ ભણવાથી, કન્યા નહિ મળવાથી કે દુરાચારી થવાથી પણ તે પોતાનાં માતપિતાને દુઃખ આપે છે, અને ધનવાન્, આજ્ઞાપાલક ને વિદ્વાન્ થઇને જો તે મરે છે તો તે પોતાનાં માતપિતાના ચિત્તને બહુ દુઃખ આપે છે. આવી રીતે વિવેક કરવાથી પુત્રમાં રહેલો આરૂઢ રાગ મનુષ્યના હૃદયમાંથી દૂર થઇ જાય છે.

ધન મેળવવાના પ્રયત્નમાં દુઃખ રહેલું છે, પ્રાપ્ત કરેલા ધનના રક્ષણમાં પણ દુઃખ રહેલુ છે, તેનો વ્યય કરવાથી તે ખૂટી જશે એવા ભયથી તેનો વ્યય કરવામાં પણ દુઃખ રહેલું છે, ને જો તે ધનનો નાશ થઈ જાય તો તેમાં મમતા રાખનારને તે મહાદુઃખનો અનુભવ કરાવે છે. આવી રીતે ધન સર્વદા દુઃખ દેનારુ છે એવો વિવેક જો મનુષ્યના ચિત્તમાં ઉદય પામે તો તેના ચિત્તમાં રહેલી દ્રવ્યની આરૂઢ અભિલાષા દૂર થઇ જાય છે. આવો મનુષ્ય ઉદાર-હૃદયવાળો હોવાથી તે પોતે પોતાના વૈભવપ્રમાણે ખાય છે, પીએ છે, ને ઓઢેપહેરે છે, તથા પોતાનાં સગાંઓની તથા નોકરોની ખાવાપીવા આદિમાં સારી પેઠે સંભાળ રાખે છે, ને સર્વ પ્રાણીઓને અનનો સંતોષ આપે છે.

એકજ અસંગ આત્માને માનની તથા કીર્તિની શી અગત્ય છે? ને અન્યને અભાવે તેને માન આપનાર કે તેનાં વખાણ કરનાર પણ કોણ છે? જે માન તથા કીર્તિ ક્ષણભંગુર છે, ને જે આત્માને કાંઈ પણ કામનાં નથી તેવા માનમાં ને કીર્તિમાં વિવેકીએ શામાટે તૃષ્ણા રાખવી જોઇએ? આવો વિવેક પ્રાપ્ત થવાથી માનમાં તથા કીર્તિમાં રહેલી તૃષ્ણા મનુષ્યના હૃદયમાંથી દૂર થઇ જાય છે.

વ્યાવહારિક સત્તા પણ અનિત્ય હોવાથી તથા પ્રાયશઃ અનર્થમાં જોડવાના સ્વભાવવાળી હોવાથી તેની તૃષ્ણા પણ ત્યજવાયોગ્ય છે.

ક્રોધાદિ અંતઃકરણના દોષો પણ તેમાં રહેલા અપકારકપણાના દૃઢ વિવેકના ઉદયવડે અંતઃકરણમાંથી દૂર થઇ જાય છે. ક્રોધ દૂર થવાથી નિર્દયતા દૂર થઇ જાય છે તેથી આ જિજ્ઞાસુ સર્વના ઉપર દયા રાખે છે, અને સગાંવહાલાં, નોકર કે અન્ય પ્રાણીઓઉપર તે નિર્દય થતો નથી.

જે જિજ્ઞાસુ મનુષ્યના હૃદયમાં વિષયવૈરાગ્યની પ્રાપ્તિ થઇ હોય તે જિજ્ઞાસુ મનુષ્યને આગળ કહેલી શમાદિ છ સંપત્તિની પ્રાપ્તિ કરવામાં શ્રમ પડતો નથી. મનુષ્યની ઇચ્છા થાય ત્યારે પોતે પોતાના અંતઃકરણને વિષયોથી પાછું વાળી શકે, તથા તેને શાંત રાખી શકે, આવું અંતઃ-કરણનું જે બલ તે **શમ** કહેવાય છે. જે અંતઃકરણ વિવેક તથા વૈરાગ્યથી યુક્ત હોય છે તે અંતઃકરણ પ્રાપ્ત શુભકર્મનો પરિત્યાગ કરી રાગદ્વેષ-પૂર્વક ભોગ્ય પદાર્થોભણી દોડતું નથી. આવા અંતઃકરણમાં રાગદ્વેષનો વેગ વધારે પ્રમાણમાં પ્રકટી ન શકવાથી તે અંતઃકરણ પ્રાયશઃ શાંત રહે છે. આવી રીતે પોતાના અંતઃકરણને વશ વર્તાવવામાં જે પુરુષ સમર્થ થાય તે પુરુષ શમનામની સંપત્તિવાળો કહેવાય. જેમ અશ્વવાર (ઘોડેસવાર) અશ્વારૂઢ કહેવાય છે તેમ શમવાળો પુરુષ અંતઃકરણારૂઢ કહેવાય છે. શમનામની સંપત્તિ પ્રાપ્ત કરવા ઇચ્છનાર પુરુષે અંતઃ-કરણના આત્મપ્રતિબિંબને ગ્રહણ કરવાના શુદ્ધસાત્ત્વિકબલનું તિરોધાન કરનારા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ, ભય ને ખેદાદિ દુષ્ટ મનોવિકારોને વા દુષ્ટ લાગણીઓને વશ કરવાનો પ્રયત્ન રાખવો જોઇએ. શાસ્ત્રજ્ઞાનનું ને સાધનોનું અભિમાન પણ તેણે ન કરવું. ખેદ તથા ભયથી પોતાના મનને મોકળું રાખી મનોનિગ્રહ કરવા

પ્રયત્ન કરવો, મનની શાંતિ ને ગભીરતા વધારવા પ્રયત્નશીલ રહેવું, અને નિરાશ ન થવું. એકજ પ્રકારના ઉપયોગી પવિત્ર વિચારમાં પોતાના મનને રોકવાનો પ્રયત્ન કરવો, પણ તેને જે તે વિચારોમાં ભટકતું કે સુષુપ્તજેવું ન રહેવા દેવું. પોતાના મનને સર્વદા વિશુદ્ધ પ્રેમવાળું રાખી સૌનું ભલું ઇચ્છવું, કોઇનું ભુંડું ન ઇચ્છવું, તથા કોઇના ઉપર ધિક્કારની લાગણી ન રાખવી. વળી તેણે જેના તેના કામમાં નકામા ડાહ્યા થવાનો સ્વભાવ પણ ન રાખવો.

જે મનુષ્યનું અંતઃકરણ વશ વર્તતું હોય તેની ઇંદ્રિયો પણ વશ વર્તવા લાગે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયોને તથા પાંચ કર્મેન્દ્રિયોને વશ વર્તાવવી તે દમ કહેવાય છે. જે મનુષ્યે વિવેક, વૈરાગ્ય ને શમની પ્રાપ્તિ કરી હોય તેની ઇંદ્રિયો અલ્પયત્ને વશ વર્તવા લાગે છે. કુમાર્ગે ચાલનારી ઇંદ્રિયો મનુષ્યને અનર્થની સાથે જોડે છે, ને વશ વર્તનારી સુમાર્ગગામી ઇંદ્રિયો મનુષ્યનું હિત સાધવામાં તેને સાહાય્ય કરે છે. ઇંદ્રિયોનો પોતપોતાના વિષયોભણી જે બાહ્યવેગ છે તે બાહ્યવેગને પાછો વાળી ઇંદ્રિયોને અંતઃકરણને વશ વર્તનારી કરવી. વશ થયેલી ઇંદ્રિયો પોતાની મેળે પોતપોતાના વિષયોભણી રાગદ્વેષથી દોડતી નથી, ને અંતઃકરણને બલાત્કારે પોતપોતાના વિષયોભણી ખેંચતી પણ નથી તેથી અંતઃકરણની સ્વસ્થતામાં ભંગ પડતો નથી. જિજ્ઞાસુએ પોતાની ઇંદ્રિયોનો સદુપયોગ કરવાનો સ્વભાવ પાડવો, ભૂલથી કદીપણ તેનો દુરુપયોગ ન કરવો. તેણે ભૂલથી કોઇની નિંદા ન કરવી, તથા કોઇની નિંદા ન સાંભળવી. કોઇની ચાડી ખાવી નહિ, ને પૂછ્યા વિના બહુધા ન બોલવું. જે જે ઇંદ્રિયવડે પોતાનું તથા અન્યનું નિર્દોષ હિત સાધી શકાય એમ હોય તે તે ઇંદ્રિયવડે પોતાનું તથા અન્યનું નિર્દોષ હિત સાધવું, પણ તે ઇંદ્રિયોવડે પોતાનું તથા પરનું અહિત કદીપણ ન સાધવું.

શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના તથા સતશાસ્ત્રના ઉપદેશમાં પ્રામાણિકપણાનો નિશ્ચય તે શ્રદ્ધા કહેવાય છે. આ શ્રદ્ધા અથવા વિશ્વાસ હોય તોજ જિજ્ઞાસુ મનુષ્ય આત્મજ્ઞાનનાં સાધનોમાં પ્રવૃત્તિ કરી શકે, અન્યથા ન કરી શકે. જે અંતઃકરણમાં વિવેક, વૈરાગ્ય, શમ ને દમ હોય તે અંતઃકરણમાંજ અડગ સાત્ત્વિકી શ્રદ્ધા પ્રકટી શકે છે. આંધળી અને ક્યારેક મુઆજેવી ને ક્યારેક જીવતાજેવી પ્રતીત થનારી શ્રદ્ધા જિજ્ઞાસુને ઉપયોગી નથી. તેણે તો પોતાના અંતઃકરણના ઉંડાણમાં પણ અશ્રદ્ધાનો ગંધ ન રહે એવી સાત્ત્વિકી શ્રદ્ધાજ પ્રાપ્ત કરવી જોઇએ. પોતાને જિજ્ઞાસુ, મુમુક્ષુ કે મોક્ષસાધક માનનારાઓમાંના જેઓ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનોનું પોતાનુ કર્તવ્ય સમજીને પોતાની મેળે નિરંતર આદરપૂર્વક અનુષ્ઠાન કરતા નથી તેઓમાં સાત્ત્વિકી શ્રદ્ધાનો અભાવ છે એમ કહ્યા વિના બીજી ગતિ નથી. સન્માર્ગમાં આગળ વધવામાં બનાવટી શ્રદ્ધા કામ આવતી નથી, ત્યાં તો ખરેખરી સાચી શ્રદ્ધા હોય તેજ કામ આવે છે. હું યોગ્ય પ્રયત્નવડે અવશ્ય આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકીશ એવી શ્રદ્ધા પણ જિજ્ઞાસુએ રાખવી જોઇએ. એવી શ્રદ્ધાવિના પણ તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનોનું પ્રેમપૂર્વક યથાયોગ્ય અનુષ્ઠાન કરી શકશે નહિ.

પોતાની જે ધર્મમાં શ્રદ્ધા હોય તે ધર્મના પાલનમાં પોતે યોગ્ય પ્રયત્ન કરવો, પણ અન્ય મનુષ્યના ધર્મની નિંદામાં પ્રવૃત્તિ ન કરવી. જો તેઓ સત્ય ધર્મ ન સમજી શકતા હોય તો તેઓ દયાનાં પાત્ર છે, પણ દ્વેષનાં પાત્ર નથી એમ વિચારવું.

રાગદ્વેષાદિના સંસ્કારો ઉદ્‌ભૂત થયા છતાં અથવા બહારની અનુકૂલપ્રતિકૂલ સામગ્રી આવી મળ્યા છતાં પોતાના ચિત્તમાં રાગ-

દ્વેષાદિરૂપ વિક્ષેપ ન ઉપજવા દેવાનું ને બ્રહ્મમાં વા કર્તવ્યમાં મનને એકાગ્ર રાખવાનું મનનું જે બલ તે **સમાધાન** કહેવાય છે. પ્રારબ્ધકર્મને લીધે વિક્ષેપ ઉપજાવનારી અંતરબહારની ગમે તેવી બલવાન્ સામગ્રી આવીને પ્રાપ્ત થાય છતાં બ્રહ્મસ્વરૂપમાં ને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનોમાં જે પોતાના મનને એકાગ્ર રાખે–વિક્ષેપવાળું ન થવા દે–તેજ પુરુષ સમાધાનવાળો ગણાય. જે જિજ્ઞાસુ મનુષ્ય સમાધાનરૂપ સંપત્તિવિનાનો હોય છે તે જિજ્ઞાસુ મનુષ્ય પોતાના ચિત્તની ચંચલતારૂપ દોષથી આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનો સિદ્ધ કરવા સમર્થ થઇ શકતો નથી. બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિનાં સાધનોના અનુષ્ઠાનમાં જિજ્ઞાસુનું અતઃકરણ સ્વાભાવિક વલણવાળું રહે ત્યારે તેના અતઃકરણમાં સમાધાનરૂપ સંપત્તિની પ્રાપ્તિ થઇ ગણાય.

અભ્યુદયના હેતુરૂપ સર્વ સકામકર્મોના તથા અધોગતિના હેતુરૂપ સર્વ નિષિદ્ધકર્મોના જન્મમરણાદિરૂપ અશુભ પરિણામનો વિચાર કરીને તે સર્વ સકામકર્મોનો તથા નિષિદ્ધકર્મોનો પરિત્યાગ કરવો, અને શબ્દાદિ સર્વ વિષયો ને તેમની પ્રાપ્તિના સાધનોમાં રહેલો આરૂઢ રાગ પરમાનંદરૂપ બ્રહ્મની પ્રાપ્તિમાં પરમ અપકાર કરનારો છે એમ સમજી આ લોકના તથા સ્વર્ગાદિના સર્વ વિષયોમાં તથા તેમની પ્રાપ્તિનાં સાધનોમાં અતઃકરણની ઉદાસીનતાજેવી સ્વાભાવિક સ્થિતિ કરવી તે **ઉપરામ** કહેવાય છે. સત્યલોકસુધીનાં વિષયજન્ય સુખોમાં તથા તેમની પ્રાપ્તિ કરાવનારાં કર્મોમાં તથા ઉપાસનામાં અંતઃકરણનો વેગ ન રહે, પણ ઊલટું તેમનામાં દોષદર્શન કરી સ્વાભાવિકરીતે તે તેમનાથી પાછું વળેલું રહે તે ઉપરામરૂપ સંપત્તિ હોય તોજ અંતઃકરણ અન્યના આકર્ષણને અભાવે બ્રહ્મને જાણવાનાં સાધનોનું સારી રીતે અનુષ્ઠાન કરી શકે છે, ને તે ઉત્તરોત્તર બ્રહ્મની

સમીપ જતું જાય છે.

પોતાના સ્થૂલશરીરને કોઇ પણ પ્રકારનો નાનો કે મોટો રોગ થાય; પોતાના અંતઃકરણના, ઇંદ્રિયોના તથા સ્થૂલશરીરના સામર્થ્યની ક્ષીણતા થયેલી જણાય. ક્ષુધાના તથા તૃષાના દુઃખની પ્રાપ્તિ થાય; સર્પ, વીંછી, વાઘ, વરુ, શત્રુ કે ચોરાદિથી પીડા થાય; અને અતિ-વૃષ્ટિ, અનાવૃષ્ટિ, તાપ ને ટાઢથી તથા ગ્રહભૂતાદિથી પીડા થાય તે સર્વમાં આ સર્વ મારા પાપસંસ્કારોને દૂર કરવા મને પ્રાપ્ત થયેલ છે એમ સમજી પોતાના મનને પ્રસન્ન રાખવું, ક્લેશને વશ ન થવા દેવુ તે **તિતિક્ષા** વા સહનશીલતા કહેવાય છે. પ્રાપ્ત થયેલું દુઃખ જો ભોગવ્યા વિના છુટકોજ નથી તો પછી ચિંતા તથા વિલાપ ન કરતાં તે પ્રસન્નતાથી ભોગવવું એમાંજ મનુષ્યના મનની શોભા છે. કોઇ પણ પ્રકારના દુઃખનો મારા આત્માની સાથે લેશ પણ સંબંધ નથી, તથા આ પ્રાપ્ત દુઃખના કરતાં બીજાં ઘણાં મોટાં દુઃખો આ જગત્-માં છે તેમાંનું એક કે અનેક દુઃખ કે દુઃખો મને પ્રાપ્ત થયાં નથી તો પછી મારે આ અસત્ય ને તુચ્છ દુઃખથી નકામો ક્લેશ શામાટે કરવો જોઇએ ? એમ વિચારી દુઃખની પ્રાપ્તિ થઇ હોય ત્યારે મુમુક્ષુ-એ પોતાના મનને પ્રસન્ન રાખવું. વસ્તુતાએ અહિં દુઃખ એવી કાંઇ વસ્તુજ નથી. અમુક પ્રકારની સ્થિતિ ભ્રાંતિવડે સુખરૂપ માની લીધેલી હોવાથી તેનાથી વિપરીત સ્થિતિની પ્રાપ્તિ થયે ભ્રાંતિવડે મન ક્લેશાનુભવ કરવા લાગે છે, અને પ્રાણિપદાર્થમાં મમતા રાખવાની ભૂલથી તેમના વિયોગ કે વિનાશવડે મન અવિવેકને વશ થઇ દુઃખાનુભવ કરવા લાગે છે. જેમ પ્રતિકૂલ સ્થિતિમાં મનને પ્રસન્ન રાખવું તેમ અનુકૂલ સ્થિતિને મિથ્યા ગણી તે અનુકૂલ સ્થિતિમાં ગર્વાદિને વશ ન થતાં પોતાના મનને સમભાવવાળું એટલે પ્રસન્ન રાખવું. આ વિશ્વમાં

સર્વ મનુષ્યને ન્યૂનાધિક દુઃખની પ્રાપ્તિ થવાનો સંભવ હોવાથી સર્વ મનુષ્યોએ પોતાના વ્યવહારની તથા પરમાર્થની સિદ્ધિમાટે તિતિક્ષા-નામની સંપત્તિ સંપાદન કરવી જોઇએ.

મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા તે મુમુક્ષુતા કહેવાય છે. જેમ બહુ દિવસના ભૂખ્યાને ભોજનની, બહુ તરષ્યાને જલ પીવાની, બહુ દિવસના ઉજાગરાવાળાને ઉંઘવાની, દુઃખમય કારાગારમાં પડેલાને તે કારાગારમાં-થી બહાર નીકળવાની, ઊનાળાના સૂર્યના મધ્યાહ્નકાલના તાપથી તપેલાને મોટા વટવૃક્ષની શીતલ છાયામાં બેસવાની, ને ઉંડા પાણીમાં ડુબતાને બહાર નીકળવાની જેવી તીવ્ર ઇચ્છા હોય છે તેવીજ તીવ્ર ઇચ્છા જો આ દુઃખમય સંસારમાંથી બહાર નીકળવાની મનુષ્યને થાય તો તે મનુષ્ય મુમુક્ષુ કહેવાય. મોક્ષ મેળવવાની સામાન્ય બલવાળી ઇચ્છા સ્વશરીરમાં તથા અન્ય અનુકૂલ પ્રાણિપદાર્થમાં રહેલા ચિર-કાલના દૃઢ રાગને અને પ્રતિકૂલ પ્રાણિપદાર્થમાં રહેલા ચિરકાલના દૃઢ દ્વેષને દૂર કરી શકતી નથી માટેજ મોક્ષ મેળવવાની સામાન્ય ઇચ્છાને મુમુક્ષુતા કહી નથી, પણ મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છાને મુમુક્ષુતા કહી છે. આવી મુમુક્ષુતાનો હૃદયમાં આવિર્ભાવ થયા વિના જિજ્ઞાસુ મનુષ્ય જ્ઞાનનાં શ્રવણાદિ સાધનોનું ઉત્સાહપૂર્વક અનુષ્ઠાન કરી શકે નહિ.

આ ચાર સાધનોમાં વૈરાગ્ય, શ્રદ્ધા ને મુમુક્ષુતા આ ત્રણ સાધનો જો જિજ્ઞાસુના હૃદયમાં બલવાન્ હોય તો તે જિજ્ઞાસુ બીજાં સર્વ સાધનો પ્રાપ્ત કરી શકે છે, ને પરમાર્થનાં સાધનોમાં આગળ વધી શકે છે.

આ ચાર સાધનોનાં નામો તથા તેમનાં સ્વરૂપો સ્મરણમાં

રાખવાથીજ જિજ્ઞાસુને વાસ્તવિક લાભ થવાનો સંભવ નથી, પણ તે ચારે સાધનોને પોતાના ચિત્તમાં વધારેમા વધારે બલવાન્ કરવાથી તેને વાસ્તવિક લાભ થવાનો સંભવ છે માટે પોતાને જિજ્ઞાસુ માનનાર પ્રત્યેક મનુષ્યે આ ચારે સાધનોને વા આ ચાર સાધનોમાંથી જે સાધન પોતાના ચિત્તમાં ન્યૂન બલવાળું જણાય તેને બલવાન્ કરવા ત્રણામાં ઘણો પ્રયત્ન કરવો જોઇએ.

આ ચાર સાધનો સંપાદન કર્યા વિના વિચારસાગર, વૃત્તિપ્રભાકર, પંચદશી, ભાષ્યસહિત શ્રીમદ્ ભગવદ્ગીતા, ભાષ્યસહિત ઉપનિષદો, ભાષ્યસહિત શારીરકસૂત્રો, અદ્વૈતસિદ્ધિ, ભેદધિક્કાર, ચિત્સુખી કે ખંડનખંડખાદ્યાદિ પુસ્તકોનું શ્રવણ કે અધ્યયન કરવાથી વાસ્તવિક લાભ થવાનો સંભવ નથી. જેઓ સાધનસંપન્ન થયા વિના આમાંના એક કે વધારે ગ્રંથનું કે ગ્રંથોનુ શ્રવણ વા અધ્યયન કરે છે તેઓ બહુધા મિથ્યાભિમાની, વિતંડાવાદ કરનારા કે દુરાચારી થાય છે, ને પોતાના મનુષ્યજન્મનો જેવો શુભ ઉપયોગ કરવો જોઇએ તેવો શુભ ઉપયોગ તેઓ કરી શકવા ભાગ્યશાલી થતા નથી માટે પ્રત્યેક જિજ્ઞાસુએ વેદાંતના શ્રવણની કે અધ્યયનની પૂર્વે આ ચાર સાધનો સંપાદન કરવામાટે નિરંતર આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

જેમ પાંખવિના પક્ષી આકાશમા ઊડી શકતુ નથી તેમ આ ચાર સાધનોની પ્રાપ્તિ કર્યા વિના જિજ્ઞાસુ મનુષ્ય બ્રહ્મનું યથાર્થ અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. આ સાધનોનાં સ્વરૂપો વાંચી વા સાંભળી લઇ તે સાધનો મારા ચિત્તમાં આવિર્ભાવ પામ્યાં છે, વા મારા ચિત્તમાં આવી ગયાં છે એમ માની બેસવું નહિ, પણ વારવાર કસોટી કરીને તે સાધનોનો પોતાના ચિત્તમાં કેટલો આવિર્ભાવ

થયો છે તે વિવેકપૂર્વક સૂક્ષ્મદૃષ્ટિથી નક્કી કરતા રહેવું, ને પરમાર્થમાં આગળ વધવું. આમ કરવાથી તે સાધનોની વાસ્તવિક પ્રાપ્તિ કરી શકાશે, ને પછી શ્રવણાદિના લાભવડે બ્રહ્મસાક્ષાત્કાર કરી કૃતાર્થ થઈ શકાશે.

જેમ ઘી આયુષ્યની વૃદ્ધિ કરનારુ મનાતાં છતાં પણ જ્વરાદિ રોગવાળાને તે ઘી બહુ અપકાર કરનારુ થાય છે તેમ વેદાંતનો ઉપદેશ જીવનું ભવભ્રમણ દૂર કરી તેને દુઃખરહિત પરમાનંદે પહોંચાડવાના સામર્થ્યવાળો છતાં પણ વિવેકાદિ સાધનહીન મનુષ્યોને તે ઉપદેશ બહુ અપકાર કરનારો થાય છે માટે વેદાંતનું શ્રવણ કરવા ઇચ્છનાર બુદ્ધિમાન્ મનુષ્યે તથા વેદાંતના શ્રવણમાં પ્રવૃત્ત થયેલા બુદ્ધિમાન્ મનુષ્યે આ વિવેકાદિ ચાર સાધનો સંપાદન કરવા અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.

પોતાના વર્ણાશ્રમના ધર્મોનું શ્રદ્ધાપ્રીતિપૂર્વક પરિપાલન કરવારૂપ તપથી જ્યારે તે મનુષ્યના અંતઃકરણમાં રહેલા પરમાત્મા તેના ઉપર પ્રસન્ન થાય છે ત્યારે તે મનુષ્યને આ વિવેકાદિ ચાર સાધનોની પ્રાપ્તિ થાય છે માટે આ વિવેકાદિ ચાર સાધનો સંપાદન કરવા ઇચ્છનાર મનુષ્યે પોતાના વર્ણાશ્રમના ધર્મોનું પરિપાલન કરી પરમાત્માને પ્રસન્ન કરવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ. ૐ

ॐ

॥ अंक पिस्ताळीशमो ॥

॥ वेदांतश्रवण ॥

"**आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः ॥**" (અરે મૈત્રેયિ ! આત્માજ સાક્ષાત્કાર કરવાયોગ્ય છે, શ્રવણુ કરવાયોગ્ય છે, મનન કરવાયોગ્ય છે, ને નિદિધ્યાસન કરવાયોગ્ય છે,) આ શ્રુતિમાં આત્માના સાક્ષાત્કારમાટે વેદાંતનું શ્રવણુ, મનન ને નિદિધ્યાસન કરવાનું વિધાન કર્યુ છે. જીવબ્રહ્મના વાસ્તવિક સ્વરૂપના અભેદનો બોધ કરનાર વેદનો ભાગ વેદાંત વા ઉપનિષદ્ કહેવાય છે. તે વેદાંત વા ઉપનિષદ્‌માં જે વિષય પ્રતિપાદન કરવામાં આવેલો છે તે વિષય જે અન્ય ગ્રંથોમાં નિરૂપણુ કરવામા આવ્યો હોય તે ગ્રંથો પણુ ગૌણુરીતે વેદાંત કહેવાય છે. વેદાંતના પ્રમાણુભૂત ગ્રંથો ત્રણુ ગણુાય છે, **શાંકરભાષ્યસહિત** ઈશાદિ દશ ઉપનિષદો, **શાંકરભાષ્યસહિત શ્રીભગવદ્‌ગીતા** ને **શાંકરભાષ્યસહિત બ્રહ્મસૂત્રો.** તાત્પર્યનો નિર્ણુય કરાવનારાં હવે પછી કહેવામાં આવનારાં ૭ લિંગોસહિત વેદાંતનો કોઈ પણુ પ્રમાણુભૂત ગ્રંથ કોઈ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષપાસેથી એકાગ્રચિત્તે આદરપૂર્વક સાંભળવો તે વેદાંતશ્રવણુ કહેવાય છે.

અંતઃકરણુની યોગ્યતાવિના વેદાંતનું શ્રવણુ મનુષ્યને જોઇએ તેવું ઉપકારક થતું નથી માટે વિવેકી મનુષ્યે પોતાના અંતઃકરણુની યોગ્યતા વધારવી જોઇએ. વિવેક, વૈરાગ્ય, શમાદિ ૭ સંપત્તિ ને

મુમુક્ષુતા આ ચાર સાધનોની પ્રાપ્તિ કરવાથી મનુષ્યના અંતઃકરણની યોગ્યતા વધે છે, ને તે યોગ્યતા તેને વેદાંતનું શ્રવણ કરવાનો અધિકારી બનાવે છે માટે તે ચાર સાધનોનું નિરૂપણ આ ઉપદેશગ્રંથાવલિના ગયા અંકમાં કરવામાં આવ્યું છે. જેમ આંધળાને સુંદર રૂપ ને બહેરા-ને સુંદર ગાન નિરુપયોગી છે તેમ ચાર સાધનોરહિત મનુષ્યને વેદાંતનુ શ્રવણ પણ લગભગ નિરુપયોગી છે.

વેદાંતના તાત્પર્યનો નિર્ણય કરાવનારાં ૭ લિંગોનાં નામ આ છેઃ—૧ ઉપક્રમ ને ઉપસંહારની એકતા, ૨ અભ્યાસ, ૩ અપૂર્વતા, ૪ ફલ, ૫ અર્થવાદ ને ૬ ઉપપત્તિ. વેદાંતના આરંભમાં કયા વિષયનું પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા કરી છે, તથા તેના અંતમાં કયા વિષયનું પ્રતિપાદન કરી દેખાડયાનું નિરૂપણ કર્યુ છે તે વેદાંતનું શ્રવણ કરનારે ધ્યાનમાં રાખવું. પ્રત્યેક પ્રમાણભૂત ઉપનિષદ્‌ના આરંભના ભાગમાં એકજ અદ્વિતીયબ્રહ્મનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરેલી જોવામાં આવે છે, ને તેના અંતના ભાગમાં એકજ અદ્વિતીયબ્રહ્મના નિરૂપણનો ઉપસંહાર કરેલો જોવામાં આવે છે. આ ઉપક્રમ ને ઉપસંહાર-ની એકતારૂપ લિંગ છે. તાત્પર્યનો નિર્ણય કરાવનારા આ પ્રથમ લિંગ-સહિત કોઇ પણ અધિકારી પુરુષ જો કોઇ પણ પ્રમાણભૂત ઉપનિ-ષદ્‌નું શ્રવણ કરે તો તેને સ્પષ્ટ જણાઇ આવે કે તે ઉપનિષદ્‌નું તાત્પર્ય એકજ અદ્વિતીયબ્રહ્મના નિરૂપણમાં છે, ને તેમાં જે અન્ય વિષયોનું નિરૂપણ આવ્યું છે તે તે વિષયને સ્પષ્ટ કરવામાટે છે. પ્રત્યેક ઉપનિષદ્‌માં ભાર મૂકીને કયા વિષયનું વારવાર નિરૂપણ કરવામાં આવ્યું છે તે ઉપનિષદ્‌નું શ્રવણ કરનાર વિવેકી મનુષ્યે ધ્યાનમાં રાખી તેના તાત્પર્યનો નિર્ણય કરવો. જો કોઇ પણ વિવેકી મનુષ્ય કોઇ પણ પ્રમાણભૂત ઉપનિષદ્‌નું સાવધાનતાપૂર્વક શ્રવણ કરશે તો

તેના જાણવામાં આવશે કે તે ઉપનિષદ્‌માં બહુવાર એકજ અદ્વિતીય-બ્રહ્મનું કથન કરેલું છે. એકજ અદ્વિતીયબ્રહ્મના વારંવાર નિરૂપણરૂપ અભ્યાસનામના તાત્પર્યનો નિર્ણય કરાવનારા બીજા લિંગથી સર્વ ઉપનિષદોનું તાત્પર્ય એકજ અદ્વિતીયબ્રહ્મનું નિરૂપણ કરવામાં છે એમ નક્કી થાય છે. વેદાંતથી ભિન્ન ગ્રંથોમાં સર્વવ્યાપક, એક, અસંગ, અંતરાત્માથી અભિન્ન ને અદ્વિતીયબ્રહ્મનું નિરૂપણ નથી, વેદાંતમાં-જ તેનું સ્પષ્ટ નિરૂપણ છે, આ તેની (વેદાંતની) અપૂર્વતા છે. આ અપૂર્વતાનામના લિંગનું સ્વરૂપ જાણી જો કોઇ જિજ્ઞાસુ પ્રમાણભૂત ઉપનિષદ્‌નું શ્રવણ કોઇ પણ વિવેકી પુરુષદ્વારા કરશે તો તેને સ્પષ્ટ જણાઇ આવશે કે તે ઉપનિષદ્ પ્રધાનપણે એકજ અદ્વિતીયબ્રહ્મનું નિરૂપણ કરે છે. કોઇ પણ ગ્રંથમાં જે કાંઈ નિરૂપણ કરવામાં આવે છે તે તેના અધિકારી મનુષ્યને પ્રિય લાગતા વા ઇચ્છવાયોગ્ય ફલની સાથે સંબંધ રાખનારું હોય છે, અર્થાત્ સર્વ ગ્રંથોની પ્રવૃત્તિ પ્રાપ્ત કરવાયોગ્ય ફલના નિરૂપણમાટે તથા તે ફલની પ્રાપ્તિ કરાવનારાં સાધનોના નિરૂપણમાટે હોય છે તેથી તાત્પર્યનો નિર્ણય કરાવનારા ફલરૂપ ચોથા લિંગનો પણ ગ્રથનું શ્રવણ કરનારે વિચાર કરવો જોઇએ. ઉપનિષદોના શ્રવણનુ મુખ્ય ફલ આધ્યાત્મિક આદિ ત્રણ પ્રકારનાં દુઃખોની ઐકાંતિક ને આત્યંતિક નિવૃત્તિ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિરૂપ મોક્ષ વા એકજ અદ્વિતીયબ્રહ્મરૂપે સ્થિતિ છે, અને તે શ્રવણનું ગૌણ ફલ એકજ અદ્વિતીયબ્રહ્મનો સંશય-વિપર્યયરહિત દૃઢ સાક્ષાત્કાર કરવો તે છે. ગ્રંથમાં જે નિરૂપણ હોય તેનો ફલની સાથે સંબંધ હોવાથી ફલના નિરૂપણમાંજ ગ્રથનું તાત્પર્ય હોય છે. આ નિયમે સર્વ ઉપનિષદોનું તાત્પર્ય એકજ અદ્વિતીય-બ્રહ્મના નિરૂપણમાં છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે. નિંદાનાં ને સ્તુતિનાં

વચનો અર્થવાદ કહેવાય છે. જે ગ્રંથમાં જે વિષયની નિંદા કરેલી હોય વા જેનું ફલ અશુભ જણાવ્યું હોય તેમાં તે ગ્રથનું તાત્પર્ય નજ હોય, ને જે ગ્રથમાં જે વિષયની સ્તુતિ કરેલી હોય વા જેનુ ફલ શુભ જણાવ્યું હોય તેમાં તે ગ્રંથનું તાત્પર્ય હોય તે વિવેકી શ્રવણ કરનારને સ્પષ્ટ સમજાય એવું છે. સર્વ પ્રમાણભૂત ઉપનિષદોમાં ભેદવાદની નિંદા વા ભેદમાં દુરાગ્રહ રાખનારને અશુભ ફલની પ્રાપ્તિ થોડા કે ઘણા પ્રમાણમાં વર્ણવેલી હોય છે, અને તેઓમાં અભેદ-વાદની સ્તુતિ વા અભેદમાં નિષ્ઠા રાખનારને ઉત્તમ ફલની પ્રાપ્તિ વર્ણવેલી હોય છે તેથી સર્વ ઉપનિષદોનું તાત્પર્ય એકજ અદ્વિતીય-બ્રહ્મના નિરૂપણમાં છે એમ આ પાંચમા અર્થવાદલિંગસહિત ઉપનિષદોનું શ્રવણ કરનારને જણાઇ આવે છે. યુક્તિઓ ને દૃષ્ટાંતો આપીને કોઇ પણ વિષયને સમજાવવો તે ઉપપત્તિ કહેવાય છે. આ ઉપપત્તિનામનું છઠ્ઠું લિંગ પણ ગ્રંથનું તાત્પર્ય જાણવામાં ઉપયોગી થાય છે. ઉપનિષદોમાં અધિષ્ઠાનનો અધ્યસ્તથી અથવા કારણનો કાર્યથી અભેદ વર્ણવેલો જોવામાં આવે છે, અને ઉદાહરણો આપીને તે વિષય સ્પષ્ટ કરેલો પણ જોવામાં આવે છે. બ્રહ્મ આ પ્રતીત થતા જગતનું વિવર્તઉપાદાનકારણ છે, ને આ જગત્ તે બ્રહ્મનું વિવર્તકાર્ય છે. જે જગત્ બાહ્યદૃષ્ટિએ મનુષ્યને પ્રતીત થાય છે તે જગત્ તેના વિવર્તઉપાદાનકારણ બ્રહ્મથી ભિન્ન નથી, અર્થાત્ આ જગત્ એકજ અદ્વિતીયબ્રહ્મરૂપ છે, તેનાથી ભિન્ન નથી એમ ઉપનિષદો કહે છે તેથી આ તાત્પર્યનો નિર્ણય કરાવનારા છઠ્ઠા લિંગ-વડે સર્વે ઉપનિષદોનું તાત્પર્ય એકજ અદ્વિતીયબ્રહ્મમાં છે એમ નક્કી થાય છે. એવી રીતે સર્વે ઉપનિષદોનું તાત્પર્ય એકજ અદ્વિતીય-બ્રહ્મનું સ્વરૂપ ઓળખાવવામાટે છે એમ ઉપર જણાવેલાં તાત્પર્યનો

નિર્ણય કરાવનારાં ૭ લિંગોસહિત ઉપનિષદોનું શ્રવણ કરવાથી વિવેકી મનુષ્યને જણાય છે.

તાત્પર્યનો નિર્ણય કરાવનારાં ૭ લિંગોનો પરિત્યાગ કરીને ઉપનિષદ્‌ના કોઇ એક ભાગનુ પૂર્વાપરનો સંબધ જાણ્યા વિના શ્રવણ કરવામાં આવે, ને તેને પ્રમાણરૂપ માની તદનુસાર પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પ્રવૃત્તિ તે મનુષ્યને તથા અન્ય મનુષ્યોને અનિષ્ટ ફલ આપનારી થાય એ ઉઘાડીજ વાત છે. ઉપનિષદોનો મુખ્ય ને ગૌણ અભિપ્રાય સમજ્યા વિના મનુષ્ય મનન કરવાયોગ્ય અર્થનું મનન કરવા સમર્થ થાય નહિ માટે ઉપર જણાવેલાં તાત્પર્યનો નિર્ણય કરાવનારાં ૭ લિંગોસહિત ઉપનિષદોનું શ્રવણ કરવુ જોઇએ, કે જેથી સર્વે ઉપનિષદો એકજ અદ્વિતીયબ્રહ્મને પ્રધાનપણે વર્ણવે છે, ને તેજ તત્ત્વ મનન કરવાયોગ્ય નિદિધ્યાસ કરવાયોગ્ય તથા સાક્ષાત્કાર કરવા-યોગ્ય છે એમ સંશયવિપર્યયરહિત નક્કી થાય, અને પછી સુખપૂર્વક તેજ તત્ત્વનું મનન નિદિધ્યાસન તથા સાક્ષાત્કાર કરી શકાય.

ઉપનિષદોનું કે એવા અન્ય ગ્રંથોનું શ્રવણ પોતાના અંતઃકરણને ભમતું રાખીને કરવામાં આવે, અર્થાત્ અંતઃકરણને એકાગ્ર કર્યા વિના કરવામાં આવે તો તેવા શ્રવણથી તે શ્રવણ કરનારને જોઇએ તેવો લાભ થતો નથી,–તે ગ્રંથમાં પ્રતિપાદન કરેલો વિષય તેને સ્પષ્ટ સમજાતો નથી, તેને તે ધારણ કરી શકતો નથી, ને તે વિષયનું મનન ને નિદિધ્યાસન તેનાથી કરી શકાતાં નથી,–તથા અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકાતો નથી માટેજ ઉપનિષદોનું કે એવા અન્ય ગ્રંથોનું શ્રવણ અંતઃકરણની એકાગ્રતા રાખીને કરવાનું કહ્યું છે.

આદર રાખ્યા વિના કરવામાં આવતું કોઇ પણ કામ સારું થતુ નથી એ નિયમે વેદાંતનું શ્રવણ પણ આદર રાખ્યા વિના

કરવામાં આવે તો તે ગ્રંથમાં પ્રતિપાદન કરેલો અર્થ શ્રોતાના અંતઃકરણથી ગ્રહણધારણ થઈ શકે નહિ, અને તેથી એકજ અદ્વિતીયબ્રહ્મનું મનન કરવાની તથા નિદિધ્યાસન કરવાની યોગ્યતા વા બ્રહ્મસાક્ષાત્કારની યોગ્યતા તેના અંતઃકરણમાં ઉત્પન્ન થઇ શકે નહિ.

કોઇ તત્ત્વજ્ઞ પુરુષના આશ્રયનીચે વેદાંતસિદ્ધાંતનું નિરૂપણ કરનાર કોઇ પણ ગ્રંથનું સમજપૂર્વક વાચન કરવું તે પણ શ્રવણમાં ગણવાયોગ્ય છે, પણ તેવા ગ્રંથનું પોતાનીમેળે વાચન કરવુ તે વાસ્તવિકરીતે શ્રવણ ગણાય નહિ, કેમકે તેવા વાચનથી તેવા મનુષ્યને તેવા ગ્રંથનો યથાર્થ અભિપ્રાય સમજી શકાવાનો સંભવ થોડો છે.

જિજ્ઞાસુએ આત્માથી અભિન્ન બ્રહ્મનું સ્વરૂપ જાણવા વેદાંત-સિદ્ધાંતના પ્રમાણભૂત ગ્રંથનું કે ગ્રંથોનું શ્રવણ અથવા વાચન કરવું, પણ સામાન્ય લેખકોના સામાન્ય ગ્રંથોનું વા વર્તમાનપત્રોમાં કે માસિકોમાં આવતા સામાન્ય લેખકોના તેવા લેખોનું શ્રવણ અથવા વાચન ન કરવું. જેમને સત્યાસત્યનો વિવેક કરવાનું બલ ન હોય તેવા મનુષ્યો જો એવાં પુસ્તકોને વા એવા લેખોને વાંચે વા સાંભળે તો તેમાં લખનારના ભ્રમ, પ્રમાદ ને અંતઃકરણની શિથિલતાથી જે દોષ આવેલા હોય તેને તેવા વાંચનારા વા સાંભળનારા સત્યરૂપે ગ્રહણ કરે, ને તેથી તેમને જે બ્રહ્મસ્વરૂપ જાણવુ છે તે તેઓ ન જાણી શકે, તેમને ખોટો આગ્રહ બંધાય, અલ્પજ્ઞતાથી સત્યનું ખંડન કરવાની ઇચ્છા થાય, તથા તેમનાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાટે વાસ્તવિક પ્રયત્ન ન કરી શકાય. સામાન્ય લેખના શ્રવણવડે વા વાચનવડે સામાન્ય મનુષ્યના અંતઃકરણમાં અસત્ય નિશ્ચયોનું આગમન થવું સુલભ છે, પણ તેવા મનુષ્યના અંતઃકરણમાં સ્થિર થયેલા તેવા અસત્ય

નિશ્ચયોને દૂર કરવા તેવા સુલભ નથી માટે વિવેકી મનુષ્યે તેવા અસત્ય નિશ્ચયોને પોતાના અંતઃકરણમાં આવતા અટકાવવાસારુ આગળથીજ યોગ્ય ઉપાયો યોજતા રહેવાનો સ્વભાવ પાડવો જોઇએ.

જે સુભાગી મનુષ્યોને પોતાનાં પૂર્વનાં મહાપુણ્યકર્મોથી શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુની પ્રાપ્તિ થઇ હોય તેવા મનુષ્યોએ તો પોતાના અંતઃકરણની યોગ્યતાનો વિચાર કરીને પ્રથમ પોતાના શ્રીસદ્ગુરુના રચેલા ગ્રંથોજ સમજપૂર્વક સાંભળવા જોઇએ, વા વાંચવા જોઇએ.

પ્રત્યેક જિજ્ઞાસુએ નવીન નવીન વિષયો વા યોગની કે વેદાંતની જે તે પ્રક્રિયાઓ વાંચવાની અભિરુચિ રાખવાનો સ્વભાવ રાખવા કરતાં વેદાંતસિદ્ધાંતનું કોઇ એક પ્રમાણભૂત પુસ્તક એકથી વધારે વાર વાંચવાની અભિરુચિ રાખવાનો સ્વભાવ રાખવો તે તેનુ વાસ્તવિક હિત કરનારો થાય છે. જે લેખકોના વિચાર પરિપક્વ નહિ થયેલા ને ભમતા હોય છે તેથી જેઓ બહુધા આજે એક પ્રકારનું પ્રતિપાદન કરે છે ને કાલે વળી તેનાથી વિપરીત બીજા પ્રકારનું પ્રતિપાદન પણ કરે છે, તેવા લેખકોના લેખો વાંચવામાં જિજ્ઞાસુએ પ્રવૃત્તિ કરવી ઉચિત નથી. જો તે જિજ્ઞાસુ આવી પ્રવૃત્તિ સેવે છે તો તેનું અંતઃકરણ કોઇ પણ પ્રકારના યોગ્ય નિશ્ચયવિનાનું ને વ્યાકુલતાવાળુ થાય છે.

જેઓ વેદાંતસિદ્ધાંતના અગત્યના ગ્રથો ઉચ્ચાર ને અર્થસહિત જાણતા નથી, જેઓ સુયુક્તિવડે જિજ્ઞાસુઓના મનનું સમાધાન કરવાના સામર્થ્યવાળા હોતા નથી, અને જેમને બ્રહ્મસ્વરૂપનો દૃઢ સાક્ષાત્કાર થયો નથી એવા પુરુષોપાસેથી વેદાંતસિદ્ધાંતના કોઇ પણ ગ્રથનું શ્રવણ કૃતાર્થ થવાની ઇચ્છા રાખનાર કોઇ પણ જિજ્ઞાસુએ કરવુ યોગ્ય ગણાતું નથી. જોઇતી શાસ્ત્રોક્ત યોગ્યતાવિનાના

પુરુષપાસેથી વેદાંતસિદ્ધાંતનું પ્રતિપાદન કરનાર કોઈ પણ ગ્રંથનું શ્રવણ કરવાથી આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર તે શ્રવણ કરનારને થતો નથી એટલુંજ નહિ, પણ તેના ચિત્તમાં મિથ્યાભિમાનનો આવિર્ભાવ થાય છે, તે સ્વાનુભવવિના "હું બ્રહ્મ છું" એવો બકવાદ જ્યાં ત્યાં કર્યા કરવાના સ્વભાવવાળો થાય છે, અયોગ્ય સ્વાર્થને વશ થઇ ઘણી વાર સાચા તત્ત્વવેત્તાનો તે દ્વેષ કરે છે, અયોગ્ય સ્વાર્થને વશ થઇને અસત્ય બોલવામાં ને વિશ્વાસઘાત કરવામાં તે પાછું વાળી જોતો નથી, અને યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના તે વિધિનિષેધને તથા પાપપુણ્યને મિથ્યા સમજવા લાગે છે, ને કેટલીક વાર અનુચિત-રીતે વર્તવા લાગે છે.

મંદબુદ્ધિવાળા જિજ્ઞાસુએ સુખપૂર્વક સમજી શકાય એવા વેદાંત-સિદ્ધાંતના મુખ્યવિષયનુ પ્રતિપાદન કરનારા કોઈ પ્રમાણભૂત પ્રકરણ-ગ્રથનું યોગ્ય મહાપુરુષદ્વારા એકાગ્રચિત્ત આદરપૂર્વક શ્રવણ કરવું જોઇએ, મધ્યમબુદ્ધિવાળા જિજ્ઞાસુએ પોતાની બુદ્ધિને કાંઇક શ્રમ આપવો પડે એવા વેદાંતના મુખ્ય મુખ્ય વિષયોનું પ્રતિપાદન કરનાર કોઈ પ્રમાણભૂત પ્રકરણગ્રથનું યોગ્ય મહાપુરુષદ્વારા એકાગ્રચિત્તે આદરપૂર્વક શ્રવણ કરવું જોઇએ, અને ઉત્તમબુદ્ધિવાળા જિજ્ઞાસુએ વેદાંતસિદ્ધાંતના અગત્યના સર્વ વિષયોનું વિસ્તારથી નિરૂપણ કરનાર પ્રમાણભૂત પ્રમેયગ્રથનું સમર્થ મહાપુરુષદ્વારા એકાગ્રચિત્તે આદરપૂર્વક શ્રવણ કરવું જોઇએ. જીવબ્રહ્મના વાસ્તવિક સ્વરૂપના અભેદનું નિરૂપણ જેમાં થોડાં પ્રમાણ ને થોડી યુક્તિઓ આપી કરવામાં આવ્યું હોય તે સહેલો પ્રકરણગ્રંથ કહેવાય છે; જે ગ્રથમાં જીવબ્રહ્મના વાસ્તવિક સ્વરૂપના અભેદનું નિરૂપણ વિશેષ પ્રમાણો ને યુક્તિઓવડે કાંઇક વિસ્તારથી કરવામાં આવ્યું હોય, જેમાં જ્ઞાનનાં સાધનોસંબંધિ ઉપયોગપૂરતો સ્પષ્ટ વિચાર કરવામાં આવ્યો હોય, અને જેમાં પૂર્વપક્ષના અગત્યના

ભાગોનું પ્રમાણોથી ને સહેલી યુક્તિઓથી ખંડન કરવામાં આવ્યું હોય, તથા વેદાંતસિદ્ધાંતની બહુ અગત્યની પ્રક્રિયાઓ સમજાવવામાં આવી હોય તે ઉત્તમ પ્રકરણગ્રંથ કહેવાય છે; અને જે ગ્રંથમાં વેદાંતસિદ્ધાંતના અગત્યના સર્વ વિષયોનું અનેક પ્રમાણોથી ને યુક્તિઓથી પૂર્વપક્ષોના ખંડનપૂર્વક વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યુ હોય તે ગ્રંથો **પ્રમેયગ્રંથો** કહેવાય છે. ભેદવાદનું ખડન કરવાની યુક્તિઓની ખાણરૂપ વેદાંતના ગ્રંથો **આકરગ્રંથો** કહેવાય છે. તેનું શ્રવણ કરવાની જિજ્ઞાસુને આવશ્યકતા નથી.

વેદાંતસિદ્ધાંતના કોઈ પણ ગ્રંથનું શ્રવણ પવિત્ર ભૂમિઉપર નાંખેલા કોઇ પણ યોગ્ય આસનઉપર, શરીરથી **સિદ્ધ**, **પદ્મ**, **સ્વસ્તિક** કે **શિષ્ટ** આસને ઓઠીગણ દીધા વિના બેસી, પોતાના બંને હાથ જોડેલા રાખી, શ્રવણ કરાવનારભણી પોતાનું મુખ રાખી અન્ય ક્રિયાનો કે વાતચીતનો ત્યાગ રાખી, ઉંઘને વશ રાખી, અને મનોરાજ્યોનો પરિત્યાગ કરી સાવધાનતા ને પરમપ્રીતિથી કરવું. શ્રવણમાં આવતા સર્વ વિષયોને સાવધાનતાથી સમજવા, ને પોતાના અંતઃકરણમાં તે સુસ્થિર કરવા.

વેદાંતસિદ્ધાતના શ્રવણવડે બ્રહ્મભાવ વા સર્વાત્મભાવ પ્રાપ્ત કરવાનો છે. કોઈ પણ મનુષ્યના સંકુચિત હૃદયનો અત્યંત વિકાસ થયા વિના તે મનુષ્ય સર્વાત્મભાવને પ્રાપ્ત કરી શકે નહિ એ વાત એટલી બધી વિવાદરહિત છે કે તે વાતને પ્રતિપાદન કરવામાટે કોઇ પણ પ્રમાણને કે યુક્તિને વાચકની આગળ ધરવાની અગત્ય નથી. સર્વ પ્રાણિપદાર્થના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર વેદાંતસિદ્ધાંતનું શ્રવણ કરનારને કરવાનો હોવાથી તેણે સર્વ પ્રાણિપદાર્થોભણી વિશુદ્ધ પ્રેમભાવથી જોવાનો તથા વર્તન કરવાનો સ્વભાવ પાડવો જોઇએ,

અને કોઇ પણ પ્રાણી કે પદાર્થભણી દ્વેષાદિની લાગણી નહિ રાખવી જોઇએ, તેમના ભણી દ્વેષભરેલી દષ્ટિથી જોવું નહિ જોઇએ, તથા તેમના ભણી દ્વેષભરેલી વર્તણુક નહિ ચલાવવી જોઇએ. જે મનુષ્ય સાચો વેદાંતી થવાને ઇચ્છે છે તે મનુષ્ય ગર્વ, દ્વેષ, ઈર્ષ્યા, ક્રૂરતા ને અસૂયા દોષથી પોતાના અંતઃકરણને ઘણું દૂર રાખે છે, ને એ દોષોને વશ થઈ કોઇ પણ પ્રાણીભણી તે અયોગ્ય વર્તન કરતો નથી. તે સર્વ પ્રાણીઓઉપર સ્વાર્થરહિત નિર્દોષ પ્રેમ રાખે છે એટલુંજ નહિ, પણ પોતાની સાથે વેદાંતનું શ્રવણ કરનારાઓના ઉપર વા પોતાના ધર્મબંધુઓના ઉપર પોતાના સ્થૂલશરીરનાં સગાંવહાલાંના કરતાં પણ વધારે પ્રીતિ રાખે છે, ને તેમનો ઘણો આદર કરે છે.

પવિત્ર ને એકાગ્ર હૃદયવાળા જિજ્ઞાસુ પુરુષને શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષપાસેથી વેદાંતસિદ્ધાંતનો કોઇ એક ગ્રંથ વા તેમનો ઉપદેશ સાંભળવાથી આત્માથી અભિન્ન બ્રહ્મનું જ્ઞાન થાય છે. તેવું જ્ઞાન થવાથી તેના આ લોકના દુઃખનો નાશ થાય છે, કેમકે તેને ભોક્તા ને ભોગ્ય એ બન્ને મિથ્યા સમજાય છે.

“મેં કેમ પુણ્યકર્મ ન કર્યું કે જેથી હું સ્વર્ગના ઉત્તમ સુખનો ભોક્તા થાત, ને મેં કેમ પાપકર્મ કર્યું કે જેથી હું ભયંકર દુઃખનો ભોક્તા થઈશ,” આવી પરલોકના સંબંધવાળી સુખદુઃખની ચિંતા પણ અસંગ ને પરમાનંદરૂપ આત્માને જાણનારા જ્ઞાનીને તપાવી શકતી નથી.

સુખનો આવિર્ભાવ ત્રણ પ્રકારનો છે, સર્વ વિષયોની પ્રાપ્તિ, કૃતકૃત્યપણું ને પ્રાપ્તપ્રાપ્તવ્યતા. તેમાં સર્વ વિષયોની પ્રાપ્તિ ત્રણ પ્રકારની છે, સર્વનું સાક્ષીપણું, સર્વ વિષયોમાં મનનું નહિ ખેંચાવાપણું ને સર્વનું ભોક્તારૂપપણુ. હિરણ્યગર્ભથી માંડીને સ્થાવરપર્યંતનાં શરીરોમાં પરોવાઇને રહેલ સાક્ષિચૈતન્યરૂપ જે બ્રહ્મ છે તેજ હું છું

એમ જાણનારને પોતાના શરીરની પેઠે અન્યનાં શરીરોમાં પણ સર્વ વિષયોનું સાક્ષીપણું છે. લોકમાં ભોગવેલા ભોગોમાં જે અકામહતપણું છે તે ઇચ્છિતની પ્રાપ્તિ એમ કહેવાય છે. સર્વ વિષયોમાં દોષદર્શનવાળા તત્ત્વવેત્તાને સર્વ વિષયોમાં અકામહતપણાથી સર્વ વિષયોની પ્રાપ્તિ માનવામાં આવે છે. આમ હોવાથીજ ચક્રવર્તી રાજાથી માંડીને હિરણ્યગર્ભસુધીના ઉત્તરોતર સો સો ગણા આનંદોમાં બ્રહ્મવેત્તાનું અકામહતપણું શ્રુતિમાં કહ્યું છે. સદ્રૂપે, ચિદ્રૂપે ને આનંદરૂપે સર્વત્ર રહેલા પોતાના આત્માનું અનુસંધાન કરનારને સર્વનું ભોક્તાપણું છે એમ માનીનેજ "**अहमन्नादोऽहमन्नादोऽहमन्नादः**" (હું ભોક્તા છું, હું ભોક્તા છુ, હુ ભોક્તા છું.) આ શ્રુતિમાં બ્રહ્મવેત્તાને સર્વના ભોક્તા કહ્યા છે. જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલા કૃતાર્થ જ્ઞાનીને કાંઇ કર્તવ્ય નથી એમ શાસ્ત્રો કહે છે તેથી બ્રહ્મવેત્તા કૃતાર્થ છે એમ સિદ્ધ થાય છે. અભયની, બ્રહ્મભાવની, સર્વદુ:ખાભાવની ને સર્વાત્મભાવની પ્રાપ્તિ જે પ્રાપ્ત કરવાયોગ્ય મનાય છે તેની પ્રાપ્તિ બ્રહ્મવેત્તાને થઇ જાય છે તેથી બ્રહ્મવેત્તાને પ્રાપ્તવ્યની પ્રાપ્તિ થઇ ગયેલી છે એમ ગણાય છે.

પૃથિવીપરનાં સર્વે શાસ્ત્રોનું અને વિશેષે વેદાનુકૂલ સર્વે શાસ્ત્રોનું સાક્ષાત્ કે પરંપરાવડે એકજ અદ્વિતીયબ્રહ્મના પ્રતિપાદનમાં તાત્પર્ય છે, તેમનો પરસ્પર લેશ પણ વિરોધ નથી આમ જ્યારે જે મનુષ્યને સંશયવિપર્યયરહિત સ્પષ્ટ સમજાય ત્યારે જાણવું જે તે મનુષ્યે મોક્ષ-શાસ્ત્રનું યથાર્થ શ્રવણ કર્યું છે.

સર્વે સુભાગી મુમુક્ષુઓ ઉપર દર્શાવેલી રીતે વેદાંતનું શ્રવણ કરવા ભાગ્યશાલી થાઓ. ૐ

ૐ

॥ अंक छेंताळीशमो ॥

॥ वेदान्तमनन ॥

વેદાંતે એટલે ઉપનિષદે પ્રતિપાદન કરેલા એકજ અદ્વિતીય-બ્રહ્મનુ મુમુક્ષુએ ભેદની બાધક ને અભેદની સાધક યુક્તિઓવડે પવિત્ર ને એકાંત દેશમાં બેસીને સ્વસ્થ ચિત્તે આદરપૂર્વક ચિંતન કરવુ તે **વેદાન્તમનન** કહેવાય છે. જ્યારે મનુષ્યનુ ચિત્ત શુદ્ધ ને વિવેકાદિ સાધનોથી સંપન્ન થયુ હોય, તથા તેણે તાત્પર્યનો નિર્ણય કરાવનારાં ૭ લિંગોસહિત વેદાંતનુ શ્રદ્ધા, આદર ને ચિત્તની એકાગ્રતા રાખી શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ મહાપુરુષપાસેથી શ્રવણ કર્યું હોય ત્યારે તેનાથી વેદાંતનુ મનન થઇ શકે છે, અન્યથા તેનાથી તે થઇ શકતું નથી.

બ્રહ્મસ્વરૂપનો અનુભવ કરી કૃતાર્થ થવા ઇચ્છનારે પ્રથમ બહુજ સૂક્ષ્મદષ્ટિથી પોતાના ચિત્તનું સ્વરૂપ જોવું. જો તેમાંથી નિષિદ્ધ વૃત્તિઓનો વારવાર કે કોઇ કોઇ વાર પ્રબલ વેગ પ્રકટતો હોય તો તેણે પોતાના ચિત્તની અશુદ્ધિનું અનુમાન કરી પુનઃ તેને નિષ્કામ-કર્મવડે ને સદ્ગુરુની સેવાવડે વધારે પવિત્ર કરવાનો સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

વિવેક, વૈરાગ્ય, શમાદિ ૭ સંપત્તિ ને મુમુક્ષુતા આ ચાર જ્ઞાનનાં સાધનો ચિત્તની શુદ્ધિ થયા વિના કોઇ પણ મનુષ્યને પ્રાપ્ત થતાં નથી માટે પ્રત્યેક જિજ્ઞાસુએ પોતાના ચિત્તને ઉત્તમ પ્રકારના

સૂક્ષ્મદર્શકયંત્રજેવું કરી, તથા પોતાના ચિત્તને અન્યનું ચિત્ત ગણી તેની પરીક્ષકની દૃષ્ટિએ પરીક્ષા કરવી જોઇએ. એવી રીતે પરીક્ષા કરતાં તે ચિત્તમાં જે જે પ્રાણિપદાર્થમાં જેટલા જેટલા પ્રમાણમાં રાગદ્વેષ રહેલા જણાય તેમનો ક્રમપૂર્વક ત્યાગ કરવાનો પ્રબલ પ્રયત્ન સદાગ્રહપૂર્વક પ્રારંભવો જોઇએ. એવા પ્રયત્નથી પોતાના ચિત્તને પવિત્ર કર્યા પછી તેણે વિવેકાદિ ચાર સાધનોની પ્રાપ્તિ કરવામાટે પ્રયત્ન કરવો. વિવેકાદિ ચાર સાધનોનાં સ્વરૂપો સારી રીતે સમજી તે સાધનોને પોતાના ચિત્તમાં ક્રમપૂર્વક સુસ્થિર કરવાં. પછી વેદાંતનુ વિધિવત્ શ્રવણ કરવુ. વેદાંતનું વિધિવત્ શ્રવણ થઈ રહે ત્યારપછી મુમુક્ષુએ વેદાંતનું વિધિવત્ મનન કરવુ જોઇએ. વેદાંતનું વિધિવત્ મનન કરવામાં આવે તો તેનું પરિણામ અહિં એકજ અદ્વિતીય બ્રહ્મ સત્ય છે, અન્ય કાંઇજ સત્ય નથી એવા સુદૃઢ નિશ્ચયમાં આવે છે. આવો સુદૃઢ નિશ્ચય પ્રાપ્ત કરવામાટે જિજ્ઞાસુએ નીચે જણાવેલી રીતે વેદાંતનુ મનન કરવુ જોઇએ.

વેદાંતમાં કોઈ સ્થલે જગતના સ્વરૂપનું, કોઇ સ્થલે જીવના સ્વરૂપનું, કોઇ સ્થલે ઇશ્વરના સ્વરૂપનું, કોઈ સ્થલે આત્માના સ્વરૂપનું, કોઇ સ્થલે બ્રહ્મના સ્વરૂપનું, કોઈ સ્થલે મોક્ષના સ્વરૂપનુ ને કોઈ સ્થલે મોક્ષનાં સાક્ષાત્ વા પરંપરાનાં સાધનોનું નિરૂપણ કરેલું જોવામાં આવે છે.

નામ, રૂપ ને ક્રિયા તે જગત્. તેમાં ક્રિયાથી ભિન્ન નામરૂપવાળા કેટલાક જડ પદાર્થો ને કેટલાક પ્રાણધારી પ્રાણીઓ જોવામાં આવે છે. હવે ક્રિયા એ સ્વતંત્ર પદાર્થ નથી તેથી તે પ્રાણીઓથી તથા પદાર્થોથી ભિન્ન ગણવાયોગ્ય નથી. પ્રાણીઓનાં શરીરોમાંથી ચેતનભાગ પૃથક્ કરતાં અવશેષ રહેલો ભાગ જડ હોય છે તેથી

જગત્શબ્દવડે આપણે અહિં નામરૂપવાળા સર્વ જડ (જ્ઞાનસ્વભાવ-રહિત) પદાર્થો સમજવા જોઇએ. એ જડ પદાર્થો આકાશ, વાયુ, તેજ, જલ ને પૃથિવી એ પાંચ ભૂતોમાંથી ઉપજ્યા છે. જડ પદાર્થોના કારણરૂપ આ પાંચ ભૂતો પણ જડ છે. એ પાંચ ભૂતો માયા-નામના સૂક્ષ્મતર પદાર્થમાંથી ક્રમથી ઉપજ્યા છે. પાંચ ભૂતોના કારણરૂપ માયા પણ જડ છે. પ્રકૃતિ, શક્તિ, પ્રધાન, અવિદ્યા ને અજ્ઞાન આ બધાં માયાનાં નામો છે. આ માયાનામનું દ્રવ્ય બ્રહ્મરૂપ ચેતનને (જ્ઞાનસ્વભાવવાળા દ્રવ્યને) આશરે રહ્યું છે. જેમ જીવને આશરે રહેલી નિદ્રાશક્તિ વિવિધ સ્વપ્નોને રચે છે તેમ બ્રહ્મને આશરે રહેલી આ માયાશક્તિ વિવિધ જગત્ રચે છે. જેમ નિદ્રા-શક્તિ સત્ય નથી, એટલે તે જીવના કલ્પિતસ્વભાવરૂપ હોવાથી જીવથી ભિન્ન નથી તેમ આ માયાશક્તિ પણ સત્ય નથી, એટલે બ્રહ્મના કલ્પિતસ્વભાવરૂપ હોવાથી બ્રહ્મથી ભિન્ન નથી. માયા પોતે કલ્પિત હોવાથી તેમાંથી ઉપજેલ આકાશાદિ પાંચ ભૂતો ને તે ભૂતોના કાર્યરૂપ આ સર્વ જગત્ પણ કલ્પિતજ છે એમ મુમુક્ષુએ નક્કી કરવુ જોઇએ.

પ્રતીત થતા પદાર્થનું લોકપ્રસિદ્ધ નામ સત્ય નથી, મનુષ્યોના વ્યવહારની સુલભતાથી સિદ્ધિ થવામાટે તે તેમાં આરોપવામાં આવ્યું છે. સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો પ્રતીત થતો પદાર્થ વસ્તુતાએ શું છે તે મનુષ્યની બુદ્ધિમાં આવી શકતું નથી. એ પદાર્થના રૂપ, રંગ ને વજન આદિ ધર્મોને બુદ્ધિ ગ્રહણ કરી શકે છે, પણ તે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને બુદ્ધિ ગ્રહણ કરી શકતી નથી. વસ્તુતાએ સર્વ પદાર્થો બ્રહ્મના વિવર્તરૂપ હોવાથી બ્રહ્મસ્વરૂપજ છે તેથી બુદ્ધિ તેને આ એવે રૂપે શી રીતે ગ્રહણ કરી શકે? નજ ગ્રહણ કરી શકે.

અધિષ્ઠાનમાં કાંઇ પણ વિક્રિયા નહિ થતાં તેની બીજે રૂપે પ્રતીતિ થાય તે **વિવર્ત** કહેવાય છે.

બ્રહ્મના વિવર્તરૂપેજ માયા, આકાશ, વાયુ, તેજ, જલ, પૃથિવી ને સર્વ પ્રાણિપદાર્થો પ્રતીત થાય છે તેથી તે સર્વ વસ્તુતાએ બ્રહ્મરૂપજ છે. દોરડીમાં વિવર્તરૂપે પ્રતીત થતો સાપ જેમ દોરડીરૂપજ છે તેમ બ્રહ્મમાં વિવર્તરૂપે પ્રતીત થતું જગત્ એટલે સર્વ પ્રાણિપદાર્થો પણ બ્રહ્મરૂપજ છે, તેનાથી ભિન્ન નથી.

ન્યાય ને વૈશેષિક એ બે દર્શનો સ્થૂલબુદ્ધિવાળા લોકોને સમજાવવા સર્વ જડ પદાર્થોની ઉત્પત્તિ પરમાણુમાંથી થાય છે એમ કહે છે, પણ બે પરમાણુ એક એક દેશમાં મળીને દ્વ્યણુક થાય છે તેથી સાવયવ પરમાણુ જડ પદાર્થોનું છેલ્લું રૂપ નથી, પણ તેનું સૌથી છેલ્લું રૂપ માયા વા પ્રકૃતિ છે એમ માનવું જોઇએ. તે માયા આગળ કહ્યા પ્રમાણે બ્રહ્મથી ભિન્ન ન હોવાથી સર્વ પદાર્થો પણ બ્રહ્મરૂપજ છે એમ તે સિદ્ધાંતથી પણ સિદ્ધ થાય છે.

સાંખ્ય અને યોગ આ બે દર્શનો તો સર્વ જડ પદાર્થોનું ઉપાદાનકારણ પ્રકૃતિ છે એમ સ્પષ્ટ કહે છે, એટલે તેમના સિદ્ધાંતપ્રમાણે એ પ્રકૃતિ વા માયા સર્વ જડ પદાર્થોનું છેલ્લું કારણ સિદ્ધ થયું, પણ તે માયા સ્વતઃસિદ્ધ તત્ત્વ નથી એમ શ્રુતિ ને જ્ઞાતા પુરુષો કહે છે તેથી માયાનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે એમ નક્કી થતાં સર્વ પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે એમ તે સિદ્ધાંતથી પણ નક્કી થાય છે.

જે ઉપાસકો જગતને સત્ય માને છે તે ઉપાસકોને મતે પણ જગત્ તેમના ઉપાસ્યને (બ્રહ્મને) આધારે રહેલું હોવાથી તેમના ઉપાસ્યથી ભિન્ન નથી એમ સિદ્ધ થાય છે.

જગત્‌ના સ્વરૂપનું એવી રીતે મનન કરતાં નક્કી થાય છે કે પ્રતીત થતું આ સર્વ જગત્ બ્રહ્મથી ભિન્ન નથી, પણ બ્રહ્મરૂપજ છે. સ્વપ્નમાં પ્રતીત થતું સેંકડો પ્રકારના ભેદોવાળું સર્વ જગત્ જેમ આપણા સાક્ષીથી ભિન્ન ન હોવાથી આપણા સાક્ષિરૂપજ છે તેમ જાગ્રત્‌માં બહિર્મુખ બુદ્ધિવડે પ્રતીત થતું આ અસંખ્ય પ્રકારના ભેદોવાળું જગત્ પણ બ્રહ્મથી અભિન્ન આપણા સાક્ષીથી ભિન્ન નથી, પણ બ્રહ્મથી અભિન્ન આપણા સાક્ષિરૂપજ છે, અર્થાત્ આ જગતનું અસ્તિત્વ ને રમણીયતા તેની પછવાડે રહેલા સદ્રૂપ ને રમણીય બ્રહ્મને લીધેજ છે. આ વિચારે ચિરકાલથી જગત્‌માં રહેલી સત્યપણાની બુદ્ધિ દૂર કરી, તેનો પ્રતિભાસ કલ્પિત ઠરાવ્યો, ને તેના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનું વાસ્તવિકપણું દૃઢ કરાવ્યું. જેમ ભઠ્ઠીમાં નાંખેલાં ભિન્ન ભિન્ન આકારવાળાં ને નામવાળાં સોનાનાં ઘરેણાં પ્રવાહી થઈને અંતે એક સોનારૂપજ થઈ જાય છે તેમ જગતના સ્વરૂપનું મનન કરતાં ભિન્ન ભિન્ન આકારવાળા ને નામવાળા પદાર્થો પણ અંતે એક બ્રહ્મરૂપજ થઈ જાય છે. મુમુક્ષુના હૃદયમાં આવા નિશ્ચયનો ઉદય થયે તેને "**सर्वं खल्विदं ब्रह्म**" (આ સર્વ નક્કી બ્રહ્મ છે) આ શ્રુતિના સત્યપણાનો સ્પષ્ટ નિશ્ચય થઈ જાય છે.

જગત્‌ના સ્વરૂપનું મનન થઈ ગયા પછી વિવેકીએ જીવના સ્વરૂપના સંબંધમાં આવી રીતે મનન કરવું જોઈએઃ—પ્રત્યેક સ્થૂલ-શરીરમાં ભિન્ન ભિન્ન જીવ છે એમ સામાન્યદૃષ્ટિએ જોતાં આપણને જણાય છે. આમ વિચારતાં અસંખ્ય સ્થૂલશરીરોમાં અસંખ્ય જીવો છે એમ નક્કી થાય છે. જીવોનાં સ્થૂલશરીરો પંચીકૃત એટલે સ્થૂલ પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી પાંચ સ્થૂલભૂતોથી ભિન્ન નથી, જીવોનાં સૂક્ષ્મશરીરો અપંચીકૃત એટલે સૂક્ષ્મ પાંચ ભૂતોના કાર્યરૂપ હોવાથી

પાંચ સૂક્ષ્મભૂતોથી ભિન્ન નથી, અને જીવોનાં કારણશરીરો અવિદ્યાના અથવા માયાના અંશરૂપ હોવાથી અવિદ્યાથી અથવા માયાથી ભિન્ન નથી. એવી રીતે સર્વ જીવોનાં સ્થૂલશરીરો ને સૂક્ષ્મશરીરો પાંચ ભૂતોરૂપ છે, અને સર્વ કારણશરીરો અવિદ્યારૂપ અથવા માયારૂપ છે. પાંચ ભૂતો માયાના કાર્યરૂપ હોવાથી માયારૂપજ છે. આવા વિચારવડે સર્વ પ્રાણીઓનાં ત્રણે પ્રકારનાં શરીરો માયાના પરિણામરૂપ ને બ્રહ્મના વિવર્તરૂપ (બ્રહ્મમાં કલ્પિત) છે એમ સિદ્ધ થયું. સર્વ જીવોમાંથી જડ ભાગ બાદ કરતાં બાકી ચેતનભાગ ને ચેતનભાગનો આભાસ રહ્યા. તેમાં આભાસનો સદ્ભાવ અવિદ્યાના અંશને લીધે વા અંતઃકરણને લીધે છે. અવિદ્યાનો અંશ વા અંતઃકરણ કલ્પિત ઠરી નીકળી જાય ત્યારે એ આભાસ જેમ જલથી ભરેલા પાત્રની નિવૃત્તિ થતાં તેમાં પ્રતીત થતા સૂર્યાદિના પ્રતિબિંબની નિવૃત્તિ થઈ જાય છે તેમ નિવૃત્ત થઇ જાય છે. જીવમાંથી આભાસની નિવૃત્તિ થવાથી માત્ર ચેતનજ અવશેષ રહે છે. એ ચેતનને કૂટસ્થ, આત્મા, સાક્ષી, દ્રષ્ટા, પ્રત્યક્તત્ત્વ, અકર્તાઅભોક્તા અને અસંસારી કહેવામાં આવે છે. આ ચેતન અથવા આત્મા બ્રહ્મરૂપજ છે. આ આત્મા સદ્રૂપ, ચિદ્રૂપ, પરમાનંદરૂપ અસંગ ને અક્રિય છે. વ્યાવહારિક જીવ બહિર્મુખપણાને લીધે કર્માદિને વશ થઇને ઉચનીચ યોનિઓમાં ભ્રમણ કરે છે. આત્માને વિષે તે ભ્રમણ નથી. આ સ્થૂલશરીરની પછવાડે એ સદ્રૂપ, આનંદરૂપ ને રમણીય આત્મા રહેલો હોવાથીજ આ સ્થૂલશરીરના અસ્તિત્વનું, આનંદરૂપતાનું ને રમણીયતાનું ભાન થાય છે. જેમ અસંખ્ય ઘડાઓમાં રહેલું આકાશ જેને ઘટાકાશ કહેવામાં આવે છે તે ઘટાકાશ મહાકાશથી લેશ પણ ભિન્ન નથી તેમ અસંખ્ય જીવોમાં રહેલું ચેતન પણ સર્વવ્યાપક બ્રહ્મથી લેશ

પણુ ભિન્ન નથી. જેમ સ્વમાવસ્થામાં પ્રતીત થતાં સર્વ પ્રાણીઓ તે સ્વમ જોનારના સાક્ષીથી ભિન્ન નથી તેમ જાગ્રદવસ્થામાં પ્રતીત થતાં સર્વ પ્રાણીઓ પણુ જોનાર મનુષ્યના સાક્ષિચેતનથી ભિન્ન નથી.

ન્યાય, વૈશેષિક, સાંખ્ય ને યોગ જીવના વાસ્તવિક સ્વરૂપને વ્યાપક માને છે, એટલે તેમને મતે પણુ જીવનું વાસ્તવિક સ્વરૂપ સર્વવ્યાપક બ્રહ્મથી ભિન્ન નથી, પરંતુ બ્રહ્મરૂપજ છે. જીવના વાસ્તવિક સ્વરૂપને વ્યાપક માન્યા પછી તેમનો પરસ્પર તથા બ્રહ્મથી ભેદ માનવો એમાં કોઈ શ્રુતિરૂપ કે યુક્તિરૂપ પ્રમાણુ નથી. સુખદુઃખની ને બંધમોક્ષની વ્યવસ્થામાટે જીવો ઘણા માનવા જોઇએ એમ કોઈ કહે તો ત્યાં કહેવાનું કે સુખદુઃખની ને બંધમોક્ષની વ્યવસ્થા ઘણાં અંતઃકરણો માનવાથી વા વ્યવહારકાલના ઘણા જીવો માનવાથી સુખ-પૂર્વક થઇ શકે એમ છે માટે જીવોના વાસ્તવિક સ્વરૂપમાં ભેદ માનવો ઉચિત નથી.

પૂર્વમીમાંસકો ને ઉપાસકો જે આત્માને અણુજેવડો માને છે તે અંતઃકરણુની અણુપરિમાણુ વૃત્તિમાં પ્રતિબિંબિત ચેતનને આત્મા માની તેને અણુપરિમાણુ માનતા હોય એમ જણાય છે, અને જૈનો જે આત્માને શરીરજેવડો માને છે તે શરીરજેવડું અંતઃકરણુ હોય તેથી આત્માને અંતઃકરણુજેવડો એટલે મધ્યમપરિમાણુવાળો માનતા હોય એમ જણાય છે. જીવનાં (આત્માનાં) આ બને સ્વરૂપ પણુ ઉપાધિને લઇને વ્યાવહારિક છે, વાસ્તવિક નથી, કેમકે જો તેમનાં તે સ્વરૂપ વાસ્તવિક માનીએ તો જે અણુપરિમાણુવાળુ કે મધ્યમપરિમાણુવાળું હોય તે વિનાશી હોવું જોઇએ આ નિયમે તે જીવો પણુ વિનાશી સિદ્ધ થાય તેથી તેમણે માનેલી મુક્તિ

મેળવનાર કોઈ રહે નહિ. આમ થવાથી તેમનો ઉપદેશ પણ નિરર્થકજ ઠરે માટે તેમને મતે પણ જીવનું પારમાર્થિક સ્વરૂપ વ્યાપકજ હોવું જોઇએ.

જે મતવાળા જીવના વ્યાવહારિક તથા પારમાર્થિક સ્વરૂપનો વિચાર નહિ કરતાં હું એવા જ્ઞાનના વિષયને જીવ માને છે તેમને મતે પણ તે જીવનું પારમાર્થિક સ્વરૂપ સર્વવ્યાપક બ્રહ્મથી ભિન્ન ન હોવું જોઇએ એમ જણાય છે, કેમકે હુ એવા જ્ઞાનનો વિષય આત્મા બ્રહ્મરૂપજ છે.

જે મતવાળા જીવને લોહીરૂપ માનતા હોય તેમને મતે જીવ લોહી હોય ત્યાંસુધી કામ કરતો પ્રતીત થાય છે માટે તેમના મતના જીવનું સ્વરૂપ વ્યાવહારિક જાણવુ, જે મતવાળા જીવને અંતઃકરણરૂપ ઉપાધિવાળો હોવાથી અંતઃકરણરૂપ માને છે તેમના મતના જીવનું સ્વરૂપ પણ વ્યાવહારિક જાણવુ, જે વાદીઓ શૂન્યને આત્મા માને છે તેમને મતે શૂન્ય એટલે સર્વ દૃશ્યના અભાવરૂપ જે બ્રહ્મ છે તે આત્મા છે એમ જાણવું, જેઓ આત્માને જડ કહે છે તેમને મતે તે જડની પેઠે અત્યંત અક્રિય હોવાથી બ્રહ્મરૂપ છે એમ સમજવું, અને જેઓ આત્માને જડચેતનરૂપ માને છે તેમને મતે આત્મા વસ્તુતાએ ચેતનરૂપ છે, છતાં વ્યવહારકાલે જડ ઉપાધિના સંગથી તે જડચેતન-ઉભયરૂપ પ્રતીત થાય છે એમ સમજવું.

આવી રીતે જીવના સ્વરૂપનું મનન કરતાં પ્રત્યેક જીવની પછવાડે રહેલ સદ્રૂપ, ચિદ્રૂપ, પરમાનંદરૂપ, વ્યાપક, અસંગ ને અક્રિય જે બ્રહ્મતત્ત્વ છે તેજ સર્વ જીવોનું વાસ્તવિક સ્વરૂપ છે એવો નિશ્ચય થાય છે. "**अयमात्मा ब्रह्म**" (આ જીવ બ્રહ્મ છે,) "**अहं ब्रह्मास्मि**"

(હું બ્રહ્મ છુ,) " **तत्त्वमसि** " (તે બ્રહ્મ તું છે,) ને "**प्रज्ञानं ब्रह्म**" (જીવ બ્રહ્મ છે,) ઇત્યાદિ વેદવાક્યો જીવનુ વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ છે એમ કહે છે તે સત્ય છે એમ મને દૃઢ નિશ્ચય થયો એમ આવી રીતે મનન કરનાર મુમુક્ષુને સ્પષ્ટ સમજાય છે.

હવે વિવેકી જિજ્ઞાસુએ ઇશ્વરના સ્વરૂપનો વાસ્તવિક નિર્ણય કરવામાટે તેમના સ્વરૂપનું આવી રીતે મનન કરવુ જોઇએ:–જીવમાં જેમ ઉપાધિરૂપ જડભાગ ને ઉપાધિરહિત ચેતનભાગ છે તેમ ઇશ્વરમા પણ ઉપાધિરૂપ જડભાગ ને ઉપાધિરહિત ચેતનભાગ છે. ઇશ્વરમાં જે ઉપાધિરૂપ જડભાગ છે તેને પ્રકૃતિ અથવા માયા કહેવામા આવે છે. એ માયા બ્રહ્મમાં કલ્પિત હોવાથી બ્રહ્મથી ભિન્ન નથી. બ્રહ્મના જેટલા ભાગમાં માયા કલ્પાઇ છે તેટલા ભાગમાં રહેલા ચેતનને–બ્રહ્મને –ઇશ્વર એવું નામ આપવામાં આવે છે. ઇશ્વરમાંથી જ્યારે માયાભાગ વિવેકવડે દૂર કરવામાં આવ્યો ત્યારે ઇશ્વરનુ બ્રહ્મથી લેશ પણ ભિન્નપણુ નજ રહ્યું. એવી રીતે ઇશ્વરનુ વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ છે એમ નક્કી થયું.

ઇશ્વરમાં માયાનામનો ઉપાધિ હોવાથી તે ઇશ્વર જીવોનાં કર્મો ફલ દેવાને તત્પર થાય ત્યારે આ જગતની ઉત્પત્તિ કરનારા, જીવોનાં કર્મો ફલ આપવાના સામર્થ્યવાળાં રહે ત્યાંસુધી આ જગતની સ્થિતિ કરનારા અને જીવોનાં કર્મો ફલ આપવામાટે સામર્થ્યરહિત થાય ત્યારે આ જગતનો સંહાર કરનારા મનાય છે. ચેતનના સામીપ્યથી આ બધી ક્રિયા માયા કરે છે. ઇશ્વરમાં માયાનામનો ઉપાધિ છે તેથી ઇશ્વરને સગુણબ્રહ્મ પણ કહેવામાં આવે છે. એ સગુણબ્રહ્મનાં મહેશ્વર, (મોટા ઇશ્વર,) મહાવિષ્ણુ, (અત્યંત વ્યાપક,) મહાદેવી, (અતિસ્વયંપ્રકાશ,) મહાગણપતિ, (દેવોના સમૂહોના મોટા નિયામક,)

ને સૂર્ય (વિશ્વને પ્રકાશનાર) એ મુખ્ય નામો છે. તે નામોમાંથી પ્રથમનાં ચાર નામોનાં શિવ, (મંગલસ્વરૂપ વા કલ્યાણસ્વરૂપ,) વિષ્ણુ, (વ્યાપક,) શક્તિ (જગતની ઉત્પત્તિ આદિના સામર્થ્યરૂપ) ને ગણપતિ (દેવોના સમૂહના સ્વામી) એવાં અન્ય નામો પણ છે. સૂર્યનું સવિતા (વિશ્વને ઉપજાવનાર) એવું અન્ય નામ છે.

એ ઈશ્વરને વેદાંતવેત્તાઓ સગુણબ્રહ્મ વા સદ્‌ગુરુ, પુરાણો પરમાત્મા, મુસલમાનો અલ્લા, અંગ્રેજો ગોડ ને યાહુદીઓ જીહોવા કહે છે. લગભગ તેવા સગુણબ્રહ્મને સ્વરૂપલક્ષણવડે જૈનો તીર્થંકર ને બૌદ્ધો બુદ્ધ કહે છે. ઈશ્વરમાં નામનો આરોપ ઉપાસના આદિને માટે કરેલો હોવાથી તે નામ વાસ્તવિક નથી. ઉપાસક ઉપાસનાકાલે પોતાને ઉપદેશવામાં આવેલું ઈશ્વરનું નામ સત્યરૂપ જાણીને જપે તેમાં તેને કાંઇ હાનિ નથી, કિંતુ તેની યોગ્યતાપ્રમાણે તેમ સમજવામાં તેને લાભજ છે. અહિં તો વસ્તુગતિ વિચારવાની છે, મનુષ્યની યોગ્યતાનો વિચાર કરવાનો નથી. ઈશ્વરના ભિન્ન ભિન્ન આકારો પણ વાસ્તવિક નથી, માત્ર ઉપાસકોને તેમાં પ્રેમ પ્રકટે, ને તેમને પોતાના મનને તેમાં જોડી શકવાનું બલ પ્રાપ્ત થાય માટે તેમની રુચિના પોષક આકારો ઈશ્વરમાં કલ્પવામાં આવ્યા છે.

અન્ય રાજસ ને તામસ દેવો પણ ઈશ્વરનાં અંશરૂપ હોવાથી ઈશ્વરના સ્વરૂપના વિચારવડે તેમના સ્વરૂપનો પણ વિચાર થઇ જાય છે એમ જાણવું. ભૈરવ, યક્ષ, રાક્ષસ, જોગણીઓ, મેલડી, ભૂત, પીપળો ને વાંસ આદિમાં પણ ચેતન ને માયાનો જડાંશ રહેલો હોવાથી તેઓ પણ ઈશ્વર મનાય, ને તેઓને પૂજવાથી તેમની ઉપાધિના સામર્થ્યપ્રમાણે તેઓ પૂજન કરનારને ફલદાતા પણ થાય.

એ ઈશ્વર પોતાના સ્વરૂપથી માયાના પ્રદેશજેટલા વ્યાપક છે,

શરીર જેટલા દેશમાં રહેલા નથી. કોઈ વેલા પોતાના સંકલ્પથી શરીર જેટલા દેશમાં રહેલા પ્રતીત થાય તે ભિન્ન વાત છે.

યોગીઓ અંતર્યામીને ઈશ્વર માને છે તે ઈશ્વરનું ઉત્તમ સ્વરૂપ છે, ને જે પ્રાકૃત લોકો વાસડાને કે ઓરડીને ઈશ્વર માને છે તે પ્રાકૃત લોકોએ માનેલા ઈશ્વરનુ કનિષ્ઠ સ્વરૂપ છે. લોકોએ માનેલા ભિન્ન ભિન્ન પ્રકારના ઈશ્વરમાંથી માયા વા તેના કાર્યરૂપ જે ઉપાધિ છે તેનો પરિત્યાગ કરવાથી શુદ્ધચેતન વા બ્રહ્મજ અવશેષ રહે છે. આવી રીતે ઈશ્વરના સ્વરૂપનુ મનન કરવાથી તેમાં રહેલો માયારૂપ મિથ્યા અંશ નીકળી જાય છે, ને તેનો ચેતનરૂપ સત્ય ભાગ અવશેષ રહે છે.

જીવમાંથી અવિદ્યા ને તેના ધર્મો નીકળી જવાથી તેનુ જે શુદ્ધસ્વરૂપ બાકી રહે છે તે આગળ જણાવ્યા પ્રમાણે આત્મા છે. એ આત્મા બ્રહ્મસ્વરૂપજ છે, બ્રહ્મથી લેશ પણ ભિન્ન નથી. એ આત્મામાં જ્વરાદિ રોગો, ક્ષુધાતૃષાદિ પ્રાણના કે હર્ષશોકાદિ મનના ધર્મો ને બીજાં કોઇ દુઃખોનો લેશ પણ નથી.

દેશ, કાલ ને વસ્તુના પરિચ્છેદથી રહિત તથા સજાતીય, વિજાતીય ને સ્વગતભેદથી રહિત શુદ્ધચેતન બ્રહ્મ કહેવાય છે. બ્રહ્મ સર્વવ્યાપક હોવાથી તેનો દેશવડે છેડો આવતો નથી, બ્રહ્મ ત્રણે કાલમાં રહેનાર હોવાથી તેનો કાલવડે છેડો આવતો નથી, ને બ્રહ્મ સર્વ વસ્તુઓનું વાસ્તવિક સ્વરૂપ હોવાથી તેનો વસ્તુઓવડે પણ વિભાગ થતો નથી, કે અંત આવતો નથી. બ્રહ્મ એકજ હોવાથી તેમાં સારસ્વતબ્રાહ્મણવચ્ચે ને નાગરબ્રાહ્મણવચ્ચે જેવો સજાતીયભેદ છે તેવો સજાતીયભેદ નથી; બ્રહ્મ એક ને અદ્વિતીય હોવાથી તેમાં બ્રાહ્મણની ને ક્ષત્રિયની વચ્ચે જેવો વિજાતીયભેદ છે તેવો વિજાતીયભેદ

નથી, માયા ને માયાનાં કાર્યો બ્રહ્મથી વિજાતીય છતાં પણ કલ્પિત છે તેથી તેઓ બ્રહ્મમાં વિજાતીયભેદ ઉપજાવી શકે નહિ; અને બ્રહ્મ નિરવયવ હોવાથી તેમાં શરીરના અવયવો ને શરીરના જેવો સ્વગત-ભેદ પણ સંભવી શકે નહિ.

ઇશ્વરનો ને જીવોનો ભેદ, ઇશ્વરનો ને જડ પદાર્થોનો ભેદ, જીવોનો પરસ્પર ભેદ, જીવોનો ને જડ પદાર્થોનો ભેદ અને જડ પદાર્થોનો પરસ્પર ભેદ પણ તેમની ઉપાધિવડે કલ્પિત હોવાથી મિથ્યા છે. ઇશ્વરમાં માયા ને માયાના ધર્મો, જીવોમાં અવિદ્યા ને અવિદ્યાના ધર્મો અને જડ પદાર્થોમાં નામરૂપ ને આભાસરહિતતા એ ઉપાધિ છે, તે ઉપાધિવડે તેઓ એકબીજાથી ભિન્ન કહેવાય છે, પણ તે ઉપાધિનો પરિત્યાગ કરતાં વસ્તુતાએ એ ત્રણે બ્રહ્મમાં કલ્પિત હોવાથી બ્રહ્મથી ભિન્ન નથી.

જેમ મનુષ્યને સ્વપ્નમાં સ્વપ્નાવસ્થાનું પ્રાતિભાસિક જગત્ પ્રતીત થાય છે, તેમાં ઇશ્વર, જીવો ને જડ પદાર્થોનું તેને ભાન થાય છે, પણ તે ત્રણે તેના સાક્ષિસ્વરૂપમાં કલ્પિત હોવાથી તેના સાક્ષિ-સ્વરૂપથી ભિન્ન નથી, પણ તેના સાક્ષિસ્વરૂપજ છે તેમ મનુષ્યને જાગ્રત્માં પ્રતીત થતું જાગ્રદવસ્થાનુ જગત્ જેમા ઇશ્વરનું, જીવોનું ને જડ પદાર્થોનું તેને ભાન થાય છે તે ત્રણે વસ્તુતાએ તેના સાક્ષિસ્વરૂપમા કલ્પિત હોવાથી તેના સાક્ષિસ્વરૂપથી ભિન્ન નથી, પણ તેના સાક્ષિ-સ્વરૂપજ છે. સાક્ષી ને બ્રહ્મસ્વરૂપ એકજ હોવાથી એ ત્રણે વસ્તુતાએ બ્રહ્મસ્વરૂપ છે એમ નક્કી થયું.

એ બ્રહ્મ ભૂતાદિ ત્રણે કાલમાં એકજ રૂપે રહેવાથી સત્, સર્વ દૃશ્યને તથા તેના અભાવને અવિકારી રહીને સર્વદા એકસરખી રીતે પ્રકાશનાર હોવાથી ચિત્, ઉપાધિરહિત એટલે સ્વભાવથી નિરવધિ

આનંદરૂપ હોવાથી પરમાનંદ, સર્વત્ર પરિપૂર્ણ હોવાથી વિભુ—વ્યાપક, સ્વભાવવડે કે ઉપાધિના સંસર્ગવડે કદીપણ વિકાર નહિ પામનાર હોવાથી નિત્ય અવિકારી, સર્વવ્યાપકમાં સ્વભાવથી કે અન્યના યત્નથી ગતિ કે ક્રિયા સંભવે નહિ તેથી સર્વદા અક્રિય અને પોતાના સ્વભાવથી કે અન્યના સ્વભાવથી તેમાં કોઇ પણ પ્રકારનો સંસર્ગ કે લેપ ઉત્પન્ન થઇ શકતો નથી તેથી તે સર્વદા અસંગ ગણાય છે. આપણું વાસ્તવિક સ્વરૂપ પણ બ્રહ્મ હોવાથી તે એવાજ સ્વભાવવાળુ છે.

આ બ્રહ્મ કોઈ ઉત્તમ લોકમાં રહેલા સગુણ ને સાકાર ઇશ્વરના પ્રકાશરૂપ છે એમ કેટલાક ઉપાસકો માને છે, પણ તેમનુ તે માનવું વાસ્તવિક નથી, કેમકે આકારવાળો પદાર્થ વિનાશી હોવાથી તે ઇશ્વર વિનાશી ઠરે, ને તેથી તેના વિરલ પ્રકાશરૂપ બ્રહ્મ પણ વિનાશી ઠરે. નિરાકારથી સાકાર સ્થૂલ હોય, પણ સૂક્ષ્મ નજ હોય તેથી સૂક્ષ્મતમ બ્રહ્મ ઇશ્વરના પ્રકાશરૂપ કહી શકાય નહિ, પણ ઇશ્વરના વાસ્તવિક-રૂપજ કહેવાય.

બ્રહ્મ સર્વદા સર્વ પ્રકારનાં દુઃખોથી અત્યતરહિત ને નિત્યપર-માનંદરૂપ છે. જીવે સર્વદા પોતાના આત્માથી અભિન્ન એ બ્રહ્મસ્વરૂપે ઉત્થાનરહિત સ્થિતિ કરવી તે મોક્ષ—માયાથી ને માયાનાં કાર્ય શોક-મોહાદિથી મોકળા થવુ—છે. પ્રાણીઓને દુઃખ લેશ પણ ગમતુ નથી, તેમનો દુઃખપર પ્રબલ દ્વેષ છે. આવેલા દુઃખને હાંકી કાઢવા પ્રાયશઃ સર્વ પ્રાણીઓ પ્રયત્નવાળાં જણાય છે. મોક્ષમાં સર્વદા સર્વથા સર્વ દુઃખનો અભાવ છે તેથીજ સર્વ પ્રાણીઓ જાણે વા અજાણે તેવી સ્થિતિને પ્રાપ્ત કરવા ઇચ્છે છે. સુખ સર્વ પ્રાણીઓને બહુ પ્રિય છે તેથીજ સર્વ પ્રાણીઓ સુખની પ્રાપ્તિમાટે નિત્ય નિરંતર પ્રયત્ન કરતાં

જણાય છે. મોક્ષ સર્વ પ્રકારનાં દુઃખોથી રહિત નિત્ય રહેનારો નિરવધિ આનંદ છે તેથી સર્વ પ્રાણીઓ જાણે વા અજાણે તેવી સ્થિતિને પ્રાપ્ત કરવા ઇચ્છે છે, ને તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા તેઓ પોતાની બુદ્ધિપ્રમાણે પ્રયત્ન પણ કરે છે.

કોઇ સ્થૂલબુદ્ધિવાળા મનુષ્યો આ લોકના વિષયોના ઉપભોગથી પ્રાપ્ત થતાં સુખોમાં ને તેની પ્રાપ્તિનાં લૌકિક સાધનોમાજ પ્રીતિવાળા જણાય છે, કોઇ સૂક્ષ્મબુદ્ધિવાળા મનુષ્યો સ્વર્ગમાં પ્રાપ્ત થતાં સુખોમા ને તેની પ્રાપ્તિનાં શાસ્ત્રે કહેલાં સાધનોમાં પ્રીતિવાળા જણાય છે. કોઇ સુક્ષ્મતરબુદ્ધિવાળા મનુષ્યો પોતાના ઇષ્ટદેવના લોકમાં પ્રાપ્ત થતાં સુખોમાં ને તેની પ્રાપ્તિનાં શાસ્ત્રે કહેલાં સાધનોમાં પ્રીતિવાળા જણાય છે, અને કોઇ સૂક્ષ્મતમબુદ્ધિવાળા મનુષ્યો નિરુપાધિક બ્રહ્માનંદના સ્પષ્ટ સાક્ષાત્કારનાં મોક્ષશાસ્ત્રે ને પોતાના સદ્‌ગુરુએ ઉપદેશેલાં સાધનોના અનુષ્ઠાનમાં પ્રીતિવાળા જણાય છે. સોપાધિક આનંદ સ્થૂલ ને હિંસાદિ દોષોવાળો હોવાથી કનિષ્ઠ છે, ને નિરુપાધિક આનંદ સૂક્ષ્મતમ ને નિર્દોષ હોવાથી શ્રેષ્ઠ છે તેથી વિવેકીએ નિરુપાધિક આનંદ ઇચ્છવાયોગ્ય છે. વિવેકી પુરુષોની દૃષ્ટિએ અંતઃકરણના ને સ્થૂલ વિષયોના સંબધથી ઉપજતો આનંદ કનિષ્ઠ ગણાય છે, અંતઃકરણના ને સૂક્ષ્મ વિષયોના સંબધથી ઉપજતો આનંદ તેનાથી શ્રેષ્ઠ ગણાય છે, અંતઃકરણના ને સૂક્ષ્મતર વિષયોના સંબધથી ઉપજતો આનંદ તેનાથી શ્રેષ્ઠતર ગણાય છે, ને અંતઃકરણના ને સૂક્ષ્મતમ વિષયરૂપ બ્રહ્મના અલૌકિક સંબધથી ઉપજતો આનંદ સર્વોત્તમ વા શ્રેષ્ઠતમ ગણાય છે. વેદાંતે સ્વીકારેલો મોક્ષ બ્રહ્મરૂપ હોવાથી તે મોક્ષ સર્વોત્તમ છે, ને બીજાઓએ સ્વીકારેલા મોક્ષો તેથી ન્યૂનાધિક ઊતરતા છે.

ઉપર કહેલો મોક્ષ બ્રહ્મના દૃઢ અપરોક્ષજ્ઞાનથી થાય છે. બ્રહ્મનું દૃઢ અપરોક્ષજ્ઞાન સાધનસંપન્ન પુરુષને સમર્થ સદ્‌ગુરુના બ્રહ્મોપદેશવડે થાય છે. જે અધિકારીઓ પોતાની બુદ્ધિના દોષથી તે બ્રહ્મોપદેશવડે બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર કરવા સમર્થ થતા નથી તેમને પોતાના સદ્‌-ગુરુપાસેથી પોતાના સંશયો દૂર થાય ત્યાંસુધી તેમના ઉપદેશનુ આદરપૂર્વક શ્રવણ તથા મનન કરવુ પડે છે. બ્રહ્મોપદેશનુ શ્રવણમનન કર્યા છતાં જેમના મનમાંથી દેહ, ઇંદ્રિયો, પ્રાણ, અંતઃકરણ ને જીવમાંથી હુંપણાની (આત્માની) બુદ્ધિ ને પ્રતીત થતા જગત્‌માંથી સત્યપણાની બુદ્ધિ દૂર થતી નથી તેમને તે બન્ને પ્રકારની ભ્રાંતિઓ દૂર થતાંસુધી વારવાર આદરપૂર્વક નિદિધ્યાસન વા બ્રહ્મધ્યાન કરવુ પડે છે.

જેમનાં ચિત્તોમા વિવેક, વૈરાગ્ય, શમાદિ ૭ સંપત્તિ ને મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા એ સાધનો ન ઉપજ્યાં હોય તેવા મનુષ્યોનાં ચિત્તોમાં સદ્‌ગુરુના ઉપદેશનું આદરપૂર્વક યથાર્થ ગ્રહણ ને યથાર્થ ધારણ થઇ શકતુ નથી તેથી તેમના પ્રતિ સદ્‌ગુરુનો ઉપદેશ લગ-ભગ નિષ્ફલ નીવડે છે માટે મોક્ષને ઇચ્છનારે એ ચારે સાધનોને પોતાના અંતઃકરણમાં ઉપજાવીને સ્થિર કરવાં જોઇએ. આદરપૂર્વક વારવાર પ્રયત્ન કરી જો એ ચાર સાધનો સંપાદન કરી શકાય તોજ જિજ્ઞાસુથી શ્રવણાદિદ્વારા કૃતાર્થ થઈ શકાય છે, અન્યથા કૃતાર્થ થઇ શકાતું નથી.

એ વિવેકાદિ સાધનો જેમ રણમાં વાવેલાં બીજો ઊગી શકે નહિ તેમ અશુદ્ધ અંતઃકરણમાં આવિર્ભાવ પામી શકતાં નથી માટે મોક્ષેચ્છુએ પોતાના અંતઃકરણને શાસ્ત્રે ને પોતાના ગુરુએ કહેલા ઉપાયોવડે શુદ્ધ કરવું જોઇએ.

આળસ, પ્રમાદ, ભય, કંટાળો ને દંભનો પરિત્યાગ કરી પ્રથમ યોગ્ય ઉપાયોવડે જેઓ પોતાના ચિત્તને પવિત્ર કરે છે, પછી વિવેકાદિ ચાર સાધનોને સદાગ્રહપૂર્વક સિદ્ધ કરે છે, પશ્ચાત્ વિધિવત્ વેદાંતનું શ્રવણ કરે છે, અને તે શ્રવણ થઇ રહ્યા પછી વેદાંતના મુખ્ય વિષયોનું જેઓ ઉપર કહેલી રીતે મનન કરે છે તેઓ નિદિધ્યાસન વા બ્રહ્મધ્યાન કરવા સમર્થ થાય છે, અન્ય પુરુષ યથાયોગ્ય નિદિધ્યાસન કરવા સમર્થ થતા નથી.

જ્યારે કોઇ વિવેકી મનુષ્ય ઉપર કહેલી રીતે વેદાંતના મુખ્ય વિષયોનું વિધિપૂર્વક મનન કરી રહે છે ત્યારે તેને સ્પષ્ટ જણાય છે કે અહિં એકજ અદ્વિતીય બ્રહ્મ સત્ય છે. તે બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાથીજ પુરુષ મોક્ષને પ્રાપ્ત થાય છે. બ્રહ્મનો સાક્ષાત્કાર બ્રહ્મવિચારવડે વા નિદિધ્યાસનવડે થાય છે, અન્ય ઉપાયથી થતો નથી માટે મારે તે બ્રહ્મનો સાક્ષાત્કાર થતાંસુધી તે બ્રહ્મનો વિચાર–નિદિધ્યાસન–પરમાદરપૂર્વક સતત કરવો જોઇએ.

દશ ઉપનિષદોનું, શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું અને બ્રહ્મસૂત્રોનુ એકાંતમાં મનન કરતાં પણ તે મનન કરનારને અહિં એકજ અદ્વિતીય બ્રહ્મ સત્ય છે, ને અન્ય સર્વ પારમાર્થિક સત્ય નથી, પણ વ્યાવહારિક વા પ્રાતિભાસિક–તેના જ્ઞાનકાલે માત્ર પ્રતીત થનાર–છે એવો સુદૃઢ નિશ્ચય થાય છે. અન્ય સર્વ શાસ્ત્રો ને મતપથો પણ સાક્ષાત્ કે પરંપરાવડે આ નિશ્ચયજ જણાવતાં હોય એમ તેને તેની સારગ્રાહી બુદ્ધિથી નક્કી થાય છે.

પૃથિવીપરનાં સર્વ શાસ્ત્રોનો ને પૃથિવીપરના સર્વ મતપથોનો અભિપ્રાય સૂક્ષ્મદૃષ્ટિએ પક્ષપાત ત્યજી વિચારતાં તે સર્વને મતે મોક્ષમાટે બુદ્ધિની શુદ્ધિની ને સ્વસ્થતાની બહુ અગત્ય જણાય છે. ઉપર

કહેલી રીતે મનન કરવાથી બુદ્ધિની શુદ્ધિ ને તેની સ્વસ્થતા સારી થાય છે, તથા ધર્મને નિમિત્તે અજ્ઞાનથી લોકોમાં થતા ઘણા કલહોમાં પ્રવૃત્તિ કરવાની તે બુદ્ધિની વૃત્તિ થતી નથી. પશ્ચાત્ નિદિધ્યાસનવડે એ બુદ્ધિની સર્વોત્તમ શુદ્ધિ તથા એકાગ્રતા થઇ પછી મહાવાક્યદ્વારા જ્ઞેયને જાણી પુરુષ કૃતાર્થ થાય છે.

ભૂર્, ભુવર્, સ્વર્, મહર્, જનઃ, તપઃ ને સત્ય આ સાત લોક એટલે અંતઃકરણના ચઢતા ચઢતા પ્રકાશનાં નામ છે એમ તે મનન કરનારને જણાય છે. કનિષ્ઠ પ્રકારનાં શુભકર્મોવડે અંતઃકરણ પ્રથમ પ્રકારના પ્રકાશને, મધ્યમ પ્રકારનાં શુભકર્મોવડે અંતઃકરણ બીજા પ્રકારના પ્રકાશને, ઉત્તમ પ્રકારનાં શુભકર્મોવડે અંતઃકરણ ત્રીજા પ્રકારના પ્રકાશને, કનિષ્ઠ પ્રકારની ઉપાસનાવડે અંતઃકરણ ચોથા પ્રકારના પ્રકાશને, મધ્યમ પ્રકારની ઉપાસનાથી અંતઃકરણ પાચમા પ્રકારના પ્રકાશને, ઉત્તમ પ્રકારની ઉપાસનાથી અંતઃકરણ છઠ્ઠા પ્રકારના પ્રકાશને અને સર્વોત્તમ પ્રકારની ઉપાસનાથી અંતઃકરણ સાતમા પ્રકારના પ્રકાશને પામી ક્રમથી સત્ય વસ્તુની સમીપ પહોંચી જાય છે એમ તે સમજે છે.

નિર્મલબુદ્ધિમાંથી ઉપજનારા, બુદ્ધિને સ્વસ્થ કરનારા અને શ્રુતિને તથા સ્મૃતિને અનુકૂલ સુતર્કોવડે, સંભવનો અને અસંભવનો પ્રામાણિકપણે નિશ્ચય કરનારી સુયુક્તિઓવડે અને ગ્રાહ્ય દૃષ્ટાંતોવડે જે પુરુષ વેદાંતનું વા પોતાના સદ્ગુરુએ ઉપદેશ કરેલા તત્ત્વનુ આદરપૂર્વક મનન કરે છે તે મનનશીલ પુરુષ પછી ધાન્યાર્થી ખેડુત જેમ ભુસાનો ત્યાગ કરે તેમ સર્વ શાસ્ત્રોનો ને તર્કોનો ત્યાગ કરી એક બ્રહ્મચિંતનમાંજ તત્પર થાય છે. આવો અધિકાર પ્રાપ્ત થયા વિના વાસ્તવિક બ્રહ્મચિંતન વા નિદિધ્યાસન કોઇ પુરુષથી થઇ શકતું

નથી, ને તેથી તેના ફલરૂપે વાસ્તવિક બ્રહ્મસાક્ષાત્કાર પણ તેને થઇ શકતો નથી.

સર્વ અધિકારી મુમુક્ષુઓને અંતર્યામી પ્રભુ ઉપર દર્શાવેલી રીતે વેદાંતનું મનન કરવાનું ઉત્તમ સામર્થ્ય આપો એમ ઇચ્છી વૃત્તિને પ્રાપ્ત થયેલો આ વેગ શાંત થાય છે. ૐ

ૐ

॥ अंक सुडताळीशमो ॥

॥ निदिध्यासन ॥

આત્માથી અભિન્ન, એકજ, અદ્વિતીય ને સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મનો કોઇ પણ પ્રકારના સંશયવિના દૃઢતાપૂર્વક શુદ્ધમને પરમપ્રેમથી સતત વિચાર કરવો વા સતત ધ્યાન કરવુ તે **નિદિધ્યાસન** કહેવાય છે, અર્થાત્ ગતિવાળા વાયુવિનાના પ્રદેશમાં જેમ તેલની ધારા હાલ્યા વિના સીધી કોઇ પાત્રમાં પડે તેમ અંતઃકરણનાં પરિણામોરૂપ વૃત્તિઓની અખંડિત ધારા અન્ય (દેહાદિમાં હુંપણાની ને જગતમાં સત્યપણાની) વૃત્તિઓના અંતરાયવિના પોતાના સદ્‌ગુરુએ ઉપદેશ કરેલા બ્રહ્મના સ્વરૂપભણી પડ્યા કરે તે **નિદિધ્યાસન** વા **બ્રહ્મચિંતન** વા **બ્રહ્મધ્યાન** કહેવાય છે.

શાસ્ત્રોક્ત નિષ્કામકર્મોવડે અને પોતાના સદ્‌ગુરુની પૂર્ણપ્રેમથી નિષ્કપટભાવે કરેલી સર્વ પ્રકારની સેવાવડે જેમણે પોતાના અંતઃ-

કરણને પરમપવિત્ર કર્યું છે, જેમણે પોતાના સદ્ગુરુનું કે સગુણબ્રહ્મનું આદરપૂર્વક દીર્ઘકાલ નિરતર ધ્યાન કરી પોતાના અંતઃકરણની દીર્ઘ-કાલની ચચલતા ઘણે અંશે દૂર કરી છે, જેમણે કોઇ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સમર્થ સદ્ગુરુનું વિધિવત્ શરણ ગ્રહણ કરી તેમની પાસેથી વિધિવત્ (પીસ્તાળીશમા અંકમાં કહ્યા પ્રમાણે) વેદાંતનુ વા તેમણે કરેલા ઉપદેશનુ શ્રવણ કર્યું છે, અને જેમણે ગયા અંકમા જણાવેલી રીતે વેદાંતના પરમોપયોગી વિષયોનુ આદરપૂર્વક એકાંતમાં દીર્ઘકાલ મનન કર્યું છે તેઓ આ નિદિધ્યાસનના વા નિર્ગુણબ્રહ્મધ્યાનના મુખ્ય અધિકારી ગણાય છે.

આ લેખમાં બ્રહ્મસાક્ષાત્કારમાટે વિવેકપ્રધાન અંતઃકરણવાળા-ઓએ કરવાયોગ્ય નિદિધ્યાસનનુ નિરૂપણ થશે. જેમનાં અંતઃકરણો રસપ્રધાન હોવાથી જેઓ પરમાત્માના સગુણસ્વરૂપમાં પરમાનુ-રાગવાળા થઇ તેમના ધ્યાનમાં રત થયા છે તેમને તો તેમના તેવા ધ્યાનના પરિપાકવડે તેમના ઇષ્ટદેવની કૃપાથી તેમના સ્વરૂપનો સ્પષ્ટ સાક્ષાત્કાર થશે. પછી તેઓશ્રીના ઉપદેશવડે ને તેઓશ્રીની કૃપાવડે તેમને તેઓશ્રીના વાસ્તવિક સ્વરૂપનો એટલે નિર્ગુણબ્રહ્મનો સ્પષ્ટ સાક્ષાત્કાર થવાથી તેઓ કૃતાર્થ થશે, એટલે તેમને કરવાયોગ્ય સગુણબ્રહ્મના ધ્યાનનુ અહિ નિરૂપણ કર્યું નથી, છતાં તેમને પણ પોતાના કર્તવ્યમાં પ્રકાશ પાડનારા કેટલાક વિષયો આ લેખમાં આવશે.

નિર્ગુણબ્રહ્મ એટલે માયાના ત્રણ ગુણોથી તથા માયાના ધર્મો જેવા કે જાડાપણું, પાતળાપણુ, ટુકાપણું, લાંબાપણું, ભિન્ન ભિન્ન પ્રકારના રગવાળાપણું, ન્યૂનાધિક પ્રકાશવાળાપણું, શરીરવાળાપણું, ઇંદ્રિયોવાળાપણું, પ્રાણવાળાપણુ ને મનવાળાપણું ઇત્યાદિથી રહિત ચેતન. ટુંકામાં કહીએ તો માયા એટલે સત્ત્વાદિ ત્રણ ગુણોથી ને તેના

સર્વ ધર્મોથી રહિત જે સર્વવ્યાપક ચેતન તે નિર્ગુણબ્રહ્મ, બ્રહ્મ વા પરબ્રહ્મ કહેવાય છે.

નીચે જણાવેલા તેર પ્રકારના વિચારમાંના કોઇ એક વિચારવડે જેમને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનો દઢ સાક્ષાત્કાર ન થાય તેમણે પુનઃ તેમાંનો કોઇ એક વિચાર જે પોતાના અંતઃકરણને વધારે અનુકૂલ આવે તે સારી રીતે સમજી, પછી પ્રાતઃકાલે ને સાયકાલે પોતાના અંતઃકરણની પ્રસન્નતામાં વધારો કરે એવા કોઇ પવિત્ર ને એકાંત સ્થલમાં પૂર્વાભિમુખે કે ઉત્તરાભિમુખે ઊન આદિના પવિત્ર આસનપર પદ્માસને વા સુખાસને બેસી, પોતાના શરીર, ઇંદ્રિયો ને અંતઃકરણના બાહ્યવેગોને શાંત કરવા. પશ્ચાત્ પોતાના સદ્ગુરુનું પ્રેમપૂર્વક સ્મરણ કરી તેમને બહુમાનપૂર્વક ને બહુભાવપૂર્વક ત્રણ વાર નમન કરવું, ને અમુક સમયસુધી બહારનાં ને અંતરનાં સર્વ પ્રકારનાં વિઘ્નોથી રક્ષણ કરવા તેઓશ્રીની પ્રાર્થના કરવી. પછી જે બ્રહ્મવિચાર પોતાના અંતઃકરણને બહુ અનુકૂલ આવ્યો હોય તે બ્રહ્મવિચારમાં પોતાની મધ્યમાવાણીને ને પોતાના મનને જોડવાં. આ વેલાએ અંતઃકરણની વૃત્તિ આધારાદિ ચક્રોમાં થઇને બ્રહ્મરંધ્રમાં આવી પરમપ્રકાશરૂપ ને પરમાનંદરૂપ અંતરાત્માથી અભિન્ન બ્રહ્મમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે એમ ધારવું. પ્રાતઃકાલે ને સાયંકાલે આવો પ્રયત્ન કરવાઉપરાંત જાગ્રદવસ્થાના સર્વકાલમાં પણ કાંઇક અંશે આ પ્રયત્ન ચાલુ રાખ્યા કરવો જોઇએ. જગતમાં સત્યપણાની બુદ્ધિનો ને દેહાદિમાં આત્માની બુદ્ધિનો ઉદય કદીપણ ન થવા દેવો જોઇએ. જો કદાચ પ્રમાદથી તેવી બુદ્ધિનો ઉદય થઇ જાય તો પુનઃ તેનું દઢતા, ધૈર્ય ને સાવધાનતાવાળા વિવેકથી ને વિચારથી તુરત શમન કરવું જોઇએ. આરંભમાં પોતાની મધ્યમાવાણીવડે તે વિચારના સારભૂત શબ્દો જે આગળ જણાવાશે તે બોલ્યા કરવા, ને પોતાના અંતઃ-

કરણની વૃત્તિને તે શબ્દોવડે પ્રતિપાદ્ય વિષયને આકારે કરવાનો પ્રયત્ન કરવો. મધ્યમાવાણી અન્ય શબ્દોનો ઉચ્ચાર ન કરે, તથા અંતઃકરણની વૃત્તિ અન્ય વિષયને આકારે ન થાય તેને માટે બ્રહ્મવિચાર કરનાર મુમુક્ષુ મનુષ્યે બહુજ સાવધાનતા રાખવી. મધ્યમાવાણી અન્ય શબ્દોનો ઉચ્ચાર કરવા લાગે તો તેને તે શબ્દોના ઉચ્ચારથી રોકી જે શબ્દોનો ઉચ્ચાર કર્યા કરવાનો છે તેમાં જોડવી, અને અંતઃકરણની વૃત્તિ જો કોઇ અન્ય વિષયનું ચિંતન કરવા લાગે તો તેને તે વિષયના ચિંતનથી રોકી પુનઃ જે વિષયનું તેને વર્તમાનમાં ચિંતન કરવાનું છે તેમા જોડવી. એમ કરવામાં તે મુમુક્ષુએ કંટાળવું નહિ, વા પ્રમાદી ન રહેવુ. આવો પ્રયત્ન ચાલુ રાખવાથી પછી તે શબ્દોનો ઉચ્ચાર ક્રમથી શાંત થવા લાગે છે, અને અંતઃકરણની વૃત્તિ આત્માથી અભિન્ન બ્રહ્મમાં એકાગ્ર થવા લાગે છે. એ એકાગ્રતા ઉત્તરોત્તર વધતાં અંતઃકરણની વૃત્તિ આત્માથી અભિન્ન બ્રહ્મનો અનુભવ નહિ થવા દેનારા આવરણનો ભગ કરે છે, ને અંતઃકરણની તે વૃત્તિને સ્વયંપ્રકાશ બ્રહ્મનો સ્પષ્ટ અનુભવ થાય છે.

મૂલાધાર, મણિપૂર, હૃત્પદ્મ ને વિશુદ્ધ એ ચક્રોને બરડાની કરોડભણી અભ્યાસવેલા સાધારણ બલથી સંકોચી રાખવાં, કે જેથી પૃથિવીના ગુરુત્વાકર્ષણથી પોતાનું શરીર ભારે ન જણાય, તથા બ્રહ્મરન્ધ્રમાં રોકેલું મન નીચે ન ઊતરી જાય.

૧ સ્થૂલશરીર, સૂક્ષ્મશરીર ને કારણશરીરની અંતર અસંગ ને અવિકારી રહીને તે ત્રણે શરીરોને જે તત્ત્વ પ્રકાશે છે તે તત્ત્વ આત્મા છે. આ આત્માનાં દ્રષ્ટા, સાક્ષી, કૂટસ્થ, અસંસારી, અકર્તાઅભોક્તા ને સ્વસ્વરૂપ એવાં અન્ય નામો પણ છે. આ આત્માનો આ પ્રતીત થતા નામરૂપાત્મક જગત્‌ના અધિષ્ઠાનરૂપ સર્વવ્યાપક બ્રહ્મથી સર્વદા

અભેદ છે. આ નિશ્ચયને મુમુક્ષુએ પોતાની બુદ્ધિમાં આરૂઢ કરી પછી "હું અંતરાત્માથી અભિન્ન બ્રહ્મ છું" આવા ઉચ્ચારણમાં પોતાની મધ્યમાવાણીને અને આવા ચિંતનમાં પોતાના અંતઃકરણને જોડ્યા કરવાં. આવો પ્રયત્ન જ્યાંસુધી તેવો સ્પષ્ટ અનુભવ પોતાના અંતઃકરણને થાય ત્યાંસુધી કર્યા કરવો.

૨ પ્રતીત થતા સર્વ ભૌતિક પદાર્થો પૃથિવી આદિ પાંચ ભૂતોમાંથી ઉપજ્યા છે તેથી તે સર્વ ભૌતિક પદાર્થો પાંચ ભૂતોરૂપજ છે. પાંચ ભૂતોમાં પ્રથમનાં ચાર ભૂતોના કરતાં પૃથિવી સ્થૂલ છે. કાર્ય પોતાના કારણથી ભિન્ન હોઇ શકે નહિ એ નિયમે તે પૃથિવી તેના કારણ જલથી ભિન્ન નથી, જલ તેના કારણ તેજથી ભિન્ન નથી, તેજ તેના કારણ વાયુથી ભિન્ન નથી, વાયુ તેના કારણ આકાશથી ભિન્ન નથી, આકાશ તેના કારણ માયાથી ભિન્ન નથી, અને માયા પોતાના અધિષ્ઠાન બ્રહ્મમાં કલ્પિત હોવાથી બ્રહ્મથી ભિન્ન નથી. સર્વ પ્રાણીઓના સ્થૂલશરીરો ને સૂક્ષ્મશરીરો માયાના કાર્યરૂપ હોવાથી માયાથી ભિન્ન નથી તેથી તે સર્વ શરીરો પણ માયાદ્વારા બ્રહ્મમાં કલ્પિત છે એમ સિદ્ધ થાય છે. આ નિશ્ચયને હૃદયમાં સુસ્થિર કરી "હું માયાના અધિષ્ઠાનરૂપ બ્રહ્મ છું" આવા સ્મરણમાં ને ચિંતનમાં પોતાની મધ્યમાવાણીને તથા પોતાના મનને તે બ્રહ્મનો અભેદભાવે સુસ્પષ્ટ અનુભવ થતાસુધી સતત આદરપૂર્વક જોડ્યા કરવાં.

૩ અન્નમયકોશથી પ્રાણમયકોશ સૂક્ષ્મ છે, પ્રાણમયકોશથી મનોમયકોશ સૂક્ષ્મ છે, મનોમયકોશથી વિજ્ઞાનમયકોશ સૂક્ષ્મ છે, ને વિજ્ઞાનમયકોશથી આનંદમયકોશ સૂક્ષ્મ છે. તે આનંદમયકોશ અંતરાત્મામાં કલ્પિત હોવાથી અંતરાત્માથી ભિન્ન નથી. ઈશ્વરના અન્નમયાદિ પાંચ કોશો પણ તેના અધિષ્ઠાન બ્રહ્મથી ભિન્ન નથી તેથી

આત્મા ને બ્રહ્મ બંને પાંચ કોશોથી પર છે. આવી રીતે ત્રણ શરીરોમાં રહેલા એ પાંચ કોશોથી આત્મા ભિન્ન છે, ને તેનો બ્રહ્મથી સર્વદાજ અભેદ છે. પોતાના અંતઃકરણમાં આ નિશ્ચય સુસ્થિર થયા પછી મુમુક્ષુએ "હું પાંચ કોશોથી પર બ્રહ્મ છું" આવા સ્મરણધ્યાનમાં પોતાનાં વાણીમનને બ્રહ્મના નિરાવરણ અનુભવવડે કૃતાર્થ થતાંસુધી જોડ્યા કરવાં.

૪ આકાશાદિ નામરૂપાત્મક જગત્ જે બાહ્યદૃષ્ટિવડે મનુષ્યાદિને પ્રતીત થાય છે તે ઈશ્વરકૃત જગત્ મુમુક્ષુને બંધન કરનારુ નથી, પણ તે જગત્માના જે ભાગમાં મુમુક્ષુ હું અને મારું એવી બુદ્ધિ કરે છે તેટલુ તેણે કલ્પેલું જગત્ તેને બંધન કરનારુ થાય છે માટે તે મુમુક્ષુએ પોતાના અસંગ આત્મસ્વરૂપનો વારવાર આદરપૂર્વક વિચાર કરી પોતાના તે કલ્પિત જગત્નો બ્રહ્મથી અભિન્ન પોતાના આત્મામાં ત્રણે કાલમાં સદ્‌ભાવ નથી એમ નિશ્ચય કરવો. પછી આગળ કહેલી રીતે ' હું વાસનારહિત અસંગ આત્મા છું " આવુ ઉચ્ચારણ ને ચિંતન પોતાનાં પ્રાણ ને ચિત્ત વાસનારહિત થઇ શ્વાસોચ્છ્વાસની પેઠે વા પ્રકાશવાળા પ્રદેશમા પોતાની સંમુખ પડેલા ઘડાના ભાનની પેઠે પોતાના મનમાં અસંગ આત્માનુ સ્ફુરણ સ્વાભાવિક થઇ જાય ત્યાંસુધી મુમુક્ષુએ કર્યા કરવુ.

૫ "તે બ્રહ્મ તું છે," "આત્મા બ્રહ્મ છે," ને "આ સર્વ નિશ્ચય બ્રહ્મ છે," આવા અર્થનો બોધ કરનારાં વેદવચનો મારાં ત્રણ શરીરોની અંતર રહેલા આત્માને બ્રહ્મજ કહે છે તેથી હું વસ્તુતાએ બ્રહ્મજ છું, હું બ્રહ્મથી લેશ પણ ભિન્ન નથી આવો સુદૃઢ નિશ્ચય કરી, પછી પૂર્વ કહેલી રીતે દેહાદિની સ્થિતિ કરી, "હું બ્રહ્મ

છું” આવું ઉચ્ચારણ ને ચિંતન બ્રહ્મનો સુદૃઢ અનુભવ થતાંસુધી સતત કર્યા કરવાં. “ ૐ,” “ શંકર,” “ રામ,” “ કૃષ્ણ ” ને “ ગુરુ ” ઇત્યાદિ શબ્દોમાંના કોઇ એક શબ્દનું મધ્યમસ્વરે વારવાર ઉચ્ચારણ કર્યા કરવાથી અને તે શબ્દના લક્ષ્યાર્થરૂપ બ્રહ્મમાં પોતાના ચિત્તને આદરપૂર્વક જોડયા કરવાથી પણ તે ક્રિયાઓનો પારિપાક થતાં આવરણભંગ થઇ તે મોક્ષસાધકને બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થાય છે.

૬ જેમ કોઇ વિશાલ સ્વચ્છ વસ્ત્રમાં ચિત્રેલાં ચિત્રો મનુષ્યને પ્રતીત થાય, વા કોઈ મહાવિશાલ દર્પણમાં નગરાદિનું પ્રતિબિંબ મનુષ્યને પ્રતીત થાય, વા આકાશમાં ગંધર્વનગરની મનુષ્યને પ્રતીતિ થાય તેમ મારા અંતઃકરણની વાસનાઓવડે ચિદાકાશમાં મને આ કલ્પિત જગત્ પ્રતીત થાય છે એવો દૃઢ નિશ્ચય કરી, પછી “ હું ચિદાકાશ છું” આવું ઉચ્ચારણ ને ધ્યાન પોતાના ચિદાકાશસ્વરૂપનો સુસ્પષ્ટ અનુભવ થતાંસુધી કર્યા કરવાં.

૭ જીવરૂપ ભોક્તા મારા આત્મસ્વરૂપમાં કલ્પિત છે, અને શબ્દાદિ વિષયો ને તેનાં સાધનો પણ મારા આત્મસ્વરૂપમાં કલ્પિત છે, હું તો સર્વદા અસંગ, પરમશાંત, ઇચ્છારહિત ને નિત્યતૃપ્ત છુ આવો પોતાના સ્વરૂપનો સુદૃઢ નિશ્ચય કરી, પછી “ હું નિત્યતૃપ્ત છુ” આવુ ઉચ્ચારણ ને ધ્યાન પોતાના નિત્યતૃપ્તસ્વરૂપનો દૃઢ અનુભવ થતાંસુધી મોક્ષસાધકે સતત કર્યા કરવાં.

૮ જેમ નાટકશાલામાં રહેલો મણિમય દીપક ત્યાં રહેલા રાજાને, સભ્યોને, નાચ કરનારીને તથા તાલ ધારણ કરનારાઓને અવિકારી રહીને પ્રકાશે છે તેમ હું (આત્મા) અહંકારને, વિષયોને, બુદ્ધિને અને ઇંદ્રિયોને અવિકારી રહીને પ્રકાશુ છું,–તે સર્વના સદ્ભાવને અને તેમના અભાવને હું કોઇ પણ પ્રકારનો વિકાર પામ્યા વિના

પ્રકાશું છું–આવો સુદૃઢ નિશ્ચય કરી; પછી "હું સર્વદા અવિકારી છું" આવું ઉચ્ચારણ ને ધ્યાન પોતાના સર્વદા અવિકારી સ્વરૂપનો સુદૃઢ સાક્ષાત્કાર થતાંસુધી મોક્ષસાધકે કર્યા કરવાં.

૯ મારા અંતઃકરણની સુષુપ્તિઅવસ્થામાં, અને મારું શરીર ઇંદ્રિયો ને અંતઃકરણ મૂઢતાથી તથા વિક્ષેપથી રહિત શાંત હોય ત્યારે મને જે આનંદ અનુભવાય છે તે આનંદના હેતુભૂત જે નિરુપાધિક અખંડ આનંદ છે તે મારુ વાસ્તવિક સ્વરૂપ છે, અર્થાત્ પરમાનંદ-રૂપ બ્રહ્મજ મારું વાસ્તવિક સ્વરૂપ છે આવો અડગ નિશ્ચય વારંવાર વિવેક તથા વિચાર કરીને કરવો, પછી "હુ પરમાનંદરૂપ છું" આવા ઉચ્ચારમાં ને ધ્યાનમાં પોતાનાં વાણીમનને તેવો સુદૃઢ અનુભવ થતાં-સુધી આદરપૂર્વક જોડયા કરવાં.

૧૦ મને આ જગતમાં જે જે અનુકૂલ પ્રાણિપદાર્થ પ્રિય જણાય છે તે તે અનુકૂલ પ્રાણિપદાર્થ કેવલ મારા આત્માને માટેજ પ્રિય જણાય છે, તે તે પ્રાણિપદાર્થમાટે મને તે પ્રિય જણાતા નથી તેથી જે આત્માને માટે મને તે પ્રિય જણાય છે તે મારો આત્માજ પરમપ્રિય છે એમ પરિપૂર્ણરીતે નક્કી કરી, તેમાંજ સર્વ પ્રકારના પ્રેમોનું સમર્પણ કરી, તે આત્માને બ્રહ્મસ્વરૂપ સમજી "આત્માજ પરમપ્રિય છે" એવો અચલ નિશ્ચય પોતાના અંતઃકરણમાં કરી, તેવા ઉચ્ચારમાં ને ધ્યાનમાં પોતાની મધ્યમાવાણીને અને પોતાના અંતઃકરણને આત્માના પરમપ્રિયપણાનો સુસ્પષ્ટ અનુભવ થતાંસુધી આદરપૂર્વક જોડયા કરવાં. આવા પ્રયત્નથી તે નિજાનંદને અનુભવે છે, અને સમગ્ર જગત્‌ને કલ્પિતરૂપે જુએ છે, વાસ્તવરૂપે જોતો નથી તેથી તે કૃતાર્થ થાય છે.

૧૧ અદ્વૈતાનંદરૂપ બ્રહ્મના વિવર્તરૂપ આ સમગ્ર જગત્ હોવાથી

આ સમગ્ર જગત્ ને તેનું કારણ માયા અદ્વૈતાનંદરૂપ બ્રહ્મથી લગાર પણ ભિન્ન નથી. પ્રતીત થતું સર્વ જગત્ ને માયા મિથ્યા છે. તે બન્ને પ્રતીત થાય છે, છતાં તે સત્ય નથી. જેમ જલાશયના તટપર ઊભો રહેનાર મનુષ્ય જલમાં પડેલા પોતાના પ્રતિબિંબને ઉંધું જુએ છે, છતાં તેને તે મિથ્યા જાણે છે, ને તટપર રહેલા પોતાના સ્થૂલ-શરીરને તે સત્ય માને છે તેમ વિવકીએ પ્રતીત થતા જગત્‌ને મિથ્યા માનવું, ને તેના આધારભૂત અદ્વૈતાનંદરૂપ બ્રહ્મને સત્ય માનવુ. મનો-રાજ્યની પેઠે જાગ્રત્‌માં પ્રતીત થતું જગત્ મિથ્યા છે એમ સમજી પોતાના અતઃકરણને નામરૂપમાં ન જવા દેવું. આવા વિચારોવડે અદ્વૈતાનંદરૂપ બ્રહ્મનો સુદૃઢ નિશ્ચય કરી. પછી "હું અદ્વૈતાનંદરૂપ બ્રહ્મ છું" આવા ઉચ્ચારણમાં ને ચિંતનમાં પોતાનાં વાણીમનને એવો દૃઢ અનુભવ થતાંસુધી ભાવપૂર્વક જોડ્યા કરવાં.

૧૨ બ્રહ્મનો અપરોક્ષાનુભવ થવાથી બ્રહ્મથી અભિન્ન આત્મામાં ત્રિવિધ દુઃખોનો અભાવ જણાય છે, સર્વમાં સાક્ષિરૂપે રહેલા પોતાના આત્માનું ભાન થવાથી સર્વ વિષયોની એકસાથે પ્રાપ્તિ થયેલી અનુભવાય છે, કાંઇ પ્રાપ્તવ્ય અવશેષ ન રહેવાથી પ્રાપ્ત કરવાયોગ્યની પ્રાપ્તિ થઈ ગયેલી અનુભવાય છે, ને સર્વ કર્તવ્યોનો અવધિ આવી ગયાનું ભાન થાય છે. બ્રહ્મથી અભિન્ન આત્માનો સંશયવિપર્યયરહિત અનુ-ભવ થવાથી ઉપર કહેલો અનુભવ થાય છે. આ બ્રહ્મથી અભિન્ન આત્મા સર્વદા કૃતાર્થ છે આવો વિચાર હૃદયમાં સુસ્થિર કરી પછી "હું કૃતાર્થ છું" આવા ઉચ્ચાર ને ધ્યાનમાં પોતાનાં વાણીમનને પોતાના કૃતાર્થપણાનું સ્પષ્ટ ભાન થતાંસુધી આદરપૂર્વક જોડ્યા કરવાં.

૧૩ ઇચ્છિત વિષયની પ્રાપ્તિ થતાં અંતઃકરણ સ્થિર થાય છે. સ્થિર થયેલા તે અંતઃકરણમાં બ્રહ્માનંદનું પ્રતિબિંબ પડતાં મનુષ્યને

વિષયાનંદનું ભાન થાય છે. આ વિષયાનંદ બ્રહ્માનંદના અંશરૂપ છે. વિવેકી મુમુક્ષુએ વિષયાનંદરૂપ અંશવડે તેના મૂલભૂત બ્રહ્માનંદરૂપ અંશીને જાણવાનો પ્રયત્ન કરવો. અતઃકરણની સત્ત્વગુણવાળી વૃત્તિ શાંત, રજોગુણવાળી વૃત્તિ ઘોર ને તમોગુણવાળી વૃત્તિ મૂઢ કહેવાય છે. પાષાણાદિ જડમાં બ્રહ્મને સદ્રૂપે વિચારવું, ઘોર ને મૂઢ વૃત્તિઓમાં બ્રહ્મને સદ્રૂપે ને ચિદ્રૂપે વિચારવું, અને શાંતવૃત્તિઓમાં બ્રહ્મને સદ્રૂપે, ચિદ્રૂપે ને આનંદરૂપે વિચારવું. અસત્તા, જડતા ને મૂઢતા એ માયાના સ્વભાવોરૂપ ઉપાધિનો વિવેકવડે ત્યાગ કરીને શુદ્ધબ્રહ્મના સ્વરૂપનો નિર્ણય કરવો. આવો સુદઢ નિર્ણય કરી પછી "હું નિરુપાધિક બ્રહ્મ છું" આવા ઉચ્ચારમાં ને ધ્યાનમાં પોતાનાં વાણીમનને પોતાના નિરુપાધિક બ્રહ્મસ્વરૂપનો પોતાને સ્પષ્ટ અનુભવ થાય ત્યાંસુધી આદર-પૂર્વક જોડ્યા કરવાં.

નિદિધ્યાસનનો પરિપાક **સમાધિ** કહેવાય છે. કોઇ પણ પૂજ્ય ને પવિત્ર દૃશ્ય વસ્તુને બ્રહ્મ સમજી તેને આકારે પોતાના અંતઃ-કરણની વૃત્તિ કર્યા કરવી તે દૃશ્યાનુવિદ્ધ સમાધિ કહેવાય છે, ને તેવી કોઇ દૃશ્ય વસ્તુના અધિષ્ઠાનમાં પોતાના અંતઃકરણને સુસ્થિર કર્યા કરવું તે દૃશ્યાનનુવિદ્ધ સમાધિ કહેવાય છે; અને બ્રહ્મબોધક કોઇ પણ શબ્દના સૂક્ષ્મ ઉચ્ચારણપૂર્વક પોતાના અંતઃકરણને બ્રહ્મમાં જોડ્યા કરવું તે **શબ્દાનુવિદ્ધ** સમાધિ કહેવાય છે, ને તેવા ઉચ્ચારણ-વિના બ્રહ્મમાં પોતાના અંતઃકરણને જોડ્યા કરવું તે **શબ્દાનનુવિદ્ધ** સમાધિ કહેવાય છે. આ ચાર પ્રકારના સમાધિમાંથી કોઇ એક પ્રથમ પ્રકારના ને પછી બીજા પ્રકારના સમાધિના અનુષ્ઠાનવડે મુમુક્ષુ પોતાના અંતઃકરણને બ્રહ્માકાર કરવાનો પ્રયત્ન કરે તો તેથી પણ તે બ્રહ્મના સાક્ષાત્કારવડે કૃતાર્થ થાય છે.

આત્માથી અભિન્ન બ્રહ્મના સાક્ષાત્કારમાટે તે બ્રહ્મનું ધ્યાન આ પ્રમાણે પણ થઇ શકે છેઃ–પ્રથમ સ્વસ્થ થઇ પદ્મમાસનાદિ કોઇ પણ પોતાના શરીરને અનુકૂલ પડતા આસને બ્રહ્મધ્યાનના સમયનો નિશ્ચય કરી બેસવું. પછી પોતાની ઇંદ્રિયોને બહારના વિષયોથી સારી રીતે ઉપરામ પમાડી શાંત કરવી,–તેમની ક્રિયાઓ કેવલ બંધ કરવી. પછી પોતાના મનને અન્ય વિષયના ચિંતનથી રહિત (શાંત) કરી દેવું. માત્ર હું છું એવી એક વ્યષ્ટિબુદ્ધિને રહેવા દેવી. પશ્ચાત્ તે વ્યષ્ટિબુદ્ધિને આધારચક્રથી બ્રહ્મરંધ્રમાં લાવવી. પછી તે બુદ્ધિને સમષ્ટિબુદ્ધિમાં જોડી તેને માયાના જેટલી વ્યાપક થવા દેવી. પછી તે માયા જાણે બહુજ વિરલ ને સ્થિર દૂધનો વ્યાપક મહાસાગર હોય એવી ધારવી. છેવટ તે માયા જાણે પોતાના આધષ્ઠાનભૂત બ્રહ્મમાં અભેદભાવ પામી ગઇ હોય એમ ધારી સ્વદેહના ને જગત્‌ના વિસ્મરણપૂર્વક સંકલ્પરહિત સ્થિર રહેવું. આમ આગળથી નક્કી કરેલા સમયસુધી રહેવું. આવા યત્નથી પણ બ્રહ્મસાક્ષાત્કાર થાય છે.

આવો અભ્યાસ ચાલતો હોય ત્યારે ઘણી વાર બ્રહ્મરંધ્ર ને તેની આજુબાજુના ભાગમાં રહેલા મજ્જાદ્રવ્યમાંથી તેનો સાર ત્યાં ગરમી લાગવાથી ઓગળી ટપકવા લાગે છે, ને તે નીચે ઉતરી કંઠદ્વારા જઠરાગ્નિમાં જાય છે. આ મજ્જાદ્રવ્યના સારને યોગીઓની પરિભાષામાં ચદ્રામૃત, ચદ્રસાર વા અમૃત કહે છે. આ ચંદ્રામૃતના પાનથી બુદ્ધિનું, ઇંદ્રિયોનું ને શરીરનુ સાત્ત્વિકબલ વૃદ્ધિ પામે છે.

વેદાંતશાસ્ત્રોમાં મહાવાક્યોવડે બ્રહ્મને અંતરાત્મરૂપે જણાવ્યું છે, પણ વિચારહીન ને મંદબુદ્ધિવાળા પુરુષો દેહાદિમાંથી આત્મપણાની બુદ્ધિ ત્યજી શકતા નથી તેથી તેઓ બ્રહ્મને અંતરાત્મરૂપે અનુભવી શકતા નથી.

નિર્દોષ હૃદયવાળા શ્રદ્ધાલુ મુમુક્ષુને સદ્‌ગુરુના એક વારના ઉપદેશથી સ્થૂલાદિ ત્રણ શરીરથી પર રહેલો પોતાનો આત્મા બ્રહ્મસ્વરૂપ છે એવું પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી આદરપૂર્વક વારંવારના તેના વિચારવડે-નિદિધ્યાસનવડે-વા કોઇ પણ પ્રકારની નિર્ગુણોપાસનાવડે તે પ્રત્યગભિન્ન બ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે. જ્યાંસુધી તે પ્રત્યગભિન્ન બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર ન થાય ત્યાંસુધી મુમુક્ષુએ બ્રહ્મવિચાર-નિદિધ્યાસન-કે નિર્ગુણોપાસના કર્યા કરવાં જોઇએ. જેમ વાવેલાં આમ્રાદિ વૃક્ષો કાલે કરીને ફલ આપે છે તેમ બ્રહ્મવિચાર-નિદિધ્યાસન-ને નિર્ગુણોપાસના પણ શનૈઃ શનૈઃ પરિપાક પામીને સમય (પ્રતિબંધકનું દૂર થવું) થયે ફલ આપે છે.

કેવલ બ્રહ્મસંબધિ વાતોથીજ મુમુક્ષુને સૂક્ષ્મતમ બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થઇ જવો સંભવતો નથી. જ્યારે વિરાગવડે પોતાના અંતઃકરણની સ્થૂલતા દૂર કરવામાં આવે, તથા નિદિધ્યાસનરૂપ અતઃકરણની એકાગ્રતાવડે તેની ચંચલતા દૂર કરવામાં આવે ત્યારેજ મુમુક્ષુને બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થઇ શકે છે.

બુદ્ધિના મદપણાથી અથવા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુની ને સતશાસ્ત્રની અપ્રાપ્તિથી જે મુમુક્ષુઓ બ્રહ્મનો વિચાર કરવાને સમર્થ ન હોય તેમણે નિર્ગુણોપાસના જાણનાર ગુરુની પાસેથી નિર્ગુણોપાસનાનું સ્વરૂપ સમજી નિર્ગુણબ્રહ્મની ઉપાસના કરવી, અર્થાત્ નિર્ગુણબ્રહ્મને આકારે પોતાના અંતઃકરણની વૃત્તિઓનો પ્રવાહ આદરપૂર્વક સતત ચલાવ્યા કરવો.

ૐકારની અકારનામની માત્રાનો, જીવના સ્થૂલશરીરના અભિમાની વિશ્વનામના જીવનો ને ઇશ્વરના સ્થૂલશરીરના અભિમાની વિરાટ્‌નો અભેદ છે; ૐકારની ઉકારનામની માત્રાનો, જીવના સૂક્ષ્મ-

શરીરના અભિમાની તૈજસનો ને ઇશ્વરના સૂક્ષ્મશરીરના અભિમાની હિરણ્યગર્ભનો વા સૂત્રાત્માનો અભેદ છે; ૐકારની મકારનામની માત્રાનો, જીવના કારણશરીરના અભિમાની પ્રાજ્ઞનો ને ઇશ્વરના કારણશરીરના અભિમાની અંતર્યામીનો અભેદ છે; અને ૐકારની અમાત્રસ્થિતિનો, જીવના પારમાર્થિકસ્વરૂપ પ્રત્યક્‌તત્ત્વનો ને ઇશ્વરના પારમાર્થિકસ્વરૂપ બ્રહ્મનો સર્વદાજ અભેદ છે. આવી રીતે ૐકારના લક્ષ્યાર્થરૂપ અમાત્રનો અંતરાત્માથી અભિન્ન બ્રહ્મથી અભેદ છે. આવો દૃઢ નિશ્ચય કર્યા પછી ૐના સૂક્ષ્મ ઉચ્ચારમાં તથા અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના ધ્યાનમાં પોતાની વાણીને તથા અંતઃકરણને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનો સંશયવિપર્યયરહિત સાક્ષાત્કાર થતાંસુધી જોડયા કરવાં. અંતઃકરણની વૃત્તિ નિર્ગુણબ્રહ્મમાં એકાગ્ર નહિ રહેતાં અન્ય પ્રાણિપદાર્થને આકારે થાય તો તુરત તેને તેમાંથી પાછી વાળી નિર્ગુણબ્રહ્મમાં એકાગ્ર કરવી.

પોતાના પ્રારબ્ધકર્મને ભોગવતાં છતાં પણ મુમુક્ષુમાં ઉત્તમ પ્રકારની શ્રદ્ધા હોય તો તે મુમુક્ષુ નિર્ગુણબ્રહ્મની ઉપાસના અથવા શુદ્ધબ્રહ્મની ભાવના સુખપૂર્વક કરી શકે છે. જેમ ઘાટા વિષયાનુરાગવાળાં માણસો પોતાનો પ્રાપ્ત વ્યવહાર કરતાં છતાં પણ પોતાના પરમપ્રિય વિષયનું પોતાના અંતઃકરણવડે અનુસંધાન કર્યા કરે છે, ને તે અનુસંધાનવડે ઉપજતા સુખનું પોતાના અંતઃકરણમાં આસ્વાદન કર્યા કરે છે તેમ નિર્ગુણબ્રહ્મની ઉપાસના કરનાર માણસો પણ પોતાનો પ્રાપ્ત વ્યવહાર કરતાં છતાં પણ પોતાના પરમપ્રિય નિર્ગુણબ્રહ્મનું પોતાના અંતઃકરણવડે અનુસંધાન કર્યા કરે છે, ને તે અનુસંધાનવડે ઉપજતા પરમસુખનું તે પોતાના અંતઃકરણમાં આસ્વાદન કર્યા કરે છે.

નિર્ગુણધ્યાન અથવા નિર્ગુણબ્રહ્મની ઉપાસના કરનારે પોતાના અંતઃકરણની દુર્વાસનાઓનો શુભવાસનાઓવડે વિનાશ કરવાનું કામ પણ સાથેજ કરવાનું છે. મનના સ્થૂલભાવનો નાશ તો ઉપર જણાવેલી ક્રિયાવડે થયા કરે છે.

નિર્ગુણબ્રહ્મની ઉપાસનાથી મુમુક્ષુના અંતઃકરણની પવિત્રતા ને એકાગ્રતા વધી તે અંતઃકરણ શનૈઃ શનૈઃ બ્રહ્મમાં વિરામવા લાગે છે, ને અન્ય વિષયના ચિંતનને તે ત્યજી દે છે. એવી યોગ્યતાવાળુ ચિત્ત પછી મહાવાક્યના વિચારથી આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે.

બ્રહ્મસ્વરૂપનો વારવાર આદરપૂર્વક વિચાર કરતાં ઉત્તમાધિકારીના અંતઃકરણને બ્રહ્મસ્વરૂપનો દૃઢ સાક્ષાત્કાર થાય છે, ને તુરત તેનુ અંતઃકરણ અંતરાત્માથી અભિન્ન બ્રહ્મમાં વિરામ પામે છે. તેવા પવિત્ર ને એકાગ્ર હૃદયવાળા અધિકારીને આગળ જણાવેલા તેર પ્રકારના ક્રિયાયુક્ત નિદિધ્યાસનમાંથી કોઇ પણ પ્રકારનું નિદિધ્યાસન કરવું પડતું નથી, માત્ર ગમે તે સ્થિતિમાં બ્રહ્મના વિચારરૂપ નિદિધ્યાસનથી તે કૃતાર્થ થાય છે. મધ્યમાધિકારીને તેમાંનું કોઇ એક ક્રિયાયુક્ત નિદિધ્યાસન કરવું પડે છે, ને કનિષ્ઠ અધિકારીને નિર્ગુણબ્રહ્મની ઉપાસના કરવી પડે છે.

બ્રહ્મવિચાર કરનારે બ્રહ્મનું સ્વરૂપ સદ્ગુરુથી ને સતશાસ્ત્રથી યથાર્થ જાણી પછી તે બ્રહ્મને પોતાની બુદ્ધિમાં આરૂઢ કરવામાટે વારંવાર તેનો આદરપૂર્વક એકાંતમાં વિચાર કર્યા કરવો જોઇએ. આવા પ્રયત્નને પરિણામે તેને આત્માથી અભિન્ન બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થાય છે, ને પછી તેને દેહાદિમાં આત્માની અને જગત્માં સત્યપણાની બુદ્ધિ રહેતી નથી. વિચારવડે બ્રહ્મમાં પોતાના અંતઃ-

કરણને અલ્પ સમય સ્થિર કરી શકાય છે. જો તેને બ્રહ્મમાં વધારે સ્થિર રાખવું હોય તો તેણે બ્રહ્મધ્યાન કરવુ જોઇએ.

નિર્ગુણબ્રહ્મની ઉપાસના કરનારે પ્રથમ પોતાના સદ્ગુરુપાસેથી તે ઉપાસના કરવાની રીત યથાર્થ સમજવી જોઇએ. પછી પોતાના અતઃકરણની વૃત્તિઓનો પ્રવાહ સતત નક્કી કરેલા બ્રહ્મસ્વરૂપે કર્યા કરવો જોઇએ. વૃત્તિ જો અન્ય પ્રાણિપદાર્થને આકારે થાય વા મૂઢ થઇ પડી રહે તો તેને પુનઃ પાછી વાળીને વા જગાડીને બ્રહ્મસ્વરૂપ-માં સ્થાપવી જોઇએ. આવા પ્રયત્નથી તે મુમુક્ષુને કાં તો જીવતાં છતાં વા મરણકાલે બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, અથવા શરીરપાતપછી સત્યલોકમાં જતાં ત્યાં બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

નિદિધ્યાસનનો પરિપાક થઇ અતરાત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં તે પુરુષ ત્રિપુરાસુરનો નાશ કરનાર અર્થાત્ વ્યષ્ટિ ને સમષ્ટિ સ્થૂલશરીર, સૂક્ષ્મશરીર ને કારણશરીરરૂપ ત્રણ પુરોનો બાધ કરનાર થાય છે.

જેમ સૂર્યના પ્રખર તાપથી બરફનો સમૂહ ઓગળી પાણી થઇ જાય છે તેમ ઉત્તમ પ્રકારના નિદિધ્યાસનથી પોતાનાં ત્રણ શરીરો ને જગત્‌ની ત્રણ પ્રકારની સ્થિતિ બ્રહ્મરૂપ થઇ જાય છે.

પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો ને ચાર અંતઃકરણ નિદિ-ધ્યાસનવડે મુમુક્ષુના અંતઃકરણમાં શુદ્ધસત્ત્વગુણની વૃદ્ધિ થવાથી તથા આત્મસાક્ષાત્કાર થવાથી પરમપવિત્ર, પરમશાંત ને પરમતૃપ્ત થાય છે. આવી સ્થિતિએ પહોંચનાર પુરુષના અતઃકરણની વૃત્તિ નિરાવરણ થવાથી તે વૃત્તિ અંતર ને બહાર સર્વત્ર સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનું દર્શન કરવામાં સમર્થ થાય છે. હવે તેને સોપાધિક વિષયાનંદ અસત્,

તુચ્છ ને બંધક પ્રતીત થાય છે, અને નિરુપાધિક બ્રહ્માનંદજ તેને સત્, શ્રેષ્ઠ ને બધરહિત પ્રતીત થાય છે.

પોતાના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોના બહુપણાથી આ જગત્માં ઘણા મનુષ્યોને વેદાંતના શ્રવણમાં પ્રવૃત્તિ કરવી ગમતી નથી, પ્રતિબધક સંસ્કારોના સદ્ભાવથી ઘણાને વેદાંતના શ્રવણનો લાભ મળી શકતો નથી, કેટલાકને વેદાંતના શ્રવણનો લાભ મળ્યા છતાં પ્રતિબંધક સંસ્કારોને લીધે તેના મનનમાટે અનુકૂલતા પ્રાપ્ત થઇ શકતી નથી, અને કેટલાકને વેદાંતનું મનન કર્યા છતાં પ્રતિબંધક સંસ્કારોને લીધે નિદિધ્યાસન કરવાની અનુકૂલતા પ્રાપ્ત થતી નથી. પુણ્યસંસ્કારોનો ઉદય થયા વિના મુમુક્ષુથી નિદિધ્યાસન થઇ શકતું નથી. નિદિધ્યાસન કરનારમાંના કેટલાક પુરુષને ભૂતપ્રતિબંધ, કેટલાક પુરુષને વર્તમાનપ્રતિબધ ને કેટલાક પુરુષને ભાવિપ્રતિબધ વિઘ્ન કરે છે. આગળ અનુભવેલા કોઇ પ્રાણિપદાર્થમાં મુમુક્ષુના અંતઃકરણમાં બહુ રાગ વા દ્વેષ રહેવાથી વારંવાર તે પ્રાણિપદાર્થને આકારે તેનું અતઃકરણ થયા કરે તેથી તે મુમુક્ષુનું અતઃકરણ બ્રહ્માકાર થઇ શકે નહિ આ **ભૂતપ્રતિબંધ** કહેવાય છે. જે મુમુક્ષુને ભૂતપ્રતિબંધ વિઘ્ન કરતો હોય તે મુમુક્ષુએ જે પ્રાણિપદાર્થનું સ્મરણ પોતાનું અંતઃકરણ વારવાર રાગપૂર્વક વા દ્વેષપૂર્વક કર્યા કરતું હોય તે પ્રાણિપદાર્થનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે એમ નક્કી કરી તે પ્રાણિપદાર્થે જેટલું ચેતન રોકયું હોય તેટલા ચેતનરૂપ બ્રહ્મનું ધ્યાન કરવાનો પ્રયત્ન કરવો, અર્થાત્ જ્યારે જ્યારે તે પ્રાણિ-પદાર્થનું સ્મરણ થાય ત્યારે ત્યારે તે પ્રાણિપદાર્થની સાથે તેના અધિષ્ઠાન ચેતનનું પણ સ્મરણ કરવું. આવી રીતે ધ્યાન કરવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી તે પ્રાણિપદાર્થમાં તેના અંતઃકરણવિષે..જે રાગના વા દ્વેષના બલવાન્ સંસ્કારો રહ્યા હશે તે દૂર થઇ જશે, ને

તેથી તેનું અતઃકરણ બ્રહ્મને આકારે થવાનું સામર્થ્ય પ્રાપ્ત કરશે.

પોતાના અતઃકરણના વર્તમાનકાલના જે દોષથી મુમુક્ષુનું અંતઃકરણ બ્રહ્માકાર થઇ શકે નહિ તે દોષ વર્તમાનપ્રતિબંધ કહેવાય છે. વર્તમાનપ્રતિબંધ ચાર પ્રકારનો છે, બુદ્ધિનું મદપણું, શબ્દાદિ વિષયોમાં ને તેનાં સાધનોમાં દૃઢ આસક્તિ, કુતર્ક (શ્રુતિસ્મૃતિથી વિપરીત તર્ક) ને વિપર્યયમાં દુરાગ્રહ. પોતાના સદ્ગુરુપાસેથી આદરપૂર્વક વારવાર બ્રહ્મોપદેશનું શ્રવણ કરવાથી મુમુક્ષુની બુદ્ધિનું મદપણુ દૂર થઇ જાય છે: વૈરાગ્ય, શમ ને દમના સદાગ્રહવાળા અનુષ્ઠાનથી શબ્દાદિ વિષયોમાં ને તેનાં સાધનોમાં રહેલી દૃઢ આસક્તિ નિવૃત્ત થઇ જાય છે: વેદાંતના વિધિવત્ મનનથી વા બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના વિચારથી અતઃકરણમાં રહેલો કુતર્કદોષ દૂર થઇ જાય છે: અને નિદિધ્યાસનથી દેહાદિમાં રહેલી આત્માની બુદ્ધિરૂપ ને જગત્માં રહેલી સત્યપણાની બુદ્ધિરૂપ વિપર્યયમાં દુરાગ્રહ એ નામના દોષનો વિનાશ થઇ જાય છે.

એક કે તેથી વધારે જન્મ આપનારા બલવાન્ પ્રારબ્ધદોષને ભાવિપ્રતિબધ કહે છે. આ ભાવિપ્રતિબધ ઉપાયથી દૂર થઇ શકતો નથી. જેટલા જન્મ આપવાનું તેનું બલ હોય તેટલા જન્મ આપી તે અનાયાસે નિવૃત્ત થઇ જાય છે. એ ભાવિપ્રતિબધ જ્યારે નિવૃત્ત થાય છે ત્યારે તે પુરુષને સદ્ગુરુના ને સત્શાસ્ત્રના ઉપદેશવિનાજ આગળ કરેલા પ્રયત્નથી અતરાત્માથી અભિન્ન બ્રહ્મનો દૃઢ અનુભવ થાય છે. આ ભાવિપ્રતિબધ કોઇકજ મુમુક્ષુને જ્ઞાનપ્રાપ્તિમાં વિઘ્ન કરે છે.

કેટલાક મુમુક્ષુઓને મંદપ્રારબ્ધને લીધે જ્વરાદિ રોગ, નિદિધ્યાસનમાં અરુચિ, શરીરમનના ભારેપણાથી નિદિધ્યાસનમાં અપ્રવૃત્તિ, નિદિધ્યાસન કરવારૂપ પોતાના કર્તવ્યની વિસ્મૃતિ, નિદિધ્યાસન મારા

વ્યવહારને વા મારા શરીરને વા મારા અંતઃકરણને કોઇ પણ પ્રકારની હાનિ કરશે આવી ભ્રાંતિ, અંતઃકરણની વ્યાકુલતા અને નિદિધ્યાસનથી મને બ્રહ્મજ્ઞાન થશે કે બીજા કોઇ સાધનથી મને બ્રહ્મજ્ઞાન થશે એવો સંશય આ વિઘ્નો તેના નિદિધ્યાસનના અભ્યાસમાં વિઘ્ન કરે છે. જ્વરાદિ રોગને ઔષધના સેવનથી ને પથ્યના પાલનથી વા પ્રણવના જપથી ને પરમાત્માના વા સદ્‌ગુરુના ધ્યાનથી દૂર કરી શકાય છે, નિદિધ્યાસનનું માહાત્મ્ય જાણવાથી નિદિધ્યાસનમાં રહેતી અરુચિ દૂર કરી શકાય છે, વિહિતકર્મમાં ઉદ્યોગી રહેવાવડે તથા પ્રાણાયામના અભ્યાસવડે શરીરની સ્થૂલતા ને અતઃકરણના તમોગુણની વૃદ્ધિ દૂર કરવાથી નિદિધ્યાસનમાં થતી અપ્રવૃત્તિ દૂર થાય છે, નિદિધ્યાસનનું આવશ્યકપણું સ્મરણમાં રાખી સાવધાનતા વધારવાથી નિદિધ્યાસનરૂપ કર્તવ્યની વિસ્મૃતિ દૂર થાય છે, મહાપુરુષોના સમાગમવડે નિદિધ્યાસનનું પરમોપકારકપણું સમજાતાં ભ્રાંતિદોષ દૂર થઇ જાય છે, પ્રણવના જપવડે અથવા પરમાત્માના ધ્યાનવડે અતઃકરણની વ્યાકુલતા નિવૃત્ત થાય છે, અને સત્સંગવડે નિદિધ્યાસનજ બ્રહ્મસાક્ષાત્કારનુ મુખ્યસાધન છે એમ જાણવાથી સંશયદોષની નિવૃત્તિ થઇ જાય છે.

લય, વિક્ષેપ, કષાય ને રસાસ્વાદ આ ચાર દોષો નિદિધ્યાસનનો પરિપાક થવા દેતા નથી માટે વિવેકી મુમુક્ષુએ તે ચાર દોષોમાંના એક કે અનેક જે દોષ પોતાના નિદિધ્યાસનના પરિપાકમાં અડચણ કરતા હોય તેને યોગ્ય ઉપાયથી દૂર કરવા જોઇએ. અંતઃકરણમાં તમોગુણની વૃદ્ધિવડે તેની સ્થૂલતા થવાથી તે અતઃકરણ બ્રહ્મવિચારમાં વા બ્રહ્મધ્યાનમાં એકાગ્ર ન રહેતાં પાછું વળી નિદ્રાજેવી સ્થિતિને પ્રાપ્ત થાય તે લયદોષ કહેવાય છે. બ્રહ્મવિચારમાં કે

બ્રહ્મધ્યાનમાં જોડેલું ચિત્ત તે કર્તવ્યમાં નહિ જોડાઇ રહેતાં અન્ય શુભાશુભ વિષયોને આકારે થવા લાગે તે **વિક્ષેપદોષ** કહેવાય છે. અંતઃકરણમાં રહેલા રાગદ્વેષના તીવ્રસંસ્કારો અંતઃકરણને બ્રહ્મવિચારમાં વા બ્રહ્મધ્યાનમાં જોડાવા દેતા નથી, પણ અંતઃકરણને જડના જેવું કરી નાંખી પકડી રાખે છે તે કષાયદોષ કહેવાય છે. સાકારબ્રહ્મના ધ્યાનમાં વા નિદિધ્યાસનની પ્રારંભાવસ્થામાં કે મધ્યમાવસ્થામાં પ્રીતિ ઉપજાવી ચિત્તને નિદિધ્યાસનના પરિપાકવડે થતા બ્રહ્મસાક્ષાત્કારસુધી ન પહોંચવા દે તે **રસાસ્વાદદોષ** કહેવાય છે.

પોતાનું અંતઃકરણ લયદોષવાળુ જણાય કે તુરત મુમુક્ષુએ તેને સાવધાનતાપૂર્વક જગાડી બ્રહ્મવિચારમાં વા ધ્યેયસ્વરૂપમાં જોડવું, પોતાનું અંતઃકરણ અન્ય વિષયને આકારે થયેલું જણાય કે તુરત મુમુક્ષુએ તેને તે વિષયમાંથી પાછું વાળી પુનઃ બ્રહ્મવિચારમાં વા ધ્યેયના સ્વરૂપમાં જોડવું, પોતાનું અંતઃકરણ રાગદ્વેષના તીવ્રસંસ્કારો-ને વશ થઇ ક્રિયારહિત થયેલું જણાય કે તુરત મુમુક્ષુએ દૃશ્યના અસારપણાનો તીવ્રવેગવાળો વિચાર કરી પુનઃ તે અંતઃકરણને બ્રહ્મ-વિચારમાં વા ધ્યેયના સ્વરૂપમાં જોડવું, અને પોતાનું અંતઃકરણ રસાસ્વાદને વશ થઇ ઉપરની ભૂમિકાએ પહોંચવાનો પ્રયત્ન ત્યજી વર્તમાન ભૂમિકામાંજ અટકેલું જણાય કે તુરત મુમુક્ષુએ તેને ઉપરની ભૂમિકાનું માહાત્મ્ય ને વર્તમાન ભૂમિકાનુ ઊતરતાપણું સમજાવી પુનઃ બ્રહ્મવિચારમાં વા ધ્યેયના સ્વરૂપમાં જોડવું.


નિદિધ્યાસનનો અભ્યાસ કરનાર મુમુક્ષુએ શૃંગારરસપ્રધાન કાવ્યો, નાટકો, વાર્તાઓ કે સંસારમાં સત્યપણાની બુદ્ધિનો ને દેહાદિ-માં હુંપણાની (આત્માની) બુદ્ધિનો ઉદય કરનારા વા વૃદ્ધિ કરનારા લેખો એ નજ વાંચવાં, વા તે આદરપૂર્વક નજ સાંભળવાં. આ-

જીવિકામાટે ખેતી, વ્યાપાર, નોકરી કે બીજા ધંધાઓ કરતાં છતાં પણ ઉપર જણાવેલી બે બુદ્ધિઓનો ઉદય વા પોષણ ન થાય તેની મુમુક્ષુએ ઘણામાં ઘણી સાવધાનતા રાખવી. પોતાના ને જગત્‌ના બ્રહ્મસ્વરૂપનું પ્રસંગોપાત્ત વિસ્મરણ થઇ જાય તે વિસ્મરણ નિદિધ્યાસનમાં બહુ હાનિ કરનારું નથી, પણ પોતાના દેહાદિમાં હુંપણાની ને પ્રતીત થતા જગત્‌માં સત્યપણાની બુદ્ધિરૂપ વિપરીતભાવનાનો જે ઉદય થાય તે ઉદય નિદિધ્યાસનમાં બહુ હાનિ કરનારો થાય છે. ભોજનપાનાદિ વ્યવહાર નિદિધ્યાસનમાં હાનિ કરનારો નથી. તે દેહનિર્વાહમાં હેતુરૂપ છે, તે કાલે અલ્પાંશે પણ સ્વરૂપાનુસંધાન રહેવાનો સંભવ છે, તે વ્યવહાર વિપર્યયના ઉદયમાં હેતુભૂત થાય એવો નિયમ નથી, અને તે કાર્યની સમાપ્તિ થયા પછી પુનઃ પરમાદરપૂર્વક સ્વસ્વરૂપનું અનુસંધાન થઇ શકે છે માટે તેના ત્યાગની આવશ્યકતા નથી એ સ્પષ્ટજ છે.

સ્થૂલશરીરની અંતર સ્થૂલશરીરનું પોષણ કરનારુ, સ્થૂલશરીરને ક્રિયા કરવાનું બલ આપનારું ને પ્રધાનપણે જ્ઞાનધર્મવાળું સૂક્ષ્મશરીર છે. તે સૂક્ષ્મશરીરની અંતર સૂક્ષ્મશરીરની જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિનું પોષણ કરનારું બહુ વિરલદ્રવ્યરૂપ કારણશરીર છે. તે કારણશરીરના આધારભૂત જે અક્રિય ને અસંગ તત્ત્વ છે તે આત્મા છે. તેજ મારુ વાસ્તવિક સ્વરૂપ છે, ને તેજ આ સર્વ જગત્‌નું પણ વાસ્તવિક સ્વરૂપ છે એમ નિદિધ્યાસનનો પરિપાક થયે નિદિધ્યાસન કરનાર મુમુક્ષુને અનુભવાય છે, અને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના જ્ઞાનવડે તે સર્વાત્મભાવને પ્રાપ્ત થાય છે તેથી તે સર્વને પોતાના આત્મરૂપે ને પોતાને સર્વના આત્મરૂપે અનુભવે છે. આજ નિદિધ્યાસનનું ફલ છે.

જેમ શરદૃઋતુના સૂર્યના તાપવડે ભૂમિની અંતર ગુપ્ત રહેલું જલ બહાર આવેલું પ્રતીત થાય છે તેમ મુમુક્ષુને નિદિધ્યાસનના અભ્યાસરૂપ તાપવડે ત્રણ શરીરની ને જગત્‌ની ત્રણ પ્રકારની સ્થિતિની અંતર ગુપ્ત રહેલુ અંતરાત્માથી અભિન્ન બ્રહ્મ ત્રણ શરીરની ને જગત્‌ની ત્રણ પ્રકારની સ્થિતિની ઉપર આવેલું અનુભવાય છે. "અંતે જે સત્ય હશે તે તરી આવશે" આવી લોકોક્તિ આ નિદિધ્યાસનના અભ્યાસના પરિપાકના ફલરૂપે તો કેવલ સાચીજ અનુભવાય છે.

પરમાત્મામાં, સદ્‌ગુરુમાં, બ્રહ્મવેત્તાઓમાં ને વેદાંતશાસ્ત્રમાં પરમપ્રીતિ રાખી, દેહાદિમાંથી આત્માની બુદ્ધિને અને દૃશ્ય જગત્‌માંથી સત્યપણાની બુદ્ધિને વિવેકપૂર્વક શિથિલ કરતા રહી, અને કોઇ પણ પ્રકારના નિદિધ્યાસનના વિઘ્નથી પરાભવ નહિ પામી જે મુમુક્ષુ પરમાદરથી સતત નિદિધ્યાસન કરતો રહે છે તે મુમુક્ષુ પોતાના નિદિધ્યાસનના પરિપાકવડે અજ્ઞાનની નિવૃત્તિ કરી સર્વવ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મનો સ્પષ્ટ સાક્ષાત્કાર કરવા ભાગ્યશાલી થાય છે, ને તેજ ક્ષણે તે મુમુક્ષુ મટી બ્રહ્મવિત્ થાય છે, અને સદાને માટે તે જન્માદિ સંસારથી મોકળો થઇ જાય છે. પરમાદરપૂર્વક નિદિધ્યાસન કરનારા સર્વ મુમુક્ષુઓ એવી રીતે વર્તી કૃતાર્થ થાઓ એમ ઇચ્છી આ પ્રાપ્ત પ્રવૃત્તિ સમાપ્ત કરવામાં આવે છે. ૐ



બ્રહ્મવિચાર ને બ્રહ્મધ્યાન.

ॐ

॥ अंक अडताळीशमो ॥

॥ ब्रह्मवेत्ता ॥

દોહરો.

દુઃખરહિત આનંદઘન, જાણી બ્રહ્મસ્વરૂપ;
અહંતામમતા મૂકીને, થાઓ દશ્યના ભૂપ. ૧

સર્વ પ્રદેશમાં પરિપૂર્ણ વ્યાપી રહેલું, ત્રણે કાલમાં વિદ્યમાન અને સર્વ પ્રાણિપદાર્થોના સ્વરૂપભૂત બ્રહ્મને જે મહાપુરુષના પવિત્ર, એકાગ્ર ને વેદાંતના સંસ્કારવાળા અંતઃકરણે સર્વ સંશયોથી તથા સર્વ વિપર્યયોથી રહિત થઇ અભેદભાવે સ્પષ્ટ અનુભવ્યું છે તે મહાપુરુષ બ્રહ્મવેત્તા, બ્રહ્મવિત્, બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી વા બ્રહ્માનુભવી ઇત્યાદિ નામોવડે સજ્જનોમાં ને શાસ્ત્રોમાં કહેવાય છે.

અડગ શ્રદ્ધા ને અડગ ઉત્સાહ રાખી જે વિવેકાદિ સાધનવાળા અધિકારી મનુષ્યો પોતાના શ્રીસદ્‌ગુરુના ને સત્‌શાસ્ત્રોના કહેવા પ્રમાણે ધૈર્ય, દઢતા ને સાવધાનતા રાખી સતત પ્રયત્ન કરે છે તે અધિકારી મનુષ્યોજ બ્રહ્મજ્ઞાનના ભૂત તથા વર્તમાન પ્રતિબંધકોને નિઃશેષ દૂર કરી બ્રહ્મવેત્તા થઇ શકે છે. જેઓ એ પ્રમાણે વર્તવા સર્વદા સદાગ્રહવાળી જાગ્રતિ સેવતા નથી તેઓ કદીપણ બ્રહ્મવેત્તા થઇ શકતા નથી.

આળસુ, પ્રમાદી, દીર્ઘસૂત્રી, કર્તવ્યાકર્તવ્યના વિવેકવિનાના, મંદ-બુદ્ધિવાળા, અત્યાહારી, અતિનિદ્રાળુ, વ્યવહારપરમાર્થમાં વ્યવસ્થાથી

નહિ વર્તનારા, પરદોષ જોવામાં ચતુર ને સ્વદોષ જોવામાં મૂઢ, પર-નિંદક, અશ્રદ્ધાલુ, (સાત્ત્વિકી શ્રદ્ધાવિનાના,) અસહનશીલ, ભમતા મનવાળા, જે તે પ્રસંગમાં નિરર્થક ભય પામનારા, સહજ પ્રતિકૂલ પ્રસંગ પ્રાપ્ત થતાં ખેદ કર્યા કરવાના સ્વભાવવાળા, રજોગુણના વધારાથી ફરતી શ્રદ્ધાવાળા, તમોગુણના વધારાથી મૂઢતાવાળી શ્રદ્ધા-વાળા, ચમત્કારને જ્ઞાનાદિનુ અંગ માની ચમત્કારોની વાતો કરવામા તેવી વાતો સાંભળવામાં ને તેવાં વર્ણનો વાંચવામાં કાલક્ષેપ કરનારા, નિરતર પોતાની પાછળની વાતો સંભાર્યા કરનારા, સ્વધર્મનું યથાયોગ્ય અનુષ્ઠાન નહિ કરતાં છતાં પરધર્મનો નિરર્થક દ્વેષ કરનારા, કર્તવ્યનુ ધૈર્યથી ને સાવધાનતાથી અનુષ્ઠાન કર્યા વિના ઊતાવળે જ્ઞાની થઇ જવાની કે સિદ્ધ થઇ જવાની લાલસાવાળા, કુતર્ક કરવાના સ્વભાવવાળા, દુર્વ્યસનોમાં ડૂબેલા, દેહાદિમાં આત્માની અને જગત્‌માં સત્યપણાની બુદ્ધિને સ્થિર કરી બેઠેલા, અયોગ્ય રમતોમાં કાલક્ષેપ કરનારા, પર-માત્માની સદ્‌ગુરુની અને સત્‌શાસ્ત્રની યથાયોગ્ય ભક્તિ નહિ કરનારા. કોઇ પણ પ્રકારની નવી વાત સાંભળીને આશ્ચર્ય પામનારા, વાણીના નિગ્રહવિનાના, નેત્રને વશ નહિ રાખી શકનારા, કાનના નિગ્રહ વિનાના, પોતાના સદ્‌ગુરુની આજ્ઞાપ્રમાણે ઉત્સાહથી ને સાવધાન-તાથી નહિ વર્તનારા, ઉચ્છૃંખલસ્વભાવવાળા, જે તે પુસ્તકો વાંચવામાં ને જેની તેની જે તે વાતો સાંભળવામાં રુચિ રાખનારા, પોતાના શરીરપરનાં માત્ર કાષાય વસ્ત્રાદિથી કૃતાર્થપણું માની લેનારા, કામને વશ વર્તનારા, ક્રોધવડે વા રીસવડે પોતાના અતઃકરણને તથા પોતાની વાણીને તપાવનારા, દશ્ય પદાર્થોમાં ધાટી તૃષ્ણા રાખનારા, ધનાદિના અભિમાનવાળા, સ્થૂલશરીરમાંનાં પૃથિવી આદિ ભૂતોને સમાન કરવાની ભ્રાંતિમાં પડી કાલક્ષેપ કરનારા, જેની તેની ઈર્ષ્યા કરનારા, દંભી, વિવેક વૈરાગ્ય શમાદિ છ સંપત્તિ ને મુમુક્ષુતા એ ચાર સાધનો-

વિનાના, વેદાંતનું વિધિવત્ શ્રવણુ નહિ કરનારા, વેદાંતવાક્યોનું વિધિવત્ મનન નહિ કરનારા, ને બ્રહ્મનું વિધિવત્ નિદિધ્યાસન નહિ કરનારા જો સદાગ્રહ રાખીને પોતપોતાના અંતઃકરણ આદિની અપાત્રતા દૂર ન કરે તો તેઓ કલ્પાંતે પણ બ્રહ્મવેત્તા થઇ શકતા નથી, તો પછી તેઓ વર્તમાનજન્મમાં બ્રહ્મવેત્તા ન થઇ શકે એમાં શું કહેવું? જેમના અંતઃકરણુમાં આ જન્મમાં બ્રહ્મવેત્તા થઇ કૃતાર્થ થવાની ઇચ્છા હોય તેમણે પોતાના અંતઃકરણાદિમાં ઉપર જણાવેલા દોષોમાંથી જે દોષ વા પોતાના અંતઃકરણની જે અપાત્રતા સૂક્ષ્મ-દૃષ્ટિવડે જોતાં પ્રતીત થાય તે દોષ વા પોતાના અંતઃકરણની તે અપાત્રતા યોગ્ય ઉપાયવડે દૂર કરવા બહુજ ધૈર્ય, સાવધાનતા, દૃઢતા ને ઉત્સાહ રાખી સતત પ્રયત્ન કર્યા કરવો જોઇએ.

જેઓ પોપટની પેઠે કે ગ્રામોફોનની પેઠે માત્ર વેદાંતનાં વચનો બોલી જાણે છે, પણ તે વચનોપ્રમાણે પોતાનું આચરણ છે કે કેમ તથા તે પ્રમાણે પોતાને અનુભવ થાય છે કે કેમ તે વિવેકયુક્ત દૃષ્ટિવડે નક્કી કરતા નથી તેઓ વિવેકાદિ સાધનવિનાના તથા બ્રહ્માનુ-ભવહીન હોવાથી બ્રહ્મવેત્તા નથી એ સુસ્પષ્ટજ છે.

જેમણે નિષ્કામકર્મોવડે, પોતાના ગુરુની સેવાવડે ને પોતાના પ્રાપ્ત-વ્યવહારનું નિર્દોષરીતે સેવન કરવાવડે પોતાના અંતઃકરણને મલિન વિચારોથી રહિત એટલે પવિત્ર કર્યું હોય; જેમણે પોતાના શુદ્ધ-સાત્ત્વિક ઇષ્ટદેવના પૂજન, સ્મરણ ને ધ્યાનવડે પોતાના અંતઃકરણની ચંચલતા ઘણે અંશે દૂર કરી હોય; જેમણે વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ ને મુમુક્ષુતા આ ચાર બ્રહ્મજ્ઞાનનાં સાધનોની યથાસામર્થ્ય પ્રાપ્તિ કરી હોય; જેમણે પોતાના બ્રહ્મવેત્તા સદ્ગુરુની પાસેથી યથા-વિધિ બ્રહ્મનો ઉપદેશ સાંભળ્યો હોય; જેમણે તે ઉપદેશનું પવિત્ર ને

એકાંત દેશમાં બેસી, યથાયોગ્ય મનન કરી તેનું દઢીકરણ કર્યું હોય; અને જેમણે પોતાના સદ્ગુરુએ જેવી રીતે ઉપદેશ કર્યો હોય તેવી રીતે બ્રહ્મનો વિચાર વા બ્રહ્મનું ધ્યાન આદરપૂર્વક યોગ્ય સમયસુધી કરેલું હોય તેવા મનુષ્યોજ બ્રહ્મવેત્તા થઈ શકે છે. એવો અધિકાર પ્રાપ્ત કર્યા વિના પ્રાયશઃ કોઇ પણ મનુષ્ય બ્રહ્મવેત્તા થઇ શકતો નથી.

જેઓ સત્તા, દ્રવ્ય કે વિદ્યાદિના મદથી પીડાતા હોવાથી શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ને પરમકારુણિક સદ્ગુરુને શરણે જઈ તેઓશ્રીની પાસેથી બ્રહ્મનો ઉપદેશ પ્રાપ્ત કરી શકતા નથી તેઓ પ્રાયશઃ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. જેઓ પોતાના અંતઃકરણમા રહેલા દોષોને શત્રુના અંતઃકરણમાં રહેલા દોષોની પેઠે સૂક્ષ્મદષ્ટિથી જોઇ શકતા નથી, અને તે દોષોનો પરિત્યાગ કરવાનો પ્રયત્ન સેવતા નથી, પણ પોતાના પડેલા દુષ્ટ સ્વભાવોનાજ દાસ થઇને વર્તે છે તેઓ પણ બ્રહ્મનું જ્ઞાન મેળવવા ભાગ્યશાલી થઇ શકતા નથી.

જેમ પોતાના નેત્રની વિશુદ્ધિવિના મનુષ્ય સૂક્ષ્મ પદાર્થને યથા-યોગ્ય જોઈ શકતો નથી તેમ પોતાના અંતઃકરણની વિશુદ્ધિવિના પોતાને જિજ્ઞાસુ માનનાર મનુષ્ય દુર્વિજ્ઞેય બ્રહ્મને સંશયવિપર્યયથી રહિત સુસ્પષ્ટ અનુભવી શકતો નથી. જેથી અંતઃકરણની સંપૂર્ણ વિશુદ્ધિવિના સર્વના અધિષ્ઠાનભૂત બ્રહ્મનો કોઇ પણ મનુષ્યને કદી-પણ સાક્ષાત્કાર થતોજ નથી તેથી વિવેકી મનુષ્યે સર્વદા પોતાના અંતઃકરણની શુદ્ધિ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

કોઇ પણ મુમુક્ષુની જો બ્રહ્મવેત્તા થવાની શુદ્ધભાવવાળી ઇચ્છા હોય તો તેણે શાસ્ત્રમાં કહેલો ને તેમના સદ્ગુરુએ ઉપદેશ કરેલો યોગ્ય પ્રયત્ન કરતાં, જ્યાંસુધી પોતે બ્રહ્મવેત્તા ન થાય ત્યાંસુધી, લેશ પણ કંટાળવુ નહિ જોઇએ.

બ્રહ્મવેત્તાના હૃદયમાં અનુભવાતો સ્વાભાવિક પરમાનંદ કોઇ અજ્ઞાની જીવને મહાપુણ્યવડે પ્રાપ્ત થતા બ્રહ્માના પદથી અનુભવાતા ઉત્તમ વિષયોના સુખથી પણ અનંતગુણ શ્રેષ્ઠ છે એમ "**एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ॥**" (અન્ય સર્વ પ્રાણીઓ આ પરમાનંદના લેશવડે જીવનના હેતુભૂત સુખનો અનુભવ કરે છે,) આ **શ્રીતૈત્તિરીયોપનિષદ્**ની શ્રુતિ કહે છે. આમ હોવાથીજ જે પુરુષો બ્રહ્માના મહત્પદમાં પણ દોષદર્શનવડે રાગવિનાના થાય તેઓજ પરમાનંદરૂપ બ્રહ્મનો અભેદભાવે અનુભવ કરવા સુભાગી થાય છે એમ મોક્ષશાસ્ત્રો કહે છે.

બ્રહ્મ અસંગ, અક્રિય, વ્યાપક, પરમપવિત્ર, અભોક્તા, સર્વદુઃખરહિત, સર્વ વિષયોની તૃષ્ણાથી રહિત ને પરમાનંદરૂપ છે. બ્રહ્મવેત્તાને આવા સ્વભાવવાળું બ્રહ્મ પોતાનું વાસ્તવિક સ્વરૂપ છે એમ સર્વ પ્રકારના સંશયોથી ને સર્વ પ્રકારના વિપર્યયોથી રહિત સ્પષ્ટ અનુભવાય છે. આ અનુભવ તેમના અંતઃકરણની નબળાઇથી ઉપજતા ભ્રાંતિજ્ઞાનરૂપ નથી, પણ લૌકિક પ્રત્યક્ષાદિ પ્રમાણથી અભ્રાંત મનુષ્યને ઉપજતા સુસ્પષ્ટ વ્યાવહારિક અનુભવથી પણ વધારે સુસ્પષ્ટ વાસ્તવિક અનુભવરૂપ છે. જેમ કોઇ સૂતેલો માણસ પોતાના વ્યાવહારિક સ્વરૂપને તથા જાગ્રત્‌માં પ્રતીત થતા વ્યાવહારિક જગત્‌ને ભૂલી સ્વપ્નમાં ભ્રાંતિથી પોતાના પ્રાતિભાસિક સ્વરૂપનો તથા પ્રાતિભાસિક જગત્‌નો અનુભવ કરે છે, પછી કોઇ પુરુષ તેનો હાથ પકડી તેને સ્વપ્નમાંથી જગાડે છે તો તે પુરુષ સ્વપ્નમાં પ્રતીત થયેલા પોતાના પ્રાતિભાસિક સ્વરૂપને તથા તે વેલા પ્રતીત થયેલા પ્રાતિભાસિક જગત્‌ને મિથ્યા સમજી પોતાના વ્યાવહારિક સ્વરૂપમાં તથા જાગ્રત્‌માં પ્રતીત થતા વ્યાવહારિક જગત્‌માં સત્યપણાનો નિશ્ચય કરે છે તેમ અજ્ઞાનવડે પુરુષ પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી પોતાના વ્યાવહારિક

સ્વરૂપને અને જાગ્રત્માં પ્રતીત થતા વ્યાવહારિક જગત્ને સત્યરૂપે અનુભવે છે, પછી તેના મહાપુણ્યનો ઉદય થતાં જ્યારે કોઇ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ તેને તે અજ્ઞાનરૂપ સ્વપ્નમાંથી જ્ઞાનોપદેશવડે જગાડે છે ત્યારે તેને પોતાના વાસ્તવિક બ્રહ્મસ્વરૂપમાં ને જગત્ના વાસ્તવિક બ્રહ્મસ્વરૂપમાં સત્યપણાનો નિશ્ચય થાય છે, અને જાગ્રત્માં પ્રતીત થતા પોનાના વ્યાવહારિક સ્વરૂપમાં તથા જાગ્રત્માં પ્રતીત થતા વ્યાવહારિક જગત્માં તેને મિથ્યાપણાનો નિશ્ચય થાય છે. સ્વપ્નના વિષયોના કરતાં જાગ્રત્ના વિષયોને જો વધારે સત્ય માનવામાં આવે છે તો પછી જાગ્રત્ના વિષયોના કરતાં તુરીયનો અકલ્પિત વિષય વધારે સત્ય ગણવોજ જોઇએ.

જો જ્ઞાનનું કરણ વિશુદ્ધ હોય તોજ તેવડે થનારું જ્ઞાન પણ વિશુદ્ધ હોય છે એમ પ્રામાણિકો માને છે. હવે જ્યારે અંતઃકરણરૂપ જ્ઞાનના કરણમાં તમોગુણનો વધારો હોય ત્યારે તે મલિન હોવાથી તેમાં જડતા ને અવિવેક વધારે હોય તેથી તેવા અંતઃકરણવડે જે જ્ઞાન થાય તે મલિન હોય, પણ વિશુદ્ધ ન હોય એ સ્પષ્ટજ છે: અંતઃકરણરૂપ જ્ઞાનનું કરણ જ્યારે રજોગુણના વધારાવાળું હોય ત્યારે તે સ્પૃહારૂપ ને ચચલતારૂપ દોષવાળુ હોવાથી તેવા અંતઃકરણવડે જે જ્ઞાન થાય તે પણ સદોષ હોય, પણ વિશુદ્ધ ન હોય એ સ્પષ્ટજ છે: અંતઃકરણરૂપ જ્ઞાનનું કરણ જ્યારે સત્ત્વગુણના વધારાવાળું હોય ત્યારે તે બહુધા[1] નિર્મલ હોય તેથી તેવા અંતઃકરણવડે જે જ્ઞાન થાય

૧ વ્યાવહારિક સુખને અને વ્યાવહારિક જ્ઞાનને પોતાના (આત્માના) ધર્મો માનવામાં આવે, તથા અપાત્રે વધારે પડતી દયા કરવામાં આવે ત્યારે તે સુખ, જ્ઞાન ને દયા સત્ત્વગુણના ધર્મો છતાં પણ તે અભિમાનવડે ને રાગવડે અંતઃકરણને દોષવાળુ કરે છે માટે બહુધા નિર્મલ એમ કહ્યું છે, સર્વદા નિયમપૂર્વક નિર્મલ કહ્યું નથી.

તે બહુધા વિશુદ્ધ હોય; અને અંતઃકરણરૂપ જ્ઞાનનું કરણ જ્યારે શુદ્ધ-સત્ત્વગુણવાળુ (રજોગુણના ધર્મોથી ને તમોગુણના ધર્મોથી ન દબાય એવા સત્ત્વગુણવાળું) હોય ત્યારે તે વિશુદ્ધ હોય છે તેથી તેવડે થનારુ જ્ઞાન પણ વિશુદ્ધ હોય છે. જ્ઞાનના સંબંધમાં આવો નિયમ હોવાથી રજોગુણના તથા તમોગુણના વધારાથી અંતઃકરણને ઉપજતાં જ્ઞાનો ભ્રાંતિરૂપ હોવાનો નિશ્ચય થાય છે, અને શુદ્ધસત્ત્વગુણથી અંતઃ-કરણને ઉપજતું જ્ઞાન ભ્રાંતિરૂપ નહિ, પણ સત્યરૂપજ હોય છે એમ નિશ્ચય થાય છે. અંતઃકરણમાં જ્યારે શુદ્ધસત્ત્વગુણની સ્થિરતા થાય ત્યારેજ બ્રહ્મભાવના વા નિદિધ્યાસન કરનાર મનુષ્યના અંતઃકરણમાં બ્રહ્મનું જ્ઞાન આવિર્ભાવ પામે છે તેથી તે જ્ઞાન પરમસત્યરૂપજ મનાય છે, પણ ભ્રાંતિરૂપ મનાતું નથી.

બ્રહ્માનુભવવડે અનુભવાતો શબ્દાદિ વિષયરહિત પરમાનંદ પણ મનની નિર્બલતાવડે ઉપજતો ન હોવાથી ભ્રાંતિરૂપ ને અનિત્ય નથી, પણ મનના સબલપણાવડે ઉપજતો હોવાથી તે પરમસત્યરૂપ ને નિત્ય છે. ઉત્પત્તિનાશવાળા ક્ષણભંગુર વિષયોની સાથે તે વિષયોની પ્રાપ્તિમાટે ક્ષોભ પામેલી ઇંદ્રિયોનો સંબંધ થવાથી અંતઃકરણની ક્ષણિક સ્થિરતાવડે તે અંતઃકરણમાં અલ્પસમયને માટે જે કૃત્રિમ આનંદ ઉપજે છે તે કૃત્રિમ આનંદ સર્વદા પરમાનંદરૂપે સ્થિત બ્રહ્મની સાથે શુદ્ધસત્ત્વગુણવાળા અંતઃકરણની વૃત્તિનો સંબંધ થવાથી તેવા અંતઃકરણની વૃત્તિવડે અનુભવમાં આવતા સ્વાભાવિક પરમાનંદની સમાન કેમ હોઇ શકે? નજ હોઇ શકે. આવા પરમસત્યરૂપ પરમા-નંદનો અનુભવ જ્યારે શુદ્ધસત્ત્વગુણવાળા અંતઃકરણની વૃત્તિને થાય છે ત્યારેજ તે મનુષ્યનો અનાદિકાલનો ભારે પરિતાપ સદાને માટે દૂર થઇ તે પરમાનંદરૂપ થઇ પરમશાંત ને પરમતૃપ્ત થાય છે.

વિનાશક સામગ્રીને અભાવે બ્રહ્મ અવિનાશી અથવા અનંત એટલે અન્તવિથી–વિનાશથી–રહિત છે તેથી તેનો પોતાના શુદ્ધસત્ત્વ-ગુણવાળા અંતઃકરણની વૃત્તિવડે જે પુરુષ અભેદભાવે સુસ્પષ્ટ અનુભવ કરે છે તે પુરુષ પણ અવિનાશિભાવને પામી પોતાનામાં માનેલા કલ્પિત મરણધર્મથી ને તેના ભયથી નિત્યને માટે મોકળો થાય છે.

જેમ વિશાલ ને નિર્મલ દર્પણમાં તેની સમીપમાં રહેલા કોઇ મહાનગરનું પ્રતિબિંબ પ્રતીત થાય તેમ નિરતિશયવ્યાપક ને મહા-નિર્મલ ચિદાકાશરૂપ બ્રહ્મમાં જોનારને પોતાના અંતઃકરણમાં રહેલી અનાત્મપદાર્થોની વાસનાઓને અનુસરતું જગત્ એટલે પ્રાણીઓ, જડપદાર્થો ને ક્રિયાઓ પ્રતીત થાય છે. જેના અંતઃકરણમાં અનાત્મ-પદાર્થોની વાસનાઓ ઘાટી હોય છે તેને એ જગત્રૂપ પ્રતિબિંબ સત્યરૂપે પ્રતીત થાય છે, જેના અંતઃકરણમાં અનાત્મપદાર્થોની વાસનાઓ વિરલ હોય છે તેને એ જગત્રૂપ પ્રતિબિંબ અનિર્વચનીય એટલે વર્તમાનકાલમાં દેખાતાં છતાં પણ જ્ઞાનકાલે મિથ્યા જણાનારુ પ્રતીત થાય છે, અને જેમના અંતઃકરણમાં આત્માના અનુભવવડે અનાત્મપદાર્થોની વાસના દાહ પામી ગઇ હોય છે તેમને એ જગત્-રૂપ પ્રતિબિંબ મિથ્યારૂપ પ્રતીત થાય છે. બ્રહ્મવેત્તાના અંતઃકરણમાં આત્માનો સુસ્પષ્ટ સાક્ષાત્કાર થયેલો હોવાથી તેમને આ જગત્ મિથ્યારૂપે પ્રતીત થાય છે એ વિનાકહેજ ઉપરના પ્રતિપાદનથી વિવેકીને સમજાયું હશે.

જેમ નિર્મલ દર્પણમાં પ્રતિબિંબરૂપે પ્રતીત થતાં પ્રાણીઓ, પદાર્થો ને ક્રિયાઓ તે દર્પણમાં પ્રવેશ પામેલાં નથી; જેમ નિર્મલ આકાશમાં આભાસરૂપે પ્રતીત થતું ગંધર્વનગર એટલે તેમાં પ્રતીત થતાં પ્રાણીઓ, પદાર્થો ને ક્રિયાઓ તે આકાશમાં પ્રવેશ પામેલાં

નથી; અને જેમ સિનેમાના નિર્મલ પડદામાં આભાસરૂપે પ્રતીત થતાં પ્રાણીઓ, પદાર્થો ને ક્રિયાઓ તે પડદામાં પ્રવેશ પામેલાં નથી તેમ ચિદાકાશરૂપ બ્રહ્મમાં મનુષ્યના અંતઃકરણની જાગ્રદવસ્થામાં પ્રતીત થતાં આ પ્રાણીઓ, આ પદાર્થો ને આ ક્રિયાઓ પણ તે બ્રહ્મમાં પ્રવેશ પામેલાં નથી એમ વિશુદ્ધ ને અતિસૂક્ષ્મબુદ્ધિવાળા બ્રહ્મવેત્તાને અનુભવાય છે. વળી જેમ વાયુવડે વૃક્ષ હાલે છે, પણ તે વૃક્ષના અધિષ્ઠાનરૂપ આકાશ લેશ પણ હાલતું નથી તેમ પ્રારબ્ધ-કર્મવડે શરીરાદિ ક્રિયા કરે છે, પણ તેમાં રહેલો આત્મા લેશ પણ ક્રિયા કરતો નથી એમ પણ બ્રહ્મવેત્તા અનુભવે છે.

જેમ ઘટરૂપ ઉપાધિના મિથ્યાપણાનો સુદૃઢ નિશ્ચય થતાં તે ઘટે રોકેલા આકાશનો મહાકાશની સાથે સર્વદા વાસ્તવિક અભેદ છે એમ વિવેકી મનુષ્યને સ્પષ્ટ અનુભવાય છે તેમ અંતઃકરણરૂપ ઉપાધિના મિથ્યાપણાનો સુદૃઢ નિશ્ચય થતાં તે અંતઃકરણે રોકેલા ચેતનરૂપ આત્માનો બ્રહ્મની સાથે સર્વદા વાસ્તવિક અભેદ છે એમ બ્રહ્મવેત્તાને સંશયવિપર્યયરહિત અનુભવાય છે.

જેમ કોઈ મનુષ્યના ઘરની સમીપ કોઇ વૃક્ષ ઊગે, તે રૂપાંતર પામી સ્થિતિ કરે, ને તે સમય આવે વિનાશ પામે તેની સાથે તે મનુષ્યનો લેશ પણ સંબંધ નથી તેમ પોતાના સ્થૂલશરીરનો અને તેની ક્રિયાઓનો, બંને પ્રકારની ઇંદ્રિયોનો અને તેમની ક્રિયાઓનો, અંતઃકરણનો અને તેની ક્રિયાઓનો, પ્રાણનો અને તેની ક્રિયાઓનો તથા અવિદ્યાના અંશનો અને તેની ક્રિયાનો મારા બ્રહ્મસ્વરૂપની સાથે લેશ પણ સંબંધ નથી એમ બ્રહ્મવેત્તા સ્પષ્ટ અનુભવે છે.

જેમ મૃગજલનું વાસ્તવિક સ્વરૂપ જાણનાર મનુષ્ય મૃગજલને અન્ય મનુષ્યની પેઠે જોતો છતો પણ તેને જલરૂપે જોતો નથી,

પણ તેને સૂર્યનાં કિરણોરૂપે જુએ છે તેમ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા બ્રહ્મવેત્તા સંસારને અન્ય મનુષ્યની પેઠે વ્યુત્થાનકાલે જોતા છતા પણ તેને તે રૂપે સત્ય જોતા નથી, પરંતુ તેને સચ્ચિદાનંદ-બ્રહ્મરૂપે જુએ છે. સંસારના મિથ્યાપણાનો સુસ્પષ્ટ અનુભવ થયા છતાં પણ બ્રહ્મવેત્તાને પોતાના કે અન્યજનોના પ્રારબ્ધકર્મથી તે સંસારની જે પૂર્વની પેઠે પ્રતીતિ થાય છે તે તેની બાધિતાનુવૃત્તિથી પ્રતીતિ કહેવાય છે.

જેમ સૂર્યનાં કિરણોનો સદ્‌ભાવ હોય ત્યાંસુધી જોનારા મનુષ્યાદિને ક્ષારવાળી ભૂમિપર પડેલાં સૂર્યનાં તે કિરણોમાં મિથ્યા જલની પ્રતીતિ થાય છે તેમ બ્રહ્મવેત્તાના પોતાના કે તેમના સંબંધમાં આવતા ને આવનારા મનુષ્યોના પ્રારબ્ધકર્મનો સદ્‌ભાવ હોય ત્યાસુધી તે બ્રહ્મવેત્તાને સંસારના અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં નામ, રૂપ ને ક્રિયાવાળા મિથ્યાસંસારની પ્રતીતિ બ્રહ્મરૂપ અધિષ્ઠાનના જ્ઞાન-સહિત થાય છે.

જેમ નૃપાદિનો વેશ કાઢીને રંગભૂમિપર આવેલો ભવાયો પોતાના સંબંધમાં આવતાં અન્ય પાત્રોની સાથેનો ને બીજો વ્યવહાર કૃત્રિમ આસ્થા રાખીને—એ સર્વ વ્યવહારને કલ્પિત સમજીને—કરે છે તેમ અન્ય અજ્ઞાની જનોને આ પૃથિવીપર દેહાદિવાળા પ્રતીત થતા અસંગ બ્રહ્મવેત્તા પણ પોતાના સંબધમાં આવનારા અન્ય મનુષ્યોની સાથેનો વ્યવહાર અને અન્યને પ્રતીત થતા પોતાના શરીરાદિનો વ્યવહાર પણ તે વ્યવહારને કલ્પિત સમજીને કરે છે.

જેમ કોઇ સ્થિર જલવાળા જલાશયના તીરપર ઊભેલો કોઇ સમજુ મનુષ્ય તે જલમાં દેખાતા પોતાના સ્થૂલશરીરના ઉંધા આકારને સાચો માનતો નથી, પણ તે જલાશયના તીરપર રહેલા

પોતાના સવળા સ્થૂલશરીરને સત્ય માને છે તેમ બ્રહ્મવેત્તા પોતાના કે અન્ય મનુષ્યોના પ્રારબ્ધકર્મથી પ્રતીત થતા પોતાના સ્થૂલશરીરાદિને પોતાનું વાસ્તવિક સ્વરૂપ માનતા નથી, પણ બ્રહ્મનેજ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માને છે.

અંતરાત્માથી અભિન્ન બ્રહ્મને પોતાનું વાસ્તવિક સ્વરૂપ અનુભવનારા બ્રહ્મવેત્તા અવિદ્યા, કામ, કર્મ ને કર્મનાં સુખદુ:ખરૂપ ફ્લોને વશ વર્તતા નથી, પણ તેઓ તે સર્વથી સર્વદા નિર્લેપ ને સ્વતન્ત્રજ રહે છે.

કલ્પિત દશ્યને સત્ય માનનારા અવિવેકી મનુષ્યો નિરંતર કોઇ પણ પ્રકારના દુ:ખનો ન્યૂનાધિક અનુભવ કર્યા કરે છે, ને કેટલીક વાર પોતાને ધિક્કારે છે, પણ બાહ્યદષ્ટિવડે પ્રતીત થતા કલ્પિત સર્વ દશ્યને મિથ્યા સમજનારા બ્રહ્મવેત્તા પોતાના મનાતા અંત:કરણને તથા તેના સુખદુ:ખાદિ ધર્મોને પોતાના બ્રહ્મસ્વરૂપથી ભિન્ન ને મિથ્યા અનુભવે છે તેથી તેઓ અનુકૂલ વિષયની પ્રાપ્તિમાં હર્ષને અને પ્રતિકૂલ વિષયની પ્રાપ્તિમાં ખેદને વશ થતા નથી, પણ સર્વદા તે બંનેમાં સમભાવવાળા એટલે પ્રસન્ન રહે છે.

સ્વપ્નના, મનોરાજ્યના, ઇંદ્રજાલના અને ભ્રાંતિના પદાર્થોના જેવા આ જાગ્રત્‌માં પ્રતીત થતા જગતને પ્રારબ્ધકર્મવડે ઉપજેલી બાહ્યદષ્ટિવડે જોતા છતા અસંગ બ્રહ્મવેત્તા તેમાં દઢ રાગ રાખતા નથી. સ્વપ્નના ને મનોરાજ્યાદિના પ્રાણિપદાર્થોના કરતાં જાગ્રત્‌માં પ્રતીત થતા પ્રાણિપદાર્થોમાં કાંઇ પણ વાસ્તવિક ફેર નથી એમ જાણી બ્રહ્મવેત્તા જાગ્રત્‌માં પ્રતીત થતા સર્વ પ્રાણિપદાર્થોમાં સત્યપણાની બુદ્ધિ રાખતા નથી, પણ તે સર્વને કલ્પિત સમજે છે.

બ્રહ્મવેત્તા સર્વ દૃશ્યપ્રપંચને તેના વિવર્તોપાદાનકારણરૂપે એટલે બ્રહ્મરૂપે જુએ છે, અર્થાત્ તેમની દૃષ્ટિએ પડતા પ્રત્યેક પ્રાણિપદાર્થના વ્યાવહારિક જ્ઞાનની સાથેજ તે પ્રાણિપદાર્થના વિવર્તોપાદાનકારણરૂપ બ્રહ્મનું પણ તેમને સ્ફુરણ થાય છે.

જાગ્રત્માં પ્રતીત થતા વ્યાવહારિક ભોક્તાને તથા વ્યાવહારિક ભોગ્યને બ્રહ્મવેત્તા મિથ્યા જાણે છે તેથી તેઓ અનુકૂલ પ્રાણિપદાર્થોના વિયોગથી ને પ્રતિકૂલ પ્રાણિપદાર્થોના સંયોગથી પોતાના અસંગ, અદ્વય, પરમાનંદરૂપ ને દુઃખાતીત સ્વરૂપમાં સદ્વયતાનો ને દુઃખનો અનુભવ કરતા નથી.

ભયંકર મનાતા ભવની (સંસારની) અત્યંતનિવૃત્તિ કરવામાટે જેમણે ભવનું (મહેશ્વરથી અભિન્ન પોતાના બ્રહ્મોપદેષ્ટા સદ્‌ગુરુનું) પરમાદરથી આરાધન કરી તેમની અગાધ કૃપાવડે અને પોતાના અંતઃકરણની અંતર્મુખતાવડે પોતાના બ્રહ્મસ્વરૂપને યથાર્થરીતે અનુભવ્યું છે એવા કૃતાર્થ બ્રહ્મવેત્તા સર્વત્ર (ઉત્તમાધમ સર્વ પ્રાણિપદાર્થમાં) સચ્ચિદાનંદરૂપ બ્રહ્મને અનુભવે છે, માત્ર હૃદયમાં, બ્રહ્મરંધ્રમાં, દેવપ્રતિમામાં, અગ્નિમાં કે તીર્થમાંજ તેઓ બ્રહ્મને અનુભવતા નથી.

જે અવિદ્યારૂપ અલૌકિક દૃઢ દોરડીવડે બંધાયેલા આ જીવરૂપ પશુઓ આ વિશ્વમાં સર્વદા ભ્રમણ કર્યા કરે છે, અને જેઓ તે દોરડીથી મોકળા થયેલા હોય છે તેઓ પોતાના સ્વરૂપમાં સુસ્થિર રહે છે તે અવિદ્યારૂપ અલૌકિક દૃઢ દોરડી બ્રહ્મવેત્તાને ક્યાંઇ પણ પ્રતીત થતી નથી.

પોતાના સમર્થ સદ્‌ગુરુના બ્રહ્મોપદેશરૂપ અલૌકિક અમૃતનું પરમાદરપૂર્વક પાન કરીને જેમણે દેવલોકમાં રહેલા અમૃતનો

અનાદર કર્યો છે એવા બ્રહ્મવેત્તાએ બ્રહ્મરૂપ જ્ઞાતવ્યને સ્પષ્ટ જાણેલું હોવાથી તથા તેને અભેદભાવે પ્રાપ્ત કરેલુ હોવાથી હવે તેમને આ લોકને માટે, પરલોકને માટે, જ્ઞાનપ્રાપ્તિમાટે કે મોક્ષપ્રાપ્તિમાટે કાંઇ પણ કર્તવ્ય અવશેષ રહ્યુ હોય એમ જણાતું નથી.

પરમાનંદરૂપ અદ્વય બ્રહ્મનો ઉપદેશ કરનારા શાસ્ત્રના, બ્રહ્મોપદેષ્ટા સદ્ગુરુના, અદ્વિતીય બ્રહ્મજ્ઞાનના અને બ્રહ્માનંદના અદ્ભુતપણાના વિચારવડે ચકિત થયેલા બ્રહ્મવેત્તા પોતાને વારંવાર ધન્યવાદ આપી પોતાના પરમાનદસ્વરૂપમાં નિરતર રમણ કરે છે.

વસ્તુતાએ સર્વ પ્રકારના કર્તવ્યના અવધિને પ્રાપ્ત થયેલા અને વ્યવહારપક્ષે જેમણે પોતાના ચિત્તમાં અજ્ઞાનીઓને જ્ઞાન આપવાનુ કર્તવ્ય આરોપ્યુ છે એવા કૃતાર્થ બ્રહ્મવેત્તા પોતાના અતઃકરણની બાહ્યદૃષ્ટિવડે જ્યારે વિશ્વને વિલોકતા હોય છે ત્યારે તેઓ સુખેચ્છુ મનુષ્યોને બહુધા નીચેના ભાવનો સદુપદેશ આપે છે:—

" હે સજ્જનો ! તમે પ્રથમ સુખના અને દુઃખના વાસ્તવિક સ્વરૂપને સમજો; પછી સુખની પ્રાપ્તિના હેતુઓનો અને દુઃખની પ્રાપ્તિના હેતુઓનો સૂક્ષ્મદૃષ્ટિવડે વિચાર કરો. તમને સર્વને સુખ જોઇએ છીએ,–નિર્દોષ ને પરિપૂર્ણ સુખ જોઇએ છીએ, પણ દુઃખનો લેશ પણ તમને જોઇતો નથી. તમે બ્રાહ્મણાદિ કોઈ પણ વર્ણમાં હો, વા તે વર્ણોથી બહાર હો, તમે બ્રહ્મચર્યાદિ કોઇ પણ આશ્રમમાં હો, અથવા કોઇ પણ આશ્રમમાં ન હો, અને તમે સ્ત્રી હો, વા પુરુષ હો તોપણ તમને સુખ જોઇએ છીએ, દુઃખ જોઇતું નથી એ વાત એક ને એક બેના જેવી સુસિદ્ધ છે.

હે સુખેચ્છુઓ ! તમે સુખને ઇચ્છો છો અને દુઃખને ઇચ્છતા નથી, પણ શોકની વાત છે કે તમારામાંનો મોટો ભાગ,—ઘણો

મોટો ભાગ, જે ઉપાયોવડે પોતાને વાસ્તવિક સુખનો અવશ્ય લાભ થાય એમ છે તે ઉપાયોને આદરપૂર્વક સેવતો નથી, અને જે ઉપાયો-વડે પોતાને અવશ્ય દુઃખની પ્રાપ્તિ થાય એમ છે તે ઉપાયોના સેવનનો પરિત્યાગ કરતો નથી.

સુખ અતઃકરણમાં રહ્યું છે, બહારના અનુકૂલ માનવામાં આવતા પદાર્થોમાં સત્યસુખ રહ્યું નથી. બહારના ઇચ્છિત પદાર્થના લાભવડે ને ઉપભોગવડે મનુષ્યનું અતઃકરણ થોડી ક્ષણો સુખનો અનુભવ કરી પાછું તે દુઃખનો ન્યૂનાધિક અંશે અનુભવ કરવા લાગી જાય છે. આમ અનુકૂલ પદાર્થના લાભવડે અને ઉપભોગવડે મનુષ્યને સ્થાયી સુખ મળતુ નથી એ સર્વને પોતપોતાના અનુભવથી સિદ્ધ છે. જો બહારના સર્વ પદાર્થોની તૃષ્ણાનો પરિત્યાગ કરવામાં આવે તો બહારના પદાર્થના ચિંતનવડે થનારી મનુષ્યના ચિત્તની ચચલતા શમી જઈ તેનુ ચિત્ત સ્થિર રહે છે. ચિત્તની સ્થિરતાવડે તેના વિક્ષેપનો અભાવ થવાથી તે પુરુષને ઉપશમસુખનો લાભ થાય છે, અને પછી તેને પરમાનંદરૂપ બ્રહ્મનો અનુભવ થાય છે. જે મનુષ્યને નિર્દોષ, નિરવધિ, નિત્ય ને સ્વતત્ર સુખ જોઇતું હોય તેણે તે સુખ દૃશ્ય વિષયોમાં શોધવાનું નથી, પણ પોતાના અતઃકરણમાંજ તે સુખને કોઇ સમર્થ સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરીને વિધિપૂર્વક શોધવાનું છે. આળસ અને અશ્રદ્ધાદિ ત્યજી તમે વિધિવત્ પ્રયત્ન કરો, ને સુખી થાઓ. ”

મનોનાશની અને સંસારની વાસનાના નાશની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાથી તે બ્રહ્મવેત્તા વિવેકીઓમાં ક્રમથી જીવન્મુક્ત, મહામુક્ત અને અતિમુક્ત એવા નામથી કહેવાય છે.

આ પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય, વંદનીય ને વિશ્વના શ્રેષ્ઠ

અલંકારરૂપ બ્રહ્મવેત્તા દેહાદિ જડ પદાર્થોમાં હુંપણાની (આત્માની) બુદ્ધિ નહિ રાખનારા, કોઇ પણ દશ્ય પ્રાણિપદાર્થમાં મમતા નહિ રાખનારા, સર્વ દશ્ય પ્રાણિપદાર્થમાં વિલસી રહેલા પોતાના આત્માને અને પોતાના આત્મામાં કલ્પાયેલા સર્વ પ્રાણિપદાર્થોને જોનારા, નિર્ભય, ચિત્તની નિર્મલતાવાળા, ઉદાર, વાણી આદિ કર્મેંદ્રિયોને તથા નેત્રાદિ જ્ઞાનેન્દ્રિયોને તેમના નિષિદ્ધ વ્યાપારોથી દૂર રાખવાના સામર્થ્યવાળા, અંતરાત્માથી અભિન્ન બ્રહ્મસ્વરૂપમાં પોતાના ચિત્તને તથા પોતાની ઇંદ્રિયોને સુસ્થિર રાખવાના બલવાળા, સુદૃઢનિશ્ચય-વાળા, પ્રારબ્ધવશાત્ જે વિહિત આહાર વસ્ત્ર નિવાસસ્થાન ને શય્યા આદિ પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખનારા, કોઇનો દ્વેષ નહિ કરનારા, કોઇ પણ પ્રાણીને વાણી આદિવડે ઉદ્વેગ નહિ કરનારા, જેમનુ હૃદય જેમનાં નેત્રો ને જેમની વાણી અવધિરહિત દયાથી ભરેલાં છે એવા, કોઇનું અહિત ન થાય એવું સત્ય તથા પ્રિય બોલનારા, ક્ષમાના મહાસાગર, સહનશીલ એટલે પ્રતિકૂલ પ્રાણીની કે પ્રતિકૂલ પ્રસંગની પ્રાપ્તિ થયા છતાં ચિત્તમાં લેશ પણ નહિ તપનારા, પોતાનો પ્રાપ્તવ્યવહાર કરતાં છતાં જે માનાપમાનના ટાઢતડકાના સુખદુ:ખના સ્તુતિનિંદાના તથા ભૂખતરસના પ્રસંગો અને બીજા અનુકૂલપ્રતિકૂલ પ્રસંગો આવે તેમાં હર્ષખેદાદિને વશ નહિ થતાં પોતાના હૃદયને શીતલ રાખનારા, કોઈની ચાડી નહિ કરનારા, કર્મેંદ્રિયોની અયોગ્ય ચપલતા નહિ રાખનારા, સુકોમલ હૃદયવાળા, પ્રતાપી, (સ્ત્રી મૂર્ખ બાલક ને દુર્જનથી પરાભવ નહિ પામવાના સ્વભાવવાળા અર્થાત્ તેમના ઉપર પ્રતાપ પાડવાના બલવાળા,) ઉપરથી ક્વચિત્ રાગાભાસના વા દ્વેષાભાસના જેવો વ્યવહાર કરતાં છતાં પણ હૃદયમાં આકાશના જેવા અતિપવિત્ર રહેનારા, નમ્રતા-

વાળા અર્થાત્ વિદ્યાધનાદિના અભિમાનવિનાના, સરલસ્વભાવવાળા, દંભરહિત, આ લોકનાં તથા પરલોકનાં સર્વ વિષયસુખોમાં ઉદાસીન-જેવા, દૃશ્યના બાધવડે દૃશ્યની વાસનાવિનાના, પ્રારબ્ધકર્મવશાત્ પ્રાપ્ત થયેલા સુખદુઃખને મિથ્યા સમજી સર્વદા પ્રસન્ન રહેનારા, જાગ્રદ-વસ્થામાં પણ સુષુપ્તિના જેવુ વિક્ષેપરહિત મન રાખવાના બલવાળા, પોતાને અક્રિય અસંગ પરમપવિત્ર દુઃખરહિત ને પરમાનંદરૂપે અનુ-ભવનારા, કોઇ પણ પ્રાણીની ઈર્ષ્યા નહિ કરનારા, અનુકૂલ પ્રાણિ-પદાર્થની પ્રાપ્તિથી વા પ્રતિકૂલ પ્રાણિપદાર્થના વિયોગથી હર્ષને વશ નહિ થનારા, હું તું તે આ શુભ અશુભ ઉચ્ચ ને નીચ ઇત્યાદિ સંસારના સર્વ વિકલ્પોથી રહિત ચિત્તવાળા, સકામકર્મ નહિ કરનારા, શુભાશુભકર્મમાં આદર નહિ સેવનારા, સર્વ પ્રાણિપદાર્થને તેના વિવર્તોપાદાનકારણરૂપે–બ્રહ્મરૂપે–જોનારા, કોઇ પણ પ્રકારની ચિંતા-વિનાના, બહારના અનુકૂલપ્રતિકૂલ પ્રાણિપદાર્થોના તથા બહારના અનુકૂલપ્રતિકૂલ પ્રસંગોના અને અંતઃકરણની આભાસરૂપે થતી સુખાકાર દુઃખાકાર ને મોહાકાર વૃત્તિઓના દ્રષ્ટા રહેવાના સામર્થ્ય-વાળા, અંતઃકરણને આત્માભિમુખ રાખવાના બલવાળા અને પ્રાકૃત મનુષ્યોના સમૂહમાં તથા સંમાનમાં પ્રીતિવિનાના હોવાથી તેઓ વિવેકીઓમા સર્વથા સર્વદા ધન્યવાદને પાત્ર મનાય છે.

જેમનું ચિત્ત પરમસુખના ને પરમજ્ઞાનના મહાસાગરરૂપ પર-બ્રહ્મમાં લીન થયુ છે એવા બ્રહ્મવેત્તા પોતાના લૌકિક કુલને પવિત્ર કરનારા, પોતાના સ્થૂલશરીરનાં માતપિતાને પોતાની અદ્ભુતસ્થિતિ-વડે પરમસંતોષ ઉપજાવનારા અને પોતાના નિવાસવડે ને ભ્રમણવડે આ પૃથિવીને પવિત્ર કરનારા છે.

જેમના અંતઃકરણની વૃત્તિ બ્રહ્મનો અનુભવ કરનારી થઇ છે

તેવા બ્રહ્મવેત્તા પોતાની દૃષ્ટિનો વિષયભૂત થનારાં સર્વ પ્રાણીઓને તેમના અંતઃકરણની પોતાના ભણી જેટલી અનુકૂલબુદ્ધિ હોય તે અનુકૂલબુદ્ધિના પ્રમાણમાં પવિત્ર કરે છે, અને તેમના અંતઃકરણનો પોતાના ભણી જેટલો અનુકૂલભાવ હોય તે અનુકૂલભાવના પ્રમાણમાં તેમના આત્મરૂપ હોવાથી તેઓ તેમને આનંદનો અનુભવ કરાવે છે.

જેમનું અંતઃકરણ પરમપવિત્ર બ્રહ્મમાં નિવાસ કરવાના સામર્થ્યવાળું થયું છે એવા મહાપુણ્યશાલી ને સમગ્ર જગત્‌ને વંદનીય બ્રહ્મવેત્તા કૃતાર્થ હોવાથી તેમણે પૃથિવીઉપરનાં સર્વે તીર્થોનાં જલોમાં સ્નાન કર્યું, ધનધાન્યવાળી સમગ્ર પૃથિવીનું સુપાત્ર બ્રાહ્મણને દાન આપ્યું, શાસ્ત્રોમાં કહેલા સર્વ નિર્દોષ યજ્ઞો કર્યા, આ વિશ્વમાંના સર્વે દેવોનું પૂજન કર્યું, અને પોતાના સર્વ પિતૃઓને સંતોષ આપ્યો એમ વિવેકીઓ માને છે.

જે સ્થલમાં દુઃખનો ગંધ પણ નથી, જ્યાં અપવિત્રતાનું નામ પણ સંભળાતું નથી, જે સ્થલમાં માયા ને માયાના કાર્યરૂપ પ્રાણિ-પદાર્થોનો અત્યંત અભાવ હોવાથી જે સ્થલ સર્વદા સર્વોત્તમ એકાંત-વાળું છે, જ્યાં જડતા આદિ તમોગુણના ધર્મો નથી, જ્યાં ચંચલતા આદિ રજોગુણના ધર્મો નથી, જ્યાં સુખાભિમાનાદિ મલિનસત્ત્વ-ગુણના ધર્મો નથી, જ્યાં કેવલ ચૈતન્ય ને ઉપાધિરહિત સ્વાભાવિક આનંદજ છે, જ્યાં ભેદ વા દ્વૈત નથી, જ્યાં આકાશને પણ સ્થૂલતર ગણવામાં આવે છે, જ્યાં કોઇ પ્રકારનાં શરીરોનો સદ્‌ભાવ નથી, જ્યાં પરમનિશ્ચલતા ને પરમગભીરતાજ પ્રસરી રહી છે, જ્યાં અંધકાર નથી, જ્યાં તેજના અધિકરણરૂપ કોઇ પણ પદાર્થ નથી, અને જે સ્થલ પરમગુપ્ત ને વાણીવડે નિરૂપણ ન કરી શકાય એવું છે તે

સ્થલમાં જેમનાં ચિત્તો અધિષ્ઠાનમાં ગળી ગયાં છે એવા બ્રહ્મવેત્તાઓ અભેદભાવે નિવાસ કરે છે.

જેઓ પોતાને મુમુક્ષુ માનતા હોય તેમણે પોતાના જીવનનું ક્ષણભંગુરપણું નક્કી કરી પોતાના હૃદયમાં રહેલા વિશ્વાસના (શ્રદ્ધાના) પ્રમાણમાં વર્તમાનજન્મમાં બ્રહ્મવેત્તા થવામાટે બની શકે તેટલો વધારેમાં વધારે પ્રયત્ન શીઘ્ર કરવો જોઇએ. ૐ

ૐ

॥ अंक ओगणपचाशमो ॥

॥ उपनिषदोनो सिद्धांत ॥

આશીર્વાદરૂપ મંગલ.

દોહરો.

ઔપનિષત્સિદ્ધાંતનો, જે જન કરે વિચાર;
સર્વાત્મભાવને પામી તે, તરો દુઃખદ સંસાર. ૧

ઉપ એટલે મુમુક્ષુના અંતઃકરણને સર્વદુઃખોથી રહિત ને પરમાનંદરૂપ બ્રહ્મની સમીપ લઇ જઇને, નિ એટલે તે અંતઃકરણમાં રહેલાં અવિદ્યા ને તેનાં કાર્યો જે દુઃખાદિ તેમનો નિઃશેષ, ષદ્ એટલે ઐકાંતિક ને આત્યંતિક વિનાશ કરનાર તે ઉપનિષદ્ એટલે બ્રહ્મવિદ્યા અથવા બ્રહ્મજ્ઞાન કહેવાય છે. એવી રીતે ઉપનિષદ્નો મુખ્ય અર્થ બ્રહ્મવિદ્યા વા બ્રહ્મજ્ઞાન થાય છે, અને તે બ્રહ્મવિદ્યાનું, બ્રહ્મસ્વરૂપનું ને તે બ્રહ્મવિદ્યાનાં સમીપનાં સાધનોનું વેદોના જે

ભાગોમાં નિરૂપણ કરવામાં આવ્યું છે તે ભાગો પણ ગૌણ અર્થમાં ઉપનિષદ્ વા વેદાંત કહેવાય છે. કોઇ પણ વિષયના સર્વ પૂર્વપક્ષોનું પ્રમાણથી ને યુક્તિથી મધ્યસ્થભાવે નિરાકરણ કરી જે સ્થાયી ને છેવટનો નિશ્ચય કરવામાં આવે તે તે વિષયનો સિદ્ધાંત કહેવાય છે. ઉપનિષદોએ જીવ, જગત્, ઈશ્વર, મોક્ષ ને મોક્ષસાધનો એ વિષયોમાં કરેલો અંતિમ નિશ્ચય તે ઔપનિષત્સિદ્ધાંત અથવા ઉપનિષદોનો સિદ્ધાંત કહેવાય છે. આ લઘુલેખમાં ઉપનિષદોના તે અગત્યના વિષયોના નિશ્ચયો સંક્ષેપમાં જણાવેલા હોવાથી આ લઘુલેખનું નામ ઉપનિષદોનો સિદ્ધાંત એવું રાખવામાં આવ્યુ છે.

ઋગાદિ ચાર વેદો બહુધા સંહિતા અથવા મંત્રભાગ, આરણ્યકોસહિત બ્રાહ્મણભાગ ને ઉપનિષદ્ભાગ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલા છે. વેદોના મંત્રભાગોમાં ને આરણ્યકોસહિત બ્રાહ્મણભાગોમાં બહુધા વૈદિકકર્મોના સંબંધનું, તથા કર્મોનાં અંગોના સંબંધની ઉપાસનાનું અને ભિન્ન ભિન્ન દેવોરૂપે પરમાત્માની ઉપાસનાનું નિરૂપણ છે. સર્વ વેદોની સર્વ ઉપનિષદોમાં બહુધા બ્રહ્મસ્વરૂપનું ને બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનોનું પ્રધાનપણે નિરૂપણ છે. બ્રહ્મના સ્વરૂપનો યથાર્થ અનુભવ થયા વિના મનુષ્યનું અંતઃકરણ દુઃખથી રહિત, શાંત ને સુખી થઇ શકતું નથી માટે બ્રહ્માનુભવની પ્રાપ્તિના ઉપાયો દેખાડનાર ઉપનિષદોનો વિવેકી આર્યો બહુ આદર કરે છે.

કોઇ પણ માણસ દુઃખને ઇચ્છતું નથી, સર્વ માણસો સુખનેજ ઇચ્છે છે. કોઇ માણસોની પ્રવૃત્તિં પોતાને પ્રાપ્ત થયેલા દુઃખને દૂર કરવામાટે હોય છે, કોઇ માણસોની પ્રવૃત્તિ પોતાને ભવિષ્યમાં પ્રાપ્ત થનારા દુઃખનો અટકાવ કરવામાટે હોય છે, અને કોઈ માણસોની પ્રવૃત્તિ અપ્રાપ્ત સુખની પ્રાપ્તિ કરવામાટે હોય છે. મનુષ્યોનો મોટો

ભાગ જે ખેતી, વ્યાપાર, નોકરી, વકીલાત, દલાલી ને મજુરી આદિ ધધાઓ કરે છે તે પણ દુ:ખની નિવૃત્તિમાટે વા સુખની પ્રાપ્તિમાટેજ કરે છે, પણ તે ધધાઓવડે તેમના અત:કરણમાં થતો દુ:ખાનુભવ પૂરતી રીતે શાંત થતો નથી, અને તેમને અવિચલ સુખનો અનુભવ થતો નથી, માત્ર તેઓ તે ધધાવડે પોતાના દેહનો ને પોતાના પોષ્યવર્ગના દેહોનો નિર્વાહ ચલાવે છે, અને દુ:ખની અલ્પાંશે નિવૃત્તિ ને સુખની અલ્પાંશે પ્રાપ્તિ કરી શકે છે.

મનુષ્યોનો કેટલોક ભાગ જે તીર્થયાત્રા, તિલકનું ને માલાનુ ધારણ, સદાવ્રત સ્થાપી અન્નદાન, નાનાપ્રકારનું શાસ્ત્રોક્ત કર્મ, ભિન્ન ભિન્ન પ્રકારનું તપ, પરમાત્માનું કીર્તન, જપ, શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રનું અધ્યયન, વનવાસ ને હઠયોગની શ્રમસાધ્ય ક્રિયાઓ કરે છે તેમાંનો મોટો ભાગ પણ દુ:ખની સંપૂર્ણ નિવૃત્તિ કરવામાં ને અવિચલ સુખ મેળવવામાં વિજયી થતો નથી, માત્ર તે તે કર્મવડે તેઓ અલ્પાંશે દુ:ખનિવૃત્તિ ને અલ્પાંશે સુખપ્રાપ્તિ કરી શકે છે. તેમાંનો બહુ થોડો ભાગ પોતાની યોગ્ય પ્રવૃત્તિવડે પોતાના ચિત્તની શુદ્ધિ ને કાંઇક અંશે પોતાના ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવા ભાગ્યશાલી નીવડે છે તેથી તેઓ દુ:ખનિવૃત્તિનો ને સુખોપભોગનો કાંઇક વધારે અનુભવ કરવા સમર્થ થાય છે.

જે માણસો કર્તાપણાના અભિમાનનો તથા કર્મનાં ફલોની ઇચ્છાનો પરિત્યાગ કરી શ્રદ્ધાવડે તથા આદરવડે પોતાનુ કર્તવ્ય સમજીને પોતાના અધિકારપ્રમાણે શાસ્ત્રોક્ત કર્મો કરે છે તે માણસો પોતાના અંત:કરણને પાપસંસ્કારોના વેગથી રહિત શુદ્ધ કરવા સુભાગી થાય છે. તેઓ પણ દુ:ખની સંપૂર્ણ નિવૃત્તિ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિ કરી શકતા નથી.

જે મનુષ્યો લૌકિકરીતે પોતાના મનાતા દૃશ્ય પ્રાણિપદાર્થોમાંથી મમતા મૂકી દઇ પરમાત્માના લીલાવિગ્રહનાં આનંદપ્રદ ચરિત્રોનું પરમાદરપૂર્વક શ્રવણ કરે છે, જે મનુષ્યો તેઓશ્રીના શુભગુણોનું પરમાદરપૂર્વક ગાન કરે છે, જે મનુષ્યો અંતઃકરણને તથા વાણીને પવિત્ર કરનારા તેઓશ્રીના નામનું પરમાદરપૂર્વક સ્મરણ કર્યા કરે છે, અને જે મનુષ્યો પરમાત્માની પવિત્ર પ્રતિમામાં પરમાત્મભાવ રાખી તેનું પરમાદરપૂર્વક વિધિવત્ પૂજન કરે છે, તથા તેને પરમપ્રેમથી વારવાર નમન કરે છે તે સર્વ મનુષ્યો વહેલામોડા અનન્યભક્તિની પ્રાપ્તિવડે પરમકૃપાલુ પરમાત્માની કૃપા પ્રાપ્ત કરી તેમના લોકને પ્રાપ્ત થાય છે, વા બ્રહ્મના જ્ઞાનના લાભવડે સર્વ દુઃખોની સંપૂર્ણનિવૃત્તિરૂપ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિરૂપ સદ્યોમોક્ષને એટલે પોતાના વાસ્તવિક સ્વરૂપમાં અવિચલ વિશ્રાંતિને પામે છે.

જે મનુષ્યો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, બ્રહ્મધારણા, બ્રહ્મધ્યાન ને બ્રહ્મસમાધિવડે પોતાના ચિત્તને બ્રહ્મમાં સુસ્થિર કરી બ્રહ્મસાક્ષાત્કારના પ્રતિબંધનો ક્ષય થયે અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા ભાગ્યશાલી થાય છે તેઓ પણ બ્રહ્મવિદ્યાનામની અંતઃકરણની વૃત્તિને પ્રાપ્ત થયેલા હોવાથી સદ્યોમોક્ષને પ્રાપ્ત થાય છે.

જે મનુષ્યો વિવેક આદિ ચાર સાધનો સંપાદન કરી બ્રહ્મસ્વરૂપનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરે છે તે મનુષ્યો પણ બ્રહ્મસાક્ષાત્કારના પ્રતિબંધનો ક્ષય થયે બ્રહ્મસ્વરૂપના સાક્ષાત્કારવડે પૂર્વોક્ત સદ્યોમોક્ષ મેળવવા સુભાગી થાય છે.

જીવમાં ચેતન ને જડ એવા બે અંશ છે. તેમાં જે ચેતનરૂપ અંશ છે તે બ્રહ્મ–શુદ્ધચેતન–છે, ને તેમાં જે જડાંશ છે તે અવિદ્યાનો

અશ વા અંતઃકરણ છે. જીવના સ્વરૂપમાંથી એ જડાંશ વિવેકવડે દૂર કરી નાંખવાથી અવશેષભાગરૂપ જે ચેતન રહે છે તે ચેતન આ પ્રતીત થતા સર્વ પ્રાણિપદાર્થોના અધિષ્ઠાનરૂપ ચેતનથી–બ્રહ્મથી–ભિન્ન નથી, પણ તે સ્વરૂપજ છે. "**अयमात्मा ब्रह्म**" (આ આત્મા બ્રહ્મ છે,) "**प्रज्ञानं ब्रह्म**" (આત્મા બ્રહ્મ છે,) "**अहं ब्रह्मास्मि**" (હું બ્રહ્મ છું,) "**तद्वा एतद् ब्रह्माद्वयं सदानन्द-चिन्मात्रमात्मैव तदेतत्सत्यमात्मा ब्रह्मैव ब्रह्मात्मैव**" (તે આ પ્રસિદ્ધ બ્રહ્મ અદ્વિતીય, સત્, આનંદ ને ચૈતન્યમાત્ર આત્માજ છે, અને તે આ સત્યરૂપ આત્મા બ્રહ્મજ છે, બ્રહ્મ આત્માજ છે,) "**सूक्ष्मात्सूक्ष्मतरं नित्यं तत्त्वमेव त्वमेव तत्**" (સૂક્ષ્મથી વધારે સૂક્ષ્મ ને નિત્ય બ્રહ્મ તુંજ છે, ને તુંજ બ્રહ્મ છે,) અને "**तत्त्वमसि**" (તે બ્રહ્મ તું છે,) ઇત્યાદિ ઉપનિષદોનાં વચનો જીવનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે એમ સ્પષ્ટ રીતે કહે છે. ઉપનિષદો-ના એ સિદ્ધાતને અનુસરીને "**सोऽहं स च त्वं स च सर्वमे-तत्**" (તે બ્રહ્મ હું છું, તે બ્રહ્મ તુ છે, અને તે આ સર્વ છે,) "**आत्मनो ब्रह्मणो भेदमसन्तं कः करिष्यति**" (આત્માનો ને બ્રહ્મનો ભેદ નથી, છતાં તે ભેદ કોણ કરશે ?) "**एकस्त्वमात्मा पुरुषः पुराण.**" (તુ એક આત્મા પ્રાચીન પુરુષ છે,) "**सकल-मिदमहं च वासुदेवः**" (આ સર્વ ને હું વાસુદેવ છીએ,) "**जीवो ब्रह्मैव नापरः**" (જીવ બ્રહ્મજ છે, તેનાથી ભિન્ન નથી,) અને "**क्षेत्रज्ञं चापि मां विद्धि**" (અને તુ મને ક્ષેત્રજ્ઞ-જીવ–પણ જાણ,) ઇત્યાદિ સ્મૃતિઓનાં વચનો પણ જીવના બ્રહ્મ-સ્વરૂપનુ પ્રતિપાદન કરે છે. આત્મા બ્રહ્મજ છે; સદ્રૂપપણાથી, ચિદ્રૂપપણાથી, આનંદરૂપપણાથી, અવિકારીપણાથી, અસંગપણાથી ને પરિપૂર્ણપણાથી; જે પદાર્થ એવો નથી તે બ્રહ્મ પણ નથી, જેમ

અતઃકરણાદિ; જીવનો ને ઈશ્વરનો ભેદ અસત્ય છે; ઉપાધિએ કલ્પના કરાવેલો હોવાથી: ઘટાકાશના ને મહાકાશના ભેદની પેઠે; અને જીવનો ઉપાધિ જે અતઃકરણ તે મિથ્યા છે; માયાના કાર્યપણાથી; સ્વપ્નમાં પ્રતીત થતા પદાર્થની પેઠે; ઇત્યાદિ અતઃકરણને સ્વસ્થ કરનારી અને શ્રુતિને તથા સ્મૃતિને અનુસરનારી યુક્તિઓવડે પણ જીવના વાસ્તવિક સ્વરૂપને જણાવનાર ઉપનિષદોનો સિદ્ધાંત સત્ય પ્રતીત થાય છે. પ્રાતઃકાલમાં પરમભક્તિથી સ્મરણ કરવાયોગ્ય ને પ્રણામ કરવાયોગ્ય પૂજ્ય બ્રહ્મવેત્તાઓનો ભ્રાંતિરહિત અનુભવ પણ જીવ-બ્રહ્મના અભેદનેજ વિષય કરનારો હોય છે એમ તેમનાં વચનાદિથી જણાય છે.

" **द्वितीयाद्वै भयं भवति** " (દ્વૈતથી–જીવોને, જગત્‌ને ને ઈશ્વરને પોતાનાથી ભિન્ન સત્યરૂપ માનવાથી–તે માનનારને અવશ્ય તેમનાથી કોઈ પણ પ્રકારનુ ભય પ્રતીત થાય છે,) " **यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुतेऽथ तस्य भयं भवति**" (જ્યારે આ પુરુષ આ બ્રહ્મમાં અલ્પ પણ ભેદ કરે છે ત્યારે તેને ભય–સંસારસંબંધિ દુઃખ–થાય છે,) અને " **मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति** " (જે મનુષ્ય અભેદરૂપ બ્રહ્મમાં ભેદના જેવુ જુએ છે તે મૃત્યુથી મૃત્યુને પામે છે,) ઇત્યાદિ શ્રુતિઓ (ઉપનિષદોનાં વચનો) ભેદદર્શનને અપકારક કહી તેનો નિષેધ કરે છે તેથી પણ જીવના વાસ્તવિક સ્વરૂપનો બ્રહ્મથી અભેદ છે એમ સિદ્ધ થાય છે.

" હું સુખી, " " હું દુઃખી " ને " હું મૂઢ " એવા લોકોના અનુભવથી જીવનું પ્રત્યક્ષપણે સંસારીપણું પ્રતીત થાય છે તેનો તે ધર્મોથી અત્યત રહિત અસંસારી બ્રહ્મની સાથે અભેદ કેવી રીતે સંભવી શકે એમ શંકા થાય તો તેના સમાધાનમાં કહેવાનું કેઃ–સુખ,

દુઃખ ને મૂઢતા એ અંતઃકરણના ધર્મો અજ્ઞાનવડે પોતાનામાં (આત્મસ્વરૂપમાં) માની જીવ પોતાને સુખી, દુઃખી વા મૂઢ માને છે. જેમ બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા ને મરણ શરીરરહિત આત્માના ધર્મો નથી તેમ સુખ, દુઃખ, મોહ, ક્ષુધા ને તૃષા પણ અંતઃકરણથી ને પ્રાણથી રહિત આત્માના ધર્મો નથી. બંધ અને મોક્ષ પણ અંતઃકરણમાં રહેલા અજ્ઞાનથી અને જ્ઞાનથી જીવમાં માનવામાં આવે છે તેથી તે પણ વસ્તુતાએ જ્ઞાનથી અને અજ્ઞાનથી રહિત સર્વદા શુદ્ધસ્વરૂપ, સર્વદા જ્ઞાનસ્વરૂપ ને સર્વદા મુક્તસ્વરૂપ આત્મામાં નથી.

સર્વ જીવોમાં એકજ શુદ્ધચેતન રહેલુ હોવાથી જીવોનુ વાસ્તવિક સ્વરૂપ પરસ્પર ભિન્ન નથી. સ્વપ્નમા પ્રતીત થતા ઘણા જીવો જેમ સાક્ષિચેતનથી ભિન્ન નથી તેમ જાગ્રત્‌માં પ્રતીત થતા ઘણા જીવો પણ બ્રહ્મથી ભિન્ન નથી. જેમ ઘણા ઘડાઓમાં તે ઘડાઓરૂપ ઉપાધિથી ભિન્ન ભિન્ન પ્રતીત થતાં ઘણાં ઘટાકાશો મહાકાશથી ભિન્ન નથી તેમ અસંખ્ય શરીરોમાં તે શરીરોરૂપ ઉપાધિઓથી ભિન્ન ભિન્ન પ્રતીત થતા જીવો પણ ચેતનરૂપ બ્રહ્મથી ભિન્ન નથી. સુખ, દુઃખ, ક્ષુધા, તૃષા, જન્મ, મરણ, બંધ ને મોક્ષની વ્યવસ્થા વ્યાવહારિક જીવોનું બહુપણું માનવાથી થઇ શકે છે તેથી જીવોના વાસ્તવિક સ્વરૂપને એક માનવામાં કોઇ પણ પ્રકારની અડચણ આવતી નથી.

કર્મ, ઉપાસના ને જ્ઞાન વ્યાવહારિક જીવોનાં અતઃકરણોમાં રહેલા મલ, વિક્ષેપ ને આવરણ એ ત્રણ દોષો દૂર કરવામાં ઉપયોગી થાય છે, એટલે તેમને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોને પણ અદ્વૈતવાદમાં નિરર્થકપણાની પ્રાપ્તિ થતી નથી, તેમજ અજ્ઞાનની નિવૃત્તિ થતાંસુધી પ્રત્યક્ષાદિ ૭ પ્રમાણો પણ ઉપયોગી હોવાથી તે પણ આ સિદ્ધાંતમાં નિરર્થક થતાં નથી.

જો દ્વૈતને પારમાર્થિક સત્ય માનીએ તો "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**" (સત્યરૂપ, જ્ઞાનરૂપ ને પરિચ્છેદથી રહિત બ્રહ્મ છે,) "**एकमेवाद्वितीयं ब्रह्म**" (બ્રહ્મ એકજ અદ્વિતીય છે,) "**एको रुद्रो न द्वितीयोऽवतस्थे**" (એક બ્રહ્મ છે, બીજો સ્થિત નથી,) "**एको देवो नारायणः**" (એક સ્વયપ્રકાશ બ્રહ્મ છે,) "**एक एव हि भूतात्मा**" (એકજ સર્વ ભૂતોનો આત્મા છે,) "**एकं सद्विप्रा बहुधा वदन्ति**" (એક બ્રહ્મને વિદ્વાનો બહુ પ્રકારે કહે છે,) "**एकः सन् बहुधा विचचार**" (એક છતાં બહુ પ્રકારે વિચરતા હવા,) "**एकं सन्तं बहुधा कल्पयन्ति**" (એક છતાં બહુ પ્રકારે કલ્પે છે,) "**एको दाधार भुवनानि विश्वा**" (એક સર્વ ભુવનોને ધારણ કરતા હવા,) "**एको देवो बहुधा संनिविष्टः**" (એક સ્વયપ્રકાશ બહુ પ્રકારે પ્રવેશ પામેલા છે,) "**त्वमेकोऽसि बहूननुप्रविष्टः**" (તુ એક છે, ને ઘણામાં અનુપ્રવેશ પામેલો છે,) "**तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्यं**" (તે આ બ્રહ્મ કારણથી રહિત, કાર્યથી રહિત, પરિચ્છેદવિનાનું ને જાતિ આદિ વિશેષોથી રહિત છે,) "**ईशा वास्यमिदं सर्वं**" (આ સર્વ બ્રહ્મવડે ઢાંકી દેવાયોગ્ય છે,) "**सद्धीदं सर्वं चिद्धीदं सर्वं**" (આ સર્વ સતજ છે, આ સર્વ ચેતનજ છે,) "**पुरुष एवेदं सर्वं**" (બ્રહ્મજ આ સર્વ છે,) "**ब्रह्मैवेदं विश्वं**" (બ્રહ્મજ આ સર્વ છે,) "**मायामात्रमिदं द्वैतं**" (આ દ્વૈત માયામાત્ર છે,) "**नेह नानास्ति किञ्चन**" (અહિં–બ્રહ્મમાં–કાંઇ પણ ભેદ નથી,) ને "**न ह्यस्ति द्वैतसिद्धिः**" (દ્વૈતની સિદ્ધિ નથીજ,) ઇત્યાદિ શ્રુતિઓની સાથે; તથા "**तस्मान्न विज्ञानमृतेऽस्ति किंचित्**" (તેથી વિજ્ઞાનવિના કાંઇ નથી,) "**विशुद्धं ज्ञानमेवैकं**" (એક

નિર્મલ જ્ઞાનજ છે,) " **मत्तः परतर नान्यत्** " (મારાથી વધારે શ્રેષ્ઠ અન્ય નથી,) " **वासुदेवः सर्वमिति** " (વાસુદેવ સર્વ છે એમ,) " **सर्वभूतस्थितं यो मां** " (જે સર્વભૂતોમાં રહેલા મને,) ને " **वेदार्थः परमाद्वैतम्** " (વેદનો અર્થ પરમ અદ્વૈત છે,) ઇત્યાદિ સ્મૃતિઓની સાથે. અને બ્રહ્મ અદ્વિતીય છે, અનંતપણાથી ને સર્વના આત્મરૂપપણાથી, જે વસ્તુ એવી નથી તે અદ્વિતીય નથી, જેમ આકાશ; ઇત્યાદિ યુક્તિઓની સાથે વિરોધ આવે.

નેત્રાદિ ઇંદ્રિયોવડે અનુભવાતું આ નામ, રૂપ ને ક્રિયાવાળું જગત્ વ્યવહારપક્ષે જડ ગણાય છે. વ્યવહારપક્ષે તે જડ જગત્ આકાશાદિ ભૂતોમાંથી ઉપજ્યું છે. આકાશાદિ ભૂતો માયા વા પ્રકૃતિમાંથી ઉપજ્યાં છે. એ માયા વા પ્રકૃતિ ચેતનરૂપ બ્રહ્મને આશરે રહેલી છે, વા તે ચેતનરૂપ બ્રહ્મનો મિથ્યા (કલ્પિત-વ્યાવહારિક સ્વભાવ છે.

" **तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः। आकाशाद्वायुः। वायोरग्निः। अग्नेरापः। अद्भ्यः पृथिवी ॥** " (પ્રસિદ્ધ ને આ આત્મરૂપ બ્રહ્મથી-બ્રહ્મના કલ્પિત સ્વભાવરૂપ માયાથી-આકાશ ઉપજ્યું, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જલ ને જલથી પૃથિવી ઉપજી,) એ શ્રુતિમાં બ્રહ્મને આશરે રહેલી માયામાંથી આ આકાશાદિ જડ ભૂતો ક્રમથી ઉપજ્યાં છે એમ કહ્યું છે. જડની બ્રહ્મથી ભિન્ન સ્વતન્ત્ર સત્તા ન હોવાથી તે જડ ભૂતો ને તેના કાર્યરૂપ મનાતો આ પ્રતીત થતો સર્વ જડ પ્રપંચ (સર્વ જગત્) વસ્તુતાએ બ્રહ્મજ છે એમ " **सर्वं खल्विदं ब्रह्म** " (આ સર્વ નિશ્ચય બ્રહ્મ છે,) ને "**ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण। अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥** "

(જે આ નામરૂપવાળા પદાર્થો આગળ પ્રતીત થાય છે તે સર્વ અવિનાશિરૂપ બ્રહ્મજ છે, જે પાછળ પ્રતીત થાય છે તે પણ બ્રહ્મજ છે, જે જમણીભણી અને ડાબીભણી તથા ઉપર અને નીચે પ્રસરી રહેલી વસ્તુઓ પ્રતીત થાય છે તે પણ બ્રહ્મજ છે, આ સર્વ બ્રહ્મજ છે, આ જગત્ શ્રેષ્ઠતમ એટલે બ્રહ્મજ છે.) ઇત્યાદિ શ્રુતિઓ આ સર્વ દૃશ્યનુ વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ છે એમ કહે છે, એટલે જીવો જેમ વસ્તુતાએ અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી ભિન્ન નથી તેમ આ જગત્ પણ વસ્તુતાએ અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી ભિન્ન નથી.

જો આ જડ જગત્ને બ્રહ્મથી ભિન્ન ને બ્રહ્મના જેવું સત્ય માનવામાં આવે તો અદ્વૈતનું નિરૂપણ કરનારી શ્રુતિઓને મિથ્યા કથન કરનારી કહેવી પડે, જે આસ્તિકને મતે અયોગ્ય છે. વળી આ જડ જગત્ને જો ત્રણે કાલમાં રહેનારુ માનવામાં આવે તો જડનો સદ્‌ભાવ સર્વદા રહેવાથી મુમુક્ષુઓને અદ્વૈતબ્રહ્મની પ્રાપ્તિરૂપ મોક્ષનો લાભ થઇ શકશે નહિ.

માયાસહિત ચેતન ઇશ્વર કહેવાય છે. તે ઈશ્વર પણ તેમાં રહેલા માયારૂપ જડ અંશને વિચારવડે દૂર કરતાં બ્રહ્મરૂપજ અવશેષ રહે છે. એવી રીતે સૃષ્ટિકર્તા ને કર્મફલપ્રદાતા ઇશ્વરનું વાસ્તવિક સ્વરૂપ પણ બ્રહ્મજ છે. એ બ્રહ્મ સદ્‌રૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ ને વ્યાપક છે એમ "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**" (બ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ અને દેશ કાલ ને વસ્તુથી વિભાગ નહિ પામનારુ-વ્યાપક-છે,) તથા "**विज्ञानमानंदं ब्रह्म**" (બ્રહ્મ વિજ્ઞાનરૂપ ને આનંદરૂપ છે,) ઇત્યાદિ ઉપનિષદોનાં વચનો કહે છે.

એ બ્રહ્મ સદ્રૂપ, ચિદ્રૂપ ને આનંદરૂપ હોવાથી તે બ્રહ્મમાં મૃત્યુ-

વિનાશ, અજ્ઞાન, દુ:ખ, શોક ને ભયનો લેશ પણ નથી. એ બ્રહ્મનો સાક્ષાત્કાર કરી તે સ્વરૂપે સ્થિતિ કરવી તે મોક્ષ છે. “ **तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पंथा विद्यतेऽयनाय** ” (તે બ્રહ્મનેજ જાણીને મનુષ્ય મૃત્યુનું ઉલ્લંઘન કરે છે, મોક્ષને માટે અન્ય સાધન નથી,) “ **त्वं हि नः पिता योऽस्माकमविद्यायाः परं पारं तारयसि** ” (હે ભગવન્ ! આપજ અમારા સાચા પિતા છો, જે આપ અમને અજ્ઞાનના સામા પારપ્રતિ તારો છો,—અજ્ઞાન-રહિત બ્રહ્મની પ્રાપ્તિ કરાવો છો,) “ **यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः । तदा देवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति ॥** ” (જ્યારે મનુષ્યો હરણ આદિના ચામડાની પેઠે આકાશને વીંટી શકવા સમર્થ થશે ત્યારે બ્રહ્મને જાણ્યા વિના મનુષ્યોનાં દુઃખોનો અંત આવશે,) “ **तरति शोकमात्मवित्** ” (આત્માથી અભિન્ન બ્રહ્મને જાણનાર શોકને તરે છે,) “**आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन** ” (બ્રહ્મસ્વરૂપના આનંદને જાણનાર કોઇથી ભય પામતો નથી,) “ **यदा ह्येवैष एतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दतेऽथ सोऽभयं गतो भवति** ” (જ્યારે આ મુમુક્ષુ આ ઇંદ્રિયોના અ-વિષયરૂપ, સ્વરૂપપણાવડે સ્વકીયપણાથી રહિત, શબ્દની શક્તિવૃત્તિ-વડે ન કહી શકાય એવા, ને પોતાના મહિમામાં સ્થિત બ્રહ્મમાં ભયના હેતુરૂપ દ્વૈતથી રહિત સુસ્થિરતાને પામે છે ત્યારે તે મુમુક્ષુ અભયને પામેલો થાય છે,) “ **अभयं वै जनक प्राप्तोऽसि** ” (હે જનક ! તમે અભયરૂપ બ્રહ્મનેજ પ્રાપ્ત થયા છો,) ને “ **ब्रह्म वेद ब्रह्मैव भवति** ” (જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મજ થાય છે,) ઇત્યાદિ શ્રુતિઓ એ અર્થનેજ કહે છે.

જડ વિકારી ને વિનાશી છે, અને ચેતન અવિકારી ને અવિનાશી છે એવી સમજરૂપ **વિવેક**; બ્રહ્મલોકસુધીના સર્વ ભોગ્ય પદાર્થોને અસત્, તુચ્છ ને બંધન કરનારા સમજી તેમાં રહેલી આસક્તિના પરિત્યાગરૂપ **વૈરાગ્ય**; અયોગ્ય ચિંતનથી મનને વશ રાખવારૂપ **શમ**, જ્ઞાનેંદ્રિયોને તથા કર્મેંદ્રિયોને અયોગ્ય પ્રવૃત્તિથી વશ રાખવારૂપ **દમ**, પોતાના સદ્‌ગુરુનાં વચનોમાં ને સત્‌શાસ્ત્રોનાં વચનોમાં સમજવાળા અડગ વિશ્વાસરૂપ **શ્રદ્ધા**, અનુકૂલપ્રતિકૂલ પ્રસંગની પ્રાપ્તિના સમયમાં યથાયોગ્ય વિચારથી મનને હર્ષખેદરૂપ વિક્ષેપને વશ ન થવા દેવારૂપ **સમાધાન**, રાગદ્વેષ ઉપજાવનારા સર્વ દૃશ્ય વિષયોભણી તથા તે વિષયોનાં સાધનોભણી અંતઃકરણની સ્વાભાવિક ઉદાસીનતાજેવી સ્થિતિરૂપ **ઉપરતિ**, ને ટાઢતડકો, ભૂખતરષ, માનાપમાન ને સુખદુઃખને સહન કરી શકવાના સામર્થ્યરૂપ **તિતિક્ષા** એ ૭ સંપત્તિ; મોક્ષ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છારૂપ **મુમુક્ષુતા**: શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના વિધિવત્ શરણપૂર્વક તેઓશ્રીની પાસેથી માત્ર મોક્ષની ઇચ્છા રાખીને ઉપનિષદોનું, વા ઉપનિષદોને અનુસરતા કોઇ ગ્રંથનું કે તેમના ઉપદેશનું પરમાદરપૂર્વક એકાગ્રચિત્તે **શ્રવણ**; તેમણે શ્રવણ કરાવેલા ગ્રંથના કે ઉપદેશના વિષયનું એકાંતમા બેસી અંતઃકરણની સ્વસ્થતામાટે સુયુક્તિઓવડે દૃઢીકરણ કરવારૂપ **મનન**; અને એવા મનનવડે નક્કી કરેલા એકજ અદ્વિતીય બ્રહ્મનું પરમાદરપૂર્વક દૃઢ ધ્યાનરૂપ વા સતત વિચારરૂપ **નિદિધ્યાસન** એ સાધનોના પરિપાકથી સાધક મનુષ્યને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે, ને એ સાક્ષાત્કારવડે તે મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અહિ સર્વત્ર એક ને અસંગ બ્રહ્મજ છે, તેનાથી ભિન્ન અન્ય જે કાંઇ પ્રતીત થાય છે તે સદ્‌ઘન બ્રહ્મને આશ્રયે રહેલી અસંખ્ય પેટા શક્તિઓવાળી માયાનામની મહાશક્તિનાં પરિણામો છે. પોતાના

અંતઃકરણને પરમપવિત્ર, પરમ એકાગ્ર ને નિરાવરણ કર્યા વિના મનુષ્યથી આ સિદ્ધાંત સ્પષ્ટરીતે સમજી શકાતો નથી તેથી આ સિદ્ધાંતથી કાંઈક ઊતરતા પ્રકારના નિશ્ચયો ઉપનિષદોના સિદ્ધાંતરૂપે કેટલાક વિદ્વાનોએ તેવા અધિકારવાળા મનુષ્યોને ઉદ્દેશીને દર્શાવેલા છે તે તેવા અધિકારવાળાઓને ઉપયોગી છે. તેમાં કેટલાક વિદ્વાનો બ્રહ્મરૂપ પૂર્ણપુરુષોત્તમ પોતાની ઇચ્છાવડે જગદાકાર પ્રતીત થાય છે એમ કહે છે. જીવો ને જગત્ એ પૂર્ણપુરુષોત્તમથી ભિન્ન નથી, છતાં તેઓશ્રીની ઇચ્છાથી તે બંને તેઓશ્રીથી ભિન્ન પ્રતીત થાય છે. તે વિદ્વાનો માયાનો સ્વીકાર કરતા નથી, પણ પૂર્ણપુરુષોત્તમની ઇચ્છાનો સ્વીકાર કરે છે. સારગ્રાહી બુદ્ધિવાળા વિવેકી પુરુષોની દૃષ્ટિએ એ ઇચ્છા માયાથી ભિન્ન પ્રતીત થતી નથી, એટલે ઇચ્છામાં ને માયામાં માત્ર શબ્દનોજ ભેદ છે, અર્થનો ભેદ નથી. તે વિદ્વાનોએ કરેલા નિર્ણયપ્રમાણે પૂર્ણપુરુષોત્તમની ભક્તિ કરનારા જીવો પૂર્ણપુરુષોત્તમના સાયુજ્યને પામે છે. કેટલાક વિદ્વાનો ઉપનિષદાદિનો આધાર ગ્રહણ કરીને કહે છે કે વ્યવહારકાલે જગત્, જીવો ને બ્રહ્મ ભિન્ન ભિન્ન પ્રતીત થાય છે, પણ બ્રહ્મની ઉપાસનાવડે જે જીવનું હૃદય યોગ્યતાવાળુ થાય છે તે જીવને મોક્ષકાલે જગત્ ને જીવો બ્રહ્મરૂપે પ્રતીત થાય છે, અર્થાત્ વ્યવહારકાલે દ્વૈત સત્ય છે, ને પરમાર્થકાલે અદ્વૈત સત્ય છે. કેટલાક વિદ્વાનો ઉપનિષદાદિનો આશ્રય લઇને કહે છે કે બ્રહ્મરૂપ વાસુદેવ, જીવો ને જગત્ એ ત્રણે અનાદિ ને અનંત છે, તથા પરસ્પર ભિન્ન છે, પણ મોક્ષકાલે મોક્ષ પામેલા જીવો લગભગ વાસુદેવના જેવા થાય છે. કેટલાક વિદ્વાનો ઈશ્વર, જીવો ને જગત્ને ભિન્ન ભિન્ન માને છે, તથા તેમને અનાદિ ને અનંત માને છે, અને જીવો મોક્ષકાલે પણ જીવોજ રહે છે, ઈશ્વરસ્વરૂપ કે લગભગ ઈશ્વરજેવા

થતા નથી. આમ કહેવામા તેઓ પણ ઉપનિષદાદિનો આશ્રય ગ્રહણ કરે છે.

ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા ને ઉત્તરમીમાંસા એ છ દર્શનોમાંનાં પ્રથમનાં ચાર દર્શનો ઉપનિષદોને પરમપ્રમાણ માની પોતાના પ્રમેયો સિદ્ધ કરવા પ્રવૃત્ત થતાં નથી માટે તેમણે નક્કી કરેલા પ્રમેયો ઉપનિષદોના સિદ્ધાંતના પગથિયારૂપ છતાં પણ ઉપનિષદોના સિદ્ધાંતરૂપ નથી. તેમાં પ્રથમનાં બે દર્શનોનો બુદ્ધિની સૂક્ષ્મતા કરવામાં ઉપયોગ છે, ને ત્રીજા તથા ચોથા દર્શનનો ઉપયોગ ઉપનિષદોમાં કહેલા બ્રહ્મસાક્ષાત્કારના સાધનરૂપ નિદિધ્યાસનમાં થાય છે. પૂર્વમીમાંસા વેદના મત્રભાગનો ને બ્રાહ્મણભાગનો અભિપ્રાય સ્પષ્ટ કરવામાં પ્રવૃત્ત છે, તેમા નક્કી કરેલાં કર્મો નિષ્કામબુદ્ધિએ કરવાથી તે કર્મ કરનારના અંતઃકરણની શુદ્ધિ થાય છે માટે તે દર્શનનો અંતઃકરણની શુદ્ધિમા ઉપયોગ છે; અને ઉત્તરમીમાંસા ઉપનિષદોને પરમપ્રમાણ માની તેમનાં વચનોનો સમન્વય કરી તેમનો સિદ્ધાંત પ્રમાણવડે ને યુક્તિવડે સમજાવે છે માટે તે દર્શન ઉપનિષદોનો સિદ્ધાંત સમજાવનારુ ગણાય છે.

પુરાણો અને ઉપપુરાણો ઉપનિષદોના સિદ્ધાંતને પરમપ્રમાણ ગણી પરમાત્માની ભક્તિના સ્વરૂપાદિનું વર્ણન કરે છે. ધર્મશાસ્ત્રોમાં, મત્રગ્રથોમાં ને તંત્રગ્રથોમાં પણ ન્યૂનાધિક અંશે ઉપનિષદોના સિદ્ધાતનું નિરૂપણ હોય છે.

અંતઃકરણની વિશુદ્ધિવિના અને તેની ઉત્તમ પ્રકારની એકાગ્રતા-વિના ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાંત મનુષ્યને સંશય ને વિપર્યયથી રહિત સ્પષ્ટ સમજી શકાતો નથી માટે જે મનુષ્યો પક્ષપાતરહિત બુદ્ધિથી

પ્રમાણવડે ને યુક્તિવડે ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાંત જાણવાની તીવ્ર ને નિર્દોષ ઇચ્છા રાખતા હોય તે મનુષ્યોએ પ્રથમ પોતાના અંતઃ-કરણને વિશુદ્ધ ને પરમ એકાગ્ર કરી પછી યોગ્ય પુરુષદ્વારા ઉપનિષદો-નો મુખ્ય સિદ્ધાંત સમજવાનો પરમાદરપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

હે સજ્જનો ! પરમપ્રમાણરૂપ ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાંત ઉત્તમપ્રકારે સમજ્યા વિના મનુષ્યથી પરમપ્રાપ્તવ્યને પ્રાપ્ત કરવાનો યથાયોગ્ય ઉદ્યોગ કરી શકાતો નથી, ને તેવો ઉદ્યોગ કર્યા વિના તેનાથી પરમપ્રાપ્તવ્ય પ્રાપ્ત કરી શકાતું નથી. હે મુમુક્ષુઓ ! તમારામાંથી જેઓ આ લોકના વિષયોનાં સુખોમાંજ સંપૂર્ણપણાની બુદ્ધિ રાખનારા હોય તેમને તો તમે તે તે વિષયસુખોનો વિવેક-પૂર્વક ઉપભોગ કરતા રહી પોતાના અતઃકરણને ધીરે ધીરે તે વિષય-સુખોમાં સંતોષવાળુ કરતાં શીખો એટલુજ હમણાં સૂચવવાનું છે. તમારામાંથી જેઓ સ્વર્ગના વિષયોનાં સુખોમાં લાલસાવાળા હોય તેમને તમારે સ્વર્ગની પ્રાપ્તિના હેતુભૂત કર્મો વિવેકપૂર્વક કરવાં, અને તે વિષયસુખોનો, તેના પરિણામનો ને તેની પ્રાપ્તિ કરવામાં કરવા પડેલા શ્રમનો વિવેકપૂર્વક વિચાર કરવો એટલુંજ સૂચવવુ પૂરતું છે. જેઓ પોતાના અતઃકરણની શુદ્ધિમાટે શાસ્ત્રોક્ત વિહિત કર્મ પ્રીતિપૂર્વક કરતા હોય તેમણે પોતાના અતઃકરણની પૂરતી શુદ્ધિ થતાસુધી તે કર્મો શ્રદ્ધા ને સાવધાનતાથી કર્યા કરવાં એટલોજ ઉપદેશ તેમને હમણાં પૂરતો પ્રતીત થાય છે. તમારામાંથી જેઓ ઉપાસનાવડે પોતપોતાના ઇષ્ટદેવના લોકની પ્રાપ્તિ કરવા ઇચ્છતા હોય તેમણે શ્રદ્ધાદિ સાધનોસહિત પોતપોતાના ઇષ્ટદેવની ઉપાસનાનો પરિપાક કરવા પ્રયત્ન કરવો જોઇએ. તમને ઉપનિષદોના જે ગૌણ

સિદ્ધાંતમાં તમારા પ્રારબ્ધકર્મથી ને સંસર્ગથી અભિરુચિ પ્રકટી હોય તે ગૌણ સિદ્ધાંતની ઉપનિષદોના મુખ્ય સિદ્ધાંતની સાથે જ્યારે તમારુ મન પક્ષપાતરહિત ને શાંત હોય ત્યારે સરખામણી કરતા રહેશો, અને અતઃકરણનો ને ધર્મનો પરિપૂર્ણ વિકાસ કયા સિદ્ધાંતમાં છે તે જોજો. આવો નિર્ણય કરતી વેલા તમારા અતઃકરણમાં દુરાગ્રહનો લેશ પણ પ્રવેશ બનતાસુધી થવા દેશો નહિ. જો તમે આવો પ્રયત્ન કરતા રહેશો તો પરિણામે તમને ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાંત સમજાયા વિના રહેશે નહિ. તમારામાંથી જેઓ વિવેકાદિ સાધનો પ્રાપ્ત કરી ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાંત સમજવા પરમકારુણિક, શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષની પાસેથી ઉપનિષદાદિનું શ્રવણાદિ કરતા હોય તેમણે પોતપોતાના અતઃકરણાદિના કુસ્વભાવોને દૂર રાખી ઉપનિષદોનો મુખ્ય સિદ્ધાંત સ્પષ્ટ સમજાય, ને તે પોતપોતાના અનુભવનો વિષય થાય ત્યાંસુધી પોતપોતાનો શુભ પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ. કોઇ પણ કારણથી તેમણે વચ્ચે નજ અટકી પડવું જોઇએ.

જે બ્રહ્મસ્વરૂપનું ઉપનિષદો નિરૂપણ કરે છે તે બ્રહ્મસ્વરૂપમાં સુભાગી મુમુક્ષુઓ અભેદભાવે સ્થિતિ કરવા સમર્થ થાઓ એમ ઇચ્છી વર્તમાનમાં આ વિષય સમાપ્ત કરવામાં આવે છે. ૐ



વૃત્તિરૂપ ગાયને બ્રહ્મારણ્યમાં ચારવી.

ॐ

॥ अंक पचाशमो ॥

॥ श्रीमद्भगवद्गीतानो सिद्धांत ॥

વસ્તુનિર્દેશરૂપ મંગલ.

દોહરો.

જાગ્રત્સ્વપ્નસુષુપ્તિનું, દૃશ્ય પ્રકાશે જેહ,
તે બ્રહ્મ સૌનો આત્મા, તેમાં નહિ સંદેહ. ૧

ગયા અંકમાં ઉપનિષદોમાં પ્રતિપાદન કરેલા જીવાદિના સ્વરૂપના સિદ્ધાંતનુ બની શકે તેટલા મધ્યસ્થભાવે સંક્ષેપમાં નિરૂપણ થઇ ગયું છે, હવે શ્રીમદ્ભગવદ્ગીતામાં પ્રતિપાદન કરેલા જીવાદિના સ્વરૂપના સિદ્ધાંતનુ બની શકે તેટલા મધ્યસ્થભાવે સંક્ષેપમાં નિરૂપણ આ અંકમાં થાય છે. ઉપનિષદોમાં જીવાદિના સ્વરૂપનો જે સિદ્ધાંત પ્રતિપાદન કરેલો છે તેજ સિદ્ધાત શ્રીમદ્ભગવદ્ગીતામા પ્રતિપાદન કરેલો છે એમાં વિવેકીઓને લેશ પણ શકા ઉત્પન્ન થતી નથી. જેઓ છાંદોગ્યોપનિષદ્માંના "**तत्त्वमसि**" (તે બ્રહ્મ તુ છે.) આ મહાવાક્યનો, કારણજ કાર્યરૂપે પ્રતીત થવાથી કાર્ય કારણથી ભિન્ન નથી એવો ત્યાં પ્રકરણને અનુકૂલ થતો, ને વ્યાકરણથી સ્પષ્ટ ને નિર્દોષરૂપે પ્રતીત થતો અર્થ નહિ સ્વીકારી **तत**(તે)નો **तस्य** (તેનો) અથવા **तत्**ને બદલે **अतत्** પદ લઈ **अतत्** (તે બ્રહ્મથી કેવલ ભિન્ન) એવો અર્થ તે પ્રકરણની ને વ્યાકરણના નિયમની ઉપેક્ષા

કરીને કરે છે, ને તે આખા મહાવાક્યનો તેનો (તારાથી ભિન્ન તે બ્રહ્મનો) તું છે, તેજ તુ નથી, એવો અર્થ કરે છે, તથા કૈવલ્યોપનિષદ્‌માંના "**स त्वमेव त्वमेव तत्**" (તે તુજ છે, ને તુંજ તે છે,) એ વચનના, બૃહદારણ્યકોપનિષદ્‌ના તથા કઠોપનિષદ્‌ના "**नेह नानास्ति किंचन**" (અહિ કાંઇ પણ ભેદ નથી,) એ વચનના, છાંદોગ્યોપનિષદ્‌ના "**एकमेवाद्वितीयम्**" (એકજ અદ્વિતીય છે,) એ વચનના. અને કઠોપનિષદ્‌ના "**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति**" (જે અહિં દ્વૈતના–ભેદના–જેવું જુએ છે તે મૃત્યુથી મૃત્યુને પામે છે,) એ વચનના સ્પષ્ટ અભેદભાવના અર્થનો અનાદર કરી ઉપનિષદો દ્વૈતનું–જીવબ્રહ્મના ભેદનું–પ્રતિપાદન કરે છે એમ કહે છે તેમનું તે કહેવું કેટલુ સત્ય છે તે જેમની બુદ્ધિ દુરાગ્રહથી વીધાઇ ગઇ ન હોય તેમણે શાંતિથી વિચારી જોવાયોગ્ય છે.

સર્વે ઉપનિષદોરૂપ ગાયોમાંથી ગોપાલનંદન **શ્રીકૃષ્ણે** ગીતામૃતરૂપ દૂધ દોહી કાઢેલુ હોવાથી જીવ, જગત્, ઈશ્વર, બ્રહ્મ, મોક્ષ ને મોક્ષનાં સાધનોના સંબંધમાં જે ઉપનિષદોનો સિદ્ધાંત છે તેજ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો સિદ્ધાંત હોવો જોઇએ એમ સ્વલ્પ વિચારવડે પણ નક્કી થાય છે. જીવાદિના સ્વરૂપના સંબંધમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો શો સિદ્ધાંત છે તે હવે પછી આપવામાં આવતાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનાં વચનોથીજ સ્પષ્ટ થશે એટલે એ વિષે અહિં કાંઇ વિશેષ કહેવાનું રહેતું નથી.

અંતઃકરણ, અંતઃકરણે રોકેલો ચેતનરૂપ બ્રહ્મનો ભાગ ને અંતઃકરણમાં પડેલો ચેતનનો આભાસ (છાયા–ચેતનસ્વભાવનું કેટલેક અંશે સંક્રમણ) એ ત્રણના સમૂહનું નામ જીવ છે. તે જીવ પોતાના

વાસ્તવિક સ્વરૂપના અજ્ઞાનથી બાહ્યપદાર્થોમાં આસક્તિવાળો છે, ને તેથી તે ધર્માધર્મમાં અભિમાનપૂર્વક પ્રવૃત્તિ કરી ધર્માધર્મના સંસ્કારો પોતાના અંતઃકરણમાં પાડે છે, અને પછી તે શુભાશુભ સંસ્કારોના પરિપાકને વશ થઇ તે (જીવ) આ સંસારમાં ભમે છે. તે જીવ જ્યારે પોતાના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મથી અભિન્ન આત્માને જાણે છે ત્યારે તે બ્રહ્મસ્વરૂપે સ્થિતિ કરવારૂપ મોક્ષલાભને મેળવે છે. શ્રીમદ્-ભગવદ્‌ગીતામાં જીવના વ્યાવહારિક ને પારમાર્થિક સ્વરૂપનું વર્ણન નીચે પ્રમાણે કરવામાં આવ્યુ છે:–

' જેમ સ્થૂલશરીરધારી જીવને આ સ્થૂલશરીરમાં બાલપણ, જુવાની ને ઘડપણ પ્રાપ્ત થાય છે તેમ તેને બીજા શરીરની પણ પ્રાપ્તિ થાય છે." [અ૦ ૨ શ્લો૦ ૧૩] " જે આત્માવડે આ દેખાતું સર્વ જગત્ વ્યાપેલું છે તે આત્માને તુ અવિનાશીજ જાણ. આ વધઘટરહિત સ્વભાવવાળા આત્માનો નાશ કરવાને કોઇ પણ પ્રાણિપદાર્થ સમર્થ નથી." "આદિરહિત, શરીરરૂપ ઉપાધિવાળા, અવિનાશી ને મન તથા ઇંદ્રિયોવડે જાણવામાં નહિ આવતા આત્માના આ સર્વ શરીરો વિદ્વાનોએ નાશવાળાં કહ્યાં છે." [અ૦ ૨ શ્લો૦ ૧૭–૧૮] "જેમ માણસ જૂનાં–નિરુપયોગી–થઇ ગયેલાં લુગડાંઓનો ત્યાગ કરીને બીજાં નવાં લુગડાં પહેરે છે તેમ દેહધારી જીવ જેમનાં પ્રારબ્ધકર્મ પૂરાં થયાં હોય એવાં પહેલાંનાં શરીરોનો ત્યાગ કરીને બીજાં નવાં શરીરોને ગ્રહણ કરે છે." [અ૦ ૨ શ્લો૦ ૨૨] " આ આત્મા છેદાય નહિ એવો, બળાય નહિ એવો, પલાળાય નહિ એવો, ને સુકવાય નહિ એવો છે. વળી આ આત્મા સર્વવ્યાપક, એકરૂપેજ રહેનારો, (અવિકારી,) અક્રિય ને આદિ-રહિત છે." [અ૦ ૨ શ્લો૦ ૨૪] "પાંચ તન્માત્રાઓ, અહંકાર,

મહત્તત્ત્વ ને પ્રકૃતિ અથવા માયા આ ઊતરતી પ્રકૃતિ છે. એનાથી ભિન્ન બીજી મારી જીવરૂપ શ્રેષ્ઠ પ્રકૃતિને તું જાણ, જે જીવરૂપ શ્રેષ્ઠ પ્રકૃતિથી આ દેહેંદ્રિયાદિરૂપ સર્વ જગત્ ધારણ કરાય છે." [અ૦ ૭ શ્લો૦ ૫] "હે નિદ્રાને જિતનાર અર્જુન! સર્વ પ્રાણીઓના હ્રદયમાં ગુપ્તરૂપે રહેલો આત્મા હું છુ." [અ૦ ૧૦ શ્લો૦ ૨૦] "દશ ઇંદ્રિયો, ચાર અંતઃકરણ તથા પાંચ પ્રાણોસહિત જે આ શરીર છે તે ક્ષેત્ર એટલે જીવે કરેલાં શુભાશુભકર્મોનાં સુખદુઃખાદિરૂપ ફલો ઉપજવાનુ સ્થાન એવા નામથી કહેવાય છે; અને તે ક્ષેત્રને જે જાણે છે, એટલે એ ક્ષેત્રમાં જે હુંપણાનું તથા મારાપણાનું અભિમાન કરે છે તેને ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ એ બનેનો ભેદ જાણનાર પુરુષો ક્ષેત્રજ્ઞ એવા નામથી કહે છે." [અ૦ ૧૩ શ્લો૦ ૧] "જેમ સર્વવ્યાપક આકાશ સૂક્ષ્મપણાને લીધે પદાર્થોના ગુણદોષોથી લેપાતું નથી તેમ ઉચનીચ સર્વ દેહોમાં રહેલો આત્મા અસંગ-સ્વભાવવાળો હોવાથી દેહાદિકથી થયેલાં શુભાશુભકર્મોથી કદીપણ લેપાતો નથી. હે ભારત! જેમ એક સૂર્ય રૂપવાળી સર્વ વસ્તુઓને પ્રકાશે છે, પણ તે વસ્તુઓના ધર્મોથી તે સૂર્ય લેપાતો નથી, તથા તે વસ્તુઓના ભેદથી તે સૂર્ય ભેદ પણ પામતો નથી તેમ એકજ આત્મા પૂર્વોક્ત સર્વ ક્ષેત્રોને પ્રકાશે છે, પણ તે ક્ષેત્રોના ધર્મોથી તે લેપાતો નથી, તથા તે ક્ષેત્રોના ભેદથી તે ભેદ પણ પામતો નથી." [અ૦ ૧૩ શ્લો૦ ૩૨–૩૩] "હે મહાબાહો! અંતઃકરણમાંના સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા છે. તેઓ આ દેહમાં વિકારરહિત જીવાત્માને પોતાના વિકારોથી યુક્ત થયેલાના જેવો દેખાડે છે." [અ૦ ૧૪ શ્લો૦ ૫] "આ સંસારમાં મારોજ માયાવડે કલ્પાયેલો અંશ કર્તા, ભોક્તા ને સંસારી

એવી રીતની મિથ્યા પ્રસિદ્ધિને પામ્યો છે. તે જીવરૂપ કલ્પિત અંશ અંતઃકરણરૂપ ઉપાધિથી એકદેશી જણાતાં છતાં નિત્ય છે." [અ૦ ૧૫ શ્લો૦ ૭] "તે સર્વ કર્મોમાં એ પ્રમાણે સ્થૂલશરીર, અહંકાર, કર્મેંદ્રિયો જ્ઞાનેંદ્રિયો મન ને બુદ્ધિ, પાંચ પ્રાણો અને તે સર્વના દેવો એ પાંચજ કર્તા છતાં પણ જે પુરુષ સંગરહિત તથા ઉદાસીન એવા આત્માનેજ કર્તા માને છે તે મલિનબુદ્ધિવાળો ગુરુના અને શાસ્ત્રના ઉપદેશથી ઉપજતી વિવેકબુદ્ધિથી રહિત હોવાથી વાસ્તવિક જાણતો નથી." [અ૦ ૧૮ શ્લો૦ ૧૬]

ઉપર જણાવેલાં શ્રીભગવદ્ગીતાનાં વચનોથી વિવેકી મનુષ્યને જીવનું વાસ્તવિક સ્વરૂપ કર્તાભોક્તારૂપ નથી તેમ તે બ્રહ્મના વાસ્તવિક અંશરૂપ પણ નથી, તે જડ ભૂતોમાંથી ઉપજ્યો નથી, તે ભૂખતરષાદિ સંસારના કોઇ પણ ધર્મવાળો નથી, તે શરીરરૂપ (લોહીરૂપ વા મગજરૂપ) ઇંદ્રિયોરૂપ અંતઃકરણરૂપ કે પ્રાણરૂપ નથી, તેમજ તે તેમના ધર્મોવાળો પણ નથી, તેનો બ્રહ્મથી વાસ્તવિક ભેદ નથી, પણ તેનો બ્રહ્મથી સર્વદા અભેદજ છે એમ સમજાયુ હશે. અજ્ઞાનના પ્રભાવથી જ્યાંસુધી તે પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણતો નથી ત્યાંસુધી તે આ સંસારમાં ભમ્યા કરે છે. જ્યારે તે પરમેશ્વરના, સદ્ગુરુના, સત્શાસ્ત્રના ને પોતાના અંતઃકરણના અનુગ્રહથી પોતાના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મને જાણે છે ત્યારે તે પોતાના તેજ સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષને પામે છે, જ્યાંથી તેનુ કદીપણ પુનરુત્થાન થતું નથી.

પ્રતીત થતું આ નામરૂપાત્મક જગત્ બ્રહ્મને આશરે રહેલી માયાના વા પ્રકૃતિના કાર્યરૂપ છે. બ્રહ્મની સત્તાસ્ફૂર્તિથી એ જડ ને કલ્પિત (વ્યાવહારિક) માયા જગદાકાર થાય છે. મનુષ્યાદિને બ્રહ્મમાં જે જગત્ પ્રતીત થાય છે તે તેમના અંતઃકરણના ને ઇંદ્રિયોના

બહિર્મુખપણાથી પ્રતીત થાય છે. જડની સ્વતંત્ર સત્તા ને સ્વતંત્ર સ્ફૂર્તિ ન હોવાથી જડ જગત્ વસ્તુતાએ પોતાના અધિષ્ઠાનરૂપ બ્રહ્મજ છે, તેનાથી ભિન્ન નથી. કારણથી કાર્યની ભિન્ન સત્તા હોવાનો સંભવ નથી. નીચેનાં શ્રીમદ્ભગવદ્ગીતાનાં વચનોથી પણ એજ વાત સિદ્ધ થાય છે એમ વિવેકી મનુષ્યને જણાશે:—

"પૃથિવી, જલ, અગ્નિ, વાયુ ને આકાશ એ પાંચ સ્થૂલ ભૂતોના કારણરૂપ ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ પાંચ સૂક્ષ્મભૂતરૂપ તન્માત્રાઓ, અહંકાર, મહત્તત્ત્વ અને અવ્યક્ત એમ મારી આ માયારૂપ પ્રકૃતિ આઠ પ્રકારના ભેદવાળી છે." [અ૦ ૭ શ્લો૦ ૪] "આ સંસારરૂપ પીપળાને શ્રુતિઓ તથા સ્મૃતિઓ બ્રહ્મરૂપ કારણવાળો, પછીથી ઉપજેલ હિરણ્યગર્ભાદિરૂપ શાખાઓવાળો, આવતી કાલે રહેશે એવો વિશ્વાસ કરવાને અયોગ્ય તથા બ્રહ્મથી અભિન્ન આત્માના સાક્ષાત્કારવિના બીજા કોઇ પણ સાધનથી નાશ ન પામે એવો છે એમ કહે છે. કર્મકાંડરૂપ ચાર વેદો જેનાં પાનડાં છે, તે વાસનાવડે કલ્પિત સંસારવૃક્ષને જે તેના મૂલરૂપ બ્રહ્મસહિત જાણે છે તે વેદના કર્મરૂપ અર્થને તથા તેના બ્રહ્મરૂપ અર્થને જાણનારો છે. તે સંસારરૂપ વૃક્ષની જીવરૂપ શાખાઓ મનુષ્યશરીરથી માંડીને પશુ, પક્ષી ને વૃક્ષાદિના શરીરસુધી નીચેનાં સ્થાનોમાં ને મનુષ્યલોકથી માંડીને બ્રહ્મલોકસુધીનાં ઉપરનાં સ્થાનોમાં વિસ્તાર પામેલી છે; શરીર, ઇંદ્રિયો ને વિષયાદિને આકારે પરિણામ પામેલા સત્ત્વાદિક ત્રણ ગુણોરૂપ જલથી તે શાખાઓ સ્થૂલભાવને પામી છે; અને તે ઇંદ્રિયજન્ય વૃત્તિઓની સાથે સંબંધ રાખનારા શબ્દાદિક વિષયોરૂપ કોમલ પાનડાંવાળી છે. જે સંસારવૃક્ષનાં રાગદ્વેષાદિની વાસનારૂપ અવાંતરમૂલો નીચે તથા ઉપર પરોવાયેલાં છે, ને તેઓ

બ્રાહ્મણાદિ શરીરોમાં ઉત્તરોત્તર શુભાશુભકર્મરૂપ બંધનને ઉત્પન્ન કરનારાં છે. આ સંસારની મોહજાલમાં ઘુંચવાઇ રહેલાં પ્રાણીઓથી આ સંસારનું પૂર્વે વર્ણન કર્યું એવું રૂપ જાણી શકાતું નથી, અને આનો આરંભ ક્યારે થયો છે, અને આનો અંત ક્યારે આવશે એ પણ જાણી શકાતું નથી. અનાદિ અજ્ઞાનરૂપ અત્યંતદૃઢ મૂલવાળા એ સંસારરૂપ પીપળાને દૃઢવૈરાગ્યરૂપ કુવાડાવડે છેદીને તેના કારણરૂપ બ્રહ્મથી અભિન્ન આત્મા શોધવાયોગ્ય છે." [અ૦ ૧૫ શ્લો૦ ૧-૩]
" આ સંસારમાં આ બેજ પુરુષ છે, એક તો ક્ષર તથા બીજો અક્ષર. ઉત્પત્તિવિનાશવાળા સર્વ કાર્યો ક્ષર કહેવાય છે, અને આત્મજ્ઞાન-વિના વિનાશ નહિ પામનાર તથા ક્ષરની ઉત્પત્તિના કારણરૂપ જે માયા છે તે અક્ષર કહેવાય છે." [અ૦ ૧૫ શ્લો૦ ૧૬]

ઉપરનાં વચનોથી વિચારવાળા મનુષ્યને જણાયું હશે કે આ જગત્ પરમાણુઓના કાર્યરૂપ નથી, વા સ્વતંત્ર પ્રકૃતિના પરિણામરૂપ નથી, કિંવા બ્રહ્મના જેવું અનાદિ ને અનંત નથી, અથવા બ્રહ્મથી અત્યંત ભિન્ન નથી, વા બ્રહ્મના જેવું સત્ય નથી. જેમ પુષ્પોની માલામાં કલ્પાયેલો સર્પ જ્યાંસુધી પુષ્પોની માલાનું દૃઢ જ્ઞાન ન થાય ત્યાંસુધી સત્યરૂપે પ્રતીત થાય છે, અને જ્યારે તે પુષ્પોની માલાનું સંશયવિપર્યયરહિત દૃઢ જ્ઞાન થાય છે ત્યારે તે સર્પના મિથ્યાપણાનો નિશ્ચય થાય છે તેમ બ્રહ્મમાં કલ્પાયેલું આ જગત્ જ્યાંસુધી બ્રહ્મનું દૃઢ જ્ઞાન ન થાય ત્યાંસુધી સત્યરૂપે પ્રતીત થાય છે, અને જ્યારે બ્રહ્મનું સંશયવિપર્યયરહિત દૃઢ જ્ઞાન થાય છે ત્યારે આ જગત્‌ના મિથ્યાપણાનો (તે રૂપે અસત્યપણાનો) નિશ્ચય થાય છે.

માયા ને માયાના કાર્યરૂપ જગતસહિત શુદ્ધચેતન ઇશ્વર કહેવાય છે. ઇશ્વરમાં માયા ને માયાના કાર્યરૂપ જગત્ એ બ્રહ્મને

આધારે રહેનારો વ્યાવહારિક ભાગ છે, સ્વતંત્ર પદાર્થ નથી, ને તેઓમાં જે ચેતનભાગ છે તે સ્વતંત્ર ને નિત્ય રહેનાર બ્રહ્મ છે. એવી રીતે ઈશ્વરનું વાસ્તવિક સ્વરૂપ પણ બ્રહ્મજ છે. આમ હોવાથી ઈશ્વરરૂપ **શ્રીકૃષ્ણ** ક્યારેક પોતાના વ્યાવહારિક ઈશ્વરસ્વરૂપને તથા ક્યારેક પોતાના પારમાર્થિક બ્રહ્મસ્વરૂપને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં વર્ણવે છે. નીચેનાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનાં વચનો વિચારવાથી વિવેકી વાંચનારને એ કથનની સત્યતાની સ્પષ્ટ પ્રતીતિ થશેઃ—

"હું જન્મરહિત તથા મરણરહિત છતાં પણ અને સર્વ પ્રાણીઓનો ઈશ્વર છતાં પણ મારી માયાને મારા ચિદાભાસદ્વારા વશ કરીને મારી માયાના પરિણામવડે લોકોને જન્મ પામ્યાજેવો જણાઉં છું." [અ૦ ૪ શ્લો૦ ૬] "વેદે પ્રતિપાદન કરેલા માર્ગમાં દઢતાપૂર્વક સ્થિર રહેનારા સજ્જનોનું સારી રીતે રક્ષણ કરવામાટે, તથા મન, વાણી ને શરીરવડે પાપકર્મ કરનારા દુષ્ટ પુરુષોનો નાશ કરવામાટે,અને વેદે પ્રતિપાદન કરેલા ધર્મનું સારી રીતે રક્ષણ કરવામાટે હું યુગયુગને વિષે આ પૃથિવીપર અવતાર ધારણ કરું છું." [અ૦ ૪ શ્લો૦ ૮] "મેં સત્ત્વાદિ ત્રણ ગુણોના અને શમદમાદિ કર્મોના ભેદથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર આ ચાર વર્ણો ઉપજાવ્યા છે. આમ વ્યવહારદૃષ્ટિએ એ વિષમસ્વભાવવાળા ચારે વર્ણોનો હું કર્તા છતાં પણ મને પરમાર્થદૃષ્ટિએ નહિ કરનાર તથા વિકારરહિત જાણ. હું કર્તાપણાના અભિમાનથી રહિત હોવાથી મને સૃષ્ટિનાં ઉત્પત્તિ આદિ કર્મો બંધન કરતાં નથી. વળી મને કર્મોનાં સ્વર્ગાદિ ફ્લોમાં તૃષ્ણા પણ નથી. એ પ્રમાણે મને જે જાણે છે તે પોતે પણ કર્મથી બંધાતો નથી." [અ૦ ૪ શ્લો૦ ૧૩–૧૪] "સર્વ ભૂતો મારી પરા ને અપરા એ બે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં

છે એમ નિશ્ચય કર. એ બંને પ્રકૃતિ મારામાં કલ્પિતરીતે રહી છે માટે હુ ને દ્વારા આ આખા જગત્‌ની ઉત્પત્તિનું તથા વિનાશનું કારણ છું. હે ધનજય ! હુ સર્વ પદાર્થોનું અધિષ્ઠાન તથા પ્રકાશક છું. આ જગત્‌માં મારાથી ભિન્ન બીજો કોઇ પણ પદાર્થ વાસ્તવિક સત્ય નથી, અને જેમ દોરામાં મણિઓનો સમૂહ પરોવાયેલો હોય છે તેમ વ્યાવહારિકદૃષ્ટિએ મારામા આ સર્વ જગત્ પરોવાયેલુ છે. હે કૌંતેય ! સર્વ જલોમાં રહેલો પવિત્ર ને મધુર રસ હું છું, ચંદ્રમાં ને સૂર્યમાં તેજ હુ છું, ઋગાદિ સર્વ વેદોમાં પરોવાયેલો પ્રણવ હું છું, આકાશમાં વ્યાપેલો પવિત્ર શબ્દ હું છું, અને પુરુષમાં વ્યાપી રહેલુ પુરુષપણુ હું છુ. વળી પૃથ્વીમાં રહેલો પવિત્ર ગંધ હું છું, અગ્નિમાં રહેલુ તેજ હુ છું, સર્વ પ્રાણીમા રહેલુ આયુષ હુ છું, અને તપસ્વીઓમાં રહેલું ચિત્તની એકાગ્રતારૂપ તથા ઇંદ્રિયોના નિગ્રહરૂપ તપ હું છું. હે પાર્થ ! મને સર્વ ભૂતોનું અનાદિ કારણ જાણ. બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું, ને પ્રભાવવાળા પુરુષોનું સામર્થ્ય હુ છું, સાત્ત્વિકબલવાળા પુરુષોનું તૃષ્ણા તથા અસક્તિથી રહિત સામર્થ્ય હું છું. હે ભરતર્ષભ ! પ્રાણીઓમાં ધર્મથી વિરુદ્ધ નહિ એવો કામ હું છું. જે બીજા દેવાદિ સાત્ત્વિક પદાર્થો છે, તથા જે ગંધર્વાદિ રાજસ અને રાક્ષસાદિ તામસ પદાર્થો છે તેઓ મારાથીજ ઉપજ્યા છે એમ જાણ, પણ હું તે પદાર્થોમાં આધેયરૂપે સ્થિત નથી, તેઓ મારામા કલ્પિત છે. એ ગુણમય ત્રણ પ્રકારના પદાર્થોએ આ સર્વ જગત્ મોહ પમાડેલુ છે તેથી એ ત્રિગુણમય પદાર્થોથી પર તથા વિકારરહિત એવા મને ને જાણતું નથી. મારી આ સત્ત્વાદિ ગુણવાળી પ્રસિદ્ધ દૈવી માયા દુઃખે કરીને તરાય એવી છે. જેઓ મારેજ શરણ થાય છે તેઓ એ માયાને તરે છે." [અ૦ ૭ શ્લો૦ ૬

થી ૧૪] "જ્ઞાની પુરુષ થોડા થોડા પુણ્યની પ્રાપ્તિના હેતુરૂપ પૂર્વે વીતી ગયેલા બહુ જન્મોને અંતે એટલે સર્વ પુણ્યોના ફલરૂપ છેલ્લા જન્મમાં આ સર્વ જગત્ મારામાં કલ્પિત હોવાથી વસ્તુતાએ મારૂ સ્વરૂપ છે એવા જ્ઞાનવાળો થઇ સર્વદા મારામાં પોતાના ચિત્તની વૃત્તિને જોડે છે; એવો અત્યંતશુદ્ધચિત્તવાળો પુરુષ આ જગત્‌માં સર્વથા અત્યત દુર્લભ છે." [અ૦ ૭ શ્લો૦ ૧૯] "હે કૌંતેય! પ્રલયકાલમાં આકાશાદિક સર્વ ભૂતો મારી પ્રકૃતિને પામે છે. પુનઃ સૃષ્ટિકાલમાં હું તેઓને સૃજું છું. મારી પ્રકૃતિનો આશ્રય કરીને તે પ્રકૃતિના સામર્થ્યથી પરતંત્ર એવા આ સમગ્ર ભૂતસમુદાયને હું ફરી ફરીને સૃજું છું. હે કુંતીપુત્ર! નિયંતારૂપ એવા મે પ્રવૃત્ત કરેલી માયા સ્થાવરજંગમરૂપ જગત્‌ને ઉપજાવે છે. એ નિયતાપણારૂપી નિમિત્તવડે જગત્ નાનાપ્રકારે પ્રવર્તે છે. હુ ક્રતુ છું, હુ યજ્ઞ છું, હુ સ્વધા છું, હું ઔષધ છું, હું મત્ર છું, હુંજ ઘી છું, હુ અગ્નિ છું, ને હું હવન છુ. હુ આ જગત્‌નો પિતા, માતા, પોષણ કરનાર ને પિતામહ છું; અને જાણવાયોગ્ય, પવિત્ર, ઓંકાર, ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું છું. સ્વર્ગાદિ ફલરૂપ, પોષણ કરનાર, પ્રભુ, સાક્ષી, ભોગનું સ્થાન, આશ્રય, સુહૃદ્, ઉત્પત્તિ, વિનાશ, સ્થિતિ, લયનું સ્થાન તથા નાશરહિત બીજ હુ છું. હે અર્જુન! હુંજ સૂર્યરૂપે તપુ છુ, અને હુંજ જલને આકર્ષુ છું, તથા વરસાવુ છું, અને હું અમૃત તથા મૃત્યુ ને સત્ (પ્રકટ) તથા અસત્ (અપ્રકટ) છું." [અ૦ ૯ શ્લો૦ ૭, ૮, ૧૦ ને ૧૬ થી ૧૯] "આદિત્યોમાં વિષ્ણુ હું છું, પ્રકાશ કરનારાઓમાં કિરણોવાળો સૂર્ય હું છું. મરુતોમાં મરીચિ અને નક્ષત્રોમાં ચંદ્રમા હું છું. વેદોમાં સામવેદ હું છું, દેવોમાં ઇંદ્ર હું છું, અને ઇંદ્રિયોમાં મન હું છું. ભૂતોમાં ચેતના હું છું. રુદ્રોમાં શંકર હું છું, તથા યક્ષોમાં

ને રાક્ષસોમાં કુબેર હુ છું, અને વસુઓમાં અગ્નિ હું છું, તથા પર્વતોમાં મેરુ હુ છું. હે પૃથાના પુત્ર! પુરોહિતોમાં મને સર્વથી ઉત્તમ બૃહસ્પતિરૂપ જાણ, અને સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું. સરોવરોમાં સાગર હું છું. મહર્ષિઓમાં ભૃગુ હું છું. વાણીઓમાં ૐકારરૂપ એક અક્ષર હું છુ. યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. સ્થાવરોમાં હિમાલય હું છું. સર્વ વૃક્ષોમાં પીપળો હું છું, અને દેવર્ષિઓમાં નારદ હું છું, તથા ગંધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલમુનિ હું છું. અશ્વોમાં અમૃતને માટે સમુદ્રનુ મથન કરતાં ઉપજેલો ઉચ્ચૈઃશ્રવા મને જાણ. મોટા હાથીઓમાં ઐરાવત અને પુરુષોમાં રાજા મને જાણ. હથીઆરોમાં વજ્ર હું છુ. ગાયોમાં કામધેનુ અને સર્વ કામોમાં પુત્રની ઉત્પત્તિના હેતુવાળો કામ હું છું. સર્પોમાં વાસુકિ હું છુ. નાગોમાં શેષનાગ હું છું, અને જલચરોમાં વરુણ તથા પિતૃઓમાં અર્યમા હું છું. સંયમ કરનારાઓમાં યમ હું છું, દૈત્યોમાં પ્રહ્લાદ હું છું, સંખ્યાની ગણના કરનારાઓમાં કાલ હુ છુ, મૃગોમાં સિંહ હું છું, અને પક્ષીઓમાં ગરુડ હું છું. વેગવાળાઓમાં પવન હું છું. શસ્ત્રધારીઓમાં શ્રીરામ હું છું, મત્સ્યોમા મગર હું છું, ને નદીઓમાં શ્રીગંગા હુ છું. હે અર્જુન ! ઉત્પત્તિવાળાં કાર્યોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય હુંજ છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું. વિવાદ કરનારાઓની કથામાં વાદનામની કથા હું છુ. અક્ષરોમાં અકાર હું છું, અને સમાસસમૂહમાં દ્વંદ્વ હુંજ છું. નાશરહિત કાલ ને કર્મોનાં ફલો આપનાર અંતર્યામી હું છું, અને સર્વનો સંહાર કરનાર મૃત્યુ હું છું, તથા ભવિષ્યમાં થનારાં કલ્યાણોમાં ચઢતી અને સ્ત્રીઓમાં કીર્તિ, શોભા, વાણી, સ્મૃતિ, મેધા, ધીરજ તથા ક્ષમા એ હું છું. સામોમાં બૃહત્સામ તથા છંદોમાં ગાયત્રી હું છું. માસોમાં માગશર હું છું.

ઋતુઓમાં વસંતઋતુ હું છું. છલ કરનારાઓમાં જૂગટારૂપી છલ હું છું. તેજસ્વીઓનું તેજ ને જયવાળાઓનો જય હું છું. ઉદ્યમીઓનો ઉદ્યમ હું છું. સત્ત્વવાળાઓનું સત્ત્વ હું છું. યાદવોમાં વસુદેવનો પુત્ર હું છું. પાંડવોમાં અર્જુન તથા મુનિઓમાં શ્રીવ્યાસ હું છું. કવિઓમાં શુક્રકવિ હું છું. શિક્ષા કરનારાઓની શિક્ષા હું છું, જિતવાની ઇચ્છાવાળાઓની નીતિ હું છું, અને વળી ગુહ્યોનું મૌન હું છું. જ્ઞાનવાળાઓનું જ્ઞાન હું છું. હે અર્જુન ! અને જે સર્વ ભૂતોનું કારણ તે પણ હું છું. મારા વિના કોઇ પણ સ્થાવરજંગમ વસ્તુ વિદ્યમાન નથી. હે શત્રુને તાપ પમાડનાર ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી, અને આ મે મારી વિભૂતિનો વિસ્તાર કોઇ એક ભાગનું ગ્રહણ કરીને તને કહ્યો છે. જે જે પ્રાણી ઐશ્વર્યવાળો, લક્ષ્મીવાળો અથવા બલવાળો હોય તેને તેને પણ તું મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલો જાણ. અથવા હે અર્જુન ! આ બહુ જાણ્યાથી તારું કયું પ્રયોજન સિદ્ધ થવાનું છે ? આ આખા જગતને હું મારા એક અંશવડે ધારણ કરીને રહ્યો છું.” [અ૦ ૧૦ શ્લો૦ ૨૧ થી ૪૨]

“જે જાણવાયોગ્ય છે તેને સ્પષ્ટ કરીને કહીશ, કે જેને જાણીને અધિકારી મોક્ષને પામે છે. તે ઉત્પત્તિથી રહિત પરબ્રહ્મ સત્ (પ્રકટ) નથી કહેવાતું એમ અસત્ (અપ્રકટ) પણ નથી કહેવાતું. તે સર્વ શરીરોમાં હાથપગવાળું, સર્વ શરીરોમાં નેત્ર, શિર ને મુખવાળું, સર્વ શરીરોમાં કાનવાળું અને સર્વ પ્રાણીઓના શરીરમાં સર્વ જડસમૂહને વ્યાપીને રહે છે. સર્વ ઇંદ્રિયોથી અત્યત રહિત, સર્વ ઇંદ્રિયોના વ્યાપારવડે પ્રતીત થનાર, સર્વ સંબંધથી રહિત અને સર્વને ધારણ કરનારજ, નિર્ગુણ તથા ગુણોને ભોગવનાર છે. તેજ ભૂતોની બહાર અને અંતર વ્યાપક છે, તથા સ્થાવરજગમરૂપ છે. તે સૂક્ષ્મપણાને લીધે

નહિ જાણી શકાય એવું છે, તથા તે દૂર રહેલું છે. અને અત્યત-સમીપમાં પણ રહેલું છે. તે ભૂતોમાં એક છતાં પણ વિભાગ પામેલાની પેઠે રહ્યું છે. તે ભૂતોને ધારણ કરનાર, સંહાર કરનાર તથા ઉત્પન્ન કરનાર જાણવુ. તે જ્યોતિઓનું પણ જ્યોતિ ને અવિદ્યાથી શ્રેષ્ઠ કહેવાય છે. તે જ્ઞાન, (અમાનીપણાદિ,) જ્ઞેય (બ્રહ્મ) ને જ્ઞાનવડે–અમાનિત્વાદિક જ્ઞાનનાં વીશ સાધનોવડે–મેળવી શકાય એવું ને સર્વના હૃદયમાં રહેલુ છે." [અ૦ ૧૩ શ્લો૦ ૧૨ થી ૧૭] " હે ભારત ! ત્રિગુણાત્મક માયા મારુ ગર્ભાધાન કરવાનું સ્થાન છે, તેમાં હુ ગર્ભને ધારણ કરુ છું, તેથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે." [અ૦ ૧૪ શ્લો૦ ૩] " સુદઢવૈરાગ્યરૂપ શસ્ત્રવડે સંસારરૂપ વૃક્ષનું મૂલસહિત ઉચ્છેદન કર્યા પછી શ્રીસદ્‌ગુરુને શરણે જઇ તે પદ અત્યત શોધવાયોગ્ય છે. જેમાં રહેલા ફરીથી જન્મ પામતા નથી, તથા જેનાથી આ સંસારરૂપ વૃક્ષની પ્રવૃત્તિ અનાદિથી પ્રસરેલી છે તે આદ્ય પુરુષનેજ હુ શરણ થયો છું એમ મુમુક્ષુએ પોતાના મનમાં નક્કી કરવુ. માનથી ને મોહથી રહિત, સંગદોષ જેમણે જિત્યા છે એવા, પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવામાં તત્પર, જેમની ઇચ્છાઓ અત્યત નિવૃત્ત થઈ ગઇ છે એવા, ને સુખદુઃખનામવાળાં દ્વદ્વોથી અત્યત મુક્ત થયેલા વિદ્વાનો તે અવ્યય પદને પામે છે, જેને પામીને જ્ઞાનીઓ પુનર્જન્મ પામતા નથી. તેને સૂર્ય પ્રકાશી શકતો નથી, ચંદ્રમા પ્રકાશી શકતો નથી, અગ્નિ પ્રકાશી શકતો નથી, કેમકે મારુ તે પદ સર્વોત્કૃષ્ટ સ્વયપ્રકાશસ્વરૂપ છે." [અ૦ ૧૫ શ્લો૦ ૪ થી ૬] " સૂર્યમાં રહેલું જે તેજ તથા ચદ્રમાં રહેલું જે તેજ અને અગ્નિમાં રહેલું જે તેજ છે, તથા જે તેજ આખા જગતનો પ્રકાશ કરે છે તે તેજને તું મારુ સ્વરૂપ જાણ. પોતાના બલવડે પૃથ્વીમાં

પ્રવેશ કરીને હું ભૂતોને ધારણ કરુ છું, તથા રસસ્વભાવવાળા ચદ્ર-રૂપ થઇને હું સર્વ ઔષધિઓને પુષ્ટિવાળી કરુ છું. હુ જઠરાગ્નિરૂપ થઇને પ્રાણીઓના દેહોને આશ્રયે રહેલો છું, અને પ્રાણ તથા અપાનવડે પ્રજ્વલિત થઈ ચાર પ્રકારનાં અન્નોને પચાવું છું. વળી હુ સર્વના હ્રદયમાં જીવાત્મરૂપે પેઠેલો છું. મારાથી સ્મૃતિ અને જ્ઞાન તથા તે સ્મૃતિનો અને જ્ઞાનનો અભાવ થાય છે. સર્વ વેદોવડે હુંજ જાણવાયોગ્ય છું. વેદાંતના અર્થના સંપ્રદાયનો પ્રવર્તક પણ હુંજ છું.” [અ૦ ૧૫ શ્લો૦ ૧૨ થી ૧૫] “અને ઉત્તમ પુરુષ તો તેનાથી ભિન્ન પરમાત્મા એ નામથી કહ્યા છે, જે ત્રણ લોકમાં પ્રવેશ કરીને તેને ધારણ કરે છે. તે અવ્યયરૂપ છે, તથા ઇશ્વરરૂપ છે.” [અ૦ ૧૫ શ્લો૦ ૧૭] “હે અર્જુન ! અંતર્યામી ઇશ્વર યંત્રઉપર બેસાડેલાં લાકડાનાં પુતળાંઓની પેઠે સર્વ ભૂતોને તેમના સંસ્કારોપ્રમાણે પોતાની માયાવડે જ્યાં ત્યા ભ્રમણ કરાવતા છતા સર્વ ભૂતોના હ્રદયસ્થાનમાં રહે છે.” (અ૦ ૧૮ શ્લો૦ ૬૧]

ઉપરનાં વચનોથી સ્પષ્ટ થાય છે કે પ્રતીત થતુ આ સર્વ જગત્ ઇશ્વરને આધારે રહ્યું છે, અર્થાત્ ઇશ્વરનું વાસ્તવિક સ્વરૂપ જે બ્રહ્મ તેમાં તે કલ્પાયું છે. આમ હોવાથી અહિં બ્રહ્મથી ભિન્ન કાંઇ પણ વાસ્તવિક વસ્તુ નથી એમ નક્કી થાય છે.

દેશ, કાલ ને વસ્તુના પરિચ્છેદવિનાનું, સદ્રૂપ, ચિદ્રૂપ, આનંદ-રૂપ, અસંગ, અપરિણામી ને સર્વ કલ્પિત વસ્તુઓનું અધિષ્ઠાન બ્રહ્મ છે. ભગવદ્‌ગીતાનાં નીચેનાં વચનોમા એજ અર્થને સંક્ષેપમાં કહ્યો છે:—

“પરમ અક્ષર એટલે ઉત્પત્તિથી તથા નાશથી રહિત અને

સર્વવ્યાપક એવું જે ચૈતન્ય તે નિરુપાધિક બ્રહ્મ કહેવાય છે." [અ૦ ૮ શ્લો૦ ૩] "એ સત્તારૂપ પદાર્થને તે ઇંદ્રિયોનો વિષય ન હોવાથી અવ્યક્ત અને નાશરહિત હોવાથી અક્ષર એ નામોવડે આ શાસ્ત્રમાં તથા બીજી શ્રુતિસ્મૃતિઓમાં કહેલ છે, ને એ આત્મરૂપ બ્રહ્મનેજ શ્રુતિસ્મૃતિઓ પરમગતિ કહે છે. જે સત્તારૂપ ભાવને પામીને બ્રહ્મનિષ્ઠ પુરુષો પુનર્જન્મ પામતા નથી તે સત્તારૂપ ભાવ સર્વથી શ્રેષ્ઠ તથા સર્વ ઉપાધિઓથી રહિત સર્વ પ્રાણિપદાર્થોનુ વાસ્તવિક સ્વરૂપ છે." [અ૦ ૮ શ્લો૦ ૨૧] "હે અર્જુન ! શરીરાદિરૂપ સર્વ ક્ષેત્રોમા અધિષ્ઠાનરૂપે રહેલો ક્ષેત્રજ્ઞ મનેજ જાણ. ક્ષેત્ર કલ્પિત હોવાથી મિથ્યા છે, ને ક્ષેત્રજ્ઞ અધિષ્ઠાનરૂપ હોવાથી સત્ય છે એવી રીતનુ ક્ષેત્રનું ને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન મોક્ષના સાધનરૂપ હોવાથી મને જ્ઞાનરૂપે સંમત છે." [અ૦ ૧૩ શ્લો૦ ૨] "ભિન્ન ભિન્ન નામરૂપવડે એકબીજાથી પૃથક્ જણાતાં ઉત્પત્તિનાશવાળાં સર્વ ભૂતોમાં સર્વત્ર વ્યાપક, ભેદથી રહિત ને ઉત્પત્તિવિનાશાદિ સર્વ વિકારોથી રહિત સત્તારૂપ ભાવને જે આત્મજ્ઞાનવડે પુરુષ જાણે છે તે આત્મજ્ઞાનને તું સાત્ત્વિક જાણ." [અ૦ ૧૮ શ્લો૦ ૨૦]

ઉપરનાં વચનોથી વિવેકી પુરુષને સમજાયું હશે કે સ્થાવરજંગમ સર્વ ભૂતોનુ વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ છે, અર્થાત્ સર્વ જીવો ને સર્વ જડ પદાર્થો વસ્તુતાએ બ્રહ્મજ છે, તેનાથી તેઓ વાસ્તવિક ભિન્ન નથી.

બ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મવિચારવડે વા બ્રહ્મધ્યાનવડે જાણી, તથા પોતાના અંતઃકરણમાં દૈવીસંપત્તિને સ્થિર સ્થાપી, બ્રહ્મરૂપે સ્થિતિ કરવી તે મોક્ષ છે. મોક્ષમાં દ્વૈત કે દુઃખ નથી. જેવું બ્રહ્મનું

સ્વરૂપ છે તેવુજ મોક્ષનું સ્વરૂપ છે. નીચેનાં ભગવદ્ગીતાનાં વચનો પણ ટુંકામાં એજ વાત જણાવે છે:—

"તે બ્રહ્મમાંજ જેમની બુદ્ધિ લીન થઇ છે, તેજ જેમનો આત્મા—સ્વરૂપ—છે, તેમાંજ જેમનાં તનમન આદિની સ્થિતિ છે, તેજ જેમને પ્રાપ્ત થવાયોગ્ય છે, અને આત્માના જ્ઞાનવડે જેમનાં પુણ્યપાપરૂપ કર્મો અજ્ઞાનરૂપ મૂલસહિત નાશ પામ્યા છે એવા પુરુષો પુનઃ શરીરના અભાવરૂપ મોક્ષને પામે છે." [અ૦ ૫ શ્લો૦ ૧૭] "વિવેકી પુરુષોએ અભયાદિ દૈવીસંપત્તિ મોક્ષને માટે ને આસુરીસંપત્તિ વારંવાર જન્મમરણને માટે માનેલી છે." [અ૦ ૧૬ શ્લો૦ ૫]

બ્રહ્મરૂપે સ્થિતિ કરવારૂપ મોક્ષ પોતાના અંતઃકરણની પવિત્રતા, એકાગ્રતા, સૂક્ષ્મતા, અંતર્મુખતા, બ્રહ્મવિચાર ને પોતાના સદ્ગુરુની કૃપાથી થાય છે. એ મોક્ષસાધનોમાંનાં ઘણાંખરાં મોક્ષસાધનોનું વર્ણન શ્રીભગવદ્ગીતાનાં નીચેનાં વચનોમાં જોવામાં આવશે:—

"કર્મોનાં ફલામાં હર્ષશોકવિનાનો મનુષ્ય અંતઃકરણની પવિત્રતાની તથા બ્રહ્મસ્વરૂપના જ્ઞાનની પ્રાપ્તિદ્વારા પુણ્યપાપના હર્ષશોકરૂપ ફલને પામતો નથી તેથી તું મનના હર્ષશોકથી રહિતપણારૂપ યોગનો અભ્યાસ કર. એવો યોગજ તે કર્મો કરનાર પુરુષનું કુશલપણું છે." [અ૦ ૨ શ્લો૦ ૫૦] "બ્રહ્મવેત્તા પુરુષને હોમવાનાં સાધનો બ્રહ્મ છે, હોમવાના પદાર્થો બ્રહ્મ છે, બ્રહ્મરૂપ કર્તાએ બ્રહ્મરૂપ અગ્નિમાં કરેલો હોમ પણ બ્રહ્મજ છે, તે હોમવડે પ્રાપ્ત થવાનું સ્થાન પણ બ્રહ્મજ છે, અને કર્મમાં બ્રહ્મબુદ્ધિવડે તેનું અનુષ્ઠાન કરનાર તે પુરુષને સ્થિતિ કરવાનું ઠેકાણું પણ બ્રહ્મજ છે." [અ૦ ૪ શ્લો૦ ૨૪] "હે અર્જુન ! જેમ અત્યંત સળગેલો અગ્નિ ઘણા ઇંધણાંને બાળીને ભસ્મરૂપ કરી દે છે

તેમ આત્માના પ્રત્યક્ષજ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મરૂપ કરી નાંખે છે." "નક્કી આ જગત્‌માં આત્મજ્ઞાનના જેવું અંતઃ-કરણની શુદ્ધિ કરનારું બીજું કોઈ સાધન નથી, કેમકે તે અજ્ઞાનરૂપ મલસહિત સર્વ પાપોની નિવૃત્તિ કરે છે. તે આત્મજ્ઞાનને લાંબે કાલે નિષ્કામકર્મયોગવડે શુદ્ધ ચિત્તવાળો થયેલો પુરુષ પોતે પોતાના અંતઃ-કરણમાં પામે છે." "સદ્‌ગુરુનાં ને શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધાવાળો, સદ્‌ગુરુની સેવામાં તત્પર ને ઇંદ્રિયોને સારી રીતે નિયમમાં રાખનારો પુરુષ આત્મજ્ઞાનને પામે છે. એવા શ્રેષ્ઠ આત્મજ્ઞાનને પામીને તે આત્મજ્ઞાની પુરુષ તુરતજ કૈવલ્યરૂપ મોક્ષને પામે છે." [અ૦ ૪ શ્લો૦ ૩૭–૩૮–૩૯] "નિષ્કામકર્મ કરનારા સાધકયોગીઓ ફલેચ્છા-નો ત્યાગ કરી અહંતામમતાવિના પોતાની કાયાથી, મનથી, બુદ્ધિથી ને ઇંદ્રિયોથી અંતઃકરણની શુદ્ધિ કરવામાટે શાસ્ત્રોક્ત કર્મો કરે છે." [અ૦ ૫ શ્લો૦ ૧૦] "મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું પૂજન કરનારો થા, ને મને નમસ્કાર કર. આવી રીતે મારે શરણે થયેલો તું પોતાના અંત.કરણને મારા ચિંતનમાં જોડીને સચ્ચિદાનંદ એવા મને અભેદભાવે પામીશ." [અ૦ ૧૦ શ્લો૦ ૩૪] પોતાના મનમાં રહેલી સર્વ કામનાઓનો પરિત્યાગ કરીને આત્માથી અભિન્ન બ્રહ્મમાંજ સંતોષ પામેલો, પ્રાપ્ત દુઃખોમાં ઉદ્વેગરહિત મનવાળો, સુખોમાં સ્પૃહારહિત મનવાળો, રાગ ભય ને ક્રોધવિનાનો, સર્વત્ર આરૂઢ સ્નેહવિનાનો, સારાને વા નરસાને પામીને પ્રસન્નતા કે દ્વેષ નહિ અનુભવનારો, ઇંદ્રિયોને તેમના વિષયોથી પાછી વાળવાના બલવાળો, વિષયોનું ધ્યાન નહિ કરનારો, પોતાના અંતઃકરણને પ્રસન્ન રાખનારો, બ્રહ્મધ્યાન કરનારો, ને શાંત પુરુષ પોતાની બુદ્ધિને બ્રહ્મમા સ્થિર કરવા સમર્થ થાય છે એમ ભગવદ્-

ગીતાના બીજા અધ્યાયના ૫૫ મા શ્લોકથી ૬૬ મા શ્લોકસુધીમાં મુમુક્ષુપ્રતિ ઉપદેશરૂપે કહ્યું છે. "જે પ્રિયને પામીને અત્યંત હર્ષ પામતો નથી, ને અપ્રિયને પામીને ઉદ્વેગ પામતો નથી તે સ્થિર-બુદ્ધિવાળો ને ભ્રાંતિથી રહિત બ્રહ્મવેત્તા બ્રહ્મમાં સ્થિર થયેલો છે." "જે પુરુષ અંતરમાં સ્વરૂપજ્ઞાનથી ઉપજતા સુખવાળો છે, જે અંતરાત્મામાંજ રમણવાળો છે, તથા જે અંતરાત્મામાંજ વૃત્તિરૂપ વિજ્ઞાનવાળો છે તે મનસહિત ઇંદ્રિયોના નિગ્રહવાળો યોગી બ્રહ્મરૂપ થયો છતો બ્રહ્મના અનુભવવડે કલ્પિત દૃશ્ય પ્રપંચની નિવૃત્તિરૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે." "કામક્રોધથી રહિત, ચિત્તને વશ રાખનારા, તથા આત્માને યથાર્થ જાણનારા સંન્યાસીઓને સર્વ સમયમા નિર્વાણ-રૂપ બ્રહ્મ અભેદભાવે પ્રાપ્ત થયેલુંજ છે." [અ૦ ૫ શ્લો૦ ૨૦-૨૪-૨૬] "ટાઢતડકામાં, સુખદુઃખમાં તથા માનાપમાનમાં મનને વશ રાખનારા ને અત્યંતશાંત પુરુષને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે." "શાસ્ત્રજ્ઞાનવડે ને અનુભવવડે સંતુષ્ટ થયેલા અંતઃકરણવાળા, વિકારરહિત અંતઃકરણવાળા, ઇંદ્રિયોનો સારી રીતે જય કરનારા તથા જેમને માટીનું ઢેફું પથ્થર ને સોનું સરખાં પ્રતીત થાય છે એવા યોગી યોગમાં આરૂઢ કહેવાય છે." "સુહૃદમાં, મિત્રમાં, શત્રુમાં, ઉદાસીનમાં, મધ્યસ્થમાં, દ્વેષ કરવાયોગ્યમાં, બંધુમાં, સજ્જનોમાં ને પાપીઓમાં સમબુદ્ધિવાળા યોગી શ્રેષ્ઠ છે" "ધીરજ-વડે વશ કરેલી બુદ્ધિથી ધીરે ધીરે મનને વૃત્તિરહિત કરે. મનને આત્મામાં સુસ્થિર કરીને પછી કંઇ પણ ન ચિંતવે." [અ૦ ૬ શ્લો૦ ૭-૮-૯-૨૫] "સર્વ પ્રાણીઓનો દ્વેષ નહિ કરનારો, સર્વ પ્રાણીઓનો મિત્ર, સર્વ પ્રાણીઓના ઉપર દયા રાખનારો, મમતા-રહિત, અહંકારરહિત, સુખદુઃખમાં સમબુદ્ધિવાળો, સહનશીલ, સર્વદા

સંતોષી, સર્વદા મનને એકાગ્ર રાખનારો, સર્વદા ઇંદ્રિયાદિને વશ રાખનારો, સર્વદા શુભમાં દૃઢનિશ્ચયવાળો, મન તથા બુદ્ધિને પરમાત્મામાં રાખનારો, લોકોને ઉદ્વેગ નહિ પમાડનારો, લોકોથી ઉદ્વેગ નહિ પામનારો, હર્ષ અદેખાઇ ને ઉદ્વેગથી રહિત, વિષયતૃષ્ણાવિનાનો, ઉદાસીનજેવો, દુઃખથી મુક્ત, સર્વ પ્રકારનાં સકામકર્મો નહિ કરનારો, હર્ષખેદવિનાનો, શોક ને સ્પૃહાવિનાનો, શુભાશુભનો પરિત્યાગ કરનારો, શત્રુમાં ને મિત્રમાં તથા માનમા ને અપમાનમાં સમબુદ્ધિવાળો, ટાઢમાં ને તડકામા તથા સુખમાં ને દુઃખમાં સમબુદ્ધિવાળો. દૃશ્યમાં આસક્તિવિનાનો, નિંદાને તથા સ્તુતિને તુલ્ય માનનાર, વાણીને વશ રાખનાર, સંતોષી, ઘરમાં મમતાવિનાનો ને બ્રહ્મમાં સ્થિરબુદ્ધિવાળો પુરુષ પરમાત્માને પ્રિય છે, અને તેજ પરમાત્માનો અનન્યભક્ત છે" એમ ભગવદ્ગીતાના બારમા અધ્યાયના શ્લોક ૧૩ થી ૧૯ સુધીમાં કહ્યું છે. ભગવદ્ગીતાના તેરમા અધ્યાયના સાતમા શ્લોકથી માંડીને અગિયારમા શ્લોકસુધીમાં અમાનીપણુ રાખવુ, અદંભીપણુ રાખવુ, અહિંસા પાળવી, ક્ષમા રાખવી, સરલતા રાખવી, સદ્ગુરુની સેવા કરવી, પવિત્રતા રાખવી, સ્થિરતા રાખવી, શરીરનો ને ઇંદ્રિયોનો નિગ્રહ રાખવો, ઇંદ્રિયોના વિષયોમા વૈરાગ્ય રાખવો, અહંકારરહિતપણુ રાખવું, સ્થૂલશરીરમાં વૈરાગ્યની પ્રાપ્તિ કરવામાટે જન્મ મૃત્યુ જરા ને વ્યાધિમાં રહેલાં દુઃખોને ને દોષોને વારવાર જોવાં, પુત્ર સ્ત્રી ને ગૃહાદિમાં મમતાનો ને અહંતાનો અભાવ રાખવો, પ્રિયની ને અપ્રિયની પ્રાપ્તિમાં નિત્ય સમચિત્તપણુ રાખવુ, અનન્યયોગવડે પરમાત્માની એકનિષ્ઠાવાળી ભક્તિ કરવી, એકાંતદેશનું સેવન કરવુ, વિષયિજનોના સમૂહમાં અપ્રીતિ રાખવી, અધ્યાત્મજ્ઞાનમાં નિષ્ઠા રાખવી, ને તત્ત્વજ્ઞાનના

શ્રેષ્ઠ ફલનો વારવાર વિચાર કરવો એ જ્ઞાનપ્રાપ્તિનાં વીશ સાધનો કહ્યાં છે. જ્ઞાન ચચલતા ને મૂઢતા એ ત્રણમાંથી પોતાના ચિત્તમાં ચચલતા ને મૂઢતા પ્રવૃત્ત થયાં હોય તો તેમનો જે દ્વેષ કરતો નથી, અને પોતાના ચિત્તમાંથી જ્ઞાન ને સુખ નિવૃત્ત થયાં હોય તો તેમની જે ઇચ્છા કરતો નથી, દશ્યમાં જે ઉદાસીનની પેઠે રહે છે, ત્રણ ગુણોના ધર્મોવડે જે ચલાયમાન થતો નથી, જે સુખદુઃખની પ્રાપ્તિમાં સમ રહે છે. જે સદા બ્રહ્મમાં સ્થિરબુદ્ધિવાળો રહે છે, ઢેફુ પથ્થર ને સોનું જેને સમાન પ્રતીત થાય છે, પ્રિય ને અપ્રિય ગણાતી વસ્તુ જેને તુલ્ય છે, જે ધીરજવાળો છે, પોતાની નિંદા અને સ્તુતિ જેને સમાન જણાય છે, જેને માનાપમાન ને શત્રુમિત્રનો પક્ષ સમાન લાગે છે, સર્વ સકામકર્મોનો જેણે પરિત્યાગ કર્યો છે, ને જે અનન્યભક્તિયોગવડે પરમાત્માનું સ્મરણધ્યાન કરે છે તે ત્રણ ગુણોને તરી જઇ બ્રહ્મરૂપે રહેલો છે એમ શ્રીભગવદ્દગીતાના ચૌદમા અધ્યાયના બાવીશમા શ્લોકથી માંડીને છવીશમા શ્લોકસુધીમાં કહ્યું છે. અભય, અંતઃકરણની સારી રીતે શુદ્ધિ, જ્ઞાનમાં ને યોગમાં નિષ્ઠા, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરલતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, ચાડીઆપણાનો અભાવ, પ્રાણીઓના ઉપર દયા, લાલચુપણાનો અભાવ, કોમલતા, લોકલજ્જા, અચપલપણું, તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ ને અતિમાનીપણાનો અભાવ આ દૈવીસંપત્તિ જે બ્રહ્મજ્ઞાનના અને મોક્ષના હેતુરૂપ છે તે શ્રીભગવદ્દ-ગીતાના સોળમા અધ્યાયના પહેલા શ્લોકથી માંડીને ત્રીજા શ્લોક-સુધીમાં કહી છે.

ઉપરનાં મોક્ષસાધનો જેઓ પોતાના શરીરને, ઇંદ્રિયોને તથા અંતઃકરણને ધૈર્ય, સાવધાનતા ને દૃઢતાથી સારી રીતે વશ કરી

પોતાના અંતઃકરણને શુદ્ધ કરવામાટે, એકાગ્ર કરવામાટે ને સર્વમાં સમભાવે રહેલા બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાટે ઇચ્છતા હોય તેમના હિતમાટે વર્ણવ્યાં છે એમ વિવેકી મનુષ્યને સામાન્ય વિચારથી પણ સ્પષ્ટ સમજી શકાશે.

પોતાની બુદ્ધિને પૂર્ણાવસ્થાએ પહોંચાડયા વિના અર્થાત્ નિર-તિશય વ્યાપક બ્રહ્મરૂપ કર્યા વિના પુરુષ કર્તવ્યના અવધિને વા પરમાનંદને પ્રાપ્ત થતો નથી, ને બુદ્ધિની તે પૂર્ણાવસ્થા તેની સંપૂર્ણ-શુદ્ધિવિના મનુષ્યને પ્રાપ્ત થતી નથી, અને બુદ્ધિની તે સંપૂર્ણશુદ્ધિ સ્વાર્થનો પરિત્યાગ કરી પોતપોતાના વર્ણાશ્રમના ધર્મો શ્રદ્ધાવડે સ્વેચ્છાએ પાળવારૂપ નિષ્કામકર્મ કર્યા વિના થતી નથી માટે પ્રત્યેક મનુષ્યે પોતપોતાના ધર્મનુ પરમાદરથી દઢતાપૂર્વક પોતાનું કર્તવ્ય સમજીને અડગપણે પરિપાલન કરવુ ને આત્મસ્વરૂપને જાણવું એ શ્રીમદ્ભગવદ્ગીતાનો પ્રધાન ઉપદેશ છે.

મનુષ્યે શાસ્ત્રોનાં ને સદ્ગુરુનાં વચનોમા દઢ વિશ્વાસ રાખવો, તેણે દશ્યનેજ સત્ય માની તેના રાગદ્વેષમાં ને દુરાચરણમાં ન ફસાવું, પોતાના અંતઃકરણમાના રજોગુણને તથા તમોગુણને બલહીન કરી તેમા રહેલા સત્ત્વગુણને ઘણામાં ઘણો બલવાન્ કરવા તેણે પ્રયત્ન કરવો. મુમુક્ષુએ સકામકર્મો ન કરવાં. આળસને તથા કાયરપણાને વશ થઇ તેણે નિષ્કામકર્મયોગનો ત્યાગ નજ કરવો. પ્રથમ સગુણ સાકાર પરમાત્મા અને પછી સગુણ નિરાકાર પરમાત્માને પોતાની ગતિ, પોતાના પોષણકર્તા, પોતાના સ્વામી, પોતાના સાક્ષી, પોતાનું પરમ-વિશ્રાંતિસ્થલ પોતાના છેવટના આધાર, સત્યસંકલ્પ, સકલૈશ્વર્યસંપન્ન, કૃપાસાગર, ભક્તવત્સલ, પરમપવિત્ર, પરમોદાર, પરમકારુણિક, પરમ-પૂજ્ય, સર્વાંગસુંદર ને સકલશુભગુણનિધાન સમજી તેમની કૃપાવડે તેમના

વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનલાભમાટે તેમની અનન્યભાવવડે નિઃસીમ ઐકાંતિકભક્તિ કરવી, પોતાના ચિત્તની એકાગ્રતા કરવામાટે યોગાભ્યાસ કરવો, જગત્‌થી ને આત્માથી અભિન્ન અને ઈશ્વરના વાસ્તવરૂપ બ્રહ્મના દૃઢ અપરોક્ષજ્ઞાનવિના પુરુષને મોક્ષલાભ થતો નથી, આત્માથી અભિન્ન બ્રહ્મનું દૃઢ જ્ઞાન નિષ્કામકર્મયોગની પરાકાષ્ઠાવડે ને બ્રહ્મતત્ત્વના વિચારની પૂર્ણતાવડે મનુષ્યને પ્રાપ્ત થાય છે, તે જ્ઞાન અને મોક્ષજ મનુષ્યને મનુષ્યજન્મ પામીને પરમપ્રાપ્તવ્યરૂપ છે. આળસ, કાયરતા, કર્મ કરવાની અશક્તિ ને અન્યને ઠગવાની વા પૂજાવાની ઇચ્છા આદિ દોષોને વશ થઇ વૈરાગ્યહીન ને અશુદ્ધબુદ્ધિવાળાએ બાહ્યસંન્યાસ ન ધારણ કરવો. મુમુક્ષુએ તો અવશ્ય ચિત્તશુદ્ધિમાટે નિષ્કામબુદ્ધિવડે શુભ કર્મો કર્યા કરવાં એટલુંજ નહિ, પણ જ્ઞાનીએ પણ જો પોતાનું ચિત્ત નિવૃત્તિપ્રધાન પ્રારબ્ધકર્મના પ્રબલવેગવડે દૃશ્યથી અત્યંત ઉપરામ ન થયુ હોય તો લોકસંગ્રહાર્થે કર્તાપણાના અભિમાનના ને ફલેચ્છાના ત્યાગપૂર્વક સંપૂર્ણ સમબુદ્ધિવડે પ્રાણિમાત્રનું હિત ઇચ્છી શાસ્ત્રોક્ત શુભકર્મો સંસારની શુભ પ્રવૃત્તિ ચાલુ રહેવારૂપ ઈશ્વરની ઇચ્છાને માન આપીને તથા પરમેશ્વર પણ લીલાવિગ્રહ ધારણ કરી તેવી પ્રવૃત્તિ પોતે કરે છે એવા ભગવાનના ચરિત્રનો વિચાર કરી તેમનુ અનુસરણ કરીને કરવાં એવો આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો સિદ્ધાંત પ્રતીત થાય છે, ને તે મુમુક્ષુ પુરુષોએ શ્રદ્ધાપૂર્વક સ્વેચ્છાએ આચારમાં મૂકવાયોગ્ય છે.

હે સજ્જનો ! શ્રીભગવદ્‌ગીતામાં શ્રીભગવાને જે અગત્યના વિષયોનો ઉપદેશ કર્યો છે તે તમે સંક્ષેપમાં સાંભળ્યો. હવે દેવદુર્લભ મનુષ્યજન્મને સફલ કરવા તમારે પણ અર્જુનની પેઠેજ તમારા પવિત્ર કર્તવ્યનું સ્મરણ કરી, પ્રભુની કૃપાના માહાત્મ્યનો વિચાર

કરી, અવિવેક દુર્બલતા સંશય ને વિપર્યયનો પરિત્યાગ કરી, પોતાના હૃદયમાં રહેલા અજ્ઞાનનો ને તેના પરિવારનો ઉચ્છેદ કરવા સુદૃઢ નિશ્ચયવાળા થઇ, હૃદયરૂપ કુરુક્ષેત્રમાં રહેલા તે અજ્ઞાન ને તેના પરિવારરૂપ કૌરવોના સામે થવું જોઇએ. અને "થાય છે," "કરીએ છીએ," "થઇ રહેશે," "શી ઊતાવળ છે?" એવા અનાદરમિશ્ર અશ્રદ્ધાવાળા ઉત્તરો આપવાનું કામ ત્યજવું જોઇએ. દીર્ઘસૂત્રી ન થાઓ. સમય મેળવો. આળસ, અવ્યવસ્થા ને નકામાં બાનાં બતાવવાના સ્વભાવને દૂર કરો. સમય લેશો તોજ મળશે. મને લ્યો, ને પરમાર્થનાં સાધનોના અનુષ્ઠાનમાં મારો ઉપયોગ કરો એમ સમય તમને મોઢે ચઢીને કદીપણ કહેવાનો નથી, પણ તમારા જીવનનુ ક્ષણભંગુરપણું વિચારી, સ્વકર્તવ્યના અનુષ્ઠાનની અનિવાર્ય અગત્ય સમજી, તમે તમારા વ્યવહારમાંથી ગમે તે ઉપાયે યોગ્ય સમય મેળવો, ને તેનો તમારા અધિકારપ્રમાણે પરમાર્થનાં સાધનોનુ અનુષ્ઠાન કરવામાં ઉપયોગ કરો. શું તમને એમ નથી લાગતુ કે આળસ, કાયરતા, અવ્યવસ્થા, દીર્ઘસૂત્રતા ને સંસારતૃષ્ણાની પણ સીમા હોય છે? આંખો ઊઘાડો. આંખો વીંચીને હજી ક્યા-સુધી પડ્યા રહેશો? શું આંખો વીંચીને પડ્યા રહેવામા તમને તમારા ભાવિ હિતનુ કાંઇ ભાન થાય છે? જો તેનું તમે હકારમા ઉત્તર આપતા હો તો તમને સ્પષ્ટ કહેવાય છે કે આ ઉત્તર આપવા-માં તમે મોટામાં મોટી ભૂલ કરો છો. તમે એમ વર્તી તમારુ વાસ્તવિક હિત ઇચ્છતા નથી, પણ તમે અજાણે તમારુ વાસ્તવિક અહિતજ સાધતા જાઓ છો.

હે સત્યસુખેચ્છુઓ! પ્રભુના વચનોમાં પરમાદર લાવી શુભ-કર્મોના સેવનવડે તમારા હૃદયમાં પુણ્યસંસ્કારોની વૃદ્ધિ કરો, તે પુણ્ય-

સંસ્કારોની વૃદ્ધિવડે તમારા હૃદયમાં સાત્ત્વિકી શ્રદ્ધા વધારો, ને એ સાત્ત્વિકી શ્રદ્ધાવડે તમે તમારા હૃદયમા આગળ જણાવેલાં મોક્ષનાં સાધનોનું અનુષ્ઠાન કરવાનો ઉત્સાહ બલવાન્ કરો. જો એ અડગ ઉત્સાહ તમારા હૃદયમાં સંપૂર્ણપણે ઉપજ્યો તો પછી તમને તમારા વાસ્તવિક કર્તવ્યનુ અખંડ સ્મરણ રહેવાનું, ને તમે સતત સદાગ્રહવાળો પ્રયત્ન કરી, તમારા બ્રહ્મજ્ઞાનના પ્રતિબંધકોને હણી, તમારા ચિત્તને શુદ્ધ, એકાગ્ર ને સૂક્ષ્મ કરી, બ્રહ્મસ્વરૂપને જાણી, કૃતાર્થ થવાના.

હે વિવેકીઓ ! આ **શ્રીભ**ગવદ્‌ગીતાના ઉપયોગી સિદ્ધાંતને તમે અવશ્ય સ્મરણમાં રાખશો, ને દીનતાવડે પ્રભુની કૃપા માગી તમારા હિતનાં સાધનો સાધવામાં તત્પર થશો. ૐ

ૐ

॥ अंक एकावनमो ॥

॥ श्रीब्रह्मसूत्रोनो सिद्धांत ॥

વસ્તુનિર્દેશરૂપ મંગલ.

દોહરો

સ્વરૂપતણા અજ્ઞાનથી. આ સૌ દૃશ્ય જણાય;
સ્વસ્વરૂપના ભાનથી, તે સૌ બાધિત થાય. ૧

બ્રહ્મ એટલે સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળુ નિરતિશય વ્યાપક ચેતન. એ નિરતિશય વ્યાપક ચેતનરૂપ બ્રહ્મના સ્વરૂપનું ને તેની

પ્રાપ્તિ કરવાનાં સાધનોનુ નિરૂપણ કરનારા વેદો પણ નિરૂપકપણે બ્રહ્મની સાથે સંબંધવાળા હોવાથી ગૌણરીતે બ્રહ્મ કહેવાય છે. સર્વ વેદો સાક્ષાત્ કે પરંપરાવડે બ્રહ્મનુંજ નિરૂપણ કરે છે. વેદોમાં સગુણ-નિર્ગુણ બ્રહ્મનું તથા જીવનુ ને આત્માનું સ્વરૂપ કેવા પ્રકારનું કહ્યું છે, બ્રહ્મથી અભિન્ન આત્માનો સાક્ષાત્કાર મુમુક્ષુપુરુષને કેવા ઉપાયોથી થાય છે, ને તે બ્રહ્મથી અભિન્ન આત્માનો સાક્ષાત્કાર થવાથી તે સિદ્ધપુરુષને કેવા ફલની પ્રાપ્તિ થાય છે એ સર્વ વિષયોનું તથા તે વિષયોની સાથે સાક્ષાત્ કે પરંપરાવડે સંબંધ રાખનારા વિષયોનું શ્રુતિરૂપ પ્રબલપ્રમાણોથી ને યુક્તિઓથી જેમાં ૧૯૨ અધિકરણોવડે તથા ૫૫૫ સૂત્રોવડે સારી રીતે નિરૂપણ કરવામાં આવ્યુ છે એવો **શ્રીવ્યાસ**ભગવાનનો રચેલો ગ્રંથ તે **બ્રહ્મસૂત્રો** કહેવાય છે. તે બ્રહ્મ-સૂત્રોને કોઇ કોઇ સ્થલે **શારીરકસૂત્રો, ભિક્ષુસૂત્રો, વ્યાસસૂત્રો,** વેદાંતસૂત્રો, ઉત્તરમીમાંસા, **બ્રહ્મ**મીમાંસા ને વેદાંતદર્શન એવાં અન્ય નામો પણ આપવામાં આવ્યાં છે. તે બ્રહ્મસૂત્રોમાં સમન્વયાધ્યાય, અવિરોધાધ્યાય, સાધનાધ્યાય ને ફલાધ્યાય એવા નામવાળા ચાર અધ્યાયો છે: અને તે ચાર અધ્યાયમાંના પહેલા અધ્યાયમાં સુસ્પષ્ટ બ્રહ્મબોધક શ્રુતિવાક્યોનો સમન્વય, ઉપાસ્ય બ્રહ્મવાચક અસ્પષ્ટ શ્રુતિ-વાક્યોનો સમન્વય, જ્ઞેય બ્રહ્મને પ્રતિપાદન કરનારાં અસ્પષ્ટ શ્રુતિ-વાક્યોનો સમન્વય ને અવ્યક્તાદિ સંદેહવાળાં પદોનો સમન્વય એવા નામવાળા ચાર પાદો છે; તેના બીજા અધ્યાયમા સાંખ્ય યોગ તથા કણાદાદિ સ્મૃતિઓવડે ને સાંખ્યાદિએ યોજેલા તર્કોવડે વેદાતના સમન્વયના વિરોધનો પરિહાર, સાંખ્યાદિ મતોના અસારપણાનું પ્રદર્શન, પૂર્વભાગવડે પંચમહાભૂતસંબંધિ શ્રુતિઓના તથા ઉત્તરભાગ-વડે જીવસંબંધિ શ્રુતિઓના પરસ્પરના વિરોધનો પરિહાર અને લિંગ-

શરીરસંબંધિ શ્રુતિઓના વિરોધનો પરિહાર એવા નામવાળા ચાર પાદો છે; તેના ત્રીજા અધ્યાયમાં જીવના પરલોકગમનના ને ત્યાંથી અહિં આગમનના વિચારપૂર્વક વૈરાગ્યનું નિરૂપણ, ત્વપદના અર્થનુ ને તત્પદના અર્થનું શોધન, સગુણવિદ્યાઓમાં ગુણોના ઉપસંહારનું તથા નિર્ગુણબ્રહ્મમાં અપુનરુક્ત પદોના ઉપસંહારનું નિરૂપણ અને નિર્ગુણબ્રહ્મના જ્ઞાનના બહિરંગસાધનભૂત આશ્રમયજ્ઞાદિનું તથા અંતરંગસાધનભૂત શમ દમ શ્રવણ તથા મનનાદિનું નિરૂપણ એવા નામવાળા ચાર પાદો છે; અને તેના ચોથા અધ્યાયમાં વેદાંતશ્રવણાદિની આવૃત્તિવડે નિર્ગુણબ્રહ્મના સાક્ષાત્કારવાળાને અથવા ઉપાસનાવડે સગુણબ્રહ્મના સાક્ષાત્કારવાળાને જીવતાં છતાં પુણ્યપાપના લેપના વિનાશરૂપ લક્ષણવાળી મુક્તિનું કથન, મરવા પડેલા માણસની ઉત્ક્રાંતિના પ્રકારનું નિરૂપણ, મરવા પડેલા સગુણબ્રહ્મવેત્તાનું ઉત્તરમાર્ગે અભિગમન ને નિર્ગુણબ્રહ્મવેત્તાને વિદેહકૈવલ્યની પ્રાપ્તિનુ તથા સગુણબ્રહ્મવેત્તાની બ્રહ્મલોકમાં સ્થિતિનું નિરૂપણ એવા નામવાળા ચાર પાદો છે.

આ બ્રહ્મસૂત્રોમાં શ્રુતિઓવડે, સ્મૃતિઓવડે ને યુક્તિઓવડે શ્રુતિઓના તાત્પર્યનો વિચાર કરી પ્રતીત થતા સર્વ પ્રાણિપદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ અદ્વિતીય બ્રહ્મજ છે એમ દુરાગ્રહરૂપ દોષથી દૂષિત નહિ થયેલી બુદ્ધિવાળા વિવેકી પુરુષોને સૂક્ષ્મવિચાર કરવાથી સ્પષ્ટ સમજાય એમ ભિન્ન ભિન્ન સૂત્રોવડે સમજાવ્યુ છે.

જીવના, જગત્‌ના, ઇશ્વરના, બ્રહ્મના, મોક્ષના ને મોક્ષસાધનોના સંબધમાં ઉપનિષદોમાં ને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં જે સુસ્થિર સિદ્ધાંત પ્રમાણોને અનુસરીને સ્થાપવામાં આવ્યો છે તેજ સુસ્થિર સિદ્ધાંત જીવાદિના વાસ્તવિક સ્વરૂપના સંબધમાં બ્રહ્મસૂત્રોમાં પણ શ્રુતિસ્મૃતિરૂપ પ્રમાણોવડે ને યુક્તિઓવડે સુદૃઢ કરવામાં આવ્યો છે એમ

વેદાતશાસ્ત્રનો પાર પામેલા મહાજ્ઞાનીઓ કહે છે.

ભિન્ન ભિન્ન ઉપનિષદોનાં વચનોની તેમાં અનુકૂલ થતી અન્ય શ્રુતિઓવડે ને પ્રબલ યુક્તિઓવડે એકવાકયતા કરવામાટે જેની પ્રવૃત્તિ છે એવાં બ્રહ્મસૂત્રોનો સિદ્ધાંત ઉપનિષદોએ કરેલા સિદ્ધાંતથી ભિન્ન હોઇ શકેજ નહિ એ સામાન્યબુદ્ધિવાળા મનુષ્યને પણ થોડો વિચાર કરવાથી તુરત સમજાય એવુ છે, છતાં કોઇ મનુષ્યોને તેનો સિદ્ધાંત ઉપનિષદોના ને ભગવદ્ગીતાના સિદ્ધાંતથી ભિન્ન હશે એવી શકા થાય તો તે શકાને દૂર કરવામાટે બ્રહ્મસૂત્રોમાંથી કેટલાંક અગત્યના સૂત્રો આ લેખમાં લઇને તેણે કરેલો સિદ્ધાંત અહિં દર્શાવાય છે.

બ્રહ્મસૂત્રોમાંનાં નીચે જણાવેલાં સૂત્રોમાં શ્રુતિઓ જીવનુ સ્વરૂપ કેવુ કહે છે તે પ્રમાણ ને યુક્તિવડે સંક્ષેપમાં જણાવ્યુ છે—

બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના બીજા પાદમાંના "**मायामात्रं तु कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वात्**" (સ્વપ્નમાં દેશકાલાદિરૂપ સામગ્રીનું સંપૂર્ણપણે અપ્રકટસ્વરૂપપણુ હોવાથી સ્વપ્નની સૃષ્ટિ માયા-માત્ર–મિથ્યા–છે,) આ ત્રીજા સૂત્રવડે જીવનો સ્વપ્નના જગત્‌ની સાથે લેશ પણ સંબધ નથી એમ જણાવ્યુ છે. વળી તેજ અધ્યાયના તેજ પાદના ચોથા, પાંચમા ને છઠ્ઠા સુત્રમા પણ જીવને પ્રતીત થતુ સ્વપ્નનુ જગત્ મિથ્યા હોવાથી તેની સાથે તે જીવનો વાસ્તવિક સંબધ નથી એમ જણાવ્યું છે. પુનઃ તેજ અધ્યાયના તેજ પાદના "**तद-भावो नाडीषु तच्छ्रुतेरात्मनि च**" (સ્વપ્નદર્શનનો અભાવ હિતા-નામની નાડીદ્વારા બ્રહ્મમાં છે એમ શ્રુતિથી સિદ્ધ થાય છે,) એ સાતમા સૂત્રથી તથા તે પછીના આઠમા ને નવમા સૂત્રથી જીવનુ સ્વરૂપ સુષુપ્તિનામની અંતઃકરણની અવસ્થાથી ભિન્ન કહ્યું છે; અને

તેજ અધ્યાયના તેજ પાદના દશમા સૂત્રવડે મૂર્ચ્છાવસ્થાથી પણ જીવનું સ્વરૂપ ભિન્ન છે એમ જણાવ્યું છે. ત્રીજા અધ્યાયના ત્રીજા પાદના "**आध्यानाय प्रयोजनाभावात्**" (પ્રત્યેકના સૂક્ષ્મપણાના ને વ્યાપકપણાના પ્રતિપાદનમાં પ્રયોજનનો અભાવ હોવાથી આત્માના યથાર્થજ્ઞાનને માટે એ સર્વથી આત્મા પર છે એમ પ્રતિપાદન કરાયું છે,) એ ચૌદમા સૂત્રમાં અને "**आत्मशब्दाच्च**" (આત્મા એવા શબ્દથી પણ ત્યાં આત્માજ પ્રતિપાદનનો વિષય છે એમ જણાય છે,) એ પદરમા સૂત્રમાં જીવનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે, ને તે સર્વથી સૂક્ષ્મ ને વ્યાપક છે એવો નિર્ણય કર્યો છે. ત્રીજા અધ્યાયના ત્રીજા પાદના "**व्यतिरेकस्तद्भावाभावित्वान्न तूपलब्धिवत्**" (સ્થૂલશરીર આત્મા નથી, કિંતુ આત્મા સ્થૂલશરીરથી ભિન્ન છે, મરણ થાય ત્યારે સ્થૂલશરીરના હોવામાં પણ જ્ઞાનાદિના નહિ હોવાપણાથી: જો સ્થૂલશરીર આત્મા હોય તો તે વેલા સ્થૂલશરીરની પેઠે જ્ઞાનાદિની પણ પ્રતીતિ થવી જોઇએ,) એ ચોપનમા સૂત્રવડે સ્થૂલશરીરથી આત્મા ભિન્ન છે એવો નિર્ણય કર્યો છે. વળી ચોથા અધ્યાયના પહેલા પાદના "**आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति च**" (આત્મા બ્રહ્મ છે એમ જાબાલશાખાવાળાઓ "**त्वं वा अहमस्मि भगवो देवतेऽहं वै त्वमसि देवते**"–હે પૂજ્ય દેવ ! તમેજ હું છું, અને હે દેવ ! હુજ તમે છો,–એ શ્રુતિવચનવડે સ્વીકારે છે, અને "**अहं ब्रह्मास्मि**"–હું બ્રહ્મ છું–"**एष त आत्मा सर्वांतर.**"–આ તારો આત્મા સર્વની અંતર રહેલો છે,–"**एष त आत्माऽन्तर्याम्यमृतः**"–આ તારો આત્મા અંતર્યામિરૂપ ને અવિનાશી છે,–ને "**तत्सत्यं स आत्मा तत्त्वमसि**"–તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે,–ઇત્યાદિ શ્રુતિવચનો

પણ બ્રહ્મને આત્મપણાવડે સ્વીકારે છે,) એ ત્રીજા સૂત્રવડે આત્માના બ્રહ્મથી અભિન્નપણાનો નિશ્ચય કર્યો છે. બ્રહ્મસૂત્રોના બીજા અધ્યાયના બીજા પાદના " **उत्पत्त्यसंभवात्** " (જીવની પરમાત્માથી ઉત્પત્તિ માનવાથી તે વિનાશી ઠરે, ને તેને મોક્ષલાભ પણ ન થાય માટે તેની ઉત્પત્તિનો અસંભવ હોવાથી જીવની ઉત્પત્તિ માનનારાઓનો મત યોગ્ય નથી,) એ બેતાળીશમા સૂત્રમાં, ને તેના બીજા અધ્યાયના ત્રીજા પાદના " **नात्मा श्रुतेर्नित्यत्वाच्च ताभ्यः** " (જગત્‌ની ઉત્પત્તિ કહેનારા પ્રકરણમાં જીવની ઉત્પત્તિ કહેનારી શ્રુતિના અભાવથી અને " **स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म** "–તે આ આત્મા વ્યાપક, જન્મરહિત, વૃદ્ધાવસ્થાથી રહિત, વિનાશથી રહિત, આનંદરૂપ, અભય ને બ્રહ્મ છે,–ને " **अजो नित्यः शाश्वतोऽयं पुराणः** "–આ આત્મા જન્મરહિત, નિત્ય, એકરૂપે રહેનારો ને પ્રાચીન છે,–ઇત્યાદિ શ્રુતિઓવડે તેનુ નિત્યપણું સિદ્ધ હોવાથી આત્મા ઉત્પન્ન થતો નથી,) એ સત્તરમા સૂત્રમાં જીવને અનાદિ કહી તેને અનત ને બ્રહ્મરૂપે નક્કી કર્યો છે. તેજ અધ્યાયના તે પાદના " **ज्ञोऽत एव** " (" **विज्ञानमानंदं ब्रह्म** "–બ્રહ્મ વિજ્ઞાન ને આનંદરૂપ છે,–ને "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**" બ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ ને પરિચ્છેદરહિત છે,–ઇત્યાદિ શ્રુતિઓમાં બ્રહ્મનું ચૈતન્યસ્વરૂપ કહ્યુ છે, અને બ્રહ્મજ જીવ છે તેથી જીવનું પણ નિત્ય ચૈતન્યસ્વરૂપ હોવાથીજ તેની ઉત્પત્તિ સંભવતી નથી,) એ અઢારમા સૂત્રમાં જીવને ચૈતન્યસ્વરૂપ કહી તેનુ અનાદિપણુ નક્કી કરવામાં આવ્યુ છે. તેજ અધ્યાયના તે પાદના "**तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत्** " (જીવની ઉત્પત્તિના અશ્રવણથી, શરીરમાં પરબ્રહ્મનાજ પ્રવેશના શ્રવણથી અને જીવબ્રહ્મના એકપણાના

ઉપદેશથી બ્રહ્મજ જીવ છે તેથી તે બ્રહ્મની પેઠે વ્યાપક છે, અણુ નથી,) એ ઓગણત્રીશમા સૂત્રમાં જીવનું વ્યાપકપણું નક્કી કર્યું છે: અને તેજ અધ્યાયના તેજ પાદના "**यथा च तक्षोभयथा**" (અને જેમ સુતાર બને-ઘધાવાળી ને શાંત એવી બે-રીતે સ્થિતિ કરે છે તેમ જીવ પણ બને-ક્રિયાવાળી ને અક્રિય એવી બે-રીતે સ્થિતિ કરે છે,) એ ચાળીશમા સૂત્રમાં જીવને વ્યાવહારિકરીતે કર્તા ને વસ્તુતાએ અકર્તા નક્કી કર્યો છે.

ઉપર દર્શાવેલા બ્રહ્મસૂત્રોમાંના સૂત્રો વાચવાથી વિવેકી મનુષ્યને જણાયુ હશે કે જીવ શરીરાદિથી ભિન્ન, અકર્તા ને બ્રહ્મરૂપ છે.

મનુષ્યાદિને પોતાની નેત્રાદિ ઇંદ્રિયોથી પ્રતીત થતુ આ જગત્ બ્રહ્મમાંથીજ વિવર્તરૂપે ઉપજેલુ હોવાથી બ્રહ્મથી ભિન્ન નથી. જેમ સૂર્યનાં કિરણોમાં પ્રતીત થતું મૃગજલ સૂર્યનાં કિરણોથી ભિન્ન નથી તેમ બ્રહ્મમાં પ્રતીત થતુ આ જગત્ પણ બ્રહ્મથી ભિન્ન નથી. વળી કાર્ય કારણથી ભિન્ન નજ હોઇ શકે આ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે, અને સગુણબ્રહ્મ માયાનો ત્યાગ કરતાં નિર્ગુણબ્રહ્મરૂપજ છે એ વાત પણ વિવેકીઓને વિદિતજ છે. બ્રહ્મસૂત્રોમાંનાં નીચેનાં સૂત્રોમાં સગુણબ્રહ્મ આ જગત્નુ ઉપાદાનકારણ ને નિમિત્તકારણ છે એ નિશ્ચય-ને સુસ્પષ્ટ કર્યો છે:—

બ્રહ્મસૂત્રોના પહેલા અધ્યાયના પહેલા પાદના "**जन्माद्यस्य यतः**" (જેમાંથી આ જગત્ની ઉત્પત્તિ આદિ થાય છે તે બ્રહ્મ છે,) એ બીજા સૂત્રમાં આ જગત્ સગુણબ્રહ્મમાંથી ઉપજે છે એમ શ્રુતિસ્મૃતિના આધારે નિર્ણય કર્યો છે. એજ અધ્યાયના એજ પાદના પાંચમા સુત્રથી માંડીને અગિયારમા સૂત્રસુધીમાં પ્રકૃતિ સ્વતંત્રપણે આ જગત્નું ઉપાદાનકારણ નથી, પણ સગુણબ્રહ્મજ આ જગત્નું

ઉપાદાનકારણ છે એમ શ્રુતિયુક્તિથી નક્કી કરવામાં આવ્યુ છે. બ્રહ્મ-સૂત્રના પહેલા અધ્યાયના ચોથા પાદના " **प्रकृतिश्च प्रतिज्ञादृष्टांतानुपरोधात्** " (એક બ્રહ્મનુ જ્ઞાન થવાથી સર્વનુ જ્ઞાન થવાની શ્રુતિની પ્રતિજ્ઞાના અને માટી આદિ કારણોનુ જ્ઞાન થવાથી તેમનાં કાર્યોનું જ્ઞાન થવાના શ્રુતિમાં આપેલા ઉદાહરણના પ્રમાણપણાથી સગુણબ્રહ્મ આ જગત્નુ ઉપાદાનકારણ અને નિર્ગુણબ્રહ્મ ઉપચારથી નિમિત્તકારણ છે.) ને "**अभिध्यायोपदेशाच्च**" (" હુ બહુ થાઉ," એવા જગત્ને ઉપજાવવાના સંકલ્પના ઉપદેશથી પણ બ્રહ્મ આ જગત્નુ નિમિત્તકારણ તથા ઉપાદાનકારણ છે એમ નક્કી થાય છે,) એ ત્રેવીશમા તથા ચોવીશમા સૂત્રથી તથા તે પછીના પચીશમા, છવીશમા ને સત્યાવીશમા સૂત્રથી બ્રહ્મ આ જગત્નુ ઉપાદાનકારણ તથા નિમિત્તકારણ છે એમ શ્રુતિયુક્તિથી નક્કી કરવામાં આવ્યુ છે. વળી બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના પહેલા પાદના છઠ્ઠા, સાતમા, નવમા, દશમા ને અગિયારમા સૂત્રવડે પણ સગુણબ્રહ્મજ આ જગત્નુ ઉપાદાનકારણ છે એમ શ્રુતિના ને યુક્તિના આશ્રયથી પૂર્વપક્ષોનું ખંડન કરીને નક્કી કરવામાં આવ્યુ છે.

ઈશ્વરનું (સગુણબ્રહ્મનું) પારમાર્થિક સ્વરૂપ બ્રહ્મજ છે. ઈશ્વરના સ્વરૂપમાંથી કલ્પિત વા વ્યાવહારિક માયાભાગ વિચારવડે દૂર કરતા બાકી ચેતનભાગ એટલે બ્રહ્મજ રહે છે. બ્રહ્મસૂત્રોમાંનાં નીચે જણાવેલાં સૂત્રોમાં ઈશ્વરના વ્યાવહારિક તથા પારમાર્થિક સ્વરૂપનો નિર્ણય કરવામાં આવ્યો છે:—

બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના બીજા પાદના " **फलमत उपपत्तेः** " (જીવોએ કરેલાં શુભાશુભ કર્મનું ફલ તેમને ઈશ્વરથી પ્રાપ્ત થાય છે એમ ઈશ્વરના સર્વજ્ઞપણાદિરૂપ યોગ્યતાથી જણાય છે,)

"**श्रुतत्वाच्च**" (શ્રુતિદ્વારા પણ કર્મફલને આપનારા ઈશ્વર છે એમ જણાય છે,) અને "**पूर्वं तु बादरायणो हेतुव्यपदेशात्**" (કર્મના તથા કર્મફલના હેતુ ઈશ્વર છે એવા શ્રુતિસ્મૃતિના કથનથી પૂર્વોક્ત ઈશ્વરજ ફલદાતા છે એમ **શ્રીબા**દરાયણ માને છે,) એ આડત્રીશમા, ઓગણચાળીશમા ને એકતાળીશમા સૂત્રવડે મનુષ્યોને તેમનાં શુભાશુભ કર્મોનુ ફલ ઈશ્વર આપે છે, તથા તેમનાં શુભાશુભ કર્મોપ્રમાણે તેમની શુભાશુભ કર્મમાં પ્રેરણા પણ ઈશ્વર કરે છે એમ નક્કી કર્યુ છે. બ્રહ્મસૂત્રોના બીજા અધ્યાયના પહેલા પાદના સોળમા, સત્તરમા, અઢારમા, ઓગણીશમા, વીશમા ને ત્રીશમા સૂત્રવડે કાર્યરૂપ જગતનો કારણરૂપ બ્રહ્મથી અભેદ છે એવો નિશ્ચય કર્યો છે. ઈશ્વર પોતાની માયાનામની વિચિત્ર શક્તિવડે આ જગત્ રચે છે એવો તેજ અધ્યાયના તેજ પાદના ચોવીશમા ને પચીશમા સૂત્રવડે નિર્ણય કર્યો છે. એજ અધ્યાયના એજ પાદના "**आत्मनि चैवं विचित्राश्च हि**" (અને જેમ જીવાત્મામાં સ્વપ્નાવસ્થાવિષે પોતાના સ્વરૂપના નાશવિનાજ અનેક પ્રકારનુ જગત્ ઉત્પન્ન થાય છે તેમજ બ્રહ્મમાં સ્વરૂપના નાશવિનાજ સ્થાવરજંગમરૂપ અનેક પ્રકારનું જગત્ ઉત્પન્ન થાય છે,) એ અઠ્ઠાવીશમા સૂત્રમાં આ જગત્ બ્રહ્મમાં વિવર્તરૂપે પ્રતીત થાય છે એવો નિર્ણય કર્યો છે.

રૂપાદિથી રહિત સચ્ચિદાનંદઘન, એક, અસંગ, અક્રિય, અપરિણામી, સર્વ પ્રકારના ભેદથી રહિત ને અનંત બ્રહ્મ છે. નીચે જણાવેલાં બ્રહ્મસૂત્રોમાંનાં સૂત્રોમાં પણ એવોજ નિર્ણય કરેલો જોવામાં આવે છે:—

બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના બીજા પાદના "**न स्थानतो-**

ऽपि परस्योभयलिंगं सर्वत्र हि " (બ્રહ્મ સવિશેષ ને નિર્વિશેષ એવા બે રૂપોવાળુ નથી, ઉપાધિના સંબધમાં પણ તે નિર્વિશેષજ રહે છે, કેમકે બ્રહ્મનુ પ્રતિપાદન કરનારા વચનોમાં નિર્વિશેષનોજ ઉપદેશ છે,) " **न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात्** " (શ્રુતિઓમાં બ્રહ્મના આકારનો ભેદ હોવાથી બ્રહ્મ નિર્વિશેષ નથી એમ જો કહો તો ભિન્ન ભિન્ન ઉપાધિને લઇને પણ અભેદના કથનથી બ્રહ્મ સવિશેષ નથી,) " **अपि चैवमेके** " (વળી એક શાખાવાળાઓ પણ ભેદદર્શનની નિંદાપૂર્વક અભેદદર્શનને કહે છે,) " **अरूपवदेव हि तत्प्रधानत्वात्** " (બ્રહ્મ નક્કી રૂપરહિતજ છે, શ્રુતિમાં તેના પ્રધાનપણાથી એ નિશ્ચય સિદ્ધ થાય છે,) **आह च तन्मात्रम्** " (અને " **कृत्स्नः प्रज्ञानघन एव** "–સમગ્ર ચૈતન્યઘનજ છે, એ શ્રુતિ બ્રહ્મ ચૈતન્યમાત્ર છે એમ કહે છે,) અને " **दर्शयति चार्थो अपि स्मर्यते**" (" **अन्यदेव तद्विदितादथो अविदितादधि** "–તે બ્રહ્મ જ્ઞાત વસ્તુઓથી ભિન્નજ છે, ને અજ્ઞાત વસ્તુઓથી પણ ભિન્નજ છે,–આ શ્રુતિ બ્રહ્મનું નિર્વિશેષપણુ દેખાડે છે, અને " **न सत्तन्नासदुच्यते** "–તે બ્રહ્મ ઇંદ્રિયોવડે જાણવાયોગ્ય કહેવાતુ નથી તેમ પરોક્ષ પણ કહેવાતુ નથી,–આ સ્મૃતિ પણ એમજ કહે છે,) એ અગિયારમા, બારમા, તેરમા, ચૌદમા, સોળમા ને સત્તરમા સૂત્રોવડે બ્રહ્મનુ સર્વ પ્રકારના વિશેષોથી રહિત ચૈતન્યમાત્રપણું નક્કી કર્યુ છે. બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના ત્રીજા પાદના " **आनंदादयः प्रधानस्य** " (આનંદરૂપપણુ, વિજ્ઞાનઘનપણું, સર્વવ્યાપકપણું ને સર્વાત્મકપણુ આ બ્રહ્મના સ્વભાવો સર્વ શ્રુતિઓમાં જાણવા,) એ અગિયારમા સૂત્રમાં બ્રહ્મના આનંદાદિ સ્વભાવોનો નિર્ણય કર્યો છે. એ ગ્રથના ચોથા અધ્યાયના ચોથા પાદના

"**विकारावर्ति च तथाहि स्थितिमाह**" (સર્વ પ્રકારના વિકારોથી રહિત, નિત્યમુક્ત, નિર્ગુણ ને નિર્વિકાર એવું પણ ઈશ્વરનું સ્વરૂપ જેને બ્રહ્મ કહેવામાં આવે છે તે છે, કેમકે "**ततो ज्यायांश्च पूरुषः**"–તેનાથી પુરુષ–બ્રહ્મ–શ્રેષ્ઠ છે,–ને "**त्रिपादस्यामृतं दिवि**" –આના ત્રણ પાદો સ્વયપ્રકાશરૂપે અવિનાશી છે,–એ શ્રુતિઓ ઈશ્વર-થી ભિન્ન બ્રહ્મની સ્થિતિને કહે છે,) અને "**दर्शयतश्चैवं प्रत्यक्षानुमाने**" (અને "**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः**"–તે બ્રહ્મને સૂર્ય પ્રકાશી શકતો નથી, ચદ્ર ને તારાઓ પ્રકાશી શકતા નથી, ને આ વીજળીઓ પ્રકાશી શકતી નથી, તો આ અગ્નિ તેને ક્યાંથી પ્રકાશી શકે ?–એ શ્રુતિ તથા "**न तद्भासयते सूर्यो न शशांको न पावकः**" –તે બ્રહ્મને સૂર્ય પ્રકાશી શકતો નથી, ચદ્ર પ્રકાશી શકતો નથી, ને અગ્નિ પ્રકાશી શકતો નથી,–એ સ્મૃતિ પરમજ્યોતીરૂપ બ્રહ્મના નિર્ગુણ-પણાને દેખાડે છે,) એ ઓગણીશમા તથા વીશમા સૂત્રમાં બ્રહ્મના વિકારાતીતપણાનો ને નિર્ગુણપણાનો શ્રુતિયુક્તિથી નિર્ણય કરવામાં આવ્યો છે. એ ગ્રથના બીજા અધ્યાયના ત્રીજા પાદના "**असंभवस्तु सतोऽनुपपत्तेः**" (બ્રહ્મની ઉત્પત્તિ શ્રુતિથી ને યુક્તિથી સિદ્ધ થઈ શકતી નથી માટે તેની ઉત્પત્તિનો અસંભવ છે,) એ નવમા સૂત્રવડે બ્રહ્મના અનાદિપણાનો નિર્ણય કર્યો છે.

મોક્ષ બ્રહ્મરૂપ છે, ને તે પુનરાવૃત્તિથી રહિત છે. એ સ્થિતિ સર્વ પ્રકારનાં દુઃખોથી રહિત પરમાનંદરૂપ છે. એ સ્થિતિને પ્રાપ્ત કરવાથી પુરુષ કૃતાર્થ થાય છે. બ્રહ્મસૂત્રોનાં નીચેનાં સૂત્રોમાં પણ મોક્ષનું એવા પ્રકારનું સ્વરૂપ વર્ણવ્યું છેઃ—

બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના ચોથા પાદના "**एवं मुक्ति-**

फलानियमस्तदवस्थावधृतेस्तदवस्थावधृतेः " (જ્ઞાનના ફલ મુક્તિના ઉત્કર્ષનો ને અપકર્ષનો નિયમ નથી, કેમકે સર્વે ઉપનિષદોમાં બ્રહ્મરૂપ મોક્ષાવસ્થાના એકરૂપનો નિશ્ચય છે,) એ બાવનમા સૂત્રમાં મોક્ષના બ્રહ્મરૂપપણાનો નિશ્ચય કર્યો છે. એ ગ્રથના ચોથા અધ્યાયના બીજા પાદના " **अविभागो वचनात्** " (" **स एषोऽकलोऽमृतो भवति** "–ને આ બ્રહ્મવેત્તા પ્રાણાદિ કલાઓથી રહિત ને અવિનાશી થાય છે,–એ શ્રુતિથી બ્રહ્મવેત્તા પુનર્જન્મ ન થાય એવી રીતે બ્રહ્મમાં અભેદભાવ પામે છે,) એ સોળમા સૂત્રથી મોક્ષ પામેલાનો પુનર્જન્મ થતો નથી એમ નક્કી કર્યુ છે. એ ગ્રથના ચોથા અધ્યાયના ચોથા પાદના " **संपद्याविर्भावः स्वेनशब्दात्** " (" **स्वेन रूपेणाभिनिष्पद्यते** "–પોતાના રૂપવડે સારી રીતે આવિર્ભાવ પામે છે,– એમાંના **स्वेन**–સ્વસ્વરૂપવડે–એ શબ્દથી બ્રહ્મરૂપ પરમજ્યોતિને પામીને બ્રહ્મથી અભિન્ન આત્મસ્વરૂપવડેજ આવિર્ભાવ પામે છે,) " **मुक्त प्रतिज्ञानात्** " (મોક્ષાવસ્થાને પામેલો સર્વ બધોથી મુક્ત થાય છે એમ " **य आत्माऽपहतपाप्मा** "–જે આત્મા બધરૂપ પાપથી રહિત છે,-એ શ્રુતિની પ્રતિજ્ઞાથી જણાય છે,) અને "**अविभागेन दृष्टत्वात्** " (" **तत्त्वमसि** "–ને બ્રહ્મ તું છે,–"**अहं ब्रह्मास्मि** "–હુ બ્રહ્મ છુ, ને "**यत्र नान्यत्पश्यति**"–જ્યાં અન્યને જોતો નથી,–ઇત્યાદિ શ્રુતિઓમાં મુક્તપુરુષનું બ્રહ્મની સાથે અભેદપણુ થાય છે એમ કહેલું હોવાથી મુક્તપુરુષ બ્રહ્મમાં અભેદભાવે સ્થિત થાય છે,) એ પહેલા, બીજા ને ચોથા સૂત્રમાં મોક્ષકાલે મુક્તપુરુષ આત્માથી અભિન્ન બ્રહ્મરૂપે સ્થિત થાય છે, તે કાલે તેને લેશ પણ બધ નથી, ને તે બ્રહ્મમાં અભેદભાવે સ્થિતિ કરે છે એવો નિશ્ચય કર્યો છે.

આત્માથી અભિન્ન બ્રહ્મના દૃઢ અનુભવવડે–જ્ઞાનવડે–પુરુષને મોક્ષની પ્રાપ્તિ થાય છે, ને શમદમાદિવડે પુરુષને આત્માથી અભિન્ન બ્રહ્મનું દૃઢ જ્ઞાન થાય છે. બ્રહ્મસૂત્રોમાંનાં નીચેનાં સૂત્રોમાં પણ એવોજ નિર્ણય કરવામાં આવ્યો છે:—

બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના ચોથા પાદના "**पुरुषार्थोऽतः शब्दादिति बादरायणः**" (ઉપનિષદોએ ઉપદેશ કરેલા આત્મજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ **શ્રીબાદરાયણ** માને છે, કેમકે "**तरति शोकमात्मवित्**"–આત્માને જાણનાર શોકને તરી જાય છે,–ને "**ब्रह्मविदाप्नोति परं**"–બ્રહ્મને જાણનાર બ્રહ્મને પામે છે, –ઇત્યાદિ શ્રુતિઓમાં આત્માથી અભિન્ન બ્રહ્મના જ્ઞાનને મોક્ષના હેતુરૂપ કહેલું છે,) એ પહેલા સૂત્રથી આત્માથી અભિન્ન બ્રહ્મનું દૃઢ જ્ઞાન મોક્ષનો હેતુ છે એમ નક્કી કર્યું છે. આત્માથી અભિન્ન બ્રહ્મના દૃઢ જ્ઞાનની પ્રાપ્તિ જિજ્ઞાસુને શમદમાદિ સાધનોથી થાય છે એમ બ્રહ્મસૂત્રોના ત્રીજા અધ્યાયના ચોથા પાદના "**शमदमाद्युपेतः स्यात्तथापि तु तद्विधेस्तदंगतया तेषामवश्यानुष्ठेयत्वात्**" (નિષ્કામકર્મો ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાનનાં હેતુ થાય છે તોપણ ચિત્તની શુદ્ધિ ને યોગ્યતા વધારવા જિજ્ઞાસુ શમ, દમ, શ્રદ્ધા, ઉપરતિ, તિતિક્ષા ને સમાધાનવાળો થાય. જ્ઞાનના સાધનપણાવડે શમદમાદિના વિધાનથી અને તેમના અવશ્ય અનુષ્ઠેયપણાથી તેણે તેમ કરવું જોઇએ,) એ સત્યાવીશમા સૂત્રવડે શમદમાદિ આત્માથી અભિન્ન બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર કરવામાટે અગત્યનાં સાધનો છે એવો નિર્ણય કર્યો છે.

એવી રીતે શ્રુતિઓ, સ્મૃતિઓ ને યુક્તિઓના આધારવડે બ્રહ્મસૂત્રોમાં જીવ, જગત્ ને ઇશ્વર બ્રહ્મથી ભિન્ન નથી, બ્રહ્મ સચ્ચિદા-

નંદસ્વભાવવાળુ છે, બ્રહ્મરૂપે સ્થિતિ કરવી તે મોક્ષ છે, તે મોક્ષ આત્માથી અભિન્ન બ્રહ્મના દૃઢ જ્ઞાનવડે થાય છે, અને આત્માથી અભિન્ન બ્રહ્મનું દૃઢ જ્ઞાન શમદમાદિ સાધનોવડે પ્રાપ્ત થાય છે એમ નક્કી કરવામાં આવ્યુ છે. બ્રહ્મસૂત્રોએ નક્કી કરેલા એ સિદ્ધાંતને જિજ્ઞાસુએ શ્રદ્ધાપૂર્વક સત્ય માનવો જોઇએ. મનુષ્યના હૃદયમા જ્યાં-સુધી અશ્રદ્ધારૂપી ડાકિની નિવાસ કરે છે ત્યાંસુધી સંશયરૂપ રાક્ષસ તેના હૃદયનો પરિત્યાગ કરતો નથી તેથી તે મનુષ્ય જિજ્ઞાસુ થઈ શકતો નથી.

પોતાને જિજ્ઞાસુ માનનાર પ્રત્યેક મનુષ્યે પ્રથમ પોતાના હૃદયને સૂક્ષ્મદૃષ્ટિવડે જોવું જોઇએ, ને તેમાં રજોગુણની ને તમો-ગુણની વૃદ્ધિવડે ઉપજનારા જે જે દોષો જણાય તે તે દોષોનો ક્રમ-પૂર્વક પરિત્યાગ કરવાના દૃઢ નિશ્ચયવાળા થઇ તેણે તે તે દોષોનો તેનાથી વિપરીત શુભગુણોના સેવનવડે ને બીજા યોગ્ય ઉપાયોવડે પરિત્યાગ કરવો જોઇએ. પોતાના સમર્થ આચાર્યની ભાવપૂર્વક સેવા, પરમાત્મસ્મરણ, સત્યાસત્યનો વિવેક, અસત્યમાં વૈરાગ્ય, શમ દમ શ્રદ્ધા સમાધાન ઉપરતિ ને તિતિક્ષા, અને મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા એ ઉપયોગી શુભ ગુણો તેણે પ્રાપ્ત કરવા જોઇએ. પછી ઉપનિષદોના, ભગવદ્‍ગીતાના ને બ્રહ્મસૂત્રોના સિદ્ધાંતનું સ્વરૂપ તે ગ્રથોના વાચનથી વા શ્રવણથી વા પોતાના આચાર્યના કથનથી સમજી તેનું એકાંતમાં મનન કરવું જોઇએ. પછી સદ્રૂપ, ચિદ્રૂપ, આનંદરૂપ, અસંગ, અક્રિય, અવિકારી, એક, અદ્વિતીય ને વ્યાપક બ્રહ્મસ્વરૂપનો આદરપૂર્વક વારવાર વિચાર વા તેનું આદરપૂર્વક વારવાર ધ્યાન કરવું જોઇએ. આદરપૂર્વક કરેલા બ્રહ્મવિચારથી વા બ્રહ્મધ્યાનથી બ્રહ્મજ્ઞાનના પ્રતિબંધક સંસ્કારો દૂર થયે મુમુક્ષુને બ્રહ્મસાક્ષાત્કાર થાય

છે. બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થવાથી તે જ્ઞાની કૃતાર્થ થાય છે, ને તેના કર્તવ્યનો અવધિ આવે છે.

જેમને ઉપરના નિરૂપણમાં સત્યતાનું ભાન થતુ હોય તેમણે પ્રથમ શ્રવણાદિમાં વિઘ્ન ઉપજાવનારા પોતાના અંતઃકરણાદિના કુ-સ્વભાવોને ઓળખી યોગ્ય ઉપાયોવડે તેમની તથા શ્રવણાદિવડે આત્મ-સ્વરૂપને આવરણ કરનાર અજ્ઞાનની નિવૃત્તિ કરવા ઘણામાં ઘણો પ્રયત્ન શુદ્ધભાવથી સતત કરવો જોઇએ. જેઓ ઇંદ્રિયોને તથા પોતાના મનને વશ રાખી એવા પ્રયત્નમાં સતત આદરપૂર્વક જોડાતા નથી તેમને ઉપરના નિરૂપણમાં સત્યપણાની બુદ્ધિ ઉપજી નથી એમ અનુમાન કરી શકાય.

હે સજ્જનો ! જો તમે દુઃખરહિત નિર્દોષ પરમાનંદને પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો તમે તમારા અંતઃકરણમાંથી આસુરીસંપત્તિ-ને દૂર કરવાનો ને દૈવીસંપત્તિને વધારવાનો પ્રયત્ન નિરંતર આદર-પૂર્વક કરતા રહેજો, તથા પરમાર્થનાં સાધનોમાં તમારા અંતઃકરણને પ્રીતિવાળુ કરીને તેના સંસારના વિષયોભણીના વેગને શિથિલ કરતા રહેજો.

હે વિવેકીઓ ! તમારા હૃદયને પવિત્ર કરો, તેને સત્યમાં પ્રીતિવાળુ કરો, અને પરમાત્માના તથા તમારા સદ્ગુરુની અમોઘ કૃપાનું સુખપૂર્વક તમારા હૃદયમા આગમન થવા તથા જ્ઞાનથી ને આનંદથી તમારા હૃદયને ભરી દેવા તમે તમારા હૃદયમંદિરનાં દ્વારો સર્વદા પૂર્ણ રીતે ઊઘાડાં રાખો.

મનુષ્યનુ અંતઃકરણ જ્યારે દુઃખરહિત પરમાનંદનો સુદૃઢ અનુભવ કરવા ભાગ્યશાલી થાય છે ત્યારે તે અંતઃકરણનો સ્વામી જીવ પોતાને કૃતાર્થ માને છે, કેમકે હવે એને આ લોકના સુખમાટે,

સ્વર્ગલોકથી માંડીને સત્યલોકસુધીના લોકના સુખમાટે, ચિત્તશુદ્ધિમાટે, ચિત્તની એકાગ્રતામાટે, શાસ્ત્રસંબંધિ સંદેહો દૂર કરવામાટે, આત્મસ્વરૂપના ને બ્રહ્મસ્વરૂપાદિના સંદેહો દૂર કરવામાટે, દેહાદિમાંથી આત્માની બુદ્ધિ દૂર કરવામાટે ને જગત્માંથી સત્યપણાની બુદ્ધિ દૂર કરવામાટે કાંઈ પણ કર્તવ્ય લેશ પણ બાકી રહ્યું નથી. સર્વ દુઃખોથી રહિત સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળા બ્રહ્મને સંશયવિપર્યયરહિત અભેદભાવે જાણવાથી ને તેને અભેદભાવે પ્રાપ્ત કરવાથી હવે તેને આ વિશ્વમાં કાંઇ પણ જાણવાયોગ્ય કે પ્રાપ્ત કરવાયોગ્ય બાકી રહ્યું નથી તેથી તેને હવે તેના અંતઃકરણમાં આગળ પ્રતીત થતો હતો તે કર્તવ્યચિંતારૂપ અગ્નિની શાંતિ કરવાનો પ્રયત્ન કરવો બાકી રહ્યો નથી, કેમકે તે અગ્નિ હવે પરમશાંત થઇ ગયો છે. આવી રીતે કર્તવ્યનો પાર પામેલા મહાપુરુષનું અંતઃકરણ સ્વાભાવિક પરમશાંતિનો ને સ્વાભાવિક પરમસુખનો સતત અનુભવ કર્યા કરે એ વિનાકહેજ વિવેકીથી સ્પષ્ટ સમજી શકાય એવું છે.

જેઓ પોતાના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોના બહુપણાથી મલિન અંતઃકરણવાળા હોય છે તેઓ મિથ્યાભિમાની હોવાથી સત્શાસ્ત્રોનાં ને મહાપુરુષોનાં વચનોમાં વિશ્વાસવિનાના હોય છે. આવા વિશ્વાસવિનાના મનુષ્યો પોતેજ પોતાના હિતને હાનિ પહોંચાડે છે. બંને બાજુનો પૂરતો વિચાર કરી સત્યમાં યોગ્ય વિશ્વાસ રાખવામાં કાંઇ પણ હાનિ નથી, કિંતુ લાભ છે. આવો વિશ્વાસ મનુષ્યના અંતઃકરણમાં યોગ્ય ઉત્સાહનો પ્રાદુર્ભાવ કરે છે. એ ઉત્સાહ મનુષ્યના અંતઃકરણને નિર્ભય રાખી તેને સદાગ્રહપૂર્વક શુભ પ્રયત્નમાં જોડે છે. જે મનુષ્ય ઇચ્છિતની પ્રાપ્તિમાટે સદાગ્રહપૂર્વક પ્રયત્ન સતત કર્યા કરે તેને ઇચ્છિતનો લાભ વહેલોમોડો થયા વિના રહેતો

નથી એ વાત સર્વ વિવેકીઓને જ્ઞાત છે. આ સર્વનો શાંતિથી વિચાર કરી પ્રત્યેક મનુષ્યે પોતાના અંતઃકરણમાં શાસ્ત્રોક્ત વિષયોમાં યોગ્ય વિશ્વાસ ઉપજાવી, ઉત્સાહાદિને પ્રાપ્ત કરી, બ્રહ્મસાક્ષાત્કારપર્યંત પોતાનો શુભ પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.

જેમનાં અંતઃકરણો પાપસંસ્કારોના વધારાવડે ચાળણીજેવાં હોવાથી જેમાં ઉપદેશરૂપી જલ રહી શકતુ નથી તેમને તો આ સર્વ ઉપદેશ નિરુપયોગી છે, તેમજ જેમનાં અંતઃકરણો તમોગુણના ને રજોગુણના વધારાથી બહુમૂઢ ને બહુચચલ છે તેમને પણ આ સર્વ ઉપદેશ નિરર્થક છે, માત્ર જેમના અંતઃકરણમાં સત્ત્વગુણનો વધારો થવા માંડ્યો છે, ને જેઓ ઉપદેશનુ શ્રવણ કરી પોતાના કર્તવ્યાનુષ્ઠાનમાં રુચિવાળા છે તેમને આ સર્વ ઉપદેશ ઉપયોગી છે.

પોતાના જીવનને ક્ષણભંગુર સમજી, તથા મનુષ્યજન્મનું ને સત્સંગનું દુર્લભપણુ વિચારી, પ્રત્યેક સમજુ મનુષ્યે ઉપનિષદોએ, ભગવદ્‌ગીતાએ ને બ્રહ્મસૂત્રોએ જે સિદ્ધાંત પ્રદર્શિત કર્યો છે તે સિદ્ધાંત સમજવા અને તેનો યથાર્થ અનુભવ કરી કૃતાર્થ થવા ઘણામાં ઘણો શુભ પ્રયત્ન કરવો જોઇએ. નકામાં બાનાં કાઢી તથા સંસારમાં રચ્યાપચ્યા રહી આ અગત્યના કર્તવ્યનું વિસ્મરણ કરવુ એ કોઇ પણ સમજુ મનુષ્યને માટે કોઈ પણ પ્રકારે યોગ્ય ગણાય એમ નથી. ૐ

ૐ

॥ अंक बावनमो ॥

॥ ज्ञानदेवनुं स्वप्न ॥

મંગલ.

દોહરો.

સર્વતણું અધિષ્ઠાન જે, શુચિસુખસાગરરૂપ;
તે સ્વદેશમાં પહોંચીને, બનો ભૂપના ભૂપ. ૧

જ્ઞાનદેવનામના કોઇ એક સર્વોત્તમ દેવ હતા. તેમને કોઇ વાર સ્વપ્ન થયું. તે સ્વપ્નમાં તેમને એવી પ્રતીતિ થઇ કે હું સાત ધાતુના બનેલા ને રમણીયજેવા પ્રતીત થતા વિમાનમાં બેસીને અવકાશમાં વિચરતો વિચરતો કોઇ ભયંકર વનમાં આવ્યો છું. પછી સૂક્ષ્મદર્શનના, દૂરદર્શનના ને દૂરશ્રવણના સામર્થ્યવાળા તેમણે તે વનની ભૂમિઉપર દૃષ્ટિ કરી તો તેમને જણાયું કે ત્યાં અસંખ્ય બાવળ, બોર, શીમળા, ખીજડા, કાંટ્ય, કથાર, બોરડી, કેરડા, ઉટકટા, થોર, ભોંયરીંગણી, દારૂડી ને ગોખરૂ રહેલાં છે; અને સારાં વૃક્ષો, છોડો ને વેલાઓ તો ઘણાંજ થોડાં પ્રતીત થાય છે. વળી તેમને જણાયું કે આ વનમાં સિંહાદિ હિંસ્ર પ્રાણીઓના સાંભળનારના અંતઃકરણને કંપાવનારા શબ્દો ક્ષણે ક્ષણે સંભળાયા કરે છે, અને સર્પાદિ વિષવાળાં પ્રાણીઓના ફુંફાડા અને ઘુડના તથા કાગડાના કાનને કડવા લાગતા શબ્દો વારેવારે સાંભળવામાં આવે છે, તેમજ આ વનમાં વારેવારે દાવા-

નલ પણ લાગ્યા કરે છે. એ કાંટાવાળાં વૃક્ષાદિથી ભરપૂર વનમાં દૃષ્ટિ ફેરવતાં તે જ્ઞાનદેવને જણાયુ કે ત્યાં જેમની આંખોપર સુદૃઢ પાટા બાંધેલા છે, ને જેમના હાથો દોરડાંઓવડે સુદૃઢ બાંધી લીધેલા છે એવાં કેટલાંક માણસો નિરંતર પોતાના પ્રાપ્ત દુઃખનો સહૃદય સાંભળનારને દયા ઉપજે એવી રીતે રુદનસહિત પોકાર કરતાં હતાં, અને તે પાટા ને બંધન છોડવામાટે તથા પોતાના દેશમાં જવાનો માર્ગ બતાવવામાટે પ્રભુના સ્મરણપૂર્વક ત્યાં નીકળતા કોઇ દયાલુ પુરુષની પ્રાર્થના કરતાં હતાં. કેટલાંક માણસો આ વનમાંથી નીકળી પોતાના દેશમાં જવાની ઇચ્છા રાખી, તથા કોઇ દયાલુ પુરુષની પ્રાપ્તિની ઇચ્છા રાખી, આંખે પાટા છતાં પણ હાથના બંધ કાંઇક ઢીલા થવાથી એ વનમાં ભમનારા કોઇ પુરુષોએ બતાવેલાં કેટલાંક શાસ્ત્રીય કર્મો યથાશક્તિ કરતાં હતાં. કેટલાંક માણસો પોતાની આંખોપરના પાટાનું વિસ્મરણ કરી આ વનમાંનો ઉંચાણવાળો કોઇ સારો પ્રદેશ પ્રાપ્ત કરવાની લાલસા રાખી તે વનમાંના કોઇ પુરુષોએ બતાવેલાં શાસ્ત્રીય કર્મો તેમના હાથનાં બંધનો કાંઇક ઢીલાં પડવાથી પોતાના સામર્થ્યપ્રમાણે કરતા હતાં. કેટલાંક માણસો આ ઉપાયવડે તમારુ દુઃખ દૂર થશે એવું બીજાઓનું કથન સત્ય માની એવી સ્થિતિમાં પરણવાની ક્રિયા કરતાં હતાં, ને દ્રવ્ય સર્વ દુઃખ મટાડવામાં ઉપયોગી થશે એવા અન્યના કથનને સત્ય માની તે મેળવવાના સાધનરૂપ નાનાપ્રકારના ધંધાઓ કરતાં હતાં. આ સર્વ માણસો તેમની આંખોપર પાટા છતાં પોતાને દેખતાં માનતાં હતાં. કેટલાંક માણસો પોતાનું પ્રાપ્ત દુઃખ ભૂલવામાટે જયાં ત્યાં ભટકતાં હતાં, કેટલાંક માણસો ભૂમિ સ્ત્રી સત્તા તથા ધનને માટે પરસ્પર લડતાં હતાં, કેટલાંક માણસો નાનાપ્રકારની કથાઓ વાતો ને ગાયનો

સાંભળતાં હતાં, કેટલાંક માણસો નાનાપ્રકારનાં ગાયનો ગાતાં હતાં, કેટલાંક માણસો નાટકાદિ જોતાં હતાં, કેટલાંક માણસો ભાષણો આપતાં હતાં, કેટલાંક માણસો માદક પદાર્થો ખાતાંપીતાં હતાં, અને કેટલાંક માણસો બીજી કેટલીક કુચેષ્ટાઓ કરતાં હતાં. ને સર્વને તેમના સ્વદેશથી તેમના કોઇ વેરીએ રાતની વેલાએ ઉપાડી લાવી, આંખે પાટા બાંધી, તથા તેમના હાથોને દોરડાઓવડે બાંધી, આ વનમાં મૂકી દીધા હતા એમ જ્ઞાનદેવને વિચાર કરતાં જણાયુ. એ સર્વની સ્થિતિ વિચારવાળા મનુષ્યની દૃષ્ટિએ દયા ઉપજે એવી જણાતી હતી.

જે માણસો પોતાનું પ્રાપ્ત દુ:ખ ભૂલવાને માટે વા થોડા સમય એ દુ:ખને દૂર કરવાને માટે માદકદ્રવ્યસેવનાદિ જે ઉપાયો તેમનુ દુ:ખ દૂર કરવામાં ઉપયોગી નહોતા તેમનુ સેવન કરતા હતાં તે વિશેષ દયાને પાત્ર હતાં, કેમકે તેવા વિપરીત ઉપાયોવડે તેઓ પોતાના પ્રાપ્ત દુ:ખને દૂર કરવા સમર્થ થતાં નહોતાં, પણ પરિણામે પોતાના પ્રાપ્ત દુ:ખમાં તેઓ વધારો કર્યા કરતા હતાં.

જેઓ એ વનના ઉંચાણવાળા કોઇ સારા પ્રદેશમાં જવામાટે શાસ્ત્રોક્ત શુભ કર્મો કરતાં હતાં તેઓ પણ થોડા કાંટાવાળાં ઝાડોવાળા પ્રદેશમાં જવા ઇચ્છતાં હતાં, એટલે ત્યાં પણ તેમને દુ:ખ થાય એમ હતું, એકલું સુખ મળે એમ નહોતું, ને જ્યારે તેમના તે કર્મફલભોગનો અંત આવે તેઓ પાછા વનના આ ભાગમાં આવે ત્યારે તેમને પાછું એવુ ને એવું દુ:ખ ભોગવવાનું હતું. આમ હોવાથી આવી પ્રવૃત્તિ કરનારા માણસો પણ જ્ઞાનદેવને દયાનાં પાત્ર જણાયાં.

જેઓ પોતાની આંખોપરના પાટાઓ અને હાથનાં બંધનો

છોડવામાટે તથા પોતાના દેશનો સાચો માર્ગ બતાવવામાટે કોઇ દયાલુ ને સમર્થ પુરુષનું સાહાય્ય પોકારસાથે રુદન કરીને સાચા ભાવથી માગતાં હતાં, ને પ્રભુનું સ્મરણ કરતા હતાં, તથા એવીજ આશા રાખીને જેઓ શાસ્ત્રોક્ત શુભ કર્મો કરતાં હતાં તેઓ એ વનમાં રહેલાં માણસોમાં સમજુમાં ગણના થઇ શકે એવાં હતાં.

એ વનમાં કોઇ નિર્દોષ નેત્રોવાળા, સૂક્ષ્મદષ્ટિવાળા, સુદૃઢ બાહુવાળા, દયાલુ, સમર્થ ને સ્વતંત્ર પુરુષો પણ વિચરતા હતા. તેઓ એ વનમાં જેઓ પોતાનાં નેત્રોપરના પાટા છોડી નાંખવામાટે, પોતાના હાથોપરનાં બંધનો છોડી નાંખવામાટે, તથા આ ભયંકર વનમાંથી પોતાના દેશમાં જવાનો સાચો માર્ગ બતાવવામાટે પોકાર ને રુદનસહિત વિનતિ કરતાં હતાં તેમને સાહાય્ય કરવાનુ કામ કરતા હતા. તેઓ જે માણસોનાં પુણ્યોનો પરિપાક થયો હોય તેમને મળતા, ને દયાવડે તે માણસોની આંખોપરના પાટાઓ છોડી નાંખતા હતા, તેમના હાથોપરનાં બંધનો છોડી નાંખતા હતા, અને અનેકપ્રકારનાં દુઃખોથી પોતાના દેશનું નામ ને તેનું સ્વરૂપ ભૂલી ગયેલાં તે પરાધીન દુઃખી માણસોને તેમના દેશનુ નામ, તેનું સ્વરૂપ ને ત્યાં સુખપૂર્વક શીઘ્ર પહોંચવાનો નિર્દોષ માર્ગ બતાવતા હતા. તેઓ તે સ્વદેશ જવા ઇચ્છનાર દુઃખી માણસોને બહુધા આ પ્રમાણે કહેતા હતાઃ—
"હે સુખેચ્છુઓ ! તમે સૌ ભૂમદેશના નિવાસીઓ છો. તમારી નિદ્રાવસ્થાનો લાભ લઈ પ્રાણીઓને સર્વ પ્રકારનું દુઃખ આપવાના સામર્થ્યવાળા તમારા શત્રુ વિક્ષેપાસુરે તમને તે સુખરૂપ દેશમાંથી ઊપાડી આ દુઃખથી ભરેલા ભયંકર વનમા તમારી આંખોપર પાટા બાંધી તથા તમારા હાથો બાંધી મૂકી દીધાં છે. હવે તમે મુંઝાશો માં. જો તમારા દેશમાં જવાની તમારી દૃઢ ઇચ્છા હોય તો અમે

તમને તમારા દેશમાં પહોંચવાનો સુલભ ને નિર્દોષ માર્ગ બતાવીએ. જો અમારા કહેલા માર્ગનું તમે પૂરતુ સ્મરણ રાખી, શુભવિચાર ને સદાચારરૂપ ભાતું સાથે રાખી, તથા માર્ગમાં જે પ્રલોભનો. ભયો, ભૂલવણીઓ ને બીજી અડચણો આવે તે સર્વની ઉપેક્ષા કરી આસપાસ નહિ જોતાં ઊતાવળે ચાલ્યા કરશો તો તમે વેલાસર નિર્વિઘ્ને તમારા દેશમા પહોંચી જશો. સાંભળો, તમારો દેશ આવો મનોહર છેઃ—

તે દેશ સદ્‍ઘન હોવાથી તે દેશની ને ત્યાં રહેનારની કોઇ પણ કાલમાં ઉત્પત્તિ કે કોઇ પણ કાલમાં તેનો નાશ થતાં નથી, અર્થાત્ ત્યાં જન્મમૃત્યુનુ ભય નથી, તે દેશ ચિદ્‍ઘન હોવાથી તે દેશનો પ્રકાશસ્વભાવ વા જ્ઞાનસ્વભાવ કદીપણ લોપ પામતો નથી, તે દેશ આનંદઘન હોવાથી ત્યા સર્વદા નિર્દોષ, નિરુપાધિક ને નિરતિશય સુખ વિદ્યમાન રહે છે, કોઇ પણ વેલા ત્યાં ક્ષણમાત્ર પણ દુઃખની પ્રતીતિ થતી નથી, તે દેશ નિરાધાર છે. અને તે દેશ દેશ, કાલ ને વસ્તુથી વિભાગ નહિ પામનારો અર્થાત્ અનંત છે. જેઓ એવા સ્વભાવવાળા વા એવા સ્વરૂપવાળા દેશમાં પહોંચે છે તેઓ તે દેશના જેવા સ્વભાવવાળા થઇ જાય છે, ને પછી તેમને કોઇ પણ કાલે કોઇ પણ પ્રાણી વા નિમિત્ત આ ભયંકર વનમાં લાવી શકતુ નથી.

હવે જો તમારી તમારા સ્વદેશમાં જવાની તીવ્ર ઇચ્છા હોય તો આ ભય ને દુઃખથી ભરેલા વનમાથી પૂર્વે જે માર્ગે ઘણાં શુદ્ધ ને એકાગ્ર મનવાળાં માણસો ગયાં છે, અને ધૈર્ય, શ્રદ્ધા, સાવધાનતા, દૃઢતા, સ્મૃતિ, વિરતિ ને ઉત્સાહવડે જે માર્ગે ચાલવાથી ઘણાં યોગ્ય માણસો પ્રસન્નતાપૂર્વક તે સ્વદેશમાં પહોંચ્યાં છે તે માર્ગ અમે તમારા પરમહિતમાટે તમને કહીએ છીએ તે સાવધાન થઇને સાંભળોઃ—

અમારામાં ને અમારી આજ્ઞાઓમાં સુદૃઢ વિશ્વાસ ને પરમ પ્રેમ

રાખજો. અમારું કહેલુંજ પ્રીતિપૂર્વક કરજો, તમારા બહિર્મુખ મનનું કહ્યું નજ કરજો. તમારા સ્વદેશનું જે સ્વરૂપ અમે તમને સંક્ષેપમાં કહ્યું તે સ્વરૂપ તમે સર્વદા સ્મરણમાં રાખજો. આ વનમા ભિન્ન ભિન્ન પ્રવૃત્તિમાં સુખ શોધનારાં માણસોનો સંગ હવે તમે નજ ચાલે એટલો ને ઉદાસીનતાવાળો રાખજો. તમે તમારા સ્વદેશમાં ન પહોંચો ત્યાંસુધી માર્ગમાના કોઇ પણ સ્થલને ભૂલથી પોતાનો દેશ સમજીને ત્યાં રોકાઇ રહેશો નહિ. તમારા શુભ નિશ્ચયની ને તમારી સ્વદેશમાં જવાની ઇચ્છાની માર્ગમાં આકરી પરીક્ષાઓ થશે. તે સર્વ પરીક્ષાઓમાં તમે ધૈર્ય ને સાવધાનતાથી પૂરેપૂરા ઉત્તીર્ણ થજો. રાગ, દ્વેષ, લોભ ને ભય ઉપજાવનારી અને અટકાવનારી સામગ્રીઓનો માર્ગમાં સમાગમ થાય ત્યારે પણ સાવધાનતા રાખી રાગ, દ્વેષ, લોભ ને ભયાદિને વશ ન થજો, અને વચ્ચે ન અટકજો. નિષ્કામપણે શુભ-કર્મો કરવારૂપ ભાતુ વધારી નિરંતર આગળ વધતા રહેજો.

તમારા દેશનેજ તમે સાચો સમજજો. માર્ગમાંનાં કોઇ સ્થાનો તમને ગમે તેવાં રમણીય જણાય તોપણ તે સર્વ સ્થાનોને તમે તુચ્છ ને મિથ્યાજ સમજજો. તમારા દેશમાંજ પરમપ્રીતિ રાખી, તથા તેનાથી ભિન્ન સર્વને અસાર સમજી, તેમાં ઉપજેલી આસક્તિનો પરિત્યાગ કરજો. તમારા મનને સ્વદેશના સ્મરણવાળું રાખી તેને બીજા સ્મરણમાં ન જવા દેજો, તમારી ઇંદ્રિયોને પણ સ્વદેશની પ્રાપ્તિનાં સાધનોમાં જોડજો, આ વનમાં ભ્રમણ કરાવનારા કામમાં ન જોડજો, સ્ત્રીની વા પુરુષની, માનની ને દ્રવ્યની તૃષ્ણાના વેગમાં ન તણાજો, તમારી વાણીને બહુજ વશ રાખજો, તમારું મન કોઇ પણ પ્રસંગમાં મુંઝાય કે આગળ વધવામાં કાયર થાય તો તેને યોગ્ય પ્રમાણોથી ને અનુકૂલ યુક્તિઓથી શાંત ને ઉત્સાહી રાખજો, તેને

ભ્રમણાવાળુ ન રાખજો, પૂર્વે ભોગવેલા વિષયોના સ્મરણમાં મન ન જાય, પણ તેનું સર્વદા વિસ્મરણ રાખે એમ તમારા મનને તમે સમજાવતા રહેજો, તમારા દેશભણી ચાલતાં તમને માનાપમાન, સુખદુઃખ, ટાઢતડકો, ભૂખતરષ ને હાનિલાભ આદિ જે જે પ્રાપ્ત થાય તે સર્વને સમાન ગણી તેને સહન કરવાનું બલ રાખજો, અને સ્વદેશમાં શીઘ્ર પહોચી જવાનો તીવ્ર વેગ તમારા મનમાં સર્વદા જાગ્રત્ રાખજો.

આ માર્ગ આરંભમાં બહુ સાકડો, લપટણો, સાદો ને નીરસ-જેવો જણાય છે. આ માર્ગે આગળ ચાલતા પડખે ઘણા ખેતરાઉ માર્ગો આવે છે. આ માર્ગ મૂકી દઇ જે પ્રવાસી એ ખેતરાઉ માર્ગે ચઢી જાય છે તે કોઇ પણ વિષમસ્થાનમાં પહોચી ચિરકાલ દુઃખી થાય છે. તમે ભૂલથી પણ આ માર્ગ મૂકી કુતૂહલથી કે સ્વદેશમાં વહેલા પહોંચી જવાની ખોટી લાલસાથી તે ખેતરાઉ માર્ગે ચાલશો નહિ. તે ખેતરાઉ માર્ગો આરંભમાં કદાચ તમને રળીઆમણા લાગતા હોય તોપણ તેમનો અંત કોઇ ભયંકર સ્થલમાં આવે છે એમ વિચારી તમારા સૂક્ષ્મશરીરમાં રહેલા કુસંસ્કારરૂપ ઝેરી કીડાઓ તમને તે ખેતરાઉ માર્ગે ચલાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ તમે તે ખેતરાઉ માર્ગે નજ ચાલશો. લ્યો, આ કર્તવ્યાનુસ્મરણરૂપ કડવી ગોળીઓ. એ કડવી પણ બહુ ગુણકારી ગોળીઓ વિષયવિસ્મૃતિ, વિષયવિરતિ ને કર્તવ્યનિષ્ઠા નામની કડવી લતાઓના રસમાંથી બનાવેલી છે. પૂર્વે કહેલા ઝેરી કીડાઓ જ્યારે જ્યારે તમને કોઇ પણ ખેતરાઉ માર્ગે ચલાવવાનો પ્રયત્ન કરે ત્યારે ત્યારે તમે આંખો વીંચીને આ કડવી ગોળીને બહુ મીઠી માનીને ઝટ ગળી જજો. એમ કરવાથી તે ઝેરી કીડાઓથી ઉપજેલો દુષ્ટ વેગ શાંત થઈ જશે, ને

તમે તમારે માર્ગે સુખપૂર્વક આગળ ચાલી શકશો. તમે કાયર થઇને માર્ગમાંજ કે માર્ગને પડખે પણ ન અટકજો.

સર્વે શાસ્ત્રો સાક્ષાત્ કે પરંપરાવડે તમારા દેશના સ્વરૂપનું ને ત્યાં પહોંચવાના ભિન્ન ભિન્ન ઉપાયોનું અધિકારીઓનાં અંતઃકરણોના ભેદોનો વિચાર કરીને તેમને અનુકૂલ આવે એવી રીતે વર્ણન કરે છે. જીવો આ ભયંકર વનમાંથી નીકળી વહેલા કે મોડા પોતાના દેશમાં પહોંચી સુખરૂપ થઇ જાય એવા ઉપાયોનું નિરૂપણ કરવામાં શાસ્ત્રોની પ્રવૃત્તિ છે, તેમને આ વનના કોઇ પણ ભાગમાં પડ્યા રહેવાનો ઉપદેશ કરવામા તેમની પ્રવૃત્તિ નથી. આ નિશ્ચય તમે તમારો પોતાનો કરી લેજો. તમારો દેશજ વાસ્તવિક સત્ય છે, ને તેજ અભેદભાવે પ્રાપ્ત કરવાયોગ્ય છે. લોકમાં કહેવાતા જીવ, જગત્ ને ઇશ્વર પણ તેમાંજ પ્રતીત થાય છે. આત્મા, બ્રહ્મ ને મોક્ષ પણ એજ છે. આ નિશ્ચયને પણ તમે તમારા મનમાં સુદૃઢ કરજો. હવે તમે એક તેજ સ્વદેશના ચિંતનમાં ને તેને પ્રાપ્ત કરનારી પ્રવૃત્તિમાં જોડાઓ. અંતઃકરણની પ્રબલ પાંખોવડે તમે સ્વદેશભણી ઊડો, હજી વધારે બલથી ઊડો, હજી તેથી પણ વધારે બલથી ઊડો. ઊડવામાં લગારે કાયર ન થાઓ, ઊડવામાં લેશ પણ ભય ન પામો, નકામા અસંતોષી ન થાઓ, પ્રયત્નના પ્રમાણમાં તમને લાભ મળશે એમ નક્કી સમજજો. અટકવાનું મન ન કરો, ઘણાજ તીવ્ર વેગથી ભાન ભૂલીને ઊડો. આ માર્ગ બહુ ભયભરેલો છે, તેમાં ભૂલવણીઓ ઘણી છે, ત્યાં વિપરીત મતિ ઉપજાવનારો વાયુ બહુવેગથી વાયા કરે છે માટે અડગ શ્રદ્ધા, અસ્ખલિત ઉત્સાહ, ઘણું ધૈર્ય ને ઘણામાં ઘણી સાવધાનતા રાખી ઊડો. પ્રતિબંધકોની ઉપેક્ષા કરો, ને ઊડો. ઊતાવળ કરો, હવે ઢીલ કરવામાં લાભ નથી, પણ હાનિજ છે. ”

આવાં તે ઉપદેશકોનાં સત્ય, વર્તમાનમાં પ્રિય લાગતાં, ને પરિણામે હિત કરનારાં વચનો સાંભળી ઘણાં માણસો સ્વદેશમાં જવામાટે તત્પર થયાં. એમાંનાં ઘણાં માણસોની પાસે મહાપુણ્યરૂપ ભાતુ જોઇએ તેટલા પ્રમાણમાં જણાતુ નહોતુ તેથી જ્ઞાનદેવે ધાર્યું કે આ બધો સંઘ દ્વારકારૂપ સ્વદેશમાં નિર્વિઘ્ને પહોંચે એવો સંભવ જણાતો નથી. જેનુ જેનુ મહાપુણ્યરૂપ ભાતુ જે જે સ્થાનમાં પૂરુ થશે તે તે સ્થાનમાં તે તે માણસ કોઇ પણ અદૃશ્ય વૈરીના સપાટામાં આવી ત્યાંથી આગળ નહિ વધતાં તે કોઇ બેતરાઉ માર્ગે ચઢી જશે, ને દુઃખી થશે, અથવા તે માર્ગમાં અટકશે ને દુઃખી થશે.

પ્રથમ તો તે સર્વ માણસો શ્રદ્ધા ને ઉત્સાહથી સ્વદેશભણી ચાલવા લાગ્યાં. આગળ ચાલતાં જે માણસો પોતાના તનમનના ભારેપણાથી બહુ ધીમે ધીમે ચાલતાં હતાં તેઓ મુખ્યમાર્ગ મૂકી એક ખેતરાઉ માર્ગે ચઢી ગયાં. તે માર્ગે આગળ જતાં તેઓ એક મોટા અજગરના શ્વાસોચ્છ્વાસમાં સપડાયાં, તેથી તેમનાં તનમન વધારે ભારે થયા, ને તે અજગરભણી ખેંચાતાં ખેંચાતાં તેઓ તે બૃહત્કાય અજગરના મહાવિશાલ મુખમાં જઇ પડ્યાં. તેમની ગતિ અટકી, અર્થાત્ તેમનું મુખ્યમાર્ગે આગળ ચાલવાનું કામ કેવલ બંધ થયુ. તે અજગર તેમને ધીમે ધીમે ગળતો જતો હતો તેથી તેમના તનમનના બલની ક્ષીણતા થતી જતી હતી, છતાં તે મૂર્ખ માણસો સમજી શકતાં નહોતાં કે આપણે આ મોટી આપત્તિમાં આવી પડ્યાં છીએ, ને આપણે આપણું સર્વસ્વ ગુમાવવાની અણીઉપર છીએ. તેઓ પોતાની સ્થિતિનો ને અજગરભણીના દુઃખનો કાંઇ પણ પોકાર કર્યા વિના પોતાનું જીવન વ્યર્થ વ્યતીત કરતાં હોય એમ જણાતું હતું. અજગરના સ્પર્શથી આમાંનાં કેટલાંક માણસો વ્યાધિને વશ થયાં હતાં,

કેટલાંક માણસો દુર્વ્યસનોમાં ફસાયાં હતાં, ને કેટલાંક માણસો દુરાચરણો-ને વશ થયાં હતાં. આ સર્વે માણસો દયાને પાત્ર જણાતાં હતાં.

કેટલાંક માણસો પોતાને દેશ જવાના માર્ગની પાસે થઇને જતા બીજે ખેતરાઉ માર્ગે ચઢી ગયાં. તેઓ આગળ જતાં એક ઢોળાવ-વાળો અંધકારમય ઉંડો ખાડો આવતો હતો તેમાં ચાલવામાં સુરત ન રાખવાથી લપટી પડ્યાં. એ ખાડામાં પડ્યા પછી તેમને પોતાના દેશમાં જવામાટે આગળ ચાલવારૂપ પોતાના અગત્યના કર્તવ્યનું વિસ્મરણ થઇ ગયું, ને તેઓ તે અંધકારમય ગર્તમાં પોતાના જીવન-ના ઉદ્દેશનો કાંઇ પણ વિચાર ન કરતાં જ્યાં ત્યાં ભટકવા લાગ્યાં, અને ન કરવાયોગ્ય કર્મમાં પ્રવૃત્ત થઇ પોતાનું જીવન બગાડવા લાગ્યાં. એમની એવી સ્થિતિ દૂરથી જોઇને વા સાંભળીને વિવેકી પુરુષોને તેમના ઉપર દયા ઉપજતી હતી.

સ્વદેશભણી જવામાટે ઉત્સાહમા આવી આરંભમાં દોડવા લાગેલાં કેટલાંક માણસો મુખ્યમાર્ગ મૂકી કોઈ ખેતરાઉ માર્ગે ચાલતાં એક મોટી ડાકણના પ્રદેશમા જઇ ચઢ્યાં. અનેક હાથવાળી, અનેક પગ-વાળી ને મોટા ભયંકર મુખવાળી એ ડાકિનીએ એ સર્વ માણસોને પકડ્યાં, ને તેમના તનમનના બલને બહુ શિથિલ કરી નાંખ્યું–તેમનું સત્ત્વ ચુસી લીધું. હવે તેમની સ્વદેશભણી જવાની ઇચ્છા પણ નામ-માત્રજ રહી, કેમકે હવે તેઓ એક પલમાં ચલાય તેટલું પાંચ વર્ષે પણ ચાલી શકવાના બલવાળાં રહ્યાં નહોતાં. આ ડાકિનીના પ્રદેશમાં આવેલાં માણસો પણ સમજુની દૃષ્ટિએ દયાનાં પાત્ર થઇ પડ્યાં હતાં.

સ્વદેશભણી જનારાં કેટલાંક માણસો માર્ગમાં વ્યવસ્થાપૂર્વક આગળ વધવાનું પોતાનું કામ નહિ કરવાથી આગળ જતાં એક

ખેતરાઉ માર્ગે ચાલતાં એક માથાવિનાની, વિશાલ દેહવાળી, બહુ લાંબા ને દૃઢ હાથવાળી, અને ગાંડાની પેઠે જ્યાં ત્યાં દોડયા કરનારી રાક્ષસીની સીમામાં આવી ચઢ્યાં. તે વિકરાલ રાક્ષસીએ ત્યાં આવેલાં તે સર્વ માણસોને પકડ્યાં. તેના કઠોર હાથનો સ્પર્શ થતાંજ તે સર્વ માણસોનાં અંતઃકરણોનુ ઠેકાણુ ન રહ્યું, અર્થાત્ અમારે આટલો સમય અમારા જીવનના નિર્વાહમાટે અન્નપાનાદિ સામગ્રી મેળવવામાં, આટલો સમય અન્નપાનના ખાવાપીવામાં, આટલો સમય શૌચ સ્નાન ને નિદ્રામાં અને આટલો સમય સ્વદેશભણી જવામાટે ચાલવાના કામમાં વાપરવો જોઇએ એ વાતનો વિચાર તેમના મનમાં ન રહ્યો. પછી તેઓ પણ એ ગાંડી રાક્ષસીની પેઠે અનિયમિતપણે જ્યાં ત્યાં દોડવા લાગ્યાં, ને ઢગધડાવિના ગમે તે રીતે પોતાના દિવસો વિતાડવા લાગ્યાં. તેમની સ્થિતિ પણ દયામણી થઇ પડી હતી.

સ્વદેશભણી ચાલવા લાગેલાં કેટલાંક માણસો સ્વદેશ જવાનો સાચો માર્ગ ભૂલી માર્ગમાં આવતા કોઇ ખેતરાઉ માર્ગે ચાલતાં ઝેરી ધૂમાડાવાળા પ્રદેશમાં જઇ ચઢ્યાં. એ ઝેરી ધૂમાડાની અસરથી તેમની બુદ્ધિઓમાંથી સ્વદેશમાં જવાનો માર્ગ બતાવનારા તથા તેમને હિતકર શીખામણો આપનારા મહાપુરુષના વચનમાં જે સત્યપણાનો નિશ્ચય હતો તે દૂર થઇ ગયો, તેઓ પોતાને સર્વથી વધારે ડાહ્યાં માનવા લાગ્યાં, પોતાના મનને મતેજ ચાલવા લાગ્યાં, પરસ્પર નિરર્થક વિવાદ કરવા લાગ્યાં, તેમની સ્થૂલ થયેલી બુદ્ધિ સ્થૂલ પદાર્થોભણી વેગથી દોડવા લાગી, તેમના પૂર્વના દુષ્ટ સ્વભાવો ઊભરાવા લાગ્યા, ને તેમના પગો ભાંગી ગયાજેવા થયા, તેથી સ્વદેશભણી ચાલવાનો તેમનો વેગ અટકયો, અને તે ઝેરી ધૂમાડાને લીધે તેમનાં અંતઃકરણો ને આંખો બહુ વ્યાકુલ થવા લાગ્યાં. આ ધાટા ઝેરી

ધૂમાડામાં રઝળતાં ને પોતાનું સર્વસ્વ હારી ગયેલાં માણસો પણ સહૃદય મનુષ્યને દયા ઉપજે એવી સ્થિતિમાં આવી પડ્યાં હતાં.

સ્વદેશભણી જનારાં કેટલાંક માણસો એક બીજે ખેતરાઉ માર્ગે ચઢી જવાથી એક ઉંડી ખાઇમાં પડી ગયાં. એ ખાઇમાંનું પાણી તેમના શરીરઉપર લાગતાં તેમના અંતઃકરણો ને શરીરો વિનયવિનાનાં ને વધારે સ્થૂલ થઇ ગયાં. તેમનાં અંતઃકરણો વધારે સ્થૂલ થવાથી તેમના જોવાનુ, બોલવાનું, ખાવાનું, સુંઘવાનું, અડવાનું, ચાલવાનું ને અન્ય પ્રવૃત્તિનું ઠેકાણું ન રહ્યું. તેઓ બહુ હઠીલાં ને ચીડીઆ થયાં. આ માણસો જીવતાં હતાં, છતાં તેમની સ્થિતિ જડ પદાર્થોના કરતા હવે વધારે સારી પ્રતીત થતી નહોતી. આવાં માણસો પણ દયામણી અવસ્થામાં આવી ગયેલાં જણાતાં હતાં.

સ્વદેશ જવાને નીકળેલાં કેટલાંક પ્રવાસી સ્ત્રીપુરુષો સ્વદેશ જવાનો માર્ગ ભૂલી કોઇ ખેતરાઉ માર્ગે ચાલવા લાગતાં એક વિષમય વાયુના વહનવાળા પ્રદેશમાં જઇ નીકળ્યાં. તે વાયુ તેમના પ્રાણોની સાથે ભળતાં તેમનો સ્વદેશ જવાનો નિશ્ચય બલહીન થયો. તેમને જ્વર આવ્યાજેવું થયું. તેમને “ સ્વદેશ જવું સારુ છે કે અહિં રહેવું સારુ છે ? ” “ આપણો કોઇ સ્વદેશ હશે કે નહિ હોય ? ” “ સ્વદેશમાં પહોંચવાનો માર્ગ બતાવનાર મનુષ્ય પ્રામાણિક હશે કે અપ્રામાણિક હશે ? ” ને “ આપણને બતાવેલો સ્વદેશમાં જવાનો માર્ગ સાચો હશે કે ખોટો હશે ? ” આવા આવા વિચારો તેમના અંતઃકરણમાં ઊભરાવા લાગ્યા, ને તેઓની સ્વદેશભણી જવાની ગતિ અટકી, અને તેઓ પણ દયામણી સ્થિતિમાં આવી ગયાં.

સ્વદેશની પ્રાપ્તિને માટે સ્વદેશભણી લઇ જનારા માર્ગપર ચાલનારાં કેટલાંક માણસો તે માર્ગ મૂકી દઇ ખેતરાઉ માર્ગ ચાલતાં

તેઓ જ્યાં ધૂળના મોટા મોટા વંટોળીઆ થતા હતા તે સ્થાનમાં જઇ પહોંચ્યાં. ત્યાં પહોંચતાં તેમની આંખોમાં ધૂળ ભરાવાથી તેમનું જોવાનું સામર્થ્ય ઘટયુ, અને તેમને સર્વ ઊલટુંજ જણાવા લાગ્યું. તેમને સ્વદેશને બદલે પોતે જ્યાં હતા તે દેશ સારો લાગવા માંડયો, તેમને હિત અહિતરૂપ ને અહિત હિતરૂપ લાગવા માંડયુ, અને તેમને સુખ દુઃખરૂપ ને દુ.ખ સુખરૂપ લાગવા માંડયું. આવી રીતે તેમની દૃષ્ટિવિક્રિયાવડે તેમનું સ્વદેશભણી જવાનું કામ અટકયુ, ને તે બિચારાં ત્યાંજ પડયાં રહ્યાં.

સ્વદેશ જવામાટે ચાલી નીકળેલાં કેટલાક માણસો એ માર્ગની પાસે પ્રતીત થતો એક ખેતરાઉ માર્ગ જોઈ આજ સ્વદેશ જવાનો ટુંકો ને સારો માર્ગ હશે એમ ધારી તે માર્ગે ચાલવા લાગ્યાં. તેઓ ચાલતાં ચાલતાં કોઇ રાક્ષસના પ્રદેશમાં જઇ પહોંચ્યાં. ત્યાં રાક્ષસો પુરુષોનું સુંદરસ્વરૂપ ધારણ કરીને અને રાક્ષસીઓ સ્ત્રીઓનું સુંદર સ્વરૂપ ધારણ કરીને જ્યાં ત્યાં ભમતાં હતાં. તેઓ આ માણસોને પોતાના ભણી આવતાં જોઇ પોતાને આહાર મળ્યો એમ સમજી પ્રસન્ન થયાં. આ માણસો પણ તેમનાં મોહક સ્વરૂપો જોઇ અંજાઇ ગયાં. હવે તેઓ પોતાનું ભાન ભૂલ્યા, ને સ્વદેશ જવાના પોતાના નિશ્ચયને તિલાંજલિ દઈ તે રાક્ષસોની ને રાક્ષસીઓની સાથે વનક્રીડામાં સામેલ થયાં, હાડમાંસના સમૂહને ઉત્તમ માનવા લાગ્યાં, ને પરિણામે તેઓ તે રાક્ષસોના ને રાક્ષસીઓના આહારરૂપ થઇ પડયાં.

સ્વદેશ પહોચવાની લાલસાથી સ્વદેશ પહોંચાડનારા માર્ગે ચાલેલાં કેટલાંક માણસો એક બીજે ખેતરાઉ માર્ગે ચઢી ગયાં. તેઓ જ્યાં નિરંતર દાવાનલ બળ્યા કરતો હતો એવા સ્થલમાં જઇ પહોંચ્યાં. ત્યાં પહોંચતાંજ તેમનાં અંતઃકરણો, ઇંદ્રિયો ને શરીરો દાઝવા લાગ્યાં,

તેમનાં મસ્તિષ્કો ને લોહી તપવા લાગ્યાં, તેઓ પોતાના હાથપગ પછાડવા લાગ્યાં, ગાંડાની પેઠે જેમ તેમ બોલવા લાગ્યાં, રાડો પાડવા મડયાં, પરસ્પર લડવા લાગ્યાં, છાતી કૂટવા લાગ્યાં, માથાના વાળ ત્રોડવા લાગ્યાં, રોવા લાગ્યાં, ને કેટલાંક આપઘાત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. એવી રીતે આ દાવાનલે તે સર્વ માણસોને બહુ અશાંત કરી નાંખ્યાં હતાં. આવી વિપરીત સ્થિતિમાં તેઓ સ્વદેશ જવાનો માર્ગ શોધવાનો ને તે માર્ગે આગળ વધી સ્વદેશ પહોંચવાનો પ્રયત્ન પણ ક્યાંથી કરે ? તેઓ બિચારાં ત્યાંજ પડયાં રહી સીદાવા લાગ્યાં.

સ્વદેશ પહોંચવાની ઇચ્છા રાખી તે માર્ગે ચાલનારાં કેટલાક માણસો ભૂલથી એક બીજે ખેતરાઉ માર્ગે ચઢી જતાં તેઓ એક બહુ તાણવાળી, ચળકતી ને ઉચા તથા લપટણા કાંઠાવાળી નદીપર જઇ પહોંચ્યાં. તેઓ એ નદીના સ્વરૂપથી મોહ પામી તે ભણી ખેંચાયાં, ને તેમાં પડી તણાવા લાગ્યા. એ નદીમાં પડતાજ તે માણસોને સોનારૂપા આદિ દશ્ય વસ્તુઓમાં બહુ આસક્તિ પ્રકટી. તેનો અલ્પ ત્યાગ કરવો પણ તેમને અસહ્ય જણાવા લાગ્યો. પોતાની પાસે હોય તેમાંથી બનતાસુધી કોઇને કાંઇ પણ ન આપવું, ને બીજાની પાસે હોય તે બનતે પ્રયત્ને ગમે તે રીતે પડાવી લેવું એવા વિચાર ને પ્રવૃત્તિ તે નદીમાં તણાવાથી તેમનામાં પ્રકટયાં. હવે તેઓ દશ્યના વિચારોમાંજ પોતાનો સમય ગાળવા લાગ્યાં. આ નદીમાં તાણ બહુ હતું તેથી તેમાં તણાતાં માણસો હવે પોતાના દેશનો માર્ગ પુનઃ શોધી કાઢી તે માર્ગે ચાલી આગળ વધે એવી શક્તિ તેમનામાં રહી નહોતી. આ નદીના પ્રબલ વેગમાં તણાતાં તે દીન માણસો પણ સહૃદય મનુષ્યોની દયાનાં પાત્ર થઇ પડયાં હતાં.

સ્વદેશભણી જવાની ઇચ્છાવાળાં કેટલાંક માણસો તે માર્ગે ચાલતાં ચાલતાં આગળ જતાં એક બીજે ખેતરાઉ માર્ગે ચઢી ગયાં. તેઓ કોઇ વેતાલના પ્રદેશમાં જઇ નીકળ્યાં. ત્યાં પહોંચતાં તે સર્વ માણસોનાં ચિત્તોમાં તે વેતાલનો સંચાર થયો. તેમનાં ચિત્તોમાં એ વેતાલનો સંચાર થવાથી તે માણસોમાંનાં કેટલાંક માણસો અમારી પાસે ઘણુ ધન છે, અમે મોટા શ્રીમત છીએ એમ બકવા લાગ્યાં, કેટલાક માણસો અમે મોટા સત્તાધિકારી છીએ અમારા જેવા બીજા કોઇ પણ સત્તાધારી આ જગત્મા નથી એમ બકવા લાગ્યાં, કેટલાંક માણસો અમે મોટા વિદ્વાન્ છીએ, અમારા જેવા બીજા કોઇ વિદ્વાન્ આ જગત્માં નથી એમ પોકારવા લાગ્યાં, અને કેટલાંક માણસો અમે બહુ રૂપાળાં છીએ, અમે નવયૌવનવાળાં છીએ, અમે ઉચા કુલવાળાં છીએ, અમે બહુ બુદ્ધિબલવાળાં છીએ, ને અમે ઘણા શરીરબલવાળાં છીએ એમ ભિન્ન ભિન્ન પ્રકારે ઉચે શબ્દે બકવા લાગ્યા. આ માણસોની સંનિપાત થયેલાં માણસોના જેવી સ્થિતિ થઇ ગઇ હતી એટલે તેઓ પણ સ્વદેશ પહોંચાડનારે માર્ગે ચાલી સ્વદેશ પહોંચવાને યોગ્ય રહ્યાં નહોતાં. એવી રીતે તે બિચારાં પોતાનું તે જીવન હારી બેઠાં હતાં.

કેટલાંક માણસો સ્વદેશ જવાને માર્ગે ચાલતા આગળ જતાં કોઇ ખેતરાઉ માર્ગે ચાલતાં એક બહુ લાંબા, ઘણા જાડા ને જેના નેત્રમાં, ઉચ્છ્વાસમાં ને દાઢોમાં તીવ્ર વિષ ભર્યુ હતુ એવા કાળા નાગના પ્રદેશમાં ગયાં. તે પ્રદેશમાં રહેતા તે ભયકર નાગનું તીવ્ર વિષ ત્યાંના વાતાવરણમાં પ્રસરી રહ્યું હતુ. ત્યાં પહોંચેલાં તે માણસોને તે તીવ્ર વિષની અસર થઇ તેથી તેઓ અન્યની સારી સ્થિતિ જોઇ અસહનશીલ થવા લાગ્યાં, ને તેમનાં તનમન બળવા લાગ્યાં. તેમની

વાણી પોતાનાથી ચઢતી સ્થિતિનાં જે માણસો હોય તેમની નિંદામાં પ્રવૃત્ત થવા લાગી, ને તે માણસોની પડતી થાય તો ઠીક એવા વિચારમાં તેમનું મન પ્રવૃત્ત થવા લાગ્યુ. એ સર્વ માણસોનાં શરીરો, ઇંદ્રિયો ને અંતઃકરણો સર્વદા તપ્યા કરતાં હતાં તેથી તેઓ પણ સ્વદેશ જવાના વિચારને તિલાંજલિ દઇ વિવેકીને દયા ઉપજે એવી સ્થિતિમાં પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યાં.

સ્વદેશ જવાને માર્ગેથી ખેતરાઉ માર્ગે ચાલી ભૂલાં પડેલાં કેટલાંક માણસો જેના આંકડામાં સદા તીક્ષ્ણ વિષ ભરેલું રહે છે એવા વીંછીના નિવાસસ્થલપર જઇ પહોંચ્યાં. ત્યાં તે વીંછીએ તે સર્વને ત્વરાથી પોતાનો વિષવાળો આંકડો ક્રમપૂર્વક માર્યો, તેથી તે સર્વ માણસોનાં અંતઃકરણોમાં વિચિત્ર ફેરફાર થઈ ગયો. તે આંકડો લાગતાંજ તે સર્વ માણસો અન્યને ઠગવાની ને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવાની ઇચ્છાને વશ થઈ જોનારા લોકો માન આપે એવા વિચિત્ર વેશોવડે, સાંભળનારા લોકો આશ્ચર્ય પામે એવી વિચિત્ર ભાષાવડે ને લોકોને ભોળવવાની વિચિત્ર ચેષ્ટાઓવડે જે યોગ્યતાનો પોતાનામાં સદ્ભાવ નહોતો તે યોગ્યતા પોતાનામા પરિપૂર્ણ છે એમ અન્યને દેખાડવા લાગ્યાં. તેઓની આવી પ્રવૃત્તિ સ્વદેશ જવાના કામમાં તેમને વિઘ્નરૂપ થઇ પડી તે વિનાકહેજ વિવેકીથી સમજી શકાય એમ છે.

સ્વદેશ જવાનો માર્ગ ભૂલી એક ખેતરાઉ માર્ગે નીકળી જવાથી કેટલાંક માણસો કપવાયુ ઉપજાવનારા એક તળાવમાં પડી ગયાં. તે તળાવમાં પડતાંજ તેમનાં તનમન પોતપોતાની વર્તમાન સ્થિતિના વિચારથી, ભૂતકાલમાં બની ગયેલા દુઃખ દેનારા પ્રસંગોના સ્મરણથી ને ભવિષ્યમાં આવી પડનારાં દુઃખોની કલ્પનાથી કંપવા લાગ્યાં. તે

તળાવના જલનો એવો પ્રભાવ હતો કે જે માણસના શરીરને તેનો સ્પર્શ થાય કે તુરત તે માણસના શરીરનું ને મનનુ પ્રત્યેક પરમાણુ ધ્રુજવા લાગતું હતું, ને તેમના તનમનના બલનો ક્રમથી ક્ષય થવા લાગતો હતો. નમાલાં થઇ ગયેલાં આ માણસો પણ અહિંજ અટકી પડ્યાં, ને સ્વદેશને માર્ગે ચાલી આગળ વધી સ્વદેશ પહોંચવાને ભાગ્યશાલી ન થયાં.

કેટલાંક માણસો સ્વદેશ જવાને માર્ગેથી ઉતરી બીજે ખેતરાઉ માર્ગે ચાલતાં એક ઉંડા પાણીના વિશાલ પ્રવાહમાં જઇને પડ્યાં. તે પ્રવાહમાં પડવાથી તેઓનાં અંતઃકરણો, ઇંદ્રિયો ને શરીરો ભૂતકાલના દુઃખદ બનાવોના વારંવાર નિરર્થક સ્મરણવડે, વર્તમાન દુઃખદ સ્થિતિના પુનઃ પુનઃ વિચારવડે અને ભવિષ્યમાં અમારુ શું થશે એવા કાલ્પનિક દુઃખમય વિચારવડે દાઝવા લાગ્યાં. તેઓ તે ઊંડા જલમાંથી પોતાનું માથુ પણ બહાર કાઢતાં નહોતાં, ને દુઃખી થતાં હતાં. બિચારાં આ અભાગીઆં માણસો પણ સ્વદેશ જવાને માર્ગે ચઢવાને ને આગળ વધી તે સુખમય દેશમાં પહોંચવાને સુભાગી થયાં નહિ.

સ્વદેશનો માર્ગ ભૂલેલાં ને ખેતરાઉ માર્ગે ભટકતાં કેટલાંક માણસો એક ચક્રાકારે ઊડતા ગીધના દેશમાં જઇ ચઢ્યા. તે દેશમાં પહોચતાંજ તેમને પ્રયોજનવિનાની નવી નવી પ્રાકૃત માણસોને અદ્ભુત લાગતી વાતો સાંભળવાનો, તેવી વાતોને પ્રેમપૂર્વક અન્યની આગળ કહેવાનો, એવી વાતોને સત્ય માની એવી યોગ્યતાવાળાં મનાતાં જે તે માણસોની આગળ જવાનો, ને તેજ પ્રયોજનમાટે જે તે ચોપડીઓ વાંચવાનો વા તેમને વાયો. કાંઇ પણ અદ્ભુત વાત સાંભળીને, તેવી વાત કહીને, કે તેવી વાત વાંચીને, તેમનાં

તનમન ફૂલવા લાગ્યાં, ને પછી તે વાતોને ખોટી જાણતાં તેમનાં તનમન સંકોચાવા લાગ્યાં. આવા ચકરાવામાં પડેલાં માણસો પણ સ્વદેશને માર્ગે ચાલી સ્વદેશ પહોંચવા સમર્થ થઇ શક્યાં નહિ.

બીજાં કેટલાંક માણસો સ્વદેશ લઇ જનારો માર્ગ ભૂલી ભિન્ન ભિન્ન ખેતરાઉ માર્ગે ચઢી ગયાં, ને બીજાં કેટલાંક માણસો આજ અમારો સ્વદેશ છે એમ માની માર્ગમાં કે માર્ગને પડખે કોઇ સ્થલે બેસી ગયાં. તે બિચારાં ત્યાં ને ત્યાં પડી રહી દુઃખાનુભવમાં પોતાનું જીવન ગાળવા લાગ્યાં, અને સ્વદેશમાં પહોંચવાનો મહાલાભ મેળવી શક્યાં નહિ.

કેટલાંક માણસો સકામ શુભકર્મવડે તે વનના નઠારા ભાગમાંથી ઊડીને તે વનના કાંઇક સારા ગણાતા ભાગમાં જઇ પહોંચતાં હતાં, ને તેઓ કેટલોક સમય વીત્યા પછી ત્યાંથી પાછાં તે વનના તે નઠારા ભાગમાં આવીને પડતાં હતાં. તે વનના સારા ગણાતા ભાગોમાં પણ ત્યાંનાં નિવાસીઓને દુઃખ પોતાનો કડવો સ્વાદ ચખાડતું હતું. તે વનના કેટલાક બહુ ભયંકર ગણાતા ભાગોમાં વસતાં પ્રાણીઓને બહુ દુઃખનો અનુભવ થતો હતો, ને તેઓ નિરંતર બહુ દુઃખને લીધે કારમી ચીસો પાડયા કરતાં હતાં. આ સર્વ જ્ઞાનદેવે પોતાના દૂર-દર્શનના ને દૂરશ્રવણના બલવડે જાણ્યું.

સ્વદેશ જવામાટે નીકળેલાં ઘણાં માણસો પૂર્વે કહેલી રીતે સ્વદેશ જવાનો માર્ગ ભૂલ્યાં, અને બીજે માર્ગે ચઢી વા માર્ગમાં અટકી વનમાં ને વનમાં દુઃખાનુભવ કરવા પડયાં રહ્યાં. માર્ગમાં તેમને કર્તવ્યાનુસ્મરણરૂપ કડવી ગોળી ખાવાનું સ્મરણજ ન થયું. બહુજ થોડાં માણસો—લાખોમાંથી ગણ્યાંગાંઠયાં માણસોજ—ધૈર્ય, સાવ-

ધાનતા, સ્વદેશમાહાત્મ્યનું સ્મરણ, ઉપદેશકના ઉપદેશનું ક્ષણે ક્ષણે અનુસંધાન અને સ્વદેશ પહોંચાડનારે માર્ગે બીજી સર્વ વાતોને ગૌણ ગણી ઊતાવળે ચાલવાના પોતાના મુખ્ય કર્તવ્યનું સતત સ્મરણ રાખી તથા વારવાર પૂર્વોક્ત કડવી ગોળીઓ ખાઇ આગળ વધ્યાં, ને સ્વદેશમાં પહોંચ્યાં. જેમ વૃક્ષપર આવેલાં ઘણાં ફૂલોમાંથી બહુજ થોડાં ફૂલ પાકાં ફલરૂપે થઇ શકે છે, અને જેમ શાલામાં ભણવા બેઠેલા ઘણા વિદ્યાર્થીઓમાંથી બહુજ થોડા વિદ્યાર્થીઓ વિદ્યાનો પાર પામે છે તેમ સ્વદેશ જવામાટે સ્વદેશને માર્ગે ચાલવા લાગેલાં ઘણાં માણસોમાંથી બહુજ થોડાં માણસો સ્વદેશમાં પહોંચવા પોતાના દઢ પુરુષાર્થથી તથા પોતાના સદ્ગુરુની ને ઈશ્વરની કૃપાથી ભાગ્યશાલી થાય છે એમ **જ્ઞાનદેવને** જણાયું.

જે મહાસુભાગી માણસો સ્વદેશમા પહોંચ્યાં તેમની ઉત્તમોત્તમ સ્થિતિ જોઇ **જ્ઞાનદેવ** પ્રસન્ન થયા. ત્યાં પહોંચતાં તેમનાં સર્વ દુઃખોનો નિઃશેષ નાશ થઇ ગયો હતો. તેની પરતત્રતાનો પરિપૂર્ણ નાશ થયો હતો. જન્મમરણની આપત્તિ હવે તેમને રહી નહોતી. તેમને હવે કોઇનાથી ભય પામવાનુ કે કોઇ નિમિત્તનો શોક કરવાનુ રહ્યું નહોતુ. તેઓ પરમાનંદવારિધિમાં અભેદભાવે સ્થિત થયાં હતાં. હવે તેમને કાંઇ પણ પ્રાપ્ત કરવાયોગ્ય કે જાણવાયોગ્ય શેષ રહ્યું નહોતું. હવે તેમના કર્તવ્યનો છેડો આવી ગયો હતો, અર્થાત્ તેમને હવે કોઇ પણ પ્રકારનું કાંઈ પણ કર્તવ્ય બાકી રહ્યું નહોતું. તેમની આવી સર્વોત્તમ સ્થિતિ જોઇ **જ્ઞાનદેવે** તેમને પોતાના મનમાં બહુ ધન્યવાદ આપ્યો.

આ સર્વ જોઇ **જ્ઞાનદેવે** નિશ્ચય કર્યો કે જે માણસો પોતાના

યોગ્ય ઉપદેશકમાં ને તેમનાં વચનોમાં બહુ આદરવાળાં હોય છે, જેઓ શીઘ્ર સ્વદેશમાં પહોંચી જવાના સુદઢ નિશ્ચયવાળાં હોય છે, જેઓ ઉપદેશકનાં વચનોનુ ને સ્વદેશ જવાના માર્ગનું ક્ષણ પણ વિસ્મરણ કરતાં નથી, જેઓ સ્વદેશને માર્ગે ઉત્તરોત્તર આગળ વધવાનું પોતાનુ કામ નિત્ય નિરંતર ઉત્સાહપૂર્વક કર્યા કરે છે, અને જેઓ સ્વદેશનો માર્ગ મૂકી દઈ બીજે માર્ગે ચઢી જતાં નથી, ને ત્યાં વા માર્ગમા કે માર્ગને પડખે પડ્યાં રહેતાં નથી તેજ માણસો સ્વદેશમાં પહોંચી પરમસુખી થઈ શકે છે, બીજાંઓ તો આ ભયંકર વનમાં નિરંતર ભમ્યા કરે છે, ને વારંવાર દુઃખાનુભવ કર્યા કરે છે. આવા વિચારમાં કરુણાના આવેશથી તેમનાથી બોલાઈ જવાયું કે " હે સ્વદેશના માર્ગના પથિકો ! તમે બહુ સાવધાન રહો, તમારે માર્ગેજ તમે ચાલો, મુંગા, આંધળા, બહેરા ને ઉન્મત્તજેવા થઇ તે માર્ગમાંજ ઉત્તરોત્તર આગળ વધો, સમય ન ગાળો, ભ્રમણાને વશ થઇ બીજે માર્ગે ચઢી દુઃખીઆ ન થાઓ, અને હવે ચાલવામાં વિલંબ ન કરો. " આમ બોલતાં તેમનુ સ્વપ્ન પૂરુ થયુ. સ્વપ્નની સમાપ્તિ થતાં તેમને પોતાના સદ્‌ભાવવિના બીજુ કાંઇ ત્યાં પ્રતીત ન થયુ. ૐ



પ્રણવનાદ.

ॐ

॥ अंक त्रेपनमो ॥

॥ ब्रह्मरसायन ॥

મંગલ.

દોહરો.

બ્રહ્મરસાયન સેવતાં, અજર અમર જીવ થાય;
પામે પરમાનંદને, ન રહે દુઃખ જરાય. ૧

સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળી ને સર્વના કરતાં અધિક વ્યાપક વસ્તુ બ્રહ્મ કહેવાય છે. જે વસ્તુ પોતાના યથાવિધિ સેવનવડે મનુષ્યને રોગ, વૃદ્ધાવસ્થા ને મરણથી રહિત કરે છે તે વસ્તુ રસાયન કહેવાય છે. બ્રહ્મ સર્વ પ્રકારના રોગોથી, વૃદ્ધાવસ્થાથી ને વિનાશરૂપ મરણથી સર્વથા સર્વદા અત્યતરહિત છે, ને તેના યથાવિધિ સેવનવડે એટલે તેના પ્રતિબંધરહિત યથાર્થ દૃઢ જ્ઞાનવડે મનુષ્ય સર્વ પ્રકારના રોગોથી, વૃદ્ધાવસ્થાથી ને મરણથી અત્યતરહિત પોતાનું વાસ્તવિક સ્વરૂપ છે એમ અનુભવે છે તેથી બ્રહ્મ એ મુખ્યરસાયન છે, અને અંતઃકરણને પવિત્ર, એકાગ્ર, પ્રસન્ન ને શાંત કરનારાં શાસ્ત્રોક્ત શુભ સાધનો તથા સ્થૂલશરીરને રોગથી રહિત રાખનાર, વૃદ્ધાવસ્થાના ધર્મો પ્રતીત નહિ થવા દેનાર અને જીવનને લંબાવનાર પારદાદિ ઔષધો ગૌણરસાયન કહેવાય છે. બ્રહ્મરૂપ રસાયનનું આ લઘુ લેખમાં વર્ણન કરેલું હોવાથી આ લઘુ લેખનુ નામ બ્રહ્મરસાયન રાખવામાં આવ્યુ છે.

પારદાદિ ગૌણરસાયનના સેવનમાં પરમાદર રાખી તેના સેવનમાંજ પોતાનું જીવન પૂરુ કરવુ એ વિવેકી મનુષ્યને ઉચિત નથી. પારદાદિ ગૌણરસાયનના યથાવિધિ સેવનથી જ્વરાદિ રોગોવડે શરીરને પીડા ન થાય, વૃદ્ધાવસ્થાના અશક્તિ આદિ ધર્મો શરીરમાં ને ઇંદ્રિયોમાં પ્રતીત ન થાય, ને આયુષ લંબાય એ સર્વ આયુર્વેદના સિદ્ધાંતપ્રમાણે સત્ય છતાં પણ તે રસાયનના સેવનવડે પ્રાપ્ત કરેલી અનુકૂલ સ્થિતિનો જો તે મનુષ્ય બ્રહ્મનો સંશયવિપર્યયથી રહિત દૃઢ સાક્ષાત્કાર કરાવનારાં સાધનોના યથાવિધિ અનુષ્ઠાનમાં ઉપયોગ ન કરે, પણ આ સંસારના અસત્, તુચ્છ ને પરિણામે દુઃખાનુભવ કરાવનારા વિષયોના સેવનમાજ તેનો ઉપયોગ કરે તો તે પારદાદિ રસાયનનું સેવન તેને ઉપકારક નીવડતુ નથી, પણ અપકારકજ નીવડે છે. આવા રસાયનના સેવનમાં લાગેલાં દેહાભિમાની માણસો ભાગ્યેજ પોતાના જીવનનો સદુપયોગ કરી શકે છે તેથી, અને આવું રસાયન પ્રાપ્ત થવું પણ બહુ શ્રમસાધ્ય છે તથા તેની પ્રાપ્તિના પ્રયત્નમાંજ જીવનનો ઘણો ભાગ નિરર્થક નીકળી જવાનો પ્રબલ સંભવ છે તેથી, આવા રસાયનના શોધમાં ને સેવનમાં પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે પોતાના જીવનનો મૂલ્યવાન્ સમય વ્યતીત કરવો ઉચિત નથી.

કેટલાંક દેહાભિમાની માણસો રોગરહિત દીર્ઘ જીવન પ્રાપ્ત કરવામાટે કેટલીક વનસ્પતિઓના કલ્પ કરે છે. આ કલ્પના શોધમાં ને સેવનમાં પડવું પણ મુમુક્ષુને ઉચિત નથી, કેમકે આ પૃથિવીપર એવા કલ્પના યથાર્થ અનુભવવાળા મનુષ્યો ઘણાજ થોડા હોવાનો સંભવ હોવાથી તેવા મનુષ્યનો સમાગમ થવો દુર્લભ છે, ને લાખોમાંથી કોઇ એક મનુષ્યને કદાચ તેવો સાચો અનુભવી મનુષ્ય ઘણાં વર્ષોને અને ઘણા પરિશ્રમને અંતે મળે, તથા પોતે લાંબો સમય કષ્ટ

વેઠી તેનો અભ્યાસ કરી તે કલ્પ સિદ્ધ કરે તોપણ તેવા કલ્પના અભ્યાસથી પ્રાપ્ત થયેલા દીર્ઘજીવનનો જો તે મનુષ્યથી સદુપયોગ ન થાય તો તે દીર્ઘજીવન તેને ઉપકારક થવાને બદલે પરિણામે અપકારકજ થાય છે.

કેટલાક પુરુષો સ્ત્રીને રસાયન એટલે સુખરૂપ (સુખાનુભવના હેતુરૂપ) માની તેના સેવનમાં અને કેટલીક સ્ત્રીઓ પુરુષને રસાયન એટલે સુખરૂપ (સુખાનુભવના હેતુરૂપ) માની તેના સેવનમાં પોતાનું જીવન વ્યતીત કરે છે તેઓ પણ પોતાના જીવનનો વાસ્તવિક સદુપયોગ કરવામાં સમર્થ થઇ શકતાં નથી, ને સુખને બદલે પરિણામે મોટું દુઃખ પ્રાપ્ત કરે છે માટે બુદ્ધિની મંદતાથી માની લીધેલા તે રસાયનના સેવનમાંજ કાલક્ષેપ કરવો તે મુમુક્ષુને કોઇ પણ પ્રકારે યોગ્ય નથી.

કેટલાંક પ્રાકૃત માણસો પુત્રને રસાયન એટલે આનંદરૂપ (આનંદપ્રાપ્તિમાં કારણરૂપ) માની તેની પ્રાપ્તિમાટે દૃષ્ટ (લૌકિક) ને અદૃષ્ટ (શાસ્ત્રીય) ઉપાયોના સેવનમાં પોતાનો ઘણો સમય વ્યતીત કરે છે, પણ પરિણામે કેટલાંક માણસોને ઘણે શ્રમે તથા ઘણા દ્રવ્યના વ્યયે ને કોઇ વેલા પોતાના ધર્મને દૂષણ લગાડનાર વર્તનવડે પણ પુત્રલાભ થતો નથી તેથી તેઓ પોતાના મનમાં અસંતોષી ને દુઃખી રહે છે, અને જેમને પુત્રલાભ થાય છે તેમાંનાં ઘણાં થોડાં માણસોને તે પુત્રવડે થોડો સમય કે વધારે સમય સુખાનુભવ થાય છે, અને ઘણાને તો તે નાનાપ્રકારનો દુઃખાનુભવ કરાવવામાંજ હેતુભૂત થાય છે માટે તે પુત્રરૂપ રસાયન પણ મુમુક્ષુને માટે વાસ્તવિક ઉપયોગી નથી.

કેટલાંક શાસ્ત્રોક્ત વિચારહીન માણસો દ્રવ્યને રસાયન એટલે

આનંદરૂપ (સુખાનુભવના સાધનરૂપ) માની તેની પ્રાપ્તિના ઉપાયોમાં નિરંતર અમર્યાદ પ્રીતિવાળાં ને યોગ્યાયોગ્ય બહુ પ્રવૃત્તિવાળાં રહે છે. તેમાં કેટલાંક માણસોને પૂરતો પ્રયત્ન કર્યા છતાં પણ પૂરતું દ્રવ્ય મળતું નથી. ને કેટલાંક માણસોને પ્રયત્નવડે દ્રવ્યનો સારો લાભ થાય છે, પણ તે દ્રવ્ય વિવેકહીન મનુષ્યમાં બહુધા અસંતોષ, ગર્વ, દુરાચારસેવન, દુર્વ્યસનસેવન, સ્વધર્મવિમુખતા ને અન્યનો તિરસ્કાર કરવો એ દોષો ઉપજાવે છે તેથી તેવાં માણસો આ લોકમાં ને પરલોકમાં દુઃખી થાય છે માટે તે રસાયનપરાયણ થવું પણ મુમુક્ષુને માટે કોઇ પણ પ્રકારે યોગ્ય નથી.

કેટલાંક વ્યવહારોપાસક માણસો પ્રતિષ્ઠાને રસાયન એટલે આનંદના કારણરૂપ માની તેની પ્રાપ્તિને માટે સર્વદા પ્રયત્નશીલ રહે છે. પ્રયત્ન કરનારાં સર્વ માણસોને તેમની ઇચ્છાપ્રમાણે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થતી નથી, ને જેમને પોતાની ઇચ્છાપ્રમાણે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ દ્રવ્યવ્યય, લોકોની ખુશામત ને શરીરાદિના શ્રમવડે થાય છે તેમને પણ તેવડે સ્થાયી સુખનો લાભ થતો નથી, પણ કેટલાંક અણધાર્યા દુઃખો ભોગવવાના પ્રસંગો તેમને આવી જાય છે માટે તે રસાયનની પ્રાપ્તિનાં સાધનોમાં સમય વ્યતીત કરવો તે મુમુક્ષુને કોઇ પણ રીતે ઉચિત નથી. તેણે પોતાના સામર્થ્યાનુસાર શાસ્ત્રવિહિત શુભકર્મો આદરપૂર્વક કરવાં, પણ તેવડે તેણે પ્રતિષ્ઠાની પ્રાપ્તિની લેશ પણ ઇચ્છા ન કરવી.

ઉપર દર્શાવેલાં ગૌણરસાયનોમાંથી જે જે ગૌણરસાયન તે ગૌણરસાયનનું સેવન કરનાર કોઇ મનુષ્યના અંતઃકરણની શુદ્ધિમાં ને સૂક્ષ્મતામાં હેતુભૂત થાય તે તે ગૌણરસાયન બ્રહ્મરસાયનરૂપ મુખ્યરસાયનની પ્રાપ્તિમાં હેતુરૂપ થવાથી તેવા અધિકારવાળા તે મનુષ્યને તે ઉપયોગી મનાય છે, પણ જેમના અંતઃકરણની મલિનતામાં ને

સ્થૂલતામાં તે ગૌણરસાયન હેતુભૂત થાય તેવા મનુષ્યના હિતનું તે વિઘાતક હોવાથી તેમને તે વાસ્તવિક ઉપયોગી મનાતુ નથી.

આ લોકના સુખનાં સાધનોની ને સ્વર્ગનાં સુખોનાં સાધનોની ઇચ્છાનો પરિત્યાગ કરી પોતાનું કર્તવ્ય સમજી શુભકર્મો કરવાં, દુ:ખી ને દીન માણસોની નિરભિમાનપણે પ્રીતિપૂર્વક સેવા કરવી, યથાવિધિ સંધ્યા કરવી, ઇષ્ટમંત્રનો યથાવિધિ જપ કરવો, પવિત્ર અગ્નિમાં યથાવિધિ હોમ કરવો, અર્થના જ્ઞાનસહિત બ્રહ્મસ્વરૂપનું ને તેની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ કરનારાં શાસ્ત્રોનું શુદ્ધોચ્ચારથી એકાગ્રમને વાચન કરવુ, સગુણબ્રહ્મની કોઇ પણ પ્રતિમાનું પ્રીતિપૂર્વક એકાગ્રમને પૂજન કરવુ, યથાવિધિ વૈશ્વદેવ કરવો, પોતાને ઘેર આવેલા અતિથિનો પ્રીતિપૂર્વક યથાયોગ્ય સત્કાર કરવો, શરીરને તથા ઇંદ્રિયોને વશ રાખી શાસ્ત્રમાં કહેલાં વ્રતો મનની પ્રસન્નતાપૂર્વક ભાવવડે કરવાં, શાસ્ત્રમાં કહેલી રીતે શાસ્ત્રમાં કહેલા પવિત્ર પ્રદેશમાં વા વનમાં જઈ ત્યાં સ્થાપન કરેલી સગુણબ્રહ્મની પ્રતિમાઓનાં પ્રેમપૂર્વક દર્શન કરવાં, શાસ્ત્રમાં કહેલી પવિત્ર નદીઓમાં શ્રદ્ધાપૂર્વક યથાવિધિ સ્નાન કરવુ, અંતઃકરણની પવિત્રતા વધારનારી ને અંતઃ-કરણમાં પરમાર્થનાં સાધનોનુ અનુષ્ઠાન કરવાનો ઉત્સાહ વધારનારી કથાનુ શ્રવણ કરવુ, અંતઃકરણની શુદ્ધિમાં ને શાંતિમાં વધારો કરનારાં ભજનો ગાવાં, સદ્ગુરુને, બ્રહ્મવેત્તા પુરુષોને અને સગુણબ્રહ્મની પ્રતિમાઓને ભાવપૂર્વક પ્રણામ કરવા, મન, વાણી ને શરીરથી કોઇ પણ જંગમ પ્રાણીઓને પીડા ન કરવી, કોઇનું અહિત ન થાય એવું સ્પષ્ટ સત્ય બોલવું, કોઇની કાંઇ પણ વસ્તુ ચોરવી નહિ, મન, વાણી ને શરીરવડે પરદારાનો ત્યાગ રાખવો, વિહિતમાર્ગે પ્રાપ્ત કરેલા દ્રવ્યમાંથી યોગ્ય ભાગ સુપાત્રોને ને દીનજનોને આપવો, શરીરાદિને

પવિત્ર રાખવાં, યોગ્ય ઉદ્યોગ કરતાં જે અન્નાદિ પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખવો, ઇંદ્રિયોને તથા અંતઃકરણને નઠારે માર્ગે જતાં રોકી સારા માર્ગમાં જોડવાં, મન, વાણી ને શરીરવડે થતાં સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરવાં, પદ્માદિ આસનનો અભ્યાસ કરવો, ત્રાટક કરવું, અને ઉજ્જાયી, અનુલોમવિલોમ વા ભસ્ત્રિકા પ્રાણાયામ કરવા એ સર્વ ક્રિયાઓ તે ક્રિયા કરનાર મનુષ્યના અંતઃકરણની શુદ્ધિ કરે છે, અને અંતઃકરણની શુદ્ધિ બ્રહ્મરસાયનનું સેવન કરવા ઇચ્છનાર મનુષ્યને ઉપયોગી છે માટે ઉપર કહેલી સર્વ શુભક્રિયાઓ અથવા તેમાંથી પોતાનાથી જેટલી બની શકે તેટલી શુભ ક્રિયાઓ સંસાર-સંબંધિ ફલેચ્છાઓનો તથા કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરીને બ્રહ્મરસાયનનુ સેવન કરવા ઇચ્છનાર મનુષ્યે કરવાયોગ્ય છે.

સગુણબ્રહ્મનું ધ્યાન કરવુ એ અંતઃકરણની એકાગ્રતાનું સાધન છે, અને અંતઃકરણની એકાગ્રતા અંતઃકરણમાં બ્રહ્મરસાયનનું સેવન કરવાની યોગ્યતા લાવનાર છે માટે જેઓ બ્રહ્મરસાયનનુ સેવન કરવા ઇચ્છતા હોય તેમણે સગુણબ્રહ્મનુ ધ્યાન પણ અવશ્ય કરવા-યોગ્ય છે.

નિર્દોષ ને નિરવધિ આનંદરૂપ બ્રહ્મરસાયન સર્વવ્યાપક છે. કોઇ પણ પ્રાણીને, કોઇ પણ નિમિત્તથી, કોઇ પણ સમયમાં જે આનંદનો અનુભવ થાય છે તે આનંદ બ્રહ્મરસાયનનું જાણે કે અજાણે સેવન થવાથી થાય છે.

કોઈ પણ પ્રકારના ઉપાધિમાં નહિ મળેલુ શુદ્ધબ્રહ્મરસાયન સર્વોત્તમ ગણાય છે, માયાનામના ઉપાધિથી યુક્ત થયેલું બ્રહ્મરસાયન ઉત્તમપ્રકારનું ગણાય છે, માયાનાં સૂક્ષ્મકાર્યોની સાથે જોડાયેલાજેવું

જણાતુ બ્રહ્મરસાયન મધ્યમપ્રકારનું ગણાય છે, અને માયાનાં સ્થૂલ-કાર્યોની સાથે જોડાયેલુ બ્રહ્મરસાયન કનિષ્ઠપ્રકારનું ગણાય છે.

જેમ કસ્તૂરીમૃગ પોતાની નાભિમાં રહેલી સુગંધમય કસ્તૂરીને જાણતો નથી તેથી આ સુગંધ કોઇ પાસેના ઘાસમાંથી, ધૂળમાંથી કે રેતીમાંથી આવે છે એમ સમજી તે સુગંધની પ્રાપ્તિમાટે તે પાસેના ઘાસને, ધૂળને કે રેતીને સુંઘતો ફરે છે, ને ત્યાં સુગંધને નહિ અનુભવી દુઃખી થાય છે તેમ અવિવેકી મનુષ્યો પોતાના અંતઃકરણમાં અધિષ્ઠાનરૂપે રહેલા પરમાનંદમય બ્રહ્મરસાયનને જાણતા નથી તેથી તેઓ સ્ત્રીમાં, પુરુષમાં, પુત્રમાં, દ્રવ્યમા કે માનમાં પરમાનંદમય બ્રહ્મરસાયનને શોધતા ફરે છે, ને ત્યાં તેનો અનુભવ નહિ કરીને તેઓ દુઃખી થાય છે.

પરમાનંદમય બ્રહ્મરસાયનના સદ્ભાવવડેજ આ પ્રતીત થતા જગતનું અસ્તિત્વ છે. જો આ પરમાનંદમય બ્રહ્મરસાયન વિદ્યમાન ન હોય તો આ જગતનું અસ્તિત્વજ ન સંભવે. જગત્નાં સર્વ પ્રાણીઓ આનંદની પ્રાપ્તિની લાલસાવડે કે આનંદના કાંઇક અંશે થતા અનુભવવડે જીવે છે. એવી રીતે સર્વ પ્રાણીઓનો આનંદભણી પક્ષપાત છે. જો તેમને આનંદનો અનુભવ નજ થતો હોય વા તેમને આનંદની પ્રાપ્તિ થવાનો સંભવજ ન હોય તો તેઓ પોતાનું જીવન નભાવી શકે નહિ.

જેમ દીન મનુષ્યો કનિષ્ઠપ્રકારના ઉપભોગના પદાર્થોવડે પોતાનું જીવન નભાવે છે તેમ અવિવેકી મનુષ્યો માયાના સ્થૂલકાર્યરૂપ સ્થૂલ દશ્ય પ્રાણિપદાર્થને આનંદના હેતુરૂપ સમજી તેના સેવનવડે પોતાને સુખી માને છે, અર્થાત્ તેઓ માયાના સ્થૂલકાર્યરૂપ અનુકૂલ માનેલા પ્રાણિપદાર્થમાં રહેલા કનિષ્ઠપ્રકારમાં ગણવાયોગ્ય બ્રહ્મરસાયનના

લાભવડે પોતાને સુખી માની પોતાના જીવનના દિવસો વ્યતીત કરે છે. જેમ આકાશમાંથી પડતું નિર્મલ જલ ગામના કે નગરના માર્ગમાં પડવાથી મલિનજેવું થઈ જાય છે, ને તૃષાની નિવૃત્તિમાટે તેનું પાન કરનારના આરોગ્યને તે બગાડે છે તેમ શુદ્ધબ્રહ્મરસાયન જ્યારે માયાના સ્થૂલકાર્યરૂપ પ્રાણિપદાર્થમાં ભળેલાજેવું થાય છે ત્યારે તે મલિન થયાજેવુ પ્રતીત થાય છે, ને તેને (માત્ર તે પ્રાણિપદાર્થને) સુખની પ્રાપ્તિના હેતુરૂપ સમજી જે મનુષ્ય તેનો ઉપભોગ કરે છે તેને રાગાદિની વૃદ્ધિદ્વારા તે મિશ્રબ્રહ્મરસાયન તેના અંતઃકરણની શાંતિનુ વિઘાતક થાય છે. આમ હોવાથી જેઓ પરમશાંતિને તથા પરમાનંદને પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય તેમણે આ કનિષ્ઠપ્રકારનું બ્રહ્મ-રસાયન આદરપૂર્વક સેવવાયોગ્ય નથી.

શુદ્ધબ્રહ્મરસાયન જ્યારે માયાના સૂક્ષ્મકાર્યરૂપ પ્રાણિપદાર્થમાં મિશ્ર થયેલાના જેવું થાય છે ત્યારે તે કાંઇક અંશે મલિન થયેલાના જેવું જણાય છે. જેમ ઉત્તમ ઔષધ પણ અયોગ્ય અનુપાનની સાથે મળવાથી તેનું ભક્ષણ કરનારને રોગની વૃદ્ધિરૂપ અપકાર કરે છે તેમ માયાના સૂક્ષ્મકાર્યરૂપ પ્રાણિપદાર્થમાં મિશ્ર થયેલાના જેવું જણાતું આ બ્રહ્મરસાયન પણ તેનું અજ્ઞાનવડે સેવન કરનારના મનમાં રાગાદિની વૃદ્ધિ કરવારૂપ અપકાર કરે છે. કાવ્યલેખન, કાવ્યવાચન, નિર્દોષ પ્રેમ, લૌકિક શુભવિચાર, પવિત્ર ચિત્રકામ, નંદનવનવિહાર, અપ્સરાઓની સાથેની ક્રીડા ને અમૃતપાન એ આદિવડે મનુષ્યોને અને દેવોને જે આનંદ અનુભવાય છે તે માયાના સૂક્ષ્મકાર્યની સાથે મળેલા બ્રહ્મ-રસાયનનો અજ્ઞાનયુક્ત અનુભવ જાણવો. આ મિશ્રબ્રહ્મરસાયન પણ મુમુક્ષુને માટે ઉપયોગી નથી.

જ્યારે શુદ્ધબ્રહ્મરસાયન માયાની સાથે મિશ્ર થયેલાના જેવું

જણાય છે ત્યારે તે બ્રહ્મરસાયન ઉત્તમપ્રકારનું ગણાય છે. આ બ્રહ્મરસાયનમાં મલિન સામગ્રી મળેલી નથી પણ ઘણે અંશે શુદ્ધ સામગ્રી મળેલી છે તેથી આ બ્રહ્મરસાયન લગભગ શુદ્ધબ્રહ્મરસાયનના જેવું પ્રતીત થાય છે. **શ્રીમહેશ્વરના**, **શ્રીવિષ્ણુના** કે સગુણબ્રહ્મના અન્ય કોઇ પણ સ્વરૂપના, ને શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ સદ્‍ગુરુના શ્રદ્ધાભક્તિયુક્ત ધ્યાનવડે તે ધ્યાન કરનારના અંતઃકરણને જે આનંદનો અનુભવ થાય છે તે માયાની–શુદ્ધસત્ત્વગુણની–સાથે મળેલા બ્રહ્મરસાયનનો અનુભવ જાણવો. આ બ્રહ્મરસાયનનું સેવન કરનારે આ શુદ્ધબ્રહ્મરસાયન છે, ને આનાથી ભિન્ન બીજું કોઇ શ્રેષ્ઠ ને શુદ્ધબ્રહ્મરસાયન નથી એવો દુરાગ્રહ ન સેવવો. દુરાગ્રહનો ને અભિમાનનો ત્યાગ કરી પરમશ્રદ્ધા ને પરમપ્રીતિથી જો આ ઉત્તમ પ્રકારના મિશ્રબ્રહ્મરસાયનનું સેવન કરવામાં આવે તો આ મિશ્રબ્રહ્મરસાયન પોતાના ઇષ્ટદેવની કૃપાથી વા પોતાના મહાપુણ્યથી માયા દૂર થઇ શુદ્ધબ્રહ્મરસાયનરૂપ પણ થઈ જાય છે.

સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળું બ્રહ્મ વા શુદ્ધબ્રહ્મરસાયન સર્વોત્તમ પ્રકારનું ગણાય છે. તેનું અભેદભાવે સેવન કરતાં તે સેવન કરનાર મનુષ્યના અંતઃકરણમાં રહેલા અજ્ઞાનનો ને અજ્ઞાનથી ઉપજનારા સર્વ વિકારોનો નિઃશેષ બાધ થઇ જાય છે. આવી સ્થિતિને પામેલા પુરુષ કૃતાર્થ થયેલા ગણાય છે, કેમકે તેમને તે સ્થિતિની પ્રાપ્તિ થયા પછી કાંઇ પણ કર્તવ્ય બાકી રહેતું નથી. આ બ્રહ્મરસાયન સર્વ મનુષ્યોને માટે સુલભ નથી, માત્ર યોગ્ય અંતઃકરણવાળા પુરુષોજ મોટા પ્રયત્નવડે તેની પ્રાપ્તિ કરી શકે છે. જો દેવતાઓનું અમૃત અને લૌકિક રસાયન પણ પૂર્વના પુણ્યવિના તથા પુરુષાર્થવિના મનુષ્યને પ્રાપ્ત થતું નથી તો પછી આ બ્રહ્મરસાયન પણ પૂર્વના

મહાપુણ્યના પરિપાકવિના તથા મોટા પુરુષાર્થવિના મનુષ્યને ક્યાંથી પ્રાપ્ત થાય ? આ શુદ્ધબ્રહ્મરસાયન વિધિપૂર્વક નિત્યનૈમિત્તિક કર્મ કરી જેમણે પોતાના અંત:કરણની પવિત્રતા કરી છે, તથા પરમાત્માના સ્મરણધ્યાનવડે જેમણે પોતાના અંતઃકરણને કેટલેક અંશે એકાગ્ર કર્યું છે એવા પુરુષોને નીચે જણાવેલા ઉપાયોવડે પ્રાપ્ત થાય છે:—

શ્રીમહેશ્વરે કૃપાવડે ઉપયોગ કરી શકે એવાં સૌ માણસોને માટે વિવેકનામનો દશમો નિધિ પોતાના ભંડારી યક્ષપતિ કુબેરને નહિ સોંપતાં ઊઘાડો મૂક્યો છે. તે વિવેકની પ્રાપ્તિ કર્યા વિના મનુષ્ય વ્યવહારનુ કે પરમાર્થનું કોઈ પણ કામ જેવું જોઇએ તેવું કરી શકતો નથી. શુદ્ધબ્રહ્મરસાયનની પ્રાપ્તિ ને સેવન કરવાની શુભેચ્છા રાખનાર માણસે પણ એ વિવેકની અવશ્ય પ્રાપ્તિ કરવી જોઇએ. વિવેક એટલે સત્યની તથા અસત્યની સમજણ. પ્રતીત થતા આ જગતમાં બ્રહ્મજ સત્ય ને અવિકારી છે, અને તેનાથી ભિન્ન સર્વ એટલે માયા ને તેના સર્વ કાર્યો અસત્ય ને વિકારી છે એવી પાકી સમજણને અહિં વિવેક કહેવામાં આવે છે. મનુષ્યને આવી સમજણની પ્રાપ્તિ થયા વિના તેના અંતઃકરણમાંથી અસત્ય વિષયોમાં દીર્ઘકાલથી રહેલો ઘાટો રાગ દૂર થાય નહિ, ને તેથી તેના અંતઃકરણનો સત્યરૂપ બ્રહ્મને પ્રાપ્ત કરવાનો વા જાણવાનો વેગ જોઇએ તેટલા પ્રમાણમાં વધે નહિ.

ઉપર કહેલા વિવેકની પ્રાપ્તિ થયા પછી તે મનુષ્યને વૈરાગ્યની પ્રાપ્તિ થોડે યત્ને થાય છે. શુદ્ધબ્રહ્મરસાયનની પ્રાપ્તિ કરવા ઇચ્છનાર મનુષ્યે તે વૈરાગ્યની પ્રાપ્તિ પણ અવશ્ય કરવી જોઇએ. આ લોકના ઉત્તમોત્તમ ભોગથી માંડીને શાસ્ત્રવડે જાણવામાં આવતા બ્રહ્મલોકસુધીના બધા રમણીયજેવા જણાતા ભોગોમાં પૂર્વની પેઠે અંતઃકરણ-

નો આદર ન રહેવો, અર્થાત્ મનુષ્યને તૃણાદિમાં જેવી સ્વાભાવિક ઉપેક્ષાબુદ્ધિ છે તેવી સ્વાભાવિક ઉપેક્ષાબુદ્ધિનો વિષયોમાં ક્રમાત્ તે વિવેકી મનુષ્યના અતઃકરણમાં ઉદય થવો તે વૈરાગ્ય કહેવાય છે. અજ્ઞાની મનુષ્યને અનાદિકાલની ભ્રાંતિવડે શબ્દાદિ વિષયોમાં ને તેની પ્રાપ્તિ કરાવનારાં સાધનોમાં તે સર્વ સેંકડો દોષોથી યુક્ત છતાં પણ રમણીયપણાની બુદ્ધિ છે, અને તે રમણીયપણાની બુદ્ધિને લીધેજ તે મનુષ્યનું અંતઃકરણ તે વિષયોમાં ને તેની પ્રાપ્તિ કરાવનારાં સાધનોમાં રાગવાળુ રહે છે. આ વિષયાનુરાગરૂપ ઘાટો કાટ જીવના અંતઃકરણરૂપ પાત્રમા ઘણા કાલથી જામી ગયો છે તે અલ્પ સમયમાં ને થોડે પ્રયત્ને દૂર થાય એવો નથી, તેમ માત્ર શાસ્ત્રના શબ્દો ગોખી કાઢવાથી પણ તે દૂર થઇ શકે એવા નથી, પરતુ ધૈર્ય ને સાવધાનતાવાળો વિષયદોષદર્શનરૂપ પ્રયત્ન આદરપૂર્વક ઘણો કાલ ચાલે તોજ તે માંડમાડ દૂર થાય એવો છે. નાગા ફરવાથી, જટા કે નખો વધારવાથી, શરીરે પુષ્કલ વિભૂતિ લગાડવાથી, માથુ મુંડાવવાથી કે વાળ ચુટાવવાથી, ભગવાં, કાળાં, રાતાં, લીલાં કે ધોળાં વસ્ત્રો પહેરવાથી, અથવા સંપ્રદાયનાં કોઇ પણ પ્રકારનાં બાહ્ય ચિહ્નો ધારણ કરવાથી વિષયાનુરાગની નિવૃત્તિરૂપ વૈરાગ્યની પ્રાપ્તિ કોઇ પણ મનુષ્યને કદીપણ થઇ શકતી નથી. વિષયોમાં ને તેની પ્રાપ્તિનાં સાધનોમાં સાવધાનતાપૂર્વક વારંવાર દોષદર્શન કર્યા કરવાથી તે દોષદર્શનનો પરિપાક થયે તે મનુષ્યને કોઇ પણ સ્થિતિમાં ને કોઇ પણ સમયમાં તે વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. વિવેકના ને વિષયદોષદર્શનના પરિપાકવડે ઉપજેલો વૈરાગ્યજ મનુષ્યના અંતઃકરણમાં સુસ્થિર રહી શકે છે, બીજા કોઇ કારણથી ઉપજેલો વૈરાગ્ય મનુષ્યના અંતઃકરણમાં સુસ્થિર રહી શકતો નથી, ને તે બ્રહ્મરસાયનની પ્રાપ્તિમાં હેતુભૂત પણ થતો

નથી. આવા વૈરાગ્યની પ્રાપ્તિ થવાથી તે મનુષ્યનું અંતઃકરણ પૂર્વની પેઠે વિષયાદિભણી તીવ્રરાગપૂર્વક દોડતું નથી.

મંદ વા મધ્યમ વેગથી વિષયોભણી જતા અંતઃકરણને વિષયદોષદર્શનના સ્મરણવડે પાછું વાળી તેને હૃદયાકાશમાં વા કોઇ પણ શુભવિચારમાં કે વેદાંતશ્રવણમાં જોડવાનુ બલ **શમ** કહેવાય છે. શ્રોત્રાદિ જ્ઞાનેંદ્રિયોને તથા વાણી આદિ કર્મેંદ્રિયોને પોતપોતાના વિષયોભણી તે મંદ વા મધ્યમ વેગથી જતી હોય તો તેમાં રહેલા દોષોના સ્મરણવડે તેમને તે વિષયોભણી ન જવા દેતાં તેમને અંતઃકરણને અનુસરનારી કરવાનુ બલ **દમ** કહેવાય છે. સતશાસ્ત્રના ને સદ્ગુરુના વચનમાં સત્યપણાનો પૂરો નિશ્ચય તે **શ્રદ્ધા** વા **વિશ્વાસ** કહેવાય છે. અંતઃકરણ કોઇ પણ પ્રકારના વિકારને વશ થવામાટે ચલાયમાન થાય ત્યારે તેને યોગ્ય પ્રમાણોવડે ને યોગ્ય યુક્તિઓવડે તે વિકારને વશ ન થવા દેતાં તેને વિક્ષેપથી રહિત શાંત રાખવાનું સામર્થ્ય તે **સમાધાન** કહેવાય છે. આગળ રાગપૂર્વક ભોગવેલા વિષયોનું ને પ્રયોજનવિનાના વિષયોનું અંતઃકરણમાં સ્મરણ નહિ થવા દેવાનુ સામર્થ્ય તે **ઉપરતિ** કહેવાય છે. શુભવ્યવહાર, શાસ્ત્રોક્ત શુભકર્મ ને વેદાંતશ્રવણાદિ કરતાં જે અપમાન પ્રાપ્ત થાય, અને ભૂખતરષ વેઠવાના તથા ટાઢતડકો વેઠવાના જે પ્રસંગો પ્રાપ્ત થાય, ને જે અન્નપાનાદિરૂપ સામગ્રીની, સ્થાનની ને રોગાદિવડે શરીરની પ્રતિકૂલતાની પ્રાપ્તિ થાય તે સર્વને ચિંતા ને વિલાપવિના સહન કરવાનું સામર્થ્ય તે **તિતિક્ષા** કહેવાય છે. આ ૭ સામગ્રીને **શમાદિ ૭ સંપત્તિ** કહેવામાં આવે છે. આ ૭ સંપત્તિમાંની પ્રત્યેક સંપત્તિ પોતપોતાના પરિપાકમાટે અન્ય પાંચ સંપત્તિના સાહાય્યની અપેક્ષા રાખે છે માટે એ છએ સંપત્તિનું સાથે અનુષ્ઠાન કરવુ જોઇએ. વિવેકના પરિપાકવડે

વૈરાગ્યની પ્રાપ્તિ, અને વૈરાગ્યના પરિપાકવડે શમાદિ ૭ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. વિવેક, વૈરાગ્ય ને શમાદિ ૭ સંપત્તિનો પરિપાક થવાથી તે મનુષ્યના અંતઃકરણને મુમુક્ષુતાની પ્રાપ્તિ થાય છે.

આધ્યાત્મિક આદિ ત્રણ પ્રકારનાં દુઃખોની સંદેહરહિત પુનઃ કદીપણ કોઇ પણ નિમિત્તથી પ્રાપ્તિ ન થાય એવી નિવૃત્તિ ને સ્વાભાવિક, સત્ય, વિશુદ્ધ ને નિરવધિ આનદની અભેદભાવે નિત્યપ્રાપ્તિ તે મુખ્ય મોક્ષ કહેવાય છે. એ મોક્ષની પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા ને મુમુક્ષુતા કિવા મોક્ષ મેળવવાની બહુ આતુરતા કહેવાય છે. જેમ ભૂખથી બહુ પીડાતા ભૂખ્યા મનુષ્યને યોગ્ય ભોજનની પ્રાપ્તિ કરવા બહુ આતુરતા રહે છે તેમ ત્રિવિધ તાપથી પીડાતા જિજ્ઞાસુજનના અંતઃકરણમાં મોક્ષની પ્રાપ્તિ કરવાની બહુ આતુરતા રહે છે.

જેમણે વિવેક, વૈરાગ્ય, શમાદિ ૭ સંપત્તિ ને મુમુક્ષુતા આ ચાર સાધનોવડે પોતાના અંતઃકરણની યોગ્યતામાં વધારો કર્યો હોય તેઓ બ્રહ્મરસાયનના સ્વરૂપનુ ને તેની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ કરનાર મહાયુર્વેદરૂપ વેદાંતનું શ્રવણ કરવાના મુખ્ય અધિકારી ગણાય છે. ભવરોગના મહાવૈદ્યરૂપ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ મહાપુરુષની પાસેથી તે મહાયુર્વેદરૂપ વેદાંતશાસ્ત્રનું પરમાદરપૂર્વક શ્રવણ કરવાથી તે અધિકારી મનુષ્યના અંતઃકરણમાં રહેલા શાસ્ત્રના મુખ્યસિદ્ધાંતના સંબધના સર્વ સંશયો દૂર થઈ જાય છે, ને સર્વ વેદાંતો (ઉપનિષદો) એક ને અદ્વિતીય વસ્તુરૂપ બ્રહ્મરસાયનનું નિરૂપણ કરે છે એમ તેને સમજાય છે.

મહાયુર્વેદરૂપ વેદાંતશાસ્ત્રનું યથાવિધિ શ્રવણ સમાપ્ત થઇ ગયા પછી તે ભવરોગિરૂપ મુમુક્ષુએ તે મહાયુર્વેદરૂપ વેદાંતશાસ્ત્રમાં કહેલાં ઔષધોરૂપ વિચારોના સેવનરૂપ મનન કરવું જોઇએ. એ ઔષધસેવનરૂપ મનનવડે શરીરરૂપ અંતઃકરણમાં રહેલા મહારોગના એક ભાગરૂપ

આત્માદિ પ્રમેયમાં રહેલા સર્વે સંશયો દૂર થઈ જાય છે, અને તેને બ્રહ્મરસાયનનું સ્વરૂપ પરોક્ષરીતે પૂરુ સમજાય છે.

મહારોગરૂપ અજ્ઞાનની ને તેના કાર્યભૂત અવાંતરરોગરૂપ સંસારની નિવૃત્તિ કરનાર બ્રહ્મરસાયનનુ પરોક્ષજ્ઞાન દૃઢ થયા પછી તે ભવરોગિરૂપ મુમુક્ષુએ તે મહારોગવડે પ્રતીત થયેલી અશક્તિને દૂર કરી પોતાનુ સ્વાભાવિક સંપૂર્ણ સામર્થ્ય પ્રાપ્ત કરવામાટે બ્રહ્મરસાયનના પાચનરૂપ બ્રહ્મવિચાર વા બ્રહ્મધ્યાન કરવુ જોઇએ. એ બ્રહ્મવિચારરૂપ વા બ્રહ્મધ્યાનરૂપ નિદિધ્યાસનવડે એ બ્રહ્મરસાયન તે ભવરોગિરૂપ મુમુક્ષુના શરીરરૂપ અંત.કરણમાં સર્વત્ર ઓતપ્રોત થઈ જાય છે તેથી તે ભવરોગિરૂપ મુમુક્ષુ પોતાનું પૂર્વે હતુ તેવું સ્વાભાવિક સંપૂર્ણ સામર્થ્ય મેળવી કૃતાર્થ થાય છે. હવે તેને પોતાને (પોતાના શુદ્ધસ્વરૂપને) કોઈ પણ પ્રકારનો રોગ થવાનું, વૃદ્ધ થવાનુ કે મરવાનું લેશ પણ ભય રહેતું નથી તેથી તેને હવે કોઈ પણ પ્રકારના ઔષધનું સેવન કરવાની કડાકૂટ કરવી બાકી રહેતી નથી.

આ નાનાવિધ દુ:ખથી ભરેલા વિશ્વમાં સર્વ પ્રકારનાં દુખોની નિવૃત્તિ ને પૂર્ણ સુખની પ્રાપ્તિ કરવાની જેમને ઇચ્છા હોય તેમણે આ બ્રહ્મરસાયન સતત પ્રેમપૂર્વક સેવવું જોઇએ. આ બ્રહ્મરસાયન સર્વદેશમાં ને સર્વકાલમાં સર્વ યોગ્ય મનુષ્યોને સુલભ છે. તેને મેળવવા કોઇને કાંઈ પણ દ્રવ્ય આપવું પડતું નથી, તથા તેને પ્રાપ્ત કરવા કોઈ ગહન વનમાં કે ઉંચા પર્વતના શિખરપર જવું પડતું નથી. વિવેકી મનુષ્યે ઉત્તમ મનુષ્યજન્મને પામી અન્ય ગૌણરસાયનના સેવનમાં રહેલી પોતાના અંતઃકરણની આસક્તિને દૂર કરી આ બ્રહ્મરસાયનરૂપ મુખ્યરસાયનના સેવનમાંજ સર્વદા પરમપ્રેમ રાખી તેનું પરમાદરથી સર્વદા સેવન કરવું જોઇએ. ૐ

ૐ

॥ अंक चोपनमो ॥

॥ ब्रह्मचिंतामणि ॥

આશીર્વાદરૂપ મંગલ.

દોહરો.

બ્રહ્મરૂપ ચિંતામણિ, સૌ પામો નરનાર:
દુઃખદોષો સૌનાં શમો, સૌ પામો ભવપાર. ૧

બ્રહ્મચિંતામણિનો અર્થ ને તેનો મહિમા.

ગીતિ.

સર્વવ્યાપી જે વસ્તુ, તેને સુજ્ઞો બ્રહ્મનામે વખાણે;
જીવને ઇચ્છિત આપે, તેથી તેને ચિંતામણિ જાણે. ૧
લૌકિક ચિંતામણિ તો, જનને લૌકિક વસ્તુ ફક્ત આપે;
પણ બ્રહ્મચિંતામણિ તો, સકલ દુઃખને મૂલસહિત કાપે. ૨

અન્ય લૌકિક ચિંતામણિઓનું ને બ્રહ્મચિંતામણિનું વર્ણન.

મનોહરછંદ.

કોઇ તો કહે છે દ્રવ્ય, એજ ચિંતામણિ સાચો.
જેનાવડે નાનાવિધ, ઇચ્છિત પમાય છે;
કોઇ તો કહે છે રાજા, એજ ચિંતામણિ સત્ય,
જેની સેવાવડે અહિ, સુખીઆ થવાય છે;

કોઇ તો કહે છે નિજ, ધંધો એ છે ચિંતામણિ,
જેના સુસેવનવડે, દુ:ખ દૂર થાય છે.
કોઇ તો કહે છે મંત્ર, તંત્ર વિદ્યા ચિંતામણિ,
જેના યોગ્ય સેવનથી, બહુ લાભ થાય છે. ૧
કોઇ તો કહે છે જેના, સેવને ઇચ્છિત મળે,
એવો પાણ ચિંતામણિ, લોકમાં મનાય છે:
કોઇ કહે કલ્પવૃક્ષ, કોઈ કહે કામધેનુ,
કોઇ કહે દેવ ચિંતા,-મણિમાં ગણાય છે:
કોઇ કહે પ્રભુભક્તિ, કોઇ કહે યોગ અને,
કોઇ કહે ઈશ ચિંતા,-મણિમાં લેખાય છે.
સર્વતણું અધિષ્ઠાન,-સર્વનું આધારભૂત,
બ્રહ્મ સત્ય ચિંતામણિ, સુજ્ઞમાં વદાય છે. ૨

બ્રહ્મચિંતામણિનું સ્વરૂપ ને તેનું માહાત્મ્ય.

દોહરા.

બ્રહ્મરૂપ ચિંતામણિ, વ્યાપક સદા વદાય:
તેથી સરવે દેશમાં, સૌને સુલભ સદાય. ૧
ત્રણ કાલમાં તે કદી, પામે નહિ વિકાર:
એકરૂપ રે' તે સદા, આદિરહિત અપાર. ૨
સત્યરૂપ સૌ વસ્તુનું, નિશ્ચય એજ ગણાય,
ઉંડાણે વ્યાપી રહ્યું, જ્ઞાનીને દરશાય. ૩
મળે બ્રહ્મચિંતામણિ, ત્રણે તાપ વિલાય:
ત્રણ દેહમાં નવ રહે, દુ:ખનો લેશ જરાય. ૪
બ્રહ્મચિંતામણિતણો, મનમાં થતાં પ્રકાશ:
ભય ચિંતા અજ્ઞાનનો, ક્ષણમાં થાય વિનાશ. ૫

મળે બ્રહ્મચિંતામણિ, વિષયસ્પૃહાઓ જાય;
વિષયસ્પૃહાઓ દૂર થતાં, અતિશાંતિસુખ થાય. ૬
દાહ ન ઉપજે મનવિષે, વ્યાકુલતા ન જણાય;
પરમાનંદ–ઉદધિવિષે, મન સુખી રહે સદાય. ૭

બ્રહ્મચિંતામણિની પ્રાપ્તિનાં દૂરનાં સાધનો.

ચોપાઇ.

પુણ્યરૂપ દ્રવ્ય પાસે હોય, બ્રહ્મચિંતામણિ પામે સોય:
પુણ્યકર્મનો મહાપ્રતાપ, પુણ્યવડે દુઃખ ટળે અમાપ. ૧
પુણ્યવડે જગમાં સુખ થાય, પુણ્યવડે જીવ સ્વર્ગે જાય:
પુણ્યવડે ચિત્ત શુદ્ધ થાય, પુણ્યવડે શુભને જીવ ચા'ય. ૨
સંધ્યાદિ નિત્યકર્મ કરાય, ગુરુ–ઈશની ભક્તિ થાય:
ઇંદ્રિયગણ ને મન વશ થાય, સદા અભય રહી સત્ય વદાય. ૩
દયા પ્રાણીપર રહે સદાય, દાન સુપાત્રે પ્રીતે થાય;
છલકપટમહીં મન નવ જાય, સદા નમ્ર સરલ રહેવાય. ૪
શુભ કર્મ ને શુભ વિચાર, તેમાં આદર રહે અપાર.
સંતસમાગમમાં રુચિ થાય, કુસંગમાં રીતિ ન રે' જરાય. ૫
આ સૌ પુણ્યવિપાકે થાય, તેથી સમજુ પુણ્યને ચા'ય;
પુણ્યકર્મથી ચિત્ત શુદ્ધ થાય, ત્યારે વિષયવાસના જાય. ૬

બ્રહ્મચિંતામણિની પ્રાપ્તિનાં સમીપનાં સાધનો, બ્રહ્મચિંતામણિની પ્રાપ્તિ ને બ્રહ્મચિંતામણિ મેળવેલાની સ્થિતિ.

ચોપાઇ.

વિષયરાગ જવ શિથિલ થાય, તવ ચિત્તશુદ્ધિ વધતી જાય,
સત્યાસત્યતણો વિચાર, કરે પ્રેમથી વારવાર. ૧

તે વિચાર પાકો જવ થાય, ત્યારે સત્યાસત્ય જણાય:
બ્રહ્મ એક સમજાયે સત્ય, માયા માયાકાર્ય અસત્ય. ૨
એમ વિવેક ઉદય જવ થાય, ત્યારે બ્રહ્મભણી મન ધાય;
દશ્ય વિનાશી ચલ સમજાય, બ્રહ્મ અમર ને અચલ જણાય. ૩
એ વિવેક સુસ્થિર જવ થાય, તવ વિષયોમાં દોષ જણાય.
વિષયો દોષતણો ભંડાર, અસત્ તુચ્છ ને દુઃખ દેનાર. ૪
દીર્ઘકાલની ભ્રાંતિ છેય, તેથી સુખપ્રદ લાગે તેય;
વિવેકથી જવ ભ્રાંતિ વિલાય, તવ વિષયોમાં મન નવ જાય. ૫
શ્રોત્રાદિ જ્ઞાનેંદ્રિય જેહ, શબ્દાદિમાં રત હતી તેહ·
ત્યજી તે શબ્દાદિનો રાગ, થાય સુશાંત ધરી વૈરાગ્ય. ૬
વિરાગવડે દીનતા જાય, મનની દોડ ક્રમે ન્યૂન થાય:
વિષયતણાં ઉપકરણો જેહ, સરવે ફીકાં લાગે તેહ. ૭
સ્વર્ગલોકના જે જે ભોગ, તે તે સૌ સમજાયે રોગ:
સ્વર્ગતણાં સાધન છે જેહ, ઉપકારક નવ લાગે તેહ. ૮
વિષયાકર્ષણ પામે નાશ, છૂટે સઘળા દુઃખના પાશ:
ઇંદ્રિય વિષયથી ન તણાય, મન ઇંદ્રિયથી નવ ખેંચાય. ૯
મન જવ બુદ્ધિને વશ થાય, તવ જીવને સુશાંતિ જણાય:
શાંતિથી વ્યાકુલતાનાશ, થયે હૃદયમાં થાય પ્રકાશ. ૧૦
વિરાગની જવ દઢતા થાય, તવ મનપર સ્વામિત્વ પમાય:
મન જ્યારે જીવને વશ થાય, ત્યારે તે શમયુક્ત ગણાય. ૧૧
ઇંદ્રિયગણ વશ રાખે જેહ, દમવાળો કે'વાયે તેહ:
મન ઇંદ્રિયો વશ જવ થાય, તવ શ્રદ્ધાની પ્રાપ્તિ કરાય. ૧૨
ગુરુશાસ્ત્રના વચનો જેહ, અતિસત્ય સમજાયે તેહ:
એવી મતિ શ્રદ્ધા કે'વાય, પ્રાપ્ત સુભાગી જનને થાય. ૧૩

શ્રદ્ધા સૌ સાધનનું મૂલ, શ્રદ્ધાવડે ટળે સૌ શૂલ;
શ્રદ્ધા કરે સંશયો દૂર, શ્રદ્ધા લાવે શાંતિપૂર. ૧૪
શ્રદ્ધા ઉપજાવે ઉત્સાહ, શ્રદ્ધા ટાળે મનનો દાહ;
શ્રદ્ધા કરે વિઘ્નનો નાશ, તમ ટાળીને કરે પ્રકાશ. ૧૫
અનુકૂલ પ્રતિકૂલ પ્રસંગ, તેનો મનને ન ચઢે રંગ.
એવી મનની સ્થિતિ કરાય, સમાધાન તે સ્થિતિ ગણાય. ૧૬
ટળે સર્વ તે સ્થિતિએ ક્ષોભ, સાધનમાં ઉપજે બહુ લોભ.
મનમાં વ્યાકુલતા નવ થાય, સમજાવીને શાંત રખાય. ૧૭
સમાધાનની પ્રાપ્તિ થાય, ત્યારે સાધન સકલ સધાય;
સમાધાન જો પ્રાપ્ત ન થાય, તો સાધન કેમે ન સધાય. ૧૮
કામ્યકર્મનો ત્યજવો રાગ, મનમાં રાખી દૃઢ વૈરાગ્ય.
ધનદારાપરનો દૃઢ રાગ, તેનો કરવો સુદૃઢ ત્યાગ. ૧૯
વિષયોમાં મન રહે ઉદાસ, સ્મરણ થતાં ઉપજે બહુ ત્રાસ.
ચચલતા મનતણી વિલાય, અંતર્મુખ રે'વા ને ચા'ય. ૨૦
દશા એવી મનની જે થાય, તે દશા ઉપરતિ કહેવાય:
ઉપરતિ તે ઉપરામ મનાય, મનની દુષ્ટ દોડ દૂર થાય. ૨૧
ઉપરતિની પ્રાપ્તિ જવ થાય, સત્ત્વગુણ તવ વધતો જાય;
સત્ત્વ વધેથી વાધે સુખ, રજસ્ દબે ને નાસે દુઃખ. ૨૨
તમોગુણની મંદતા જાય, મનની સ્થિરતા વધતી જાય;
બ્રહ્મસુખ સાચુ સમજાય, સંશય સર્વે દૂર પળાય. ૨૩
શ્રવણાદિમાં આદર થાય, સત્ય જાણવા વૃત્તિ ધાય;
વિષયતણો આદર વિનશાય, બ્રહ્મવિષે બહુ આદર થાય. ૨૪
ઉપરતિવિણ આગળ ન વધાય, ઉપરતિવિણ સાધન ન સધાય;
ઉપરતિથી મન નિર્મલ થાય, તેની સુશાંતિ વધતી જાય. ૨૫

ક્ષુધાતૃષા માન અપમાન, શીત આતપને ગણે સમાન;
સુખદુઃખમાંહી સમતાભાવ, રાખી સહે સદા જવ સાવ. ૨૬
તવ તિતિક્ષા સિદ્ધ ગણાય, વિષમભાવયુત મન નવ થાય:
સહનશીલતા અતિદૃઢ થાય, ત્યારે સાધન સકલ સધાય. ૨૭
તિતિક્ષાવિણ વે'વાર ન થાય, તિતિક્ષાવિણ સાધન ન સધાય;
તિતિક્ષાવિણ પરદોષ જણાય, સ્વદોષનું દર્શન નવ થાય. ૨૮
તિતિક્ષાવિણ મન તપે સદાય, તિતિક્ષાવિણ સુખી ન થવાય;
તિતિક્ષાવિણ મન શાંત ન થાય, ક્ષણ ક્ષણ તે ચચલ દેખાય. ૨૯
તિતિક્ષાથી મન નિર્ભય થાય, ભયવિના સાધનો સધાય:
તિતિક્ષાથી તન રહે નીરોગ, મન ન ઇચ્છે વિષયોનો ભોગ. ૩૦
તિતિક્ષાથી શ્રવણાદિ કરાય, તિતિક્ષાથી બ્રહ્મભણી ચલાય;
તિતિક્ષા તે તપરૂપ ગણાય, દેવાદિ પણ અનુકૂલ થાય. ૩૧

શમ દમ ને શ્રદ્ધા એ સાર, સમાધાન ઉપરામ વિચાર:
વળી છઠ્ઠી તિતિક્ષા જેહ, ષટ્સંપત્તિ કહીએ તેહ. ૩૨
એ સંપત્તિ પ્રાપ્ત જવ થાય, તવ મુમુક્ષુતા પ્રાપ્ત કરાય;
મોક્ષ મેળવવા આદર થાય, મોક્ષભણી મન વેગે ધાય. ૩૩
બહુ ભૂખ્યાનું અન્નમાં ધ્યાન, તેવું મોક્ષમાં લાગે તાન.
બીજી વાતમાં રુચિ ન થાય, મોક્ષપ્રાપ્તિને મન અતિ ચા'ય. ૩૪
મોક્ષવિલંબે નવ સે'વાય, તુરતજ મળે એમ મન થાય,
સદૈવ મનમાં એજ વિચાર, ક્યારે પામું હું ભવપાર? ૩૫
મોક્ષહેતુ જે અદ્વૈતજ્ઞાન, તે મેળવવા લાગે તાન:
સાચા ગુરુ મેળવવા ધ્યાન, નિશદિન સમરે શ્રીભગવાન. ૩૬
મનની આવી દશા જે થાય, તેજ મુમુક્ષુતા કહેવાય;
જેનું મન આવું નવ થાય, તેનાથી નવ જ્ઞાન પમાય. ૩૭

જેનું મન આવું થઇ જાય, તેજ મુમુક્ષુજન કહેવાય:
એવા જનને થાયે જ્ઞાન, એવા જનનું ટળે અજ્ઞાન. ૩૮

મનોહરછંદ.

ધેનુમન વત્સમાંહી, મીનમન જલમાંહી,
કામિમન વામામાંહી, રાતદિન રહે છે:
લોભિમન ધનમાંહી, નટમન દોરમાંહી,
નેત્રવેગ રૂપમાંહી, અખંડિત વહે છે:
પાણીઆરી ઘટમાંહી, પતંગ દીપકમાંહી,
પ્રભુભક્ત પ્રભુમાંહી, નિજ મન ધરે છે:
શ્રોત્રવેગ શબ્દમાંહી, ત્વચાવેગ સ્પર્શમાંહી,
મુમુક્ષુનો બ્રહ્મમાંહી, એવો વેગ કહે છે. ૧
અહોનિશ એજ ધ્યાન, ક્યારે પામું બ્રહ્મજ્ઞાન?
ક્યારે કરુ દુ:ખહાન? બ્રહ્માનંદ પામીને;
મનમા વિચાર એવો, વાણીમાં ઉચ્ચાર તેવો,
સુકર્મનો વેગ એવો, કુકર્મ સૌ વામીને,
નિશદિન સંતસંગ, નિશદિન એજ રંગ,
સદા એમાં ઉછરંગ, મિથ્યાથી વિરામીને.
એ વિચાર એજ ધ્યાન, એજ વાત એજ તાન,
ક્યારે પામું સત્ય જ્ઞાન? સાચા ગુરુ પામીને. ૨
મેળવવા સત્ય બોધ, સદ્ગુરુતણો શોધ,
અભિમાનતણો રોધ, કરી નિત્ય કરે છે:
ક્યારે ગુરુદેવ મળે? ક્યારે સૌ સંશયો ટળે?
ક્યારે પુણ્યકર્મ ફલે? પાપને જે હરે છે;
ગુરુજ્ઞાન ક્યારે પામું? મિથ્યાથી ક્યારે વિરામુ?

સત્યમાં હું ક્યારે જામું ? જે સદૈવ ઠરે છે;
સર્વતણી છોડી આશ, જગથી થઇ ઉદાસ,
મનની મૂકી કચાશ, ગુરુધ્યાન કરે છે. ૩
આવો તાર આઠે જામ, દશ્યને ભૂલી તમામ,
મનમાંહી કરે ધામ, પાપને પ્રજાળીને;
મન ત્યારે શુદ્ધ થાય, પ્રભુભણી વેગે ધાય,
દીનતાથી પ્રભુ ધ્યાય, બીજા વેગો ખાળીને;
આવી સ્થિતિ થાય જ્યારે, પ્રભુ રાજી થાય ત્યારે,
ભેટાડે સદ્‌ગુરુ ત્યારે, અંતરાય ટાળીને;
મળે શ્રીસદ્‌ગુરુ જ્યારે, દીનભાવે નમે ત્યારે,
સભેટ સ્તુતિ ઉચ્ચારે, હૃદય ઊછાળીને. ૪

દોહરા.

" જય હે અશરણના શરણ ! જય અનાથના નાથ !
જય હે ભવદુઃખના હરણ ! વેગે કરો સનાથ. ૧
આપવિના મારુ નથી, કોઈ જગમોઝાર;
આ દીન ને દુઃખીઆતણો, સુણજો પરમપોકાર. ૨
દુઃખ દુઃખ દેખું બધે, કયાંઇ ન સુખ જણાય;
ધની દરિદ્રી સૌ દુઃખી, દુઃખી પ્રજા ને રાય. ૩
ત્રિવિધ દુઃખોથી જગ તપે, પડિતને દુઃખ સાત;[1]

---

૧ અજ્ઞાની પંડિતને આ સાત દુઃખો પીડે છેઃ—૧ આધ્યાત્મિક-દુઃખ, ૨ આધિભૌતિકદુઃખ, ૩ આધિદૈવિકદુઃખ, ૪ ન્યાયાદિ શાસ્ત્રોનો વારવાર અભ્યાસ કરવારૂપ દુઃખ, ૫ ન્યાયાદિ શાસ્ત્રોના શબ્દોના તથા અર્થોના વિસ્મરણથી થતું દુઃખ, ૬ વધારે ભણેલા ગર્વયુક્ત પડિતો અપમાન કરે તેથી થતું દુઃખ ને ૭ થોડું ભણેલાને જોઇને ગર્વ થવારૂપ દુઃખ.

ત્યારે મારા દુઃખતણી, કહું હું કોને વાત ? ૪
પુણ્ય પૂર્વજન્મોતણાં, ઉદય થયાં સૌ આજ:
તદા શોક–ભય–દુઃખરહિત, મળ્યા આપ મહારાજ ! ૫
અનેક જન્મો ધારીને, પામ્યો દુઃખ અપાર;
પ્રયત્નથી પણ નવ મળ્યું, સાચુ સુખ લગાર. ૬
શાંતિ આપો આપની, આપો નિજ આનંદ;
આપતણું વિજ્ઞાન દઇ, ટાળો આ ભવફંદ. ૭
શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ છો, અતિકરુણાલુ ઉદાર:
શોક–મોહ–અવિદ્યાથકી, તારો જગદાધાર ! ૮
બ્રહ્મચિંતામણિ આપીને, કરો દીનતા–નાશ;
ટાળો સૌ પરતંત્રતા, કાપો આ ભવપાશ. ૯
સૂર્યતણા પરકાશથી, થાય બાહ્યતમ–નાશ:
પણ બ્રહ્મચિંતામણિ કરે, હૃદયતિમિરનો નાશ. ૧૦
મળતાં એ ચિંતામણિ, થઈશ મહાશ્રીમત;
અવિદ્યાદિ કલેશોતણો, પામીશ સુખથી અંત. ” ૧૧

સોરઠા.

પૂજ્યા સદ્‌ગુરુદેવ, વિધિપૂર્વક બહુ પ્રેમથી;
કરી અધિક ગુરુસેવ, બહુ સમય શુદ્ધભાવથી. ૧
થયા પ્રસન્ન તે વાર, અધિકારી તેને ગણી;
બોલ્યા વચન ઉદાર, સંશયશોક વિદારવા. ૨

દોહરા.

“ ભય પામીશ નહિ સૌમ્ય ! તું, જોઇ આ સંસાર;
વિનાશ તારો નહિ થશે, પામીશ સુખ અપાર. ૧

સત્–ચિત્–આનંદરૂપ તું, નહિ મન ઇંદ્રિય દેહ;
દુઃખનો લેશ ન તુજવિષે, થા તું ગતસંદેહ. ૨
નામ રૂપ ને કર્મ જે, પ્રતીત સંમુખ થાય;
માયાનાં તે કાર્ય છે, આત્મામાં ન જણાય. ૩
બાજીગરના સિંહથી, શૂરો નવ ડર પાય,
તેમ દશ્યદેખાવથી, ન ડરે જ્ઞાની જરાય. ૪
દેહેંદ્રિય ને મનથકી, આતમબુદ્ધિ ત્યાગ,
આતમબુદ્ધિ બ્રહ્મમાં, કર લાવી વૈરાગ્ય. ૫
બ્રહ્મરૂપને જાણીને, ભ્રાંતિને કર દૂર;
ભ્રાંતિ ગયે દુઃખો જશે, થાશે સુખ ભરપૂર. ૬
જગત્ બ્રહ્મથી ભિન્ન નહિ, તું પણ બ્રહ્મસ્વરૂપ,
એ સમજે દુઃખ નાસશે, થઈશ ભૂપનો ભૂપ. ૭
બ્રહ્મજ્ઞાન ચિંતામણિ, બ્રહ્મ ચિંતામણિરૂપ,
એ ચિંતામણિ પામતાં, થવાય છે તદ્રૂપ. ૮
પરમાદરથી પૂજીને, હૃદયવિષે તે ધાર,
સતત સ્મરણમાં રાખતાં, પામીશ ભવનો પાર. ૯
એકાંતે નિત્ય બેસીને, કર મમ વચનવિચાર,
સંશય સઘળા ટાળીને, થા તુ શાંત અપાર. ૧૦
જેમ સ્વપ્નના જગતનો, છે સાક્ષીથી અભેદ,
તેમ જાગ્રતના જગતનો, છે સાક્ષીથી અભેદ. ૧૧
જેમ સ્વપ્નના જીવ સૌ, સાક્ષીમાં કલ્પાય,
તેમ જાગ્રતના જીવ સૌ, સાક્ષીમાં દેખાય. ૧૨
આ જગત્ ને જીવ સૌ, તુજમાં કલ્પિત જાણ,
દુઃખરૂપ જીવ તું નથી, તું છે પુરુષ પુરાણ. ૧૩

દેશ કાલ ને વસ્તુથી, નથી તારો પરિચ્છેદ:
દેશ કાલ ને વસ્તુમાં, વ્યાપક કે' છે વેદ.[૧] ૧૪
સ્વગત સજાતીય ભેદ જે, વળી વિજાતીય ભેદ:
એકજ અદ્વૈતમાં નથી, એમ વદે છે વેદ.[૨] ૧૫
ઈશજીવનો ભેદ નહિ, નહિ ઈશજડભેદ;
જીવજીવનો ભેદ નહિ, નહિ જીવજડભેદ. ૧૬
જડજડનો પણ ભેદ નહિ, અભેદ સૌનો જાણ;
ઉપાધિકૃત એ ભેદને, તું કલ્પિત પરમાણ. ૧૭
પચભૂત સૌ દેહમાં, વ્યાપ્યાં જેમ સુજાણ !
તેમ બ્રહ્મ સૌ દેહમાં, વ્યાપ્યુ એમ પીછાણ. ૧૮
મનોરાજ્યનુ દશ્ય જેમ, અસત્ છતાં દેખાય:
તેમ જાગ્રત્નુ દશ્ય આ, અસત્ છતાં દરશાય. ૧૯
જેમ ગગનમા નીલતા, નથી છતાં દરશાય:
તેમ બ્રહ્મમાં આ જગત્, નથી છતાં દેખાય. ૨૦
જેમ પુષ્પના હારમા, મિથ્યા નાગ જણાય;
તેમ સુખરૂપ બ્રહ્મમાં, દુ:ખરૂપ જગ દેખાય. ૨૧
જેમ છીપમાં રજતની, ખોટી ભ્રાંતિ થાય;
તેમ બ્રહ્મમા જગતણો, ખોટો ભ્રમ દરશાય. ૨૨
જેમ સૂર્યના કિરણમાં, ખોટું જલ દેખાય:
તેમ અસંગી બ્રહ્મમાં, ખોટુ જગત્ જણાય. ૨૩

---

૧ "**सत्यं ज्ञानमनंतं ब्रह्म**" (બ્રહ્મરૂપ આત્મા સત્યરૂપ, જ્ઞાનરૂપ ને અનંતરૂપ–દેશ કાલ ને વસ્તુના વિભાગથી રહિત–છે) એ શ્રુતિ. ૨ "**एकमेवाद्वितीयं ब्रह्म**" (બ્રહ્મથી અભિન્ન આત્મા એકજ અદ્વિતીય છે) એ શ્રુતિ.

સરતટપર ઊભેલને, ઊલટું વપુ જણાય;
તેમ સત્યરૂપ બ્રહ્મમાં, મિથ્યા જગ દરશાય. ૨૪
જેમ ઠુંઠામાં ચોરની, મિથ્યા ભ્રાંતિ થાય;
તેમ અભય બ્રહ્મરૂપમાં, ભયમય જગ દેખાય. ૨૫
બાલક નિજ છાયાવિષે, જ્યમ દેખે છે ભૂત;
તેમ અજ્ઞજન બ્રહ્મમાં, દેખે આ જગતૂત. ૨૬
નિજ સ્વરૂપની વિસ્મૃતિ, થાતાં જગ દેખાય;
નિજ સ્વરૂપે સ્થિતિ થતાં, આ જગ બાધિત થાય. ૨૭
આવો નિશ્ચય દઢ થતાં, ઉપજે આતમજ્ઞાન;
દૂર થાય સરવે દુઃખો, નિવૃત્ત થઇ અજ્ઞાન. ૨૮
આવા અદ્વૈતજ્ઞાનથી, બહુ પામ્યા ભવપાર;
તું પણ આવા જ્ઞાનથી, કલ્પિત બંધ નિવાર. ૨૯
સંશયવિભ્રમ છોડીને, કર તું દઢ વિશ્વાસ;
અભેદભાવે બ્રહ્મમાં, કર ઝટ અચલ નિવાસ. ૩૦
આ ઉપાય અતિસુલભ છે, જેમાં કાંઇ ન કલેશ;
ફક્ત દૃષ્ટિ બદલાવતાં, થાય નિકટ નિજ દેશ. ૩૧
પ્રબલ સિંહ ને બાજ જ્યમ, કરી પિંજરનો નાશ;
સ્વતંત્ર ને સુખીઆ થઇ, વિચરે ઇચ્છિત આશ.* ૩૨
તેમજ દઢ જિજ્ઞાસુજન, કાપી અવિદ્યાપાશ;
સ્વતંત્ર ને સુખરૂપ થઇ, પામે પદ અવિનાશ. ૩૩
લઇ આ બ્રહ્મચિંતામણિ, કર તું શુભ ઉપયોગ;
પામીશ પરમાનંદને, ટળશે ભવદુઃખરોગ. ૩૪
બહુ આદરથી રાખજે, મૌન ગ્રહીને તાત !
એવી રીતે વર્તતાં, શમશે સઘળી ઘાત.+ ” ૩૫

* દિશામાં. + પીડાઓ.

સોરઠો.

પામ્યા ગુરુ વિરામ, દઇને બ્રહ્મચિંતામણિ:
મેળવી તે સુખધામ, શિષ્ય વિચારે મનવિષે. ૧

દોહરા.

સકલ શ્રુતિસ્મૃતિ અને, સર્વ પુરાણો જેહ:
સાક્ષાત્ કે પરપરા, બ્રહ્મ નિરૂપે તેહ. ૧
કોઇક ચિત્તશુદ્ધિતણાં, વિવિધ સાધનો કે'ય;
કોઇક મનસ્થિરતાતણો, શુભ ઉપદેશજ દેય. ૨
કોઇક બ્રહ્મસ્વરૂપનું, કરે નિરૂપણ સાર:
સાધન તેની પ્રાપ્તિનાં, કે' અનેક પ્રકાર. ૩
એ રીતે સૌ શાસ્ત્રનુ, લક્ષ્ય બ્રહ્મ અદ્વૈત:
અદ્વૈત બ્રહ્મ સમજાવવા, કહે ક્વચિત્ તે દ્વૈત. ૪
દ્વૈત સર્વને જ્ઞાત છે, તેનો શો ઉપદેશ ?
અદ્વય જીવને જ્ઞાત નહિ, તેનો દે ઉપદેશ. ૫
ભય નાસે નહિ દ્વૈતથી, અદ્વૈતથી ભય જાય:
સર્વ ભયોને ટાળવા, અદ્વૈતજ્ઞાન ઉપાય. ૬
સત્ ચિત્ આનંદ બ્રહ્મ તે, રહ્યું સર્વમાં ગૂઢ:
તેને જ્ઞાની અનુભવે, પણ અનુભવે ન મૂઢ. ૭
સઘળા મતપથોતણું. બ્રહ્મજ લક્ષ્ય જણાય;
ઘણા સગુણ બ્રહ્મ માનતા, કોઇ નિર્ગુણને ચ્હા'ય. ૮
સગુણ નિર્ગુણરૂપ છે, કરતાં માયા દૂર;
ત્યમ આકારો ત્યાગતાં, નિરાકાર ભરપૂર. ૯
જીવઈશનો ભેદ તો, મનમાયાથી થાય;
મનમાયાને ત્યાગતાં, ચેતન એક જણાય. ૧૦
જીવજીવનો ભેદ પણ, ભિન્ન મનોથી થાય;
સર્વ મનોને ત્યાગતાં, ચેતન એક જણાય. ૧૧

નામરૂપ–માયાવડે, જડઈશ ભિન્ન જણાય;
તે બંનેને ત્યાગતાં, એકરૂપ દરશાય. ૧૨
નામરૂપ ને મનવડે, જડજીવ પૃથક્ જણાય;
નામરૂપ મન મૂકતાં, ભેદ ન રહે જરાય. ૧૩
ભિન્ન નામ ને રૂપથી, જડજડ ભિન્ન જણાય;
નામરૂપને ત્યાગતાં, એકરૂપ દરશાય. ૧૪
બાધ થાય જાગ્રતવિષે, જેમ સ્વપ્નના ભેદ:
બાધ થાય તુરીયાવિષે, ત્યમ જાગ્રતના ભેદ. ૧૫
માટીનાં પાત્રોવિષે, માટી એક જણાય;
લોઢાનાં શસ્ત્રોવિષે, એક લોહ દરશાય. ૧૬
વળી સોનાના ઘાટમાં, સોનું એક જણાય;
તેમ નામરૂપોવિષે, એક બ્રહ્મ સિદ્ધ થાય. ૧૭
ગુરુશાસ્ત્રના વચનનો, કરતાં શુદ્ધ વિચાર;
અભેદમાં સ્થિરતા થઇ, વિરમે ભેદ અસાર. ૧૮
હું તું તે આ ભેદ સૌ, કલ્પિત મને જણાય;
બ્રહ્મ અકલ્પિત એક છે, એમ મને સમજાય. ૧૯
ધ્યાન ધરું હું બ્રહ્મનું, કાં કરુ બ્રહ્મવિચાર;
બ્રહ્મચિતામણિ મેળવી, પામું કર્તવ્ય–પાર. ૨૦

સોરઠો.

બ્રહ્મધારણા–ધ્યાન, કરું સમાધિ બ્રહ્મમાં;
થઈ તેમાં એકતાન, અન્ય વૃત્તિઓ દૂર કરું. ૧

મનોહરછંદ.

પવિત્ર એકાંત સ્થાન, બેસી કરે બ્રહ્મધ્યાન,
ત્યજી સરવે દુર્ધ્યાન, શુભ ધ્યાન કરે છે;

તમોગુણે લય થાય, રજથી વિક્ષેપ થાય,
એ બંને દોષો શમાય, એવો યત્ન કરે છે;
મનને જાગ્રત્ કરે, ચંચલતા પરિહરે,
ઉત્સાહ અધિક ધરે, શ્રદ્ધા દૃઢ કરે છે;
મનને પકડનારા, જડતા વધારનારા,
એકાગ્રતા હણનારા, કષાયને હરે છે. ૧
નિષ્કામ શુભકર્મ, કે'વાય પવિત્રધર્મ,
ત્યજી કૃષ્ણ મિશ્ર કર્મ, સદાય તે કરે છે;
બ્રહ્મધ્યાને પ્રેમ બહુ, અન્ય તુચ્છ લાગે સહુ,
તીવ્રવેગ લાવી બહુ, બ્રહ્મધ્યાનં ધરે છે;
તેલતણી ધારા જેમ, મનોવૃત્તિ રાખે તેમ,
હૃદયમાં આણી પ્રેમ, અતિયત્ન કરે છે;
દીર્ઘકાલ નિરંતર, રાખીને અતિ આદર,
બ્રહ્મધ્યાને તતપર. શ્રદ્ધાવડે રહે છે. ૨

ચોપાઈ.

ધ્યાન કરે નિત્ય લાવી પ્યાર, કરે સદા તે બ્રહ્મવિચાર;
વિષયોનું સમરણ જવ થાય, મનમાં ચંચલતા દરશાય. ૧
તવ કરે વિષયે બ્રહ્મભાવ, જેથી ટળે વિષયદેખાવ;
મનની ચંચલતા દૂર થાય, શાંત થયેલું તે દરશાય. ૨
ધાટો હોય વિષય–અનુરાગ, દૂર કરે ધરી દૃઢ વૈરાગ્ય;
દોષદૃષ્ટિ જવ પાકી થાય, તદા વિષયનો રાગ વિલાય. ૩
જો નિજ બુદ્ધિ મદ દરશાય, તો સતસંગતિ કરે સદાય;
પુનઃ પુનઃ અભ્યાસ કરાય, તવ સૂક્ષ્મતા મતિની થાય. ૪

કુતર્કને કાઢે મનબા'ર, તર્ક કરી શ્રુતિને અનુસાર;
યદા શાસ્ત્રમનન દૃઢ થાય, તદા સરવ કુતર્ક વિલાય. ૫
વિપર્યયમાં દુરાગ્રહ હોય, દૃઢ બ્રહ્મધ્યાને નાસે સોય;
દેહાદિમાં આતમજ્ઞાન, દૂર થાય થાતાં બ્રહ્મજ્ઞાન. ૬
જગનું સત્યપણું દૂર થાય, સત્યરૂપ જવ બ્રહ્મ જણાય;
થાય ભૂતપ્રતિબંધનો નાશ, વર્તમાનનો થાય વિનાશ. ૭
એ પ્રતિબંધ દૂર જવ થાય, ત્યારે બ્રહ્મરૂપ દરશાય;
બધે બ્રહ્મનો અનુભવ થાય, સંશય શોક અજ્ઞાન વિલાય. ૮
બ્રહ્મચિંતામણિ આવ્યો હાથ, સર્વ દુઃખનો છૂટયો સાથ;
જ્ઞાતવ્ય ન રહ્યું હવે લગાર, ઇચ્છિત પ્રાપ્ત થયું અતિસાર. ૯
લૌકિક કર્તવ્ય ન રહ્યું લેશ. સ્વર્ગતણું કર્તવ્ય ન શેષ;
ચિત્તશુદ્ધિના જેહ ઉપાય, તે કરવા નવ રહ્યા જરાય. ૧૦
મન સ્થિર કરવાનું જે કામ, તે પણ પૂરું થયું તમામ;
શ્રવણમનનનું ન રહ્યું કામ, નિદિધ્યાસનથી મન ઉપરામ. ૧૧

દોહરો.

બ્રહ્મચિંતામણિ મેળવી, તે પામ્યો દુઃખપાર;
પામ્યો પરમાનંદને, તૃપ્તિ થઇ અપાર. ૧



ત્રણ ગુણને વશ કરનાર ને અજ્ઞાનને હણનાર.

ॐ

॥ अंक पंचावनमो ॥

॥ जीववर्मानी बे प्रकारनी स्थिति ॥

આશીર્વાદરૂપ મંગલ.

દોહરો.

જીવવર્માનાં દુઃખ ગયાં, પામ્યો પરમાનંદ;
તેમ પરમસુખ પામીને, છોડો સૌ દુઃખફંદ. ૧

વિશ્વારણ્યનું, શરીરપુરનું ને રાજા જીવવર્મા આદિનું વર્ણન.

દોહરા.

વિચિત્ર વિશ્વારણ્ય એક, દશ દિશમાંહી જણાય:
નિશદિન દાવાનલ બળે, તાપવડે દુઃખ થાય. ૧
તેમાં શરીરપુર એક, મલિન વસ્તુની ખાણ.
પચભૂત મુનિ[1] ધાતુથી, બંધાયેલું જાણ. ૨
અલ્પકાલ રે'નાર એ, બદલાયે બહુ વાર;
ઉપર રમ્ય જણાય પણ, અંતર અતિ અસાર. ૩
રાજા જીવવર્મા તહાં, કરે અહોનિશ રાજ;
પણ પ્રધાનનું બલ બહુ, નામમાત્ર મહારાજ. ૪
રાજાને બે રાણીઓ, સુમતિ કુમતિ નામ;
કુમતિનું બલ અતિઘણું, સુમતિ નબળી તમામ. ૫

---

૧ સાત.

મનોવર્મા પરધાનની, સત્તા બહુ દેખાય;
શરીરપુરમાં સર્વદા, તેનું ધાર્યું થાય. ૬
દ્વારપાલિકા દશ વસે, પુરનાં જ્યાં દશ દ્વાર;[1]
પ્રધાન રાજા અનુસરે, તે દશને બહુ વાર. ૭
દ્વારપાલિકાઓ સદા, વિશ્વારણ્યને ચા'ય;
ખેંચી પ્રધાન-રાયને, તેહભણી સૌ ધાય. ૮
પ્રધાનને બે પત્નીઓ, **બાહ્યદૃષ્ટિ** એક નામ;
બીજી **આંતરદૃષ્ટિ** તે, સૌ શુભગુણનું ધામ. ૯
બાહ્યદૃષ્ટિપર મંત્રીની, બહુ પ્રીતિ દરશાય;
કપટી દુઃખદાતા છતાં, જાણે સુખદ સદાય. ૧૦
આંતરદૃષ્ટિ બહુ ભલી, છતાં ન તેને ચા'ય;
મળે કદી તેને છતાં, વહાલ ન કરે જરાય. ૧૧
દ્વારપાલિકાઓપ્રતિ, **બાહ્યદૃષ્ટિની** પ્રીત;
પ્રધાનને વશ રાખવા, યત્ન કરે બહુ રીત. ૧૨
કુમતિની સત્તાવડે, થયો નૃપતિ અતિદીન;
બાહ્યદૃષ્ટિ કુમતિ તથા, મંત્રીનેજ અધીન. ૧૩

મનોવર્મા-પ્રધાનનાં સંતાનો.

બાહ્યદૃષ્ટિથી મંત્રીને, થયાં વીશ સંતાન;
મોહ[1] **ભેદબુદ્ધિ**[2] અને, **રમણીયતાનું** ભાન.[3] ૧૪
કામ[4] કર્મ[5] ને ક્રોધ[6] વળી, [7]લોભાલસ્ય[8] પ્રમાદ;[9]
અવ્યવસ્થા[10] **અશ્રદ્ધા**,[11] **દીર્ઘસૂત્રતા**[12] નામ. ૧૫
સંશય[13]**મદ**[14]**મત્સર**[15]**તથા, દંભ**[16]**ભય**[17]**અને શોક;**[18]
હાસ્ય[19] અને **આશ્ચર્ય**[20] એ, મૂકાવે છે પોક. ૧૬

---

૧ ગોલક.

દ્વારપાલિકાઓ અને, બાહ્યદૃષ્ટિનું જોર:
ને વીશ સંતાનોતણો, જબરો ચાલે દોર. ૧૭
પ્રધાનને દુ:ખ દે બહુ, રાજા પણ દુ:ખી થાય;
શરીરપુર વ્યાકુલ રહે, શાંતિ ક્યાંઇ ન જણાય. ૧૮
આંતરદૃષ્ટિને થયાં, રૂડાં વીશ સંતાન:
પોષણ મળે ન તેમને, થાય બહુ હેરાન. ૧૯
પ્રધાન પ્રીત ન રાખતો, નૃપ નવ રાખે પ્રીત,
બાહ્યદૃષ્ટિનો દ્વેષ બહુ, નભાય ત્યાં શી રીત ? ૨૦
મોહાદિ જે બાળકો, તે પણ રાખે દ્વેષ;
મન્ત્રિનૃપની આગળે, જોર ન ચાલે લેશ. ૨૧
સુમતિનું ચાલે નહિ, તેથી સાહાય્ય ન થાય:
સ્થિર રહી જોયા કરે, દિવસ ખેદમાં જાય. ૨૨
વિવેક[૧] અભેદજ્ઞાન[૨] ને, તુચ્છપણાનું ભાન:[૩]
વસ્તુવિચાર[૪] શાંતિ[૫] ક્ષમા,[૬] ને ઔદાર્ય[૭] મહાન. ૨૩
ઉદ્યોગ[૮] દક્ષતા[૯] શીઘ્રતા,[૧૦] વ્યવસ્થા[૧૧] ને વિશ્વાસ;[૧૨]
નિશ્ચય[૧૩] વિનય[૧૪] સમપણું,[૧૫] વળી આરજવ[૧૬] ખાસ. ૨૪
અભય[૧૭] અને પ્રસન્નતા,[૧૮] ગભીરતા[૧૯] ને સ્થૈર્ય;[૨૦]
એ વીશ સુંદર બાળકો, રહ્યાં રાખીને ધૈર્ય. ૨૫

રાજા જીવવર્માની સ્થિતિ.

જીવવર્માના દુ:ખતણો, કહે ન આવે પાર;
દુ:ખીઓ રે' તે સર્વદા, કરતો અતિપોકાર. ૨૬
કાયરતાના દોષથી, કરે ન યોગ્ય ઉપાય;
તેથી દુ:ખ ટળે નહિ, પડ્યો પડ્યો રીબાય. ૨૭

પ્રધાન પણ વ્યાકુલ સદા, વરતે ભૂલી ભાન;
દુઃખને સુખરૂપ માનીને, થાય સદા હેરાન. ૨૮
કુમતિ અળગી નવ કરે, સુમતિને નવ ચા'ય;
બાહ્યદૃષ્ટિ ને મત્રીને, રાખે વશ ન જરાય. ૨૯
દ્વારપાલિકાઓતણી, સત્તા બહુ દેખાય;
બાહ્યદૃષ્ટિના બાળનું, જબરુ જોર જણાય. ૩૦
એ ચારેની કુચાલથી, નૃપને બહુ દુઃખ થાય;
જાતે યત્ન કરે નહિ, દુઃખ શી રીતે જાય? ૩૧

રાજા જીવવર્માને તેના પૂર્વપુણ્યવશાત્ અકસ્માત્ શ્રીશિવશર્માનાં દર્શન થયાં, ને તેણે તેમની સમીપ પોતાની દુઃખપૂર્ણ સ્થિતિ કહી કૃપા કરવાની પ્રાર્થના કરી.

એક સમય નૃપ દુઃખથકી, કરતો હતો પોકાર;
ત્યાં **શ્રીશિવશર્મા** મળ્યા, નમ્યો લાવી બહુ પ્યાર. ૩૨
પૂર્વજન્મના પુણ્યથી, શ્રદ્ધા ઉપજી અપાર;
આ મારા દુઃખ ટાળશે, એવો થયો વિચાર. ૩૩
તેઓશ્રીની આગળે, ભાખ્યું નિજ દુઃખ રાય;
"હુ બહુ દુઃખીઓ છુ પ્રભો ! કૃપા કરો જગરાય ! ૩૪
જાગ્રત્માં દુઃખીઓ સદા, સ્વપ્નવિષે પણ તેમ;
ગૂઢ દુઃખ સુષુપ્તિમાં, આગ ધુણીમાં જેમ. ૩૫
કુમતિ અવળી ચાલતી, મંત્રિગતિ વિપરીત:
બાહ્યદૃષ્ટિ પણ એ રીતે, ચાલે ઊલટી રીત. ૩૬
દ્વારપાલિકાઓ સદા, ઉન્મત્તજેવી જણાય;
વિનાપ્રયોજન ભટકતી, સ્વસ્થ ન થતી જરાય. ૩૭

બાહ્યદૃષ્ટિનાં બાળકો, આપે દુઃખ અપાર;
સારું ગમે ન કોઇને, સૌને ગમે અસાર. ૩૮
સીમા મુજ મૂર્ખાઇની, માપી નહિ મપાય:
હિતશત્રુને વશ થઈ, ઇચ્છું સુખ સદાય. ૩૯
એ પાપી સમજાવતાં, મુજને અવળી વાત:
હુ મૂરખ નવ સમજતો, કરતો મમ હિતઘાત. ૪૦
એને વશ વરત્યો સદા, હું અતિમઢ અજાણ;
મર્યાદા સૌ મૂકીને, ખોદી અઘની ખાણ. ૪૧
દુઃખનાં ઉપકરણો દઇ, કે' સુખસાધન સાર.
હું તે સાચું માનીને, થાતો બહુજ ખુવાર. ૪૨
મોટી ભૂલો બહુ કરી, વીતાડચો બહુ કાલ;
થાકચો બહુ દુઃખ ભોગવી, થયો બહુજ બેહાલ. ૪૩
સત્યસુખને જાણ્યું નહિ, બૂડચો દુઃખકૂપમાંય;
મારગ સત્યસુખનો મને, નથી જણાતો ક્યાય. ૪૪
લૂટ્યો એ સૌ પાપીએ, શુભ ન રહ્યું મમ પાસ;
મારી આ સ્થિતિ જોઇને, મમ મન થયું ઉદાસ. ૪૫
એ દુષ્ટોનો નવ કર્યો, હૃદયથકી ધિક્કાર:
બહાર તજું અંતર ભજુ, એવો છેક ગમાર. ૪૬
મીઠી કપટી મોહિની, તેનું વ્યાપ્યું ઝેર;
મૈત્રી ત્યજી ન તેમની, આણીને દઢ વેર. ૪૭
પક્ષ ઉડાણે એમનો, ત્યાં ક્યાં સુખની આશ ?
અભાવ સુદઢ આવ્યો નહિ, છૂટ્યો નહિ દુઃખપાશ. ૪૮
પ્રતિજ્ઞાઓ પાળી નહિ, રહ્યો ન દઢ હું લેશ;
પલ પલ વિચાર ફેરવી, નીચે ગયો હમેશ. ૪૯

કદી દોષદર્શનવડે, કરુ તેમનો ત્યાગ;
વળી ભજુ હું તેમને, લાવી દઢ અનુરાગ. ૫૦
મારુ ઠેકાણું નહિ, ગોળ સીસાની પેઠ;
શુભકર્મ જો હું કરુ, તોપણ જાણે વેઠ. ૫૧
શું મોઢુ લઇ આવુ હું, પ્રભો ! આપની પાસ;
શુ મોઢુ લઇ બોલું હુ, થઉ છું અતિ ઉદાસ. ૫૨
ભૂલો મુજ જોશો નહિ, હે અનાથના નાથ !
આપ દયાલુ ઉદાર થઇ, પકડો મારો હાથ. ૫૩
ચરણકમલ જે આપનાં, પરમપવિત્ર ગણાય;
કરવા સ્પર્શ તેમનો, રહ્યો ન યોગ્ય જરાય. ૫૪
દયાદષ્ટિ જે આપની, જનનું કરે કલ્યાણ;
કિરણ ફેંકીને તેતણુ, તારો મને સુજાણ !" ૫૫

જીવવર્માપ્રતિ શ્રીશિવશર્માનાં ઉપદેશવચનો.

શ્રીશિવશર્મા બોલીઆ, દયાયુક્ત શુભ વેણ;
"સુણ જીવવર્મા ! વચન મમ, જે છે અતિ સુખદેણ. ૫૬
કુમતિને તું દૂર કર, કર સુમતિપર હેત;
સુમતિસંગ રેંજે સદા, થઇને બહુજ સચેત. ૫૭
આવે નહિ કુમતિ કદી, એમ રાખજે ધ્યાન;
લેશ પ્રમાદી નવ થજે, ભૂલી કર્તવ્યભાન. ૫૮
સુમતિના સહવાસથી, વધશે તારુ જોર;
મંત્રી આદિ વશ થશે, ત્યજીને ખોટો તોર. ૫૯
સંત્રીને ઝટ કેદ કર, બાહ્યદષ્ટિ કર કેદ;
આદર આંતરદષ્ટિને, દઇ ટાળ નિજ ખેદ. ૬૦

સુમતિ–આંતરદૃષ્ટિને, તું દેજે બહુ માન;
દ્વારપાલિકાઓતણું, ત્યજાવજે તોફાન. ૬૧
બાળક આંતરદૃષ્ટિનાં, તેની લેજે સાર;
માન વધારી તેમનું, કરજે તેપર પ્યાર. ૬૨
સુમતિ–આંતરદૃષ્ટિથી, જો તેને પાળીશ;
વધતાં બલ તેઓતણું, તારાં દુઃખ ટાળીશ. ૬૩
કુમતિ ને પરધાનના, બલનો થતાં વિનાશ;
બાહ્યદૃષ્ટિ નિજ બલ સજી, અંતે થશે હતાશ. ૬૪
દ્વારપાલિકાઓતણો, કુવેગનો થઇ નાશ;
સ્થિરતા સઘળી સેવશે, મફી ખોટી આશ. ૬૫
વિવેકાદિ જે બાલકો, તેનું વધશે જોર;
મોહાદિકને મારશે, થઇને બહુજ કઠોર. ૬૬
વિવેક હણશે મોહને, અભેદથી ભિદ્નાશ.
કુત્સિતતાના જ્ઞાનથી, થશે રમ્યતા–નાશ. ૬૭
વસ્તુવિચારજ કામનો, કરશે પૂરો નાશ;
ઉદાસીનના કર્મનો, દેશે કરી વિનાશ. ૬૮
ક્ષમા વેગથી આણશે, ક્રોધદ્વેષનું મોત;
ઔદાર્યતૃપતિ લોભને, હણશે તૃષ્ણાસોત. ૬૯
ઉદ્યોગથી આળસતણો, થાશે શીઘ્ર વિનાશ;
સાવધાનતાથી થશે, પ્રમાદકેરો નાશ. ૭૦
તુરત કામ કરવાતણો, વેગ ઉદય જવ થાય;
દીર્ઘસૂત્રતાને હણે, ફરી ન બેઠી થાય. ૭૧
વ્યવસ્થા અવ્યવસ્થાતણો, આણે પૂરો અંત;
શ્રદ્ધા અશ્રદ્ધા હણે, લેશ ન ખેદ રહંત. ૭૨

નિશ્ચય સંશયને હણે, વિનયવડે મદનાશ;
સમત્વ મત્સરને હણે, આર્જવ દંભવિનાશ. ૭૩
દુઃખપ્રદ ભયને અભય તો, હણશે રૂડી રીત;
પ્રસન્નતા વેગે હણે, દુઃખદ શોક વિપરીત. ૭૪
ગંભીરતાથી હાસ્યનો, તુરત આવશે અંત;
હણશે સ્થૈર્ય આશ્ચર્યને, એ તું જાણ સિદ્ધત. ૭૫
આ વચનો સત્ય માનીને, જો તું યત્ન કરીશ;
તો તું શાંતતૃપ્ત થઈ, દુઃખોદધિ તરીશ. ૭૬
ઉત્સાહ અતિશય રાખજે, કટાળીશ નહિ લેશ;
સર્વ રિપુના નાશથી, સુખરૂપ રહીશ હમેશ. " ૭૭

જીવવર્માએ કરેલી પ્રવૃત્તિ.

શિવશર્મા એમ બોલીને, પામ્યા અંતરધાન:
જીવવર્માને તવ થયું, કર્તવ્યકેરુ ભાન. ૭૮
શિવશર્માના કથનનો, કર્યો ઘણોજ વિચાર;
એ પરમાણે ચાલવા, તે ઝટ થયો તૈયાર. ૭૯
સુમતિનો આદર કર્યો, બોલી વચન રસાલ:
કુમતિને ઝટ પરિહરિ, સમજીને નિજ કાલ. ૮૦
સાહાય્ય લઇ સુમતિતણું, કર્યો મંત્રીને કેદ;
બાહ્યદષ્ટિને કેદમાં, નાંખી ટાળ્યો ખેદ. ૮૧
દ્વારપાલિકાઓતણો, મદનો કીધો નાશ;
સોંપી સુમતિ રાણીને, જેથી રે' ન કચાશ. ૮૨
આંતરદષ્ટિનો નૃપે, કર્યો ઘણો સત્કાર.
મંત્રી શરણે આવતાં, કર્યો કેદથી બહાર. ૮૩

" આજ્ઞા પાળીશ આપની, **શ્રીસુમતિની** તેમ:
બાહ્યદૃષ્ટિ ને કુમતિથી, રૈશ ઉદાસ સપ્રેમ. ૮૪
દ્વારપાલિકાને કદી, પ્રેરીશ નહિ કુપથ;
હું પણ ધીરજ રાખીને, ચાલીશ સદા સુપથ. ૮૫
આંતરદૃષ્ટિપર સદા, રાખીશ પૂરો પ્યાર;
તેનાં સૌ બાળકતણો, કરીશ બહુ સત્કાર." ૮૬
મંત્રીની વિનતિ સુણી, નૃપ નિજ મનમોઝાર:
બહુ પ્રસન્ન થયો અને, આપ્યો નિજ અધિકાર. ૮૭
પુનઃ મંત્રિપદ પામતાં, થયો પ્રસન્ન અપાર;
સુમતિ-**આંતરદૃષ્ટિની**, મદદે તજ્યુ અસાર. ૮૮
બાહ્યદૃષ્ટિનાં બાળકો, લાગ્યાં સૌ દુઃખદેણ;
આંતરદૃષ્ટિની પ્રજા, સૌ લાગી સુખદેણ. ૮૯
બાહ્યદૃષ્ટિની ઉપરે, રહ્યો ન પ્રેમ લગાર:
આંતરદૃષ્ટિ-ઉપરે, વાધ્યો પ્રેમ અપાર. ૯૦
બાળક **આંતરદૃષ્ટિનાં**, થયાં બહુ બલવાન્.
બાહ્યદૃષ્ટિનાં બાળકો, બલહીન થયાં નિદાન. ૯૧

આંતરદૃષ્ટિનાં બાળકોની પ્રવૃત્તિ.

સત્યાસત્યની જે સમજ, તેજ વિવેક ગણાય:
એ વિવેકના ઉદયથી, સર્વ યથાર્થ જણાય. ૯૨
માયા માયાકાર્ય સૌ, મિથ્યા એમ જણાય;
એક અદ્વિતીય બ્રહ્મનું, સત્યપણું સમજાય. ૯૩
એ વિવેક અતિશૂર છે, ધરે ન અન્યની શંક;
ટાળે મિથ્યા સમજને, થઈને અતિ નિઃશંક. ૯૪

દેહાદિ છે આતમા, આ જગ છે સદ્રૂપ:
એવી અવળી જે સમજ, તેજ મોહનું રૂપ. ૯૫
અજ્ઞાન અવિદ્યા ભ્રાંતિ તે, વળી અવિવેક વદાય:
મિથ્યાજ્ઞાન પણ એજ છે, જે દુઃખમૂલ ગણાય. ૯૬
શૂર વિવેકે વેગથી, કર્યો મોહનો નાશ·
ભેદજ્ઞાનાદિ બાળકે, છોડી જીવન–આશ. ૯૭
અહિં એક બ્રહ્મ સત્ય છે, નથી માયા સંસાર:
એમ વિવેકે મોહને, હણ્યો ન લાગી વાર. ૯૮
જેમ સૂર્યના ઉદયથી, દૂર થાય અંધકાર:
તેમ વિવેકના ઉદયથી, નાશ્યો મોહ અસાર. ૯૯
અધિષ્ઠાનમાં ભેદ નહિ, ઉપાધિમાં સૌ ભેદ:
હું તું તે આ સૌ અસત્, સાચો એક અભેદ. ૧૦૦
એમ અભેદે આવીને, કર્યો ભેદનો નાશ:
અખંડૈકરસ બ્રહ્મનો, જ્યા ત્યાં કર્યો પ્રકાશ. ૧૦૧
વિષયો નહિ રમણીય પણ, અસત્ તુચ્છ દુઃખરૂપ,
એમ સમજ આવે થઇ, વિષયરમ્યતા ચૂપ. ૧૦૨
વિષયો રમણીય છે નહિ, નથી ઉપકારક લેશ:
સુખનાં સાધન તે નથી, છે દુઃખસાધન બેશ. ૧૦૩
વિષયરમ્યતાનો થયો, એવી સમજે નાશ;
વસ્તુવિચારે કામનો, આવી કર્યો વિનાશ. ૧૦૪
પરમાનંદ ને પરમશુચિ, અસંગ બ્રહ્મ ભરપૂર;
સૌનું સત્યસ્વરૂપ તે, નથી લગારે દૂર. ૧૦૫
અશુચિ દુર્ગંધમય તનુ, તહાં પ્રતીત ન થાય;
મિથ્યા કુત્સિત દેહમાં, રાગ ન ઘટે જરાય. ૧૦૬

બ્રહ્મતનુ એ વસ્તુનો, આવ્યો યોગ્ય વિચાર;
એ વિચારે કામને, હણ્યો ન લાગી વાર. ૧૦૭
પલે પલે સામો થતો. છલબલ કરી અપાર:
મહાપાપી મહાનીચ તે, તૃપ્ત કદી ન થનાર. ૧૦૮
રમણીય કે' એ તુચ્છને, દુઃખને કે' સુખરૂપ;
ઢાંકે દુર્ગંધ મલિનતા, મહાનીચનો ભૂપ. ૧૦૯
અતિ આકર્ષણ તે કરે, અસારને કે' સાર:
અવળું સમજાવ્યા કરે, વચકનો સરદાર. ૧૧૦
દેશ કાલ કર્તવ્યનું, સદ્ય ભૂલાવી ભાન:
જોડે નિંદ્ય પ્રવૃત્તિમાં, કરી તુરત એકતાન. ૧૧૧
એવું પાપ એકે નથી, જે ન કરાવે કામ:
એને વશ જે થાય તે, ભૂલે ભાન તમામ. ૧૧૨
ધૈર્ય દક્ષતા સાથ લઇ, આવ્યો વસ્તુવિચાર:
ત્યારે તે બલહીન થઇ, વિનાશ પામ્યો માર. ૧૧૩
શબ્દસ્પર્શાદિ વિષય સૌ, લાગ્યા પછી અસાર:
ભોગેચ્છા સઘળી શમી, આવી શાંતિ અપાર. ૧૧૪
પ્રાપ્તિ કરવા ભોગ્યની. થતી પ્રવૃત્તિ જેહ:
કર્મપદની વાચ્ય જે, હણી તૃપ્તિએ તેહ. ૧૧૫
મહાપરિતાપક ક્રોધ જે, સર્પસમાન ગણાય:
તનમનને બાળે બહુ, વળી ધુજાવે કાય. ૧૧૬
કંક પ્રતિકૂલ આવતાં, પ્રકટાવે નિજ રૂપ;
અવળુ કરવા અન્યનું, ચહે મૂઢનો ભૂપ. ૧૧૭
તનમનને વ્યાકુલ કરે, ભૂલાવે સુવિચાર:
દુષ્ટ કર્મ ને વચનમાં. જોડે તે ચડાલ. ૧૧૮

શૂરી ક્ષમાએ આવીને, કર્યો ક્રોધનો નાશ;
શીતલતા પસરી ગઈ, પામ્યો તાપ વિનાશ. ૧૧૯
સહનશીલતા ને દયા, ત્યારે વધ્યાં અપાર;
વેર લેવાની વૃત્તિ ને, દ્વેષ ન રહ્યાં લગાર. ૧૨૦
અતિતૃષ્ણા જે ધનતણી, તથા કૃપણતા જેહ;
લોભનામે પ્રસિદ્ધ એ, પાપમૂલ છે તેહ. ૧૨૧
લોભતણે વશ થાય તે, કરે બહુવિધિ પાપ;
ભાઇ–ભગિનીને તે હણે, હણે મિત્ર–માબાપ. ૧૨૨
ભ્રષ્ટ કરે તે ધર્મથી, છોડાવે આચાર;
જૂઠ–ચોરીમાં જોડતાં, વાર ન કરે લગાર. ૧૨૩
સંતોષ ને ઉદારતા, આવ્યાં થઇ તૈયાર:
તૃષા–લોભને મારતાં, લેશ ન લાગી વાર. ૧૨૪
ઉદ્યોગે આળસતણો, આવી કર્યો વિનાશ;
સાવધાનતાથી થયો, પ્રમાદકેરો નાશ. ૧૨૫
ત્વરાએ આવી કર્યો, દીર્ઘસૂત્રતા–નાશ;
વ્યવસ્થાથી અવ્યવસ્થા, પામી તુરત વિનાશ. ૧૨૬
સાત્ત્વિકી–શ્રદ્ધાવડે, થયો અશ્રદ્ધા–નાશ;
કર્યો મહાશૂર નિશ્ચયે, સંશયતણો વિનાશ. ૧૨૭
સમભાવે મત્સર હણ્યો, વિનયથકી મદનાશ:
હણ્યો આર્જવે દંભને, અભયે ભયનો નાશ. ૧૨૮
પ્રસન્નતાએ વેગથી, કર્યો શોકનો નાશ:
ગંભીરતાથી હાસ્યની, છૂટી જીવન–આશ. ૧૨૯
સ્થિરતાએ આવી કર્યો, અચરજતણો વિનાશ;
માયાનું રૂપ જાણતાં, નહિ અચરજ–અવકાશ. ૧૩૦

માયામાં સૌ સંભવે, એ નિશ્ચય દૃઢ થાય;
ડગમગ મનમાં નવ રહે, એ સ્થિરતા કે'વાય. ૧૩૧

વિવેકાદિના વિજયપછી બાહ્યદૃષ્ટિ આદિની સ્થિતિ.

બાહ્યદૃષ્ટિનાં બાળકો, પામ્યાં સર્વ વિનાશ;
બાહ્યદૃષ્ટિએ પણ હવે, તજી જીવનની આશ. ૧૩૨
દ્વારપાલિકાઓતણું, બલ નવ લેશ જણાય.
સુમતિ આંતરદૃષ્ટિ જ્યાં, પ્રેરે ત્યાં તે જાય. ૧૩૩
હવે **આંતરદૃષ્ટિતણું**, શુભબલ વધ્યુ અપાર;
તે પાપી સૌ દૂર થયાં, હતાં વિઘ્ન કરનાર. ૧૩૪
રીત **મનોવરમા**તણી, નવલી હવે જણાય;
મનોવર્મા આ એ નહિ, એવો નિશ્ચય થાય. ૧૩૫
શુભગુણ તેમાં ઝળકતા, દોષ ન લેશ જણાય;
સ્થિતિ તેની આ જોઇને, સૌ આનંદિત થાય. ૧૩૬
આંતરદૃષ્ટિ શોભતી, નિજ શુભ બાળકસાથ;
દ્વારપાલિકાઓ સુખી, થઈ તનપુરસંગાત. ૧૩૭
સુમતિને બહુ શાંતિ થઇ, ક્ષોભ ન રહ્યો લગાર;
જીવવર્માના સુખતણો, કે'તાં નાવે પાર. ૧૩૮

વિવેકાદિના વિજયપછી જીવવર્માની સ્થિતિ.

આધ્યાત્મિક દુઃખો ગયાં, આધિભૌતિક—નાશ;
આધિદૈવિક પામિયાં, મૂલસહિત વિનાશ. ૧૩૯
દુઃખાતીત સ્વરૂપમાં, નહિ દુઃખનો લેશ;
એ અનુભવના ઉદયથી, દૂર થયા સૌ ક્લેશ. ૧૪૦
પોતાના બ્રહ્મરૂપનો, અનુભવ થાય સદાય;
નિરુપાધિક બ્રહ્મસુખ સદા, નિરાવરણ દરશાય. ૧૪૧

પ્રારબ્ધરૂપ ઉપાધિથી, જગની પ્રતીતિ થાય;
જેમ સૂર્યના કિરણથી, મિથ્યા જલ દેખાય. ૧૪૨
મોહલેશ ને વાસના,-લેશતણો સદ્ભાવ.
તેથી અસંગ બ્રહ્મમાં, મિથ્યા જગ-દેખાવ. ૧૪૩
દશ દિશા ને કાલત્રય, દેખે છે બ્રહ્મરૂપ.
જડજીવ જે તેમાં રહ્યાં, તે દેખે તદ્રૂપ. ૧૪૪
દેખે સર્વત્ર સર્વદા, એકજ બ્રહ્મસ્વરૂપ;
પોતાને પણ સર્વદા, દેખે છે તે રૂપ. ૧૪૫
અપૂર્વ અદ્ભુત બ્રહ્મસુખ, તેનો અનુભવ થાય.
રોમરોમમાં શાંતિ ને, તૃપ્તિ સદા જણાય. ૧૪૬
શાંત તેજ અવ્યય અચલ, પરમાનંદસ્વરૂપ;
હું તુ તે આ સર્વમાં, જુએ એક તે રૂપ. ૧૪૭
મૂલાવિદ્યા નાશ થઇ, તૂલાવિદ્યા-નાશ·
સમષ્ટિમાં ને વ્યષ્ટિમાં, ભાળ્યો બ્રહ્મપ્રકાશ. ૧૪૮
સર્વ ભેદ મિથ્યા થયા, થતાં ઉપાધિ-બાધ.
અભેદનો અનુભવ થયો, જે નિરુપાધિ અબાધ. ૧૪૯

જીવવર્માના ઉદ્ગારો.

" હું વ્યાપ્યો છું સર્વમાં, મુજમાં સૌ સંસાર:
એમ છતાં અસંગી હું, લેપાઉં ન લગાર. ૧૫૦
અસંગી મારા રૂપમાં, ઇંદ્રજાલ-સંસાર:
મિથ્યા અનુભવું હું સદા, સત્ય ન જોઉં લગાર. ૧૫૧
અહંકાર ધીવૃત્તિ ને, ઇંદ્રિય તન ને દશ્ય;
અસંગ પ્રકાશક સર્વનો, રહુ હું સદા અદશ્ય. ૧૫૨

સત્ ચિત્ આનંદરૂપ હું, અસંગ વિભુ અવિકાર:
અક્રિય શોકરહિત સદા, નિર્ભય નિર્દુઃખ સાર. ૧૫૩
સ્પૃહા ન મુજમાં દૃશ્યની, નહિ મુજમાં જગખેદ;
લેશ સંબંધ ન દૃશ્યથી, પામ્યો મહાનિર્વેદ. ૧૫૪
જ્ઞાતવ્ય સુદૃઢ જાણ્યું ને, પ્રાપ્ત કર્યું પ્રાપ્તવ્ય:
અવિદ્યાદિ સૌ દૂર થયાં, હણ્યું સર્વ હાતવ્ય. ૧૫૫
કર્તાપણું ભોક્તાપણું, વળી પ્રમાતૃભાવ:
સુખીપણુ ને દુઃખીપણું, તેનો થયો અભાવ. ૧૫૬
મારા શુદ્ધસ્વરૂપમાં, તે એકે ન જણાય:
હું પ્રકાશક તેમનો, એવો અનુભવ થાય. ૧૫૭
લૌકિક કર્તવ્ય નવ રહ્યું, કરવુ હવે લગાર;
વૈદિક સૌ કર્તવ્યનો, પામ્યો પૂરો પાર. ૧૫૮
પૂર્ણ કૃતારથ હું થયો, નથી કશાની આશ:
સકલ વાસનાઓ શમી, પામ્યો પદ અવિનાશ. ૧૫૯
મારી અપાર તૃપ્તિની, ઉપમા કેમ અપાય ?
ધન્ય ધન્ય હું ધન્ય હું, એમજ સદા વદાય. ૧૬૦
મહાસાગર અમૃતતણો, દશ દિશ ભરિયો હોય:
તેમાં જેમ ક્રીડા કરે, મીન સુભાગી કોય. ૧૬૧
બ્રહ્મરૂપ મહાસાગરે, મારુ મન પણ તેમ:
રાતદિવસ ક્રીડા કરે, તે સુખ કે'વું કેમ ? ૧૬૨
વાણીથી સદ્ગુરુતણો, મહિમા કહ્યો ન જાય;
નિર્વિશેષ સ્વરૂપનું, વર્ણન કેમ કરાય ? ૧૬૩
દેહધારી દેખાય પણ, રહે પરાને પાર;
માયા ને પંચભૂતનો, સ્પર્શ ન કરે લગાર. ૧૬૪

માયા–માયાકાર્યનો, આપ સદા આધાર;
નિરાધાર પોતે રહે, શુદ્ધ અસંગ અપાર. ૧૬૫
વર્ણાશ્રમ ને લિંગનું, નહિ અભિમાન લગાર;
ગુણધર્મનો સંગ નહિ, પુણ્યપાપથી બાર. ૧૬૬
સાક્ષિરૂપે રે' સદા, દે અદ્‌ભુત ઉપદેશ,
સમભાવે વરતે સતત, નહિ રાગ નહિ દ્વેષ. ૧૬૭
ઈશરૂપે વેવારની, કરતા ક્રિયા જણાય;
ક્યારેક બ્રહ્મસ્વરૂપમાં, સ્થિર થયા દેખાય. ૧૬૮
કદી બ્રહ્મચિંતન સત્ક્રિયા, કરતા પ્રતીત થાય;
એમ સ્વપર–પ્રારબ્ધથી, તનમનસ્થિતિ જણાય. ૧૬૯
એકજ અદ્વૈતતત્ત્વનો, દે અદ્‌ભુત ઉપદેશ;
અચરજરૂપ એ શાસ્ત્રને, હો મુજ નમન હમેશ. ૧૭૦
દૂર કરે પરતંત્રતા, દૂર કરે સૌ કલેશ;
જીવને પરમસુખી કરે, દઈ સુંદર ઉપદેશ. ૧૭૧
શાસ્ત્ર પાજ ભવસિંધુની, સુદૃઢ રમ્ય ગણાય;
એ પાજે ચઢવાથકી, આ ભવસિંધુ તરાય. ૧૭૨
મહિમા અદ્વૈતજ્ઞાનનો, મુખથી કહ્યો ન જાય;
જે જ્ઞાને ભયદુઃખ ટળે, પ્રાપ્ત પરમપદ થાય. ૧૭૩
અચરજરૂપ શ્રીસદ્‌ગુરુ, સુશાસ્ત્ર અચરજરૂપ;
સુજ્ઞાન અચરજરૂપ ને, બ્રહ્મસુખ અચરજરૂપ. ૧૭૪
અપરિચ્છિન્ન પદવિષે, પામ્યો સદા વિરામ;
દૃશ્ય સર્વ મુજમાં શમ્યું, થયો હું પૂરણકામ. ૧૭૫
કલ્પક–ચિત્ત–મુજમાં શમ્યું, કલ્પ્ય–ચૈત્ય–સંસાર;
એ પણ મુજમાંહે શમ્યો, રહ્યું ન દ્વૈત લગાર."

ૐ

॥ अंक छपनमो ॥

॥ आत्मदेवने पुनः स्वाराज्यप्राप्ति ॥

વસ્તુનિર્દેશરૂપ મંગલ.

દોહરો

આત્મદેવ સૌ જીવ આ, મહાનિદ્રા અજ્ઞાન,
તે ગયે સ્વારાજ્ય મળે, જે સુખરૂપ મહાન. ૧

આત્મદેવને અંધકાસુરાદિએ સ્વારાજ્યથી ભ્રષ્ટ કર્યા જેવા કર્યા.

સોરઠા.

આત્મદેવ મહારાજ, સ્વારાજ્યે આરૂઢ હતા.
સૌના તે શિરતાજ, શત્રુ કોઇ હતો નહિ. ૧
રે'તા શાંત સદાય, વ્યાકુલતાનો લેશ નહિ:
નો'તું દુઃખ જરાય, પરમાનંદે રાજતા. ૨
વાણીથી ન વર્ણાય, અનુપમ વૈભવ એમનો;
તેના સદૃશ ગણાય, એવું કોઇજ હતુ નહિ. ૩
અકસ્માત્ એક વાર, આવી નિદ્રા[૧] એમને;
અતિ અનર્થ તે વાર, આવીને ઊભો થયો. ૪
આવ્યો અંધક–અસુર,[૨] એકાએક ક્યાંઇથકી;
વ્યાપ્યુ તમસ પ્રચુર, કાંઇજ સૂઝ પડે નહિ. ૫

૧ સ્વરૂપવિસ્મરણરૂપ અજ્ઞાન. ૨ આવરણ.

આત્મદેવનું ભાન, વ્યાપકતાનું દૂર થયું;
પરિચ્છિન્નતા–જ્ઞાન, એકાએક ઉદે થયુ. ૬
સુવર્ણ તામ્ર ને લોહ,–જેવા ઘરમાં[1] સ્થિતિ થઇ;
ઉપજ્યો એવો મોહ, ઘરને નિજરૂપ માનિયુ. ૭
ત્યાં કલ્પક–અસુર,[2] આવ્યો પચાસુરસહિત;
શબ્દરાગ અસુર, સ્પર્શરાગ અસુર વળી. ૮
રસાનુરાગ અસુર, રૂપરાગઅસુર તથા;
ગંધરાગ અસુર, નામ હતાં પાચેતણાં. ૯
નામરૂપાદિ પ્રેત, અસંખ્ય સાથે આવિયાં;
થયાજ રાય અચેત, સઘળી સમજણ ખોઇને. ૧૦
ઘરને ગણી નિજરૂપ, તેમાં તે કેદી થયા;
અસુર–આજ્ઞાનુરૂપ, સતત હવે તે વરતતા. ૧૧
અસંગપણાનું ભાન, કાંઇ તેમને નવ રહ્યું;
શુચિપણાનું જ્ઞાન, તે પણ ભૂલ્યા સર્વથા. ૧૨
ભૂલ્યા અમર્ત્યભાવ, મર્ત્યભાવમાં સ્થિત થઈ;
વિસર્યા અજડસ્વભાવ, સ્વભાવ જડ નિજ માનીને. ૧૩
સુખરૂપ હતા સદાય, તે હવે દુઃખમય થયા;
અજત્વકેરું જરાય, સ્મરણ રહ્યું નહિ તેમને. ૧૪
સ્વાધીનતાનુ ભાન, ભૂલી ગયા તે સર્વથા;
પારતંત્ર્યનું જ્ઞાન, રોમરોમમાં દૃઢ થયું. ૧૫
અકામતાનો લેશ, અનુભવમાં આવે નહિ,
અસુરોના આવેશ, ખેંચે દશ દિશ તેમને. ૧૬

---

૧ કારણ, સૂક્ષ્મ ને સ્થૂલ એ ત્રણ શરીરોમાં. ૨ ચિત્ત.

નો'તી ચિંતા લેશ, તે ચિંતામાં ડુબિયા;
નિર્ભય હતા હમેશ, તે સદા ભયભીત થયા. ૧૭
ખેદદુઃખનું ભાન, કદી થતું નહિ જેમને;
ત્યાં જાગ્યું તોફાન, ખેદદુઃખનું સર્વદા. ૧૮
પૂર્ણકામરૂપ જેહ, તેમાં ઉપજી કામના;
બળવા લાગ્યા તેહ, વ્યાકુલતાનો પાર નહિ. ૧૯
અવિકૃતમાંહી વિકાર, લાગ્યા બહુ બહુ ભાસવા;
શીતલતા ન લગાર, તૃષ્ણાગ્નિ બાળ્યા કરે. ૨૦
સંગ નીચનો થાય, સંગીની પડતી કરે;
સુખની આશ ત્યજાય, દુઃખના ડુંગર ધસી પડે. ૨૧
શાંતિતૃપ્તિની આશ, ત્યાં શી રીતે રાખવી?
નિત્ય નિત્ય થવું નિરાશ, ઉંડા નિસાસા મૂકવા. ૨૨
ચમારને ઘેર જાય, ત્યાં સુગંધ ક્યાંથી મળે?
કાંકચનાં ફલ ખાય, મોઢું મીઠું થાય કેમ? ૨૩
શીતલ કરવા દેહ, બેસે અગ્નિપાસ જઇ;
મૂરખ કહીએ તેહ, હેતુફલ[1] સમજે નહિ. ૨૪
ગંગાજલને થાય, સ્પર્શ સુરાના પાત્રનો;
તેનું ગૌરવ જાય, દ્વિજ તેને અડકે નહિ. ૨૫
ઉંચું ચંદન હોય, તે ઇંધનમાં જઇ પડે;
બાળે તે સૌ કોય, આદર ન કરે એહનો. ૨૬
અગ્નિને જો થાય, નીચ લોહની સંગતિ;
ઘણનો મારજ ખાય, ભૂલતણું ફલ ભોગવે. ૨૭

૧ કારણ ને કાર્યનું સ્વરૂપ.

ગરીબ ગાયને થાય, હરેડી ગા'નો સંગ જો;
તે પણ ધોકા ખાય, ગળામાંહી ડેરો પડે. ૨૮
આત્મદેવની આમ, અંધકાનુજે[૧] સ્થિતિ કરી;
ભૂલ્યા ભાન તમામ, પરવશતામાં જઇ પડ્યા. ૨૯
દારા મળી અગિયાર,[૨] આવી ક્યાંઇથી અણુછતી;
વશ કીધો ભરતાર, વશીકરણ જબરૂ કરી. ૩૦
નામરૂપાદિ પ્રેત, દશ દિશ લાગ્યા દેખવા;
ઉપજ્યુ તે પર હેત, અધિક અનર્થ વધારવા. ૩૧
મનઃસુંદરી એક, બીજી શ્રોત્રસુંદરી;
ત્વક્સુંદરી છેક, ત્રીજી પણ બહુ બલવતી. ૩૨
રસના નયન ગણાય, ચતુરથી અને પાંચમી;
ઘ્રાણગિરા કે'વાય, છઠ્ઠી ને વળી સપ્તમી. ૩૩
હસ્ત ચરણ એ નામ, આઠમી ને નવમીતણાં;
દશમીનું અભિધાન, ઉપસ્થ કે'વાતું હતું. ૩૪
અગિયારમીનું નામ, પાયુ એવું પડ્યું હતું;
હતી ગરીબ તમામ, ખટપટ ઘણી કરતી નહિ. ૩૫
પાંચ શિરનો નાગ,[૩] રક્ષણ કરતો ઘરતણું;
નહિ દ્વેષ નહિ રાગ, સમભાવે તે વરતતો. ૩૬
આત્મદેવનો રાગ, મનઃસુંદરીપર થયો;
ઝળક્યો અતિ સોહાગ, તેથી તે સુંદરીતણો. ૩૭
તે રમણીથી અભેદ, આત્મદેવ પામી ગયા;
ભાસે લેશ ન ભેદ, એવી એકતા થઇ ગઈ. ૩૮

---

૧ વિક્ષેપાસુરે. ૨ મનસહિત અગિયાર ઇંદ્રિયો. ૩ મુખ્યપ્રાણ.

ખવરાવે તે ખાય, પાય તેટલું જલ પીએ;
જ્યાં દોરે ત્યાં જાય, જે કે' તે સાચું ગણે. ૩૯
એ વિણ અંધાભીત, પૂરેપૂરા થઇ ગયા;
રહી ન રૂડી રીત, ભુંડું સૌ ભેળુ થયુ. ૪૦
કરે નીચનો સંગ, તે પણ નીચ બને નક્કી;
અવળા લાગે રંગ, સારુ સૌ જાતુ રહે. ૪૧
અન્ય સુંદરીસાથ, મનઃસુંદરી મળી ગઇ;
અસુરોનો સંઘાત, સા'ય થયો બહુ તેમને. ૪૨
શ્રોત્રસુંદરીસાથ, મનઃસુંદરી જઇ મળે;
બને કરી સંઘાત, આત્મદેવને ખેંચતી. ૪૩
વિવિધ શબ્દનું ભાન, કરાવી ક્લેશ વધારતી;
કરતી બહુ નુકશાન, આત્મદેવના હિતતણું. ૪૪
ત્વક્સુંદરીસંઘાત, જ્યારે મનઃસુંદરી કરે;
પકડી પતિનો હાથ, વિવિધ સ્પર્શમાં જોડતી. ૪૫
નેત્રસુંદરીસાથ, જ્યારે મનસુંદરી મળે;
પતિને લઈ સંઘાત, રૂપો બહુ દેખાડતી. ૪૬
રસનસુંદરીસાથ, જો મનસુંદરીને મળે;
બને કરી સંઘાત, પતિને રસો ચખાડતી. ૪૭
મનઃસુંદરી મેળ, કરે કદી જો ઘ્રાણથી;
પતિને બહુવિધ સેલ, ગધોતણી કરાવતી. ૪૮
ગિરાહસ્તની સાથ, મનસુંદરી જ્યારે મળે;
વચનક્રિયાની સાથ, જોડે પતિને વેગથી. ૪૯
ચરણાદિથી મેળ, મનઃસુંદરી જો કરે;
પતિને ગણીને બેલ, ગમનાદિક કરાવતી. ૫૦

સુંદરીઓના વેગ, ભિન્ન ભિન્ન બહુ પ્રકટતા:
નહિ પરસ્પર હેત, સૌ નિજ નિજ સ્વારથ ચહે. ૫૧
સૌની ખેંચાતાણ, આત્મદેવને લાગતી,
રે'તા નિત્ય હેરાન, શાંતિ લેશ મળે નહિ. ૫૨
જેમ હડકાયુ શ્વાન, ભાન ભૂલી દોડે બહુ:
આત્મદેવ પણ ભાન, ભૂલી નિજ ભટકે બહુ. ૫૩
શ્વાનગતિ જે થાય, માથામાં કીડા પડે;
તેવી ગતિ જણાય, આત્મદેવની એ સમે. ૫૪
સુપુત્રમરણે થાય, જેવું દુઃખ માબાપને;
તેવું દુઃખ દેખાય, આત્મદેવને દશ દિશે. ૫૫
કૃપણદશા જે થાય, સકલ દ્રવ્ય તેનું જતાં;
તેવી દશા જણાય, આત્મદેવની સર્વથા. ૫૬
ન રહ્યું તેજ જરાય, સુખ શોધ્યું પણ નવ મળે:
જ્યાં ત્યાં દુઃખ જણાય, આત્મદેવને એ સમે. ૫૭
રાખી સુખની આશ, જેહ પ્રવૃત્તિ તે કરે;
અંતે થાય નિરાશ, દુઃખનો અનુભવ બહુ થતાં. ૫૮
દુર્વ્યસની જેમ થાય, દુઃખિયા દુર્વ્યસનોવડે.
દુઃખિયા તેમ જણાય, આત્મસુર અસુરોવડે. ૫૯
ખારા જલનું પાન, કરે તૃષા છીપે નહિ:
તેમ કરે દુર્ધ્યાન, સાચી શાંતિ નવ મળે. ૬૦
આત્મસુરે ઉપાય, શાંતિમાટે બહુ કર્યા.
ન મળી શાંતિ જરાય, ઊલટી વ્યાકુલતા વધી. ૬૧
જામ્યો જબરો રોગ, ત્રિવિધ તાપનો એમને;
સુખાભાસસંયોગ, ક્વચિત્ ક્વચિત્ થાતો હતો. ૬૨

ઉપજ્યો અતિશય ત્રાસ, વ્યાકુલતા પણ બહુ થઇ;
થઇને બહુજ ઉદાસ, છાતીફાટ રુદન કર્યું. ૬૩
આશુતોષ મા'દેવ, અદસ્ય રહી તવ બોલિયા.
" સુણજો આતમદેવ ! વાત કહું તમ હિતતણી. ૬૪

શ્રીમહાદેવનો ઉપદેશ.

રોવાથી શો લાભ ? તમે વિચાર કરી જુઓ;
ઉઠો હે મહાભાગ ! યત્ન કરો દુઃખનાશનો. ૬૫
પ્રયત્નથીજ કરાય, નાશ સરવ દુઃખોતણો;
પરમાનંદ પમાય, પ્રયત્નથી આ વિશ્વમાં. ૬૬
આળસ ત્યજો પ્રમાદ, ઉદ્યોગી સાવધ બનો.
વચન રાખી આ યાદ, અસુરોને સત્વર હણો. ૬૭
સ્વારાજ્યનો લાભ, પુનઃ પ્રાપ્ત કરો તમે;
ત્યજી આળપપાળ, સદ્ય કર્તવ્યે સંચરો. ૬૮
વિવેકાસ્ત્ર લઇ હાથ, ફેંકો અંધકઉપરે;
કરો તેહનો નાશ, જેથી અન્ય અસુરો ડરે. ૬૯
વિવેકાસ્ત્રનું નામ, બ્રહ્માસ્ત્ર પણ કે'વાય છે;
નારાયણાસ્ત્ર નામ, પાશુપતાસ્ત્ર વદાય એ. ૭૦
વિવેકાસ્ત્રનો પાત, અંધકાદિ-ઉપર થતાં;
થાશે તેનો ઘાત, સામા લેશ થશે નહિ. ૭૧
કલ્પકકેરો નાશ, થશે નિર્વિકલ્પ-અસ્ત્રથી,
શબ્દરાગાદિ-નાશ, થશે દોષદર્શનાસ્ત્રથી. ૭૨
નામરૂપાદિ-વિનાશ, થશે તત્ત્વદર્શનાસ્ત્રથી;
અસુરપ્રેતનો નાશ, એ રીતે ઝટ થઇ જશે. ૭૩

રિપુઓતણો વિનાશ, થતાં સ્વરાજ્ય[1] ફરી મળે,
પૂરી થાશે આશ, લેશ દુઃખ રહેશે નહિ. ૭૪
મહાવિકટ આ કામ, શ્રદ્ધાવિણ થાશે નહિ;
માટે રાખી હામ, શ્રદ્ધાથી ભરપૂર થજો. ૭૫
રાખી અડગ ઉત્સાહ, પ્રયત્ન કરો બહુ પ્રેમથી;
શમશે સઘળા દાહ, પુનિત પરમસુખ રેલશે. ૭૬
અંધક–કલ્પક–લાશ, લાશ અન્ય અસુરોતણી;
પ્રેતોની પણ લાશ, ભલે પછી નજરે પડે. ૭૭
એ મુડદાંથી લગાર, ભીતિ ન તમને લાગશે;
મહિમા પુનિત અપાર, ઊલટો વધશે તમતણો. ૭૮
લેશ ન રે'શે ફેર, પછી મારાથી તમતણો;
થાશે લીલાલહેર, દુઃખના દિવસો ગત થઇ." ૭૯

આત્મદેવની સ્વકર્તવ્યમાં પ્રવૃત્તિ ને પરિણામ.

કહીને વચન ઉદાર, મહાદેવ મૌનજ રહ્યા;
આત્મદેવ તૈયાર, થયા તુરત નિજ કાર્યમાં. ૮૦
શ્રદ્ધા લાવી અપાર, ઉત્સાહ લાવી અતિઘણો;
લાવી સદાગ્રહ સાર, અસુર–નાશ આરંભિયો. ૮૧
વિવેકાસ્ત્રથી નાશ, કર્યો અંધકાસુરતણો;
કલ્પક–અસુર–વિનાશ, કર્યો નિર્વિકલ્પ–અસ્ત્રથી. ૮૨
શબ્દરાગાદિ–અંત, આણ્યો દોષદર્શનાસ્ત્રથી;
નામરૂપાદિ–અંત, થયો તત્ત્વદર્શનાસ્ત્રથી. ૮૩

૧ સ્વારાજ્ય–પરમાનંદસ્વભાવવાળા પરમાત્માનો અંતઃકરણમાં આવિર્ભાવ થતાં જીવની પરમાત્મરૂપે સ્થિતિ થવી તે.

પામ્યા અસુર વિનાશ, પ્રેતો પણ વિણસી ગયાં;
રવિનો થતાં પ્રકાશ, જેમ થાય ક્ષય તિમિરનો. ૮૪
અસુરપ્રેત–સમાજ, શવરૂપે સૌ થઇ ગયો;
સિદ્ધ થયું શુભકાજ, આત્મદેવને આ સમે. ૮૫
રિપુ રહ્યો નહિ એક, અડચણ કરનારો હવે;
સ્ત્રીઓતણા કુવેગ, તે સરવે અટકી ગયા. ૮૬
બાહ્યસુખની આશ, લેશ રહી નહિ તેમને;
થઇ ગઇ ઘણી નિરાશ, માત્ર જીવન ધારી રહી. ૮૭
સમય જતાં થઇ સ્થિર, ચચલતા સઘળી ત્યજી;
પીતાં શાંતિ–નીર, સહજતૃપ્તિ આવી અતિ. ૮૮
સુવર્ણ તામ્ર ને લોહ,–જેવાં ઘર બાધિત થયાં;
એકપણાનો મોહ, તે સઘળો જાતો રહ્યો. ૮૯
પરિચ્છિન્નતા–ભાન, હવે લેશ પણ નવ રહ્યું;
વ્યાપકતાનું જ્ઞાન, ઉદય પામીને સ્થિર થયુ. ૯૦
સર્વે ભૌતિક લીન, ભૂતાકાશમાંહે થયુ:
ભૂતાકાશ વિલીન, ચિત્તાકાશમાં થઇ ગયું. ૯૧
ચિત્તાકાશ પ્રલીન, ચિદાકાશમા થઇ જતાં;
રહ્યું ન કાંઇ ભિન્ન, એક ચિદાકાશજ રહ્યું. ૯૨
સર્વાતમરૂપ બ્રહ્મ, અભેદભાવે ભાળિયુ;
અવિદ્યાસહ જે ભ્રમ, તેની ગાંઠ કપાઇ ગઈ. ૯૩
હૃદયગ્રથિનો ભેદ, પૂરેપૂરો થઇ ગયો;
સંશયોનો દૃઢ છેદ, થયો સંચિતકર્મ–ક્ષય. ૯૪
વિષયહર્ષનો નાશ, સર્વપ્રકારે થઇ ગયો;
ચિંતાતણો વિનાશ, હવે સુખપૂરવક થયો. ૯૫

કામનાઓનો નાશ, થઇ આત્મક્રીડા ઠરી;
આત્મરતિ-પ્રકાશ, તથા કૃતકૃત્યતા થયાં. ૯૬
પરમાનંદિત્વ-લાભ, થયો અપૂરવ આ સમે.
દુઃખતણો સદ્દભાવ, હવે કયાંઇ પણ નવ રહ્યો. ૯૭
શુભમહિમા પ્રાસાદ, આત્મદેવ એમાં રહ્યા;
સિંહાસન સ્થિરભાવ, તે ઉપર સ્થિરતા કરી. ૯૮
દ્વારે કદલીસ્તંભ, કોમલતાના શોભિયા;
તોરણ બહુવિધ-રંગ, પરમપ્રીતિનાં ઝળકિયાં. ૯૯
દમ સુવર્ણઘટમાંય, શમરૂપ ગંગોદક ભર્યું,
ઉત્સાહ અંકુર ત્યાંય, તે ઘટપર શોભી રહ્યાં. ૧૦૦
સુછત્ર સદ્દઘનભાવ, મસ્તકપર સુસ્થિર થયું;
શુચિ ચેતનસ્વભાવ, ચામર લાગ્યું શોભવા. ૧૦૧
નિરવધિ વ્યાપકભાવ, વ્યજનરૂપ થઇ શોભિયો;
ધૂપ પુનિતસ્વભાવ, દીપ પ્રસન્નતા જળહળે. ૧૦૨
સ્વારાજ્યપદાભિષેક, થયો **શ્રીઆતમદેવને**;
વિરાગ અને વિવેક, એ નિર્મલ જલ વર્ષિયાં. ૧૦૩
સાત્વિક સિદ્ધિ અનેક, એ ઔષધિઓ આવિયો;
સ્વરૂપનિષ્ઠા ટેક, તે ગજ ને અશ્વજ બન્યાં. ૧૦૪
મતિતીક્ષ્ણતા સાર, વિવિધ શસ્ત્રરૂપે થઇ;
શ્રદ્ધા ઉપરતિ સાર, મણિ મોતી સોનું બન્યાં. ૧૦૫
ક્ષમાદયાએ રૂપ, પટભૂષણનાં ધારિયાં;
સુયશ સુગંધ અનુપ, પ્રજ્ઞા પુષ્પમાલા થઈ. ૧૦૬
જ્ઞાનાનંદ વિશાલ, ને શાંતિ ફલ ફૂલ થયાં;
બહુવિધ શુભ આચાર, વિવિધ આહારરૂપે થયા. ૧૦૭

અમાનિત્વાદિ વીશ, કિન્નર થઇ ગાયન કરે;
અભય આદિ છવીશ, થઇ અપ્સરા નૃત્ય કરે. ૧૦૮
પુનિત અનાહતનાદ, બહુવિધ વાજાં વાગિયાં;
આનંદ વધ્યો અપાર, દશ દિશમાં વ્યાપી ગયો. ૧૦૯
ધરમ આદિ[૧] જે દેવ, તે પ્રકટી સ્તુતિ કરે;
દૂર કરી અહમેવ, બહુ નમ્ર થઇને વદે. ૧૧૦

ધર્માદિ દેવોએ કરેલી આત્મદેવની સ્તુતિ.

" જય જય શુદ્ધ ! અપાર ! જય અમર ! સુપ્રકાશ ! જય;
જય વિભુ ! જગદાધાર ! જય સદ્ઘન ! ચિદ્ઘન ! જય. ૧૧૧
જય સરવાધિષ્ઠાન ! જય સ્થિર ! હે નિર્લેપ ! જય;
જય જય પરવિજ્ઞાન ! જય અનાદિ ! શિવરૂપ ! જય. ૧૧૨
જય જય અજ ! અવિકાર ! નિત્યબુદ્ધ ! માયારહિત !
જય અક્રિય ! જગસાર ! જય મહેશ ! સુખરૂપ ! જય. ૧૧૩
જય જય બ્રહ્મ ! અગંગ ! જય અગાધ ! જય પ્રાણુપતિ !
જય જય અસંખ્ય અંગ ! જય સકલ ! એક ! અદ્વય ! જય. ૧૧૪
જય પ્રાણોના પ્રાણ ! જય નેણોના નેણ પ્રભુ !
ઘ્રાણતણા જય ઘ્રાણ ! ત્વગ્જીભના પ્રેરક ! જય. ૧૧૫
જય શ્રોત્રના કાન ! કર્મેંદ્રિયપ્રેરક ! જય;
જય સંસારનિદાન ! મનોબુદ્ધિપ્રેરક ! જય. ૧૧૬
જય જગના શણગાર ! જય રવિના પણ મહારવિ !
જય સૌમાં વસનાર ! જય શશિના પણ મહાશશિ ! ૧૧૭

---

૧ શુદ્ધસત્ત્વગુણના સદ્ભાવથી બહુ વૃદ્ધિ પામેલા અહિંસાદિ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ઐશ્વર્ય, શ્રી ને યશ.

જય તારાગણ–નાથ ! જય ભૂજલતેજવાયુપતિ !
જય ચરસ્થાવરનાથ ! ગગનમાયાપ્રેરક ! જય. ૧૧૮
સર્વ દેવના દેવ ! મહારાજ–અધિરાજ ! જય;
આપતણી સૌ સેવ, કરે કાલના કાલ ગણી. ૧૧૯
આપતણો સદ્ભાવ, સદ્ભાવ સકલતણો કરે;
નો'ય આપનો ભાવ, શૂન્યરૂપ સઘળુ બને. ૧૨૦
આપતણું જે જ્ઞાન, તે પરકાશે વિશ્વને;
ન હોય જો તે જ્ઞાન, અંધકાર વ્યાપી રહે. ૧૨૧
આપતણો આનંદ, આનંદિત સૌને કરે;
ન હોય તે આનંદ, દુઃખપૂર્ણ જગ થઈ રહે. ૧૨૨
આપ નિરામય દેવ, પૂર્ણકામ પણ આપ છો;
આપ અકલ નિરવેવ,[૧] અકામ સર્વાતીત છો. ૧૨૩
દુઃખાતીત પરપાર, ભયચિંતાવિરહિત સદા;
ગભીર અતિ ઉદાર, વિપરીત તમ ને તેજથી. ૧૨૪
અનભિવ્યક્ત[૨] સદાય, અનાખ્ય[૩] ને નિષ્પાપ છો;
પુણ્યપાપ કદાય, આપવિષે નવ સંભવે. ૧૨૫
અવસ્થા જે કે'વાય, બાલ્યાદિ ત્રણ દેહની;
આપવિષે ન મનાય, ત્રણ કાલમાં લેશ પણ. ૧૨૬
ભાવવિકાર[૪] ન લેશ, આપવિષે કદીએ કહ્યાં;
જાગ્રદાદિ–શ્લેષ[૫], કદી ન થાયે આપને. ૧૨૭

---

૧ નિરવયવ. ૨ નામરૂપવડે અપ્રકટ. ૩ વાણીવડે આવા એમ ન કહી શકાય એવા. ૪ ઉપજ્યા પહેલાં કારણરૂપે હોવું, ઉપજવું, વધવું, રૂપાંતર પામવું, ઘટવું ને નાશ પામવું એ ૭ ભાવવિકાર કહેવાય છે. ૫ જાગ્રદાદિ અવસ્થાનો સંબંધ.

માન અને અપમાન, ભૂખતરષ ઘડપણમરણ;
શીતાતપનું ભાન, આપવિષે નહિ લેશ પણ. ૧૨૮
વિશુદ્ધચેતન આપ, બ્રહ્મરૂપ પણ આપ છો;
ભૂમા આપ અમાપ, સાક્ષી દ્રષ્ટા આપ છો. ૧૨૯
સરવાવાસ મહેશ, ચિદાકાશ કૂટસ્થ શિવ;
મહામગલ વિશ્વેશ, અનેક નામ એ આપનાં. ૧૩૦
અવ્યાકૃત આકાશ, જે મતિમાં વાસો વસે;
તેમાં આપ–પ્રકાશ, યોગિપુરુષો અનુભવે. ૧૩૧
અજ્ઞાનતણો નહિ લેશ, દેશકાલનો લેશ નહિ;
દિશાતણો પણ શ્લેષ, આપવિષે નવ સંભવે. ૧૩૨
આપતણે આધાર, આ સૌની સ્થિતિ થાય છે;
આપવિના ન લગાર, કોઇની સત્તા સત્ય અહિં. ૧૩૩
ગગન વાયુ ને તેજ, જલ પૃથિવી ભૌતિક સહુ;
સકલ આપરૂપ છેજ, એમાં કાંઇ સંદેહ નહિ. ૧૩૪
દેવ મનુષ્ય પણ આપ, દાનવ પશુ પંખી બધાં;
કીટ જલચર પણ આપ, તિર્યક્ પણ રૂપ આપનું. ૧૩૫
સ્વર્ગે થઇ સુરરાજ, આપ લોકત્રય પાળતા;
ભૂપર થઇ મહારાજ, પ્રજાતણું પાલન કરો. ૧૩૬
સૂર્ય શશિ થઈ આપ, ગગનવિષે બહુ શોભતા;
ગ્રહતારા પણ આપ, ઉલ્કા પણ રૂપ આપનું. ૧૩૭
વૃક્ષ છોડ ને વેલ, તૃણરૂપે પણ આપ છો;
વન રણ શૈલ થયેલ, આપવિના બીજું નથી. ૧૩૮
સાગર નદી નદરૂપ, સર તળાવ પણ આપ છો;
કૂપ વાપિસ્વરૂપ, મેઘરૂપ પણ આપશ્રી. ૧૩૯

મૂર્તરૂપ પણ આપ, અમૂર્તરૂપ પણ આપ છો;
સૌની અંતર–બા'ર, આપ એક શોભી રહ્યા. ૧૪૦
દશ દિશરૂપ પણ આપ, ત્રણ કાલ પણ આપ છો:
હું તુ તે આ આપ. આપવિના અહિ અન્ય નહિ. ૧૪૧
જાણે આપ–સ્વરૂપ, જાણવાનુ કૈં નવ રહે:
મળે આપ સુખરૂપ, મળવાનું સૌ મળી જતુ. ૧૪૨
નિષેધ–અવધિરૂપ, જાણે જ્ઞાની આપને,
બાધ કરી દશ્યરૂપ, સૌમાં દેખે આપને. ૧૪૩
થતાં આપનું જ્ઞાન, કાંઈ કરતવ્ય રહે નહિ,
દૂર થતાં અજ્ઞાન, પરમાનંદી તે બંને. ૧૪૪
મહિમા આપ અપાર, મનવાણી પહોંચે નહિ;
કોઇ ન પામે પાર, ચકિત થઇ અટકી રહે. ૧૪૫
સ્તવીએ વારંવાર, નમીએ વારવાર બહુ;
ટાળો ભેદ અસાર, નિવાસ આપવિષે દઇ." ૧૪૬

સ્વારાજ્યની પ્રાપ્તિ થયા પછી આત્મદેવની સ્થિતિ.

શુચિ આનંદ અપાર, જેમાં લેશ ન દુઃખતણો,
શીતલતા અતિસાર, આત્મદેવમાં ઉદ્‌ભવ્યાં. ૧૪૭
સતચિતસુખસ્વરૂપ, દુઃખાતીતપદ અનુભવ્યું;
વ્યાપક અસંગરૂપ, અજ અનંતરૂપ ભાળિયું. ૧૪૮
અવિકારીજ સદાય, કદી વિકારી થાય નહિ;
એક અદ્વૈત વદાય, તે રૂપે તે સ્થિત થયા. ૧૪૯
સ્પૃહાતણો નહિ લેશ, પરમનિઃસ્પૃહતા અનુભવી;
છૂટયા સર્વે કલેશ, કલેશાતીતપદ ભાળતાં. ૧૫૦

થયુ સ્વરૂપનું જ્ઞાન, તૃષા ટળી સૌ જ્ઞાનની;
ટળ્યું દુઃખદ અજ્ઞાન, ત્યજવાનું કૈ નવ રહ્યું. ૧૫૧
મળતાં પરમાનંદ, શું મેળવવું શેષ રે' ?
ત્રિવિધ તાપના ફંદ, તે સરવે છૂટી ગયા. ૧૫૨

પામ્યુ સંચિત નાશ, સ્પર્શે નહિ ક્રિયમાણનો;
પ્રારબ્ધનો વિનાશ, કરવા લાગ્યા ભોગથી. ૧૫૩
સૂકું કાષ્ઠ જેમ, વે' નદીના પરવાહમાં;
સહુ ક્રિયાઓ તેમ, પ્રારબ્ધકરમથી ચલવતા. ૧૫૪
દિનપતિ આદિ જેમ, સમભાવે નિજ ગતિ કરે;
પ્રાપ્ત કર્મ સૌ તેમ, રાગદ્વેષ મૂકી કરે. ૧૫૫

નહિ હર્ષ નહિ ખેદ, સમભાવે તે વરતતા;
દુઃખ ભય ને નિર્વેદ,[1] તે કદીએ નવ ધારતા. ૧૫૬
બહુ પ્રસન્ન સદાય, રે'તા શુચિ સ્મિત ધારીને;
કરતા નહિ કદાય, ચિંતન ભૂતભવિષ્યનું. ૧૫૭
નહિ કોઇમાં વેર, ગાઢ પ્રેમ નહિ કોઇમાં;
શાંતિની શુભ લે'ર, દશે દિશે વિસ્તારતા. ૧૫૮

ક્ષમાતણા ભંડાર, અવધિ ઉદારતાતણા;
દયાતણા આગાર, છતાં સંગવિરહિત સદા. ૧૫૯
રાકાશશિ અકલંક, નિરભ્ર ખમાં[2] શોભી રહે;
વિરહિત સકલ કલંક, તેમજ તે શોભી રહ્યા. ૧૬૦
પવનપેઠ નિરલેપ, રહેવા લાગ્યા તે સદા;
નથી લાગતો ચેપ, અસંગને આ વિશ્વમાં. ૧૬૧

---

૧ પ્રાપ્તવ્યહવારમાં કંટાળો. ૨ આકાશમાં.

પોતાનો સદ્‌ભાવ, કરે ભાવ[1] સૌ વસ્તુનો;
સૌનો થાય અભાવ, જો પોતે નવ હોય તો. ૧૬૨
પોતાનો પરકાશ, પરકાશે આ દશ્યને;
ન હોય તે ઉજાશ, સર્વ તમોમય થઈ રહે. ૧૬૩
પોતાનો આનંદ, સૌને આનંદિત કરે;
નહિ તો દુઃખરૂપ ફંદ, સર્વ સ્થલે દષ્ટે પડે. ૧૬૪
એવો અનુભવ થાય, આત્મદેવને સર્વદા;
પરમસુખજ દરશાય, જ્યાં દેખે ત્યાં એમને. ૧૬૫
દશ દિશ ને આકાશ, ને તેમાંની વસ્તુ સૌ;
તેનો કલ્પિત વાસ, નિજમાં લાગ્યા દેખવા. ૧૬૬
પોતામાં સૌ ભૂત, ભૂતોમાં પોતે રહ્યા;
એ અનુભવ અદ્‌ભુત, સંશયવિણુ અતિદઢ થયો. ૧૬૭
ભૂતાદિ જે કાલ, ને તેમાંની વસ્તુઓ;
જે નિજરૂપ વિશાલ, તેમાં કલ્પિત અનુભવ્યાં. ૧૬૮
સંગી છતાં અસંગ, અક્રિય રે' સક્રિય છતાં;
લેશ ન લાગે રંગ, દશ્ય વિશ્વનો એમને. ૧૬૯
વિષયીનું મન જેમ, રહે સદા નિજ વિષયમાં;
આત્મદેવની તેમ, સ્વરૂપવિષે સ્થિરતા થઇ. ૧૭૦
અતિ ઉત્તમ આચાર, વિચાર ઉત્તમ સેવતા;
સેવે શુભ વ્યવહાર, નિજરૂપમાં સ્થિર રહી. ૧૭૧
સ્થાવરજંગમમાંય, નિજરૂપ લાગ્યા દેખવા;
રે' વિકૃતિ કેમ ત્યાંય ? ભેદબુદ્ધિ જ્યાં લેશ નહિ. ૧૭૨

---

૧ હોવાપણું.

જોતાં નિજ વિલાસ, વિષયેચ્છાઓ સૌ શમી;
દૃશ્યમાં રહે ઉદાસ, પરમાનંદપદે રહી. ૧૭૩

જિજ્ઞાસુઓને ઉપદેશ.

જીવ સૌ આતમદેવ, ભ્રષ્ટ થઈ નિજરૂપથી;
વૃથા ધરી અહમેવ, ત્રિવિધતાપને ભોગવે. ૧૭૪
ગુરુશાસ્ત્ર–ઉપદેશ, જો પ્રેમે હૃદયે ધરે;
શમી અજ્ઞાન અશેષ, ત્રિવિધતાપ સહજે શમે. ૧૭૫
ધરી શ્રદ્ધા ઉત્સાહ, અડગ યત્ન નિશદિન કરો;
શમશે સઘળા દાહ, પરમસુખરૂપ પામતાં. ૧૭૬

ૐ

॥ अंक सत्तावनमो ॥

॥ विवेकीए केवी रीते जीववुं जोइए ? ॥

નમસ્કારરૂપ મંગલ.

દોહરો.

દૃશ્યાતીત અવ્યય અમર, અસંગ ને અવિકાર;
સમરી સ્તવી તે બ્રહ્મને, પ્રણમું વારંવાર. ૧

ઉત્તમ પ્રકારનું જીવન ગાળવાની ઇચ્છાવાળા કોઈ મનુષ્યની પ્રવૃત્તિ, ને તેને મળેલા મહાજ્ઞાનીએ આપેલો ઉપદેશ.

દોહરા.

યોગ્ય વયે કોઇ મનુષ્યને, ઉપજી શંકા એમ;
કરવા નરતનુને સફલ, જીવન ગાળવું કેમ ? ૧
ગુરુવિણ શંકા નવ મટે, ગુરુવિણ જ્ઞાન ન થાય;
ગુરુવિણ સત્ય અસત્યનો, ભેદ ન કદી કળાય. ૨
જે જાણે સત્શાસ્ત્રને, પૂરા અનુભવી હોય;
સદાચારથી વરતતા, ગુરુજન કહીએ સોય. ૩
ઉત્તમ મતિવિણ એમની, ઓળખ ક્યાંથી થાય ?
અધુરા નરને ગુરુ કરે, જીવતર એળે જાય. ૪
સરલ સુજનને પૂછતાં, કરતાં પ્રીતે શોધ;
એવા ગુરુ મળશે નક્કી, જે દેશે શુભ બોધ. ૫
બહુ સજ્જનને પૂછતાં, કહ્યું એમણે એમ;
દેવ નિરંજનને મળો, તે દેશે શુભ ક્ષેમ. ૬
આજ આપણા દેશમાં, ઉત્તમ પુરુષ એહ;
વિનયસહિત શરણે ગયે, ટાળે સૌ સંદેહ. ૭
સમદૃષ્ટિ ને સરલ બહુ, વળી વિચાર ઉદાર;
દયાવડે ઉપદેશ દે, ક્રોધ ન કરે લગાર. ૮
અનુકૂલ મતિથી એમનો, જે સુણશે ઉપદેશ;
તે જ્ઞાની સુખિયા થશે, રે'શે નહિ દુ:ખલેશ. ૯
સારગ્રાહી સુજનોતણાં, સુણીને એવાં વેણ;
સદ્ય ગયો મુનિપાસ તે, માની મહાસુખદેણ. ૧૦

સવિનય ભેટ ધરી અને, નમન કર્યું બહુવાર;
કરી સ્તુતિ અતિદીન થઇ, ધરી હૃદયમાં પ્યાર. ૧૧
કાંઇક સમય સેવા કરી, ઉર ધરી પ્રેમ અપાર;
દયાદૃષ્ટિ કરી એક દિન, બોલ્યા મુનિ ઉદાર. ૧૨
"દેશ ગામ ને વર્ણ કહો, કો' પિતુસહ નિજ નામ;
અહિં શામાટે આવિયા ? વસો અહિં શે કામ ?" ૧૩
"સોરઠદેશે શોભતું, પાટણ મારું ગામ;
જન્મ્યો બ્રાહ્મણજાતિમાં, અચલ જનકનું નામ. ૧૪
કેવલનામે મુજને, કે' પરિચિત જે હોય;
કેમ જીવવુ જગતમાં, શંકા મમ મન સોય. ૧૫
એ શંકાને ટાળવા, આવ્યો છું પ્રભુપાસ;
અહિ રહ્યો એમાટ હું, કૃપા કરો જગવાસ !" ૧૬
કેવલનાં વચનો સુણી, વદ્યા નિરંજનદેવ;
"અભય થાઓ જિજ્ઞાસુજન ! ત્યજી મમતા અહમેવ. ૧૭
તૃણ લતા ને ગુલ્મનું, તથા વૃક્ષનું જેહ;
તામસજીવન છે પ્રકટ, ત્યજવાજેવુ તેહ. ૧૮
સુખદુઃખનુ ત્યાં ભાન નહિ, નહિ સ્વપરનું ભાન;
અલ્પાંશે કદી હોય પણ, ઉપયોગી ન નિદાન. ૧૯
જીવન મૂઢતાયુક્ત એ, દુઃખબીજનો ત્યાં વાસ;
સુખસ્વાધીનતા ત્યાં નહિ, નહિ મનતણો વિકાસ. ૨૦
બહુવિધ કીટો જલચરો, તિર્યક્ પખી જેહ;
પશુઓ ઘણા પ્રકારનાં, મૂઢ તથા દુઃખી તેહ. ૨૧
એવી રીતે જીવવા, જન નવ ઇચ્છે કોય;
તો શી રીતે સુજ્ઞમાં, એવી ઇચ્છા હોય ? ૨૨

કૃતાર્થ નહિ થયેલના, જગમાં ત્રણ પ્રકાર;
મોક્ષેચ્છુ વિષયી અને, ત્રીજા પામર ધાર. ૨૩
પામરજનનું જીવવું, પશુથી શ્રેષ્ઠ જણાય;
પણ મૂઢતા–દુઃખ–વાસથી, સારું કેમ ગણાય ? ૨૪
જીવના રક્ષક વેદ તે, પાનામે કે'વાય;
ન અનુસરી તેને હણે, પામર તેજ ગણાય. ૨૫
ભાન ન ધર્મઅધર્મનું, શુભઅશુભનું ન ભાન;
વરતે સ્વેચ્છાચારથી, ધરી વિષયનું ધ્યાન. ૨૬
તમોગુણથી મન ભર્યું, કૈંક રજોગુણ ભાગ;
સૂતેલાં દુઃખ મનવિષે, ત્યાં ક્યાં સત્યસુખલાગ ? ૨૭
એવી રીતે જીવવું, તે નહિ યોગ્ય ગણાય;
હમણાં દુઃખ ને મૂઢતા, અંતે બહુ દુઃખ થાય. ૨૮
પ્રમાણયુક્તિ નવ ગણે, હઠથી મન ભરપૂર;
સાધન શુભ સાધે નહિ, સત્સંગથી રે' દૂર. ૨૯
કુતર્કને સેવ્યા કરે, સુતર્કને ન ચહાય;
સત્ય વાત અહવાતણો, ત્યાં શો રહ્યો ઉપાય ? ૩૦
સત્યાસત્ય સમજે નહિ, નિજ મતનું અભિમાન;
અમને મુક્તિ થઇ ચૂકી, એવું કરતા ગાન. ૩૧
મુજ સગાં ને મુજ પશુ, મુજ ઘરમાં કીટ જેહ;
એ સૌ પણ મોક્ષે જશે, એમાં નહિ સંદેહ. ૩૨
નરસમ ઇશ્વરને ગણી, કે' છે આવાં વેણ;
સાચાં લાગે મૂઢને, પણ અંતે દુઃખદેણ. ૩૩
'કરચરણથી રહિત જો, કહીએ ઇશ્વરરૂપ;
માઠું લાગે એમને, ને નાંખે દુઃખરૂપ. ૩૪

હું રાજા એમ માનતાં, નૃપને કોપજ થાય;
નાંખે કારાગ્રહવિષે, જ્યાં દુઃખી થાય સદાય. ૩૫
તેથી ઇંદ્રિયતનુસહિત, છે ઇશનો સદ્ભાવ;
જીવો તેના દાસ છે, એવો ધરવો ભાવ.' ૩૬

શાસ્ત્રહૃદય સમજે નહિ, ક્રમતણું નહિ ભાન;
પકડયું પૂંછ મૂકે નહિ, ધરી મિથ્યા અભિમાન. ૩૭
ઇંદ્રિયતનુયુત ઇશ જો, નિજ લોકે વસનાર;
વિનાશ ને સંસારિતા, કેમ કરી દૂર થનાર ? ૩૮
સ્ત્રી પુત્ર ને પુત્રીવિણ, ગૃહવિણ તે કેમ હોય ?
મોટા સંસારી બન્યા, ઇશપણાને ખોય. ૩૯
રક્ષણ કરવા ભક્તનું, ધરે ઇશ આકાર;
વિવિધ રૂપે દેખાય પણ, સદૈવ ગત–આકાર. ૪૦
છે વે'વારે ભેદ પણ, પરમારથે ન ભેદ;
સેવક સ્વામી સત્ય નહિ, કહે પોકારી વેદ. ૪૧

તમોગુણીને સત્યનું, લેશ ન ભાન થનાર;
પોતાનું ગાયા કરે, સુણે ન સત્ય વિચાર. ૪૨
ઉભય લોકના વિષયમાં, જેને રાગ જણાય;
યત્ન કરે તે પામવા, તે વિષયી કે'વાય. ૪૩
વિષયાશાના વેગથી, જેનું ચિત્ત તણાય;
તેનું ચિત્ત નિશદિન તપે, શાંતતૃપ્ત નવ થાય. ૪૪
વિષયવિષની જ્વાલા બહુ, ક્ષણ ક્ષણ ઊઠે જ્યાંય;
ચિત્તને બહુ બાળ્યા કરે, સુખસંભવ શો ત્યાંય ? ૪૫
મનની વ્યાકુલતાતણો, નવ દેખાયે પાર;
ઉપર કદી શોભે છતાં, અંતર સાવ અસાર. ૪૬

એવી સ્થિતિએ જીવવુ, એ પણ શુભ ન ગણાય;
આવેશોને વશ રહી, જીવન પૂરું કરાય. ૪૭
સારું ખાવુ બહુ ચહે, સારું પીવુ ચા'ય;
રૂડું ઓઢવું પે'રવું, મનમાં ચહે સદાય. ૪૮
અલંકાર ગૃહ વસ્તુઓ, વળી વાહનનો ઠાઠ;
સેવક ને ઉદ્યાનનો, નિશદિન કરે ઉચાટ. ૪૯
આવિણ મને ન ચાલશે, તેવિણ રહ્યું ન જાય;
મેળવવા ચિંતન કરે, સ્થૈર્ય ન ધરે જરાય. ૫૦
જે તે ધધાઓ કરે, મંત્ર તત્ર ને પાઠ;
સર્વ સકામ મને કરે, રાખી બહુવિધ ઠાઠ. ૫૧
મનમર્કટ ભટક્યા કરે, તેથી દુઃખ જણાય;
દંભ ગર્વ ઈર્ષ્યા વધે, સાચી સુશાંતિ જાય. ૫૨
એવુ જીવન સમજુને, લેશ ન ઉચિત જણાય;
એવી રીતે જીવવા, તે નવ ચહે જરાય. ૫૩

સદાચારથી વરતીને, સાધે નિજ વ્યહવાર;
વરણ અને આશ્રમતણા, સુધર્મ પાળે સાર. ૫૪
દેવ ગુરુ ને શાસ્ત્રમાં, રાખે શ્રદ્ધા પ્રીત;
નિષ્કામકર્મ કર્યા કરે, રાખી રૂડી રીત. ૫૫
વપુ ઇંદ્રિય મન જિતવા, કરે જતન ધરી ભાવ;
સુગુણ મેળવે પ્રેમથી, દોષે કરે અભાવ. ૫૬
અલ્પ શાંતિ તેથી મળે, પૂરી શાંતિ ન હોય;
તેથી જીવવા એ રીતે, ઉત્તમ ચહે ન કોય. ૫૭
ચિત્તશુદ્ધિ કરવાતણો, જેનો છે અધિકાર;
વરતે જો એ રીતથી, ટાળે દોષ અપાર. ૫૮

સ્થિરતા કરવા મનતણી, કરે ભક્તિ કે યોગ;
વિરતિ વધારે વિષયમાં, ગણે રોગસમ ભોગ. ૫૯
નવધામાંની એક કાં, ચિત્તવૃત્તિનો રોધ;
સતત કરે આદરવડે, મનને કરી પ્રબોધ. ૬૦
એવી રીતના યત્નથી, મન જ્યારે સ્થિર થાય;
વિક્ષેપ ટળી શાન્તિ મળે, સુંદર સુખ દરશાય. ૬૧
બ્રહ્માનુભવવિણુ કદી, પૂરી શાન્તિ ન થાય:
પૂરા તૃપ્તિ નવ મળે, નહિ કૃતાર્થ થવાય. ૬૨
મનને સ્થિર કરવાતણી, જેને ઇચ્છા થાય;
તે આ સાધન સાધીને, ભલે બ્રહ્મભણી જાય. ૬૩
ગર્વવિના કરવાવડે, આગળ વધી શકાય;
ગર્વવડે અટકી રહે, તો ન કૃતાર્થ થવાય. ૬૪
એવી રીતે જીવવું, સર્વોત્તમ ન ગણાય:
જીવન મધ્ય પ્રકારનું, વિવેકીને દરશાય. ૬૫
વિવેક વિરાગ શમાદિ છ, મુમુક્ષુતા એ ચાર;
શ્રવણાદિનાં સાધનો, પ્રાપ્ત કરે ધરી પ્યાર. ૬૬
જ્ઞાનમોક્ષની આશથી, સદ્‌ગુરુ–શરણે જાય;
સેવામહિમા જાણીને, સેવે શ્રીગુરુરાય. ૬૭
હૃદયશુદ્ધિ એકાગ્રતા, અભિમુખપણું જણાય;
વર્ણ આદિ તવ પૂછતા, કૃપાવડે ગુરુરાય. ૬૮
વર્ણ નામ સ્થલ સ્થિતિ ને, હેતુ–આગમન જેહ;
પ્રશ્નોનાં ઉત્તરવિષે, કહી સંભળાવે તેહ. ૬૯
ઉત્તર તેનું સાંભળી, જોઇ વિનય વિચાર;
જિજ્ઞાસા ને દીનતા, જોઈ સરલતા સાર. ૭૦

વિરાગ નિર્મલ જોઇને, દયા કરે ગુરુરાય;
અજ્ઞાન-દુ:ખોને ટાળવા, દરશાવે સુઉપાય. ૭૧
બ્રહ્મ જીવ ને જગતનું, સમજાવી કે' રૂપ;
જ્ઞાન જ્ઞાનનાં સાધનો, કહી કે' મોક્ષસ્વરૂપ. ૭૨
પ્રમાણ ને યુક્તિસહિત, અનુભવસહ ઉપદેશ;
આપે પ્રસન્ન મનવડે, સંશય રહે ન લેશ. ૭૩
કરી સમન્વય શાસ્ત્રનો, કરતા નિર્ણય એમ;
ઉત્તમ અદ્વૈતમતવિષે, અચલ શાંતિ ને ક્ષેમ. ૭૪
અદ્વૈત જે સમજે નહિ, તેને માટે દ્વૈત;
દ્વૈતે વિચરે વિનયથી, તે જાણે અદ્વૈત. ૭૫
કર્મ ભક્તિ ને યોગનું, પરિણામ બ્રહ્મજ્ઞાન;
એમ સમજી જે વરતતા, તે ટાળે અજ્ઞાન. ૭૬
પોતાના બ્રહ્મરૂપનો, કરવો સતત વિચાર;
ઇશ જગત્ પણ બ્રહ્મ છે, કરવો એ નિરધાર. ૭૭
સદા સર્વસ્થલ દેખવું, એકજ બ્રહ્મસ્વરૂપ;
ભેદભાવને દૂર કરી, રે'વુ અદ્વયરૂપ. ૭૮
સૌમાં નિજરૂપ દેખવું, નિજમાં સૌનાં રૂપ:
સર્વાત્મભાવે દૃઢ રહી, અનુભવવું નિજરૂપ. ૭૯
સદુપદેશ ગુરુનો સુણી, મનન કરે દિનરાત,
યુક્તિથી સૌ ભેદનો, કરે નિરંતર બાધ. ૮૦
એક બ્રહ્મમાં ભેદ આ, ઉપાધિથી દેખાય;
ઉપાધિ મિથ્યા જાણતાં, એકજ બ્રહ્મ જણાય. ૮૧
સૌ શાસ્ત્રમતપંથનું, બ્રહ્મજ લક્ષ્ય જણાય;
અવિવેકી સમજે નહિ, તેથી તે અથડાય. ૮૨

એમ ભેદનો બાધ કરી, નિશ્ચય કરે અભેદ;
પ્રમાણ ને પરમેયમાં, રહે ન સંશય લેશ. ૮૩
પરોક્ષજ્ઞાન એમ મેળવી, ધરે બ્રહ્મનું ધ્યાન;
બ્રહ્મવિચાર કર્યા કરે, હણવા નિજ અજ્ઞાન. ૮૪
આવી રીતે જીવવું, તે ઉત્તમ ન ગણાય;
વિવેકીની દૃષ્ટિવડે, મધ્યમ તે લેખાય. ૮૫
બ્રહ્માનુભવ થાય જવ, દુઃખ દૂર જવ થાય;
પરમસુખ પ્રકટે યદા, તવ ઉત્તમ કે'વાય. ૮૬
પામર ને વિષયીથકી, આ અતિશ્રેષ્ઠ ગણાય;
પણ અકૃતારથતાવડે, ઉત્તમ આ ન મનાય. ૮૭
અનન્યભક્તિ દૃઢ થાય વા, યોગ સુદૃઢ થઇ જાય;
બ્રહ્મચિંતન દૃઢ થાય વા, તવ બ્રહ્મદર્શન થાય. ૮૮
અંતર્મુખવૃત્તિ થતાં, થતાં રાગનો નાશ;
દયા થતા ગુરુદેવની, પામે પદ અવિનાશ. ૮૯
હૃદયકમલ સવળુ થઇ, પામે પરમવિકાસ,
પરં જ્યોતિનું ભાન થઇ, નાસે તમ ભવત્રાસ. ૯૦
પ્રાકટ્ય બ્રહ્મવિદ્યાતણું, કરે અવિદ્યા—નાશ;
દૃશ્ય પ્રપંચ ને વૃત્તિની, પામે સત્યતા નાશ. ૯૧
વૃત્તિ દશ ઇંદ્રિયતણી, મનમાં કરે વિલીન:
મન ને તેની વૃત્તિઓ, વ્યષ્ટિ હુંમાં પ્રલીન. ૯૨
સમષ્ટિ હુંમાં વ્યષ્ટિ હું, ભૂલે ધરી દૃઢ ધ્યાન;
શાંત બ્રહ્મમાં વિસરે, સમષ્ટિ હુંનું ભાન. ૯૩
એમ સર્વનું બ્રહ્મમાં, કરે વિસ્મરણ જેહ;
ગુરુકૃપા નિજ યત્નથી, જાણે બ્રહ્મને તેહ. ૯૪

બાધ કરી સૌ દશ્યનો, પામે વૃત્તિ બાધ;
સચ્ચિત્સુખઘન બ્રહ્મ રે', વ્યાપક એક અગાધ. ૯૫
હું તું તે આ ભેદ સૌ, કલ્પિત સ્પષ્ટ જણાય;
શાંત એકરસ બ્રહ્મનો, જ્યાં ત્યાં અનુભવ થાય. ૯૬
એ રીતે બ્રહ્મ જાણીને, ભલે કરે વ્યવહાર;
પછી તેમને દશ્યનો, થાય ન સ્પર્શ લગાર. ૯૭
દહિથી માખણ કાઢીને, ધરે છાશ–મોઝાર;
માખણ છાશ બને નહિ, જાણે સૌ સંસાર. ૯૮
તેમ જ્ઞાની વ્યવહારમાં, રહે અસંગ સદાય;
કરે પ્રાપ્તવ્યવહાર પણ, લેશ નહિ લેપાય. ૯૯
પરમશાંતિથી હૃદય નિજ, રહે સદા ભરપૂર;
સતત પરમસુખ અનુભવે, દુ:ખ કરી સૌ દૂર. ૧૦૦
ઇંદ્રિયવેગ શમે બધા, મન પણ થાય પ્રશાંત;
વિષયાકર્ષણ દૂર થઇ, પામે અતિ નિરાંત. ૧૦૧
અજ્ઞાનભયાદિ હેય જે, થાય તેમનો નાશ;
પ્રાપ્તવ્યની પ્રાપ્તિ થઇ, છૂટે સરવે આશ. ૧૦૨
જ્ઞાતવ્ય સ્પષ્ટ જાણતાં, સંશય રહે ન લેશ;
કર્તવ્ય કાંઇ નવ રહે, છૂટે સઘળા કલેશ. ૧૦૩
જાણે નિજ જીવન સફલ, હરખે હૃદય અપાર;
ગુરુ શાસ્ત્ર ને જ્ઞાન સુખ, જાણે જગમાં સાર. ૧૦૪
પરિચ્છિન્નતા દૂર થઈ, ભાળી વિભુસ્વરૂપ;
સંશયવિપરીતતા શમ્યાં, અનુભવતાં નિજરૂપ. ૧૦૫
પ્રસન્ન મન ઇંદ્રિય સદા, પ્રહસિત મુખ દરશાય;
ચિંતા અશેષ દૂર થઇ, પ્રત્યક્ષ ઈશ જણાય. ૧૦૬

બ્રહ્મરૂપ વપુત્રય થયાં, વિશ્વ થયું બ્રહ્મરૂપ;
પોતે પણ તે રૂપ થઇ, કર્યું અલિક જગરૂપ. ૧૦૭

સોરઠા.

પામી નરતનુ સાર, જીવભાવે ન જીવવું;
કરીને બ્રહ્મવિચાર, બ્રહ્મરૂપ થઇ જીવવું. ૧
જીવભાવ કરી દૂર, બ્રહ્મભાવે જીવવા ચહે;
પ્રથમ થઇ અતિશૂર, શુભ કર્મે તે પરવરે. ૨
શુભકર્મમાં પ્રીત, અહોનિશ તેણે રાખવી;
રાખી રૂડી રીત, શુભકર્મો કરવાં સદા. ૩
ક્ષારનીરનો સંગ, મલ હરે જેમ વસ્ત્રનો;
સુકર્મનો પ્રસંગ, તેમ મેલ મનનો હરે. ૪
ડોળા જલને જેમ, કતકરેણુ નિર્મલ કરે;
મલિન મનને તેમ, સુકર્મ શુદ્ધ કરે નક્કી. ૫
સુકર્મના સંસ્કાર, પડવા લાગે મનવિષે;
મનના સર્વ વિકાર, ઘટવા માંડે ક્રમવડે. ૬
મનની સ્થિરતાકાજ, ઉમગ પ્રકટે મનવિષે;
મૂકી ખોટી લાજ, સત્સંગમાં આદર કરે. ૭
સત્સંગથી સમજાય, મહિમા ગુરુ ને ઇશનો;
પ્રીતિ શાસ્ત્રમાં થાય, સુસાધને પ્રકટે રુચિ. ૮
ગુરુથી લઇ ઉપદેશ, પરમપ્રીતિ મનમાં ધરી;
કરે પ્રયત્ન હમેશ, મનને સ્થિર કરવાતણો. ૯
સમરણ કરે સદાય, ગુરુએ દીધેલ મંત્રનુ;
વીસરે નહિ કદાય, લોભીના ધનપેઠ તે. ૧૦
વિષયોપરનો રાગ, ઘટવા લાગે ક્રમવડે;
સુસ્થિર થાય વિરાગ, વધે સુપ્રેમ મહેશમા. ૧૧

ઈશના શુભ સ્વભાવ, મનમાં લાગે આવવા;
દબાય જીવસ્વભાવ, ઈશસ્મરણના બલવડે. ૧૨
અગ્નિજલનો સંગ, અસર કરે જેમ અન્યને;
તેમજ શિવપ્રસંગ, જીવને શિવ કર્યા કરે. ૧૩
વિવેકાદિ સ્થિર થાય, શ્રવણાદિ સારાં બને;
સંશયભ્રાંતિ વિલાય, અનુભવ થાયે બ્રહ્મનો. ૧૪
પોતાનું બ્રહ્મરૂપ, સંશયવિણ તે અનુભવે;
અન્યનું બ્રહ્મસ્વરૂપ, સ્પષ્ટજ દેખે સર્વદા. ૧૫
નટપેઠે વ્યવહાર, ઉપરથી ચલવે છતાં;
સત્ય ન ગણે લગાર, તેઓ અંતર્દષ્ટિથી. ૧૬
બે ભાષાના જાણ, બે ભાષા બોલી શકે;
તેમજ તજ્જ્ઞ સુજાણ, દૃશ્યબ્રહ્મરૂપ અનુભવે. ૧૭
વાયસનેત્ર જેમ, બે ગોલકમાં ગતિ કરે;
જ્ઞાનીનું મન તેમ, દૃશ્યબ્રહ્મમાં વિચરે. ૧૮
પખીની ગતિ જેમ, ભૂપર ને આકાશમાં;
જ્ઞાનીની ગતિ તેમ, દૃશ્યવિષે ને બ્રહ્મમાં. ૧૯
દેહધર્મ ને દેહ, સાક્ષીમાં દેખે નહિ;
બાધ પામિયાં તેહ, સ્વપ્નતણા દેહાદિવત્. ૨૦
ઇંદ્રિય મન ને પ્રાણ, તથા તેમના ધર્મ સૌ;
ત્રિપુટી ને પ્રમાણ, કલ્પિત જાણે નિજવિષે. ૨૧
અવિદ્યાનો સદ્ભાવ, આત્મામાં નવ અનુભવે;
નિરાવરણ–સ્વભાવ, બ્રહ્મ જ્યાં ત્યાં અનુભવે. ૨૨
કરી કામનો નાશ, ગણે લતાસમ સુંદરી;
આશાતણો વિનાશ, કરી નિરાશપદે વસે. ૨૩

શ્રીમતનૃપના ભોગ, કે ભોગો દેવોતણા;
ગણીને તે સૌ રોગ, ઇચ્છા તેની નવ કરે. ૨૪
દશ્યથી જે સુખ થાય, તે કૃત્રિમ છે સર્વથા;
અંતે દુઃખદ જણાય, મનને બહુ વ્યાકુલ કરે. ૨૫
એમ વિષયમાં દોષ, દેખે સંકલ્પત્યાગથી;
નિજસુખમાં સંતોષ, હૃદયવિષે રે' તેમને. ૨૬
સૌને બ્રહ્મસ્વરૂપ, જુએ રાગ ત્યાં ક્યાં રહે ?
વિશેષ દશ્યસ્વરૂપ, મતિ તેમની ન્યૂન ગ્રહે. ૨૭
મન ઇંદ્રિયના વેગ, હૃદયભણી પાછા વળે;
રહે ન કાંઈ ઉદ્વેગ, શાંતિસુખ જલ વરસતાં. ૨૮
પ્રાપ્તવિષે નિરવાહ, ચલવે તે સમબુદ્ધિથી;
નહિ બહુવિધ ચાહ, તેથી તે સુખિયા સદા. ૨૯
રવિનાં કિરણો જેમ, પરકાશે સૌ વસ્તુને;
તજ્જ્ઞ–મન આદિ તેમ, વિષયોને વિષય કરે. ૩૦
બરફતણા આકાર, બહુવિધ ભોક્તા ભોગ્યના;
પડતાં તાપ અપાર, પાણીરૂપ તે થઇ રહે. ૩૧
બહુવિધ આ આકાર, તેમ ભોક્તા ને ભોગ્યના,
થાય બ્રહ્મ–આકાર, જ્ઞાનાનલ–પરતાપથી. ૩૨
બહુવિધ જે આકાર, ધાતુતણા દેખાય તે;
થાય એક આકાર, પ્રખર આગના સંગથી. ૩૩
નામરૂપ પણ તેમ, જ્ઞાનવડે બ્રહ્મજ બને:
હતું પૂરવે જેમ, તેમજ હમણાં થઇ રહે. ૩૪
મીઠાના આકાર, જો સાગરમાં જઇ પડે;
થાય સાગરાકાર, તેમ દશ્ય પણ બ્રહ્મ બને. ૩૫

કલ્પિત ભોક્તૃરૂપ, તે હવે બ્રહ્મરૂપ થયું;
ભોગ્યતાણું સ્વરૂપ, તે પણ બ્રહ્મ બની ગયું. ૩૬
નદીઓ સાગરમાંય, નામરૂપ ત્યજીને ભળે;
તેમ તજ્ઞ બ્રહ્મમાંય, દશ્ય નામરૂપ ત્યજી મળે. ૩૭
જીવવાની નહિ આશ, કરે ધરે નહિ મૃત્યુભય;
અજપદ પદ અવિનાશ, તે રૂપે તે રે' સદા. ૩૮
મતિપ્રભાવ અપાર, શાંતિ અનુપમ એમની,
અક્રિય-પદ-મોઝાર, રહે અકર્તાભાવ ગ્રહી. ૩૯
વિવિધ મનુષ્ય-આકાર, વિષમભાવ મૂકી જુએ.
કુરૂપે નહિ ધિક્કાર, સુરૂપે આદર નવ રહે. ૪૦
નરસ્ત્રી આદિ ભેદ, જુએ ન સાચા વસ્તુમાં;
પાવન એક અભેદ, જુએ અલિંગપદે રહી. ૪૧
નિંદકનો નવ દ્વેષ, મનવાણીથી તે કરે;
ભુડું ન ઇચ્છે લેશ, કોઇ પ્રાણીનું તે કદી. ૪૨
જન નિજમતિ-અનુસાર, કરે પ્રવૃત્તિ વિશ્વમા.
એવું જાણનહાર, કહો દ્વેષ કોનો કરે ! ૪૩
ભૂલી મહદુપકાર, અપકારે જે સંચરે;
તેવાનો ધિક્કાર, કરે ન કદીએ મહજ્જન. ૪૪
જે પોતાના દોષ, જોવાનો શ્રમ લે નહિ;
ગુણીપર કરતા રોષ, મિથ્યા દોષો કલ્પીને. ૪૫
તેવાઓપર રોષ, કરે ન જ્ઞાનિજન કદી:
સતત સુલભ છે દોષ, એમ વિચારે મનવિષે. ૪૬
ભૂલતણો ભંડાર, જાણે તે જીવભાવને;
અપકારે ઉપકાર, તેથી તે કરતા રહે. ૪૭

સૌને આપે માન, વિશુદ્ધપ્રીતિ સૌપર કરે;
કરે નહિ અપમાન, બ્રહ્મરૂપ સૌને ગણી. ૪૮
નાનાવિધ પાખડ, જોઈ જગતમાં નવ તપે;
કરે કુતર્ક પ્રચડ, તેને ઉત્તર સરલ દે. ૪૯
વિવિધ તિલક ને માળ, ધારેલા જન જોઇને;
ક્રોધ ન કરે દયાળ, સંસ્કાર રુચિ સમજીને. ૫૦
બહુવિધ મત ને પંથ, પૃથ્વીપર પ્રસરી રહ્યા;
કોઇ સુપથ કુપથ, છતાં સાર તેનો ગ્રહે. ૫૧
માન અને અપમાન, સમ સ્તુતિનિંદાને ગણે;
ઇચ્છે નહિ સંમાન, સ્વરૂપમાં સુખ અનુભવે. ૫૨
રહે પરાને પાર, ચોથુ પદ રૂપ નિજ ગણે;
દેહાધ્યાસ લગાર, મનમાં કદીએ નવ ધરે. ૫૩
અપાર સુખ ઉભરાય, સદા તેમના મનવિષે;
મુખનેત્રે દેખાય, સમજુ જનને તે સદા. ૫૪
દેહ અને વ્યવહાર, કદી પ્રતિકૂલ થાય પણ;
વિવેકતણો લગાર, સંગ કદી મૂકે નહિ. ૫૫
વાદળ આડે જેમ, દિનકર તેજસ્વી રહે;
દુ:ખ આડે પણ તેમ, જ્ઞાની સુખરૂપે રહે. ૫૬
ધૂળ ધૂમાડો જેમ, સ્પર્શ કરે નહિ ગગનને,
સુખદુ:ખ આદિ તેમ, જ્ઞાનીને સ્પરશે નહિ. ૫૭
મૂર્તિમાન્ બ્રહ્મરૂપ, સુજ્ઞો જાણે તેમને;
નહિ દેહસ્વરૂપ, ગણે તેમને તે કદી. ૫૮
ભવસાગરનો પાર, મુમુક્ષુને દેખાડવા;
ધર્યો બ્રહ્મે અવતાર, એવુ લાગે એમને. ૫૯
રાખી હૃદયે ભાવ, તેઓનાં દરશન કરે;

તેના મનના તાવ, દૂર થઇને શાંતિ મળે ૬૦
આતમ-અનુભવ થાય,રહિત-આવરણ એમને;
બ્રહ્માનંદ દરશાય, સદા સ્પષ્ટ સંદેહવિણ. ૬૧
ત્રિવિધ દુઃખનો લેશ, સ્પર્શ કરે નહિ એમને;
રે' સુખરૂપ હમેશ, સદા સ્વાતમારામ થઈ. ૬૨,
છેલ્લો નિજ અવતાર, ગણી હિત ઇચ્છે સર્વનું;
અહિત ન કરે લગાર, કોઇ જીવનું તે કદી. ૬૩
વદનીય જગમાંય, જે આ રીતે જીવતા;
નહિ તો જીવે ઘણુંય, શ્વાનકાકસમ માણસો. ૬૪
જીવવુ મારે કેમ ? એ સુપ્રશ્ન તમે કર્યો;
ઘટે જીવવુ જેમ, તે સંક્ષેપે વરણવ્યું. ૬૫
મનમાં શ્રદ્ધા હોય, તો જીવો આ રીતથી;
સફલ જીવન છે સોય, ઉત્તમ દેવાદિથકી. ૬૬
મહાપુણ્યોદય થાય, તવ જીવને નરતનુ મળે;
આ રીતે જીવાય, તોજ ગણો નરતનુ સફલ. ૬૭
ચિત્ત અને સંસાર, શાંત કરો નિજ રૂપમાં;
અસંગ જગમોઝાર, રૈ પ્રારબ્ધ પૂરુ કરો. ૬૮
પવિત્ર પરમાનંદ, બ્રહ્મરૂપમાં સ્થિર રહો;
છોડો મનના ફંદ, શીઘ્ર દઢ નિશ્ચયવડે." ૬૯
કેવલને વિશ્વાસ, આવ્યો ગુરુના બોધમાં;
પ્રયત્નમાં કચાશ, પછી ન રાખી એમણે. ૭૦
જીવ્યા થઈ બ્રહ્મરૂપ, જીવભાવ જાતો કર્યો;
વિશ્વે આદર્શરૂપ, જીવન ગાળ્યું એમણે. ૭૧
જીવે જે જન આમ, તેનું જીવવું ધન્ય છે;
નહિ તો ફૂટી બદામ,-સમ જીવન સુજ્ઞો ગણે. ૭૨

ॐ

॥ अंक अट्ठावनमो ॥

॥ केवुं मरण उत्तम गणाय ? ॥

વસ્તુનિર્દેશરૂપ મંગલ.

દોહરો.

જનમમરણ નહિ મુજવિષે, ઉપાધિમાં તે થાય;
એમ અનુભવી જે મરે, મરવું શ્રેષ્ઠ ગણાય. ૧

વિવેકી મનુષ્યે આ જગત્માં જીવી જાણવું એ જેટલું અગત્યનું છે તેટલુંજ અગત્યનું તેણે મરી જાણવું એ પણ છે, અર્થાત્ મનુષ્યે જેમ સુખપૂર્વક જીવી જાણવુ જોઇએ તેમ તેણે સુખપૂર્વક મરી પણ જાણવુ જોઇએ. મનુષ્યોનો મોટો ભાગ જેમ અજ્ઞાનને લીધે સુખપૂર્વક જીવી જાણતો નથી તેમ મનુષ્યોનો મોટો ભાગ અજ્ઞાનને લીધે સુખપૂર્વક મરી પણ જાણતો નથી. જેમ વિષનું વિધિપૂર્વક સેવન કરનાર મનુષ્ય દીર્ઘજીવી ને નીરોગ થઇ શકે છે તેમ જેઓ વિવેકપૂર્વક મરી જાણે છે તેઓ નિરામય અમરભાવને પામે છે. "મરી જવું છે," "મરી જવું છે" એમ મનુષ્યોનો મોટો ભાગ મરણનું અનિવાર્યપણું જાણી બોલ્યા કરે છે, પણ મારે કેવી રીતે મરવું હિતાવહ છે, ને તેવું મરણ પ્રાપ્ત કરવામાટે મારે કેવી યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ તે વાત મનુષ્યોનો મોટો ભાગ વિચારતો હોય એમ જણાતુ નથી, ને તેથી યોગ્ય પ્રકારનું મરણ પ્રાપ્ત

કરવામાટે તે પોતાના અંતઃકરણાદિની યોગ્યતામાં વધારો કરતો હોય એમ પણ જણાતું નથી.

જેમ સૂર્યાદિ નિત્ય ઉદય પામીને સમય થયે અસ્ત પામે છે, જેમ ચણેલાં ગૃહો કાલાંતરે જીર્ણ થઇ પડી જાય છે, ને જેમ ઊગેલાં વૃક્ષાદિ કાલાંતરે સૂકાઇ જઇ નાશ પામી જાય છે તેમ ઉત્પન્ન થયેલા માણસ આદિનાં શરીરો તેમના પ્રારબ્ધકર્મની સમાપ્તિ થતાં પડી જાય છે,—મરણને શરણ થાય છે. પોતાના ઉપજેલા મનુષ્ય-શરીરનો તેના પ્રારબ્ધકર્મની સમાપ્તિએ અવશ્ય નાશ થવાનો છે એ વાતનું સ્મરણ રાખી એ શરીરવિયોગરૂપ મરણનું ભય પોતાના અંતઃકરણને ન લાગે અને પોતાના મનાતા પ્રાણિપદાર્થોનો ને પોતાના શરીરનો પ્રસન્નતાપૂર્વક સમય આવે પરિત્યાગ કરી શકાય તે માટે પ્રત્યેક મનુષ્યે પોતાના અંતઃકરણને હવે પછી કહેવાશે તેવી યોગ્યતા-વાળુ કરવુ જોઇએ, ને પોતાનો પ્રાપ્તવ્યવહાર સર્વદા વ્યવસ્થિત ને શુદ્ધ રાખવો જોઇએ.

મરણનું ભય જેમને થાય છે તેમને તે તેમના પોતાના અંતઃ-કરણમાં થાય છે, છતાં જીવની ને અંતઃકરણની અજ્ઞાનકાલે એકજેવી સ્થિતિ મનાવાથી મરણના ભયથી તપેલા અંતઃકરણની સાથે જાણે પોતે તે રૂપ હોય એમ માનતો જીવ "આ દુઃખથી હુ તપુ છું" એમ તપવાનું અભિમાન ધારણ કરે છે. જીવનું શુદ્ધ સ્વરૂપ જે આત્મા વા સાક્ષી છે તેના અસંગ ને પરમાનંદસ્વભાવનું જ્ઞાન અજ્ઞાન-કાલે જીવને ન હોવાથી જીવ પોતાનેજ આત્મા માની મરણના વિચારાદિથી તપવાનું અભિમાન ધારણ કરે છે. "**अजो नित्यः**" (આ આત્મા અજન્મા ને અવિનાશી છે,) ને "**परिगलिततापा चितिरसौ**" (આ આત્મા દુઃખથી અત્યંત રહિત છે) એવો

વિવેક અજ્ઞાનકાલે જીવને ક્યાંથી હોય ? કોઈ શરદ્‌પૂનમની મધ્યરાત્રે કોઇ ઊઘાડી ભૂમિપર પ્રજ્વલિત અગ્નિવાળી ચૂલપર રાખેલો તેલથી ભરેલો તાવડો બહુજ તપવાથી તેમાંનું તેલ ઘણુજ તપી ગયું હોય તોપણ તે તેલમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ લેશ પણ તપતું નથી, છતાં તે તપે છે એવું ભાન અવિવેકી મનુષ્યને થાય છે, ને વધારે અવિવેકી મનુષ્યને આકાશમાંનો બિંબરૂપ ચદ્ર પણ તપતો હશે એમ સમજાય છે. આ દૃષ્ટાંતમાં જેમ માત્ર તેલજ તપે છે, તપેલા તેલમાં પડેલું ચદ્રનું પ્રતિબિંબ કે આકાશમાં રહેલું ચંદ્રનું બિંબ તપતું નથી તેમ સિદ્ધાંતમાં મરણના ભયથી અવિવેકી મનુષ્યનું અંતઃકરણજ તપે છે, પણ અંતઃકરણમાં પડેલા આત્માના આભાસરૂપ જીવ કે જીવનું વાસ્તવિક સ્વરૂપ આત્મા તપતા નથી.

દેહાદિથી આત્મા—પોતાનું વાસ્તવિક સ્વરૂપ–અત્યત ભિન્ન ને વિપરીતસ્વભાવવાળો છે આવો વિવેક અજ્ઞાની મનુષ્યના અંતઃકરણમાં ન હોવાથીજ શરીરના મરણને પોતાનુ મરણ માની તે મનુષ્યને મરણનું ભય થાય છે. “ હું દેહ છું ” આવા દૃઢ નિશ્ચયથીજ પોનાના શરીરના પતનરૂપ મરણના વિચારથી વા મરણના સંભવની પ્રતીતિથી વા મરણના હેતુઓના આગમનથી તે અવિવેકી મનુષ્યને મરણનુ ભય લાગે છે. જીવ દેહથી ભિન્ન ને વિપરીતસ્વભાવવાળો છે એવી સાધારણ સમજવાળાને પણ પોતાના અંતઃકરણના ઉંડાણમાં દેહમાં હુંપણાની–આત્માની–બુદ્ધિ રહે છે, ને તે દેહના સંબંધવાળા પ્રાણીઓમાં ને પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ રહે છે તેથી “ આ બધાને મૂકીને–આ બધાથી ઉપજતા સુખને મૂકીને– મારે મરવું પડશે, ” ને જો પાપકર્મ કર્યા હોય તો “ પરલોકમાં મારી ક્યાં ને શી સ્થિતિ થશે ? ” આવા વિચારથી, અને જો

પોતાને સ્ત્રીપુત્રાદિ હોય તો " તેમનું પોતાના મરણપછી શું થશે ?" આવા વિચારથી અવિવેકી મનુષ્યનું અંતઃકરણ ભય તથા ખેદને વશ થાય છે.

જે અવિવેકી મનુષ્યો કામ, ક્રોધ ને લોભાદિને વશ થઇને મનુષ્યોની ને અન્ય પ્રાણીઓની હિંસા કર્યા કરે છે, બીજા મનુષ્યોના સ્વામિત્વનું દ્રવ્ય બલાત્કારથી ચોરીથી કે ઠગાઇથી લઇ લેવાનું કામ કર્યા કરે છે, અને પોતાની દુષ્ટ પ્રવૃત્તિવડે મનુષ્યોને કે બીજા પ્રાણીઓ-ને પીડા આપ્યા કરે છે તેમને જ્યારે મરણનો સમય સમીપ આવ્યાનું ભાન થાય છે ત્યારે " જગન્નિયતા મને મારાં આ પાપોની ઘણી ભયકર શિક્ષા કરશે " આવા વિચારોવડે ને કરેલાં પાપકર્મોના સ્મરણવડે તથા મનના તીવ્રવેગવડે કરેલા કોઈ કોઈ પાપકર્મોના ચીતાર (દેખાવ) પોતાની આંખની ને પોતાના હૃદયની આગળ ખડા થઇ જવાથી તેમનું હૃદય કંપી ઊઠે છે, તેઓ રોવા લાગે છે, પોતાનું માથુ કૂટવા લાગે છે, પોતાના મુખપર તમાચા મારવા લાગે છે, ને આગળ કરેલાં પામકર્મોમાટે બહુ પસ્તાવો કરવા લાગે છે.

જે મનુષ્યને સ્ત્રી, પુત્ર ને દ્રવ્યાદિમાં ઘાટો સ્નેહ હોય, જેના શરીરની યુવાવસ્થા હોય, અને જેના હૃદયમાં ઘાટી વિષયતૃષ્ણા હોય તે મનુષ્યને પણ પોતાના મરણનો સમય સમીપ જણાતાં વિષયોનો ને વિષયોનાં ઉપકરણોનો વિયોગ કરાવનાર મરણથી ઘણો ત્રાસ થાય છે.

જે અવિવેકી મનુષ્યો દેહાદિ જડ વસ્તુઓને પોતાનું સ્વરૂપ સમજે છે તેમને પણ " હું મરી જઇશ " એવા વિચારો પોતાના

મરણનો સમય પાસે આવતાં આવે છે, ને તે વિચારો તેમને ત્રાસ આપે છે.

જે મનુષ્યો મરણના ભયથી રહિત થવા ઇચ્છતા હોય તેમણે સર્વ પ્રકારનાં પાપકર્મોથી ઘણામાં ઘણું દૂર રહેવું જોઇએ, શબ્દાદિ વિષયોમાં ને તેનાં સાધનોમાં વિવેકવડે દૃઢ દોષદર્શન કરી પોતાના મનને વિષયોની તૃષ્ણાથી રહિત કર્યા કરવું જોઇએ, અને વિવેકાદિ તથા વેદાંતશ્રવણાદિ આત્મજ્ઞાનનાં સાધનોવડે આત્માનું સ્વરૂપ જાણવા સતત પ્રયત્ન કર્યા કરવો જોઇએ. જો આવો પ્રયત્ન લાંબા સમયસુધી, વચ્ચે અંતરાય પાડ્યા વિના, પરમાદરપૂર્વક કરવામાં આવશે તો તે મનુષ્યના અંતઃકરણમાં રહેલા પ્રતિબંધનો ક્ષય થયે તેને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થશે. આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થવાથી તે મનુષ્યને પોતાનો આત્મા મરણથી રહિત છે એવો સ્પષ્ટ અનુભવ થવાથી તેને મરણનું લેશ પણ ભય રહેશે નહિ.

વિવેકી મનુષ્યે પોતાના શરીરના ત્યાગપહેલાં પોતાનાં મનાતાં સ્ત્રી, પુત્ર, ઘર, દ્રવ્ય, પશુઓ ને અન્ય પદાર્થોમાંથી મમતા મૂકી દેવી જોઇએ,—રંગભૂમિપરનાં પાત્રોની પેઠે ઉપરથી તેમની સાથે યથાયોગ્ય વ્યવહાર ચલાવતાં છતાં પણ અંતઃકરણને તેમનામાં મમતાથી બાંધી ન રાખવુ જોઇએ. સ્વર્ગનાં સુખોને પણ વિનાશી સમજી તેમાંથી ને પોતાના શરીરમાંથી પણ મમતા મૂકી દેવી જોઇએ. આમ સર્વ દશ્યમાંથી મમતાનો પરિત્યાગ કરી પોતાના પ્રારબ્ધ-કર્મની સમાપ્તિએ જે મનુષ્ય પોતાના સ્થૂલશરીરનો શાંતિપૂર્વક પરિત્યાગ કરે છે તેણે મરી જાણ્યુ એમ કહેવાય. વિવેકી મનુષ્યે સમય આવે આમ મરવું જોઇએ.

પોતાના સ્થૂલશરીરમાંથી, ઇંદ્રિયોમાંથી, અંતઃકરણમાંથી, પ્રાણમાં-

થી ને ચિદાભાસરૂપ જીવમાથી હુંપણાની—આત્માની—બુદ્ધિનો પરિત્યાગ કરી, તથા બ્રહ્મથી અભિન્ન આત્મામાં હુંપણાની બુદ્ધિ સ્થિર કરી, પોતાના સ્થૂલશરીરના પ્રારબ્ધકર્મની સમાપ્તિએ પોતાના સ્થૂલશરીરનો સૂકા તણખલાના કટકાની પેઠે પરિત્યાગ કરવો જોઇએ. આમ દેહાદિમાંથી અહતા મૂકનારે અને શુદ્ધ આત્મામાં હુંપણું સ્થિર કરનારે મરી જાણ્યુ એમ કહેવાય. વિવેકી મનુષ્યે પોતાનાં અંતઃકરણમાં આવી યોગ્યતા પ્રાપ્ત કરી પછી મરવુ જોઇએ.

જેમ પ્રવાસી મનુષ્ય પોતાના પ્રવાસને માટે સર્વદા પ્રસન્નતાપૂર્વક તૈયાર રહે છે તેમ વિવેકી મનુષ્યે અકસ્માત્ આવનારા મૃત્યુને માટે સર્વદા પ્રસન્નતાપૂર્વક તૈયાર રહેવું જોઇએ. જેણે અનાત્મ પદાર્થોમાંથી અહંતામમતા મૂકી દીધેલી છે તેને મૃત્યુ કેવી રીતે ડરાવી શકે ? મૃત્યુને હવે તેની પાસેથી કાંઇ પણ લેવાનું બાકી રહ્યું નથી. જે પદાર્થોના ઉપર મૃત્યુની સત્તા ચાલી શકે છે તે સર્વ પદાર્થોનો તેમણે પ્રસન્નતાથી પ્રથમજ પોતાની મેળે પરિત્યાગ કરી દીધેલો છે. વિવેકીએ પોતાના શરીરના પ્રારબ્ધની સમાપ્તિએ આવી રીતનું સ્વરૂપમાં સ્થિતિ કરવારૂપ બીજાઓને પ્રતીત થતું કથનમાત્ર મરણ સ્વીકારવું જોઇએ.

જે સ્થલમાં સૂર્યચંદ્રનો પ્રકાશ પહોંચી શકતો નથી, જે સ્થલમાં તારાઓનો ને વીજળીઓનો પ્રકાશ પણ પહોંચી શકતો નથી, અને જે સ્થલમાં આ મનુષ્યોને પરિચિત અગ્નિ પોતાના પ્રકાશનો કાંઇ પણ ઉપયોગ કરી શકતો નથી તે સ્વયંપ્રકાશપદરૂપ સ્થલમાં પ્રાકૃત લોકોને ભયંકર જણાતા કાલનો પ્રવેશ થવાનો લેશ પણ સંભવ ન હોવાથી વિવેકીએ તે સ્વયંપ્રકાશ લોકોત્તરપદરૂપ સ્થલમાં સ્થિતિ કરી પ્રારબ્ધકર્મની સમાપ્તિનો સમય આવે

પોતાના સ્થૂલશરીરને સૂકા તણખલાની પેઠે પ્રસન્નતાથી ત્યજી દેવું જોઇએ.

જેમણે પોતાના સ્થૂલશરીરનું ક્ષણભંગુરપણું વિચારી, તથા તે મૃત્યુનું ભક્ષ્ય છે એમ સમજી તેને મૃત્યુને માટે આગળથીજ પોતાના આત્માથી પૃથક્ કરી રાખી મૂકેલું છે, અને જેમણે પોતાનાં સગાં-વહાલાંઓનાં શરીરોનું ને પોતાના મનાતા અન્ય પ્રાણિપદાર્થોનું ક્ષણ-ભંગુરપણુ જાણી, તથા અંતે તેમનો વિયોગ અવશ્ય થવાનો છે એમ વિચારી પ્રથમથીજ તેમનો પોતાના મનથી પરિત્યાગ કરી દીધો છે તેમને મૃત્યુનુ લેશ પણ ભય પ્રાપ્ત થાય એવો સંભવ ક્યાંથી હોય ?

જ્યાં કોઇ પણ ભૌતિક પદાર્થ નથી, જ્યાં કોઇ પણ પ્રકારના દેહધારી પ્રાણીઓ નથી, જ્યાં ભૂરાદિ ભુવનો નથી, જ્યાં પૃથિવી નથી, જ્યાં જલ નથી, જ્યા તેજ નથી, જ્યાં વાયુ નથી, જ્યાં આકાશ નથી, અને જ્યાં અવિદ્યા અથવા માયા નથી, પણ જ્યાં એકરસ, અખડ, સદ્‌ઘન, ચિદ્‌ઘન, આનંદઘન, અસંગ, અવિકારી વ્યાપક, વાણીવડે ન કહી શકાય એવી, મનવડે ન ચિંતવી શકાય એવી, પરમસૂક્ષ્મ ને અવિકારી વસ્તુજ માત્ર રહી છે ત્યાં અભેદભાવે સ્થિતિ કરી રહેલાને મરણ શું કરી શકે ? તેઓ તો મરણના પણ વિશ્રાંતિસ્થાનરૂપ થયા છે. આવી સ્થિતિને પ્રાપ્ત કરી જેઓ પોતાના ત્રણે શરીરોને છેલ્લામાં છેલ્લી વેલા પરિત્યજે છે તેમને વારવાર ધન્ય છે.

જેમણે પોતાના સ્થૂલશરીરના નામનું અભિમાન ત્યજ્યું છે, જેમણે પોતાના સ્થૂલશરીરના આકારનું અભિમાન ત્યજ્યુ છે, જેમણે પોતાના વર્ણનું ને આશ્રમનું અભિમાન ત્યજ્યું છે, જેમણે સ્ત્રીપુરુષાદિ-ના લિંગનું અભિમાન ત્યજ્યું છે, અને જેમણે વિદ્યા, કલા, સદા-ચાર ને બીજુ જે કાંઈ લોકોમાં વખણાતું પોતાનામાં હોય તે સર્વના

અભિમાનનો સર્વથા પરિત્યાગ કર્યો છે તેમને સ્થૂલશરીરના વિયોગમાં કંઇ પણ ક્લેશ થવાનું કારણ ન હોવાથી તેઓ મરણ આવે પ્રસન્નતાથી પોતાના કલ્પિત સ્થૂલશરીરનો પરિત્યાગ કરી શકે છે. વિવેકીએ આવી તૈયારી કરી પોતાના સ્થૂલશરીરનો ત્યાગ કરવો જોઇએ.

જેઓ કોઇનો કોઇ પણ પ્રકારનો કોઇ પણ નિમિત્તે ક્યારેય દ્વેષ કરતા નથી, સર્વ પ્રાણીઓમાં પોતાનાજ આત્માનો સદ્ભાવ છે એમ જાણી જેઓ સર્વ સુખી પ્રાણીઓની સાથે મૈત્રીની ભાવનાથી વર્તે છે, જેઓ કોઇ પણ પ્રકારે દુઃખી હોય એવા પ્રાણીઓપર, તથા વૈભવમાં પોતાનાથી ઊતરતી સ્થિતિવાળા, ઊતરતી બુદ્ધિવાળા, ઊતરતી વિદ્યાવાળા ને ઊતરતા ગુણવાળા પ્રાણીઓના ઉપર સર્વદા દયા રાખે છે, જેઓ સર્વ પ્રકારનું નાનું મોટું પુણ્યકર્મ કરનારા મનુષ્યોની તે તે પુણ્યકર્મનું દુર્લભપણું વિચારી અસૂયા કરતા નથી, પણ પ્રસન્ન થાય છે, અને જેઓ પ્રત્યેક કર્મના પરિણામદર્શીપણાનું ને શાસ્ત્રોક્ત પુણ્યમાં પ્રવૃત્તિ કરાવનારા સંસ્કારોનું દુર્લભપણું જાણી તથા કુસંસ્કારોના વેગવડે પાપમાં પ્રવૃત્ત થઇ જવાનું સુલભપણું જાણી કોઇ પણ પાપી મનુષ્યનો દ્વેષ કે તિરસ્કાર કરતા નથી, પણ તેની સ્તુતિનિંદાથી રહિત રહેવારૂપ ઉપેક્ષા કરે છે, તથા જેઓ સર્વત્ર પરમતત્ત્વને અનુભવે છે તેઓ બીજાની દૃષ્ટિએ જીવતા દેખાતા છતાં પણ પોતાના મનવડે મરણ પામીને જીવે છે, એટલે તેમને મરણનું કોઇ પણ પ્રકારે ભય ન હોય તે સ્વાભાવિક છે. વિવેકીએ પોતાના સ્થૂલશરીરના પ્રારબ્ધકર્મની સમાપ્તિએ પોતાના સ્થૂલશરીરનો પરિત્યાગ કરતાપહેલાં પોતાના અંતઃકરણને ઉપર કહેલી સ્થિતિમાં લાવવું જોઇએ.

જેમ આકાશમાં સ્વતંત્રપણે ઊડી શકવાના બલવાળું પક્ષી તેની

પાંખોને દોરીવડે બાંધી રાખવાથી વા તેને પિંજરામાં પૂરી રાખવાથી આકાશમાં ઊડવા સમર્થ થતું નથી, ને તેને જ્યાં બાંધ્યું હોય ત્યાં વા જે પિંજરામાં તેને પૂર્યું હોય તે પિંજરામાં તે પરાધીન થઇને રહે છે, અને જેમ વનમાં સર્વત્ર સ્વતંત્ર ભ્રમણ કરવાના બલવાળાં સિંહાદિ પશુઓને જો પિંજરામાં પૂરી રાખવામાં આવે વા સાંકળ આદિથી બાંધી રાખવામાં આવે તો તેઓ વનમાં સ્વતંત્ર ભ્રમણ કરી શકતાં નથી, પણ જ્યાં તેમને જેવી રીતે રાખ્યાં હોય ત્યાં તેઓ તેવી રીતે રહે છે તેમ અસંગી ને સર્વવ્યાપક આત્મા પણ જો તેને આશરે રહેલું અંતઃકરણ દશ્ય પાણિપદાર્થોમાં દૃઢ રાગદ્વેષવાળું થાય તો પોતાના અસંગ ને સર્વવ્યાપક સ્વભાવથી રહિત થયાજેવો થઇ બંધન પામેલાના જેવો થાય છે. આવાં રાગદ્વેષાદિ બંધનોથી જેઓ જીવતાંજ પોતાના અંતઃકરણને મોકળું કરી શકે છે તેઓ ગમે તે વેલાએ ગમે તે સ્થલે ને ગમે તે સ્થિતિમાં પ્રસન્નતાપૂર્વક મૃત્યુને મળી શકે છે.

પોતાના દેવદુર્લભ માનવદેહનું માહાત્મ્ય જાણનાર મનુષ્ય આ સર્વ દશ્ય પ્રપચને તેની પોતાની સત્તાથી સત્તાવિનાનો, પોતાના ને પરના જ્ઞાનથી રહિત ને પોતાની સાથે રાગદ્વેષપૂર્વક સંબંધ રાખનારને દુઃખાનુભવ કરાવવાના સ્વભાવવાળો જાણી, સર્વ દશ્ય પ્રપંચમાં રાગદ્વેષરહિત થઇ, પોતાના મનનો દશ્યભણીનો વેગ રોકી,–તેને આત્માભિમુખ કરી, ઇંદ્રિયોના નિષિદ્ધ ને પ્રયોજનવિનાના વેગોને વશ કરી, ચિત્તવિશ્રાંતિના મુખ્યસાધનરૂપ પોતાના સમર્થ સદ્ગુરુના ને સતશાસ્ત્રોના ઉપદેશમાં પ્રામાણિકપણાના દૃઢ નિશ્ચયવાળા થઇ, કોઇ પણ પ્રતિકૂલ પ્રસંગ પોતાના જીવના દુષ્ટ પ્રારબ્ધકર્મના વિપાકથી જ્યારે જ્યારે પ્રાપ્ત થાય ત્યારે ત્યારે શાસ્ત્રોક્ત વિચારવડે પોતાના

મનને ખેદાદિ વિકારોથી મોકળું રાખવાના સામર્થ્યવાળા થઇ આત્માને જાગ્રતની કોઇ પણ ત્રિપુટીની સાથે તેના અસંગસ્વભાવને લીધે લેશ પણ સાચો સંબંધ નથી એવા દૃઢ નિશ્ચયવડે સુષુપ્તિની પેઠે જાગ્રત્માં પણ પોતાના અંતઃકરણને દૃઢ રાગદ્વેષાદિના વેગોથી ક્ષોભ નહિ પામવા દેવાના સામર્થ્યવાળા થઇ, પોતાના શુભ પ્રારબ્ધકર્મના ઉદયથી સજ્જનોએ આપેલા માનથી પોતાના અંતઃકરણમાં પ્રબલ હર્ષનો ઉદય નહિ થવા દેવાના સામર્થ્યવાળા ને ક્વચિત્ પોતાના જીવના અશુભ પ્રારબ્ધકર્મના ઉદયથી દુર્જનોએ કરેલા તિરસ્કારથી પોતાના અંતઃકરણમાં પ્રબલ ખેદનો ઉદય નહિ થવા દેવાના સામર્થ્યવાળા થઇ, ક્ષુધાતૃષા એ પ્રાણના ધર્મો છે, મારા—આત્માના—ધર્મો નથી એમ સમજી કોઇ વેલા દુર્દૈવના ઉદયથી અન્નજલ ન મળે વા તે ન્યૂન કે ઊતરતા પ્રકારનું મળે તોપણ પોતાના મનને સ્વસ્થ રાખવાના બલવાળા થઇ, ટાઢતડકાની અસર સ્થૂલશરીરની ત્વચાપર છે, અસંગસ્વભાવવાળા આત્માના ઉપર નથી એમ સમજી દુર્ભાગ્યના આવિર્ભાવથી વધારે પડતી ટાઢનો તથા વધારે પડતા તડકાનો સંયોગ પ્રાપ્ત થાય તે વેલા પોતાના મનને વ્યાકુલતાથી રહિત રાખવાના સામર્થ્યવાળા થઇ, અને અજ્ઞાન તથા અંતઃકરણ ને તેના સર્વ ધર્મોથી અત્યંત પૃથક્ થઇને પોતાના સચ્ચિદાનંદઘનસ્વરૂપને જાણવાની ઉત્કટ ઇચ્છાવાળા થઇ શ્રવણાદિવડે પોતાના વાસ્તવિક સ્વરૂપનો દૃઢ સાક્ષાત્કાર કરી પ્રારબ્ધકર્મની સમાપ્તિએ પોતાના સ્થૂલાદિ શરીરનો ને અન્ય સર્વ દૃશ્યનો પોતાના સ્વરૂપમાંજ તિરોભાવ કરે છે, જેને લોકવ્યવહારમાં મરણ એવું નામ આપવામાં આવે છે, આનું નામજ વિવેકીએ ઇચ્છવાયોગ્ય પુનરાવૃત્તિરહિત સુમરણ કહેવાય, બીજાં મરણો તો તેની અપેક્ષાએ દુર્મરણજ કહેવાય.

દેવોને પણ દુર્લભ મનાતા તથા શરીર ઇંદ્રિયો ને અંતઃકરણના યોગ્ય સામર્થ્યવાળા મનુષ્યશરીરને પામી જેઓ પોતાના અંતઃકરણમાં વિવેકાદિ ચાર સાધનોને સુસ્થિર કરી, વેદાંતશાસ્ત્રને શબ્દ અર્થ ને તાત્પર્યથી જાણનારા ને અધિકારી મુમુક્ષુઓને તેમની વિદ્યા ને બુદ્ધિસામર્થ્ય જોઇ તેમનું અંતઃકરણ ગ્રહણધારણ કરે એવા શબ્દો યુક્તિઓ ને દૃષ્ટાંતોથી તેમના અંતઃકરણમાં શ્રદ્ધા ને ઉત્સાહ પ્રકટે એવી રીતે બ્રહ્મસ્વરૂપનો ઉપદેશ કરવાના સામર્થ્યવાળા, સર્વ પ્રાણિ-પદાર્થોના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનો પ્રકાશમાં સમીપ સંમુખ પડેલા ઘડાના સ્પષ્ટ સાક્ષાત્કારની પેઠે જેમને સર્વદા સર્વત્ર સ્પષ્ટ સાક્ષાત્કાર થયા કરે છે એવા, અને અજ્ઞાની મનુષ્યોનો ઉદ્ધાર કરવામાં પરમ ઉદાર ને નિઃસ્વાર્થ દયાલુ સદ્ગુરુને પૂજ્યભાવ નમ્રતા ને ભેટસહિત શરણે જઇ તેઓશ્રીની પાસેથી બહુ વિનયથી આતુરતાપૂર્વક આત્માથી અભિન્ન બ્રહ્મનું સ્વરૂપ સાંભળી, સર્વ શાસ્ત્રોનું મુખ્યપ્રયોજન બ્રહ્મ-નિરૂપણ ને ગૌણપ્રયોજન ચિત્તશુદ્ધિના ને ચિત્તસ્થિરતાના ઉપાયોનું નિરૂપણ છે એમ સમજી, એકાંતમાં બેસી પોતાના મનને ઘણું સ્વસ્થ કરી પોતાના શ્રીસદ્ગુરુના વેદાંતશાસ્ત્રના ને પૃથિવીપરના મતપંથોના ઉપદેશનું અભેદમાં કેવી રીતે તાત્પર્ય છે અને ભેદવાદ કેવી રીતે અસાર વા ઊતરતો છે તેનો સુયુક્તિઓવડે સારી રીતે નિર્ણય કરવા-વડે બ્રહ્મના દૃઢપરોક્ષજ્ઞાનને પ્રાપ્ત કરી, અને દૃશ્યને સત્યરૂપે માની રાગદ્વેષપૂર્વક તેને વિષય કરવા પોતાના અંતઃકરણમાંથી ઊઠતી વૃત્તિઓ-ને પોતાના અંતઃકરણના અધિષ્ઠાનભણી પાછી વાળી તથા બ્રહ્માકાર-વૃત્તિઓનો પ્રવાહ સતત ચલાવી પોતાના અંતઃકરણમાં અવિદ્યા ને તેનાં કાર્યોનો બાધ કરનારી બ્રહ્મવિદ્યાનામની વૃત્તિના આવિર્ભાવનો અનુભવ કરી, સ્થૂલશરીરાદિને ઉપજાવનારા પ્રારબ્ધકર્મની સમાપ્તિએ

પોતાના સ્થૂલશરીરને જૂના સુકા ઘાસના કટકાની પેઠે પ્રસન્નતાપૂર્વક ત્યજી દે છે તેઓએજ મનુષ્યશરીર પામી યોગ્ય રીતે મરી જાણ્યું એમ કહી શકાય.

જેઓ પોતાના અનાદિ અનંત સ્વરૂપને જાણવા સુભાગી થયા છે, જેઓ સર્વ પ્રાણિપદાર્થોમાં-શત્રુમાં પાપીમાં દુર્જનમાં રોગીમાં કુરૂપમાં સર્પમાં વીછીમાં સિંહમાં વ્યાઘ્રમાં મલિન વસ્તુઓમાં ને અપકારક કીટાદિમાં પણ—પરમાનંદરૂપ બ્રહ્મની ઝાંખી કરવાના મનોબલવાળા થયા છે, જેમનું પરમપવિત્ર સુસ્થિર ને પરમપ્રેમવાળુ હૃદય વારવાર પોતાના સ્થૂલશરીરની અંતર ને પોતાના સ્થૂલશરીરની બહાર વ્યાપી રહેલા એકરસ પરમપવિત્ર ને પરમાનંદરૂપ બ્રહ્મતત્ત્વને પરમપ્રીતિથી આલિંગન કર્યા કરે છે, અને તજ્જન્ય પરમાનંદનો અનુભવ કર્યા કરે છે, જેમનું દેહાભિમાન અત્યત ગલિત થઇ ગયું છે, જેઓ શત્રુમાં મિત્રમાં ને તટસ્થમાં સર્વદા સમબુદ્ધિવાળા છે, જેમને કોઇ પણ પ્રાણી પોતાનું કે પારકું નથી, અને જેમની કોઇ પણ પ્રાણિપદાર્થમાં ને પોતાના સ્થૂલશરીરમાં પણ લગારે મમતા રહી નથી તેઓ ગમે તે સમયમાં ગમે તે દેશમાં ને ગમે તે સ્થિતિમાં પ્રસન્નતાપૂર્વક લોકોમાં પરમશત્રુરૂપ મનાતા મરણને પોતાનો મિત્ર સમજીને ભેટી શકે છે.

જેમણે વ્યવહારદૃષ્ટિએ માનવામાં આવતા સ્થૂલ, સૂક્ષ્મ ને કારણશરીરમાંથી હુંપણાની—આત્માની—બુદ્ધિનો પરિત્યાગ કરી સદ્‌ઘન, ચિદ્‌ઘન, આનંદઘન, અસંગ, અવિકારી, પૂર્ણકામ, અકર્તા, અભોક્તા, એક, અદ્વિતીય, વિભુ ને અચલ બ્રહ્મતત્ત્વમાં હુંપણાની બુદ્ધિ અનુભવપૂર્વક સુસ્થિર કરી છે તેમને લોકોમાં અમગલરૂપ મનાતું મરણ અમંગલરૂપ લાગતું નથી, પણ મંગલરૂપજ લાગે છે. તેમની દૃષ્ટિએ

તો મનોરાજ્યના કે સ્વપ્નના શરીરના શમનના જેવુંજ મરણ જણાય છે.

જેમણે આત્મસ્વરૂપમાં સ્થિતિ કરી છે, અને જેઓ સર્વદા પોતાના અકર્તાભાવને તથા અભોક્તાભાવને અનુભવે છે તેમને જેમ યોગવાસિષ્ઠમાં વર્ણવેલા આકાશજ બ્રાહ્મણને પકડવાનો પ્રયત્ન કરનાર મૃત્યુનો દૂત દાહ પામવા લાગ્યો, ને પકડી શક્યો નહિ તેમ મરણરૂપ કાલ પકડી શકતો નથી, પણ નિરાશ થઇ ડાચું ફાડીને ઊભો રહે છે.

બ્રહ્માનુભવના સામર્થ્યવડે જેમના અંતઃકરણમાંથી અગ્રહણની –આત્મસ્વરૂપની અપ્રતીતિરૂપ આવરણની–અને અન્યથાગ્રહણની–આત્મસ્વરૂપમા તેનાથી વિપરીતસ્વભાવવાળા દેહાદિની પ્રતીતિરૂપ વિક્ષેપની–અર્થાત્ એ બે સ્વભાવવાળી અવિદ્યાનો નિવૃત્તિ થઇ ગઇ છે, જેમના અંતઃકરણની વૃત્તિ અંતરબહાર જ્યાં જ્યાં જાય ત્યાં ત્યા સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળા બ્રહ્મનું દર્શન કરે છે, જેમનું દેહાભિમાન ગલિત થયું છે, જેમના ચિત્તમાંનો રજોગુણ તથા તમોગુણ ક્ષીણ થવાથી જેમનું ચિત્ત અચિત્તભાવને પામવારૂપ સૂક્ષ્મ થયું છે, અને જેઓ શ્વાસોચ્છ્વાસના સંધિમાં તથા મનોવૃત્તિઓના ઉદયાસ્તના સંધિમાં અભિન્નભાવે બ્રહ્માનુભવ કર્યા કરે છે તેમને પોતાના સ્થૂલશરીરના પ્રારબ્ધકર્મની સમાપ્તિએ આવી મળતું મરણ તે એક પ્રકારનું રમણજ જણાય છે.

જ્યાં અંધકારની પેઠે આવરણ કરવાના સ્વભાવવાળી અને ઐંદ્રજાલિકની પેઠે એક પ્રકારના સ્વભાવવાળી વસ્તુમાં બીજા પ્રકારના સ્વભાવવાળી વસ્તુઓનું દર્શન કરાવવાના સામર્થ્યવાળી અવિદ્યા નથી, જ્યાં આકારવાળી વસ્તુઓને અવકાશ આપનારો દેશ નથી, જ્યાં ક્ષણની પરંપરારૂપ કાલ નથી, જ્યાં અન્યને અભાવે અને અંતઃકરણને અભાવે કામ–કામના–વિષયેચ્છા–નથી, જ્યાં

કરણોરૂપ ઇંદ્રિયોને અભાવે ને કામનાને અભાવે વિષયોને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિરૂપ કર્મ નથી, જ્યાં સંપૂર્ણ શાંતિ અને પવિત્ર પરમાનંદજ ઊભરાઇ રહ્યાં છે ત્યાં સર્વદા અભેદભાવે રહેલા મહાપુરુષને બીજાને પ્રતીત થતા પોતાના સ્થૂલશરીરનું મરણ તે એક પ્રકારનું રમણજ જણાય છે.

જ્યાં અન્યને અભાવે અનુકૂલપણાનું ને પ્રતિકૂલપણાનું ભાન નથી, જ્યાં અનુકૂલ પ્રાણિપદાર્થને અભાવે રાગ ને પ્રતિકૂલ પ્રાણિ-પદાર્થને અભાવે દ્વેષ નથી, જ્યાં કાંઇ ગ્રહણ કરવાયોગ્ય નથી, જ્યાં કાંઇ ત્યજી દેવાયોગ્ય નથી, જ્યાં પુણ્યપાપરૂપ ધર્માધર્મ નથી, જ્યાં હું ને મારું તથા તું ને તારુ એવી ભેદબુદ્ધિવાળી સમજ નથી, જ્યાં ઉત્પત્તિ ને વિનાશ નથી, જ્યાં ઉદયાસ્ત ને આવિર્ભાવતિરોભાવ નથી, અને જ્યાં ભોક્તા ભોગ્ય ને ભોગ એવા કોઈ પણ પ્રકારની ત્રિપુટીઓનો ગંધ પણ નથી ત્યાં—એક અદ્વિતીય સર્વોત્તમ સ્થાનમાં—અભેદભાવે સ્થિતિ કરીને રહેલા પરમપવિત્રાત્માને લૌકિકદષ્ટિએ મનાતું મરણ તે એક પ્રકારનું રમણજ જણાય છે.

જે પ્રદેશમાં દૃષ્ટિનો રોધક ને વિવિધ ભય તથા ઉદાસીનતા ઉપજાવનાર અંધકાર રહેલો નથી, પણ જ્યાં દેશ કાલ ને વસ્તુના પરિચ્છેદથી રહિત, ભવ્ય, પ્રસન્નતાપ્રપૂર્ણ ને પ્રશાંત પ્રકાશજ સર્વત્ર વિલસી રહ્યો છે; જે પ્રદેશમાં ચૌદ ભુવનોમાં રહેલા અજ્ઞાની પ્રાણીઓને ભયંકર લાગતા મૃત્યુનો દૃષ્ટિપાત પણ થઇ શકતો નથી, ને મૃત્યુ પોતે પણ જે પ્રદેશથી થરથર કંપી ઊઠી દૂરજ રહે છે, અર્થાત્ જે પ્રદેશમાં મૃત્યુનો અલ્પાંશે પણ સદ્ભાવ નથી, પરંતુ જ્યાં અમરપણુંજ સર્વદા સુસ્થિર વિરાજી રહ્યું છે; જે પ્રદેશમાં પ્રતિકૂલ પ્રતીત થનારા દુઃખનો અને તેનાં ત્રણ પ્રકારનાં નિમિત્તોનો

અવ્યક્તરૂપે પણ સદ્ભાવ નથી, પણ જ્યાં દુઃખથી પરિણામથી ને વિનાશથી રહિત માત્ર વિશુદ્ધ પરમાનંદજ સર્વત્ર સ્ફુરી રહેલ છે; અને જે પ્રદેશમાં રાગ, દ્વેષ, ભય ને ખેદાદિને ઉત્પન્ન કરનારા ભેદરૂપ નિમિત્તકારણનો અને એ રાગાદિને ઉત્પન્ન કરનાર અંતઃકરણરૂપ ઉપાદાનકારણનો ગંધ પણ નથી, પરતુ જ્યાં કેવલ અભેદજ પ્રકાશી રહ્યો છે તે પ્રદેશમાં સર્વ ઉપાધિઓનો બાધ કરીને સતત સુસ્થિર થયેલા મહાપુરુષને તેમના સ્થૂલશરીરના પ્રારબ્ધકર્મની સમાપ્તિએ તેમના સ્થૂલશરીરને ગ્રહણ કરવાની લાલસાએ તેમને પૂજવામાટે આવેલું મરણ તે તેઓશ્રીને એક પ્રકારનું રમણજ જણાય છે.

જેઓ પોતાનાં ત્રણે શરીરોમાંથી અહતાનો પરિત્યાગ કરી તેના દ્રષ્ટારૂપે રહે છે, જેઓ પોતાના મનાતા પ્રાણિપદાર્થોમાં લેશ પણ મમતા નહિ રાખનારા હોવાથી કોઇ મિથ્યા ભોક્તાના તે મિથ્યા પ્રાણિપદાર્થો હશે એમ સમજી તેઓમાં ઉદાસીનજેવા રહે છે, અને જેઓ અનુકૂલ શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ એ પાંચ વિષયોમાં તથા તે વિષયો જે પ્રાણિપદાર્થોવડે પ્રાપ્ત થાય છે તે પ્રાણિપદાર્થોમાં પ્રીતિવાળા નથી, પણ જેઓ એ વિષયો તથા એ પ્રાણિપદાર્થો જે વસ્તુની સત્તાવડે પ્રતીત થઇ આનંદના હેતુરૂપ મનાય છે તે વસ્તુમાં પરમપ્રીતિવાળા થયા છે, અર્થાત્ જેમની શ્રોત્રેંદ્રિય પ્રત્યગાત્માની અભિમુખ રહી તેની સમીપમાં રહેલી માયામાંથી ઊઠતા તથા અલૌકિક શાંતિ ને અલૌકિક સુખનો અનુભવ કરાવનારા પરમદિવ્ય શબ્દનુ શ્રવણ કર્યા કરે છે, જેમની ત્વગિંદ્રિય અંતરાત્માની અભિમુખ રહી તેની સમીપમાં રહેલી માયામાંથી પ્રકટતા તથા અલૌકિક શીતલતા ને અલૌકિક આનંદનો

અનુભવ કરાવનારા પરમદિવ્ય સ્પર્શનો વારવાર અનુભવ કરી રોમાંચવડે પોતાનો હર્ષ પ્રદર્શિત કર્યા કરે છે, જેમની નેત્રેંદ્રિય તુરીયસ્વરૂપની સંમુખ રહી તેના આશ્રયે રહેલી માયામાંથી આવિર્ભાવ પામતાં તથા અલૌકિક ટાઢક ને અલૌકિક સુખનો અનુભવ કરાવનારાં અને મનુષ્યને ને દેવાદિને જેમનુ દર્શન દુર્લભ છે એવાં પરમદિવ્ય રૂપોનું અતૃપ્ત સ્થિતિએ દર્શન કર્યા કરે છે, જેમની રસનેંદ્રિય આત્માભિમુખ રહી આત્માના સદ્‌ભાવવડે માયામાંથી આવિર્ભાવ પામનારા તથા બાહ્યદૃષ્ટિવાળાને નહિ અનુભવાતી શાંતિ ને તેમને નહિ અનુભવાતા આનંદનો અનુભવ કરાવનારા પરમદિવ્ય રસનું આસ્વાદન કર્યા કરે છે, અને જેમની ઘ્રાણેંદ્રિય શરીરના ઉડાણમાં પ્રકાશતા તત્ત્વભણી પાછી વળી તે તત્ત્વને આશ્રયે રહેલી માયામાંથી પ્રાદુર્ભાવ પામનારા તથા અપૂર્વ શાંતિ ને અપૂર્વ આનંદને પ્રકટાવનારા પરમદિવ્ય ગંધનું ગ્રહણ કર્યા કરે છે, તથા જેમના અંતઃકરણને દૃશ્યમાં સત્યપણાની તથા સુખના હેતુપણાની પ્રતીતિ નહિ રહેવાથી, અને મિથ્યાપણાની તથા અનેક દુઃખોથી ને દોષોથી ભરેલપણાની દૃઢ પ્રતીતિ થવાથી જેમનું અંતઃકરણ એ દૃશ્યભણી રાગપૂર્વક વેગવાળુ થતું નથી, પણ સદ્‌ઘન, ચિદ્‌ઘન ને આનંદઘનરૂપ આત્માના ભણી વેગવાળું રહી તેના સ્વભાવોનુંજ પોતાનામાં સંક્રમણ કરાવી સર્વદા શાંત ને સંતોષી રહે છે એવા બ્રહ્મસ્વરૂપ મહાત્માને સ્થૂલશરીરના પ્રારબ્ધની સમાપ્તિએ તેમની પ્રસન્નતાવાળી અનુમતિથી આવતું સ્થૂલશરીરનું લૌકિક મરણ તેઓશ્રીને એક પ્રકારનું ભવ્ય રમણજ જણાય છે.

જેમણે સ્વપ્નમાં પ્રતીત થતાં દ્રષ્ટા, દર્શન ને દૃશ્યના ચેતનસ્વરૂપના નિશ્ચયની પેઠે જાગ્રત્‌માં પ્રતીત થતાં દ્રષ્ટા, દર્શન ને દૃશ્યને

શુદ્ધચેતનસ્વરૂપ જાણ્યાં છે, અર્થાત્ જેમને જાગ્રત્માં પ્રતીત થતા સર્વે દશ્યપ્રપંચનો બાધ થઇને શુદ્ધચેતનસ્વરૂપની સર્વત્ર સ્પષ્ટ પ્રતીતિ થઇ છે, જેમના પવિત્ર ને સુસ્થિર હૃદયમાં મહાવિવેકરૂપ તેજોમય રત્નદીપ પ્રકાશી રહ્યો છે, જેમણે પોતાની મનોવૃત્તિના અગ્રભાગમાં બ્રહ્મસ્વરૂપને સુસ્થિર કર્યું છે, જેમનો અહંતામમતારૂપ મહાજીર્ણ ભવરોગ અત્યત નિવૃત્ત થયો છે, જેઓ અસત્થી (નિષિદ્ધ કર્મથી ને નિષિદ્ધ વિચારથી) સત્માં,(શુભ કર્મમાં ને શુભ વિચારમાં,) તમસ્થી (અજ્ઞાનથી) જ્યોતિમાં (સ્વયપ્રકાશ બ્રહ્મમાં) ને મૃત્યુથી (દેહાદિ વિનાશિભાવથી), અમૃતમાં (અવિનાશિભાવમાં) પહોંચ્યા છે, જેમનું બાહ્યજ્ઞાન રાગ-દ્વેષની વાસનાવિનાનું છે, જેમનું અંતઃકરણ સુષુપ્તિમાં રહેલા પુરુષના જેવું સદા સુપ્રસન્ન રહે છે, જેઓ પરાથી પાર પરમપાવન મહા-પદમાં સ્થિત થયેલા છે, અને જેમના ચિત્તમાંથી દશ્યપ્રપંચના સંબંધની રાગદ્વેષમય વાસનાઓ અત્યત શાંત થઇ ગઇ છે એવા બ્રહ્મસ્વરૂપ મહાપુરુષની દૃષ્ટિએ લોકપ્રસિદ્ધ મરણ ભ્રાંતિરૂપ હોવાથી તેઓશ્રીને તે મરણ પણ બ્રહ્મથી અભિન્ન સ્થિતિરૂપ એક પ્રકારનું લોકોત્તર રમણજ છે એમ જણાય છે.

યોગ્ય અંતઃકરણવાળા સર્વ વીર જીવોએ સતત અગાધ શ્રદ્ધા, અડગ ઉત્સાહ, અસ્ખલિત ધૈર્ય ને પૂર્ણ સાવધાનતા રાખી ઘણામાં ઘણો શાસ્ત્રોક્ત પ્રયત્ન કરીને ઉપર જણાવેલી સ્થિતિએ પહોંચી પોતાના લૌકિક મરણને અપૂર્વ રમણરૂપ બનાવવું જોઇએ.

“ **तरति शोकमात्मवित्** ” (જે પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણે છે તે માનસપરિતાપથી રહિત થાય છે) એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે જે જીવતાંજ આત્માના સાક્ષાત્કારવડે શોકથી રહિત થયા છે, અને “ **आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन** ”

(આનંદસ્વરૂપ બ્રહ્મને જાણનાર કોઇથી ભય પામતો નથી) એ શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે જેણે બ્રહ્મના સાક્ષાત્કારવડે જીવતાંજ ભયથી રહિત સ્થિતિ પ્રાપ્ત કરી છે તે મનુષ્યને મરણના આગમનથી શોક કે ભય ન થાય તે સ્વાભાવિક છે તેથી તેવા પુરુષનું મરણ ઉત્તમ ગણાય છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પાંચમા અધ્યાયના શ્લોક ૨૧ થી ૨૫ સુધીમાં શ્રીકૃષ્ણભગવાને જે ઉપદેશ કર્યો છે તે ઉપદેશમાં જણાવેલી યોગ્યતા જેમણે પ્રાપ્ત કરી છે તેમને પણ મરણનું ભય ન રહેવાથી તેમનું મરણ પણ ઉત્તમ ગણાય છે:—

“ बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥

(બહારના વિષયોમાં આસક્તિરહિત અંતઃકરણવાળો પોતાના આત્મામાં જે સ્વરૂપભૂત સુખ છે તેને પામે છે. તે જેણે સમાધિવડે બ્રહ્મમાં પોતાના અંતઃકરણને જોડ્યુ છે એવો અવિનાશી સુખને પામે છે.)

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥ २२ ॥

(જે ઇંદ્રિયોના ને વિષયોના સંયોગથી ઉપજનારા પ્રસિદ્ધ સુખાનુભવો છે તે સુખાનુભવો દુઃખને ઉપજાવવામાં હેતુરૂપ છે, અને આદિવાળા તથા અંતવાળા છે તેથી હે કુંતીપત્ર ! તે ક્ષુદ્ર સુખાનુ-ભવોમાં આત્મજ્ઞાની આનંદ માની પ્રવૃત્ત થતા નથી.)

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥

(જે પુરુષ શરીરનો પરિત્યાગ કરતા પહેલાં અહિંજ એટલે જીવતાંજ કામ તથા ક્રોધથી ઉપજતા દુષ્ટવેગને સહન કરવાને સમર્થ થાય છે તે પુરુષ યોગી ને તે પુરુષ સુખી છે.)

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

(જે પુરુષ બહારના વિષયોમાં સુખવાળો નહિ, પણ આત્મામાંજ સુખાનુભવ કરનારો છે, જે પુરુષ બહારના પ્રાણિપદાર્થોની સાથે ક્રીડા કરનારો નહિ, પણ આત્માની સાથેજ ક્રીડા કરનારો છે, તથા જે પુરુષ ઇંદ્રિયોના જ્ઞાનવાળો નથી, પણ આત્મામાંજ જ્ઞાનવાળો છે –ઇંદ્રિયોના વિષયોની વાસનાવાળા જ્ઞાનથી રહિત છે–તે યોગી પરમાનંદરૂપ બ્રહ્મને–મોક્ષને–બ્રહ્મસ્વરૂપ થઇને પામે છે.)

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥"

(નિત્યકર્મના અનુષ્ઠાનથી જેમણે પોતાના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોને ક્ષીણ કરી નાંખ્યા છે, જેમના સંશયો છેદાઇ ગયા છે, જેમણે પોતાનાં શરીર ઇંદ્રિયો ને અંતઃકરણને વશ કર્યા છે, ને જેઓ સર્વ પ્રાણીઓના હિતમાં પ્રીતિવાળા છે, અર્થાત્ જેઓ પોતાના મન, ઇંદ્રિયો ને શરીરવડે કોઇને પણ પીડા કરતા નથી તે પરમાર્થદર્શી પુરુષો પરમાનંદરૂપ બ્રહ્મને પામે છે.)

